# ધર્મબિંદુ પ્રકરણ



: સંકલન :

પૂ.આ.ભ.શ્રી.વિ.ચન્દ્રગુપ્તસૂરીશ્વરજી મ.

: પ્રકાશન :

શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

: સૌજન્ય :

ડૉ. એન. કે. શાહ

તથા શ્રીમતી વિમળાબેન એન. શાહ

અંશ પ્રવચનના

પ્રવચનસ્રોતઃ

# ધર્મબિંદુ પ્રકરણ

## ભાગ-૧

: પ્રવચન :

પૂ. પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ.મ. સા. ના શિષ્યરત્ન
પૂજ્યપાદ આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ.મ.સા.ના શિષ્ય
પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.

: પ્રકાશન :
શ્રી અનેકાન્ત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ

: સૌજન્ય :
ડૉ. એન. કે. શાહ
તથા શ્રીમતી વિમળાબેન એન. શાહ

આવૃત્તિ - પ્રથમ
નકલ - ૧૦૦૦
વિ.સં. ૨૦૬૯

: પ્રાપ્તિસ્થાન :

મુકુંદભાઈ રમણલાલ શાહ
૨૦૧, નવરત્ન આપાર્ટમેંટ,
ન્યૂ વિકાસ ગૃહ રોડ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

પ્રમોદભાઈ છોટાલાલ શાહ
૧૦૨, વોરા આશિષ
પં. સોલીસીટર રોડ,
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭.

જતીનભાઈ હેમચંદ શાહ
'કોમલ' છાપરીયા શેરી
મહીધરપુરા સુરત-૩.

તનિલ અમૃતલાલ વોરા
૪/૭૪, કૃષ્ણકુંજ,
જુના પુલગેટ, પુના-૪૧૧૦૦૧.

: મુદ્રક :

પ્રિંટઑલ પ્રિંટર્સ
પરેશ ઇંડસ્ટ્રીઅલ ઈસ્ટેટ, શંકરશેઠ રોડ,
પુણે - ૪૧૧ ૦૩૭.

## ધર્મબિંદુ પ્રકરણ:

સેલેસબરી પાર્ક, પૂના વિ.સં. ૨૦૬૮ અ.સુ.૨

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકારપરમર્ષિ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ આ ધર્મબિંદુગ્રંથની રચના કરતાં આ ગ્રંથની નિર્વિઘ્ન પરિસમાપ્તિ થાય તે માટે મંગલ કરતાં જણાવ્યું છે કે-

**प्रणम्य परमात्मानं समुद्धृत्य श्रुतार्णवात् ।**
**धर्मबिन्दुं प्रवक्ष्यामि तोयबिन्दुमिवोदधेः ।।**

આ રીતે પરમાત્માને નમસ્કાર કર્યા બાદ સૂત્રબદ્ધ આ ગ્રંથની રચના કરી છે, તેની ઉપર શ્રી મુનિચન્દ્રસૂરિમહારાજે ટીકા રચી છે. એના આધારે આપણે આ ગ્રંથનું વાંચન કરવું છે. ગ્રંથકારશ્રીનો પરિચય આપવાની જરૂર નથી. કારણ કે આ મહાપુરુષના સામાન્ય ચરિત્રને આપણે સૌ જાણીએ જ છીએ. છતાં જેઓ નવા છે તેમના માટે તેમ જ જેઓ જાણે છે તેઓ પણ વિસ્મરણ પામ્યા હોય તો યાદ કરાવવા માટે તેમનો સામાન્ય પરિચય આપવો છે. આ મહાપુરુષ હરિભદ્ર નામના બ્રાહ્મણ હતા અને ચૌદ વિદ્યાના પારગામી બનેલા. પોતાના જ્ઞાન ઉપર અને પોતાની જાત ઉપર એટલો આત્મવિશ્વાસ હતો કે એના યોગે તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે 'જે કોઈ વ્યક્તિ પોતાને ન સમજાય એવું બોલે તેના શિષ્ય થઈ જવું.' આ પ્રતિજ્ઞા મનથી જ લીધી હતી. એક વાર એક સાધ્વીજી મહારાજ 'ચક્કીદુગં હરિપણગં'... આ પ્રમાણે ગાથા ગોખતાં હતાં. એક અવસર્પિણીમાં જે બાર ચક્રવર્તી, નવ વાસુદેવ થાય છે તેમનો ક્રમ એ ગાથામાં જણાવ્યો હતો. પહેલાં બે ચક્રવર્તી થયા પછી પાંચ વાસુદેવ થયા ત્યારે વચ્ચે કોઈ પણ ચક્રવર્તી થયા ન હતા... આ બધો જૈનદર્શનપ્રસિદ્ધ કથાનુયોગનો વૃત્તાંત હોવાથી પોતે સમજી ન શક્યા તેથી તે સાધ્વીજી પાસે જઈને પોતે તેમના શિષ્ય છે-એમ જણાવ્યું. અને ગાથાનો અર્થ પૂછ્યો. સાધ્વીજી મહારાજ માર્ગનાં જ્ઞાતા અને માર્ગગામી હતાં તેથી તેમણે કહ્યું કે આનો અર્થ અમે જાણતા હોવા છતાં અર્થ જણાવવાનો અધિકાર અમારો નથી, આચાર્યભગવન્તનો છે. હરિભદ્રબ્રાહ્મણ આચાર્યભગવંત પાસે ગયા, તેમના શિષ્ય તરીકે પોતાની જાતને જણાવી. આચાર્યભગવંતે તેમને દીક્ષા આપીને પોતાના શિષ્ય બનાવ્યા. સાધુના શિષ્ય થવું હોય તો સાધુ થવું પડે, ગૃહસ્થપણામાં રહીને સાધુના શિષ્ય ન બનાય, ભગત જ બનાય. આપણે સાધુના ભગત નથી થવું, શિષ્ય થવું છે. હરિભદ્ર બ્રાહ્મણ દીક્ષા લઈને શાસ્ત્રાભ્યાસ કરીને હરિભદ્રસૂરિમહારાજ બન્યા. તેમના હંસ

અને પરમહંસ નામના બે શિષ્યો બૌદ્ધદર્શનનો અભ્યાસ કરવા સાધુવેષ છુપાવીને બૌદ્ધમઠમાં ભણવા ગયા. ત્યાં પકડાઈ જવાથી ભાગવાની તૈયારી કરી પરંતુ બૌદ્ધ રાજાના સૈનિકો તેમની પાછળ પડ્યા. એક શિષ્યને તો મારી નાંખ્યા, બીજા પોતાની નોંધ લઈને ગુરુ પાસે પહોંચ્યા અને ઘવાઈ ગયા હોવાથી ત્યાં જ પ્રાણ છોડી દીધા. પોતાના બે શિષ્યોનું આવું મૃત્યુ જોઈને તે આચાર્યભગવંતને સખત આઘાત લાગ્યો, તે આઘાતમાંથી તેમને બહાર લાવવા શાસનદેવીએ સાંત્વન આપતાં જણાવ્યું કે તમારા ગ્રંથો જ તમારી સંતતિ છે. આમ છતાં આઘાત શમ્યો નહિ, તેથી બૌદ્ધોની સાથે વાદ કરવાનું નક્કી કર્યું અને શરત મૂકી કે જે હારી જાય તેણે કડકડતા તેલની કડાઈમાં ઝંપલાવવું. આવી કડક શરત કરીને વાદ શરૂ કર્યો. ક્રમસર એક એક બૌદ્ધને હરાવતા ગયા અને બધાને બંધનમાં રાખ્યા. તે વખતે ચૌદસો ચુંમાળીસ બૌદ્ધો હતા. તેમની આ શરત તેમના ગુરુએ જાણી. તેથી તેમના કષાયને શાંત કરવા માટે ગુણસેન અને અગ્નિશર્માના વેરના અનુબંધને લઈને થયેલા નવ ભવનું વર્ણન કરનારી સાડાત્રણ ગાથા તેમને વંચાવી. તેથી કષાયના વિપાક કેટલા ભયંકર છે–એ વિચારીને પોતાના ગુરુભગવંતે આપેલી હિતશિક્ષાને ગ્રહણ કરી. બૌદ્ધોએ જે જૈનદર્શનને હરાવ્યું તે જૈનદર્શન અપ્રતિહત છે–એવું લોકોને જણાવવાની ભાવના સારી હતી પણ જે શરત હતી તે વેરના અનુબંધને વધારનારી હતી. તેથી પોતાના એ પ્રમાદયોગે થયેલ અપરાધની ગુરુભગવંત પાસે આલોચના માંગી. મહાપુરુષો સાનમાં પણ સમજી જાય. જ્ઞાન હોવા છતાં ભાનમાં ન આવે તે મહાપુરુષ ન બની શકે. ગુરુભગવંતે પણ તેમને યોગ્ય જાણી ચૌદસો ચુંમાળીસ બૌદ્ધોનો સંકલ્પ હોવાથી આલોચનામાં ચૌદસો ચુંમાળીસ ગ્રંથોની રચના કરવાનું જણાવ્યું. વીતરાગપરમાત્માના શાસનના પરમાર્થને જણાવનારા એ ગ્રંથોની રચનાના અંતે સંસાર દાવા સૂત્રની ત્રણ ગાથા અને ચોથી ગાથાનું એક પદ રચી તેઓ કાળધર્મ પામ્યા. આજે ઘણાની ફરિયાદ છે કે દુઃખમાં કોઈ ધર્મ કરવાનું શક્ય જ નથી બનતું, તેમણે એ ફરિયાદના નિકાલ માટે આ દૃષ્ટાંત યાદ રાખવું. મરણસમયે પણ તેઓશ્રીને ગ્રંથરચના કરવાનું સૂઝતું હતું. મહાપુરુષોની ભૂલ પણ આ રીતે ક્યારેક આપણા ઉપકાર માટે બને છે. આ ગ્રંથોમાંનો જ આ એક ધર્મબિંદુ નામનો ગ્રંથ છે. આ ગ્રંથ બિંદુતુલ્ય હોવા છતાં કપૂરનો અંશ પણ જેમ પાણીમાં પ્રસરી જાય છે તેમ સમસ્ત ધર્મગ્રંથોમાં તેના પદાર્થ રહેલા છે તેથી બિંદુતુલ્ય હોવા છતાં એ વ્યાપક છે. આ ગ્રંથ ઉપર મુનિચન્દ્રસૂરિમહારાજે જે ટીકા રચી છે તેના મંગલાચરણમાં પણ પરમાત્માને, ગુરુને તથા સરસ્વતી દેવીને યાદ કર્યા છે. તેમાં પરમાત્માને નમસ્કાર કરતાં જણાવ્યું છે કે શુદ્ધ એવા ન્યાયમાર્ગે ચાલીને જેઓએ જિનપદ પ્રાપ્ત કર્યું છે તેવા જિનેશ્વર ભગવંતોને નમસ્કાર થાઓ. **नीयन्ते अष्टकर्माणि येन** જેના વડે આઠ કર્મો દૂર કરાય છે તેને ન્યાય કહેવાય.

પરમાત્માએ જિનનામકર્મનું ઉપાર્જન આ ન્યાયમાર્ગે ચાલીને કર્યું છે. શ્રેષ્ઠ કોટિના પુણ્યનું ઉપાર્જન પણ સન્માર્ગે ચાલ્યા વિના નથી થતું. ત્યાર બાદ ગુરુને વંદન કરતાં જણાવ્યું છે કે સમસ્ત વાઙ્મયરૂપી સમુદ્રનું પાન કરીને જેઓ મેઘની જેમ વરસ્યા તેવા ગુરુને નમસ્કાર થાઓ. ગુરુભગવંત આગમરૂપી સમુદ્રનું પાન કરીને પછી જ ઉપદેશની ધારા વરસાવે. જેઓ શાસ્ત્રોના પારગામી બનતા નથી, તેમને ઉપદેશ આપવાનો અધિકાર નથી-એમ જણાવવા માટે આવું વિશેષણ આપ્યું છે. ત્યાર બાદ શ્રુતજ્ઞાનની અધિષ્ઠાત્રી એવી સરસ્વતીદેવીનું સ્મરણ કર્યું છે કે જે આપણને જ્ઞાનની સાધનામાં સહાય કરે છે.

ત્યાર બાદ ટીકાકારશ્રીએ મૂળકારના મંગલાચરણનાં પદોનું વિવેચન કર્યું છે. તેમાં **प्रणम्य** નો અર્થ કર્યો 'પ્રણામ કરીને' અર્થાત્ પ્રકૃષ્ટ રીતે નમસ્કાર કરીને. જેમાં નમસ્કાર્ય એવી વ્યક્તિને હાથ જોડવા સ્વરૂપ વંદન, શીશ નમાવવા સ્વરૂપ નમનરૂપ બાહ્ય ક્રિયાની સાથે તે નમસ્કાર્ય વ્યક્તિના ગુણોનું પરિભાવન કરવા સ્વરૂપ અનુશીલન પણ રહેલું છે તેને પ્રકૃષ્ટ નમસ્કાર કહેવાય. આવો નમસ્કાર કોને કરવાનો છે તે માટે હવે પરમાત્માનું સ્વરૂપ જણાવે છે.

આપણે જોઈ ગયા કે કાયાથી વંદન, વાણીથી સ્તવના અને મનથી ગુણોનું અનુચિંતનઃએ પ્રકર્ષ વડે કરેલો નમસ્કાર છે. આવો નમસ્કાર જે પરમાત્માને કર્યો છે તે પરમાત્માનું સ્વરૂપ જણાવતાં અહીં ફરમાવ્યું છે કે તેઓશ્રી પરમ એવા આત્મા છે. ભગવાન પણ આપણા જેવા જ આત્મા હતા. આપણી જેમ નિગોદાદિ અવસ્થામાં હતા. છતાં તેમની પાસે અનાદિકાલીન યોગ્યતા હોવાથી તેઓ પરમાત્મા થાય છે. પરમાત્મા નિગોદમાં હતા, એકેન્દ્રિયાદિ અવસ્થામાં હતા ત્યારથી વિશિષ્ટ કોટિની યોગ્યતા ધરાવતા હતા. શાસ્ત્રમાં કહ્યું છે કે તીર્થંકરપદની યોગ્યતા અનાદિકાલીન હોય છે, આપણા પુરુષાર્થથી સાધ્ય નથી. તીર્થંકરના આત્માઓ જે સમ્યગ્દર્શન પામે છે તે પણ વરબોધિ કહેવાય છે. એ આત્માઓ સમ્યગ્દર્શન પામી સર્વવિરતિની આરાધના કરીને વીશસ્થાનક તપની વિધિપૂર્વક આરાધનાથી તીર્થંકરનામકર્મની નિકાચના 'સવિજીવ કરું શાસનરસી' ની ભાવના દ્વારા કરીને ત્રીજા ભવે તીર્થંકર થઈને તીર્થની સ્થાપના કરે છે. એ તીર્થંકરના આત્માઓ જાત્યરત્નની જેમ સ્વાભાવિક યોગ્યતાને ધરનારા છે. આ આત્માઓ સમ્યગ્દર્શન પામે છે તેમાં તેઓશ્રીને ગુરુનો ઉપદેશ કારણ બનતો હોવા છતાં તેઓશ્રીની યોગ્યતા જ તેમાં મુખ્ય કારણ હોય છે. તેઓએ પ્રાપ્ત કરેલું સમ્યગ્દર્શન, તીર્થસ્થાપના સુધી પહોંચ્યા પછી અનેક આત્માઓના સમ્યગ્દર્શનનું કારણ બનતું હોય છે. માટે જ તેમનું સમ્યક્ત્વ વરબોધિ કહેવાય છે. જેમ તમારે ત્યાં પણ સ્કૂલમાં ભણનારા છોકરાઓ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવે છે તેમાં તેમની પ્રજ્ઞાનો પ્રકર્ષ મુખ્ય કારણ હોય છે. તે વિદ્યાર્થી

પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે પોતાના વડીલ તથા વિદ્યાગુરુને આગળ કરે છતાં ય તેના વિદ્યાગુરુ તો એમ કહે કે 'મેં તો બધા વિદ્યાર્થીને એકસરખું ભણાવ્યું છે, છતાં તારી પ્રજ્ઞાથી જ તું આગળ આવ્યો.' એ જ રીતે અહીં પણ તીર્થંકરના આત્માઓની યોગ્યતા સૌથી ચઢિયાતી હોવાથી તેઓશ્રી પરમાત્મા બને છે. છેલ્લા ભવમાં આ આત્માઓ ચારિત્રની આરાધના કરીને કેવળજ્ઞાન પામીને તીર્થની સ્થાપના કરે છે ત્યારે તેમને ચાર અતિશય પ્રગટ થાય છે. ચાર ઘાતિકર્મોનો નાશ કરે ત્યારે અપાયાપગમાતિશય પ્રગટે છે અને કેવળજ્ઞાન પામે ત્યારે જ્ઞાનાતિશય પ્રગટે. ઈન્દ્રાદિ દેવતાઓ સમવસરણની રચના કરે, તેમાં પરમાત્મા બિરાજમાન થાય... ઈત્યાદિ પૂજાતિશય છે અને ભગવાન જે બાર પર્ષદામાં દેશના આપે તે વચનાતિશય છે. પરમાત્માનું પુણ્ય ચઢિયાતું હોવા છતાં તેઓશ્રીના ક્ષાયિકભાવસહચરિત વચનો કામનાં છે.

સ. ભગવાન દેશના આપે ત્યારે કેવળીભગવંતો પણ કેવલીપર્ષદામાં બેસે ?

કેવળજ્ઞાનથી ભગવાન શું બોલવાના છે તે તેઓ જાણે છે છતાં પણ જે તારકના યોગે પોતે કેવળજ્ઞાન સુધી પહોંચ્યા છે તે તારક પ્રત્યે અકૃતજ્ઞતાભાવ નથી તે જણાવવા માટે આ આચારનું પાલન તેઓ કરે છે. એ મહાત્માઓ આપણી જેમ નગુણા નથી. આપણે તો જે શેઠના કારણે આગળ આવ્યા હોઈએ એ શેઠથી જુદો ચોકો જમાવીને શેઠના ઘરાક પણ પડાવીએ ને? આજે નિયમ આપી દઉં કે જે શેઠથી આગળ આવ્યા હોઈએ એ શેઠની નોકરી છોડવી નથી. કદાચ તમારું પુણ્ય વધે અને શેઠની નોકરી છોડી દો તોપણ શેઠના ઘરાક તો કોઈ કાળે પડાવવા નહિ. આટલું તો નક્કી રાખવું છે ને? આપણે ગમે તેટલા આગળ વધીએ તોય નગુણા નથી બનવું, કાયમ માટે કૃતજ્ઞતાભાવ દાખવવો છે. આપણે ગમે તેટલા મોટા થઈએ તોય માબાપથી તો મોટા ન થઈએ. આજે તમારો ચેપ અમારે ત્યાં લાગ્યો છે. શિષ્ય ગમે તેટલો પ્રભાવક હોય તોય પોતાના ગુરુથી મોટો ન થાય. ગુરુના કહેવાથી બધી જવાબદારીને વહન કરે, પરંતુ ગુરુની હાજરીમાં પોતે ગુરુ બનીને ન બેસે.

આ રીતે તીર્થની સ્થાપના દ્વારા મોક્ષમાર્ગનો ઉપદેશ આપનાર એવા પરમાત્માને પ્રણામ કરીને શ્રુતસમુદ્રમાંથી સારી રીતે ઉદ્ધાર કરીને, જે રીતે સમુદ્રમાંથી પાણીનું બિંદુ બહાર કાઢીએ તેમ ધર્મના બિંદુને જણાવું છું. આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. અહીં શ્રુતને સમુદ્રની ઉપમા આપી છે. સમુદ્ર જેમ પાણીથી અગાધ હોય છે અને તેનો પાર પામી શકાય એવો નથી હોતો તેમ આ શ્રુતસમુદ્ર બોધરૂપી પાણીથી અગાધ છે. તેમાંથી ધર્મનાં બિંદુઓનો સમુદ્ધાર કર્યો છે. સમુદ્ધાર તેને કહેવાય કે જેમાંથી કાઢ્યું હોય તેવું ને તેવું જ કહેવું. અહીં એ માટે સંસ્કૃતમાં 'અવિસંવાદેન' આવું પદ આપ્યું છે. ધર્મબિંદુના

પદાર્થો આગમમાંથી એ રીતે ઉદ્ધર્યા છે કે જેથી આગમમાં જણાવેલા પદાર્થો સાથે તેનો વિસંવાદ ન આવે. આ શ્લોકમાં મંગલાચરણ સાથે વિષય (અભિધેય), પ્રયોજન, સંબંધ વગેરેનું પણ નિરૂપણ કર્યું છે. ધર્મનાં બિંદુઓ એ વિષય છે. અહીં એટલું યાદ રાખવું કે શ્રુતસમુદ્રની અપેક્ષાએ આ પ્રકરણમાં અર્થનો સંક્ષેપ નથી, માત્ર શબ્દનો સંક્ષેપ છે. સંક્ષેપરુચિવાળા જીવોને આગમના પદાર્થો ઓછા શબ્દોથી સમજાવ્યા છે માટે તેને બિંદુની ઉપમા આપી છે. ત્યાર બાદ પ્રયોજન વગેરે પણ આ શ્લોકથી સમજી લેવાના છે. ગ્રંથકારશ્રીનું સાક્ષાત્ પ્રયોજન યોગ્ય જીવોને જ્ઞાન આપવાનું છે અને શ્રોતાનું સાક્ષાત્ પ્રયોજન જ્ઞાન મેળવવાનું છે. પરંપરાએ તો બંનેનું પ્રયોજન મોક્ષની પ્રાપ્તિ છે. અહીં ગ્રંથકારશ્રીએ આ ગ્રંથની રચનાનું તથા તેના અધ્યયનશ્રવણાદિનું પ્રયોજન એકમાત્ર મોક્ષની પ્રાપ્તિ જ જણાવી છે, એટલું બરાબર યાદ રાખવું. આમ છતાં આ સિવાયનો બીજો કોઈ પણ અર્થ આમાંથી કાઢીએ તો ગ્રંથકારશ્રીના આશયને ધક્કો પહોંચવાનો. મોક્ષની પ્રાપ્તિ માટે રચાયેલા આ ગ્રંથના પાઠ આપીને સંસારના સુખ માટે ધર્મ કરવાની વાતનું સમર્થન કરવું- એ તો તેઓશ્રીના આશયને ધક્કો મારવાજેવું છે. જે કોઈ પણ કુશળ આચરણ કરીએ તેનું ફળ મોક્ષ જ હોય આ વાત ગ્રંથની શરૂઆતથી માંડીને અંત સુધી યાદ રાખવાની છે.

સામાન્યથી **'फलप्रधान आरम्भः'** બુદ્ધિમાન માણસો કોઈ પણ ક્રિયાનો આરંભ ફળની પ્રધાનતાએ કરતા હોય છે તેથી જ આ ગ્રંથની બીજી ગાથામાં ધર્મના ફળનું વર્ણન કર્યું છે. બાકી તો સામાન્યથી પહેલાં હેતુ પછી સ્વરૂપ અને પછી ફળનું વર્ણન આવે.

**धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः ।**
**धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः ।।२।।**

અહીં જણાવે છે કે ધર્મ ધનના અર્થીને ધન આપે છે, કામી પુરુષોની સર્વ કામનાને પૂરી કરે છે અને આ ધર્મ જ પરંપરાએ મોક્ષનું સાધન છે. અર્થ, કામ અને મોક્ષ આ ત્રણેની પ્રાપ્તિ ધર્મથી જ થાય છે.

સ. અર્થ અને કામની અપેક્ષા રાખવાની ના પાડો છો તો એ ફળ કેમ બતાવ્યાં?

ફળનું વર્ણન કરવા બેઠા હોય તો જેટલું મળતું હોય એટલું જણાવવું પડે ને ? તમને અહીંથી અમદાવાદનો રસ્તો બતાવવો હોય તો વચ્ચે મુંબઈ, વાપી, સુરત આવશે તે જણાવવું તો પડે ને ? એનો અર્થ એ નથી કે ત્યાં ઊતરવાનું કહ્યું છે. ખેતી કરનારને બે ફળ બતાવવા પડે ને ? કે પહેલાં ઘાસ આવશે, પછી અનાજ મળશે. ઘાસ પણ

ખેતી વગર, બીજ વિના ન ઊગે ને ? ઘાસ અને અનાજ: આ બે ફળ ખેતીના હોવા છતાં ઘાસ ઢોરો માટે હોય અને અનાજ ખેડૂત માટે હોય, માણસ માટે હોય. આપણે માણસ છીએ કે ઢોર ? એક વાર આવો જ એક પંડિત મળેલો. આમ સાધુસાધ્વીને ભણાવતો હતો. એક વાર એ પંડિતે કહ્યું કે 'આપ ગમે તેટલું કહો કે સંસારનાં સુખો ઘાસતુલ્ય છે છતાં પણ અમારે ઘાસ જ જોઈતું હોય તો ?' ત્યારે મારે તેને કહેવું પડ્યું કે 'ભાઈ! અમારાં શાસ્ત્રો માણસો માટે રચાયાં છે, ઢોરો માટે નહિ.'તમે રોજ સવારે 'વિશાલલોચન' સૂત્રમાં પણ બોલો છો ને કે **येषामभिषेककर्म कृत्वा**... જેમના અભિષેકના કર્મને કરીને આનંદથી મત્ત થયેલા એવા દેવેન્દ્રો પોતાના દેવલોકના સુખને તૃણ (ઘાસ) તુલ્ય પણ ગણતા નથી... દેવલોકનાં સુખો પણ ઘાસથી તુચ્છ હોય તો સંસારના સુખની અપેક્ષા ક્યાંથી રખાય ?

સ. અપેક્ષા ન રાખીએ, પણ મળે તો લઈ લઈએ.

ઘાસ મળે તો લઈ લો કે મળે તોય ન લો? આ તો માત્ર ફળ ગણાવ્યાં છે, કયું ફળ લેવું ને કયું ન લેવું તે આપણે નક્કી કરવાનું.

સ. જે લઈને બેઠા છીએ તેનું શું?

જે લઈને બેઠા છો એ બાલ્યકાળની ચેષ્ટા તુલ્ય છે, એ કમનસીબી છે. જાણવા છતાં બાલ્યકાળની ચેષ્ટા ચાલુ છે ને? નાના બાળકો જેમ વિષ્ટા ચૂંથે તેમ આપણે આ સંસાર ચૂંથવાનું કામ કરીએ છીએ ને? આ પશુપણું ટાળવા માટે ઘાસ છોડવું જ પડશે. આપણી વાત તો એ છે કે અર્થ અને કામ પણ ધર્મથી જ મળે છે-એમ જણાવવા પાછળ ગ્રંથકારશ્રીનો આશય એ છે કે અધર્મથી, પાપ કરીને અર્થકામ ન જ મળે. આપણે શું માનીએ છીએ? પૈસો ધર્મથી મળે કે પાપથી મળે? આ તો કહે કે જૂઠું બોલ્યા વિના, અનીતિ કર્યા વિના પૈસો મળે જ નહિ. એમને સમજાવવું છે કે અર્થ અને કામ પુણ્ય વિના ન મળે અને પુણ્ય અધર્મ કરવાથી ન બંધાય, ધર્મ કરવાથી બંધાય.

સ. અર્થકામ અશુદ્ધ ધર્મથી મળે ને?

એની ના નથી. શુદ્ધ ધર્મ મોક્ષનું કારણ છે અને અશુદ્ધ ધર્મ અર્થકામનું કારણ છે. પરંતુ જે અશુદ્ધ હોય તે જ શુદ્ધ બને. કચરાવાળું પાણી હોય તો તેમાંથી કચરો કાઢીને તેને શુદ્ધ બનાવાય. પણ પાણી જ ન હોય તો શુદ્ધ કોને બનાવવું? જેઓ અશુદ્ધના નામે ધર્મનો જ ત્યાગ કરી નાંખે તેઓ શુદ્ધ ધર્મને પામી નહિ શકે. પરંતુ સાથે એટલું પણ યાદ રાખવું કે જેને શુદ્ધ કરવાનો ઈરાદો હોય તેની અશુદ્ધિ નભાવાય, પરંતુ જે શુદ્ધને પામવાની ઈચ્છાવાળો ન હોય અને અશુદ્ધ ચલાવવાની વાત કરે તેવાની

અશુદ્ધિ ન નભાવાય. અવિધિ કે અતિચારના ભયથી અનુષ્ઠાન છોડવાની જરૂર નથી, શુદ્ધનો આગ્રહ કેળવીને ક્રિયા કરનારની અશુદ્ધિ નભાવી શકાય છે–આ જ આશયથી ધર્મને પરંપરાએ મોક્ષનું સાધન કહ્યું.

આ ગ્રંથની રચના માત્ર ધર્મનું સ્વરૂપ સમજાવવા માટે નથી કરી, આપણને ધર્મમાં પ્રવૃત્તિ કરાવવા માટે કરી છે. આપણે ભલે સમજવા માટે સાંભળવા આવીએ, શાસ્ત્રકારોએ કરવા માટે સમજાવવાનું કામ કર્યું છે. આપણે એમ માનીએ છીએ કે જાણેલું હશે તો કામ લાગશે, શાસ્ત્રકારો કહે છે કે કામે લાગવું છે માટે જાણવું છે. જાણ્યું હશે તો ભવિષ્યમાં કામ લાગશે–એમ કદાચ આપણે માનતા હોઈએ તોપણ એટલું યાદ રાખવું કે જેને કરવું જ હોય તે ભવિષ્યની રાહ શા માટે જુએ? જે માણસ સમુદ્રમાં પડ્યો હોય તે તરવા માટે પ્રયત્ન કરે કે ભવિષ્યમાં તરીશું એવો વિચાર કરે? કોઈ કહે કે અત્યારે પાટિયું શા માટે પકડે છે? બે દિવસ પછી જહાજ આવવાનું જ છે, તો તે બેસી રહે કે પાટિયું પકડવા મહેનત કરે? ભવિષ્યમાં તરવાની વાત જેમ નથી કરતા તેમ ભવિષ્યમાં ધર્મ કરવાની વાત નથી કરવી. ધર્મમાં આપણને પ્રવર્ત્તાવવા છે માટે જ ગ્રંથકારશ્રીએ ધર્મનું સ્વરૂપ વર્ણવવા પહેલાં ધર્મનું ફળ જણાવવાનું કામ કર્યું છે. કોઈ પણ જીવ પ્રવૃત્તિ કરે તો ફળને પામવા માટે જ કરે છે તેથી ફળનું વર્ણન કર્યું છે.

આપણે જોઈ ગયા કે ધર્મથી અર્થ પણ મળે છે, કામ પણ મળે છે અને મોક્ષ પણ મળે છે. પરંતુ એમાંથી એટલું યાદ રાખવું છે કે અર્થ અને કામ મેળવવા માટે ધર્મ નથી કરવો પણ મોક્ષ મેળવવા માટે જ કરવો છે. શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દસમા પર્વના તેરમા સર્ગમાં શ્રી વીરવિભુની અંતિમદેશનાનો સંગ્રહ કરેલો છે. તેમાં જણાવ્યું છે કે પુરુષાર્થ ચાર છે. પુરુષ એટલે આત્મા. પુરુષની ઈચ્છાનો જે વિષય હોય તેને અર્થ કહેવાય. પુરુષની કામનાના વિષય ચાર છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. બધા જીવોની ઈચ્છાના વિષયો ચાર જ છે. આથી પુરુષાર્થ ચાર જણાવ્યા છે. તેમાંથી અર્થ, કામ અને મોક્ષની ઈચ્છા સાક્ષાદ્ થાય છે, ધર્મની ઈચ્છા આ ત્રણના કારણે થાય છે. વસ્તુતઃ અર્થ, કામ અને મોક્ષની ઈચ્છા પણ સુખની ઈચ્છાને આધીન છે. અનંતું સુખ જોઈએ છે માટે મોક્ષની ઈચ્છા થાય છે અને કામચલાઉ સુખ જોઈએ છે માટે અર્થકામની ઈચ્છા થાય છે. અર્થ, કામ અને મોક્ષ ધર્મથી મળે છે, માટે ધર્મની ઈચ્છા થાય છે. પ્રવૃત્તિ હંમેશા સાધનમાં થાય છે, ફળમાં નહિ. ફળને ઉદ્દેશીને સાધનમાં પ્રવૃત્તિ કરાતી હોય છે. તેથી મોક્ષના ઉદ્દેશથી ધર્મમાં પ્રવૃત્તિ કરવાની છે. ધર્મથી મોક્ષ મળે અને મોક્ષ માટે ધર્મ કરવાનો. અહીં તૃતીયા વિભક્તિ સાધનને થાય અને ચતુર્થી વિભક્તિ ફળને થાય. મોક્ષ માટે પ્રવૃત્તિ કરીએ છીએ તેથી મોક્ષ એ ફળ છે અને ધર્મથી મોક્ષ મળે છે

તેથી ધર્મ એ કારણ છે. અહીં એટલું યાદ રાખવું કે અર્થ અને કામ પણ ધર્મથી જ મળે છે છતાં તેને હેમચન્દ્રસૂરિમહારાજે અનર્થભૂત કહ્યા છે. લોકો અર્થ અને કામની ઈચ્છા કરે છે માટે અર્થકામને પુરુષાર્થરૂપે વર્ણવ્યા છે, બાકી પરમાર્થથી તો અર્થકામ અનર્થભૂત છે. જે ઈચ્છાના વિષય બનાવવા જેવા નથી તેને અનર્થ કહેવાય. જે અનર્થભૂત હોય તેના માટે ધર્મ કરવાનું શાસ્ત્રકારો કહે ખરા? ખેતીથી ઘાસ પણ આવે અને અનાજ પણ આવે. છતાં ઘાસ માટે ખેતી ન કરાય તેમ ધર્મથી અર્થકામ પણ મળે અને મોક્ષ પણ મળે છતાં અર્થકામ માટે ધર્મ ન કરાય. કોઈ ખેડૂત એમ બોલતો નથી કે મેં ઘાસ વાવ્યું છે. એ તો એમ જ બોલ કે 'મેં ડાંગર વાવી છે, બાજરો વાવ્યો છે.' આજે તો અમારાં સાધુસાધ્વી પણ બોલતા થઈ ગયા કે અર્થકામ માટે, સંસારના સુખ માટે પણ ધર્મ કરાય. ખેડૂત જેટલી પણ અક્કલ નથી રહી એમ માનવું પડે ને? સંસારના સુખ માટે ધર્મ કરાય-આવું બોલનાર કે માનનાર સમ્યગ્દષ્ટિ પણ નથી, તો સર્વવિરતિની વાત ક્યાં કરવી?

સ. ધર્મથી અર્થકામ મળે તો તેનાથી મોક્ષ દૂર થાય ને? તો અર્થકામ શા માટે બતાવ્યા?

ખેતી કર્યા પછી પણ ઘાસ આવે એના કારણે અનાજ વિલંબમાં મુકાય છે તો ખેતી કરવી કે ન કરવી? ધર્મથી અર્થકામ મળે છે તો ભલે મળતા, આપણે તો નજર મોક્ષ તરફ રાખવી.

સ. અર્થકામ વચ્ચે બતાવ્યા એટલે એમાં જ લલચાઈ જઈએ છીએ.

ખેડૂત કોઈ દિવસ ઘાસમાં લલચાય ખરો? ઘાસ દેખાવા છતાં ઘાસ તરફ લક્ષ્ય ન રાખે અને ઘાસમાં રાજી ન થાય, અનાજની રાહ જોઈને બેઠો હોય તેને ખેડૂત કહેવાય. ઘાસ તરફ લક્ષ્ય રાખનારો તો મૂરખ કહેવાય. તેમ અર્થકામમાં લલચાય અને અર્થકામનું લક્ષ્ય રાખે તે મૂરખ કહેવાય.

સ. અર્થકામ હોય તો ધર્મ સારો થાય ને?

અર્થકામ હોય તો ધર્મ સારો થાય એવું-નથી. અર્થકામ ન હોય તો ધર્મ સારો થાય અને અર્થકામ સારા ન લાગે તો ધર્મ સારો થાય. ધર્મ માટે અર્થકામની જરૂર નથી, અર્થકામ છોડવાની જરૂર છે.

સ. દાનધર્મ માટે તો અર્થની જરૂર પડે ને?

દાન માટે પૈસો કમાવાનો નથી, પૈસો હોય તો દાન આપવાનું છે. દાન માટે ધન

મેળવવાની છૂટ નથી, જે ધન છે-એ છોડવાની જરૂર છે. ધન છોડી દેવું એનું નામ દાન, આપવું એ દાન નથી. આ તો ધન આપે ને પાછા હિસાબ માંગે! આપણે કહેવું પડે કે જો હિસાબ માંગવો હોય તો દાન આપવાની જરૂર નથી. પૈસો તો કચરાજેવો છે ને? કચરો ડબ્બામાં નાંખ્યા પછી કર્મચારીઓ પાસે એનો હિસાબ કયારે માંગ્યો કે કચરો ક્યાં નાંખી આવ્યા? તેમ અહીં પણ ટ્રસ્ટી પાસે આરાધકો હિસાબ ન માંગે, ટ્રસ્ટીઓ હિસાબ આપ્યા વિના ન રહે અને આરાધકો હિસાબ માંગે નહિ તો બંન્નેનો વ્યવહાર સારો ચાલે તેમ જ બંન્ને નિર્જરાને સાધી શકે. એટલે નક્કી છે ને કે દાન માટે પણ અર્થની જરૂર નથી. અર્થકામ અનર્થભૂત લાગે અને અર્થકામ જે છોડી શકે તે જ ધર્મ કરી શકે. ધર્મ સાધુપણામાં છે અને સાધુપણામાં અર્થકામની જરૂર જ નથી.

ધર્મ પરંપરાએ મોક્ષને સાધી આપે છે-એમ જણાવ્યું. અર્થકામ એ સાધ્ય નથી તેથી ધર્મને; અર્થકામને આપનાર તરીકે વર્ણવ્યો, અર્થકામના સાધક તરીકે નહિ. જ્યારે મોક્ષ એ જ સાધ્ય છે તેથી ધર્મ મોક્ષના સાધક તરીકે વર્ણવ્યો. ધર્મમાં મોક્ષસાધકતા ઉપાદાનકારણરૂપે છે. કાર્યની ઉત્પત્તિ બાદ જે કારણો વિદ્યમાન ન હોય તેને નિમિત્ત કારણ કહેવાય અને કાર્યોત્પત્તિ બાદ પણ જે વિદ્યમાન હોય અર્થાદ્ જે કારણ કાર્યરૂપે પરિણામ પામે તેને ઉપાદાનકારણ કહેવાય. જેમ એક ઘડો બનાવવા માટે માટી, પાણી, ચક્ર, દંડ વગેરે અનેક વસ્તુની જરૂર પડે. પણ ઘડો બન્યા પછી બીજાં કારણો ન હોય, પરંતુ માટી તો ઘડારૂપે જ પરિણામ પામેલી હોય તેથી માટીનો ઘડો કહેવાય છે. અહીં માટી ઉપાદાન- કારણ છે, બીજાં નિમિત્તકારણ છે. એ જ રીતે ધર્મ એ મોક્ષનું ઉપાદાન કારણ છે. કારણ કે જે ક્ષાયિકભાવનો ધર્મ છે તે જ મોક્ષરૂપે પરિણમે છે. તેથી ક્ષાયિકભાવનો ધર્મ મોક્ષનું કારણ છે અને ક્ષયોપશમભાવનો ધર્મ દેવલોકાદિના અર્થકામનું કારણ છે. અર્થકામની પ્રાપ્તિ વખતે ધર્મ નાશ પામે છે, મોક્ષની પ્રાપ્તિ વખતે ધર્મ ક્ષાયિકભાવનો હોય છે. જેમ કે ચારિત્રધર દેવલોકમાં જાય ત્યારે તેનો ચારિત્રધર્મ નાશ પામે છે. અને ચારિત્રધર મોક્ષમાં જાય ત્યારે ક્ષાયિકભાવનું ચારિત્ર ત્યાં હોય છે. અર્થકામની પ્રાપ્તિ ધર્મથી થાય, પરંતુ અર્થકામને ગ્રહણ કરે તો ધર્મ જતો રહે. જ્યારે મોક્ષની પ્રાપ્તિ ધર્મથી થાય, અને ત્યારે ધર્મ ક્ષાયિકભાવનો સાથે જ રહે છે માટે ધર્મ મોક્ષસાધક છે-એમ જણાવ્યું.

**वचनाद् यदनुष्ठानमविरुद्धाद्यथोदितम्।**
**मैत्र्यादिभावसंयुक्तं तद् धर्म इति कीर्त्यते।।**

આપણે જોઈ ગયા કે ધર્મ, અર્થકામને આપવાનું કામ કરે છે. અર્થ એટલે પૈસો અને કામ એટલે સુખનાં સાધનો-પાંચે ઈન્દ્રિયોના વિષયો. સુખની ઈચ્છા થાય છે તેથી

જ સુખના સાધનની ઈચ્છા થાય છે અને આ વિષયો ધન વગર મળતા નથી માટે ધનની ઈચ્છા થાય છે. ધન ભોગનું સાધન નથી. ધનના કારણે ભોગનાં સાધનો ભેગા કરે પછી જ સુખ મળે. પૈસો ખાવા, પીવા, પહેરવા-ઓઢવા, સૂંઘવા, જોવા કે સૂવા કામ ન લાગે. તેનાથી ભોગનાં સાધનો ભેગાં કરવાં પડે. વિષયો સુખનું સાધન છે. કારણ કે વિષયો ભોગવવાથી સુખ મળે છે, જ્યારે એ સુખનાં સાધનો ભેગાં કરવા ધનની જરૂર પડે છે. સુખની જેમ દુઃખના વિષયમાં પણ સમજી લેવું. દુઃખ દૂર કરવાનાં સાધનો તે કામ છે અને એ સાધનો ભેગાં કરવા માટે ધનની જરૂર પડે છે. અર્થ અને કામનાં વર્ણનો શાસ્ત્રમાં આવે છે છતાં તેને મેળવવાજેવા તરીકે કયાંય વર્ણવ્યા નથી. ચરિત્રગ્રંથોમાં મહાપુરુષોનાં વર્ણન આવે, તેમણે અર્થોપાર્જન કર્યું એ પણ આવે અને તેમણે સુખ ભોગવ્યાં એનું પણ વર્ણન આવે, પરંતુ તે કરવાજેવું છે-એ ન આવે. શું કરવાજેવું છે-એ બતાવવાનું કામ આચારગ્રંથો કરે છે. ચરિત્રગ્રંથોમાં તો માત્ર શું બન્યું હતું તે જણાવ્યું હોય.

સ. મહાપુરુષોનાં અર્થકામનાં વર્ણન શા માટે આપ્યાં છે?

એ તો એટલા માટે જણાવ્યું કે આટલી સાહ્યબી હોવા છતાં પણ તેનો ત્યાગ કરીને જતા રહ્યા અને ચારિત્ર લઈને બેસી ગયા. એ મહાપુરુષો પાસે કશું હતું નહિ માટે દીક્ષા લીધી હતી એવું ન હતું: એ સમજાવવા માટે આ વર્ણનો આપ્યાં છે, અર્થકામની ઉપાદેયતા સમજાવવા માટે નહિ. અર્થકામ ધર્મનાં ફળ તરીકે બતાવ્યાં છે, પણ તે ઈચ્છવાજેવાં નથી. આ તો અર્થકામ પુરુષાર્થથી મળે છે એમ માની ન લો એ માટે સમજાવ્યું, અર્થકામ આપણને આપણા ભાગ્યથી મળે છે. ભાગ્ય કહો, પુણ્ય કહો કે ભૂતકાળનો ધર્મ કહો... બધું એક જ છે. આપણું ભાગ્ય પુરુષાર્થ કરવાથી ફળે છે-એની ના નહિ પણ ભાગ્ય વિના અર્થકામ નહિ જ મળે. જ્યારે મોક્ષ ભાગ્યથી નહિ, આપણા પુરુષાર્થથી મળે છે.

સ. અર્થકામ ભાગ્યથી ફળે અને મોક્ષ પુરુષાર્થથી ફળે-એ કઈ રીતે?

કચરો કાઢવો હોય તો ઝાડું જોઈએ ને? અને એ ઝાડુથી વાળવો પડે ને? કે એમ ને એમ કચરો જાય? મળવાનું કામ ભાગ્યથી થાય, કાઢવાનું કામ પુરુષાર્થથી થાય. કાંઈક મેળવવું હોય તો ભાગ્યની જરૂર પડે, કાઢવા માટે તો માત્ર પુરુષાર્થની જરૂર પડે છે. ધર્મ તો કર્મનો કચરો કાઢવા માટે કરવાનો છે માટે ત્યાં પુરુષાર્થની જ પ્રધાનતા છે.

આ રીતે ધર્મનું ફળ બતાવ્યા બાદ હવે આપણે ધર્મનું સ્વરૂપ સમજી લેવું છે. ધર્મનું સ્વરૂપ જણાવતાં ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે વચનના કારણે કરાયેલું અનુષ્ઠાન

એ ધર્મ છે. ધર્મ આપણી ઈચ્છા મુજબ નથી કરવાનો, ભગવાનના વચન મુજબ-આજ્ઞા મુજબ કરવાનો છે. આ વચન પણ કેવું હોવું જોઈએ તે માટે જણાવ્યું છે કે અવિરોધી એવા વચનથી કરેલું જે અનુષ્ઠાન છે તેને જ ધર્મ કહેવાય. જે વચનને પ્રત્યક્ષપ્રમાણનો કે આગમપ્રમાણનો બાધ ન આવે તેને અવિરોધી વચન કહેવાય. આવું અવિરુદ્ધ વચન એકમાત્ર શ્રી જિનેશ્વરદેવોનું જ છે, અન્યદર્શનકારોનું નહિ. અન્યદર્શનકારો તો એક બાજુ કહે કે 'કોઈ પણ જીવની હિંસા ન કરવી' અને બીજી બાજુ કહે છે કે 'સ્વર્ગે જવાની ઈચ્છાવાળાએ પશુનો હોમ કરીને યજ્ઞ કરવો જોઈએ' આ વચન પરસ્પરવિરોધી છે ને? એક બાજુ હિંસાનો નિષેધ કરે અને બીજી બાજુ હિંસાનું વિધાન કરે. આ પરસ્પરવિરોધી વચન છે. જ્યારે શ્રી વીતરાગપરમાત્માનું વચન અવિરુદ્ધ છે. કારણ કે તેઓશ્રીએ હેતુ-હિંસા સ્વરૂપહિંસા અને અનુબંધહિંસાઃ એમ ત્રણ પ્રકારે હિંસા જણાવી છે. જ્યારે અન્યદર્શનકારોએ એવા ભેદ નથી જણાવ્યા. કસાઈ પણ હિંસા કરે, મા પણ જરૂર પડે તો છોકરાને મારે અને ડોક્ટર પણ જરૂર પડ્યે કાપકૂપ કરે. આ ત્રણે હિંસા હોવા છતાં કસાઈ જે કરે તેને અનુબંધહિંસા કહેવાય, મા જે કરે તેને હેતુહિંસા કહેવાય અને ડોક્ટર જે કરે તેને સ્વરૂપહિંસા કહેવાય. ભગવાને સ્વરૂપહિંસાનો નિષેધ ક્યાંય કર્યો નથી, અનુબંધહિંસાનો નિષેધ કર્યો છે. તેથી સ્વરૂપહિંસા જેમાં થતી હોય એવા અનુષ્ઠાનનું વિધાન કરવામાં કોઈ વિરોધ નથી. શ્રી વીતરાગપરમાત્માનું વચન અવિરુદ્ધ છે. કારણ કે ભગવાન રાગ, દ્વેષ અને અજ્ઞાન (મોહ) થી રહિત છે. સાચું બોલવા માટે જ્ઞાનની જરૂર પડે, ભગવાન પાસે જ્ઞાન પરિપૂર્ણ હોવાથી ભગવાન જે બોલે છે તે સાચું જ બોલે છે. તે જ રીતે રાગ, દ્વેષના કારણે લોકો જૂઠું બોલતા હોય છે. ભગવાન પાસે રાગદ્વેષ ન હોવાથી ભગવાન જૂઠું બોલતા નથી. તેથી ભગવાનનું વચન અવિરુદ્ધ છે. જે કષ, છેદ અને તાપઃ આ ત્રણથી શુદ્ધ હોય તેને અવિરુદ્ધ વચન કહેવાય. અન્ય દર્શનકારોનાં વચનો કદાચ કષથી શુદ્ધ હોય, આગળ વધીને કોઈકનાં છેદશુદ્ધ પણ લાગે, પરંતુ તાપશુદ્ધિ તો કેવલ જિનવચનોમાં જ છે. આ અનુષ્ઠાન જેમ અવિરુદ્ધ એવા વચનથી કરાયેલું હોવું જોઈએ તેમ યથોદિત પણ હોવું જોઈએ. ભગવાનના વચન મુજબનું અનુષ્ઠાન પણ ભગવાને જેવું અર્થાદ્ જે રીતે કરવાનું કહ્યું હોય તે રીતે જ કરવું તેનું નામ યથોદિત. ભગવાને પૂજા કરવાની કહી છે પરંતુ તે કયા દ્રવ્યથી, કયા ક્ષેત્રમાં, કયા કાળે અને કયા ભાવપૂર્વક કરવાની છે-એ પણ જણાવ્યું છે. ભગવાનનું કહ્યું કરવું તે વચનાનુષ્ઠાન અને ભગવાને જે રીતે કરવાનું કહ્યું હોય તે રીતે કરવું તે યથોદિત અનુષ્ઠાન કહેવાય. આપણને ફાવે એ રીતે કરવું તે યથોદિત નથી.

ધર્મનું ફળ બતાવ્યા પછી ધર્મનું સ્વરૂપ બતાવ્યું છે. ધર્મ એ કારણ છે અને મોક્ષ એનું ફળ છે. પરંતુ કારણ જ જો બનાવટી હોય તો તેનાથી ફળની પ્રાપ્તિ થાય એ શક્ય નથી. ધર્મથી અર્થ પણ મળે, કામ પણ મળે અને મોક્ષ પણ મળે. પરંતુ એ ધર્મ ધર્મ હોવો જોઈએ ને? પાણીથી વસ્ત્ર શુદ્ધ થાય છે, પરંતુ પાણી પાણી હોવું જોઈએ. પાણી જો ખારું હોય તો તેમાં સાબુ પણ ન લાગે અને મેલ છૂટો પણ ન પડે તો એવા પાણીથી વસ્ત્ર શુદ્ધ ન થાય. તે રીતે ધર્મ પણ આપણે એવો કરવો છે કે જે આપણને જન્મ, જરા, મૃત્યુથી બચાવનારો હોય. ધર્મના કારણે અર્થકામ મળી જાય, સંસારનાં સુખો મળી જાય તોપણ જો એનાથી જન્મજરાદિ દુઃખોનો અંત ન આવે તો એ ધર્મ કામનો નથી. આ સંસારમાં સુખ ગમે તેટલું મળે તોપણ જન્મ, જરા, મૃત્યુનો અંત આવે એ શક્ય નથી. તેથી આપણે કહેવું છે કે જે મોક્ષે પહોંચાડે તે ધર્મ છે. જે સંસારમાં ભટકાવે, સંસારમાં જ રાખે તેને ધર્મ ન કહેવાય. ધર્મ કરવાથી દેવલોકમાં જઈએ છીએ આ તો વ્યવહારનો ધર્મ છે. જે મોક્ષમાં લઈ જાય એ જ નિશ્ચયથી ધર્મ છે. જે ધર્મ દેવલોકમાં લઈ જાય એ ધર્મ ધર્મ નથી. જે માટીથી ઘડો ન થાય તે માટીને માટી કહેવાય કે ધૂળ કહેવાય? તેમ જે ધર્મ મોક્ષે ન લઈ જાય તે ધર્મને ધર્મ જ ન કહેવાય. આપણે દેવલોકમાં જઈએ એ ધર્મનું ફળ નથી, ધર્મ કરતાં ન આવડ્યો તેનું એ પરિણામ છે.

સ. સમ્યક્ત્વની હાજરીમાં દેવલોકનું આયુષ્ય બંધાય છે ને?

સમ્યક્ત્વમાત્ર ધર્મ નથી. ધર્મ તો ચારિત્રમાં છે અને ચારિત્ર જો પાળતાં આવડે તો આયુષ્યનો બંધ જ ન પડે. આયુષ્યનો બંધ ત્યારે પડે કે જ્યારે બાકીના સાતનો બંધ ચાલુ હોય, તેથી તે વખતે વાસ્તવિક કોટિનો ધર્મ ન હોય. જે વહેલામાં વહેલી તકે મોક્ષે પહોંચાડે તેને ધર્મ કહેવાય. આ તો સીમંધરસ્વામી ભગવાનને અહીં બોલાવે, અહીં આવો તો ચારિત્ર લઉં, એમ કહે. આપણે કહેવું પડે કે અહીં ચારિત્ર લેતાં કોણ રોકે છે? ભગવાનને કહે કે મારી પાસે પાંખ હોત તો તમારી પાસે આવત, આપણે કહેવું પડે કે અત્યારે પગ છે છતાં ય ગુરુ પાસે જવું નથી તો પાંખનું શું કામ છે? જે મહાપુરુષોએ લખ્યું તેઓ તો ચારિત્ર લઈને બેઠા હતા અને ગુરુનિશ્રામાં રહ્યા હતા માટે લખ્યું. તમે 'ક્યૂં ન ભયે હમ મોર' એમ બોલો પરંતુ 'ક્યૂં ન ભયે હમ સાધુ' એવો વિચાર ક્યારે ય કર્યો? ક્ષેત્રનો પ્રભાવ જો હોય તો તે કયો? સાધુ થવાનું મન થાય તે જ ને? આ તો ગિરિરાજ ચઢે ત્યારે દાદાનો દરબાર દેખાય અને ઊતરતા હોય તો ભાતાખાતું દેખાય. ગિરિરાજ ઊતરતી વખતે જાત્રા સારી થઈ એનો આનંદ થાય કે સાધુ થવાના પરિણામ ન જાગ્યાનું દુઃખ થાય? તીર્થયાત્રા તો ઉપવાસ કરીને જ કરવાની હોય, એટલે ભાતાખાતાનો

પાસ લેવાનો વખત ન આવે. તમે ખાનદાન હોવાથી સામેથી તો પાસ માંગવા ન જ જાઓ ને? કારણ કે માંગવું અને મરવું જેને સરખું લાગે તેને ખાનદાન કહેવાય. પરંતુ કોઈ સામેથી પાસ આપે તોય કહી દેવાનું કે હું પોતે જ નાપાસ થયો છું તો તું મને પાસ શા માટે આપે છે? અસલમાં આપણને માર્ગ નથી ગમતો અને વિસામો ગમે છે તેનું જ આ પરિણામ છે.

વચનાનુસારી અનુષ્ઠાન એ જ ધર્મ છે. તેમાંથી અનુષ્ઠાન પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ છે. પાંચ પ્રકારના યમ નિવૃત્તિસ્વરૂપ છે કારણ કે તેમાં હિંસા, જૂઠ વગેરે પાપોથી વિરામ પામવાની વાત છે. જ્યારે નિયમો અર્થાદ્ પૂજા, સ્વાધ્યાય, તપ વગેરે પ્રવૃત્તિસ્વરૂપ છે. આ અનુષ્ઠાન ભગવાને જે દ્રવ્યાદિથી કરવાનું કહ્યું હોય તે રીતે જ કરવું. અનાદરની શરૂઆત મોટે ભાગે કાળથી થતી હોય છે તેથી અહીં 'દ્રવ્યાદિની આરાધનાનુસારે' એવું ન જણાવતાં કાલાદિની આરાધનાનુસારે અનુષ્ઠાન-કરવું. એમ જણાવ્યું છે. જે કાળે જે અનુષ્ઠાન કરવાનું કહ્યું હોય તે કાળે ન કરવું, વહેલામોડા કરવું તે કાલનો અનાદર છે. જે દ્રવ્યથી પૂજાદિ કરવાના કહ્યા હોય તેમાં વિકલ્પ શોધવો તેને દ્રવ્યનો અનાદર કહેવાય. આપણને અનુકૂળ ક્ષેત્રમાં બેસવું તે ક્ષેત્રનો અનાદર અને સંસારથી તરવા સિવાયના બીજા કોઈ પણ આશયથી અનુષ્ઠાન કરવું તે ભાવનો અનાદર. આ રીતે દ્રવ્યાદિ ચારેનો અનાદર ટાળીને જેવું કહ્યું હોય તેવું કરવું તેને યથોદિત અનુષ્ઠાન કહેવાય.

ધર્મનું નિરૂપણ અહીં ત્રણ પ્રકારે કર્યું છે. ધર્મનું ફળ બતાવ્યું છે, ધર્મનું સ્વરૂપ પણ જણાવ્યું છે અને ધર્મનો હેતુ પણ જણાવ્યો છે. ધર્મ કોને કહેવાય એ પણ જણાવ્યું, ધર્મ કઈ રીતે કરવો એ પણ બતાવ્યું છે અને ધર્મનું ફળ પણ બતાવ્યું છે. જેમ ગણિત બતાવવું હોય તો ગણિતનું સ્વરૂપ બતાવવું પડે, ગણિતની રીત બતાવવી પડે અને ગણિતનું ફળ એટલે કે જવાબ પણ કયો છે-એ પણ બતાવવું પડે. તેમ અહીં ધર્મનું ફળ તો પહેલાં જ જણાવી દીધું. ત્યાર બાદ હવે જણાવ્યું કે વચનાનુસારી અનુષ્ઠાન એ ધર્મનું સ્વરૂપ છે અને યથોદિત એ ધર્મનું કારણ છે. ભગવાને જે રીતે કરવાનું કહ્યું હોય તે રીતે જ ધર્મનું અનુષ્ઠાન કરવાનું છે. ભગવાને બતાવેલાં દ્રવ્યક્ષેત્રકાળભાવને સાચવીને જ ભગવાને બતાવેલાં અનુષ્ઠાન કરાય તો જ તે ધર્મ કહેવાય. જો આ રીતે દ્રવ્યાદિને સાચવીએ નહિ તો ધર્મના બદલે ધર્મનું દ્વેષિત્વ પ્રાપ્ત થાય છે-આ પ્રમાણે અહીં ટીકામાં શ્રી મુનિચંદ્રસૂરિમહારાજે જણાવ્યું છે.

સ. પ્રમાદ કહો તો બરાબર છે, દ્વેષી કઈ રીતે કહેવાય?

આપણને આકરું લાગશે એમ સમજીને જ ટીકાકારશ્રીએ યોગબિંદુનો પાઠ આપ્યો

છે કે 'આગમના કારણે પ્રવૃત્તિ કરનાર પણ જો આગમનું ઉલ્લંઘન કરીને પ્રવર્ત્તે તો તે નિયમા આગમનો દ્વેષી છે.'

સ. દ્વેષના કારણે કોઈ પ્રવૃત્તિ કરે ખરું?

તમારો આખો સંસાર દ્વેષ ઉપર જ નભે છે ને? તમે જે કાંઈ પ્રવૃત્તિ કરો છો તે રુચિથી કરો છો કે અરુચિથી કરો છો? જેટલા નોકરી કરે છે તે રાગથી કરે છે કે દ્વેષથી કરે છે? અપ્રીતિ એનું નામ દ્વેષ. આપણે વીતરાગ નથી તેથી પ્રીતિ ન હોય તો અપ્રીતિરૂપ દ્વેષ છે- એમ માનવું પડે. તમારો છોકરો તમારા કીધે ભણવા બેઠો હોય અને વચ્ચે વચ્ચે ટી.વી. જુએ, રમત કરે, વેઠ ઉતારે તો જ્ઞાનનો રાગી કહેવાય કે દ્વેષી?

સ. અમે એ છોકરાને સ્વચ્છંદી કહીએ, દ્વેષી ન કહીએ.

સ્વચ્છંદી છે એનો જ અર્થ એ છે કે દ્વેષી છે. જે પરતંત્ર હોય તે રાગી હોય, જે સ્વચ્છંદી હોય તે દ્વેષી હોય. આપણે જે પ્રવૃત્તિ કરીએ એ પ્રવૃત્તિમાં વેઠ ઉતારીએ છીએ એ જ દ્વેષનું પ્રતીક છે. જેને રુચિ હોય તે સંયોગોના અભાવમાં ન કરે એ બને પરંતુ વેઠ ઉતારવાનું કામ કોઈ દિવસ ન કરે. જેને રાગ હોય તેને કરવામાં રતિ થાય, જેને દ્વેષ હોય તેને અરતિ થાય. પ્રવૃત્તિ કરતી વખતે અરતિ થાય તો દ્વેષ છે-એમ માનવું પડે ને?

સ. રાગ અને રતિમાં શું ફરક?

રતિ એ રાગનું કાર્ય છે. તમારી ભાષામાં કહીએ તો ભાણામાં લેવું તેનું નામ રાગ અને મોઢામાં મમરાવવું તેનું નામ રતિ. રાગના કારણે રતિ થાય અને રતિના કારણે પાછો રાગ વધે છે. જો અનુષ્ઠાનમાં રતિ હોય તો તે વેઠ શા માટે ઉતારે? તેથી માનવું પડે ને કે જો દ્રવ્યાદિને ન સાચવીએ તો આપણે અનુષ્ઠાનના દ્વેષી છીએ?

સ. રાગ ઓછો છે-એમ કહેવાય ને?

રાગ ઓછો છે, એનો અર્થ જ એ છે કે જેટલા અંશમાં રાગ ઓછો છે એટલા અંશમાં દ્વેષ છે. આપણે વીતરાગ નથી તેથી જ્યાં રાગ નથી ત્યાં અપ્રીતિરૂપ દ્વેષ છે.

સ. દ્રવ્ય, ક્ષેત્રાદિ સચવાય નહિ તો તેની વિકલતા કહેવાય ને?

તમે કાયદો ન માનો તો તેને કાયદાની વિકલતા કહેવાય કે કાયદાનું ઉલ્લંઘન કહેવાય? જેઓ વિધિનું ઉલ્લંઘન કરે તેઓ વિધિના દ્વેષી છે-એમ માન્યા વગર ચાલે એવું નથી.

સ. ફળના બદલે બદામ મૂકીએ તો ય દ્વેષ કહેવાય?

તમે જમણવારમાં મિષ્ટાન્નને બદલે સાકરના ગાંગડા પીરસો તો તે સાધર્મિકની ભક્તિમાં ખામી કહેવાય કે સાધર્મિકનું અપમાન કહેવાય?

સ. આવી પ્રથા જેણે શરૂ કરી તેને દોષ લાગે, અમને નહિ ને?

જે અગ્નિને સળગાવે તે જ બળે, જે અગ્નિને અડે તે ન બળે ને? ઝેર લાવીને ખાય તે જ મરે? કે કોઈએ લાવેલું ઝેર ખાય તે ય મરે? કોઈએ ખોટી પ્રથા શરૂ કરી હોય તોપણ આપણે એને અપનાવીએ તો આપણને પણ દોષ લાગવાનો જ. તેથી ખોટી દલીલો કર્યા વિના વિધિ પ્રત્યે બહુમાન કેળવી લેવું છે. જેમતેમ વેઠ ઉતારીને કોઈ કરે તો તમે શું કહો? 'ન કરવું હોય તો રહેવા દો, પણ વેઠ ઉતારવાની જરૂર નથી.' આવું કહો ને? એનો અર્થ શું થયો? કરવાની ના પાડી-એમ સમજો કે સારી રીતે કરવાનું કહ્યું-એમ સમજો? આમે ય તમે દીક્ષા લેવાનું માંડી વાળ્યું છે તે આ જ કારણે ને? દીક્ષા લઈને જેમતેમ પાળવી એના કરતાં ન લેવી સારી-ખરું ને? અને પૂજા માટે એમ કહેવાય તો તમને શું લાગે? પૂજા કરવાની ના પાડી. એમ સમજો કે વિધિપૂર્વક પૂજા કરવાનું કહ્યું-એમ સમજો? આ ગ્રંથકારશ્રીએ આપણા હિતની ચિંતા કરીને આ બધું સમજાવવાનું કામ કર્યું છે. ધર્મ કરવા છતાં આપણે ધર્મના ફળને પામતા ન હોઈએ તો તે આ વિધિના અને આજ્ઞાના અનાદરના કારણે જ નથી પામતા. જેને અનુકૂળ થઈને વર્ત્તીએ તેની પ્રત્યે રાગ છે એમ સમજવું અને જેને આપણને અનુકૂળ બનાવવા મહેનત કરીએ તેની પ્રત્યે દ્વેષ છે-એમ સમજવું. આપણે ભગવાને કહેલા યથોદિત અનુષ્ઠાનને અનુકૂળ બનીને કરીએ કે આપણી અનુકૂળતા પ્રમાણે અનુષ્ઠાન કરીએ?

આપણે જે કાંઈ અનુષ્ઠાન કરીએ તે અવિરુદ્ધ વચનાનુસારી હોવું જોઈએ અને યથોદિત હોવું જોઈએ એની સાથે આ અનુષ્ઠાન મૈત્ર્યાદિભાવથી ભાવિત થઈને કરાયેલું હોવું જોઈએ. એથી આપણે મૈત્ર્યાદિ ચાર ભાવનાનું સ્વરૂપ વિચારવું છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા આ ચાર ભાવના છે. તેમાંથી લગભગ મૈત્રી ભાવના તમને ગમે ને? બાકી તો પ્રમોદના સ્થાને મોટે ભાગે ઈર્ષ્યા આવતી હોય છે, કરુણાના સ્થાને મોટે ભાગે કૃપણતા નડતી હોય છે અને માધ્યસ્થ્યના સ્થાને દ્વેષ આવતો હોય છે. તેથી આપણે પહેલા મૈત્રીભાવનાનું સ્વરૂપ સમજી લેવું છે. આપણે મૈત્રીભાવનાની વ્યાખ્યા જુદી કરીએ છીએ જ્યારે શાસ્ત્રકારો એની વ્યાખ્યા જુદી કરે છે. આપણે તો હળીમળીને રહેવું એને જ મૈત્રી કહીએ ને? શાસ્ત્રકારો કહે છે કે મૈત્રી ભાવના હળીમળીને રહેવામાં નથી, પાપરહિત બનવામાં છે. મૈત્રીભાવનાને સમજાવવા માટે કહ્યું છે કે:

**मा कार्षीत् कोऽपि पापानि मा च भूत् कोऽपि दुःखितः ।**
**मुच्यतां जगदप्येषा मति मैत्री निगद्यते ॥**

આમાં સૌથી પહેલાં જણાવ્યું છે કે કોઈ પણ જીવ પાપ ન કરે-એ મૈત્રીભાવના છે. મૈત્રીભાવના પાપના પશ્ચાત્તાપમાં અને પાપના ત્યાગમાં સમાયેલી છે. વસ્તુતઃ આપણે પાપરહિત બનવું છે છતાં કોઈ પણ પાપ ન કરે એવી ભાવના ભાવવાનું જણાવ્યું છે, તેનું કારણ એ છે કે આપણે મોટે ભાગે બીજાની સહાય મળવાના કારણે પાપ કરતા હોઈએ છીએ. જો બીજા પાપ કરતાં અટકે તો આપણે પણ પાપરહિત બની શકીએ. હિંસા, જૂઠું, ચોરી વગેરે પાપો બીજાની સહાય વિના થતા નથી. તેથી બીજા પાપ ન કરે એમાં આપણું હિત સમાયેલું છે. બીજા તરફથી આવતો પાપનો સ્રોત અટકાવવા માટે આ ભાવના છે. આજે આપણે જેને વિશ્વાસુ કહીએ છીએ તે મોટે ભાગે પાપમાં જ સહાય કરનાર હોય ને? આ પાપનો પ્રવાહ આવતો અટકાવવા માટે મૈત્રીભાવના જરૂરી છે. પાપની સાથે ધર્મ ન હોય, ધર્મ પાપના ત્યાગમાં છે. પાપ સાથે ધર્મ ન હોય, ધર્માધર્મ હોય. તેથી આપણે ધર્મ પામવા માટે પાપનો સર્વથા ત્યાગ કરવો છે. અને પાપનો ત્યાગ કરવા માટે પાપનો સ્રોત બંધ કરવો પડે. આ પાપનો સ્રોત અટકાવવા માટે કોઈ પાપ ન કરે એવી ભાવના ભાવવાની છે. લોકો પાપ ન કરે તો દુઃખી ન થાય અને પાપ ન કરે તો જ મુક્ત થાય. આથી બધા મુક્ત થાય એવી ભાવના ભાવવાની છે, સૌ સુખી થાઓ એવી ભાવના ભાવવાની વાત નથી. તમે 'સુખી થાઓ' એવા આશીર્વાદ આપો, જ્યારે અમે મુક્ત થવાના, નિસ્તાર પામવાના આશીર્વાદ આપીએ-આટલો ફરક છે ને? લોકોને સુખી બનાવવાની ભાવના એ મૈત્રી નથી, લોકોને મુક્ત બનાવવાની ભાવના એ મૈત્રી છે. આ પાપનો સ્રોત અટકાવવા માટે જ સાધુપણામાં સગાસંબંધીના સંયોગોનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. જે સગાની સાથે રહીને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ પ્રગટાવ્યો એ જ સગા વચ્ચે રહીને ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ ટકાવી શકાય ને? છતાં પણ ભગવાને એ પૂર્વસંયોગોનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. જે સગાસંબંધીનો ત્યાગ કર્યો તેમનો, પમાડવાની ભાવનાથી પણ સંપર્ક નથી કરવો. કારણ કે તેમનો સંપર્ક આપણા પાપના સ્રોતને પાછો લાવે છે. અમારા આચાર્યભગવંતે અમને વ્યક્તિગત હિતશિક્ષા આપતાં જણાવેલું કે સગાસંબંધીને ઉપદેશ ન આપવો, હિતશિક્ષા ન આપવી. સગાસંબંધી આવે તો તેમને ગુરુમહારાજ પાસે મોકલી આપવા. જે સંયોગોને છોડીને આવ્યા તેને પાછા વળગાડવા નથી. સગાથી અલિપ્ત રહીને ચારિત્ર સુધી પહોંચ્યા, પણ હવે ચારિત્રથી મોક્ષ સુધી પહોંચવું હશે તો સગાનો ત્યાગ કરવો જ પડશે. જે આપણને પાપમાં સહાય કરે તેવાથી અળગા રહેવું.

શાસ્ત્રમાં કહ્યું છે કે જેમ દૂધને બિલાડીથી ભય છે તેમ વિરતિધરને અવિરતિધરથી ભય છે. અવિરતિના સંગના કારણે આપણે આપણું જ્ઞાન, આપણું ભાન અને આપણી સાન ગુમાવી બેસીએ છીએ. આપણાં જ્ઞાનાદિ ગુમાવવાં ન હોય તો વિરતિધરના સંપર્કમાં જ રહેવું. જ્ઞાન, જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પ્રગટે છે; ભાન, ઉપયોગ રાખવાના કારણે આવે છે અને સાન મોહનીયના ક્ષયોપશમથી આવે. સાન એટલે અક્કલ. અક્કલવાળો તેને કહેવાય કે જે અહિતથી ખસવા પ્રયત્ન કરે. આપણે પાપરહિત બનવું છે માટે જ કોઈ પાપ ન કરે એવી ભાવના ભાવવાની છે, લોકોને સુખી બનાવવાની વાત નથી.

સ. 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' એમ કહેવાય છે ને?

શુભ કોને કહેવાય? પાપનો ત્યાગ કરવો તેનું નામ શુભ. સુખ છોડવું અને દુઃખ ભોગવવું એ જ શુભ છે. મૈત્રીભાવનામાં જે સુખની વાત આવે છે તે તમે જે સમજો છો તે સુખ નથી; ધર્મથી જે સુખ મળે છે, પાપથી મુક્ત બનવાના કારણે જે સુખ મળે છે તેની વાત છેઃ એટલું યાદ રાખવું.

મૈત્રીભાવના પછી પ્રમોદભાવના જણાવી છે. આપણા પાપનો સ્રોત બંધ કરવા માટે જેમ મૈત્રીભાવના ભાવવાની વાત કરી તેમ નિર્જરાનો સ્રોત ચાલુ કરવા માટે પ્રમોદભાવના જણાવી છે. બીજાનું સારું જોઈને રાજી થવું-એ પ્રમોદભાવના છે. માત્ર ગુણવાનના ગુણ ગાવા એ પ્રમોદભાવના નથી. ગુણવાનના ગુણો જોઈને મન આનંદિત થાય તે પ્રમોદભાવના છે. તમે પણ શું બોલો છો? 'ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે.' આપણી વાણી નૃત્ય કરે પણ હૈયું નૃત્ય ન કરે તો એ પ્રમોદભાવના નથી.

જે ધર્મ આપણે વરસોથી કરીએ છીએ તે ધર્મનું સ્વરૂપ સમજવાનું કામ આપણે શરૂ કર્યું છે. આપણે જે કરીએ છીએ તે ધર્મ નથી, ધર્મ તો આપણે સમજવાનો પણ બાકી છે, તો કરવાનો તો બાકી હોય જ. આપણે લઘુકર્મી છીએ માટે જ આપણને આવું ધર્મનું સ્વરૂપ સમજવા મળ્યું છે. જો આ સમજ્યા પછી આપણો ધર્મ ખોટો છે, એવું સમજવાના કે સ્વીકારવાના બદલે ઉપરથી આપણને ખોટું લાગે તો માનવું પડે કે આપણી લઘુકર્મિતા નકામી જવાની. ધર્મના સ્વરૂપમાં આપણે જોઈ ગયા કે આપણે જે અનુષ્ઠાન કરીએ તે અવિરુદ્ધ એવા વચનાનુસારી હોવું જોઈએ, યથોદિત હોવું જોઈએ અને મૈત્ર્યાદિભાવથી સંયુક્ત હોવું જોઈએ. તેમાંથી મૈત્રીભાવનાની વાત આપણે જોઈ ગયા, હવે પ્રમોદાદિ ભાવનો વિચાર કરવો છે. આપણી પાસે પ્રમોદભાવના છે? કોઈના ગુણો જોઈને આનંદ થાય? કોઈ ચડે તો આનંદ થાય કે પડે તો આનંદ થાય? સગા

ભાઈના ગુણો પણ ખમાતા નથી એવાઓ બધાની સાથે એકતા કરવાની વાત કરે છે. દરેક ફિરકાને ભેગા કરીને ક્ષમાપનાનું પર્વ ઊજવવું છે! ઘરના લોકો સાથે મેળ નથી રાખવો અને ચાર ફિરકાને ભેગા કરવા છે! જેવો ગુસ્સો આવે, કષાય આવે કે તરત જ ક્ષમાપના માંગવાની છે, એમાં દિવસની રાહ ક્યાં જોવાની?

સ. રોજ ન કરે, છતાં વરસમાં એક વાર કરે તો સારું જ છે ને?

વિષ્ટામાં પગ પડે તો તરત સાફ કરો કે ઘરે પહોંચવાની રાહ જુઓ? અને ગુસ્સો આવ્યા પછી ક્ષમાપના માટે પર્યુષણપર્વની રાહ જોવાની કે તરત ખમાવવાનો? કષાય તો વિષ્ટા કરતાં પણ ભૂંડા છે. વિષ્ટા કાંઈ નરકમાં નથી લઈ જતી, જ્યારે કષાયો તો આપણને ઘસડીને નરકમાં લઈ જશે. તેથી કષાય તો થતાંની સાથે ખમાવવાના, તેના માટે આયોજન ન હોય.

સ. એકતા થાય તો સારું ને?

જેટલા પણ મહાત્માઓ મોક્ષમાં ગયા, કરોડોની સંખ્યામાં ગયા તેઓ પણ એકત્વ ભાવના પર આરૂઢ થઈને ગયા છે, લોકોની એકતા કરીને નહિ. જેઓ આપણા ભગવાન અને આપણા ગુરુ માટે બે શબ્દ ઘસાતા બોલે તેની સાથે પણ એકતા કરવાની? ઘઉંમાં કાંકરા ભેગા થાય તો ઘઉંનું વજન વધે જ ને? તો આવું વજન વધારવું છે? આપણે આવી એકતાની વાત નથી કરવી. પ્રમોદભાવના પામવી હોય તો બીજાનું સારું જોઈને રાજી થતાં શીખી લેવું. ગુણવાનને વિશે પ્રમોદભાવના રાખવાની છે.

સ. ગુણીજન કોને કહેવાય?

શ્રી યોગશાસ્ત્રમાં જણાવ્યું છે કે -

**अपास्ताशेषदोषाणां वस्तुतत्त्वावलोकिनां।**
**गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्त्तितः ।।**

જેમના સમસ્ત દોષો ચાલી ગયા છે અને જેઓ વસ્તુતત્ત્વના જાણકાર છે તેમને ગુણીજન કહેવાય. આવા જીવોના ગુણમાં જે પક્ષપાત રાખવો અર્થાત્ 'આ ગુણો જ મારે પામવા છે' એવો જે આગ્રહ રાખવો તેને પ્રમોદભાવના કહેવાય. જેઓના બધા દોષો ચાલ્યા ગયા હોય અને જેઓ વસ્તુતત્ત્વના જાણકાર હોય તેવા ગુણીજન વિષે પ્રમોદ રાખવાનો છે.

સ. બધા દોષ ચાલ્યા ગયા હોય એવા તો ભગવાન જ મળવાના!

સાધુભગવન્તો દોષને આધીન થતા નથી તેથી તેઓ પણ અશેષદોષરહિત જ છે. શાસ્ત્રમાં સાધુઓને વીતરાગકલ્પ કહ્યા છે. રાગનો ઉદય હોવા છતાં રાગને આધીન નથી થતા, કષાયનો ઉદય હોવા છતાં કષાયને આધીન નથી થતા માટે તેઓ વીતરાગજેવા છે. સાધુ ભગવન્તના દોષો જવા માટે જ રહેલા છે, જામવા માટે નહિ. જેઓ દોષોને કાઢવા માટે પ્રયત્ન કરે છે તેમના દોષ નષ્ટપ્રાયઃ જ કહેવાય છે. સાધુભગવન્તો નિરીહ અર્થાદ્ ઈચ્છા વગરના હોવાથી તેમના એકે દોષ કામ નથી કરતા. શ્રી શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં જણાવ્યું છે કે તૃષ્ણા અશેષ દોષની જનની છે. સાધુભગવન્તો તૃષ્ણા વગરના હોવાથી તેમના દોષો ગયેલા જેવા જ છે. આ સંસારની એક પણ ચીજની ઈચ્છા સાધુને હોતી નથી. તેઓને જે કાંઈ કર્મબંધ થાય છે તે પણ અનુબંધના ઘરનો ન હોવાથી વિપાક બતાવવા સમર્થ નથી બનતો. આથી જ શ્રી પ્રશમરતિગ્રંથમાં કહેલું છે કે **નિર્જિતમદમદનાનાં...** જેમણે મદ અને મદન (કામદેવ) ને જીતી લીધા છે, મનવચનકાયાના વિકારોથી જે રહિત છે, જેઓની પર વસ્તુ કે વ્યક્તિ વિષેની આશાઓ નિવૃત્ત થઈ ગઈ છે, તેવા સુવિહિત સાધુભગવન્તોને આ સંસારમાં જ મોક્ષની પ્રાપ્તિ થઈ ગઈ છે-એમ સમજવું. આવા સાધુભગવંતોના નિરીહતા વગેરે ગુણોમાં પક્ષપાત રાખવો, 'આ ગુણો મને પણ પ્રાપ્ત થાય' એવા ભાવથી તેની અનુમોદના કરવી-તેનું નામ પ્રમોદભાવના.

આપણે જોઈ ગયા કે મૈત્રીભાવના કારણે આપણે પાપથી મુક્ત બનીએ છે જ્યારે પ્રમોદભાવના કારણે આપણને સારા માણસોનો સંગ થાય છે. મૈત્રી ભાવનાના કારણે આપણા પાપનો સ્રોત અટકે છે અને પ્રમોદભાવનાના કારણે આપણામાં ગુણનો સ્રોત આવે છે. આપણને ગુણીજનનો સંગ ગમતો ન હોય તો તેનું કારણ એક જ છે કે આપણને પાપ કરવું છે અને ગુણો જોઈતા નથી. આપણે ખરાબ કામ કરવું છે માટે આપણને સારા માણસો ગમતા નથી. લોકમાં પણ કહેવાય છે કે જેને પાપ કરવું હોય તેને અંધારું ગમે. જેઓ ચોર હોય તેને અંધારું ગમે, જે શાહુકાર હોય તેને અજવાળું ગમે. અમારે ત્યાં પણ જેને વાંચવું હોય, ગોખવું હોય, ભણવું હોય તેને અજવાળું ગમે અને જેને ઊંઘવું હોય તેને અંધારું ગમે. મૈત્રીભાવના આપણને પાપરહિત બનાવવા કામ લાગે છે અને પ્રમોદ ભાવના આપણને ગુણસંપન્ન બનાવે છે. ત્યાર બાદ કરુણાભાવનામાં જણાવ્યું છે કે

**दीनेष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।**
**प्रतिकारपरा बुद्धिः कारुण्यमभिधीयते ।।**

જેઓ દીન છે અર્થાત્ લાચાર છે, આર્ત્ત એટલે પીડાયેલા છે-દુઃખી છે, ભયભીત છે, તેમ જ જીવિતની યાચના કરે છેઃ તે દરેકના દુઃખનો પ્રતિકાર કરવાની બુદ્ધિ હોય તેને કરુણાભાવના કહેવાય છે. તેમનું દુઃખ દૂર કરી શકો કે ન કરી શકો પણ તેમના દુઃખે દુઃખી થાઓ, કમસે કમ બે આંસુ પાડો એ પણ કરુણાભાવના છે. ભિખારી વગેરે દીન છે, એકેન્દ્રિયાદિ આર્ત્ત છે, તિર્યંચો વગેરે ભયભીત છે.. આ બધા જીવોના દુઃખને દૂર કરવાની ભાવના એ દ્રવ્યકરુણા છે. આ દ્રવ્યકરુણા જ ભાવકરુણાને જન્મ આપે છે. આજે આપણને એકેન્દ્રિયોનું દુઃખ દેખાતું નથી માટે આપણે ગૃહસ્થપણામાં રહી શકીએ છીએ. એક વાર આ અપ્કાયનાં, તેઉકાય-વાયુકાયનાં કે વનસ્પતિકાયનાં દુઃખો દેખાય તો આ સંસારમાં રહી નહીં શકાય. આ સંસારમાં દુઃખ છે માટે સંસારનો ત્યાગ કરવાનું નથી કહ્યું, આ સંસારમાં દુઃખ આપ્યા વિના જીવી શકાતું નથી માટે સંસારનો ત્યાગ કરવાનું કહ્યું છે.

સ. દયા અને કરુણામાં શું ફરક?

દયા અને કરુણા એકજેવા છે. સામાન્યથી કરુણા મનથી હોય અને દયા વચન તથા કાયાથી પણ હોય છે-આટલો ફરક પણ છે.

સ. આત્માની દયા કરવાની એટલે?

આત્માની દયા કે કરુણા નથી કરવી, આત્મા પ્રત્યે આપણે કઠોર બનવું છે. આપણી સાથે રહેલા પ્રત્યે દયા કે કરુણા કરવી છે, આપણી જાત પ્રત્યે કઠોર બનવું છે. બીજાનું દુઃખ જોઈને દુઃખી થાય તે અનુકંપાદાનમાંથી અભયદાનમાં પહોંચી જાય. 'મને કોઈ ગમે તેટલું દુઃખ આપે તોપણ તે સહન કરી લઈશ, પણ હું એકને પણ દુઃખ નહિ આપું.' આનું નામ અભયદાન. આપણને દુઃખ આવે તો તરત આત્માને કહી દેવું કે 'ભાઈ! આપણું પોતાનું જ આ સર્જન છે માટે હવે આનાકાની કર્યા વગર સ્વીકારી લેવું છે.' અનુકંપાનો અધિકાર ગૃહસ્થોને છે અને અભયદાનનો અધિકાર સાધુઓને છે.

સ. કરુણાભાવનામાં દુઃખ ટાળવાનો પ્રયત્ન કરવાનો કે માત્ર ભાવ રાખવાનો?

બધા જીવોનું દુઃખ દૂર કરવાનું સામર્થ્ય આપણું નથી માટે ત્યાં ભાવ રાખવાની વાત કરી. જ્યાં સુધી સામર્થ્ય હોય ત્યાં સુધી કાયાથી પણ પ્રવૃત્તિ કરવી છે. જ્યારે કાયાથી ન થઈ શકે ત્યારે મનથી કરુણા રાખવી છે. આ દ્રવ્યકરુણા જ ભાવકરુણાને જન્મ આપે છે. પૃથ્વીમાં જીવ, પાણીમાં જીવ, વનસ્પતિમાં જીવ આ બધાને દુઃખ ન આપવું હોય તો ચારિત્ર લીધા વિના છૂટકો જ નથી. ગૃહસ્થો દ્રવ્યકરુણાના અધિકારી છે

જ્યારે સાધુભગવન્તો ભાવકરુણાના અધિકારી છે. દીન, હીન જીવો પ્રત્યે જે કરુણા આવે તે દ્રવ્યકરુણા છે અને ધર્મવિહીન જીવો પ્રત્યે જે કરુણા જાગે તેને ભાવકરુણા કહેવાય.

**સ.** સાધર્મિકનું દુઃખ જોઈને કરુણા આવે ને?

સાધર્મિક કરુણાપાત્ર નથી, ભક્તિપાત્ર છે. સાધર્મિકને બિચારા ન કહેવાય. સાધર્મિક કે સાધુસાધ્વીને દુઃખ આવે તોપણ તેઓ દુઃખી નથી હોતા, માટે તેઓ કરુણાપાત્ર નથી. જેને દુઃખ આવે તેને દુઃખી ન કહેવાય, જેને દુઃખ લાગે તેને દુઃખી કહેવાય. ધર્માત્માને દુઃખ દુઃખ લાગે જ નહિ. તેથી તેમની પ્રત્યે કરુણા રાખવાની નથી. સાધુસાધ્વીના કે સાધર્મિકના દુઃખને દૂર કરવા માટે જે કાંઈ પ્રયત્ન કરે તે ભક્તિ જ કહેવાય, કરુણા નહિ.

**સ.** સાધર્મિક કોને કહેવાય? જેટલા જૈનકુળને પામેલા હોય તે બધા?

જેટલા જૈન કુળને પામેલા હોય તેને સાધર્મિક ન કહેવાય, જેટલા જૈન ધર્મને પામેલા હોય તેને સાધર્મિક કહેવાય. સમાન ધર્મ જેનો હોય તેનું નામ સાધર્મિક. આપણે જે દેવ, ગુરુ ધર્મને માનીએ છીએ, તે દેવગુરુધર્મને જે માને તે આપણો સાધર્મિક. આપણા દેવગુરુધર્મની જે નિંદા કરે તેને આપણા સાધર્મિક ન કહેવાય. જૈન કુળમાં જન્મેલા જૈનના સાધર્મિક બને, પરંતુ જેઓ સમ્યક્ત્વ-વિરતિ આદિ ધર્મોને પામ્યા હોય તેમના સાધર્મિક આવા માત્ર ગતાનુગતિક ધર્મ કરનારા ન બને.

**સ.** જે નવકાર બોલે તે સાધર્મિક નહિ?

જે નવકાર બોલે તેની નવકારશી હોય. જે ધર્મ પામેલા હોય તેનું સાધર્મિક વાત્સલ્ય હોય. સાધર્મિકની ભક્તિ કરવાનું કામ સહેલું નથી. સાધર્મિક માટે જાહેરમાં ટીપ કરે, ફંડફાળો કરે! એ તો સાધર્મિકની ફજેતી કરી કહેવાય. એક વાર આચાર્યભગવંતની નિશ્રામાં આવી જ રીતે એક ભાઈ ટીપ કરવા માટે ઊભા થયા. તેમણે કહ્યું કે 'આજે આપણા જૈનો કેટલા દુઃખી છે.' આટલું બોલતાંની સાથે જ આચાર્યભગવંતે તેમને બેસાડી દીધા અને કહ્યું કે જે જૈન હોય તે દુઃખી ન હોય અને જે દુઃખી હોય તે જૈન ન હોય. દુઃખ દૂર કરવાની પ્રવૃત્તિ એકસરખી છે. જે ફરક છે તે ભાવનો છે. દીનાદિનું દુઃખ દૂર કરતી વખતે કરુણાભાવના હોય અને સાધુ કે સાધર્મિકનું દુઃખ દૂર કરતી વખતે ભક્તિભાવ હોય.

શાસ્ત્રકારો જ્યારે પણ ધર્મનું સ્વરૂપ સમજાવે ત્યારે આ સંસારથી આપણે પાર પામીએ એવું ધર્મનું સ્વરૂપ સમજાવે છે. આ સંસારમાં સારી રીતે રહેવા માટે શાસ્ત્રકારોએ

ધર્મનું સ્વરૂપ જણાવ્યું નથી. આ સંસારમાં ધર્મ કરીને જો સારી રીતે રહી શકાતું હોત તો ભગવાને આ સંસાર છોડવાનો ઉપદેશ આપ્યો જ ન હોત. આપણે જોઈ ગયા કે ધર્મ વીતરાગપરમાત્માનું વચન માનવામાં સમાયેલો છે. આપણું હિત ભગવાનના વચનમાં સમાયેલું છે, આપણી ઈચ્છા મુજબ જીવવામાં નહિ. આપણે ધર્મ ભગવાનના વચનથી કરવો છે, કોઈ સાધુના વચનથી નહિ. કારણ કે ભગવાનના વચનમાં કોઈ મતભેદ નથી, સાધુમહાત્માના વચનમાં મતભેદ પડે છે. જે સાધુભગવન્ત ભગવાનના વચનને અનુસારે બોલતા હોય તેમના વચનથી ધર્મ કરીએ એ અસલમાં તો ભગવાનના વચનના આધારે જ ધર્મ કર્યો કહેવાય. આ વચનાનુસારે કરાયેલો ધર્મ પણ મૈત્ર્યાદિભાવથી ભાવિત થઈને કરવો છે. તેમાં આપણે જોઈ ગયા કે મૈત્રીભાવનાના કારણે પાપનો સ્રોત આવતો અટકી જાય, પ્રમોદભાવનાના કારણે ધર્મનો-ગુણોનો સ્રોત શરૂ થાય છે અને કરુણાભાવનાના કારણે અહિંસાનો-દયાનો સ્રોત વહે છે. આજે આપણે માધ્યસ્થ્ય ભાવનાનો વિચાર કરવો છે. આપણે જે કાંઈ ધર્મ કરવો છે તે પાપથી રહિત બનીને કરવો છે. પાપ સાથેનો ધર્મ, રાગાદિથી વાસિત થઈને કરેલો ધર્મ દુર્ગતિનું જ કારણ બને છે, મોક્ષે નથી પહોંચાડતો. મૈત્ર્યાદિભાવનાના કારણે આપણે પાપરહિત બનીએ છીએ અને આપણો ધર્મ મોક્ષનું કારણ બને છે. માધ્યસ્થ્યભાવના તેને કહેવાય કે આપણું કોઈ માને કે ન માને તેની પ્રત્યે દ્વેષ ધારણ નથી કરવો. માધ્યસ્થ્યભાવનાનું સ્વરૂપ જણાવતાં ફરમાવ્યું છે કે-

**क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दिषु।**
**आत्मशंसिषु योऽपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम्।।**

જેઓ નિઃશંકપણે એટલે બિનધાસ્તપણે ક્રૂર કર્મો કરે, દેવગુરુની નિંદા કરે અને પોતાની પ્રશંસા કરે એવા જીવોની જે ઉપેક્ષા કરવી તેને માધ્યસ્થ્ય કહેવાય. ક્રૂર કર્મ તેને કહેવાય કે જેમાં રૌદ્ર પરિણામ હોય, દયા-લાગણી કે હિતનો કોઈ પરિણામ ન હોય. આ ત્રણેત્રણ જેની પાસે હોય એની જ ઉપેક્ષા કરવાની એવું નથી, ત્રણમાંથી એક પણ લક્ષણ હોય તેવાની ઉપેક્ષા કરવાની. અયોગ્ય જીવોના આ ત્રણ પ્રકાર છે.

સ. ઘરમાં છોકરા વગેરેને શિક્ષા તો આપવી પડે ને? ગુસ્સો કરવો પડે ને?

આપણે ગુસ્સાની લાઈન પર ચઢવું નથી. કીડી, વાંદા વગેરેની જયણા પાળનારા પણ જો ઘરના લોકો સાથે ઝઘડે તો એ ક્રૂરકર્મ જ માનવું પડે ને? નોકર સાથે પણ પ્રેમથી વાત કરવી છે, જેની પાસે કામ કરાવવું હોય તેની સાથે પણ આજ્ઞાવાહી સ્વરે વાત નથી કરવી. તમારા ઘરના છોકરાઓ તમારું માને તો કહેવાનું. તમારા કહ્યા પછી

જે સામે જવાબ ન આપે, મોઢું ન ખોલે તેને બાળ કહેવાય. જે કહ્યા પછી સામે બોલે તેને બાળ ન કહેવાય, બાપ કહેવાય. એવાની ઉપેક્ષા જ કરવાની.

આજે ચાતુર્માસિક પર્વ છે. ઘણા મહાનુભાવો એવા છે કે જેઓ આજે આવ્યા તે આવ્યા, હવે પર્યુષણમાં જ આવશે. એમના માટે પણ થોડી વાત કરવી છે. તમે આજના દિવસે કંઈકને કંઈક નિયમ લેવાના ને? કોઈ ચાર મહિનાનો નિયમ લેશે, કોઈ દોઢ મહિના માટેના નિયમ લેશે. આપણે એમને કહેવું પડે કે આઠ મહિના કે દસ મહિના જો પાપ ચાલુ રાખવાનું મન હોય તો બે-ચાર મહિના માટે પાપ ટાળો એનો શું અર્થ? તમે રોગની દવા લો તો બે મહિના કે ચાર મહિના કરો? વિષનો ત્યાગ દોઢ મહિના માટે કરો કે કાયમ માટે? સુખ બે મહિના માટે મળે તો સારું કે કાયમ માટે મળે તો સારું? દુઃખ બે મહિના માટે જાય તો સારું કે કાયમ માટે જાય એ સારું? તેમ પાપ કાયમ માટે છોડવાની ચીજ છે કે એક દિવસ? આજે તમને સૌથી પહેલાં આ નિયમ આપવો છે કે જે નિયમ લો તે કાયમ માટે લેવો. આ તો ચાર મહિના માટે અનેક નિયમ લે અને ચાર મહિના પછી હતા ત્યાં ને ત્યાં. આવા નિયમનો કોઈ અર્થ નથી. એના બદલે નાનો પણ નિયમ કાયમ માટે લીધો હોય તો તેના કારણે ક્રિયાનું સાતત્ય જળવાઈ રહે.

સ. પર્વના નિમિત્તે વિશિષ્ટ આરાધના કરાય છે ને?

પર્વના નિમિત્તે વિશિષ્ટ આરાધના શા માટે કરો છો, બાકીના સમયમાં થઈ શકતી નથી માટે કે કરવી નથી માટે? જેઓ ત્રણસો સાઈઠ દિવસ આરાધના કરી શકતા નથી તેમના માટે પર્વની આરાધના છે. તમે ચાર મહિના માટે રાત્રિભોજન કે કંદમૂળ વગેરેનો ત્યાગ કરો છો તે આઠ મહિના સુધી એના વિના ચાલે એવું નથી માટે કરો છો એવું તો કહી શકાય એવું નથી ને? જ્યાં સુધી પાપ ભૂંડું ન લાગે, અવિરતિ ખરાબ ન લાગે ત્યાં સુધી લીધેલી વિરતિ કામ નથી લાગતી. આ જ ગ્રંથમાં જણાવ્યું છે કે જેઓને સર્વવિરતિ લેવાની ઈચ્છા હોય અને છતાં લઈ શકે એમ ન હોય તેને દેશવિરતિ અપાય. જેને સર્વવિરતિ લેવી જ નથી તેના માટે દેશવિરતિ નથી. જેને કાયમ માટે પાપનો ત્યાગ કરવો હોય પણ થઈ શકે એવો ન હોય તેને અભ્યાસ માટે અલ્પ કાળની વિરતિ અપાય. તમારે પાપ ચાલુ રાખીને ધર્મ કરવો છે, માટે એ ધર્મ કામ નથી લાગતો. પાપ છૂટે તેના જેવો એકે ધર્મ નથી અને પાપ ચાલુ હોય એના જેવો એકે અધર્મ નથી. છ અઠ્ઠાઈની ઢાળોમાં કહ્યું છે કે 'અછતી વસ્તુએ પણ વિરતિએ ઘણું ફળ'. પાપ ન કરો છતાં પાપ ન કરવાનો નિયમ ન લીધો હોય તો અવિરતિનું પાપ લાગે છે. કુમારપાળમહારાજાએ ચાતુર્માસમાં બહાર ન જવાનો નિયમ લીધેલો. માત્ર પ્રતિક્રમણ

માટે પાંચ માઈલ જવાની છૂટ રાખેલી. કારણ કે પ્રતિક્રમણ તો ગુરુનિશ્રાએ કરવાનું છે. તમારે પણ નિયમ લેવો છે કે દેરાસર, ઉપાશ્રય, ઘર અને ઓફિસ: આ ચાર દિશામાં જ જવાનું, એ સિવાયની દિશામાં નહિ જવાનું-આટલું બનશે ને? અને ચોમાસામાં દસ વાગ્યા પહેલાં દુકાન ખોલવી નહિ. આટલા નિયમ તો પાળી શકાય ને? ચાતુર્માસમાં સૌથી પહેલાં વિરાધનાથી બચવું છે, પછી આરાધના કરવી છે.

આપણે જોઈ ગયા કે મૈત્રી ભાવનાના કારણે પાપનો સ્રોત અટકે છે, પ્રમોદભાવનાના કારણે ધર્મનો સ્રોત શરૂ થાય છે અને કરુણાભાવનાના કારણે ગૃહસ્થપણાનાં પાપો નજર સામે આવે છે અને તેના કારણે સાધુધર્મની પ્રાપ્તિ સુલભ બને છે. એ જ રીતે માધ્યસ્થ્યભાવના જો ધારણ ન કરીએ તો ધર્મનો સ્રોત અટકી જ જવાનો. આજના ધર્માત્માની એ વિશેષતા છે કે તેઓ પોતે અયોગ્ય આચરણ ન કરે તોપણ જેઓ અયોગ્ય વર્ત્તન કરે તેમની ઉપર દ્વેષ કર્યા વિના નથી રહેતા. આ માધ્યસ્થ્યભાવનાના અભાવનું લક્ષણ છે. આપણે ધર્મક્રિયા કરીએ એ સારી વાત છે, પરંતુ બીજા ધર્મક્રિયા કરતા ન હોય તો તેની નિંદા કરવી, ટીકાટિપ્પણ કરવી એ બહુ ખરાબ છે. માધ્યસ્થ્યભાવના વિનાનો ધર્મ પણ નકામો જાય છે. આજના ધર્મી આત્માઓને બીજા ધર્માત્માને જોઈ તેની પ્રત્યે ઈર્ષ્યા આવે અને અધર્મી ઉપર દ્વેષ જાગે, તેથી તેઓ બન્ને રીતે માર ખાય છે. બીજાના અધર્મની નિંદા કરવી, અધર્મી ઉપર દ્વેષ કરવો આ તો ધર્મનું અજીર્ણ છે. કહ્યું છે કે:

**अजीर्णं तपसः क्रोधो ज्ञानाजीर्णमहङ्कृतिः ।**
**परतप्तिः क्रियाजीर्णं जित्वा त्रीन् निर्वृतो भव ।।**

તપનું અજીર્ણ ક્રોધ છે, જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે અને પરતપ્તિ એટલે કે પારકી પંચાત એ ક્રિયાનું અજીર્ણ છે. આ ત્રણે અજીર્ણો જીતીને જ મોક્ષમાં જવાય છે. આપણે ધર્મ કરતા થઈએ એટલે બીજાને ધર્મ પમાડવાની ઉતાવળ નથી કરવી. નહિ તો આપણો ધર્મ પણ આપણે ગુમાવવાનો વખત આવશે. માધ્યસ્થ્યભાવના અયોગ્ય વ્યક્તિ પ્રત્યેના દ્વેષને દૂર કરે છે. તેનાથી આપણું પ્રણિધાન મજબૂત બને છે. કૂરગડુ મુનિ સાથે જે ચાર શ્રમણો ચારમાસી તપ કરીને બેસેલા તેઓ આ માધ્યસ્થ્યભાવનાના અભાવે અને પ્રણિધાન ગુમાવવાના કારણે કૂરગડુમુનિના પાત્રામાં થૂંક્યા. હીનગુણવાળા પ્રત્યે દયાભાવ જોઈએ તેના બદલે દ્વેષ આવે તો માધ્યસ્થ્ય ક્યાંથી આવે અને પ્રણિધાન ક્યાંથી ટકે? પ્રમોદભાવનાના કારણે જેમ ઈર્ષ્યા દૂર થાય છે, તેમ માધ્યસ્થ્યભાવનાના કારણે દ્વેષ દૂર થાય છે.

**સ.** સાથે રહેલાને પ્રોત્સાહન આપવા માટે કહેવાનું ને?

આપણે પહેલાં પામવા માટે મહેનત કરવી છે, પામ્યા પછી પમાડવા માટે પ્રયત્ન કરીશું. આપણે જ પામવાનું બાકી હોય તો બીજાને પમાડવા શા માટે બેસવું? ગુરુ મહારાજે ચોમાસા માટે મોકલ્યા હોય તોપણ એક કલાકનું વ્યાખ્યાન આપવાનું, બાકીના સમયમાં આપણે ભણવાનું કામ કરવાનું. આ તો ગુરુ જેટલાં અનુષ્ઠાન કરે એટલાં પોતે કરે. ગુરુમહારાજ વાચનાશ્રેણી રાખે તો પોતે પણ રાખે, ગુરુ રાતનો પાઠ રાખે તો પોતે પણ રાખે. ગુરુમહારાજ તો ભણેલા હોવાથી વાચનાઓ આપે, આપણે તો ભણવાનું બાકી છે તો શા માટે ભણાવવાની પ્રવૃત્તિ વધારવી? આપણે પામવાનું બાકી હોવા છતાં બીજાને પમાડવાની ઉતાવળ આપણા માટે હિતાવહ નથી. છતાં પણ તમારે પ્રયત્ન કરવો હોય તો તેઓ સંસાર છોડીને સાધુપણામાં આવે એવો પ્રયત્ન કરવો. તમે પોતે સંસાર છોડવા માટે મહેનત કરો અને લોકોને પણ સંસાર છોડવાની વાત કરો તો વાંધો નથી. નંદીષેણમુનિ વેશ્યાના ઘરે રહીને રોજ દસને પ્રતિબોધ પમાડતા હતા. સામે ઓઘો રાખીને ગૃહસ્થપણામાં પણ સાધુપણા સુધી પહોંચાડવાનું કામ કરતા હતા. તેમાં તેમનો ચારિત્ર પ્રત્યેનો ઉત્કટ રાગ કારણ હતો. તેમને પણ રોજ એવું પૂછનારા મળતા જ હશે ને કે –'સંસાર જો આવો હોય તો તમે શા માટે રહો છો?' છતાં પણ એવા જીવોને પ્રતિબોધ પમાડીને ચારિત્રમાર્ગે મોકલતા હતા. અમે ચારિત્રમાં રહીને પણ લોકોને ચારિત્ર પમાડી શકતા નથી, જ્યારે તેઓ ચારિત્ર છોડીને પણ રોજ દસને ચારિત્ર પમાડી શકતા હતા, આ પ્રભાવ તેમના ચારિત્રના ઉત્કટ રાગનો હતો. તેમને ચારિત્ર છોડ્યા પછી પણ રોજ દસને પ્રતિબોધ પમાડ્યા વિના ન જમવાનો નિયમ હતો. આજે અમારે ત્યાં સાધુસાધ્વીને દસ ગાથા નવી કરવાનો નિયમ નહિ હોય. તેમણે સાધુપણામાં જે અગિયાર અંગનો અભ્યાસ કરેલો એ અગિયાર અંગ વેશ્યાના ઘરે પણ ઉપસ્થિત રાખ્યાં હતાં. જ્યારે અમારે ત્યાં સાધુપણામાં પણ ભણેલું ભૂલી ગયા છે. આપણે પામવા પહેલાં પમાડવાની ઉતાવળ નથી કરવી. જ્યાં સુધી કોઈ પૂછે નહિ ત્યાં સુધી બોલવું નહિ. અહીંથી વ્યાખ્યાન સાંભળીને જાઓ એટલે ઘરના લોકોને ફટકારવા બેસવાનું નહિ. તમારા જીવનમાં, વર્ત્તનમાં ફેરફાર આવેલો હશે તો એ લોકો જ પૂછશે, પછી અવસરે કહેવાનું. પછી પણ તમારે જાતે નહિ સમજાવવાનું પણ એમને તમારી સાથે અહીં લઈ આવવાના. સ્થૂલભદ્રમહારાજા કોશ્યાને ત્યાં તેને પ્રતિબોધવા માટે જ ગયા હતા. છતાં જતાંની સાથે બોલવા નથી માંડ્યા. ગુરુની આજ્ઞાથી કોશાને ત્યાં જઈ ચાતુર્માસ કરવા માટે જગ્યાની યાચના કરી અને રોજ તેના ઘરેથી ભોજન લેવાનું જણાવ્યું. રોજ એકાસણામાં કામને ઉદ્દીપ્ત કરે એવા ષડ્‌રસ ભોજન વાપરતા હતા અને આ બાજુ કોશ્યાએ પણ રાતદિવસ

તેમને મનાવવામાં કશું બાકી રાખ્યું નથી. છતાં તે તો પર્વતની જેમ નિશ્ચલ રહેલા. ચાર મહિનાના અંતે કોશ્યાને એમ થયું કે 'મેં આ પીગળાવવાના પ્રયત્નો પથ્થર આગળ કર્યા, પુરુષ આગળ નહિ.' તેથી હારીને તેમને પૂછ્યું કે 'તમને એવું તો શું મળી ગયું છે કે જેથી મને ભૂલી ગયા?' ત્યારે સ્થૂલભદ્ર મહારાજાએ મોઢું ખોલ્યું અને કહ્યું કે 'મને ગુરુભગવન્તના પ્રતાપે જે આ રત્નત્રયી મળી છે તેનો આ પ્રભાવ છે.' ત્યારે કોશ્યાએ પગમાં પડીને કહ્યું કે 'મને પણ એનો અંશ આપો.' ત્યારે સ્થૂલભદ્ર મહારાજે તેને સમ્યક્ત્વમૂલ બાર વ્રત આપ્યાં. સ્થૂલભદ્રમહારાજા પામેલા હતા તેથી ધીરતાના યોગે કોશ્યાને પ્રતિબોધ પમાડી શક્યા. અમારા આચાર્યભગવન્તને વ્યાખ્યાનવાચસ્પતિનું બિરુદ મળ્યું હતું છતાં તેઓશ્રી કહેતા કે 'હું એક કલાકનો વક્તા અને ત્રેવીસ કલાકનો શ્રોતા.' આચાર્યભગવન્તો પણ જો કોઈ અર્થી સામેથી પૂછે નહિ ત્યાં સુધી ન બોલતા હોય તો આપણે શા માટે બોલવું?

સ. મધ્યસ્થભાવ ટકાવવા માટે શું કરવું?

સૌથી પહેલાં વિચારવું કે આપણે પોતે જ ભગવાનનું માનતા નથી તો લોકો આપણું ન માને-એમાં દુઃખ શા માટે ધરવું કે ગુસ્સો શા માટે કરવો? એની સાથે એ પણ વિચારવું કે બધા જીવો કર્મને આધીન છે, પોતાનાં ક્લિષ્ટ કર્મોના યોગે તેઓ આવું વર્ત્તન કરે છે; એમાં એમનો કોઈ દોષ નથી, એમનાં કર્મોનો દોષ છે. બાળકો વિષ્ટા ચૂંથે તો તેમની ઉપર દ્વેષ ન આવે ને? તેમ કર્માધીન જીવો અજ્ઞાનમૂલક ચેષ્ટા કરે તો તેમની ઉપર દ્વેષ શા માટે કરવો? જેઓ પોતાના કર્મથી જ હણાયેલા છે તેમની ઉપર દ્વેષ કરવો કે તેમનો તિરસ્કાર કરવો તે તો ક્ષત ઉપર ક્ષાર (ઘા ઉપર મીઠું) ભરવાજેવું છે. આપણે એવી ચેષ્ટા નથી કરવી.

આ રીતે આપણે મૈત્ર્યાદિ ચાર ભાવોનું સ્વરૂપ જોયું. આ મૈત્ર્યાદિ ભાવો, મોક્ષ અને સ્વર્ગરૂપી ફળ આપનાર ધર્મરૂપી કલ્પવૃક્ષના મૂળસમાન છે. એ પ્રમાણે અન્ય ગ્રંથોમાં પણ જણાવ્યું છે. આ રીતે અવિરુદ્ધ એવા વચનથી કરાયેલું મૈત્ર્યાદિભાવથી સંયુક્ત એવું યથોદિત અનુષ્ઠાન ધર્મ છે. ધર્મ કોને કહેવાય તે માટે શબ્દના આધારે અર્થ કરતાં અહીં જણાવ્યું છે કે દુર્ગતિમાં પડતા એવા પ્રાણીને જે ધારી રાખે અને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સ્વર્ગાદિ સુગતિમાં જે ધારણ કરે છે તેનું નામ ધર્મ. આવી 'ધર્મ'શબ્દની વ્યાખ્યા પણ, જેઓ સમસ્ત અકલ્પિત અર્થાદ્ વાસ્તવિક-યથાસ્થિત એવા ભાવો-પદાર્થોના સમુદાયને જાણવામાં કુશલ છે તેવા બુદ્ધિમાનોએ કરી છે. અહીં અંતે ગ્રંથકારશ્રી જણાવે છે કે અનુષ્ઠાન સ્વરૂપ ધર્મ એ તો ઉપચારથી ધર્મ છે, વાસ્તવિક

ધર્મ તો આત્માના પરિણામસ્વરૂપ છે. શ્રી હરિભદ્રસૂરિમહારાજનો ગ્રંથ હોય તો તેઓ વસ્તુના મર્મ સુધી પહોંચાડયા વિના ન રહે. અનુષ્ઠાન એ તો પરિણામરૂપ ધર્મનું કારણ છે છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને અનુષ્ઠાનરૂપ કારણને પણ ધર્મ કહેવાય છે. જેમ ગંદું પાણી પીવાથી વાળો(પગનો રોગ) થાય છે છતાં ય તે પાણીને જ પાદરોગ કહેવાય છે તેમ અહીં સમજવું. બાકી વસ્તુતઃ તો શુદ્ધ અનુષ્ઠાનથી જન્ય કર્મમલના અપગમસ્વરૂપ સમ્યગ્દર્શનાદિ મોક્ષનાં બીજને પ્રાપ્ત કરાવનાર એવી આત્માની શુદ્ધિ છે એ જ ધર્મ છે. આના ઉપરથી એટલું યાદ રાખવું કે શુદ્ધિ સ્વરૂપ ધર્મની પ્રાપ્તિ શુદ્ધ અનુષ્ઠાનથી થાય છે, અશુદ્ધ અનુષ્ઠાનથી નહિ. તે જ રીતે શુદ્ધિરૂપ ધર્મ કર્મના હ્રાસરૂપ છે, શુભકર્મના બંધરૂપ નહિ, તેમ જ જે સુખ અને સુખનાં સાધન આપે તે ધર્મ નથી, જે મોક્ષનાં સાધનભૂત સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રાદિને અપાવે એવી આત્માની શુદ્ધિ જ ધર્મ છે.

ધર્મ આત્મપરિણામની શુદ્ધિસ્વરૂપ છે, માત્ર અનુષ્ઠાનસ્વરૂપ નહિ. અનુષ્ઠાન કરવાનું છે, પરંતુ મેળવવાની છે આત્મશુદ્ધિ. જેમ તમારે ત્યાં લેવાની દવા, પણ મેળવવાનું આરોગ્ય ને? તેમ ધર્મની ક્રિયા કરવા છતાં તેના કારણે જે આત્માની શુદ્ધિ પ્રાપ્ત થાય છે તે જ ધર્મ છે.

**સ.** આત્મશુદ્ધિ થઈ છે કે નહિઃ એ કેવી રીતે ખબર પડે?

સુખનો રાગ ઘટવા માંડે, વૈરાગ્ય વધવા માંડે, અજ્ઞાન દૂર થવા માંડે, જ્ઞાન મળવા માંડે, કષાય ઓછા થાય અને સમતા પ્રગટ થવા માંડે તો સમજવું કે આત્માની શુદ્ધિ થવા માંડી છે. તેથી જ શ્રી પંચિંદિયસૂત્રમાં આચાર્યભગવંતનું પહેલું વિશેષણ પંચિંદિયસંવરણો છે અને સાથે ચઉવિહકસાયમુક્કો કહ્યું છે. પાંચે ઈન્દ્રિયો કાબૂમાં હોય અને ચારે કષાયને આધીન ન થાય એવા આપણા આચાર્યભગવન્ત હોય. વર્ષોથી સંયમ પાળ્યા પછી પણ જો ઈન્દ્રિય કાબૂમાં ન રહે તો સાધુભગવંતો પણ નરકાદિગતિનાં ભાજન બને. કંડરીકમુનિ વિષયોને આધીન થયા તો પૂરા વૈરાગ્યથી લીધેલી દીક્ષા પણ ગુમાવી બેઠા. આપણે ધર્મ પામ્યા છીએ એવું ત્યારે જ કહેવાય કે જ્યારે આપણી વિષય અને કષાયની પરિણતિ ખલાસ થવા માંડે. દાન કરે છતાં ધનનું મમત્વ મરે નહિ, શિયળ પાળવા છતાં અનાચારનું આકર્ષણ ઘટે નહિ, તપ કરવા છતાં આહારની આસક્તિ છૂટે નહિ, તો દાનશીલતપધર્મ ભાવ વગરનો જ છે, એમ માનવું પડે. આ તો ચઢાવા લેતી વખતે પણ વિચારી-વિચારીને બોલે. આપણે કહેવું પડે કે આપણે જેટલા ખરચવાનું નક્કી કર્યું હોય તે જ રકમ પહેલાં બોલી જવી. ચઢાવો મળે તો સારી વાત છે, નહિ તો એટલા પૈસા દેવદ્રવ્યમાં કે સાધારણમાં આપીને જતા રહેવું.

સ. એ રીતે આપીએ તો લાભ મળે?

એમાં તો બેવડો લાભ મળે. કારણ કે ચઢાવો બોલો અને નામ જાહેર કરો ત્યારથી દાનનો અનુબંધ તૂટી જાય. દાન આપ્યા પછી પાટિયા પર નામ આવે એટલે દાનધર્મનું ફળ ત્યાં જ પૂરું થઈ ગયું એમ સમજવું. એના બદલે આ તો કીર્ત્તિની ઈચ્છા પણ છૂટે અને ધનનું મમત્વ પણ મરે, માટે આ રીતે આપીને જવું છે. તે જ રીતે તપ કરતી વખતે પણ શક્તિ હોય ત્યાં સુધી પારણું નથી કરવું. તપ પૂરો થાય એટલે પારણું નહિ કરવાનું, શક્તિ ન હોય ત્યારે પારણું કરવું, બાકી તપ છોડવો નથી. જો શુદ્ધિસ્વરૂપ ધર્મ પામવો હશે તો ગુસ્સો કરવો નથી અને રસકસ વગરનો આહાર લેવાનો.

સ. રસકસવાળો આહાર રાગ વિના લઈએ તો?

અમે રાગ વિના સ્ત્રી રાખીએ તો ચાલે?

સ. ન ચાલે, રાખો તો રાગ થાય જ.

તેમ અહીં પણ રસકસવાળો આહાર રાગ કરાવે માટે નથી વાપરવો. આપણને રાગ મારવાનો પરિણામ જ નથી-એમ કહેવું પડે ને? રાગ મારવો હશે તો રાગ કરાવે એવા આહારનો ત્યાગ કરતા થવું છે. માત્ર રોટલી, દાળભાત વાપરીએ તો રાગ થવાનું કોઈ કારણ જ નથી. વિષય અને કષાયની પરિણતિ ઘટે નહિ ત્યાં સુધી ધર્મ કર્યો જ નથી-એમ સમજી લેવું. આ રીતે જીવની શુદ્ધિસ્વરૂપ ધર્મ છે. આ પ્રમાણે ધર્મનું સ્વરૂપ જણાવ્યા બાદ હવે આ ધર્મના પ્રકારો જણાવે છે:

**सोऽयमनुष्ठातृभेदाद् द्विविधो गृहस्थधर्मो यतिधर्मश्चेति ।।१ ।।**

આ ધર્મના અનુષ્ઠાનસ્વરૂપ ક્રિયાની અપેક્ષાએ અસંખ્યાત પ્રકાર હોવા છતાં પણ અનુષ્ઠાન કરનારાની અપેક્ષાએ બે ભેદ છે: ૧. ગૃહસ્થધર્મ અને ૨. યતિધર્મ. તેમાં સૌથી પહેલાં ગૃહસ્થધર્મ જણાવ્યો છે. જે ઘરમાં રહે તેનું નામ ગૃહસ્થ, જેને ઘર ગમે તે ગૃહસ્થ એવું નથી. સંસ્કૃતમાં પણ **गृहे तिष्ठति इति गृहस्थः।** આ પ્રમાણે શબ્દાર્થ થાય છે. આ ગૃહસ્થો જે ધર્મનું આચરણ કરે છે તેને ગૃહસ્થધર્મ કહેવાય છે. ગૃહસ્થપણામાં કેવી રીતે રહેવું એ વાત અહીં નથી જણાવી, ગૃહસ્થપણાનો ધર્મ કેવા પ્રકારનો છે તે અહીં બતાવ્યું છે. ભગવાનનું માન્યા વિના કોઈ પણ પ્રકારના ધર્મની શરૂઆત નથી થતી. ભગવાને ગૃહસ્થપણામાં રહેવા માટે ગૃહસ્થધર્મ નથી બતાવ્યો, સાધુપણાની યોગ્યતા જણાવવા માટે ગૃહસ્થધર્મ જણાવ્યો છે. ગૃહસ્થપણાનો ધર્મ આચરનારા આ લોકમાં પણ સારા ગણાય છે. લોકમાં જેનાથી સારા ગણાઈએ તેવો ધર્મ પણ કરવા

રાજી ન હોય તેઓ લોકોત્તર ધર્મની આરાધના કરવા કઈ રીતે તત્પર બની શકે? આથી જ સૌથી પહેલાં ગૃહસ્થધર્મનું સ્વરૂપ જણાવ્યું છે. જેઓ યતિધર્મના પાલન માટે સમર્થ નથી તેવાઓ માટે અલ્પસત્ત્વથી પણ આચરી શકાય એવો ગૃહસ્થધર્મ બતાવ્યો. યતિધર્મનું સામર્થ્ય ન હોવા છતાં એ સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે જે યોગ્યતા આવશ્યક છે તે આ ગૃહસ્થધર્મમાં વર્ણવી છે. ગૃહસ્થપણાના ધર્મનું જે પાલન કરે તે ક્રમે કરીને સાધુધર્મ સુધી સહેલાઈથી પહોંચી શકે છે.

ધર્મ કરનારને ધર્મ કર્યા વગર ચેન ન પડે. જ્યારે જ્યારે સર્વવિરતિધર્મને સાંભળે ત્યારે ત્યારે પોતે એ ધર્મને આરાધવા માટે સમર્થ નહીં બને-એવું લાગે ત્યારે ગૃહસ્થધર્મ આરાધવા માટે તૈયાર થાય. ઘરમાં રહે એને ગૃહસ્થ કહેવાય. ગૃહસ્થ પોતા માટે ઘર રાખતો હોવાથી જ્યારે જ્યારે સાધુ ભગવન્ત પધારે ત્યારે ત્યારે પોતા માટે ધર્મની આરાધના કરવા માટે રાખેલી જગ્યામાં સાધુભગવન્તને ઉતારે તેથી સાધુભગવન્તને નિર્દોષ વસતિ પણ સુલભ બને. સંયમની સાધના માટે વસતિ વગર ન ચાલે. વ્યવહારમાં તમે જ્યારે છોકરા છોકરીઓને પરણાવવા માટે તૈયાર થાઓ ત્યારે સૌથી પહેલાં ઘરની તપાસ કરો ને? બે પૈસા ઓછા હોય તો ચાલશે પણ ઘર પહેલાં જોઈએ-એ જુઓ ને? જેને સર્વવિરતિ લેવી હોય એને ઘર ગમે એ ન ચાલે. ભગવાને બતાવેલો પરિપૂર્ણ ધર્મ કરી નથી શકતા માટે અપૂર્ણ ધર્મ કરીએ છીએ-એવું ગૃહસ્થના હૈયામાં કાયમ માટે બેઠેલું જ હોય માટે એને ગૃહસ્થધર્મ પ્રત્યે આસ્થા ન હોય, સર્વવિરતિધર્મ પ્રત્યે જ આસ્થા હોય.

અન્યદર્શનમાં બતાવેલો ગૃહસ્થધર્મ અને વીતરાગપરમાત્માએ બતાવેલો ગૃહસ્થ ધર્મ: બન્ને જુદા છે. અન્યદર્શનકારો માબાપની સેવા કરવી, કુટુંબનું ભરણપોષણ કરવું... આ બધાને ગૃહસ્થધર્મ કહે છે. જ્યારે વીતરાગપરમાત્માએ સર્વવિરતિ લેવા માટે અસમર્થ એવા ગૃહસ્થને ઉચિત જે ધર્મ તેને ગૃહસ્થધર્મ કીધો છે. એવી રીતે જ સાધુધર્મ માટે જાણવું. સાધુને કરવા યોગ્ય જે ધર્મ ભગવાને કીધો છે તેને સાધુધર્મ કહેવાય છે. અહીં ગૃહસ્થધર્મ અને યતિધર્મ: આ બે પ્રકારના ધર્મ બતાવ્યા છે. તેમાંથી ગૃહસ્થધર્મની વ્યાખ્યા કર્યા પછી યતિધર્મની વ્યાખ્યા કરતી વખતે સૌથી પહેલાં યતિ કોને કહેવાય છે તે બતાવે છે.

માત્ર શરીરમાં જ આરામ લેનારા, સમ્યગ્જ્ઞાનરૂપી નૌકાની પ્રાપ્તિ દ્વારા તૃષ્ણારૂપી નદીને પાર ઊતરવા માટે મનવચન અને કાયાથી સતત પ્રયત્ન કરે તેને યતિ કહેવાય. એમના માટે બતાવેલા ધર્મને યતિધર્મ કહેવાય. અહીં માત્ર 'કાયમ માટે પ્રયત્ન કરે'

એને જ જો યતિ કહેવાય તો અર્થકામ માટે કે દુઃખ દૂર કરવા માટે તો દરેક પ્રાણીઓ પ્રયત્ન કરતા હોય છે. તેથી તે બધા પ્રાણીઓને યતિ કહેવાનો પ્રસંગ ન આવે માટે કહ્યું છે કે-તૃષ્ણારૂપી નદીને પાર ઊતરવા માટે જે પ્રયત્ન કરે તેને યતિ કહેવાય. દુઃખ દૂર કરનારા કે અર્થકામ માટે પ્રયત્ન કરનારા તૃષ્ણાને દૂર નથી કરતા. તૃષ્ણાને વધારે છે, માટે તેઓને યતિ નહિ કહેવાય. તૃષ્ણારૂપી નદીને પાર ઊતરવા માટે મન-વચન-કાયાનો પ્રયત્ન મજબૂત જોઈએ. નદીમાં પડેલો નદીમાંથી બહાર નીકળવા માટે મન-વચન-કાયાને સારી રીતે પ્રવર્ત્તાવે ને? બહાર નીકળવા માટેનું મન મજબૂત હોય, વચનથી 'બચાવો, બચાવો' ની બૂમો પાડતો હોય અને કાયાથી હાથ-પગ હલાવતો હોય. નદીને તરવા માટે જેમ નૌકા જોઈએ તેમ તૃષ્ણાને દૂર કરવા માટે સમ્યગ્જ્ઞાન જોઈએ. મન-વચન-કાયાથી સતત પ્રયત્ન કરતી વખતે થાકી જાય તો માત્ર શરીરને જ આરામ આપે. આત્માને આરામ ન આપે, મન કે વચનને આરામ ન આપે.

વાસ્તવિક રીતે ધર્મ તો એક જ છે પણ જીવવિશેષના કારણે તે તે ધર્મને જુદો પાડીને વીતરાગપરમાત્માએ બતાવ્યો છે. સાધુ અને યતિ બન્ને પર્યાયવાચક શબ્દો હોવા છતાં અહીં 'યતિ' શબ્દનું ગ્રહણ કર્યું છે તેનું કારણ એક જ છે કે-યતિ બોલતાંની સાથે 'મોક્ષ માટે પ્રયત્ન કરનાર સાધુ' એવું સ્વરૂપ નજર સામે આવ્યા વગર રહે નહિ. ગૃહસ્થના પર્યાયવાચક શબ્દ તરીકે 'શ્રાવક' શબ્દ પણ આવે છે. બે પ્રકારના ધર્મમાંથી પ્રથમ 'ગૃહસ્થધર્મ' નું નિરૂપણ એટલા માટે કર્યું છે કે-ગૃહસ્થધર્મનું પાલન સાધુપણાના ધર્મ માટે કરવાનું છે. ગૃહસ્થ જે કાંઈ ધર્મ કરે તેની નજર સર્વવિરતિ તરફ જ હોય. ગમે તેટલો ધર્મ આરાધે તોય એના મનમાં એમ જ હોય કે હું જે ધર્મ કરું છું એ ધર્મનો ત્યાગ કરીને સર્વવિરતિધર્મ પ્રાપ્ત કરવો છે. પોતાના ધર્મને નિમ્નકક્ષાનો માનતો હોય છે અને સાધુધર્મને ઉચ્ચકક્ષાનો માનતો હોય છે. આથી ઉચ્ચકક્ષાને મેળવવા તરફ જ નજર હોય. તેથી સાધુધર્મના અભ્યાસરૂપે ગૃહસ્થધર્મને આરાધતો હોય છે. પૂર્વ પૂર્વના ગુણસ્થાનકનો ત્યાગ કર્યા વિના આગળના ગુણસ્થાનકે ન પહોંચાય. પહેલા ગુણઠાણાવાળો ચોથા માટે, ચોથા ગુણઠાણાવાળો છઠ્ઠા-સાતમા માટે, છઠ્ઠા-સાતમા ગુણઠાણાવાળો સામર્થ્યયોગ માટે અને સામર્થ્યયોગી શૈલેશીભાવને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતા હોય છે. તે તે ગુણઠાણે રહેવાની ઈચ્છા હોય તો આગળનું ગુણસ્થાનક તો આવશે નહિ અને કદાચ એવું પણ બનશે કે મળેલું ગુણઠાણું જતું રહેશે. પહેલાં ગૃહસ્થધર્મ કેમ બતાવ્યો એની ખબર પડી ગઈ ને? આજે તો ઘણા એવું બોલે છે કે-શાસ્ત્રમાં ઘરમાં કઈ રીતે જીવવું-એ બધું બતાવ્યું છે. આપણે કહેવું છે કે-શાસ્ત્રમાં ઘરમાં કઈ રીતે જીવવું એ નથી બતાવ્યું. સસાંરમાંથી કઈ રીતે બહાર નીકળવું તે બતાવ્યું છે. પરણવાનું, કમાવાનું,

સુખી થવાનું એ નથી બતાવ્યું, પાપ કઈ રીતે છોડવું તે બતાવ્યું છે. શાસ્ત્ર સંસારના આનંદને ઉડાડવાનું બતાવે છે. ધર્મ એને જ કહેવાય છે કે-જે સંસારના સુખનો આનંદ ઉડાડે. જૈનશાસન સંસારમાં સુખી થવાની વાત કરે જ નહિ. અનન્ત દુ:ખમય સંસાર છેઃ આવી વાત કરનારા શાસ્ત્રકારો સંસારમાં સુખી થવાની વાત કરે-એ તમારા મગજમાં બેસે ખરું?

સ. ધર્મનું ફળ દુ:ખ છે?

હસતાં મોઢે દુ:ખ ભોગવવું એ ધર્મનું ફળ છે. સુખ તો ક્યારે પણ ન ભોગવવું. કદાચ ભોગવવું પડે તો રોતાં રોતાં ભોગવવું. સામાયિક લેવા માટે આવો ત્યારે હસતાં હસતાં આવવાનું અને પારતી વખતે રોતાં રોતાં પારવાનું. એટલા માટે આપણા દેરાસરની બહાર ઓટલા રાખ્યા છે. કારણ કે દેરાસરમાંથી ઘરે જતી વખતે પગ લથડિયા ખાય, એને સ્થિર રાખવા માટે ઓટલા પર થોડી વાર બેસી રહે. અવિરતિપ્રત્યયિક ધર્મ બતાવતી વખતે ક્યાંય પણ અવિરતિ ઉપાદેય લાગી ન જાય એ રીતે બતાવવાનો. આ બધી વાતો તમને એટલા માટે વિસ્તારથી કહેવાય છે કે-તમે આ સૂત્રનો અર્થ ઊંધો ન લઈ જાઓ. જે નિદાન હોય એના બદલે ઊંધું નિદાન સમજો તો હાલત કેવી થાય? મરવાનો જ પ્રસંગ આવે ને? જે ભગવાને, જે ગુરુઓએ સુખ છોડ્યું એ તમને સુખ મેળવવાનું કહે એ બને ખરું? સુખ ભોગવીને કોઈ સુખી થતું નથી. સુખ છોડીને જ સુખી થવાશે.

સ. આ વાતને મગજમાં કઈ રીતે બેસાડવી?

આ વાત ભગવાને કહી છે માટે માની લેવી છે. એક વાર અગ્નિ પર પગ આવ્યા પછી બીજી વાર પગ ન મૂકો ને? અગ્નિ બાળે છે આ વાત મગજમાં બેઠી છે ને? એવી રીતે જ સુખ દુ:ખરૂપ છે-એ માની લેવું છે. ભગવાનની વાત મગજમાં ન બેસે તોપણ સાચી માનીને સુખ છોડવા તૈયાર થવું છે. જેટલું જેટલું સુખ છોડશો એટલા સાધુપણાની નજીક આવશો.

ગૃહસ્થધર્મ અને યતિધર્મ: આ બે પ્રકારના ધર્મ બતાવ્યા પછી ગૃહસ્થધર્મ પણ બે પ્રકારનો છે તે નીચેના સૂત્રથી બતાવે છે.

**तत्र च गृहस्थधर्मोऽपि द्विविधः-सामान्यतो विशेषतश्चेति ।।२।।**

બધા શિષ્ટ જીવોને આશ્રયીને બતાવેલ ધર્મને સામાન્યધર્મ કહેવાય છે અને સમ્યગ્દર્શન, અણુવ્રત વગેરેને આશ્રયીને બતાવેલ ધર્મને વિશેષધર્મ કહેવાય છે. અહીં

શિષ્ટ તેને કહેવાય છે કે- જેણે મહાપુરુષની શિખામણને પ્રાપ્ત કરી હોય. વડીલોનું માને એ શિષ્ટ અને વડીલોનું ન માને એ અશિષ્ટ. જ્ઞાન ઓછું હોય પણ વર્તન ખરાબ ન હોય, પાપ ન કરતા હોય, મહાપુરુષોના પગલે પગલે ચાલતા હોય આવાને શિષ્ટ કહેવાય.

સામાન્યધર્મ કોને કહેવાય છે તેનું નિરૂપણ કરે છે.

**तत्र सामान्यतो गृहस्थधर्मः कुलक्रमागतमनिन्द्यविभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानमिति ।।३ ।।**

ન્યાયપૂર્વક પોતાની સંપત્તિની અપેક્ષાએ કુલક્રમથી પ્રાપ્ત થયેલો અનિંદનીય એવો વ્યાપાર કરવો તે સામાન્યથી ગૃહસ્થધર્મ કહેવાય છે.

આપણા બાપદાદા જે ધંધો વગેરે કરતા હોય તે જ ધંધો વગેરે કરવો. એ કરતી વખતે પોતાની પાસે સંપત્તિ કેટલી છે, સંયોગો કેવા છે, ઉંમર છે કે નહિ... આ બધું તપાસવું. તેમ જ તે ધંધો લોકોમાં નિંદનીયકોટીનો છે કે નહિ તે જોવું. સાથે સાથે તે ધંધો કરતી વખતે અન્યાય ન કરવો, ન્યાયથી કરવો. આ બધી શરતો નજર સામે રાખીને જો કરેલો હોય તો તે ગૃહસ્થનો સામાન્યધર્મ બની શકે છે. અન્યથા તે અધર્મ કહેવાશે.

શ્રાવકો તો સમકિતી હોય જ છે જ્યારે જેઓ મિથ્યાત્વથી વાસિત છે એવા જીવોના ધર્મને પણ બતાવવાનું કામ શાસ્ત્રકારપરમર્ષિએ કર્યું છે. સામાન્યથી આવા ધર્મનું વર્ણન કરતી વખતે વક્તાએ ખૂબ જ ઉપયોગ રાખવાનો છે. સામાન્યધર્મ બતાવતી વખતે અધર્મની અનુમોદના ન થઈ જાય, સામો માણસ અવિરતિને ઉપાદેય માની ન બેસે એના માટે પૂરતી કાળજી રાખવાની છે. નાના સાધુસાધ્વીએ તો આવા ધર્મનો ઉપદેશ આપવાની ચેષ્ટા કરવી નહિ. સામાન્યથી ગૃહસ્થધર્મનું વર્ણન પણ એટલા માટે કર્યું છે કે-ગૃહસ્થ કોઈની પાસે હાથ લંબાવે નહિ અને ભીખ માંગી ન શકે. તેથી ધંધો વગેરે કરતી વખતે અનીતિ વગેરે ન થાય તે બતાવવાનું કામ કર્યું છે. ગૃહસ્થને માંગવું અને મરવું: બન્ને સરખું છે.

**સ.** માંગ્યા વગર તો મળતું પણ નથી.

માંગ્યા પછી પણ આપણા નસીબમાં નહિ હોય તો નહિ જ મળે. આપણી પાસેનું પણ આપણા નસીબ વગર ભોગવવા મળતું નથી. આટલું જો આપણા હૈયામાં કોતરાઈ ગયેલું હશે તો માંગવાનું કામ નહિ થાય.

સ. ધર્મના કામ માટે માંગવું કે નહિ?

માંગવું પડે એવું એકે કામ ધર્મનું ભગવાને નથી બતાવ્યું, આપણી પાસે હોય તો પૈસાથી ધર્મ કરવો છે. આપણી પાસે ન હોય તો પૈસા સિવાયનો ધર્મ ભગવાને બતાવ્યો છે એ કરવો પણ પૈસા માંગીને ધર્મ કરવો નહિ. સો રૂપિયાની મૂડી હોય તો ઘરમાં દેરાસર કરવાનું વિધાન કર્યું છે. એટલી મૂડી ન હોય તો દેરાસર કરવાની ના પાડી છે. આપણી પાસે જેટલી જગ્યા હોય એટલું જ દેરાસર બનાવવું. જગ્યા ન હોય તો બીજા પાસેથી પૈસા લાવીને મોટું દેરાસર બનાવવાની જરૂર નથી. ઘરમંદિરનો ફાયદો એટલો છે કે-માંદગી વગેરે કારણસર આપણે ભગવાનનાં દર્શન કર્યા વગરના ન રહીએ. આજે તો માંદગી વગેરેમાં ભગવાનના દર્શન માટે ભગવાનને સામેથી લાવે છે-એ કોઈ સંયોગોમાં ઉચિત નથી.

સ. ભગવાનને સામે કેમ ન લવાય?

મોટાઓની સામે જવાનું હોય કે સામે બોલાવવાના હોય? વ્યવહારમાં પણ રાજાની પાસે જાઓ કે રાજાને સામે બોલાવો? રાજા પાસે જતી વખતે પાછું ભેટણું લઈને જવાનું ને? તેમ અહીં પણ પરમાત્મા પાસે જતી વખતે ખાલી હાથે નથી જવાનું. ભગવાનને સામે લાવો તો હાથમાં લઈને જવાનો પ્રસંગ ક્યાંથી આવે? આ તો પ્રાસંગિક વાત થઈ ગઈ. આપણી તો વાત એ ચાલુ છે કે-ગૃહસ્થને સર્વવિરતિધર્મ સુધી પહોંચાડવા છે માટે તેના અભ્યાસરૂપે ગૃહસ્થધર્મ બતાવવાનું કામ કર્યું છે. જેઓ ન્યાય ન કરે, અન્યાય કરે એવા જીવો સર્વવિરતિધર્મને કઈ રીતે આરાધશે? કમાવું, એ તો અધર્મ છે એમાં ન્યાય કરવો એ ધર્મ છે. જેને કમાવું ન હોય એ વહેલામાં વહેલી તકે સાધુ થઈ જાય. બેઠા બેઠા ખાવાનું કામ ગૃહસ્થ ન કરે. સાધુમહાત્મા ભૂખ તરસ-સહન ન થાય ત્યારે માંગવાનું કામ કરે.

સ. પરિવાર માટે માંગવું કે નહિ?

પરિવાર તમારો છે ને? કુલીન પરિવાર એમના માટે માંગવાનું કહે નહિ અને જો કુલીન પરિવાર ન હોય તો એવા પરિવારથી આપણે છૂટા થઈ જવાનું.

અહી 'કુલક્રમાગતમ્'ની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે-પિતા, દાદા, એમના પિતા તમારી ભાષામાં સાત પેઢીમાં જે ધંધો ચાલતો હોય તે ધંધો છોડવો નહિ. **स्वकालं यावद्-** એટલે જ્યાં સુધી આપણું અસ્તિત્વ છે ત્યાં સુધી. આવો ધંધો કરતી વખતે એમાં અપવાદ છે કે-જે ધંધો કરતા હોય તે ધંધા માટે લોકો મોઢું બગાડે

એવું ન હોવું જોઈએ. મોટા ભાગે પહેલાના કાળમાં આપણા બાપદાદા કાપડનો કે સોના-ચાંદીનો ધંધો પસંદ કરતા.

સ. એક ધંધો એવો છે કે એમાં વિરાધના નથી કરવી પડતી પણ અનીતિ કરવી પડે છે અને એક ધંધો એવો છે કે એમાં અનીતિ નથી કરવી પડતી પણ વિરાધના કરવી પડે છે. તો કયો ધંધો કરવો?

બંન્ને ધંધા છોડવાના. એકલી વિરાધના પણ નથી જોવી અને એકલી અનીતિ પણ નથી જોવી. ભગવાનનું વચન જોવાનું. એક ધંધો વિરાધનાના કારણે છોડી દેવો છે અને બીજો અનીતિના કારણે છોડી દેવો છે. એક બાજુ અગ્નિ હોય અને બીજી બાજુ પાણી હોય તો શેમાં પડવું સારું? બંન્નેથી બચવાની મહેનત કરવાની ને? કે એકમાં પડીને મરવાનું? શ્રાવકને માંગતાં શરમ આવે, અનીતિ આદિ પાપો કરતાં શરમ આવે પણ મજૂરી કરતાં શરમ ન આવે. કુલક્રમથી આવેલો ધંધો નિંદનીય કોટિનો હોય તો તેનો ત્યાગ કરી દેવો છે. દારૂ વગેરે વેચવાનો ધંધો વડીલો કરતા હોય તોય આપણે છોડી દેવો. એમણે કેમ કર્યો એ આપણે જોવું નહિ કે કહેવું નહિ, આપણે માત્ર તેનો ત્યાગ કરવો.

આપણે ધર્મ કરીને મોક્ષમાં નહિ જઈએ તો સંસારમાં જ રખડવાના છીએ. તેથી શાસ્ત્રકારો આપણને જે ધર્મ બતાવે છે તે મોક્ષે પહોંચાડનારો ધર્મ જ બતાવે છે. ચાર પુરુષાર્થમાં સૌથી પહેલો અર્થપુરુષાર્થ બતાવ્યો છે. પરંતુ અર્થપુરુષાર્થ બતાવતી વખતે પણ અર્થને અનર્થભૂત જણાવવાનું કામ કર્યું છે. પૈસો અનર્થનું મૂળ છે-આવું જેને સમજાય તેને માટે આ ગૃહસ્થનો સામાન્યધર્મ છે. પૈસા વગર ચાલતું નથી એ વાત સાચી છે. પરંતુ એ પૈસો અન્યાયવાળો તો કોઈ સંયોગોમાં ન ચાલે-એ વાત એના કરતાં સાચી છે. એક વાર પરિગ્રહનું પાપ જો જીવનમાંથી નીકળી જાય તો વિષયોનું પાપ એની મેળે છૂટી જાય. પૈસા વિના ચાલતું નથી માટે પૈસો કમાવાની વાત શાસ્ત્રકારોએ કરી છે-એવું નથી, પૈસા વિના ચાલતું નથી માટે અન્યાયનો પૈસો ન લેવાની વાત ભગવાને કરી છે. કમાવું એ પાપ છે, એનું વિધાન ન હોય. કમાવાનું કામ તો લોકો કરે જ છે. એનો તો માત્ર અનુવાદ જ કર્યો છે. બાકી વિધાન તો અન્યાય ન કરવાનું છે. ધંધો પોતાના વિભવાદિને ઉચિત કરવો. વિભવમાં દ્રવ્યની વાત આવે. પોતાના પૈસે જ ધંધો કરવો, પારકે પૈસે ધંધો નહિ કરવાનો. કારણ કે પારકાના પૈસાથી ધંધો કરવાથી સારા માણસને આર્ત્તધ્યાન થયા વિના ન રહે, નહિ તો માણસ નફ્ફટ બની જાય. તેથી આપણા વિભવને ઉચિત જ ધંધો કરવો છે. આપણને આપણી ઈચ્છા મુજબનું ભોગવવા નથી મળવાનું, આપણા નસીબનું જ આપણને ભોગવવા મળવાનું છે. તેથી આપણે

આપણી મૂડીથી જ ધંધો કરવો છે. પરિગ્રહ મળતો નથી માટે નહિ, પરિગ્રહ જોઈતો નથી માટે તેનું નિયમન કરવું છે. અહીં વિભવાદિમાં 'આદિ' પદથી ક્ષેત્રકાળભાવનું ગ્રહણ કરવું. ક્ષેત્રને અનુરૂપ ધંધો કરવો. જે ક્ષેત્રમાં જે વેચાતું હોય તે વેચવાનું. તેમ જ કાળને અનુરૂપ ધંધો કરવો. તે જ રીતે ધંધો કરતી વખતે ભેગું કરવાનો ભાવ ન હોવો જોઈએ, છોડવાનો ભાવ જોઈએ. ધંધો કરીને કરોડપતિ નથી થવું, ધંધો કરીને પણ છેવટે સાધુ જ થવું છે. આપણે પાપથી ખરડાવું નથી આ ભાવ રાખીને જ ધંધો કરવો છે. જેટલી જરૂર હોય તેનાથી વધુ ભેગું કરવાનું કામ શું છે? નળ જો ચાલુ હશે તો ઘર ભીનું થશે, એક-બે ડોલ ભરાય એટલે નળ બંધ કરવો જ પડે. તેમ પરિગ્રહનું પણ નિયમન નહિ કરીએ તો પાપનો ઢગલો થવાનો જ. આ વિભવાદિને ઉચિત એવો ધંધો પણ નિંદનીય ન જોઈએ. જેમાં જયણા ન સચવાય તેવા મિષ્ટાન્નફરસાણાદિ બનાવવા વગેરેનો ધંધો ન કરવો. તેમ ન્યાયપૂર્વકનો ધંધો કોને કહેવાય તે માટે જણાવ્યું છે કે શુદ્ધ માન એટલે કે કાપડ વગેરે લેતી વખતે વધારે આવે અને આપતી વખતે ઓછું જાય એવું ન કરવું. ઉપરથી લેતી વખતે ઓછું આવે તો વાંધો નહિ, પણ આપતી વખતે ઓછું ન જવું જોઈએ. લેતી વખતે વધારે ન લેવું અને આપતી વખતે ઓછું ન આપવું એનું નામ શુદ્ધ માન. એ જ રીતે તુલા અર્થાદ્ વજનમાં પણ સમજી લેવું. એક તો અશુદ્ધ માનમાપાં કરવાં અને ઉપરથી તેને વ્યાપારની કળા કહેવી-આ તો અન્યાય છે. એ જ રીતે સરકાર વગેરેના કરની ચોરી કરવી એ પણ અન્યાય છે.

સ. સરકારની ચોરી તો આગારમાં આવે ને?

જો એ ચોરી પકડાય તો સજા થાય ને? તો એ આગારમાં ક્યાંથી ગણાય? આગાર તો તેને કહેવાય કે જે સેવવામાં પ્રતિજ્ઞાનો ભંગ ન થાય. તેમ અહીં પણ જેમાં કાયદેસર સજા ન થાય તેને આગાર કહેવાય. જે પકડાવાથી સજા થાય તે આગાર ન કહેવાય; તેને અન્યાય કહેવાય, ગુનો કહેવાય. આ રીતે વ્યાપારના વિષયમાં અન્યાયની વાત કરીને જેઓ ધંધો નથી કરતા અને નોકરી કરે છે તેમના માટે પણ ન્યાયનું સ્વરૂપ જણાવ્યું છે કે આસેવનીય એવા રાજા વગેરેની નોકરી જે સમયે નિયત કરી હોય તે સમયે હાજર થઈ જવું. આઠ કલાકની નોકરી હોય અને વહેલામોડા જઈએ તો તે વખતે સમયની ચોરી કરવાથી અન્યાયનું પાપ લાગે. તેથી અવસરોચિત ક્રિયા કરવા દ્વારા નોકરી કરવી તે ન્યાયયુક્ત કહેવાય.

આપણે જોઈ ગયા કે કુલક્રમથી આવેલો ધંધો જો નિંદનીય કોટિનો ન હોય તો ન્યાયથી એ ધંધો ચાલુ રાખવો છે. આપણને જે ગમે, આપણને જે પોસાય તેનું નામ ન્યાય. આપણને જે ન ગમે, ન પોસાય તેનું નામ અન્યાય. જે કિંમત બીજા આપણને

જણાવે ને આપણને બરાબર લાગે, તેવી કિંમત આપણે બીજાને જણાવીએ તેનું નામ ન્યાય. જે વ્યાજ આપણને પોસાય, જે માપ આપણને પોસાય, જે વજન આપણને પોસાય, જે માલ આપણને પોસાય, જે ભાડું આપણને પોસાય, જે નફો આપણને પોસાય એ બીજા પાસેથી લેવું તેનું નામ ન્યાય. કોઈ આપણી પાસેથી વધારે લે તોપણ આપણે ભાવતાલ નથી કરવા. કારણ કે આપણે મફતનું કાંઈ ખાવું નથી. આપણે પહેલાં પણ કહ્યું હતું કે આમે ય આપણે મૂકીને જવાનું છે એના બદલે ખર્ચીને જવું છે. આપણે જે કાંઈ કમાઈએ છીએ તે આપણી બુદ્ધિથી નથી કમાતા, નસીબથી કમાઈએ છીએ. તો શા માટે કમાવા ખાતર અન્યાય કરવો? આ જ વસ્તુને સંસ્કૃતમાં જણાવતાં ફરમાવ્યું છે કે '**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्।**' જે આપણને પ્રતિકૂળ હોય તે બીજા પ્રત્યે ન આચરવું. આપણને જે વર્ત્તન નથી ગમતું તે બીજા પ્રત્યે આચરવું નથી. બધા જ જીવો જીવવાને ઈચ્છે છે, કોઈને મરવું ગમતું નથી. બધાને જ સુખ ગમે છે, દુ:ખ કોઈને ગમતું નથી. આપણે કોઈને સુખ આપી ન શકીએ કે કોઈનું દુ:ખ દૂર કરી ન શકીએ તોપણ આપણે બીજાને દુ:ખ તો કોઈ સંયોગોમાં નથી આપવું. આપણા વચનના કારણે બીજાનું હૈયું વીંધાય, આપણા વર્ત્તનના કારણે બીજા દુ:ખી થાય તેવું આપણે નથી કરવું. કહ્યું પણ છે કે વચનના ઘા રુઝાતા નથી. દુનિયાના બધા જીવો મળીને પણ આપણને દુ:ખ આપે તોય આપણે બધું સહન કરી લેવું છે, પણ કોઈને ય દુ:ખ આપણે નથી આપવું. સિકંદર જ્યારે આખા જગતને જીતવા માટે નીકળેલો ત્યારે તેને એક સંન્યાસી મળેલો. તેણે સિકંદરને કહેલું કે 'આપણે બીજાની જે ચીજ લઈને તેને પાછી આપી ન શકીએ, તેવી ચીજ ક્યારેય લેવી નહિ.' ત્યારે સિકંદરે પૂછ્યું કે 'એવી વસ્તુ કઈ છે કે લીધા પછી પાછી આપી ન શકાય?' તે વખતે સંન્યાસીએ કહ્યું કે-'આ પ્રાણ એવી ચીજ છે કે કોઈના લીધા હોય તો તે પાછા આપી શકાય એવા નથી, માટે કોઈના પ્રાણ લેવા નથી'. આ સાંભળીને સિકંદરે જગતને જીતવાનું માંડી વાળ્યું. બીજાને દુ:ખ આપીને આપણે ક્યારેય સુખી થઈ નહિ શકીએ. બીજાએ આપેલું દુ:ખ આપણે કદાચ ભોગવી લઈશું, પરંતુ બીજાને આપેલું દુ:ખ આપણને સંતાપ્યા વિના નહિ રહે. ઔરંગઝેબની વાત સાંભળી છે ને? મરતી વખતે આખી જિંદગીનાં પાપ નજર સામે આવ્યાં. તેની દીકરી બાજુમાં બેસેલી હતી. તે કીધા કરે છે કે 'અબ્બાજાન ભૂલ જાઈએ' ત્યારે પેલો કહે છે કે 'બેટી, ભૂલા નહિ જાતા.' મોત નજર સામે આવે તો બધાં પાપ દેખાય ને? મરણ નજર સામે આવ્યા પછી પૈસો નહિ દેખાય, પાપ જ દેખાશે. પરંતુ મોત દેખાતું નથી ને? દેખાતું નથી કે જોવું નથી? અમારા આચાર્યભગવન્તે એક વાર કહેલું કે જેને આ સંસારનું દુ:ખ ન દેખાય તેણે રોજ સરકારી હોસ્પિટલના જનરલ વૉર્ડમાં એક આંટો મારી આવવો. આ સંસારમાં મરણ તો

દેખાય એવું છે. આપણે જોવું જ ન હોય તો તેનો ઉપાય નથી.

સ. કોઈ આપણી ઉપર અન્યાય કરે, પણ આપણે એની પ્રત્યે અન્યાય ન કરવો હોય તો શું વિચારવું?

આપણે એમ વિચારવાનું કે આ વ્યક્તિ મારી ઉપર અન્યાય નથી કરતી, મારા જ પાપકર્મના ઉદયે મને અન્યાય થાય છે. આપણે આવું અન્યાયભર્યું વર્તન બીજા પ્રત્યે આચર્યું છે તેના પરિણામે જે પાપ બાંધ્યું તેનું જ આ ફળ છે, હવે આમાં આઘાપાછા નથી થવું. આપણે રસ્તામાં જતા હોઈએ અને વચ્ચે પથ્થર આવવાથી ઠેસ વાગે તો પથ્થર ઉપર ગુસ્સો આવે કે આપણી જાત ઉપર? ત્યાં જેમ આપણી ભૂલ દેખાવાથી પથ્થર ઉપર ગુસ્સો નથી આવતો તેમ અહીં પણ જો આપણી ભૂતકાળની ભૂલો છે-એવું સમજાય તો નિમિત્તો ઉપર ગુસ્સો નહિ આવે. સીતા સતીને જે અન્યાય થયો હતો, અંજનાસતીને જે અન્યાય થયો હતો, દમયંતીને જે અન્યાય થયો હતો તેવો તો આપણને નથી થયો ને? તે સતીઓની પાસે તેમના પતિઓએ માફી માંગી છતાં તેઓએ એટલું જ કહ્યું કે-'સ્વામીનાથ! આમાં આપનો કોઈ વાંક નથી, મારા કર્મનું જ આ ફળ છે.' આ રીતે આપણાં કર્મોને જો યાદ કરીએ તો કોઈને અન્યાય કરવાનું નહિ બને.

અહીં શિષ્ય શંકા કરે કે-'અહીં ગૃહસ્થના સામાન્યધર્મમાં સૌથી પહેલાં અનિંદ્ય એવા ન્યાયપૂર્વકના અનુષ્ઠાનથી પૈસા કમાવાની વાત કેમ જણાવી?' તેના નિરાકરણમાં જણાવે છે કે જેને આજીવિકાનું સાધન ન હોય તે જો ધંધો ન કરે તો તેના ગૃહસ્થપણાનો નિર્વાહ પૈસા વિના ન થાય-આ રીતે નિર્વાહનો વિચ્છેદ થવાથી તેને ગૃહસ્થપણાની બધી શુભક્રિયાના વિરામનો પ્રસંગ આવવાથી અધર્મ જ કરવાનો વખત આવશે. તેથી, જેણે ગૃહસ્થપણામાં રહીને કમાવું ન હોય તેણે વહેલી તકે સંયમ લેવું ઉચિત છેઃ આ પ્રમાણે જણાવ્યું છે. હવે અહીં જો એવી શંકા થાય કે ગૃહસ્થપણામાં પૈસા વગર ચાલે એવું નથી તો માત્ર કમાવાનો જ ઉપદેશ આપવો જોઈએ. ન્યાય ઉપર આગ્રહ ન રાખવો જોઈએ. કારણ કે ન્યાયથી ધંધો કરીએ તો લગભગ કમાણી થાય એવું નથી.. આ શંકા આપણા મનનો જ પડઘો પાડે છે ને? તેના નિરાકરણમાં જાણાવે છે કે-

**न्यायोपात्तं हि वित्तमुभयलोकहितायेति ।।४।।**

આશય એ છે કે ન્યાયથી જે વિત્તનું ઉપાર્જન કર્યું હોય તે વિત્ત ભલે અલ્પ હોય તોપણ તે ઉભયલોકમાં હિતકારી છે. ન્યાયથી જેણે પૈસો કમાવ્યો હોય તે એ પૈસાનો ભોગવટો કરે તોપણ તેને કોઈ આંગળી ન ચીંધેઃ આથી આ પૈસો આ લોકમાં પણ

હિતકર છે. અને અન્યાય કર્યો ન હોવાથી પરલોકમાં તેનું અકલ્યાણ થવાનું કોઈ કારણ નથી. પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તે વખતે જે સંપત્તિનો ભોગવટો થાય તે લોકમાં નિંદનીય કોટિનો નથી બનતો. જ્યારે અન્યાયથી જે વિત્તનું ઉપાર્જન કર્યું હોય તે પૈસો હરામનો હોવાથી તે આ લોકમાં પણ પચતો નથી. અન્યાયનો પૈસો પચવાનો નથી, આજે નહિ તો કાલે ઓકવો જ પડશે. કદાચ ભૂતકાળનું પુણ્ય પાંસરું હોય અને આ લોકમાં અન્યાયનો પૈસો કદાચ ન નડે તોપણ પરલોકમાં તો એ પૈસો ફૂટ્યા વગર નહિ રહે.

ગૃહસ્થપણાનો સામાન્યધર્મ વિશેષધર્મના પાલન દ્વારા સાધુપણાનું કારણ બને છે માટે આપણે સામાન્યધર્મ સમજવો છે. આપણે જોઈ ગયા કે ન્યાયથી ઉપાત્ત એટલે કે પ્રાપ્ત કરેલ વિત્ત આ લોક અને પરલોકઃ એમ ઉભયલોકમાં હિતકારી છે. આ હિતકારિતા કઈ રીતે છે તે આગળના સૂત્રથી જણાવ્યું છેઃ

**अनभिशङ्कनीयतया परिभोगाद् विधिना तीर्थगमनाच्चेति ।।૫।।**

ન્યાયોપાત્ત વિત્ત જેણે ઉપાર્જ્યું હોય તે જે કાંઈ ભોગો ભોગવે તેમાં કોઈ આંગળી ચીંધતું નથી, તેના ભોગમાં કોઈ દ્રોહીપણાની શંકા નથી કરતું. જ્યારે જેણે અનીતિથી પૈસો કમાવ્યો હોય એને લોકો દ્રોહી, વિશ્વાસઘાતી તરીકે ગણે તેમ જ એ જે વસ્તુનો ભોગવટો કરે તે પણ પારકું છે–એમ લોકો નિંદા કરે છે. એ જ રીતે ન્યાયોપાત્ત વિત્ત હોય તેનો તીર્થમાં–સાત ક્ષેત્રમાં વિધિપૂર્વક ઉપયોગ કરે તો તેથી પરલોકમાં પણ તે કલ્યાણકારી બને છે. જ્યારે અન્યાયથી પૈસો ભેગો કર્યો હોય તે ધર્મમાં પણ ન વપરાય. અનીતિથી ધંધો કરે અને એ પૈસાથી ચઢાવો લે તો તે અવિધિ કહેવાય. અન્યાયનો પૈસો ન તો ભોગમાં કામ લાગે કે ન તો દાનમાં કામ લાગે.

**સ.** તો એવા પૈસાનું કરવું શું?

એ પૈસો દરિયામાં નાખી દેવાનો. તમારે ત્યાં દાણચોરો પણ સોનાની પાટો પકડાઈ જવાના ડરથી સમુદ્રમાં નાંખી દે છે ને? તેમ આપણને પણ સાચું સમજાય તો પહેલાં જે અજ્ઞાનથી પૈસો કમાયો હોય તે પાપના ભયે કાઢી નાંખવો છે. ચોરીનો પૈસો પકડાય તો સજા થાય ને? તેમ અનીતિનો પૈસો ચોરીનો પૈસો છે એવા પૈસાથી ધર્મ ન કરાય.

**સ.** તો તો ધર્મ થશે જ નહિ.

આપણી પાસે પૈસા ન હોય તો દાન નથી આપવું. પૈસો હોય તો દાન આપવાનું

છે, પૈસો કમાઈને દાન નથી કરવાનું. તમે જો અનીતિ ન કરવાનો નિયમ લો તો એક વાર અનીતિનો પૈસો ધર્મમાં વાપરવાની છૂટ આપીએ. પરંતુ અનીતિ ચાલુ રાખીને ધર્મ કરવો હોય તો તે ચાલે એવું નથી. પાપનો પૈસો ધર્મમાં વાપરવાથી પાપ છૂટતું નથી, ઉપરથી ધર્મ અશુદ્ધ દ્રવ્યથી કર્યો હોવાથી અવિધિનું પાપ લાગશે. પાંચમે પરિગ્રહ એ પાપ છે ને? તેથી પૈસો કમાવો એ પાપ જ છે. તેથી કમાવાનો ઉપદેશ ન હોય, તેમાં અન્યાય ન કરવાનો ઉપદેશ હોય. અમારા આચાર્યભગવન્તે એક વાર અમને કહેલું કે તમારી પાસે કોઈ પણ વ્યક્તિ દસ લાખ ખર્ચવા આવે તો તેની પાસે અઠ્ઠાઈ મહોત્સવ વગેરે ધર્મનાં કામ ન કરાવવાં, ઉપરથી એને કહેવું કે 'આટલા પૈસા વ્યાજે મૂકીને ધંધો બંધ કરી દે, નિવૃત્ત થઈને દેશભેગો થઈ જા અને આરાધના કરવા માંડ'. ધંધો ચાલુ રાખીને દાનધર્મ કરવો એના કરતાં ધંધો બંધ કરી દેવો સારો. આજે તો અમને પ્રભાવક થવું હોય તો અમે શા માટે આવી સલાહ આપીએ? અમે એક પત્રિકા પૂરી થયા પછી બીજી પત્રિકાની રાહ જોતા હોઈએ, એક પ્રસંગ પૂરો થાય એટલે બીજા પ્રસંગની તૈયારી કરવા રાહ જોઈને બેઠા હોઈએ તો તમારી અનીતિની અનુમોદનાનું પાપ અમને લાગ્યા વિના ન રહે. આપણે પ્રભાવક થવા માટે મહેનત નથી કરવી, આરાધક થવા મહેનત કરવી છે. જેટલા આરાધક હોય તે બધા જ મોક્ષે જવાના, જે પ્રભાવક હોય તે બધા જ મોક્ષે જાય-એવું નહિ. જેમ અંગારમર્દકાચાર્ય પ્રભાવક હોવા છતાં આરાધક ન હોવાથી મોક્ષે ન ગયા. આરાધકતાની સાથે પ્રભાવના થતી હોય તો વાંધો નથી. પરંતુ આરાધકતા ગુમાવવી પડે તેવી પ્રભાવકતા નથી જોઈતી. અમે જો ધંધો બંધ કરવાની સલાહ ન આપીએ અને તમારા અનુષ્ઠાનની અનુમોદના કરીએ તો તેમાં તમારી અનીતિની અનુમોદનાનું પણ પાપ લાગે. તમારે ત્યાં ચોરીના પૈસાથી પૂજા કરે, ચોરેલા ચરવળા-કટાસણાથી પૌષધ કરે તો તેણે ધર્મ કર્યો કહેવાય? તેને ધર્મનું ફળ મળે? નહિ ને? તો તમે ટેક્સની (કરની) ચોરી કરીને અંજનશલાકા વગેરે કરાવો તો ચોરીના પૈસાથી ધર્મ કર્યો કહેવાય ને?

સ. આવા ધર્મથી શું ફળ મળે?

ચોરી-અનીતિ કરવાથી ભગવાનની આજ્ઞા ન માની એટલે આજ્ઞાભંગનો દોષ લાગે, તેની સાથે મિથ્યાત્વ, વિરાધના, અનવસ્થા આ બધા દોષો લાગે. આ ભવમાં લોકોનો તિરસ્કાર અને પરભવમાં નરકાદિ ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ તથા ત્યાં પણ દરિદ્રતા વગેરે દુ:ખોથી ગ્રસ્તતા પ્રાપ્ત થાય છે. તેથી જ અહીં સામાન્યધર્મમાં પણ સૌથી પહેલાં અનીતિ ન કરવાનો ધર્મોપદેશ આપ્યો.

આપણે જોઈ ગયા કે ન્યાયથી જે વિત્તનું ઉપાર્જન કર્યું હોય એ વિત્તનો ભોગવટો કરે તો તે ક્યારે પણ કોઈનાથી પણ કોઈ પણ શંકાનું કારણ બનતો નથી. આ રીતે અવ્યાકુળચિત્તવાળાની પરિણતિ પ્રશસ્ત હોવાથી આ લોકમાં તો તે સુખી થાય છે, સાથે આવું વિત્ત વિધિપૂર્વક તીર્થાદિમાં આપવાથી તે પરલોકમાં પણ હિતકારી બને છે. તીર્થ કોને કહેવાય? તે માટે અહીં જણાવ્યું છે કે જે દુ:ખમય-સંકટમય એવા આ સંસારરૂપ સાગરથી તારે તેનું નામ તીર્થ. જે તારે તે તીર્થ પરંતુ દુ:ખથી તારે તે તીર્થ નહિ, પરંતુ દુ:ખરૂપી જલથી ભરેલા સમુદ્રથી જે તારે તેનું નામ તીર્થ. આ તીર્થ તારવાનું કામ ત્યારે જ કરે કે જ્યારે તીર્થમાં વિધિપૂર્વક ગમન કર્યું હોય. આજે તો આપણાં તીર્થો એટલે હવા ખાવાનાં સ્થળો જ છે ને? આજે નિયમ આપું કે ઘરમાં જે અનુકૂળતા ભોગવીએ છીએ તે તીર્થસ્થાનમાં નથી ભોગવવી. આ તો પાલિતાણા જાય અને પેંડા-ગાંઠિયા લઈ આવે! આ મહારાષ્ટ્રિયન લોકો પંઢરપુરની જાત્રા કરીને આવે તો તે લોકો કાંદા-લસણ, માંસ-મદિરા વગેરેનો કાયમ માટે ત્યાગ કરી દે. આ તો તીર્થયાત્રા માટે બાધા લે અને યાત્રા કરીને બાધા છોડે-આવું ચાલે? જ્યારે જ્યારે તીર્થયાત્રાએ જઈએ ત્યારે એક એક વસ્તુનો ત્યાગ કરતા ગયા હોત તો અત્યાર સુધીમાં સંસાર છૂટી ગયો હોત. આ તો અઠ્ઠમ કરીને તીર્થરક્ષા કરવાની વાત કરે, પણ રાત્રિભોજનનો ત્યાગ કાયમ માટે ન કરે! આવાઓ તીર્થરક્ષા કઈ રીતે કરી શકે? જે પાપ છોડે તે જ તીર્થરક્ષા કરી શકે.

**तीर्थगमनाच्च** અહીં જે તીર્થગમન જણાવ્યું છે તે જ વસ્તુ અન્ય ગ્રંથમાં દાનરૂપે જણાવી છે. આ દાનના સ્થાન કયાં છે તે માટે જણાવ્યું છે કે **पात्रे दीनादिवर्गे च दानं विधिवदिष्यते । पोष्यवर्गाविरोधेन, न विरुद्धं स्वतश्च यत् ।।** ગૃહસ્થપણામાં ચારિત્રમોહનીયની ક્ષપણા કરવા માટે સૌથી પહેલા દાનધર્મ જણાવ્યો છે. તેમાં પાત્ર એટલે સુપાત્રમાં દાન આપવું. સાતે ક્ષેત્ર સુપાત્રમાં આવે. સુપાત્રની સાથે દીનાદિવર્ગને પણ દાન આપવું છે. જેઓ પોતાની આજીવિકા ચલાવવા માટે અસમર્થ છે-એ બધા દીનાદિવર્ગમાં આવે. સુપાત્ર ગુણવાન છે માટે તેની ભક્તિ કરવાની છે, દીન-દુ:ખી છે માટે નહિ. પોતે સમર્થ હોવા છતાં ભગવાનની આજ્ઞા ખાતર ભિક્ષાથી નિર્વાહ કરે છે એવા સાધુસાધ્વીની ભક્તિ કરવી-એ પાત્રદાન છે.

સ. ભાવ વગરની ક્રિયા નકામી છે તો ભાવને છેલ્લે રાખીને દાનને પહેલાં કેમ મૂક્યું?

ભાવ વગરની ક્રિયા નકામી છે-એ વાત ભાવ લાવવા માટે છે, ક્રિયાને કાઢી નાંખવા માટે નહિ. ભાવ ન આવે તોપણ ભાવ લાવવા માટે ય ક્રિયા જ કરવી પડશે.

પાણીનો નળ કાયમ માટે પાણી ન આપે તો કાઢી નાંખવાનો? લાઈટનું કનેક્શન પણ કાયમ માટે લાઈટ ન આપે તો તેને કાઢી નથી નાંખતાં ને? તેમ ભાવ વગરની ક્રિયા નકામી છે-એવું માનવાના બદલે ભાવ લાવવા માટે પણ ક્રિયા કામની છેઃ એટલું માનતા થવું છે. ધનની મૂર્ચ્છા ઊતરે પછી દાન આપીશું, એવું વિચારવાના બદલે મૂર્ચ્છા ઉતારવા માટે દાન આપતા થવું છે. ગૃહસ્થપણાના ધર્મની શરૂઆત દાનથી કરવાની છે. આ રીતે પાત્રમાં અને દીનાદિવર્ગમાં જે દાન આપવાનું છે તે વિધિપૂર્વક આપવાનું છે. દાન આપતી વખતે સત્કાર અને સન્માનપૂર્વક આપવું છે. સાધુસાધ્વીને વહોરવા માટે બોલાવવા જવાનું, વહોરવા માટે સાથે લઈ આવવાના અને વહોર્યા બાદ પાછા મૂકવા જવાનું-આટલું બધું તો ન ફાવે ને? ચારિત્રમોહનીયકર્મ ખપાવવા માટે ગૃહસ્થપણામાં સુપાત્રદાન જેવું બીજું કોઈ અનુષ્ઠાન નથી. આજે એટલો નિયમ આપું કે બપોરે જમવા બેસો ત્યારે ઘરમાં પૂછી લેવાનું કે સાધુમહારાજ કે સાધ્વીજીમહારાજ વહોરવા આવ્યા હતા કે નહિ? જો ઘરવાળા ના પાડે અને જો ગોચરીનો સમય હોય તો વહોરવા બોલાવવા જવાનું. કદાચ સાધુમહાત્મા ન આવે તો છેવટે કપાળે હાથ મૂકીને જમવા બેસવાનું. આટલું તો બને ને? જમતી વખતે આ રીતે સાધુસાધ્વીને યાદ કરવામાં તો કોઈ તકલીફ નથી ને? આ તો બાજુવાળાને ત્યાં કહી આવે કે 'તમારે ત્યાં મહારાજ આવે તો અમારે ત્યાં મોકલજો'! તમે કોઈ દિવસ બાજુની દુકાનવાળાને કહ્યું છે કે 'તમારે ત્યાં ઘરાક આવે તો અમારે ત્યાં મોકલજો'? આમ જીરણ શેઠની ભાવનાના ગુણ ગાય અને પોતે ભાવના ન ભાવે. ચાર મહિના સુધી રોજ ભગવાનને વહોરવા પધારવાની વિનંતિ કરવા જતા. આજે કદાચ ભગવાનને પારણું હશે એમ સમજીને જતા. ભગવાન ન આવે છતાં ય રોજ વિનંતિ કરવા જતા. આ તો અમારાજેવા એકાદ બે વાર જો ના પાડે તો બીજી વાર વિનંતિ જ ન કરે! વિધિપૂર્વક સુપાત્રદાન કરવાનું કામ સહેલું નથી. એ જ રીતે દીનાદિવર્ગને દાન આપતી વખતે તેમનો તિરસ્કાર ન કરતાં પ્રીતિપૂર્વક આપવું. દીન હોય, અંધ હોય, કૃપણ હોય, દુઃખી હોય એવા બધા જીવોને અનુકંપાદાન ઔચિત્ય જાળવીને કરવું.

જે ન્યાયથી ઉપાત્ત વિત્ત છે, તેનાં બે ફળ છેઃ આ લોકમાં નિઃશંકપણે ભોગ અને વિધિપૂર્વક તીર્થાદિમાં દાન દ્વારા પરલોકનું હિત. અન્યાયથી ભેગું કરેલું વિત્ત ન તો ભોગમાં કામ લાગે છે અને ન તો દાનમાં કામ લાગે છે. તેથી આપણે ન્યાયથી ઉપાર્જન કરેલા વિત્તથી દાનધર્મ કરવો છે. ગૃહસ્થપણામાં દાનધર્મથી ધર્મની શરૂઆત થાય છે. તે દાનધર્મ પૈસા વિના થતો નથી. સુપાત્રદાન વિધિ, સત્કાર, સન્માનપૂર્વક કરવાનું છે, તેમ દીન વગેરેને અનુકંપાદાન પણ ઔચિત્યપૂર્વક આપવું. 'આવ્યા છો તો લઈ જાઓ'

એમ કહી ન આપવું. હું આપવા જ બેઠો છું માટે મને લાભ આપો' એમ કહીને આપવું છે. આપણે ત્યાં કોઈ પણ આવે છે તો કંઈક કામથી આવે છે. ભિખારીને 'આગે જાઓ' ન કહેવું. દીનાદિ જીવો એક તો પોતાના કર્મથી જ દુઃખી છે, તેમાં પાછું તેમનો તિરસ્કાર કરીને તેમને વધુ દુઃખી નથી બનાવવા.

સ. આજુબાજુવાળા જૈનતરો તેમના તહેવારપ્રસંગે વર્ગણી કરવા આવે તો?

આપણે સંસારમાં બેઠા છીએ માટે આપી દેવું. આપણે દીક્ષા લઈને બેઠા હોત તો આવો પ્રસંગ ન આવત. ભલે એ લોકો જૈનેતર હોય પણ આપણા ઘરે આવેલો ખાલી હાથે ન જાય માટે ઉચિતદાન તરીકે આપવું. એ લોકો તો માંગીને લઈ જાય છે, ચોરીને નથી લઈ જતા. તમારે ત્યાં ભિખારી પણ આવે છે તે માંગીને લઈ જાય છે કે ચોરીને લઈ જાય છે? ભિખારી તો માંગે છે, તમે તો ગાદી ઉપર બેસીને પણ ચોરી કરો ને? અસલમાં ધન ભૂંડું લાગ્યું નથી માટે આપણે ભૂંડા થયા. તમે તો શેઠની ઓફિસમાં પણ ચોરી કરો ને? ઓફિસનો ફોન આપણા વ્યક્તિગત ઉપયોગમાં વપરાય નહિ. શેઠનું સ્કૂટર પણ ઓફિસના કામ માટે વપરાય, તેની ઉપર આપણી પત્નીને બેસાડીએ તોપણ તે ચોરી કહેવાય. અમારા આચાર્યભગવંત કહેતા હતા કે ટ્રસ્ટીઓ ઉપાશ્રયાદિના પંખા વગેરેનો પણ ઉપયોગ ન કરે. ઉપાશ્રયની ઓફિસનો પંખો સાધારણનો હોય તો તેની હવા ન ખાવી. કારણ કે સાધારણનો પૈસો એ ધર્માદાનો પૈસો છે, તેનો ઉપભોગ આપણે ન કરવો. આપણે ત્યાં જે સુખી હોય તે ટ્રસ્ટી હોય છે. એનું કારણ એ છે કે તેઓ ગાંઠનો પૈસો ધર્માદામાં ખર્ચે પણ ધર્માદાનો ઉપભોગ થવા ન દે. તેઓ સુખ ભોગવે છે માટે ટ્રસ્ટી નથી બનાવ્યા. સુખ છોડી જાણે છે માટે તેમને ટ્રસ્ટી બનાવાય છે.

અહીં તમને એમ શંકા થાય કે-આ રીતે સુપાત્ર અને દીનાદિને ઉદારતાપૂર્વક આપ્યા કરીશું તો ઘર કેવી રીતે ચલાવીશું? તો એવી શંકાના નિરાકરણમાં જણાવે છે કે **'पोष्यवर्गाविरोधेन'** જે આપણો પોષ્યવર્ગ હોય તેનો વિરોધ ન આવે-એ રીતે દીનાદિને દાન આપવું. અહીં પોષ્યવર્ગથી જેના નિર્વાહની જવાબદારી આપણી હોય તે સામાન્યથી પોષ્યવર્ગમાં આવે. માતાપિતા, ભાઈ, બહેન, પત્ની તથા પુત્રાદિ પોષ્યવર્ગમાં આવે, તમે તો ભાઈને પોષ્યવર્ગમાં ન ગણો અને સાળાને પોષ્યવર્ગમાં ગણો ને? કુટુંબનું પણ ભરણપોષણ કરવું છે, તેમને જલસા નથી કરાવવા. કુટુંબના લોકો આપણી અનુકૂળતા સાચવે તો જ તેમનું ભરણપોષણ કરવું-એવું નથી. કુટુંબ આપણું પોષ્ય છે માટે તેમનું પોષણ કરવું છે. જેઓ સ્વાર્થી હોય તે કુટુંબનું ભરણપોષણ ન કરી શકે, જે નિઃસ્વાર્થી હોય તે જ કુટુંબનું ભરણપોષણ કરી શકે. કોણ કેટલું કામમાં આવે છે-એ જુએ તે ધર્મ

ન કરી શકે, આપણને કોઈનું કામ નથી એવું વિચારે તે ધર્મ કરી શકે. આપણે આપણું કુટુંબ રસ્તે રખડતું ન થાય તેની ચિંતા કરી, પરંતુ તે સંસારમાં રખડે નહિ એની ચિંતા ન કરી ને? આ રીતે પોષ્યવર્ગનો વિરોધ ન આવે એવું દાન કરવું. તેની સાથે તે દાન સ્વતઃ વિરુદ્ધ પણ ન હોવું જોઈએ. સ્વતઃ વિરુદ્ધ તેને કહેવાય કે જે દાતા અને ગ્રહીતા ઉભયને અપકાર કરનારું હોય. જેમ કે હિંસાના સાધનો દાનમાં આપે તો તે દાન ઉભયને નુકસાનકારી હોવાથી વિરુદ્ધ કોટિનું છે. કોઈ જુગારી કે વ્યસની હોય તો તેને પૈસા આપવા-એ પણ સ્વતઃ વિરુદ્ધ છે. વ્યસની માણસો ભૂખ્યાતરસ્યા હોય તો તેને જમાડી દેવો-એ સ્વતઃ વિરુદ્ધ નથી. જે દાનથી દાતા-ગ્રહીતા ઉભયનું અહિત થાય એવું દાન ન કરવું. જેમ ન્યાયથી ઉપાર્જિત કરેલું વિત્ત ઉભયલોકમાં હિતકારી છે તેમ અન્યાયોપાત્ત વિત્ત ઉભયલોકમાં અહિતને જ કરનારું છેઃ તે જણાવે છે-

**अहितायैव अन्यद् ।।६ ।।**

અન્યાયોપાત્ત વિત્ત અહિતને માટે જ થાય છે. **एव** કારથી (જકારથી) એ જણાવવું છે કે 'કાગને બેસવું અને ડાળનું પડવું' એવા કાકતાલીયન્યાયે પણ અન્યાયથી ભેગું કરેલ વિત્ત હિતનું કારણ બનતું નથી. અહીં એવી શંકા થાય કે અન્યાયથી મેળવેલું ધન ઘણી વાર છેલ્લે સુધી ટકી રહે છે તો તે અહિતકારી કેવી રીતે? આ શંકાના નિરાકરણમાં જણાવે છે કેઃ

**तदनपायित्वेऽपि मत्स्यादिगलादिवद्विपाकदारुणत्वादिति ।।७ ।।**

કોઈ વાર ભૂતકાળના પાપાનુબંધી પુણ્યનો ઉદય હોય તો અન્યાયનું ધન મરતાં સુધી ટકી રહે તોપણ ગલાદિમાં આસક્ત થયેલા મત્સ્યાદિની જેમ વિપાકમાં તો દારુણ એટલે કે ભયંકર છે. આ લોકમાં અન્યાયનું ફળ નહિ મળે તોપણ ભવાન્તરમાં તો તેનું ફળ મળ્યા વિના નહિ જ રહે. તેનાથી દુઃખની પરંપરાવાળા સંસારમાં પરિભ્રમણ કરવાનું બને છે-એ જ દારુણ વિપાક છે.

ગૃહસ્થપણામાં પૈસા વિના ચાલતું નથી અને પાંચમે પરિગ્રહ એ પાપ છે માટે પૈસો પણ પાપરૂપ છે. જેને પૈસો પાપરૂપ લાગે તેને આ ગૃહસ્થપણામાં રહીને પૈસા કમાવા કરતાં પૈસા વિના જિવાય એવું જીવન જીવવાનું મન થયા વિના ન રહે. જેમ રોગીમાણસને રોગ દૂર કરવા દવા લેવી પડે તો લે પરંતુ એની ઈચ્છા એક જ હોય કે દવા વગર જિવાય તો સારું. હૉસ્પિટલમાં કોઈ હોંશે હોંશે જાય? અને અહીં પૈસા કમાવા માટે હોંશે હોંશે જાઓ ને? આજે તમારી ઓફિસની અને ઘરની દિવાલ ઉપર એક બોર્ડ મરાવો કે 'પૈસા વગર જીવી શકાય એવું જીવન હોવા છતાં હું મહામૂરખ છું કે પૈસા

કમાવા માટે અહીં રહ્યો છું.' પૈસા વિનાનું જીવન સાધુપણામાં જીવી શકાય છે છતાં એ જીવનનો ત્યાગ કરીને આપણે પૈસા કમાવા માટે ઘરમાં રહ્યા હોઈએ તો આ મહાદુઃખની વાત છે ને? જે દિવસે ન્યાયથી કમાયેલો પૈસો પણ પાપરૂપ છે એવું સમજાશે તે દિવસે અન્યાયથી પૈસો કમાવાનું બંધ થશે. પૈસો જેને ભૂંડો ન લાગે, પાપરૂપ ન લાગે તે કદાચ ન્યાયથી પૈસો કમાય તોપણ તે ગૃહસ્થપણાનો ત્યાગ નહિ કરી શકે. પૈસો પાપ છે ને?

સ. પૈસો હશે તો ગમે તેવી આપત્તિનો પણ મુકાબલો કરી શકીશું-એવી શ્રદ્ધા છે.

સાચું કહો છો? જો એટલી પણ શ્રદ્ધા હોય તો એટલું નક્કી રાખો કે માત્ર દુઃખને દૂર કરવા જ પૈસો વાપરવો, સુખ મેળવવા કે જલસા કરવા માટે પૈસા નથી વાપરવા- આટલું બનશે ને? જોકે આપત્તિ પણ પૈસાથી દૂર નથી થતી. તમે પેલા રાજા અને મંત્રીની કથા સાંભળી છે ને? રાજા દાનેશ્વરી હતો, છૂટથી ધન વાપરતો હતો. તેથી રાજભંડારની રક્ષા માટે મંત્રીએ રાજાના શયનગૃહની દીવાલ ઉપર લખ્યું કે આપત્તિ માટે ધનની રક્ષા કરવી. ત્યારે રાજાએ નીચે લખ્યું કે 'પુણ્યશાળીને આપત્તિ ક્યાંથી આવે?' વાત સાચી છે ને? પુણ્યશાળીને આપત્તિ ન આવે ને? પુણ્યશાળીનું પુણ્ય પૂરું થાય તો જ આપત્તિ આવે. બાકી પુણ્યશાળીને આપત્તિ આવે જ નહિ. આટલું તો માનશો ને? એટલે નક્કી છે કે પાપ જશે પછી જ દુઃખ જશે, પૈસાથી દુઃખ નહિ જાય.

સ. પૈસા પર જેટલો વિશ્વાસ છે તેટલો પુણ્ય પર નથી.

પુણ્ય ઉપર વિશ્વાસ થોડો પણ હોય તો તે વધારી આપું. તમે વિચાર કરતા નથી, માટે શ્રદ્ધા નથી જાગતી. જેમ દવા લેવાથી અમુક રોગ જાય નહિ, પરંતુ રોગ કાબૂમાં તો રહે ને? તેમ જો આ શાસ્ત્રોનું શ્રવણ કરો તો પુણ્ય પરનો વિશ્વાસ વધવા માંડે અને પૈસાનો ભરોસો કાબૂમાં રહે.

સ. પૈસાની સુરક્ષા હોય તો આરાધના સારી થાય ને?

આરાધના પૈસાની સુરક્ષાથી નથી થતી. જેને અર્થકામ જોઈતા જ નથી તે ધર્મ કરી શકે. મળેલા અર્થકામ પણ જે છોડવા તૈયાર હોય, ગયેલા અર્થકામ મેળવવા માટે પણ જેઓ પ્રયત્ન નથી કરતા તેઓ ધર્મ કરી શકે. તેથી પૈસાથી ધર્મ થાય છે એ વાત પણ ખોટી છે, જેને પૈસા જોઈતા નથી તે જ ધર્મ કરી શકે.

અહીં જણાવ્યું છે કે અન્યાયથી જે વિત્ત ભેગું કર્યું હોય તે કદાચ પાપાનુબંધી પુણ્યના યોગે ટકી રહ્યું હોય તોપણ તે વિત્ત વિપાકમાં દારુણ છે. વિપાક એટલે

પરિણામ. જેમ માછલાં માંસના ટુકડામાં આસક્ત બને અને એમાં મોઢું નાંખે તો છેવટે પેલા ગલમાં તેનું મોઢું ભરાઈ જાય છે અને અંતે મરવાનો વખત આવે છે. એવી જ રીતે અન્યાયનો પૈસો આવે ત્યારે ભલે ગમી જતો, પરંતુ અંતે વિપાકમાં તો ભયંકર જ છે.

સ. પરિણામનો વિચાર જ નથી આવતો.

સાચું કહો છો? ભિખારી માંગવા આવે તો ત્યારે 'કંગાલ થઈ જઈશું' આવો પરિણામનો વિચાર કરવાના કારણે જ તેને આપતા નથી ને? જમવા બેઠા પછી ખાવાનું મન હોવા છતાં પરિણામનો વિચાર કરીને જ ભાણા ઉપરથી ઊભા થાઓ છો ને? ઘરના લોકોનું વેઠી લો છો તે પણ પરિણામનો વિચાર કરીને જ ને? છતાં જો અહીં પરિણામનો વિચાર આવતો ન હોય તો માનવું પડે ને કે પરિણામનો વિચાર અહીં કરવો જ નથી! પરિણામનો વિચાર કરીને જ તો તમે દીક્ષા લેવાનું માંડી વાળ્યું છે.

સ. પુણ્ય ઉપર કેટલો વિશ્વાસ રાખવાનો?

ગૃહસ્થપણું છૂટે તેટલાપૂરતો પુણ્ય ઉપર વિશ્વાસ રાખવાનો. સંસાર છૂટે નહિ ત્યાં સુધી પુણ્ય ઉપર ભરોસો રાખવાનો. સંસાર છોડ્યા પછી પુરુષાર્થ ઉપર ભરોસો રાખવાનો, પુણ્ય પર નહિ. પૈસો અને સંસારનાં સુખો પુણ્યથી મળે છે જ્યારે આત્માના ગુણો પુરુષાર્થથી મળે છે. પુણ્યથી ગમે તેટલું ભેગું કરો તોપણ તે આપણા કામમાં નથી જ આવવાનું. અહીં મૂકીને જ જવું પડવાનું. જે ઉપયોગમાં ન આવે એવી વસ્તુ રાખે તેને મૂરખ કહેવાય ને? અહીં તો જણાવે છે કે જે ભૂમિ ઉપર હાડકાં વગેરે અશુચિરૂપ શલ્ય હોય તે ભૂમિ ઉપર જો મકાન બાંધવામાં આવે તો એ મકાન થોડા જ સમયમાં કકડભૂસ થઈને પડ્યા વિના ન રહે.

સ. અમે તો મકાન ટકેલું જોઈએ એટલે રાજી થઈએ.

તમને કોઈ વાસ્તુશાસ્ત્રી કહે કે આ ભૂમિ શલ્યવાળી છે તો તે ભૂમિમાં મકાન બંધાવો ખરા? એક અધિકારી હતો. તે નોકરીએ લાગ્યો. પણ અન્યાયથી પૈસો ભેગો કરીને તે ઘરમાં નોટોની થોકડી ને થોકડી લાવતો ગયો. એની માને ખબર હતી કે એનો પગાર કેટલો હતો. તેથી માએ પૂછ્યું કે આ પૈસા તું ક્યાંથી લાવે છે? પેલાએ કહ્યું કે 'મા, હવે આપણા દુઃખના દહાડા ગયા અને સુખના દહાડા આવ્યા.' એની મા સમજી ગઈ. તેણે કહ્યું કે 'હવે જ આપણા દુઃખના દહાડા શરૂ થયા છે. તું આ પૈસા લાવવાનું બંધ કરી દે. આપણે મજૂરી કરીને જીવીશું પણ અન્યાયના પૈસાથી જલસા નથી કરવા.' દીકરાએ કહ્યું કે 'કચકચ કરવાની રહેવા દે અને જે થાય છે તે જોયા કર.' ત્યારે એની

માએ કહ્યું કે, 'જો તું નહિ જ માને તો તને પોલીસમાં પકડાવીને જેલમાં નંખાવીશ.' પેલાએ કહ્યું 'મા થઈને મને જેલમાં પકડાવીશ?' ત્યારે માએ કહ્યું કે 'મા છું માટે જ તને ખોટાં કામ કરવા નહિ દઉં. નવ મહિના સુધી તને પેટમાં રાખ્યો તે આવાં કામ કરવા નથી રાખ્યો. તું જેલમાં જઈશ તો ચાલશે, પણ તને દુર્ગતિમાં નથી મોકલવો'. આમ રકઝક ચાલુ હતી. એવામાં દીકરાએ માને ધોલ મારી. એની માએ થોડી વારમાં પોલીસને ફોન કરી ઘરે બોલાવ્યા. અને પોલીસો આવીને તેના દીકરાના હાથમાં બેડી નાંખીને તેને લઈ ગયા. એ છોકરો જેલમાં ગયો અને એની મા તથા વહુ લોકોના કપડાવાસણ ધોઈને પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યા. તો કહો કે અનીતિનો પૈસો જોઈને આ ભવમાં પણ રાજી થવા જેવું છે ખરું?

સ. અન્યાયનો પૈસો સાત ક્ષેત્રમાં વાવીએ તો ઊગે ને?

ચોરીનાં બીજ લાવીને વાવો તો એનાથી અનાજ તો ઊગે પણ એ અનાજ તમારા ખાવામાં કામ લાગે કે પકડાઈ જાઓ તો બધું જપ્ત થઈ જાય? અન્યાયથી, કાળાં ધોળાં કરવાથી જે પૈસો મળે છે તે અસલમાં અન્યાયનું ફળ નથી, ભૂતકાળના પુણ્યનું એ ફળ છે. વર્ત્તમાનના અન્યાયનું ફળ તો આવતા ભવમાં કે આ ભવમાં પણ એ પુણ્ય પૂરું થશે એટલે ભોગવવા મળવાનું જ છે.

સ. ભૂતકાળના પુણ્યથી જ જો મળતું હોય તો નીતિ કરીએ તોપણ મળવું જોઈએ ને? નીતિ કરીએ તો ન મળે અને અનીતિ કરીએ તો મળે, તેનું શું કારણ?

તમે ભૂતકાળમાં જે પુણ્ય ભેગું કર્યું છે તે પાપાનુબંધી હોવાથી આવું બને. કારણ કે પાપાનુબંધી પુણ્ય તેને કહેવાય કે જે પાપ કરીએ તો જ ફળે, પાપ કર્યા વિના ન ફળે. આથી જ તમે નીતિ કરો છો ત્યારે એ પુણ્ય ફળતું નથી. આવા પુણ્યના અનુબંધો તોડવાનો એક જ ઉપાય છે કે પાપ કરીને જો પુણ્ય ફળતું હોય તો એવું પુણ્ય ભોગવવું નથી. એવા વખતે નીતિ કરીને જે કાંઈ મળે તેનાથી નિર્વાહ કરવો છે પણ અનીતિ તો નથી જ કરવી.

હવે અહીં શિષ્ય જે શંકા કરે છે-એ લગભગ તમારા મનનો જ પડઘો પાડે એવી છે. શંકા એ છે કે આ રીતે અન્યાયથી વ્યાપારનો પ્રતિષેધ કરવામાં આવે તો ગૃહસ્થને વિત્તની પ્રાપ્તિ જ નહિ થાય, વિત્ત વિના એના જીવનનો નિર્વાહ કઈ રીતે થશે? જો એ નિર્વાહનો ઉચ્છેદ થાય તો ચિત્તની સમાધિ નહિ રહે. અને જો આ ચિત્ત અસમાધિમાં હોય તો ધર્મ કેવી રીતે કરી શકાય?... આ શંકા બરાબર છે ને? તમે સૌ એમાં સમ્મત છો ને? આ શંકાના નિરાકરણમાં જણાવે છે કે:

**न्याय एव ह्यर्थाप्त्युपनिषत्परेति समयविद इति ।।८।।**

અર્થ એટલે કે ધનની પ્રાપ્તિ માટે ન્યાય એ જ અત્યન્ત રહસ્યભૂત ઉપાય છે. આ પ્રમાણે સમય એટલે શાસ્ત્રના જાણકારો કહે છે. વસ્તુતઃ આપણે અત્યારે જે ધંધો કરીએ છીએ તે નિર્વાહ માટે કરીએ છીએ કે જલસા માટે કરીએ છીએ? તમે કે અમે આજે નિર્વાહના બદલે જલસાનો પ્રયત્ન શરૂ કર્યો છે-એ જ અન્યાય છે. અમારે ત્યાં પણ પુણ્યને છોડીને ક્ષયોપશમભાવની સાધના કરવા આવેલા ક્ષયોપશમભાવને છોડીને પુણ્યની પાછળ પડે તો તે અન્યાય છે-એમ માનવું પડે ને? આજે અમે સાધુપણામાં આવીને ભણવાના બદલે વ્યાખ્યાનાદિનાં આયોજન કર્યા કરીએ તો પુણ્યની અપેક્ષા જાગી છે-એમ માનવું પડે ને? પહેલાં તો સાધુસાધ્વી માટે જે વાચના ચાલતી હતી તેમાં જ શ્રાવકો આવીને બેસતા હતા. આ તો શ્રાવકોને વાચનાના સમયે આવવાનું ફાવતું નથી તેથી તેમના માટે વ્યાખ્યાન શરૂ થયાં. બાકી એમાં સાધુસાધ્વીને પણ બેસવાનો અધિકાર છે અને તમને પણ અમારી વાચનામાં બેસવાનો અધિકાર છે.

**સ.** માત્ર સાધુસાધ્વી માટે જ વાચના છે, શ્રાવકો માટે નથીઃ એમ પણ કહે છે.

તેનું કારણ એ છે કે તમારામાં ગંભીરતા નથી, જાણીને બોલ્યા વિના રહેતા નથી માટે તમને નથી બેસાડતા. તમે તમારી ગંભીરતા પુરવાર કરો તો તમને પણ અમારી વાચનામાં બેસાડાય. ભગવાને શ્રાવકને પિસ્તાળીસ આગમ સાંભળવાનો અધિકાર આપ્યો છે તો અમારે એ અધિકાર છીનવવાનું કોઈ કામ નથી. શાસ્ત્રમાં શ્રાવકોને લહીયઠ્ઠા અને ગહીયઠ્ઠા કહ્યા છે. આગમના ભાવો જેણે પ્રાપ્ત કર્યા છે અને ગ્રહણ કર્યા છે-એવા શ્રાવકો હોય છે. કોઈ વાર પોતાના ગુરુથી ચાતુર્માસાદિ માટે જુદા જવાનું થવાથી સાધુઓ બાર વરસ સુધી ભેગા ન થાય ત્યારે આગમના પદાર્થોનું સમાધાન શ્રાવકો પાસેથી મેળવતા. પણ જે શ્રાવકને અભિમાન હોય અને સાધુએ મને પૂછ્યું હતું આવું આખા ગામમાં કહેતા ફરે તેવા શ્રાવકોને ન પુછાય. સાધુસાધ્વીના આચાર સાંભળે અને સાધુસાધ્વીમાં જોવા ન મળે તો તેમની નિંદા કરવા બેસે એવાનું અહીં કામ નથી. શાસ્ત્રના આચારો જોવામાં ન આવે તો તેવા વખતે સાધુપણું કેટલું અઘરું છે એ વિચારવું છે, કોઈ પાળતું નથી-એ જોવાનું કામ નથી. આપણે તો એ જણાવવું છે કે નિર્વાહ માટે અન્યાય કર્યો હોય તો તે એકવાર નભાવી લઈએ પણ જલસા માટે અન્યાય કરે તે તો કોઈ સંયોગોમાં ન ચાલે. તમે જિનદાસશ્રેષ્ઠી અને સાંતનુશ્રાવકની વાત સાંભળી છે ને? સાંતનુની સ્થિતિ એકાએક એવી કથળી ગઈ કે પાસે કશું રહ્યું નહિ. ધંધા માટે પણ પૈસા ન રહ્યા. જૈન કોઈની પાસે માંગે નહિ. છેવટે બીજો કોઈ ઉપાય ન મળવાથી ચોરી કરવાનું નક્કી કર્યું. એમાં પણ ધર્મીની જ ચોરી કરવાનું નક્કી કર્યું. ચૌદસના દિવસે

સાંતનુ જિનદાસ શ્રેષ્ઠીની પાસે જઈને બેઠો. ચોરી કરવી હતી માટે સામાયિક ન લીધું. કારણ કે સામાયિકમાં ચોરી કરાય નહિ. હાર લીધા પછી ત્યાં બેસી રહ્યો. જો બૂમાબૂમ થાય તો પાછો મૂકી દેવો એમ વિચારી બેઠો હતો. જિનદાસ શેઠે કશું કહ્યું નહિ. આથી સાંતનુ તે હાર લઈને ઘરે ગયો. જિનદાસ શેઠને એ રાત્રે ઊંઘ ન આવી; હાર ચોરાઈ ગયો માટે નહિ, સાધર્મિકને ચોરી કરવી પડી માટે. સાંતનુએ પત્નીના કહેવાથી એ જિનદાસશ્રેષ્ઠીને ત્યાં જ હાર ગીરવે મૂકવાનું નક્કી કર્યું. સાંતનુ જ્યારે ત્યાં આવ્યો ત્યારે શેઠનો દીકરો પેઢી ઉપર બેઠો હતો. તે કાંઈ આડુંઅવળું કહે તેના પહેલાં જ જિનદાસે તેનો પરિચય આપતાં કહ્યું કે 'આ સાંતનુ પાસે સાત પેઢી ચાલે એટલું ધન હતું, પણ અત્યારે ભાગ્યયોગે તેની સ્થિતિ કથળી ગઈ છે, એ ખાનદાન માણસ છે તે જે માંગે તે આપી દેજે' દીકરો પણ આજ્ઞાંકિત હતો. બાપાનો હાર ઓળખાઈ જવા છતાં હાર રાખીને તેને ધંધા માટે પાંચ હજાર રૂપિયા આપ્યા. સાંતનુએ ફરી વ્યાપાર શરૂ કર્યો. ભાગ્યયોગે કમાયો અને પાંચ હજાર રૂપિયા લઈને પાછા આપવા ગયો. શેઠે હાર કાઢીને પાછો આપ્યો. સાંતનુ શેઠના પગમાં પડ્યો અને સાધર્મિકની ચોરી કર્યાનું મિચ્છામિ દુક્કડં માંગ્યું. જિનદાસે તેને ઊભો કરીને પોતે સાધર્મિકનું ધ્યાન ન રાખ્યાનું મિચ્છામિ દુક્કડં માંગ્યું. બન્નેની આંખમાં પશ્ચાત્તાપના આંસુ હતા. તેવામાં ત્યાં શ્રી મહાવીરપરમાત્મા સમવસર્યા. સમવસરણમાં આ બાજુ સાંતનુ ચોરીની આલોચના લેવા ઊભો થયો અને ભગવાન પાસે તેનું પ્રાયશ્ચિત્ત માંગ્યું કે 'મેં સાધર્મિકની ચોરી કરી.' એની સાથે જ જિનદાસ શેઠ ઊભા થયા. તેમણે 'મેં સાધર્મિકનું ધ્યાન ન રાખ્યું.' એનું પ્રાયશ્ચિત્ત માંગ્યું. ભગવાને બંન્નેને શુદ્ધ કહીને બેસાડી દીધા. આપણી વાત તો એટલી જ છે કે અન્યાય કરતી વખતે નિવાર્હનો ઉચ્છેદ ન થાય એટલો પરિણામ હોય અને સામર્થ્ય આવ્યા પછી અન્યાયને પણ પાછો વાળવાની વૃત્તિ હોય તો એકવાર માફ કરી દઈએ પણ જેને અન્યાયથી જલસા કરવા છે તેને તો દારુણ વિપાકથી માફી નહિ મળે.

અહીં જણાવે છે કે અન્યાયથી પૈસો મળે જ નહિ, કારણ કે ન્યાય જ અર્થની પ્રાપ્તિનો પરમરહસ્યભૂત ઉપાય છે. આ ઉપાય સ્થૂલબુદ્ધિવાળા જીવો જાણી શકતા નથી, માની શકતા નથી માટે તેને અત્યંત રહસ્યભૂત ઉપાય કહ્યો છે. સ્થૂલમતિવાળા જીવો યોગ્ય-અયોગ્ય એવા અર્થના સમુદાયના વિભાગને જાણવાની કુશળતાથી રહિત હોવાથી તેઓ 'અન્યાયથી જ સુખ મળે છે, પૈસો મળે છે'-એવું માને છે. તેમને 'ન્યાયથી જ પૈસો મળે, અન્યાયથી ન જ મળે'-આ વાત સ્વપ્ને પણ સમજાય એવી નથી. અન્યાયના ભયંકર વિપાક સાંભળ્યા પછી પણ 'જે સૌનું થશે તે મારું થશે' આવું માનનારા સ્થૂલબુદ્ધિવાળા છે. પોતે શ્રીમંત હોવા છતાં ચોરી કરે, પોતાના ઉપયોગમાં ન આવતા પૈસાની પણ ઉઘરાણી નિર્દયપણે કરે-આ બધા ય જીવો સ્થૂલબુદ્ધિવાળા છે.

તમે જે પૈસા ધીરો તે તમારા ઘરખર્ચના પૈસા તો ન હોય ને? જે તમારા ઉપયોગમાં આવતા ન હતા એ જ પૈસા આપેલા ને? તો એવા નકામા પૈસા ખાતર શા માટે મારામારી કે ઝઘડો કરવો? જે ઉપયોગમાં ન આવે તેને નકામું કહેવાય. નકામી અને નાશવંત ચીજો માટે ઝઘડો કરવાનું કામ જૈન ન કરે. અઢાર પ્રકારનાં પાપ કરી જે પૈસો મળતો હોય તે નથી જોઈતો આટલો વિચાર આવે ને? હવે અહીં શિષ્યને એવી શંકા થાય કે ન્યાયથી પૈસો કઈ રીતે મળે છે-એ માટે આગળનું સૂત્ર છે.

**ततो हि नियमतः प्रतिबन्धककर्मविगम इति।।९।।**

આપણે જોઈ ગયા કે શાસ્ત્રકારોએ ન્યાયથી જ પૈસો મળે છે, અન્યાયથી નહિ; આ પ્રમાણે જણાવ્યું છે. જો વર્ત્તમાનનો ન્યાય ન હોય અને પૈસા મળે તો તે ભૂતકાળના ન્યાયના કારણે મળે છે-એમ સમજી જ લેવું. અહીં શંકા એવી થાય કે વર્ત્તમાનનો અન્યાય જો કામ ન લાગે તો ભૂતકાળનો ન્યાય કઈ રીતે કામ લાગે? તમને આવી શંકા ન થઈ ને? અહીં જણાવે છે કે ન્યાયના કારણે પ્રતિબંધક એવા કર્મનો વિગમ થવાથી પૈસો મળે છે. તમે ગમે તેટલું કહો કે અન્યાયથી પૈસો મળે છે, પણ એવું ક્યારેય બનતું નથી. પૈસો મળે તો ધર્મથી જ મળે, અધર્મથી-પાપથી ન જ મળે. જો અન્યાયથી કે પાપથી પૈસો મળતો હોય તો જેઓ વધુ અન્યાય કરે છે, અનેક પાપો કરે છે તેમની પાસે પૈસાના ઢગલા થયા હોત. એના બદલે એવા તો ઘણા ગુનેગારો આજે પણ જેલમાં છે ને? પૈસો જ્યારે પણ મળે ત્યારે આપણા લાભાન્તરાય કર્મનો અપગમ થવાથી મળે છે. પાપથી અન્તરાય ન તૂટે, ધર્મથી કર્મ તૂટે. અને ધર્મ એટલે ભગવાનની આજ્ઞા મુજબ જીવવું તે.

સ. અનીતિ કરીએ તો જ પુણ્ય ફળે-એવું જે કહ્યું તે સમજાતું નથી.

આ પાપાનુબંધી પુણ્ય બાંધ્યું તેનું પરિણામ છે. ધર્મ તો કર્યો પણ ધર્મ પાસે સંસારનાં સુખો માંગ્યાં તેથી પાપાનુબંધી પુણ્ય બંધાયું. જે માંગીને મેળવ્યું હોય તે પાપ કર્યા વગર નહિ મળે. તમે જો માંગ્યું ન હોત તો ધર્મ એની મેળે આપવાનો જ હતો. કારણ કે જ્યાં સુધી મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી આ સંસારમાં દુર્ગતિમાં જવું ન પડે અને સારી રીતે જીવી શકાય એવી અવસ્થામાં રાખવાનું કામ ધર્મ જ કરે છેઃ એમ શાસ્ત્રમાં કહ્યું છે. આમ છતાં આપણી ધીરજ રહેતી નથી તેથી માંગીને બગાડીએ છીએ ને? તેથી જ આપણે ધર્મ પાસે માંગવું નથી. માંગીને મળશે તો પાપ કરીને મળશે અને આવેલું ટકશે નહિ, ટકશે તો તેના ભોગવટાથી દુર્ગતિમાં જવું પડશે. બ્રહ્મદત્ત ચક્રવર્તીએ ચક્રવર્તીપણું માંગ્યું તો ચક્રવર્તી બન્યા ખરા. પરંતુ માંગીને મેળવેલું હોવાથી એમાં એવા

આસક્ત થયા કે ત્યાંથી મરીને સીધા સાતમી નરકે ગયા. મારા ગુરુમહારાજ પણ કહેતા હતા કે ધર્મ પાસે જે માંગવું હોય તે માંગો, બૈરી માંગો, છોકરા માંગો, ધર્મ બધું જ આપશે. પરંતુ માંગીને મેળવ્યું હશે તો એ બૈરાછોકરા છાતી પર બેસીને લોહી પીનારા મળશે. જે માંગીને મેળવ્યું હોય તે શાંતિથી ભોગવાતું જ નથી, ઉપરથી સંતાપ કરનારું બને છે. જે માંગ્યા વિના મળ્યું હોય તે સંતાપ ન કરાવે.

સ. જો માંગવાનું ન હોય તો મોક્ષ પણ માંગવો ન જોઈએ ને?

મોક્ષ પણ માંગવાનો નથી; કારણ કે મોક્ષ માંગીને નથી મળતો, આપણા પુરુષાર્થથી જ મળે છે. પરંતુ આ તો તમને ધનવૈભવ અને બૈરાછોકરા માંગવાની ટેવ પડી છે તે ટેવ કાઢવા માટે તમને મોક્ષ માંગવાનું જણાવ્યું છે. તમે સંસારનાં સુખો માંગવાનું બંધ કરો તો પછી મોક્ષ માંગવાની જરૂર નથી. જે કારણને સારી રીતે સેવે તેને કાર્ય મળવાનું જ છે તેમાં કાર્યની સફળતા માંગવાની જરૂર નથી. તમે ચારિત્રનું પાલન સારામાં સારી રીતે કરો તો મોક્ષ પણ માંગવો નહિ પડે. આથી જ સાતમા ગુણઠાણે સુખ અને દુઃખ પ્રત્યે જેમ સમભાવ આવે છે તેમ સંસાર અને મોક્ષમાં પણ ઉદાસીનતા આવે છે. જો ઉપાય બરાબર સેવ્યો હોય તો ફળ માંગો કે ન માંગો, ઈચ્છો કે ન ઈચ્છો મળવાનું જ છે. માટે એક વાત નક્કી છે કે આપણે સંસારનાં સુખો કે પુણ્ય માંગવું નથી. આપણે તો ચારિત્ર માંગવું છે. આપણે પુણ્ય ભોગવી ન શકીએ તોપણ ચારિત્ર લઈ શકીએ એમ છીએ. પૈસો કે અર્થકામ ધર્મથી જ મળે, પુણ્યથી જ મળે છે. જો એના માટે અન્યાય કરવો પડતો હોય તો અન્યાય કરીને ભૂતકાળના પુણ્યને ફળીભૂત કરવું અને દુર્ગતિની પરંપરા ઊભી કરવી એના કરતાં તો અર્થોપાર્જનને છોડીને ચારિત્ર લેવું સારું ને? તમે દશાર્ણભદ્ર રાજાની વાત સાંભળી છે ને? કોઈએ ન કર્યું હોય એવું સામૈયું ભગવાનનું કરવાનું તેમણે નક્કી કરેલું. પોતાની પાસે જેટલી કીમતી વસ્તુ હતી તે બધી જ તેમણે સામૈયામાં વાપરેલી. સામૈયું તો અદ્ભુત હતું પરંતુ બધા કરતાં ચઢિયાતું કરવાનો જે પરિણામ હતો તે માનનો હતો.આટલું સુંદર સામૈયું કરવા છતાં માનના કારણે નિર્જરા ન થાય-આથી ઈન્દ્રમહારાજે તેમના એ માનના પરિણામને કાઢવા માટે તેમના કરતાં ચઢિયાતું સામૈયું લઈને ભગવાનની પાસે આવ્યા. ઐરાવણ હાથી ઉપર બેસીને ઈન્દ્ર આવ્યા. એ હાથીની સૂંઢ ઉપર એક કમળ ગોઠવેલું હતું અને કમળની પાંખડીઓ ઉપર દેવાંગનાઓ નૃત્ય કરતી હતી. અને હાથી ચાલતો હતો. આ તો રસ્તામાં દાંડિયારાસ લે અને અમને ઊભા રાખે. ઈન્દ્રમહારાજાની સામે દશાર્ણભદ્રને પોતાનું સામૈયું સાવ ફીકું લાગ્યું. તેમને એમ થયું કે ઈન્દ્રમહારાજા આગળ હું હારી ગયો.

આ રીતે માનભંગ થવાથી તેમણે ઈન્દ્ર કરતાં ચઢિયાતા જેનાથી બનાય તેવું ચારિત્ર ત્યાં જ અંગીકાર કર્યું. ત્યારે ઈન્દ્રમહારાજાએ તેમના પગમાં પડીને કહ્યું કે-'હે રાજર્ષિ! તમે જીત્યા અને હું હાર્યો.'આપણી વાત એ છે કે ઈન્દ્રાદિ દેવતાઓ પુણ્ય ભોગવી શકે, પણ ચારિત્ર ન લઈ શકે. જ્યારે આપણને પુણ્ય ભોગવવા મળે કે ન મળે પણ ચારિત્ર તો મળી શકે એમ છે. દેવો ચારિત્ર લેવા માટે મનુષ્યપણાને ઝંખે અને મનુષ્ય દેવ થવાની ઈચ્છા રાખેઃ આ તો મૂર્ખાઈની હદ છે ને? જેને મનુષ્યપણાનાં સુખમાં પણ આસક્તિ થતી હોય એવાઓ દેવલોકના સુખમાં તો ચોંટી જ પડવાના. તેથી એમ કહેવું પડે કે જેને મનુષ્યલોકનાં સુખો ગમે તે દેવલોકમાં ન જાય તો સારું.

સ. જે અહીં વિરાગી હોય તે દેવલોકમાં વિરાગી રહી શકે ને?

એટલે વિરાગથી પણ દેવલોકનાં સુખો ભોગવવાં છે-એમ જ ને? જેઓ અહીં વિરાગી હોય તેઓ તો વૈરાગ્યથી ચારિત્રપાલન કરીને વીતરાગભાવને પામી જાય, દેવલોકમાં શા માટે જાય? દેવલોકમાં જવું એ ધર્મનું ફળ નથી, ધર્મ વિશુદ્ધિપૂર્વક કરતાં ન આવડ્યો તેનું એ પરિણામ છે. જે મોક્ષમાં જવા નીકળ્યો હોય તેને દેવલોકમાં જવું પડે-એ પાલવે એવું છે? ધર્મ કરવાથી દેવલોકનાં સુખો ન મળે, ધર્મ કરતાં કરતાં એ ધર્મ બરાબર ન કર્યો હોય, અધૂરો કર્યો હોય તો દેવલોકનાં સુખો મળે. ધંધો કરવાથી નુકસાન થાય કે ધંધો કરતાં કરતાં ધ્યાન ન રાખે તો નુકસાન થાય?

આપણી વાત તો એ ચાલુ છે કે અર્થકામ પણ પાપ કરીને નથી મળતા, અનીતિથી નથી મળતા, ધર્મથી-ન્યાયથી જ મળે છે. ધર્મથી મોક્ષ ન મળે ત્યાં સુધી એ ધર્મ જ આપણને સંસારમાં ઊંચામાં ઊંચી સ્થિતિમાં રાખે છે. એ ધર્મ પરિપૂર્ણ બને ત્યારે મોક્ષે પહોંચાડે છે. પરંતુ અધર્મથી તો ક્યારેય સંસારનાં સુખો ન જ મળે. ધર્મથી મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી સંસારમાં સારી અવસ્થા મળવાની જ હોય તો ધર્મ પાસે માંગવાનું શું કામ છે? માંગવાના કારણે ધર્મથી બંધાયેલા પુણ્યમાં અનુબંધ પાપના પડે છે. તેથી માંગવાની વૃત્તિ કાઢવી છે-કારણ કે એ એક પ્રકારની અધીરાઈ છે. ધર્મ કરતી વખતે અધીરાઈ કે ઉતાવળ ન કરવી. ધર્મ કરવા માટે ઉતાવળ કરશો તો ચાલશે, પણ ધર્મ કરતી વખતે તો ઉતાવળ ન કરવી, ધીરતાથી કામ લેવું. પાપાનુબંધી પુણ્ય પાપ કરાવીને ફળે તોપણ તે પાપનું ફળ તો આ ભવ કે પરભવમાં ભોગવવું જ પડવાનું. બે ઈંજિનિયર સરખી પોસ્ટ ઉપર હતા. એક તો લાંચ લઈને ઘણા પૈસા કમાયો. તેની પત્નીના હાથમાં ઘડિયાળ આવી ગઈ, વીંટી પણ આવી ગઈ. ત્યારે બીજા ઈંજિનિયરની પત્નીએ કહ્યું કે 'તમારી બેની નોકરી સરખી છે છતાં પેલાને કેટલા પૈસા મળે છે, એની

પત્નીના હાથમાં ઘડીયાળ આવી ગઈ' પેલો કશું ન બોલ્યો. થોડા દિવસમાં પેલા ઈંજિનિયરની આ કારવાઈ પકડાઈ ગઈ અને તેના હાથમાં બેડી નાંખીને તેને જેલમાં લઈ ગયા. તેનું બધું જપ્ત કરી લીધું અને એની વહુને લોકોનાં કપડાં વાસણ કરીને ગુજરાન ચલાવવાનો વખત આવ્યો ત્યારે બીજા ઈંજિનિયરે તેની પત્નીને કહ્યું કે 'હવે સમજાયું ને કે એની જેમ પૈસા લાવત તો તારા હાથમાં ઘડિયાળ આવત અને મારા હાથમાં બેડી આવત.' હવે પત્ની શું કહે? હરામનો પૈસો ક્યારે ય પચવાનો નથી એટલું યાદ રાખજો. એક માણસે કોઈનું ખૂન કર્યું અને પોલીસ સ્ટેશન ઉપર જઈને કહ્યું કે મેં આ ખૂન કર્યું છે, પણ બીજા કોઈ પણ માણસને ગુનેગાર ઠરાવીને એને સજા આપી દેજો. આ પ્રમાણે કહીને પોલીસોને તથા તેના અગ્રણી મોટા ફોજદારને પૈસા ખવડાવ્યા. બધાને પૈસા મળ્યા હોવાથી પેલાને નિર્દોષ છોડી મૂક્યો અને બજારમાં એક ખેડૂત ગામમાંથી કંઈક ખરીદી કરવા માટે આવેલો તેને પકડ્યો અને કહ્યું કે 'એક તો ચોરી કરે છે, ખૂન કરે છે અને પાછો આમ બજારમાં ફરે છે.' પેલો કશું બોલે એના પહેલાં બે દંડા મારીને તેને બેડી પહેરાવી જેલમાં લઈ ગયા અને એની પાસે ગુનો કબૂલાવવા માટે સહી કરવાનું કહ્યું, પેલો ના પાડે છે કે 'મેં ખૂન કર્યું જ નથી.' ત્યારે પેલા ફોજદારે તે ખેડૂતને રિમાંડ ઉપર લીધો. ખેડૂતને નીચે પાડીને તેની છાતી ઉપર ચડી બેઠો અને દાંત ઉપર પ્રહાર કરવા નીચો નમ્યો એટલામાં પેલા જોરાવર ખેડૂતે બે હાથે તેનું ગળું દબાવીને પેલા ફોજદારને મારી નાંખ્યો. અને ઊઠીને પેલા પોલીસોને કહ્યું કે 'લાવો, હવે હું સહી કરી આપું કે આ ખૂન મેં કર્યું છે.' પેલા પોલીસો ડઘાઈ ગયા. તેમણે કહ્યું કે 'ભાઈ તું અહીંથી ભાગી જા. તારા જેવા નિર્દોષને સજા કરીને અમને નરકમાં પણ સ્થાન નહિ મળે.' આ પ્રમાણે કહીને પેલા ખેડૂતને છોડી મૂક્યો. પેલા ફોજદારને અન્યાયનો પૈસો ન ફળ્યો ને? માટે ન્યાયથી જ પ્રતિબંધક કર્મનો નાશ થવાથી પૈસો મળે છે, અન્યાયથી નહિ જ–આટલી શ્રદ્ધા કેળવી લો.

ન્યાયના કારણે પ્રતિબંધક કર્મનો નાશ કઈ રીતે થાય છે તે માટે રોગની ચિકિત્સાનું દૃષ્ટાન્ત અહીં જણાવ્યું છે. જે માણસે અપથ્ય ખાધું હોય એના કારણે તેને તાવ કે અતિસાર વગેરે થયો હોય તેને સારો વૈદ્ય પહેલાં લંઘન કરાવે એટલે કે બે દિવસ ભૂખ્યો રાખે. પછી જ એ અપથ્યની અસર ઓછી થાય એટલે તાવ ઊતરી જાય. ત્યાર પછી જે કાંઈ ખોરાક લે તે પરિણામ પામે. તેવી રીતે પહેલાં અનીતિના કારણે, પાપના કારણે અંતરાયાદિ કર્મો ભેગાં કર્યાં હોય ત્યાર બાદ અનીતિ બંધ કરીએ અને ન્યાય કરીએ તેના કારણે એ કર્મો વીખરાવા માંડે. જેમ પેટનો મળ નાશ થાય ત્યારે આરોગ્યની પ્રાપ્તિ થાય. તેમ અહીં પણ ન્યાય કરતાંની સાથે પૈસો ન મળે, પ્રતિબંધક કર્મનો નાશ થાય

તેની રાહ જોવી પડે. આપણે જેટલાં કર્મો કર્યાં છે તે કર્મો જ્યાં સુધી તૂટશે નહિ ત્યાં સુધી અર્થની પ્રાપ્તિ નહિ જ થાય. આથી જ આગળના સૂત્રમાં જણાવ્યું છે કે:

**सत्यस्मिन्नायत्यामर्थसिद्धिरिति ।।१० ।।**

પ્રતિબંધક કર્મનો વિયોગ થયે છતે ભવિષ્યમાં અર્થની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી એ કર્મનો નાશ ન થાય ત્યાં સુધી અર્થની પ્રાપ્તિ નથી થતી. એનો અર્થ એ નથી કે ન્યાય જે કર્યો તે નિષ્ફળ જાય છે. આ નીતિધર્મ પણ ભગવાને બતાવેલો છે. ધર્મ જો ધર્મ હશે તો તે ફળ્યા વગર નહિ રહે. તેથી ધર્મ ઉપર અશ્રદ્ધા રાખવાની જરૂર નથી. તેમ જ બધા ધર્મને સરખા માનવાની પણ જરૂર નથી. કેવલિભગવંતે પ્રરૂપેલો ધર્મ જ ધર્મ છે. જે સંસારમાં સુખી રાખે એ પણ ધર્મ અને સંસારથી છોડાવે-એ પણ ધર્મ: આવું તો ન હોય ને? બધા ધર્મને ધર્મ ન કહેવાય, બધા ગુરુને ગુરુ ન કહેવાય, બધા દેવને દેવ ન કહેવાય. શ્રી સુલસા સતીને ઘણાએ કહ્યું કે પચીસમા તીર્થંકર આવ્યા છે છતાં તે એકનાં બે ન થયાં. બધા દેવને દેવ માને, બધા ગુરુને ગુરુ માને, બધા ધર્મને ધર્મ માને, તેઓને દેવગુરુધર્મની પ્રાપ્તિ ક્યાંથી થાય? આપણે સમદર્શી નથી બનવું, તત્ત્વદર્શી બનવું છે.

સ. એવું સાંભળ્યું છે કે બીજા ધર્મમાં જે કાંઈ સારું છે તે આપણે ત્યાંનું છે.

તમે અધૂરું સાંભળ્યું છે. બીજા ધર્મમાં જે સારું છે તે આપણા ધર્મમાંથી ગયેલું છે પરંતુ ત્યાં ગયેલું સારું, સારું રહેતું નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે મિથ્યાદષ્ટિના હાથમાં ગયેલું જે સમ્યક્શ્રુત છે તે સમ્યગ્ નથી રહેતું, મિથ્યા બની જાય છે. તો અન્યદર્શનમાં જેટલું સારું દેખાય છે તે સારું નથી ને? કારણ કે વાત ભગવાનની હોવા છતાં અન્યદર્શનકારોએ તે પોતાના નામે રજૂ કરી. તમારે ત્યાં પણ કંપનીનો માલ લઈને તેનો માર્કો બદલી નાંખો તો તે કાયદેસર ગુનો કહેવાય ને? એ માલ મીલનો ગણાય કે ચોરીનો ગણાય? તેથી અન્યદર્શનમાં પણ સારું હોય છે-એવું માનવાનું કે બોલવાનું કામ ન કરવું. આ વાત તો એના માટે જણાવેલી કે જેઓ બધા ધર્મને સારા માને તેઓ જૈન ધર્મને પામી શકે. મિથ્યાદષ્ટિઓને સારા માનવા માટે આ વાત નથી, મિથ્યાદષ્ટિને સમ્યગ્દષ્ટિ બનાવવા માટેની આ વાત છે. બાકી તો મિથ્યાદર્શનમાં કશું સારું નથી, સારું દેખાય છે તે પણ મિથ્યાત્વથી વાસિત હોવાથી સારું નથી.

આ જૈન ધર્મ સિવાયનો એક પણ ધર્મ આ સંસારથી તારનારો નથી. એ જ રીતે આ સંસારની એક પણ ચીજ જન્મમરણનાં દુ:ખોથી બચાવવા માટે સમર્થ નથી. આ

સંસારમાં એક પણ ચીજ સારી લાગે તે ક્યારે ય મોક્ષમાં જઈ ન શકે. સંસારની બધી જ ચીજ નિર્ગુણ લાગે ત્યારે જ મોક્ષ મળે. આપત્તિઓ તો નિર્ગુણ લાગે, પરંતુ સંપત્તિ પણ નિર્ગુણ લાગે ત્યારે મોક્ષ મળે. સંપત્તિ અને વિપત્તિ બંન્ને નિર્ગુણ લાગે તેને જ મોક્ષ મળે. જેને સંપત્તિ ગુણરૂપ લાગે અને સંપત્તિનો અભાવ વિપત્તિરૂપ લાગે તેઓ જન્મ-મરણને ટાળી ન શકે. જેમને સંસાર નિર્ગુણ લાગે અને સાધુપણું સારભૂત લાગે તે જ મરણથી બચી શકે.

આપણે જોઈ ગયા કે ન્યાયના કારણે લાભાન્તરાયકર્મ તૂટે ત્યારે અર્થની પ્રાપ્તિ એની મેળે જ થાય છે. અહીં શિષ્ય શંકા કરે છે કે 'ન્યાયથી અર્થપ્રાપ્તિ થાય છે-એ બરાબર છે, પરંતુ અમને અન્યાયથી પણ અર્થપ્રાપ્તિ થાય છે તો કરવા દો ને? ભલે ભૂતકાળના પુણ્યથી મળતું હોય તોપણ અત્યારે અનીતિથી મળે છે તો મેળવવામાં શું વાંધો છે'-તો તેના નિરાકરણમાં આગળના સૂત્રથી જણાવે છે કે:

**अतोऽन्यथाऽपि प्रवृत्तौ पाक्षिकोऽर्थलाभो निःसंशयस्त्वनर्थ इति ।।११।।**

આ રીતે ન્યાયથી જ અર્થપ્રાપ્તિ ન કરીએ અને અન્યાયથી પણ અર્થ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરીએ તો અર્થની પ્રાપ્તિ પાક્ષિક-વિકલ્પે થાય છે. અર્થાદ્ ભૂતકાળનું પુણ્ય હોય તો થાય અને ન હોય તો ન પણ થાય, જ્યારે અન્યાયના કારણે અનર્થની પ્રાપ્તિ તો સંશયરહિતપણે અર્થાત્ ચોક્કસપણે થવાની, તેથી અન્યાય તો કોઈ પણ સંયોગોમાં કરવાયોગ્ય નથી. આ વિષયમાં ટીકાકારશ્રી જણાવે છે કે અન્યાયથી પૈસા કમાવાની પ્રવૃત્તિ તો લગભગ અશક્ય છે. કારણ કે અન્યાય કરવાના કારણે રાજાનો દંડ થવાનો ભય પૂરતો છે તેથી મોટા ભાગે કાયદાના ભયથી પણ લોકો અનીતિ કરવાના નથી. કહ્યું પણ છે કે જેઓ રાજદંડના ભયથી પાપનું આચરણ કરતા નથી તેઓ અધમ છે. જેઓ પરલોકના ભયથી પાપ નથી કરતા તેઓ મધ્યમ જીવ છે અને જેઓ સ્વભાવથી જ પાપ નથી કરતા તે જીવો ઉત્તમ છે. આ રીતે અધમ જીવો પણ અન્યાયનું પાપ કરવા માટે રાજી નથી. પાપ કરવાનું મન હોવા છતાં વર્તમાનમાં સજા ન થાય એ માટે પાપની પ્રવૃત્તિ કરતા નથી. આ જીવો માત્ર આ લોકના દુઃખના ભયથી પાપ નથી કરતા, બાકી પાપનો ભય તેમને હોતો નથી માટે તેમને અધમ કહ્યા. આ રીતે ઉપર જણાવેલા ત્રણ પ્રકારના જીવોમાંથી કોઈ અનીતિ સેવે એવા નથી. તેથી જણાવે છે કે કોઈક જીવ અધમાધમતાનું અવલંબન લઈને અનીતિનું પાપ આચરે તોપણ તેને અર્થની સિદ્ધિ થાય જ એવું નથી. આના ઉપરથી સમજાય છે ને કે જેઓ અન્યાયથી ધંધો કરે છે તેઓ અધમાધમ છે. આ રીતે અધમાધમ બનીને અન્યાયથી ધંધો કરનારને પણ પૈસો મળે

જ એની ખાતરી નથી. પૈસો મળે તો, તેવા પ્રકારની અશુદ્ધ સામગ્રીથી સાપેક્ષ છે વિપાક જેનો એવા અશુભાનુબંધી પુણ્યનો ઉદય હોય ત્યારે જ મળે. અર્થાદ્ પાપાનુબંધી પુણ્ય કે જે વિપાકમાં પાપ કરાવ્યા વિના ન રહે તેનો ઉદય હશે તો જ અનીતિથી પૈસો મળશે. જ્યારે અનીતિ સેવવાના કારણે જે અશુભ કર્મ બંધાય તે તો ભવિષ્યમાં પોતાનો કટુ વિપાક બતાવ્યા વિના નહિ રહે, વર્ત્તમાનમાં પૈસો મળે તોપણ અનીતિથી બંધાયેલા પાપના ઉદયમાં દારિદ્ર, દુર્ગતિ વગેરે કટુ પરિણામ અવશ્ય ભોગવવા જ પડશે. કારણ કે કહ્યું છે કે-કરેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે. અબજો કલ્પ ગયા પછી પણ જે કર્મ નિકાચિત હશે તે ભોગવ્યા વિના ક્ષય પામતું નથી. જે અનીતિથી પૈસો મળે એ નક્કી નથી અને ઉપરથી જેના કારણે ભયંકર અનર્થ સર્જાયા વિના નથી રહેતો તે અનીતિથી ધંધો કરવાનું કયો બુદ્ધિમાન માણસ પસંદ કરે. આ રીતે આપણે ગૃહસ્થધર્મનો પહેલો આચાર ન્યાયસંપન્ન વિભવ જોઈ ગયા. હવે ગૃહસ્થધર્મમાં વિવાહના પ્રકારને જણાવે છે.

**૨) तथा समानकुलशीलादिभिरगोत्रजैर्वैवाह्यमन्यत्र बहुविरुद्धेभ्य इति ।।१२।।**

અત્યાર સુધીમાં આપણે જોઈ ગયા કે અનીતિથી ધંધો કરવાના કારણે પૈસો મળે કે ન મળે, ભવિષ્યમાં અનર્થ તો ચોક્કસ થવાનો જ છે. તેથી ગમે તેટલા કપરા સંયોગો આવે તોપણ અનીતિથી પૈસો ભેગો નથી કરવો. એક તો ધંધો કરવો એ જ પાપ છે, એમાં ય અનીતિ કરવી એ મહાપાપ છે. આપણે તો એ જણાવવું છે કે જેઓ બિનજરૂરી ધંધો કરે તે ન્યાયથી કરે તોપણ તે યોગ્ય નથી. જેમ અમારે ત્યાં ગોચરી લાવવી હોય તો નિર્દોષ લાવવી. બિનજરૂરી આહાર નિર્દોષ લાવે તો ય ન ચાલે. બિનજરૂરી આહાર લેવો એ પણ એક દોષ છે. તેમ તમે પણ બિનજરૂરી ધંધો ન્યાયથી પણ કરો તો ય તે અનીતિ છે. અનીતિનું પાપ એના કડવા વિપાક બતાવ્યા વિના નહિ રહે. અનીતિના પૈસાથી ગમે તેટલો ધર્મ કરીએ તોપણ અનીતિનું પાપ માફ નહિ થાય. ધર્મસત્તા અને કર્મસત્તાને પરસ્પર કોલ છે. જે ધર્મ કરે તેને કર્મ હેરાન ન કરે, જે ધર્મ ન કરે તેને કર્મ હેરાન કર્યા વિના ન રહે. ધર્મ કરવા માટે ઈચ્છાને બાજુ પર મૂકવી પડશે. ઈચ્છાને શાંત કરવા માટે સૌથી પહેલાં તેને ઈંધન-બળતણ આપવાનું કામ બંધ કરવું છે. વિષય હોય કે કષાયઃ તેને શાંત કરવાનો ઉપાય એક જ છે કે તેને પુષ્ટ ન કરવા. ગમે તેટલું દુઃખ આવે તોપણ ફરિયાદ નથી કરવી, ગમે તેટલું સુખ જતું હોય તોય માંગવું નથી. દુઃખ આવ્યા પછી દોડાદોડ કરવી તેના બદલે શાંતિથી ભોગવી લેવું સારું ને? આપણું આયુષ્ય જો બળવાન હશે તો આપણને મારનારું કોઈ નથી. અને આપણું આયુષ્ય નહિ હોય તો કોઈ આપણને તારનારું નથી આપણે ગૃહસ્થનો સામાન્યધર્મ સમજવા બેઠા

છીએ. ગૃહસ્થપણાનો ધર્મ કરતી વખતે આપણી પાસે સત્ત્વ ન હોવાથી સુખ છોડી ન શકીએ તોપણ સુખ માટે પાપ નથી કરવું. સુખ છોડી દેવું તેનું નામ સાધુપણું. થોડુંઘણું સુખ છોડવું તેનું નામ દેશવિરતિ. સુખ છોડી ન શકાય તોપણ પાપથી સુખ ન મેળવવું તેનું નામ ગૃહસ્થપણું. પાપથી દુ:ખ આવે-એવી સમજ તે સમ્યક્ત્વ. પાપથી સુખ મળે-એવી સમજ તે મિથ્યાત્વ. આ મિથ્યાત્વને કાઢવા માટે અહીં ગૃહસ્થપણાના સામાન્યધર્મનાં સૂત્ર જણાવ્યાં છે. પહેલા ધર્મનો સાર એ છે કે ન્યાયથી કમાવું-એ ધર્મ નથી, અન્યાયથી ધંધો ન કરવો-એ જ ધર્મ છે. આપણે આ સંસારમાં રહ્યા છીએ તે સત્ત્વ નથી માટે રહ્યા છીએ ને? કે કર્ત્તવ્યપાલન માટે રહ્યા છીએ?

અર્થની વાત પૂરી કરી, હવે કામની વાત શરૂ કરવી છે. અર્થ અને કામ વિના આ સંસાર ચાલતો નથી માટે પહેલાં બે સૂત્રો અર્થકામસંબંધી જણાવ્યાં છે. ત્યાં જેમ કમાવાની વાત નથી, નહિ કમાવાની વાત છે તેમ અહીં પણ પરણવાની વાત નથી, નહિ પરણવાની વાત છે. પૂર્વસૂત્રમાં જેમ કેવો ધંધો કરવો એ ન જણાવતાં કેવો ધંધો ન કરવો એ જણાવ્યું છે, તેમ અહીં પણ કોની સાથે પરણવું-એ બતાવવાનું તાત્પર્ય નથી, આનાથી ભિન્ન એવા પાત્ર સાથે ન પરણવું-એ ધર્મ છે. ગૃહસ્થપણામાં પરણવું પડે તોપણ ભગવાન જેની સાથે ના પાડે છે તેની સાથે તો નથી જ પરણવું. સુખ છોડી નથી શકતા, પણ એનો અર્થ એ નથી કે પાપ કરીને સુખ ભોગવવું છે. પુણ્યથી મળેલાં સુખો જો ભોગવવા માંડે તો સાધુનું સાધુપણું જાય. પાપથી સુખ મેળવવા પ્રયત્ન કરે તો સમ્યક્ત્વ જાય અને પાપથી પણ સુખ મળે-એવું માનવાથી મિથ્યાત્વ દઢ થાય. અહીં જે પાત્રો બતાવ્યાં છે, તેનાથી વિપરીત પાત્ર મળે તો પરણવું નથી. અર્થકામની પ્રવૃત્તિ તો લોકો અનાદિકાળથી વિના ઉપદેશે કરે જ છે. તેથી તેના માટે ધર્મનું વિધાન ન હોય. ધર્મ તો નિવૃત્તિપ્રધાન છે ધંધો કરવાની કે પરણવાની વાત તો લોકો જે કરે છે તેના અનુવાદરૂપે છે, એનું વિધાન શાસ્ત્રમાં ન હોય. આજે ઘણાં સાધુસાધ્વી એવું સમજાવે છે કે 'આપણા ભગવાને આપણી ઘણી ચિંતા કરી છે, કઈ રીતે ધંધો કરવો અને કઈ રીતે પરણવું-એ પણ આપણા ભગવાને સમજાવ્યું છે.' આવું જે કહે તેમની વાતમાં આવીને તમે ઊંધો અર્થ કરી ન બેસો તે માટે વારંવાર આ વસ્તુ સમજાવાય છે. આપણા ભગવાન આપણા સુખી સંસારના સર્જક ન હોય, આપણા સંસારનો ત્યાગ કરાવનારા હોય: આટલું યાદ રાખીને આ સૂત્ર વાંચવું છે. ચોથે મૈથુનને પાપ તરીકે જણાવનારા ભગવાન પરણવું-એ પણ ધર્મ છે: એવું કોઈ કાળે ન જણાવે.

અહીં જણાવ્યું છે કે જેનું કુળ સમાન હોય, જેનું શીલ એટલે કે સદાચાર-ધર્મસંબંધી આચાર સમાન હોય; 'આદિ' પદથી જેનો વિભવ, વેષ, ભાષા વગેરે સમાન

હોય, જેઓ એકગોત્રના ન હોય તેમ જ ઘણા લોકોથી વિરુદ્ધ ન હોય એવાની સાથે વિવાહ કરવો. ઉચ્ચ કુળમાં જન્મેલ જો નીચકુળમાં જન્મેલ સાથે વિવાહ કરે તો તેવા પ્રકારના સંસ્કારની ખામીના કારણે કાયમ માટે અસંતુષ્ટપણે જીવવું પડે. શીલ એટલે સદાચાર. મદિરાનો ત્યાગ, માંસભક્ષણનો ત્યાગ, તેમ જ રાત્રિભોજનનો ત્યાગ વગેરે આચાર સરખા હોવા જોઈએ. 'આદિ' થી માખણ, અભક્ષ્ય, અનન્તકાય વગેરેનો ત્યાગ પણ સમજી લેવો. તમે રાત્રિભોજન ન કરતા હો, અભક્ષ્ય અનન્તકાય ન ખાતા હો અને સામું પાત્ર એ બધું ખાતું હોય તો તેના કારણે લગભગ રોજ કલહ થાય. શીલાદિના 'આદિ' પદથી વિત્ત વગેરેનું ગ્રહણ કર્યું છે. કન્યા શ્રીમંત કુટુંબની હોય તો તેના પતિને સિદાવું પડે અને કન્યા જો દરિદ્ર કુટુંબની હોય તો તેને પતિ વગેરે તરફથી નિર્ભર્ત્સના વેઠવાનો વખત આવે તેથી સમાન વિત્ત-વિભવનું ગ્રહણ કર્યું. એ જ રીતે વેષમાં પણ સમજી લેવું. મર્યાદાના સૂચક વેષ પહેરવાના બદલે જે ઉદ્‌ભટ વેષ પહેરતા હોય તેવા સાથે વિવાહ ન કરવો. ભાષા પણ સમાન જોઈએ. એ જ રીતે એક જ ગોત્રનાની સાથે વિવાહ ન કરવો. કારણ કે તેના કારણે તે તે ગોત્રમાં જ્યેષ્ઠકનિષ્ઠના વ્યવહારનો લોપ થાય. કન્યાનો પિતા જ્યેષ્ઠ હોવા છતાં તેને કનિષ્ઠ બનવું પડે. તેમ જ અત્યાર સુધી ભાઈ-બહેન કે કાકા-ભત્રીજી, મામા-ભાણી વગેરેના જે સંબંધનો વ્યવહાર થતો હોય તેનો ભંગ થાય, તથા પૂર્વે આચરેલ વિનયનો પણ ભંગ થવાથી મહાન અનર્થ સર્જાય માટે તેવું ન કરવું. એ જ રીતે સમાનકુલાદિ હોવા છતાં જેને ઘણાની સાથે વિરોધ હોય તેની સાથે પરણવાથી પોતે અપરાધી ન હોવા છતાં તેમની સાથે વેવાઈનો સંબંધ બંધાવાથી આપણે પણ તે લોકોના વિરોધી બનીશું. તેના કારણે આ લોક કે પરલોકસંબંધી કાર્યોની ક્ષતિ થશે. લોકમાં પણ કહ્યું છે કે સંપત્તિઓ જનાનુરાગ અર્થાદ્ જનપ્રિયત્વના કારણે પ્રાપ્ત થાય છે.

અહીં શાસ્ત્રકારોએ જે ગૃહસ્થપણાનો ધર્મ બતાવ્યો છે તે શું કરવાનું છે તે જણાવનારો ધર્મ નથી, શું નથી કરવાનું-તે જણાવનારો ધર્મ છે. ધંધો કેવી રીતે કરવો અને સુખ કેવી રીતે ભોગવવું: એ જણાવવાનું કામ આ ગૃહસ્થના સામાન્યધર્મમાં નથી કર્યું. ધંધો કરતી વખતે અનીતિ ન કરવી અને પરણતી વખતે સમાનકુલશીલાદિ ન મળે તો પરણવાનું સુખ ભોગવવું નહિ-એનું નામ ધર્મ. ધર્મ નિવૃત્તિપ્રધાન છે, પ્રવૃત્તિપ્રધાન નહિ.

સ. સારી પ્રવૃત્તિ એ ધર્મ નહિ?

શુભ પ્રવૃત્તિ પણ અશુભની નિવૃત્તિ માટે કરવાની છે. અશુભમાં પ્રવૃત્તિ ન થાય તે આશયથી શુભ પ્રવૃત્તિ કરવાનું જણાવ્યું છે. તમે સામાયિક લઈને જો સ્વાધ્યાય નહિ

કરો તો સામાયિકના બત્રીસ દોષ લાગ્યા વિના નહિ રહે. આજે તમને ધર્મ કરવો ગમે છે, પણ પાપ છોડવું નથી ને? પાપ ચાલુ રાખીને ધર્મ કરીએ છીએ માટે જ ધર્મ કરવા છતાં પાપનો નાશ નથી થતો. ધર્મ કરવાથી, કરેલું પાપ માફ નહિ થાય.

સ. આલોચનાથી તો માફ થાય ને?

આલોચનાથી પાપ માફ ન થાય. આલોચના તો પાપનું ફળ જે દુઃખ છે તે, તપ વગેરે દ્વારા ઉદીરણા કરીને વહેલું ભોગવી લેવા માટે છે. તમે જે તપ કે સ્વાધ્યાય વગેરે ભગવાનની આજ્ઞા મુજબ કરો તેના કારણે, જે દુઃખ ભવિષ્યમાં પાપના ફળરૂપે આવવાનું હતું તે અત્યારે જ ઉદીરણા કરીને ભોગવી લેવાય છે. તેનો અર્થ એ નથી કે પાપનું ફળ માફ થઈ ગયું છે. ભવાલોચના લેનાર જો દીક્ષા લેવા તૈયાર થાય તો તેને આલોચના આપતા નથી. કારણ કે હવે તે સાધુ થઈને સંયમ તપ વગેરે દ્વારા એ પાપનું ફળ ભોગવી લેવાનો છે. કેવળજ્ઞાની ભગવન્તો પણ મોક્ષમાં જતી વખતે કર્મોની સ્થિતિ અધિક હોય તો તેને ખપાવવા માટે સમુદ્ઘાત કરે. પાપને માફ કરવાની વાત ધર્મને પામેલો ન કરે. તપના કારણે નિકાચિત કોટિનાં પણ કર્મો ખપે છે તેનું કારણ જ આ છે. એ કર્મનું ફળ તપ દ્વારા કરેલી કર્મની ઉદીરણાથી ભોગવી લીધું છે. તેથી નક્કી છે કે ધર્મ પાપની નિવૃત્તિમાં જ સમાયેલો છે.

અહીં પ્રસંગથી વિવાહસંબંધી લૌકિક નીતિશાસ્ત્રની વાત પણ કરી છે. આપણે એની ઉપર આસ્થા નથી રાખવી. આ તો ઉપાદેય પદાર્થની સાથે હેય પદાર્થનું જ્ઞાન પણ કરાવવું છે તેથી થોડીઘણી વાત કરી લેવી છે. અહીં જણાવ્યું છે કે બાર વરસની સ્ત્રી અને સોળ વરસનો પુરુષ વિવાહ માટે યોગ્ય છે. આનો અર્થ એ નથી કે આ ઉંમર થાય એટલે પરણાવી જ દેવાના, આ તો લૌકિક યોગ્યતા બતાવી. આપણા ભગવાને આવું નથી કહ્યું-એ તો કાયમ યાદ રાખવાનું. આપણા ભગવાને તો આપણને આઠ વરસની ઉંમરે દીક્ષા લેવાનું ફરમાવ્યું છે. જે ભગવાન આઠમા વરસે દીક્ષા લેવાનું વિધાન કરે તે ભગવાન પરણવાનો તો ઉપદેશ ન જ આપેઃ એ તો સમજાય એવું છે ને? આ તો જેમ ડોક્ટર દવા આપવા સાથે અપથ્યનું પણ જ્ઞાન કરાવે છે તેમ અહીં લોકોત્તર માર્ગ જણાવવા પહેલાં લૌકિક આચાર જણાવ્યા છે. લૌકિક આચારનું પણ જે ઉલ્લંઘન કરે તે લોકોત્તર યોગ્યતા કોઈ સંયોગોમાં મેળવી ન શકે-એ જણાવવાનું તાત્પર્ય છે. નીતિશાસ્ત્રમાં જણાવ્યું છે કે વિવાહપૂર્વકનો લૌકિક વ્યવહાર ચારે વર્ણની પ્રજાને કુલીન બનાવવાનું કામ કરે છે. રસ્તે રખડતા ન થાય એ માટેનો આ રિવાજ છે. આના ઉપરથી પણ સમજાય છે કે પરણવું એ ધર્મ નથી, પરંતુ જેઓ પોતાના સત્ત્વ આદિની

ખામીને લઈને ચારિત્ર લેવા સમર્થ ન બને તેવાઓ પોતાના નિરંકુશ મનને લઈને ઉન્માર્ગગામી ન બને તેના માટે આ રિવાજ લોકોએ નિયત કર્યો છે. આ લૌકિક નીતિશાસ્ત્રમાં આઠ પ્રકારના વિવાહ બતાવ્યા છે. તેમાંથી બ્રાહ્મ વગેરે ચાર પ્રકારના વિવાહ ગૃહસ્થોચિત દેવપૂજનાદિ વ્યવહારનું અંતરંગ કારણ હોવાથી તેમ જ માતાપિતા તથા બાંધવોને પ્રમાણભૂત અર્થાદ્ માન્ય હોવાથી ધર્મ્ય ગણાય છે. બ્રાહ્મ વિવાહમાં વરને અલંકૃત કન્યા પરણાવવાનો આશય એ છે કે કાલે ઊઠીને તેને વિધવા થવાનો જો વખત આવે તો અલંકાર વેચીને પણ પોતાનો નિર્વાહ કરી શકે. પ્રાજાપત્ય વિવાહમાં પૈસાની લેવડદેવડપૂર્વક કન્યા અપાય છે. ગાય-બળદનું જોડલું આપવાપૂર્વક કન્યા અપાય તે આર્ષ અને યજ્ઞના ગોરને દક્ષિણામાં કન્યા આપવી તે દૈવ વિવાહ છે. આ સિવાયના બાકીના ચાર અધર્મ્યવિવાહ છે. તેમાં પરસ્પર અનુરાગના કારણે સંબંધ જોડવો તે ગંધર્વવિવાહ, પણ-શરત કરીને અર્થાત્ કન્યાને હોડમાં મૂકીને આપવી તે આસુરવિવાહ, બળાત્કારે કન્યા ગ્રહણ કરવી તે રાક્ષસ વિવાહ અને સૂતેલી કે પ્રમાદી કન્યાને ઉપાડી જવી તે પૈશાચ વિવાહ છે. આ ચાર પણ જો તેમાં અપવાદરહિતપણે વરવધૂને પરસ્પર સંમતિ હોય તો તે વિવાહ લોકમાં અધર્મ્ય નથી મનાતા. આ રીતે લૌકિક દૃષ્ટિએ વિવાહનું ફળ જણાવતાં અહીં ફરમાવ્યું છે કે શુદ્ધ પાત્રની પ્રાપ્તિ, કુલીન પુત્રાદિની સંતતિ, અનુપહત એવી ચિત્તની શાંતિ, સારી રીતે ગૃહસ્થોચિત કાર્યની નિષ્પત્તિ, ઔચિત્યપૂર્વકના આચારની વિશુદ્ધિ, દેવગુરુ અતિથિ આદિનો સારી રીતે સત્કાર આ બધાં ફળ છે.

ત્યારબાદ પરણેલી જે કુલવધૂ છે તેનું રક્ષણ કેવી રીતે કરવું તેનો પણ ઉપાય એ લૌકિક શાસ્ત્રમાં જણાવ્યો છે. નૂતનકુલવધૂને ઘરના કામકાજમાં વ્યસ્ત રાખવી, તેને ઘરખર્ચ માટે પરિમિત પૈસો આપવાનો. તેમ જ પૂર્વનો હિસાબ લઈને બીજો પૈસો આપવો. બે-ચાર દિવસે પૈસા આપતા રહેવાનું અને પત્નીએ પણ હિસાબ આપીને જ બીજો પૈસો લેવો. સ્ત્રીઓને સ્વાતંત્ર્ય ન આપવું. સ્વતંત્ર બનેલી સ્ત્રીની કુલીનતા જોખમમાં મુકાયા વિના રહેતી નથી. કાયમ માટે તેને માતાતુલ્ય વડીલજનની દેખરેખ નીચે રાખવી કે જેથી તે ઉન્માર્ગગામી ન બને. આજે સ્ત્રીઓ બહારનાં બધાં કામ સંભાળતી થઈ ગઈ, જાતે કમાતી થઈ ગઈ અને વિભક્ત કુટુંબો થઈ ગયાં એના કારણે રક્ષણનો એકે ઉપાય રહ્યો નથી. અને જો સ્ત્રીનું રક્ષણ ન થાય તો તેની કુલીનતા ક્યાંથી રહે? અકુલીન એવી સ્ત્રીમાં કુલીન પુરુષ રાગી ન થાય. અકુલીન એવી વેશ્યાનું સ્વરૂપ જણાવતાં અહીં ફરમાવ્યું છે કે ધોબીના પથ્થર ઉપર જેમ બધા કપડાં ધુએ અને ગલુડિયા માટે રાખેલ દૂધનું ચપ્પણિયું જેમ અનેક પશુઓ બોટી જાય તેમ વેશ્યા પણ અનેક પુરુષોથી ભોગવાયેલી

હોય. વેશ્યાને ગમે તેટલું દાન આપો તોપણ તમારું સૌભાગ્ય નહિ વધે, ઉપરથી 'આ વેશ્યાગામી છે' એવું દૌર્ભાગ્ય જ ફેલાશે, વેશ્યાને કરેલો સત્કાર પણ બીજાના જ ભોગવટામાં જવાનો. વેશ્યામાં આસક્ત થવાથી પરાભવ અથવા મરણની પણ સંભાવના છે, ઘણા ઉપકાર કરવા છતાં વેશ્યા ક્યારે પણ પોતાની બનતી નથી, ઘણા લાંબા કાળથી તેનો સંબંધ કરવા છતાં છોડતાંની સાથે જ અન્ય પુરુષમાં રાગી બની જાય: આ વેશ્યાનો કુલધર્મ છે. આવી વેશ્યામાં કુલીન પણ રાગી ન બને તો ધર્માત્મા ક્યાંથી રાગી બને? ગૃહસ્થપણાનો લૌકિક આચાર પણ પાળવાનું પાલવે એવું નથી ને?

સ. આટલું બધું કરવું એના કરતાં દીક્ષા લેવી સારી.

દીક્ષા લેવી જ સારી છે-એમાં બે મત નથી. પરંતુ એના માટે પણ સત્ત્વ ફોરવવું પડશે. બાકી જે રૂનું પૂમડું પણ ઉપાડી ન શકે તે મેરુનો ભાર કેવી રીતે ઉપાડી શકવાના? માટે આ સામાન્યધર્મ પહેલાં બતાવ્યો છે. તમને એમ થયું હોય કે ગૃહસ્થપણાના ધર્મ માટે જો આટલું સત્ત્વ ફોરવવાનું જ હોય તો થોડું સત્ત્વ વધુ ફોરવીને સાધુપણું લેવું શું ખોટું... તો તો સૌથી સારી વાત છે. કારણ કે ભગવાનની વાત આપણે જેટલી વહેલાં માનશું તેટલું આપણું કલ્યાણ જલદી થશે.

**૩) तथा दृष्टादृष्टबाधाभीततेति ।।१३।।**

ન્યાયસંપન્ન વિભવ અને સમાનકુલાદિમાં વિવાહ: આ બે પછી અહીં દૃષ્ટ અને અદૃષ્ટ એવી બાધાની ભીતતા અર્થાદ્ ભય રાખવાનું જણાવ્યું છે. જે દુનિયાની નજરે ચઢે, તેનું નામ દૃષ્ટ. જે જ્ઞાનીઓની નજરે ચઢે, દુનિયાની નજરે ચઢે નહિ તેને અદૃષ્ટ કહેવાય. સામાન્ય માણસો પણ જે જાણે છે, માને છે તે દૃષ્ટ છે. આ સંસારમાં સુખ છે-એ દૃષ્ટ છે કે અદૃષ્ટની કલ્પનામાં જ રાચો છો? જે સુખની ઈચ્છામાં બેઠા છો એ સુખ મળ્યું છે ખરું? જો તમારા વર્ત્તમાનને પણ તમે જુઓ તો ય આ સંસાર છૂટે એવો છે.

સ. મોક્ષના સુખનો અનુભવ જ નથી, ક્યાંથી મન થાય?

અમારે તમને મોક્ષમાં મોકલવા જ નથી. આ સંસારમાંથી માત્ર બહાર કાઢવા છે. એક વાર સંસારના કિનારે આવી જાઓ પછી તમારા ઘરમાં જવાનું કામ તમે જાતે જ કરશો. મોક્ષ નથી જોયો, સંસાર તો દેખાય છે ને? છતાં એનો ડર નથી. સંસારની પીડા તો દૃષ્ટ છે ને? છતાં એ પીડાનો ડર નથી ને? તમને મોક્ષ બતાવ્યા વગર મોક્ષે મોકલવા જ નથી. જ્યારે તમે કેવળજ્ઞાન પામશો, મોક્ષને જોશો પછી જ મોક્ષમાં જશો.

મોક્ષે મોકલવાનું કામ અમારું નથી, એ તો તમારે જાતે જ જવાનું છે. માત્ર કેવળજ્ઞાન સુધી પહોંચાડવાનું કામ અમારું છે.

સ. મોક્ષમાંથી કોઈ આવીને કહી નથી ગયું તો તેમની વાત કેવી રીતે મનાય?

મોક્ષમાંથી કોઈ પાછું આવ્યું નથી-એ વાત સાચી, પરંતુ અહીંથી જવા પહેલાં જોઈને પછી જ ગયા છે. અહીંથી જોઈને જ ગયા છે માટે પાછા આવતા નથી. તમારા ઘરનાં તમને જે કહે તે ખોટું ન જ હોય ને? અને કેવલજ્ઞાની કહે એ સાચું ન હોય-એમ?

સ. કેવળીને અનુભવ થાય, અમને જાતે અનુભવ થવો જોઈએ ને?

ડોક્ટરો પ્રયોગશાળામાં પ્રયોગ કરીને જે બતાવે તે તમે માની લો છો કે તમે જાતે પ્રયોગ કરવા જાઓ છો? ડોક્ટર કહે એ સાચું હોય, ઘરના કહે એ સાચું હોય, દુનિયાના લોકો કહે એ સાચું હોય, પણ ભગવાન કહે, કેવળજ્ઞાની કહે-એ સાચું ન પણ હોય-એમ ને? ગૌતમસ્વામી મહારાજા આત્મા દેખાતો ન હતો માટે માનતા ન હતા. ત્યારે ભગવાને એમને પૂછ્યું કે 'તું જુએ એને જ માને કે બીજા જે જુએ તેને પણ માને' ગૌતમસ્વામીજીએ કહ્યું કે 'બીજા જુએ તે પણ માનું; ત્યારે ભગવાને કહ્યું કે 'આત્માને હું સાક્ષાદ્ જોઉં છું, માટે માની લે' તો તેમણે માની લીધું. આપણે તો તેમના કરતાં પણ વિદ્વાન ને? જે જાતે જુઓ, જાતે અનુભવો તે જ માનો ને? આમ તો જે સુખ મળ્યું નથી તેની કલ્પનામાં જ રાચો છો ને? દૃષ્ટ સુખ છે કે દૃષ્ટ બાધા છે? સંસારમાં સુખ દૃષ્ટ છે કે પીડા દૃષ્ટ છે? આપણા દૃષ્ટનું પણ આપણને ભાન નથી ને?

સ. અમને જે થોડું અનુભવાય છે તે શું છે?

તમે દુઃખને જોતા નથી માટે તમને થોડું પણ સુખ લાગે છે. તમે જ્યારે પૈસા આપો ત્યારે પણ મૂડી જશે-એવો ડર નથી હોતો, પણ વ્યાજ મળશે-એનો આનંદ હોય માટે જ આપો છો ને? અને પાછળથી તો પસ્તાવાનો વખત આવે ને? તેથી સુખની ગમે તેટલી લાલચ હોય તોપણ દૃષ્ટ અને અદૃષ્ટ એવી જે બાધા-ઉપદ્રવો હોય તેનો ડર રાખવો છે. નજર સામે જે નુકસાન દેખાય છે તેનો પણ ડર રાખવો છે અને જ્ઞાનીઓ પરભવસંબંધી જે નુકસાનને જણાવે છે તેનો પણ ડર રાખવો છે. અહીં જણાવે છે કે દૃષ્ટ કે અદૃષ્ટ એવા નુકસાનનો ભય ચિત્તમાં છે એવું ત્યારે કહેવાય કે જ્યારે એ બાધાનાં કારણોનો યથાશક્તિ દૂરથી જ પરિહાર કરવામાં આવે. એના કારણનું સેવન ચાલુ હોય છતાં એનો ભય હોય-એવું માની શકાય એમ નથી. આથી જ હવે

દષ્ટાદષ્ટ બાધાનાં કારણો જણાવે છે. અન્યાયપૂર્વક વ્યાપાર કરવો, જુગાર એટલે કે સટ્ટો રમવો, પરસ્ત્રીનું સેવન કરવું: આ બધા આ લોકમાં પણ અનેક પ્રકારની વિડંબનાનું સ્થાન બને છે, માટે તે દષ્ટબાધાકારી છે. જ્યારે મદિરા, માંસભક્ષણ આ લોકમાં નિંદિત ગણાતા ન હોવા છતાં પણ પરલોકમાં નરકાદિ યાતનાનું ફળ આપે છે-એમ શાસ્ત્રમાં જણાવ્યું છે માટે તે અદષ્ટબાધાકારી છે. આવા દષ્ટાદષ્ટબાધાકારી કાર્યોથી આત્માને દૂર રાખવો.

### ૪) तथा-शिष्टाचारप्रशंसनमिति ।।१४।।

જેને પાપનો ડર પેદા ન થાય તેને ધર્મ કરવાનો અધિકાર નથી. તેથી ગૃહસ્થપણામાં સૌથી પહેલાં દષ્ટાદષ્ટબાધાનો ભય બતાવ્યો. પાપનો ડર પેદા થયા વિના કરેલો એકે ધર્મ ફળતો નથી. આજે આપણને પાપ સાથેનો ધર્મ ફાવે છે તેથી જ આપણો ધર્મ ફળતો નથી. ધર્મ કરવાનું આકરું નથી, પાપ છોડવાનું અઘરું છે. વિરતિધર્મ બહુ કઠિન છે, પાળી શકાય એવો નથી, માટે નથી લેતા એવું નથી. અવિરતિને છોડવાનું પાલવતું નથી માટે દીક્ષા લેવાનું ફાવતું નથી. દુ:ખ ભોગવવાનું અઘરું નથી, સુખ છોડવાનું કામ કપરું છે. આચારપાલન કઠિન નથી, અનાચારનો ત્યાગ કરવાનું કઠિન છે. તેથી જ પહેલાં દષ્ટાદષ્ટબાધાનો ભય જણાવ્યો. શરૂઆતમાં પાપનો ભય દુ:ખના ભયમાંથી પેદા થતો હોય છે. તેથી જ ત્રીજા ગુણ તરીકે પાપથી આવનારા દુ:ખનો ભય અને પરિણામે દુ:ખના કારણભૂત પાપોનો ભય જણાવ્યો. હવે જેઓ પાપના ભયને લઈને પાપ છોડવા તૈયાર થાય તેણે શું કરવું તે માટે ચોથો ગુણ જણાવ્યો છે-શિષ્ટાચારપ્રશંસા. અનાચારનો ત્યાગ કર્યા બાદ આચારનું પાલન કરવું છે અને આચારપાલનની શરૂઆત એ સદાચારની પ્રશંસાથી થાય છે. અહીં શિષ્ટના ગુણોનો અનુવાદ માત્ર કરવાનું ન જણાવતાં શિષ્ટના આચારની પ્રશંસા કરવાનું જણાવ્યું છે. અનુવાદમાં 'ગુણો સારા છે'-એટલું જ જણાવવાનું બને જ્યારે આ પ્રશંસા તો ત્યારે જ થાય કે જ્યારે ગુણો પામવાનો ભાવ હોય છે. પ્રશંસા લાલચમાંથી ઉત્પન્ન થાય છે. આથી અહીં અનુવાદ કે અનુમોદનાના બદલે પ્રશંસા શબ્દ વાપર્યો છે. જ્યાં પામવાનો ભાવ હોય તે જ સાચો અનુવાદ, સાચી અનુમોદના કે સાચી પ્રશંસા છે. આવા શિષ્ટાચારની પ્રશંસા કરવાના કારણે શિષ્ટ પુરુષો આપણને ગુણના અર્થી સમજીને પોતાની પાસે બેસાડે છે. શિષ્ટ કોને કહેવાય તે માટે અહીં જણાવ્યું છે કે જેણે શિખામણ પ્રાપ્ત કરી લીધી છે તેને શિષ્ટ કહેવાય. જેને હજુ શિક્ષા-શિક્ષણ લેવાનું બાકી છે તેને શિષ્ટ ન કહેવાય. આ શિક્ષા પણ કોની પાસેથી લેવાની તે માટે જણાવ્યું છે કે વૃત્તસ્થ અર્થાત્ વૃત્ત-વર્ત્તન-આચારમાં સ્થિર હોય તેમ જ આચારપાલનનો આશય પણ જેઓ જાણતા હોય તેવા જ્ઞાનથી વૃદ્ધ એવા પુરુષવિશેષની

પાસે જઈને જેણે વિધિપૂર્વક શુદ્ધ શિક્ષા પ્રાપ્ત કરી હોય તેવા માણસોને શિષ્ટ કહેવાય છે. આચારસંપન્ન હોય અને જ્ઞાનથી પણ વૃદ્ધ હોય તેવાઓ પાસેથી શિક્ષા જેણે લીધી હોય તેને શિષ્ટ કહેવાય. તેમના આચારની પ્રશંસા કરવીઃ આ ચોથો ગુણ છે.

શિષ્ટાચારની પ્રશંસા કરવા પહેલાં શિષ્ટાચાર કોને કહેવાય એ પણ સમજી લેવું જરૂરી છે. આચારપાલન ઈચ્છાયોગનું પણ હોય, પ્રવૃત્તિયોગનું પણ હોય, સ્થિરતાયોગનું પણ હોય અને સિદ્ધિયોગનું પણ હોય. આપણે તો માત્ર પ્રવૃત્તિને જ માનીએ ને? આચાર માત્ર પ્રવૃત્તિમાં નથી, આચારની શરૂઆત ઈચ્છામાં છે. ફળ પરિણામથી મળે છે, પ્રવૃત્તિમાત્રથી નહિ. આમ છતાં આપણે પ્રવૃત્તિમાં જ આચાર માની બેઠા છીએ ને? શાસ્ત્રકારો કહે છે કે ઈચ્છા હોય અને પ્રવૃત્તિ કોઈ સંયોગોમાં ન થઈ શકે, જેમતેમ થઈ જાય છતાં તેના કારણે ફળ મળે છે. આપણે તો કામ પતાવવા માટે જેમતેમ કરીએ છીએ-એનો સમાવેશ ઈચ્છાયોગમાં ન થાય. ઈચ્છાયોગની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે માત્ર કરવાની ઈચ્છા એ ઈચ્છાયોગ નથી, કર્યા વિના ચેન ન પડે, કર્યા વિના રહી ન શકાય. તેના કારણે સામગ્રીના અભાવમાં અથવા અલ્પ સામગ્રીમાં પણ વિકલ એવું અનુષ્ઠાન કરે તેને ઈચ્છાયોગનું અનુષ્ઠાન કહેવાય. આ ઈચ્છાયોગ જ તેને પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિમાં લઈ જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સંવિગ્ન એવા શિષ્ટપુરુષોનું આચરણ એ જેમ માર્ગ છે, ભાવશ્રાવકનું આચરણ એ જેમ માર્ગ છે તેમ સંવિગ્નપાક્ષિકોનું આચરણ પણ માર્ગ છે. સાધુપણા પ્રત્યે રાગ અત્યંત હોય પરંતુ સાધુપણામાં રહેવા છતાં સાધુપણાના પરિણામ ન હોય. એવા વખતે વિરતિના પરિણામ ન હોવા છતાં વિરતિધર્મ પ્રત્યે રાગ અત્યન્ત હોવાથી સાધુવેષને છોડી નથી શકતા. સાધુપણામાં રહીને સંવિગ્નસાધુને વંદન કરે, પણ કોઈનું વંદન ન લે. સાધુતાના આચારમાં અત્યંત શિથિલ હોય. તેમની પ્રરૂપણા શુદ્ધ હોય, તેનાથી જેને પણ બોધ પમાડે તેને પોતાના શિષ્ય ન બનાવે, સંવિગ્નો પાસે મોકલી આપે. સંવિગ્ન એટલે સાધુ અને સંવિગ્નપાક્ષિક એટલે સાધુઓનો પક્ષ લેનારા. કોઈ સંયોગોમાં સંવિગ્ન પાસે ભણવાનું થાય એવું ન હોય તો સંવિગ્નના શિષ્ય બનાવી તે સાધુને પોતાની પાસે રાખે, તેને ભણાવે, તેની ગોચરી ન લે, તેની વૈયાવચ્ચ ન લે. આચારમાં શિથિલ હોવા છતાં પણ તેમના આચાર ઈચ્છાયોગના હોય અને પ્રરૂપણા શુદ્ધ હોયઃ આવા સંવિગ્નપાક્ષિકોના જે કોઈ આચાર છે-એ પણ માર્ગ છે. કારણ કે એ પણ મોક્ષે પહોંચાડે છે. તેમનો શુદ્ધપ્રરૂપક ગુણ જ તેમને આ સંસારથી તારનારો બને છે. તમારે ત્યાં પણ નાના છોકરાઓને રમવાનું મન હોય તો જે મળે એને સાધન બનાવે ને? ધોકાની બેટ બનાવે અને કેરીના ગોટલાને બોલ બનાવે, પણ રમ્યા વિના ન રહે ને? આનું નામ ઈચ્છાયોગ. સાધનની વિકલતામાં પણ

કલ્પનાના સુખમાં રાચ્યા કરે-આ ઈચ્છાયોગ છે. ચારિત્ર લઈ ન શકે છતાં ચારિત્રના વિચારમાં જ રમ્યા કરે-આ ઈચ્છાયોગનું ચારિત્ર છે. અભવ્યના ચારિત્ર કરતાં પણ ઈચ્છાયોગનું ચારિત્ર સારું. નંદીષેણ મુનિ વેશ્યાના ઘરે રહીને પણ દસને રોજ પ્રતિબોધ કરતા હતા આ પ્રભાવ શુદ્ધપ્રરૂપણાનો છે. શિષ્ટ પુરુષો જો શિષ્ટ હોય તો તેઓ જે કાંઈ કરે તે શિષ્ટાચાર છે. માત્ર બાહ્ય રીતે આચરણની ખામી જોઈને તેને અશિષ્ટ માનવાની ભૂલ ન કરવી. અઈમુત્તા મુનિએ વરસાદના પાણીમાં પોતાનું પાત્રું તરતું મૂક્યું. એ જોઈને સ્થવિરભગવંતોએ પૂછ્યું કે આ અઈમુત્તા મુનિ કેટલા ભવ કરશે? ત્યારે ભગવાને કહ્યું કે-અઈમુત્તો ચરમશરીરી છે તેની આશાતના ન કરશો. આપણા જેવા હોત તો શું કહેત? નાની ઉંમરમાં યોગ્યતા જોયા વિના દીક્ષા આપે એટલે આવું જ થાય.... આ રીતે ગુરુ અને શિષ્ય બન્ને માટે ઘસાતું બોલત ને? તેથી માત્ર આચાર જોઈને અભિપ્રાય બાંધવાની ઉતાવળ ન કરવી. ધર્મ કરવાની ઉતાવળ ઘણી કરી છે, પરંતુ ધર્મથી આપણે ઘણા દૂર છીએ. આપણે ધર્મ પામવો હોય તો મોઢું બંધ રાખવાનું અને આંખ તથા કાન ખુલ્લા રાખવા. આંખો ખુલ્લી રાખવાથી સારાસારનું જ્ઞાન થાય અને કાન ખુલ્લા રાખવાથી ગુર્વાદિકની હિતશિક્ષા મળે અને મોઢું બંધ રાખવાથી ઘણા દોષોથી બચી શકાય. ઈચ્છાયોગમાં કર્યા વિના ચેન પડતું નથી હોતું. ન મળે તો ચાલ્યા જવું-આ ઈચ્છાયોગ નથી, ન મળે ત્યાં સુધી રાહ જોતાં બેસી રહેવું તેનું નામ ઈચ્છાયોગ. આ રીતે જેઓ શિષ્ટ હોય તેમના કયા આચાર પ્રશંસનીય છે તે માટે અહીં શિષ્ટોના ઓગણીસ સદાચાર જણાવે છે. ૧. લોકાપવાદભીરુત્વ-લોકમાં જેના કારણે અપવાદ થાય, અપયશ ફેલાય એવાં અકાર્યોથી ડરવું. ૨. દીન માણસોનો ઉદ્ધાર કરવાનો આદર રાખવો. ૩. કૃતજ્ઞતા, ૪. સુદાક્ષિણ્ય, ૫. સર્વત્ર નિંદાનો સંત્યાગ. ૬. સુસાધુઓનો વર્ણવાદ, ૭. આપત્તિમાં અદીનતા, ૮. સંપત્તિમાં નમ્રતા. ૯. અવસરે પરિમિત જ બોલવાનો સ્વભાવ રાખવો, ૧૦. અવિસંવાદીપણું રાખવું: અર્થાત્ જેવું બોલ્યા હોય તેવું કરવું. ૧૧ પોતે સ્વીકારેલા વ્રતનિયમાદિનો ભંગ ન થાય તે રીતે તેનો નિર્વાહ કરવો. ૧૨. જે અવિરુદ્ધ એવા પોતાના કુળના આચાર હોય તેનું અનુપાલન કરવું. ૧૩. અનર્થદંડાદિ અસદ્ કાર્યમાં પૈસાનો વ્યય ન કરવો. ૧૪. ઉચિત કાર્યોમાં કાયમ માટે ધનવ્યય કરતા રહેવું. ૧૫. પ્રધાન કાર્યમાં અર્થાત્ જેમાં ઓછી મહેનતે લાભ ઘણો થાય તેવા કાર્યમાં આગ્રહ રાખવો, ૧૬. પ્રમાદનો ત્યાગ કરવો. ૧૭. લોકના આચારનું અનુવર્ત્તન કરવું, અનાચારનું નહિ. ૧૮ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવી. ૧૯.પ્રાણ કંઠે આવે અર્થાદ્ મરવાની અણી ઉપર આવીએ તોપણ ગર્હિત-નિંદનીય કાર્યોમાં પ્રવૃત્તિ ન કરવી.' આ બધા શિષ્ટાચારોની પ્રશંસા કરવી એ ગૃહસ્થનો સામાન્યધર્મ છે. 'તમે ધન્ય છો' એ પ્રશંસા નથી, 'મારે આ

ગુણો પામવા છે'-એવા ભાવથી કહેવું, એનું નામ પ્રશંસા. ગુણોને આગળ કરવા એનું નામ પ્રશંસા. કહ્યું પણ છે કે-ગુણોને વિષે પ્રયત્ન કરવો જોઈએ,માત્ર આડંબરનું કાંઈ પ્રયોજન નથી. કારણ કે દૂધથી રહિત એવી પણ ગાયો માત્ર ઘંટાના કારણે વેચાતી નથી. નાના પણ જો શુદ્ધ હોય તો પ્રસિદ્ધિને પામે છે, ગમે તેટલા મોટા પણ અશુદ્ધ હોય તો પ્રસિદ્ધિને પામતા નથી. કારણ કે અંધારામાં પણ હાથીના દાંત શુદ્ધ હોવાથી દેખાય છે, પણ હાથી નથી દેખાતો.

**૫) तथा–अरिषड्वर्गत्यागेनाविरुद्धार्थप्रतिपत्त्येन्द्रिय जय इति ।।१५।।**

અત્યાર સુધી જે ગૃહસ્થપણાનો સામાન્યધર્મ બતાવ્યો તેમાં શું કરવાનું છે તે જણાવ્યું. હવે શું નથી કરવાનું તે જણાવે છે. તમારી ભાષામાં કહીએ તો આરોગ્ય પામવા માટે વાત કરવાને બદલે રોગ કાઢવા માટે શું કરવું તે વિચારવાની જરૂર છે. તેમ અહીં પણ ગુણો પામવા માટે મહેનત કરવાને બદલે દોષો કાઢવા માટે મહેનત કરવી છે. આથી ગૃહસ્થપણામાં અંતરંગ દોષોને કાઢવા માટે કેવા પ્રકારનો પ્રયત્ન કરવો જોઈએ તે હવેના સૂત્રથી જણાવે છે. આ સંસારમાં સુખ મેળવવા માટે પ્રયત્ન કરવાના બદલે દોષો કાઢવા માટે પ્રયત્ન કરવો છે. સુખ તો પુણ્યથી મળવાનું છે. મળેલું ટકશે પણ પુણ્યથી અને ટકેલું ભોગવાશે પણ પુણ્યથી. મેળવવાનું પુણ્ય જુદું, ટકાવવાનું પુણ્ય જુદું અને ભોગવવાનું પુણ્ય જુદું. લાભાન્તરાયના ક્ષયોપશમથી મળેલી વસ્તુ પણ ભોગાન્તરાય કે ઉપભોગાન્તરાયના ક્ષયોપશમ વિના ભોગવાતી નથી. તેથી બાહ્ય વસ્તુ મેળવવાને બદલે અભ્યન્તર દોષો કાઢવા માટે પ્રયત્ન કરવો છે. શણગાર સજવાને બદલે શરીરને શુદ્ધ બનાવવું સારું ને? સ્નાન કરીને શુદ્ધ થયેલાને શણગારથી ન સજાવો તોપણ તે શોભે ને? તેમ આપણે પણ પુણ્ય ભેગું નથી કરવું, નિર્જરા કરવી છે. પુણ્ય અનેક પ્રકારનું છે જ્યારે નિર્જરા એક જ પ્રકારની છે. નિર્જરા તો કર્મના ક્ષય સ્વરૂપ છે. ક્ષય અભાવરૂપ હોવાથી તેના ભેદ ન હોય. જે ભેદ હોય તે ભાવમાં હોય. પુણ્ય કર્મરૂપ છે તેથી તેના અનેક પ્રકાર છે. આથી આપણે પુણ્ય માટે મહેનત નથી કરવી, નિર્જરા માટે મહેનત કરવી છે. આટલી ભૂમિકા એટલા માટે કરી છે કે 'ગુણો પામવા એ ધર્મ નથી, દોષો કાઢવા એ ધર્મ છે'-એ વાત સમજાવવી છે. ગુણો તો આપણી પાસે છે જ, એના ઉપર જે દોષોનું આવરણ છે તે ખસેડવાની જરૂર છે. 'પુણ્ય ભેગું કરવું એ ધર્મ નથી, નિર્જરા કરવી એ ધર્મ છે.' આથી શાસ્ત્રકારોએ સાધુને હિતશિક્ષા આપતાં જણાવ્યું છે કે **'निर्जरार्थी भूयाः'** (નિર્જરાનો અર્થી થા) કારણ કે પુણ્ય ઓછું હશે તો મોક્ષ નહિ અટકે. પરંતુ નિર્જરા જો ઓછી પડશે તો મોક્ષ અટકશે જ. યશનામકર્મનો ઉદય ન

હોય, સુસ્વરનામકર્મનો ઉદય ન હોય તોપણ મોક્ષ ન અટકે. તેથી પ્રયત્ન દોષોની નિર્જરા માટે કરવો છે. આથી જ આ સૂત્રમાં જણાવ્યું છે કે: કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ આ છ શત્રુવર્ગના ત્યાગપૂર્વક અવિરુદ્ધ એવા અર્થની પ્રતિપત્તિ કરવા દ્વારા ઈન્દ્રિયોનો જય કરવો તે ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે. ઈન્દ્રિયોને જે અનુકૂળ હોય તે આપવું-એ તો અવિરતિનું પોષણ છે. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન-આ બધાને અનુકૂળ જે હોય તે આપવું એ છ: તેમ જ પૃથ્વીકાયાદિ છયે જીવોની વિરાધનાથી વિરામ ન પામવું તે બીજી છ અવિરતિ-એમ બાર પ્રકારની અવિરતિ છે. આ બાર પ્રકારની અવિરતિમાં વિષય અને કષાયની પરિણતિ સમાઈ ગઈ છે. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન-આની આધીનતા એ વિષયની પરિણતિ છે. અને પૃથ્વીકાયાદિની વિરાધના કષાયની પરિણતિથી થાય છે. વિષયો સુખ ભોગવવાનું શીખવે છે અને કષાયો દુ:ખ આપવાનું શીખવે છે. તેથી આ બારે પ્રકારની અવિરતિનો ત્યાગ કરવા માટે વિષયો અને કષાયોની આધીનતા ટાળવી પડશે. તે માટે સૌથી પહેલાં સુખ ભોગવવાની વૃત્તિ ઉપર કાબૂ મેળવવો પડશે. તેથી પાંચમા સૂત્રમાં ઈન્દ્રિયનો જય બતાવ્યો. અને તે પણ કષાયના ત્યાગપૂર્વક કરવાનું જણાવ્યું.

સ. ઈન્દ્રિયોનું દમન કરીએ તો મન સ્વસ્થ નથી રહેતું.

મન ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોમાં ટેવાયેલું હોવાથી સ્વસ્થ નહિ રહે. તેથી તેની ઉપેક્ષા કરવી જ પડશે. જે કામ માટે નીકળ્યા હોઈએ તે કામમાં ચિત્તનું લાગી રહેવું તેનું જ નામ મનની સ્વસ્થતા. હાથમાં લીધેલું કામ પડતું મૂકીને સુખ ભોગવવા પ્રયત્ન કરવો એ ચિત્તની સ્વસ્થતા નથી. આપણા મનના જયમાં આત્માની જીત નથી, આવા મનના પરાજયમાં જ આત્માની જીત છે. મનને જીતવા માટે કામ, ક્રોધ વગેરે છ શત્રુને જીતવા પડશે.

સ. આમાં માયાને કેમ ગણી નથી?

ધર્મની યોગ્યતા સામાન્યથી ઋજુ અને પ્રાજ્ઞ જીવોને માનેલી છે, ઋજુતા સાથે માયા ક્યાંથી હોય? આથી જ અહીં માયાનો ઉલ્લેખ નથી કર્યો. અથવા તો ક્રોધ અને લોભના ગ્રહણથી માયાનું ગ્રહણ પણ થઈ જ ગયું છે-એમ સમજવું.

જ્યાં સુધી ઈન્દ્રિય હશે ત્યાં સુધી તે તે વિષયોને ગ્રહણ કરશે જ માટે આ સૂત્રમાં બતાવ્યું છે કે-અવિરુદ્ધ એવા અર્થની પ્રતિપત્તિ દ્વારા ઈન્દ્રિયોને જીતવાની છે. અપ્રશસ્ત વિષયમાં દ્વેષ આવે છે અને પ્રશસ્ત વિષયો મળે ત્યારે રાગ થાય: આને

વિરુદ્ધ અર્થની પ્રતિપત્તિ કહેવાય છે. ઈન્દ્રિય જે જે માંગે તે તે આપવાના બદલે ભગવાન જે આપવાનું કહે તે આપવું તે અવિરુદ્ધ અર્થની પ્રતિપત્તિ કહેવાય. ઈન્દ્રિયોને અનુકૂળ આપીશું તો ઈન્દ્રિયો જિતાશે નહિ. ઈન્દ્રિયોને જીતવા માટે શરૂઆત અહીંથી કરવી છે. જમવા બેસો ત્યારે આખો થાળ પીરસાઈ ગયા પછી મારે આજે કયો ત્યાગ છે, મેં કેટલાં દ્રવ્ય ધાર્યાં છે... ઈત્યાદિ વિચારવું. એકાસણું કર્યું હોય તો 'મેં એકાસણું કર્યું છે' એવું નહીં કહેવાનું. 'મેં આજે નવકારશી નથી કરી.' આટલું જ કહેવું. આપણો નિયમ બીજાને ખબર પડે તો આપણા નિયમમાં ધૂળ પડી. આપણો તપ ખબર પડ્યા પછી આપણા તપ નિમિત્તે વિશિષ્ટ વસ્તુ બનાવશે અને આપણે વાપરીશું તો ઈન્દ્રિયને જીતવાને બદલે ઈન્દ્રિયો પુષ્ટ બનશે. સુખના રાગે લોભ વધે છે અને દુઃખના દ્વેષથી ક્રોધ આવે છે. 'વસ્તુ સારી છે.'–આ લોભનો પરિણામ છે અને 'આ મને દુઃખી કરે છે' આ ક્રોધનો પરિણામ છે. ઈન્દ્રિયના જય માટે સુખના લોભ ઉપર અને દુઃખના દ્વેષ ઉપર નિયમન લાવવું પડશે. એક વખત સુખનો લોભ અને દુઃખનો દ્વેષ જશે તો ઈન્દ્રિયનો જય કરવાનું કામ સહેલું થશે.

અન્તરંગ છ શત્રુમાં પહેલા શત્રુ તરીકે 'કામ' નું ગ્રહણ કર્યું છે. કામ એટલે માત્ર મૈથુન નહિ, પાંચે ઈન્દ્રિયને અનુકૂળ આપવાની અને પ્રતિકૂળને દૂર કરવાની ઈચ્છાને પણ કામ કહેવાય. ઈન્દ્રિયને અનુકૂળ આપવાની ઈચ્છા જાગ્યા પછી પાંચ મિનિટ થોભી જવું છે. પાંચ મિનિટ થોભી ગયા પછી ઈચ્છાનો આવેગ એની મેળે ઓછો થઈ જશે. અભ્યન્તર શત્રુ જિત્યા વિના ઈન્દ્રિયનો જય શક્ય નહિ બને. સુખનો રાગ જ ઈન્દ્રિયને પ્રવર્ત્તાવવાનું કામ કરે છે, માટે પહેલા રાગને કાઢવો છે. જેનો જેનો રાગ છે તેને દૂર કરવા પ્રયત્ન કરી લેવો છે. આપણે કેટલી ભૂલો કરી છે એ નથી જોવું, ભૂલો સુધારવા માટે તૈયાર થઈ જવું છે.

'કામ' પછી 'ક્રોધ' બતાવ્યો છે. વિષયના રાગના કારણે ક્રોધ આવે છે, માટે કામ પછી ક્રોધ બતાવ્યો. 'ક્રોધ' ની વ્યાખ્યા આ ગ્રંથમાં કરી છે **अविचार्य परस्यात्मनो वाऽपायहेतुः क्रोधः ।** કોઈ પણ જાતનો વિચાર ન કરવાના કારણે જે બીજાના અથવા પોતાના અપાયનું કારણ બને એનું નામ ક્રોધ. આપણો ગુસ્સો બીજાને તો દુઃખી કરે છે સાથે સાથે આપણા આત્માને પણ દુઃખી કરે છે.

'ક્રોધ' પછી 'લોભ' નું ગ્રહણ કર્યું છે. લોભનો અર્થ એ કર્યો છે કે–આપવા યોગ્ય માણસ વિદ્યમાન હોવા છતાં પોતાનું ધન આપવું નહિ અથવા કારણ વગર બીજાનું વાપરવું. આપણી પોતાની ગાડી હોવા છતાં બીજાની વાપરવી આ એક જાતનો

લોભ છે. ગૃહસ્થપણામાં જેઓ પૈસાદિના લોભને છોડી ન શકે તેઓ સાધુપણામાં શરીરના લોભને કઈ રીતે છોડી શકશે?

અભ્યન્તર શત્રુની વાત એટલા માટે કરી છે કે ભવિષ્યમાં ધર્મ પામવો હશે તો રાગાદિ દોષોને કાઢ્યા વિના નહિ ચાલે. કર્મ કાઢવા માટે રાગાદિ દોષોને કાઢવા પડે. આપણે એક બાજુ કર્મ કાઢવાની વાત કરીએ પણ આપણને લગભગ કર્મ ગમતાં જ હોય છે. કર્મ એ કાઢવાની ચીજ નથીઃ એવું ઊંડે ઊંડે આપણને લાગે છે. પુણ્ય વધારેમાં વધારે સંસારનું સુખ આપશે પણ જન્મમરણરૂપ સંસારને ટાળવાનું કામ નહિ કરે. આપણે નક્કી કર્યું છે કે પુણ્ય ભોગવવા માટે થોડું દુઃખ ભોગવવું પડે તો ચાલશે. માણસ ગમતો હોય તો માણસની સાથે આવેલું કૂતરું નભાવી લઈએ ને? આવી દશાને બદલવી છે. કર્મને બાંધનારા કર્મની નિર્જરા નહિ કરી શકે. જેને પુણ્યનો ખપ હોય તેઓ કર્મને છોડી નહિ શકે. પુણ્યથી આપણને ઈન્દ્રિયો મળી છે એનો સાધુપણા માટે ઉપયોગ કરી લેવો છે. પુણ્યથી મળેલી ઈન્દ્રિયોનો સાધુપણા માટે ઉપયોગ ન કરવો આ એક જાતનો લોભ છે. ગઈ કાલે આપણે પહેલી લોભની વ્યાખ્યા કરેલી એમાં શિષ્યે શંકા કરેલી કે 'દાન આપવા માટે યોગ્ય વ્યક્તિ હોવા છતાં અને આપણી પાસે આપવા યોગ્ય વસ્તુ હોવા છતાં ન આપવું તેને લોભ કહેવાતો હોય તો ભિખારીને લોભનો ઉદય ન હોય, શ્રીમંતને જ લોભનો ઉદય હોય ને?' આવી શંકાનું નિરાકરણ કરવા માટે બીજા વ્યાખ્યા કરી. કારણ વગર બીજાનું લેવાની વૃત્તિ એનું નામ લોભ. આ વ્યાખ્યા બન્નેમાં ઘટી જાય. ભિખારી કામ ન કરે પણ માગવા તૈયાર થાય. અને શ્રીમંતો પોતાની પાસે હોવા છતાં નફો કે વ્યાજ ખાવા તૈયાર થાય માટે બીજી વ્યાખ્યા મુજબ બન્ને લોભના ઉદયવાળા છે. વ્યાજ લેવાનું શ્રાવકને ગમે નહિ. વ્યાજ આપવું ન ગમે તો વ્યાજ લેવાનું પણ ન ગમવું જોઈએ.

ચોથા અભ્યન્તર શત્રુ તરીકે 'માન' બતાવ્યું છે. દુષ્ટ અભિનિવેશનો ત્યાગ ન કરવો એનું નામ માન. સજ્ઝાયમાં લખ્યું છે ને કે –'માન કર્યું જો રાવણે તે તો રામે માર્યો રે' રાવણનું મૃત્યુ માનથી જ થયું ને? જો માન ન કર્યું હોત તો રામચન્દ્રજીના હાથે મરવાનો વખત ન આવત. અભિનિવેશ એટલે આગ્રહ અથવા પકડ. તત્ત્વના વિષયમાં જો અભિનિવેશ હોય તો તે સારો છે. આથી તેના નિરાકરણ માટે 'દુષ્ટ' પદ આપ્યું છે. જે વસ્તુ દુષ્ટ છે, જે માન્યતા દુષ્ટ છે છતાં પણ તે પોતે માનેલી હોવાથી તેમાં આગ્રહ બંધાય છે-તે માનનો પ્રભાવ છે. જેને માન નથી નડતું હોતું એવાઓને પોતાનો કદાગ્રહ છોડતાં વાર નથી લાગતી. સાચું સમજાયા પછી પણ ખોટું છોડવાની તૈયારી નથી આ એક પ્રકારનું માન જ છે. આ માનના કારણે ખોટું છૂટતું નથી અને

સાચું પામી શકાતું નથી. માન ભગવાનનું પણ માનવા ન દે. ભગવાન સંસારને અસાર કહે-આપણે એ વાત સાચી માનીએ? ભગવાન સંસારનું સુખ છોડવાનું કહે, દુઃખ વેઠવાનું કહે જ્યારે આપણી માન્યતા સુખ ભોગવવાની અને દુઃખ ટાળવાની છે ને?

દુષ્ટ અભિનિવેશનો ત્યાગ ન કરવા સ્વરૂપ માન તો મોટેભાગે સત્તા પર બેઠેલાને હોય. સામાન્ય માણસને આવું માન ન હોય તો તેમને માનનો અભાવ સમજવો-આવી શિષ્યની શંકાના નિરાકરણમાં માનની પ્રકારાન્તરે વ્યાખ્યા કરે છે. યુક્ત અર્થને ગ્રહણ ન કરવું-એ પણ માન છે. સામાન્ય માણસને આવું માન સંભવી શકે. કોઈએ એમની ભૂલ બતાવી હોય તો એને સ્વીકારે નહિ. ઉપરથી માનના કારણે એમ કહે કે 'અમને બધી ખબર પડે છે. તમારે અમને શિખામણ આપવાની જરૂર નથી'. ગુરુભગવન્તને 'તમે સમજતા નથી' આવું કહીએ એ માનના કારણે જ ને?

બાહ્ય સંયોગો સારા હોય કે ખરાબ હોય તોપણ અભ્યંતર સંયોગો જો સારા કરી દીધા હોય તો બાહ્યસંયોગો રાગ કે દ્વેષનું કારણ નહિ બને. આથી જ અહીં અવિરુદ્ધ એવા અર્થની પ્રતિપત્તિ માટે છ અભ્યંતર શત્રુઓનો જય કરવાનું ગૃહસ્થના સામાન્ય ધર્મમાં જણાવ્યું છે.

સ. ગૃહસ્થપણાનો ધર્મ આટલો વિસ્તારથી શા માટે જણાવ્યો છે?

જે દરિદ્ર માણસ હોય અને તેને કરોડપતિ બનવું હોય તો પાઈ પાઈ ભેગી કરવી પડે ને? તેમ જેને સાધુપણા સુધી પહોંચવું હોય તેને ગૃહસ્થપણાના ધર્મો તો સૌથી પહેલાં આત્મસાત્ કરવા પડશે. જે રૂનું પૂંમડું પણ ઉપાડી ન શકે તેને મેરુનો ભાર ઉપાડવા કેવી રીતે અપાય? ગૃહસ્થપણામાંથી અવિરતિનું પાપ થોડું થોડું છોડવાનું શરૂ કરે તે કાલે ઊઠીને સર્વથા અવિરતિને છોડવા તૈયાર થઈ શકશે. આજે ધર્મ કરવાનો તો અભ્યાસ ઘણો પાડીએ છીએ, પરંતુ પાપ છોડવાનો અભ્યાસ પાડતા નથી. તેથી અહીં ગૃહસ્થના સામાન્યધર્મમાં પાપ છોડવા માટેના ઉપાયો બતાવ્યા છે. અવિરતિનું પાપ જે દિવસે દેખાશે તે દિવસે આ સંસાર છૂટશે. ધર્મ કરવા માટે દીક્ષા નથી લેવાની, પાપ છોડવા માટે દીક્ષા લેવાની છે. આજે ધર્મ કરવા છતાં પાપ છૂટતું નથી ને? તપ કરવા છતાં પણ આહારની લાલસા છૂટતી નથી, જ્ઞાન ભણવા છતાં વિકથાનો રસ છૂટતો નથી, આથી જ પાપ છોડવાનો અભ્યાસ પાડવો છે. પાપ છોડવાનો અભ્યાસ ધીરે ધીરે પાડવા માટે ગૃહસ્થપણાનો ધર્મ છે. સર્વથા પાપ છોડી શકતા ન હોય ને ગૃહસ્થપણામાં રહ્યા હોય તેવાઓને ધીરે ધીરે પાપ છોડવાનો અભ્યાસ પાડવા આ ધર્મ છે. ધંધો કરતાં પાપ ન કરી બેસે, પરણતાં પાપ કરી ન બેસે, ખાતાં-પીતાં કે પહેરતાં પાપ ન કરી બેસે

એ માટે આ ધર્મ બતાવ્યો છે. બાકી ધંધો વગેરે કરવાનું કામ તો તમે કરો જ છો તેમાં પાપ કેટલું છૂટે એ બતાવવું છે. ખાવાનું કામ તમે કરો છો તોપણ તેમાં જણાવ્યું કે વિગઈઓ ન વાપરવી, વનસ્પતિ ન વાપરવી તેમ જ સ્ત્રીઓએ અઠ્યાવીસ કોળિયા અને પુરુષોએ બત્રીસ કોળિયા આહાર લેવો. આમે ય આ શરીર બાળવાનું છે તો તેને પુષ્ટ કરવાનું શું કામ છે? જે બાળવાનું હોય તેમાં શું નાંખવાનું? નકામું જ નાંખવાનું ને?

**સ.** શરીર સારું હોય તો આરાધના સારી થાય ને?

સાચું કહો છો? અત્યારે તમે આરાધના નથી કરતા તે શરીર સારું નથી માટે નથી કરતા? શરીરને સાજું કરનારા આરાધના કેટલી કરે છે? શરીરનું પોષણ પણ નથી કરવાનું તો દવા તો ક્યાંથી આપવાની? શરીરને સાચવવા પ્રયત્ન નથી કરવો, શરીરનો ઉપયોગ કરી લેવો છે.

**સ.** બીજાને તો દવા આપવી ને?

બીજાને દવા લેવી હોય તો આપવી. પણ એ જો ના પાડતો હોય તો તેને પરાણે દવા નથી આપવી. આપણી દવાના કારણે કોઈ બચતું નથી. સામો માણસ રિબાતો હોય અને ઔષધને ઈચ્છતો હોય તો એક ક્ષણની વાર નથી કરવી. પરંતુ એ શાંતિથી સહન કરવા તૈયાર હોય તો તેને દબાણ કરીને દવા નથી આપવી. આપણી વાત તો એક જ છે કે અવિરતિનું પાપ નજર સામે દેખાય તો જ ગૃહસ્થપણાથી છુટાશે. સુખ ભોગવવાનો અધ્યવસાય તેનું નામ અવિરતિ. મિથ્યાત્વ ખરાબ લાગી જાય, કષાય ખરાબ લાગી જાય, પ્રમાદ પણ ખરાબ લાગી જાય પરંતુ અવિરતિ મોટે ભાગે ખરાબ લાગતી જ નથી. ભગવાન સુખ ભોગવવાની ના પાડે છે છતાં સુખ ભોગવવાનું મન થયા કરે-આ પ્રભાવ અવિરતિનો છે. જેને સુખ ભોગવવાનો અધ્યવસાય હોય તેને દીક્ષા ન અપાય. નાની ઉંમરના છોકરા-છોકરી દીક્ષા લેવા તૈયાર થાય ત્યારે તેમને વિશેષથી ભલે જ્ઞાન ન હોય, પરંતુ એટલું તો જ્ઞાન હોય જ છે કે દીક્ષા લઈને હરવાફરવા વગેરેનું સુખ નહિ ભોગવાય અને વિહાર-લોચાદિનાં દુઃખો ભોગવવાં પડશે, રમવા નહિ મળે અને ભણવું પડશે... આટલી તો ઓઘથી ખબર હોય છે. આમ છતાં સહર્ષ દીક્ષા લેવા તૈયાર થયા હોય તો માનવું પડે ને કે અવિરતિને છોડવા તૈયાર થયા છે! ગૃહસ્થપણાના ધર્મના પાલનથી સાધુપણાનું પાલન સુકર બને છે માટે તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે, તમને ગૃહસ્થપણામાં રાખી મૂકવા કે સ્થિર કરવા માટે નહિ.

આપણે કામ, ક્રોધ, લોભ અને માનઃ આ ચાર શત્રુઓનું વર્ણન જોઈ ગયા. હવે મદ અને હર્ષનું સ્વરૂપ વિચારવું છે. જાતિ, કુલ, બલ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યા, લાભ અને

તપઃ આ આઠના વિષયમાં બીજાને ઉતારી પાડવાના કારણભૂત એવો અહંકાર કરવો તેનું નામ મદ. આપણને આ સંસારમાં જે કાંઈ સારું મળે છે તે પુણ્યથી મળે છે. જે આજે પુણ્યથી મળ્યું છે તે કાલે પુણ્ય પૂરું થવાથી જતું પણ રહેશે તો તેમાં અહંકાર શા માટે કરવો? જે મળ્યું છે તે સારું છે-એમ માનવાના બદલે જે મળ્યું છે તે જવાનું છે-એટલું યાદ રાખીએ તો અભિમાન નહિ આવે. મદ પછી હર્ષ જણાવ્યો છે. પુણ્યથી મળેલી સામગ્રીમાં જેમ મદ નથી કરવાનો તેમ તેમાં હર્ષ પણ નથી કરવાનો.

સ. પુણ્યથી મળેલામાં હર્ષ નહિ કરવાનો, તો પછી મોઢું ચઢાવીને ફરવાનું?

એમાં મોઢું ચઢાવવાની જરૂર નથી. પુણ્યથી મળેલામાં હર્ષ કરવાની ના પાડી છે. જે ક્ષયોપશમભાવથી મળે છે તેવા આગમના જ્ઞાનમાં અને સંયમમાં આનંદ પામવાની ના નથી પાડી. આત્માના ગુણો ક્ષયોપશમભાવથી મળે છે અને સુખનાં સાધનો પુણ્યથી મળે છે. પુણ્યથી મળેલામાં આનંદ નથી પામવો.

સ. જૈન કુળ તો પુણ્યથી મળ્યું ને? તેમાં આનંદ પામવાનો ને?

જૈન કુળ પુણ્યથી મળે પણ જૈન ધર્મ ક્ષયોપશમભાવથી મળે છે. તમને જૈનકુળમાં જનમ્યાનો આનંદ છે કે જૈન ધર્મ પામ્યાનો આનંદ છે? જૈન ધર્મ પામ્યાનો આનંદ સારો છે. પરંતુ માત્ર જૈન કુળમાં જન્મી જવાથી નિસ્તાર નથી. તેથી તે આનંદનો કોઈ અર્થ નથી.

સ. ભગવાનની પૂજાથી મન પ્રસન્ન થાય ને?

પ્રસન્નતા એ ગુણ છે અને હર્ષ એ દોષ છે. પ્રસન્નતા ક્ષયોપશમભાવની છે, સમભાવના ઘરની છે જ્યારે હર્ષ તો ઔદયિકભાવનો છે અને રાગ તથા રતિનું કાર્ય છે. અહીં કોઈપણ જાતના નિમિત્ત વિના બીજાને દુઃખ પમાડીને મનમાં પ્રીતિને જન્માવે તેનું નામ હર્ષ અથવા જુગાર, શિકાર વગેરે અનર્થનો આશ્રય કરવા દ્વારા મનને પ્રીતિ પમાડનાર હર્ષ છે.

આપણે જોઈ ગયા કે ગૃહસ્થ છ પ્રકારના અભ્યંતર શત્રુઓનો ત્યાગ કરવા પૂર્વક અવિરુદ્ધ અર્થની પ્રતિપત્તિ કરે. ધર્મ, અર્થ અને કામને પરસ્પર વિરોધ ન આવે તે રીતે પ્રવૃત્તિ કરવી. ધર્મ પણ એવો ન કરવો કે જેથી અર્થ અને કામને બાધા પહોંચે. એ જ રીતે અર્થકામની પાછળ પણ એવા ન પડવું કે જેથી ધર્મ સિદાય. ધંધાના સમયે ધંધો કરવાનો, રસોઈના સમયે રસોઈ કરવાની. રાંધવાના સમયે સામાયિક લઈને ન બેસાય. તે જ રીતે ધંધાના સમયે સ્વાધ્યાય કરવા ન બેસવું. જેને રસોઈ-ધંધો ન કરવો હોય

તેણે સાધુ થઈ જવું, પણ જે વખતે જેનો સમય હોય તે કામ કરવું જ પડે. એનું નામ અવિરુદ્ધ અર્થની પ્રતીતિ. નવકારશી દસ વાગ્યા સુધી ચાલવી ન જોઈએ, બપોરનું જમણ બે ત્રણ વાગ્યા સુધી ચાલવું ન જોઈએ. સાંજે સૂર્યાસ્તના બે ઘડી પહેલાં જમવાનું પતાવી દેવું, જમવાના સમયે જમી લેવું-આ અવિરુદ્ધાર્થની પ્રતિપત્તિ છે. આટલું તો શક્ય બને ને? ધંધાના સમયે ધંધો કરવાનો, તો ધર્મ પણ વ્યવસ્થિત થાય. સમયે સમયે અનુષ્ઠાન કરે તો એકે અનુષ્ઠાન સિદાય નહિ. પૈસા ન કમાવા હોય, જરૂર ન હોય, બેઠી આવકથી જો નિર્વાહ થતો હોય તો ધર્મ કરો-એ ચાલે. પણ પૈસાની જરૂર હોય તો ધંધાના સમયે જ ધંધો કરવાનો, ત્યારે ધર્મ કરવા ન બેસવું. આ રીતે એક પણ પુરુષાર્થને વિરોધ ન આવે-એ રીતે પ્રવૃત્તિ કરવા દ્વારા ઈન્દ્રિયનો જય કરવાનો. આ રીતે દરેક પુરુષાર્થ પોતાના સમયે કરવાથી કુદરતી રીતે ઈન્દ્રિયો કાબૂમાં આવી જાય. ઈન્દ્રિયોની અત્યંત આસક્તિ મરી જવાથી ઈન્દ્રિયોના વિકારનો નિરોધ થાય છે. સાધુભગવંતોને અર્થકામ પુરુષાર્થ હોતા નથી, તેથી ચોવીસ કલાક ધર્મપુરુષાર્થની આરાધના કરે. જ્યારે તમારે અર્થકામ પુરુષાર્થ પણ સાધવાના હોવાથી તેનો બાધ ન આવે એ રીતે જ પ્રવૃત્તિ કરવી.

છ પ્રકારના અભ્યંતર શત્રુઓનો ત્યાગ કરીને અવિરુદ્ધાર્થનો સ્વીકાર કરવા દ્વારા ઈન્દ્રિયોનો જય કરવોઃ આ પ્રમાણે જણાવ્યા પછી હવે કેવા સ્થાનમાં ગૃહસ્થે રહેવું જોઈએ તે જણાવે છે. સાધુભગવન્તને જેમ નિરવદ્ય વસતિમાં રહેવાનું જણાવ્યું છે તેમ ગૃહસ્થે પણ પોતાના ધર્મ, અર્થ, કામ પુરુષાર્થને બાધા ન પહોંચે તેવા સ્થાનમાં રહેવું જોઈએ-એમ જણાવ્યું છે. તમે અર્થકામને બાધા ન પહોંચે તેનું ધ્યાન રાખો પરંતુ ધર્મની કોઈ ચિંતા નથી ને? અહીં જણાવ્યું છે કે-

**६ तथा – उपप्लुतस्थानत्याग इति ।।१६।।**

ઉપપ્લુત એટલે ઉપદ્રવ, તેનાથી રહિત એવા સ્થાનમાં રહેવાનું. ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. આજે તમને અર્થકામના ઉપદ્રવો ટાળવાનું મન છે પરંતુ ધર્મમાં ઉપદ્રવ થાય તેવા સ્થાનને છોડવાનું ન ફાવે ને? દેરાસર-ઉપાશ્રય નજીકમાં હોય તેવા સ્થાનમાં રહેવું છે કે હોસ્પિટલ, સ્કૂલ, મોલ નજીકમાં હોય એવા સ્થાનમાં રહેવું છે? અર્થ અને કામ સિદાય ત્યાં તો તમે રહો જ નહિ ને? તમે દેશમાંથી અહીં શહેરમાં આવ્યા તે દેરાસર-ઉપાશ્રય ન હતા માટે આવ્યા કે અર્થકામ ન હતા માટે આવ્યા? ત્યાંના દેરાસર ઉપાશ્રય પણ છોડીને ધંધા માટે અહીં આવ્યા ને? તેથી તમને એ તો સમજાવવાની જરૂર નથી ને? છતાં અહીં ધર્મ, અર્થ અને કામ એ ત્રણેને બાધા

ન પહોંચે એવા સ્થાને રહેવું-એમ જણાવ્યું છે. જ્યાં સ્વરાષ્ટ્રનો ભય હોય અર્થાદ્ રાજા પોતે જ રંજાડનારો હોય, પરરાષ્ટ્રનો ભય હોય, અર્થાદ્ શત્રુરાજાનો ભય હોય, જ્યાં દુકાળ પડ્યો હોય, જ્યાં મારી-મરકી વગેરે રોગચાળો ફાટી નીકળ્યો હોય, જ્યાંના લોકો આપણા વિરોધી હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો. કારણ કે આવા ઉપદ્રવોના કારણે એ સ્થાન અસ્વસ્થ બન્યું હોવાથી એ સ્થાન આપણી અસ્વસ્થતાનું કારણ બને છે માટે તેનો ત્યાગ કરવો છે. જે સ્થાનમાં રહીને ધર્મની સાધના ન કરી શકાય તેવા સ્થાનમાં નથી રહેવું. સ્કૂલ દૂર હશે તો છોકરાને મૂકવા જઈશું. પરંતુ દેરાસર અને ઉપાશ્રય તો નજીકમાં જ જોઈએ કે જેથી છોકરાઓ જાતે જઈ શકે. દેરાસર કદાચ ઘરમાં બનાવશો પણ ઉપાશ્રય તો ઘરમાં નહિ રખાય. તમે રાખશો તોપણ સાધુસાધ્વી ત્યાં નહિ ઊતરે. તમારે જ ઉપાશ્રયમાં જવું પડશે. જ્યાં ગૃહસ્થની અવરજવર હોય, ભીંતના આંતરે ગૃહસ્થો જો રહેતા હોય તો તેવા સ્થાનમાં સાધુએ ન રહેવાય. તેથી આપણે ઉપાશ્રય નજીકમાં હોય તેવા સ્થાનમાં રહેવું છે. આ તો એવા દૂર બંગલામાં રહેવા જાય કે જ્યાં દેરાસર-ઉપાશ્રય તો હોય જ નહિ અને ઉપરથી એવી સૂમસામ જગ્યા હોય કે કોઈ ચોરી કરી જાય કે ખૂન કરી જાય તો ય ખબર ન પડે: આવા સ્થાનમાં ગૃહસ્થ ન રહે. ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરીને પછી જવું ક્યાં-તે માટે જણાવે છે:

**૭-तथा स्वयोग्यस्याऽऽश्रयणमिति ।।१७।।**

જે પોતાને યોગ્ય હોય તેવા સ્થાનનો આશ્રય કરવો. પોતાની રક્ષા જેમાં થાય તેને ઉચિત સ્થાન કહેવાય. રાજાદિને અપૂર્વ લાભનું સંપાદન કરાવવા દ્વારા રક્ષણ કરવા માટે સમર્થ એવા રાજાદિનો આશ્રય કરવો. 'આપના દ્વારા હું રક્ષણ કરવા યોગ્ય છું.' આવા પ્રકારનું આત્મસમર્પણ કરવું. કારણ કે કહ્યું છે કે પ્રજાજનો સ્વામીના કારણે જ રહે છે. જેમ મૂળના કારણે વૃક્ષ ટકે છે તેમ સ્વામીના યોગે પ્રજાજનો સ્વસ્થ રહે છે. મૂળિયા વિનાનું વૃક્ષ સ્થિર ન રહે તેમ સ્વામી વિના સેવકોની સુરક્ષા નથી. આ સ્વામી પણ કેવા કરવા તે માટે જણાવે છે કે જે ધાર્મિક હોય, કુલાચાર અને પરિજનથી શુદ્ધ હોય, પ્રતાપી હોય તેમ જ ન્યાયને અનુસરનાર હોય તેવાને સ્વામી તરીકે સ્વીકારવા કે જેથી ધર્મ, અર્થ અને કામપુરુષાર્થમાં બાધા ન પહોંચે.

**૮-तथा-प्रधानसाधुपरिग्रह इति ।।१८।।**

સારા સ્વામીનો સ્વીકાર કર્યા પછી કેવા પરિવારજનની વચ્ચે રહેવું તે માટે અહીં જણાવ્યું છે કે પ્રધાન એવા સજ્જનપુરુષોની વચ્ચે રહેવું. શ્રાવકનો પરિવાર ક્ષુદ્ર ન હોવો જોઈએ. ક્ષુદ્ર માણસોના પરિચયના કારણે આપણા સંસ્કાર બગડે છે. સજ્જનોમાં પ્રધાનતા

કેવા પ્રકારની હોવી જોઈએ તે માટે જણાવે છે કે સૌજન્ય, દાક્ષિણ્ય, કૃતજ્ઞતા વગેરે ગુણવાળા હોવા જોઈએ. સાધુ-સજ્જન પુરુષ કોને કહેવાય તે માટે જણાવે છે કે સદાચારના અભિનિવેશવાળા હોય તેને સાધુ કહેવાય. સદાચાર વગર ચાલે જ નહિ તેનું નામ સદાચારનો અભિનિવેશ. ચામાં સાકર હોવી જ જોઈએ ને? તેમ આપણામાં સદાચાર હોવા જ જોઈએ. આપણી મિત્રતા, આપણો આદાનપ્રદાનનો વ્યવહાર, આલાપ-સંલાપનો વ્યવહાર સદાચારી લોકોની સાથે જ હોવો જોઈએ. જે પુરુષ ક્ષુદ્રપરિવારવાળો હોય તે કોઈને માટે સેવ્ય નથી બનતો. જેમ સર્પવાળા સ્થાનમાં આશ્રય કરીને કોઈ રહે નહિ તેમ આવો પુરુષ કોઈના માટે સેવનીય ન બને. આપણો જેવા લોકો સાથે પરિચય હોય એવા આપણે ગણાઈએ. આપણો પરિચય દુષ્ટ લોકો સાથે હોય તો લોકો આપણને દુષ્ટ માને છે. જ્યારે ગુણવાનના સંપર્કના કારણે લોકો આપણને પણ ગુણવાન માને છે. આપણે ગુણવાન હોઈએ કે ન હોઈએ પણ ગુણવાનના સંપર્કમાં આપણે રહીએ એ જ આપણો ગુણ છે. આપણી ગુણવાન તરીકેની પ્રસિદ્ધિ ગુણીના સંપર્કના કારણે થાય છે. કહ્યું છે કે-ગુણવાનોના સંનિધાનના કારણે જ ગુણી તરીકેની પ્રસિદ્ધિ થાય છે. વસંત ઋતુમાં સુગંધી એવાં પુષ્પો ખીલતાં હોવાથી વસંતઋતુને પણ મધુ કહેવાય છે. સુગંધી પુષ્પોના કારણે ઋતુને પણ મધુ તરીકેની પ્રસિદ્ધિ મળે છે.

**९-तथा-स्थाने गृहकरणमिति ।।१९।।**

**अतिप्रकटातिगुप्तमस्थानमनुचितप्रातिवेश्यश्चेति ।।२०।।**

હવે ગૃહસ્થે કેવા ઘરમાં રહેવું તે માટે જણાવે છે કે સૌથી પહેલાં જો તૈયાર ઘર મળે તો તે જ ઘર લેવું. એ તૈયાર ઘર પણ સ્થાને હોવું જોઈએ. ગૃહસ્થ અવિરતિમાં જ બેઠેલો હોવાથી તે તૈયાર ઘર લે તોપણ આરંભસમારંભનું પાપ તો લાગવાનું જ છે. પરંતુ નવેસરથી ઘર બનાવે તો એ આરંભસમારંભના કારણે પરિણામ નઠોર બને. તેથી નવેસરથી ઘર બંધાવવા કરતાં તૈયાર ઘર લેવું સારું. આ ઘર અસ્થાને ન હોવું જોઈએ. અસ્થાન કોને કહેવાય તે માટે જણાવે છે કે અત્યંત પ્રગટ અર્થાદ્ આજુબાજુ નજીકમાં એકે ઘર ન હોવાથી અતિપ્રકટ હોય તો ચોર વગેરે નિઃશંકપણે હેરાન કરે તેથી તેવું ઘર ન લેવું. અને અતિગુપ્ત એટલે કે આજુબાજુ અત્યંત નજીકમાં ઘરો હોય તો આપણા ઘરનું બારણું-બારી વગેરે જલદી મળે નહિ, તેથી એક તો ઘરની શોભા ન રહે અને આગ લાગે કે બીજા કોઈ ઉપદ્રવ થાય તો ત્યાંથી નીકળવાનું કે પેસવાનું જલદીથી ફાવે નહિ તેથી તેવું ઘર ન લેવું. તેમ જ જ્યાં આડોશી-પાડોશી જુગારાદિ વ્યસનવાળા હોય એવા સ્થાને ઘર ન લેવું. કારણ કે એવું કહેવાય છે કે સંસર્ગના કારણે દોષ અને ગુણ ઉત્પન્ન થાય છે. કુશીલ અર્થાત્ ખરાબ આચારવાળા પાડોશીની સાથે આલાપ કરવાથી,

તેમના દર્શનથી તથા તેમના સહવાસ સ્વરૂપ દોષથી પોતે ગુણવાન હોવા છતાં ચોક્કસ ગુણની હાનિ થાય છે માટે તેવા પાડોશીવાળા ઘરમાં રહેવાની ના પાડી. ત્યારબાદ જણાવે છે કે:

**लक्षणोपेतगृहवास इति ।।२१।। निमित्तपरीक्षेति ।।२२।।**

જે ઘરમાં રહેવાનું હોય તે ઘર વાસ્તુશાસ્ત્રથી લક્ષણયુક્ત હોવું જોઈએ. જે ભૂમિ પર દુર્વા, પ્રવાલ વગેરે ઊગેલું હોય, જેની માટી પ્રશસ્ત વર્ણાદિવાળી હોય, મીઠું પાણી જેમાંથી નીકળતું હોય તેમ જ જેમાંથી નિધાનાદિ નીકળ્યાં હોય એવી ભૂમિમાં જે ઘર બાંધેલું હોય, તેમ જ વાસ્તુશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે વેધરહિત હોય એવા ઘરમાં રહેવું. લક્ષણ વગરના ઘરમાં રહેવાથી વિભવનો વિનાશ વગેરે અનેક જનપ્રસિદ્ધ દોષો ઉદ્ભવે છે. તેમ જ એવા ઘરમાં રહેવા જતી વખતે પણ નિમિત્તની પરીક્ષા કરીને જવું. સારા શકન, સારા સ્વપ્નનું દર્શન ઈત્યાદિ નિમિત્તની સારી રીતે પરીક્ષા કરીને જવું.

સ. કર્મના યોગે જે થવાનું હશે તે થવાનું જ તો નિમિત્ત શા માટે જોવાં?

આપણે કર્મને આધીન તો છીએ જ પરંતુ વધુ કર્મ બાંધી ન બેસીએ એ માટે નિમિત્તને પણ માનવા છે. નિમિત્તો સૂચક છે, કારક નથી. ખરાબ નિમિત્તના કારણે ખરાબ થાય છે-એવું નથી, ખરાબ થવાનું છે-એ સૂચવવાનું કામ નિમિત્ત કરે છે. આપણી પાસે સત્ત્વ અલ્પ છે, તેથી જે ખરાબ સંયોગો સર્જાય તેમાં આર્ત્ત-રૌદ્રધ્યાન કરીને વધુ કર્મ બાંધી ન બેસીએ એ માટે નિમિત્ત જોવાનું જણાવ્યું છે. નિમિત્તો સાવચેતી રાખવા માટે જોવાનાં છે, એમાં કર્મનો પ્રતિકાર કરવાની ભાવના નથી. અકાળે આપણી અનુકૂળ સામગ્રીઓ નાશ ન પામી જાય, આપણે વધુ પાપમાં ન પડીએ અને લક્ષણોપેત ઘરમાં રહીને ધર્માદિની સાધના કરીને જલદીથી સાધુપણું પામીએ માટે નિમિત્તની પરીક્ષા જણાવી. દુઃખ દૂર કરવા નિમિત્તની પરીક્ષા નથી, દુઃખમાં થતી અસમાધિથી બચવાના ભાવથી નિમિત્તપરીક્ષા કરવાની છે.

**तथा–अनेकनिर्गमादिवर्जनमिति ।।२३।।**

જે ઘરમાં રહેવાનું છે તે ઘર અનેક દરવાજાવાળું ન હોવું જોઈએ. એક કે બે જ દ્વાર પ્રવેશ અને નિર્ગમ માટેનાં હોવાં જોઈએ. જેથી ઘરમાં કોઈપણ પેસે કે નીકળે તો તેની ઉપર વડીલ જન વગેરેની નજર રહી શકે. જેમાં દરવાજા અનેક હોય તેવા ઘરમાં ગમે તેવા લોકો પેસી જાય તો વિભવ તથા સ્ત્રી વગેરેની રક્ષા ન થઈ શકે. તેથી સુરક્ષા માટે પરિમિત પ્રવેશનિર્ગમ દ્વારવાળું ઘર હોવું જોઈએ.

## ૧૦–तथा विभवाद्यनुरूपो वेषो विरुद्धत्यागेनेति ।।२४।।

ગૃહસ્થના સામાન્યધર્મમાં હવે વસ્ત્રો કેવાં પરિધાન કરવાં તે જણાવ્યું છે. અહીં જણાવે છે કે ગૃહસ્થે વિરુદ્ધ-ઉદ્‌ભટવેષનો ત્યાગ કરીને પોતાના વિભવને અનુરૂપ વસ્ત્રો ધારણ કરવાં. વસ્ત્રો એવાં ન પહેરવાં કે જેથી આપણે છાકટા લાગીએ. તેમ જ સાવ દરિદ્રનારાયણની જેમ પણ નથી રહેવું. આપણા વિભવને ઉચિત એવાં વસ્ત્રો ધારણ કરવાં કે જેથી જોનારને 'આ ભદ્રમૂર્તિ છે.' એવું લાગે. આજે તમે તો વિભવને બદલે ફેશનને અનુરૂપ વસ્ત્રો પહેરો છો ને? આજે તમે જે વસ્ત્રો ધારણ કરો છો-એમાં તમારી શોભા છે ખરી? વર્ત્તમાનના તમારા પહેરવેશમાં તમારા શરીરની શોભા પણ જળવાતી નથી.શરીરનાં અંગોપાંગ કે એના મરોડ સ્પષ્ટ દેખાય એવાં વસ્ત્રો પહેરાય નહિ. શરીર તો ઊઘાડું ન જ દેખાવું જોઈએ અને સાથે શરીરના અંગમરોડ ઉઘાડા ન દેખાય તેવાં વસ્ત્રો સારાં ગણવાં. વિભવને ઉચિત વસ્ત્રાલંકાર પહેરીને ફરવાનું કારણ એ છે કે જ્યારે પણ જરૂર પડે ત્યારે તરત જ શરીર ઉપરથી અલંકાર કાઢીને દાનમાં આપી શકાય. પ્રદર્શન માટે અલંકાર નથી પહેરવાનાં, દાનમાં આપી શકાય માટે પહેરવાનાં છે. લૂંટફાટનો ડર નથી રાખવો. જે પારકું હોય તે જાય છે, જે પોતાનું હોય તે ક્યારે ય જતું નથી. આપણે નટ નટીઓને આદર્શ માનીને નથી જીવવું. શાસ્ત્રને આદર્શ માનીને જીવવું છે. વસ્ત્રો શરીરની લાજ ઢાંકવા માટે છે, શરીરના પ્રદર્શન માટે નહિઃ એટલું યાદ રાખવું. તમને જો આ ઉચિતવેષ પહેરતાં શરમ આવતી હોય તો તમને સાધુપણાનાં વસ્ત્રો આપી દઉં- એમાં વાંધો નથી ને? આપણે ઉન્માર્ગે ન જઈએ, પાપ કરી ન બેસીએ તે માટે આપણા વડીલોએ આપણી ઘણી ચિંતા કરી છે. 'મને શું થાય છે?' તેની ચિંતા કરવાના બદલે 'મારું શું થશે?' એની ચિંતા કરો તો સંસાર છૂટી જાય. દુઃખ આવ્યું એ નથી જોવું, આપણે દુઃખી થઈશું-એ જોવું છે. આપણને શું થાય છે-એની ફરિયાદ કરવાને બદલે 'મારું શું થશે?' એની ચિંતા કરવાની શરૂ કરવી છે. વર્ત્તમાનદર્શિતા એ દોષ છે, દીર્ઘદર્શિતા એ ગુણ છે. માત્ર વર્ત્તમાનને જોઈને નથી ચાલવું, ભવિષ્યને નજર સામે રાખીને ચાલવું છે. આ ભવની ભૂલો સુધારવાનો વખત ભવિષ્યમાં આવે એના બદલે અત્યારે જ આ ભૂલો સુધારી દેવી છે. જે વેષના કારણે લોકો આપણો પરિહાસ કરે એવો અને ભાંડ વગેરે નીચ પુરુષોની ચેષ્ટાના નિમિત્તભૂત વેષ ન પહેરવો. પ્રસન્નનેપથ્યવાળો એટલે કે ઉચિતવેષવાળો પુરુષ મંગલમૂર્તિ લાગે. મંગલના કારણે લક્ષ્મી પ્રાપ્ત થાય છે. લોકમાં કહેવાય છે કે મંગલના કારણે લક્ષ્મી મળે છે, ધીરતા તથા ગંભીરતાથી લક્ષ્મી વધે છે, લક્ષ્મી મળ્યા પછી ગર્વિષ્ઠ બને તેની લક્ષ્મી વધે નહિ. નિપુણતાના કારણે લક્ષ્મી સાનુબંધ બને છે અને સંયમના કારણે લક્ષ્મી પ્રતિષ્ઠાને પામે છે, પ્રશંસનીય બને છે.

## ૧૧-તથા- आयोचितो व्यय इति ।।२५।।

ગૃહસ્થપણામાં ઘરનો નિર્વાહ કરવા માટે આવક જેટલી હોય એના પ્રમાણે વ્યય કરવો-એમ અહીં જણાવ્યું છે. આજે તમે ખર્ચો નક્કી કરીને તે પ્રમાણે કમાણી કરવાનો ધંધો શરૂ કર્યો છે-તે ઉચિત નથી. શાસ્ત્રકારો કહે છે કે જેટલી કમાણી હોય એને અનુરૂપ ખર્ચા કરવાના. ખરચવા માટે કમાવાનું છે-એવું નથી, કમાણીને અનુરૂપ ખર્ચા કરવાના છે. આ કમાણીને અહીં આય તરીકે જણાવી છે. આયની પ્રાપ્તિ વ્યાજ દ્વારા તેમ જ વેચાણના નફા દ્વારા થાય છે. આય કેવી રીતે ઊભો થાય છે-તે તો તમને જણાવવાની જરૂર નથી ને? તમને ખર્ચા માટે જેટલો પૈસો જોઈએ તે ગમે તે રીતે પણ ભેગો કરો ને? તેની અહીં વાત નથી. આપણી જીવનચર્યા આપણી કમાણીના પ્રમાણમાં જ ગોઠવાવી જોઈએ. આયનો વ્યય કઈ રીતે કરવો તે માટે અહીં ચાર ભાગ કરવાનું જણાવ્યું. આપણી આવકના ચાર ભાગ કરીને એક ભાગ સલામત રાખવાનો, એક ભાગ ભર્ત્તવ્યના ભરણપોષણમાં રાખવાનો, એક ભાગ પોતાના ભોગ માટે અને ચોથો ભાગ દેવઅતિથિપૂજન વગેરે ધર્મકાર્યમાં કરવો-આ પ્રમાણે જણાવ્યું છે. અથવા નીતિશાસ્ત્ર પ્રમાણે જણાવે છે કે આવકના ચાર ભાગ કરીને પા ભાગ નિધિ તરીકે રાખી મૂકવો, પા ભાગમાં ધંધો કરવો, પા ભાગ ભર્ત્તવ્યના પોષણ માટે વાપરવો, પા ભાગ પોતાના અને ધર્મના કાર્યમાં વાપરવો.

સ. પાંચમે પરિગ્રહ એ પાપ છે ને?

એના પહેલાં પહેલે પ્રાણાપતિપાત વગેરે પાપ છે એ યાદ રાખવું છે. જ્યાં સુધી પહેલાં ચાર પાપ ચાલુ હશે ત્યાં સુધી પૈસાની જરૂર પડશે જ. ગૃહસ્થપણું એ જ પાપના યોગે છે. છતાં જ્યાં સુધી એ છૂટે નહિ ત્યાં સુધી જીવન પાપમય ન બને અને આર્ત્તધ્યાન કરવાનો વખત આવે નહિ-એ માટે આ વ્યવસ્થા જણાવી છે. ગૃહસ્થપણાનું પાપ જે દિવસે દેખાશે તે દિવસે સાધુ થવાનું મન થશે.

સ. નીતિશાસ્ત્ર આમ કહે છે તો ધર્મશાસ્ત્ર શું કહે છે?

ધર્મશાસ્ત્ર તો તમને શ્રાવક અને સાધુ બનવાની વાત કરે છે. લોકોત્તર શાસ્ત્ર તો કહે છે કે અતિ ઊના ઘીથી ચોપડેલી રોટલી, સાંધ્યા વિનાનું વસ્ત્ર, પોતાનું ઘર (ભાડાનું નહિ) હોય તો તેનાથી અધિકની ઈચ્છા નથી કરવી. લોકોત્તર શાસ્ત્ર પાળવું હોય તો પુણિયા શ્રાવકની જેમ જીવવું છે. ત્યાં સુધી તો પહોંચાય એવું નથી ને? તો આટલું નીતિશાસ્ત્રનું તો માનવું છે ને? આના કરતાં પણ ચઢિયાતું નીતિશાસ્ત્ર કહે છે કે આપણી આવકનો અડધો ભાગ ધર્મમાં વાપરવાનો અને બાકીના અડધાના ચાર ભાગ

કરી તેમાંથી મૂડીમાં, ધંધામાં, ભર્ત્તવ્યના ભરણપોષણમાં અને પોતાના ભોગમાં લેવું. આ લોક સંબંધી કાર્ય બધાં તુચ્છ છે છતાં તે થોડામાંથી કરવા હોય તો પ્રયત્નપૂર્વક કરવાં. જ્યાં જરૂર હોય ત્યાં વાપરવાનું પણ વ્યર્થ ખર્ચો ન કરવો. પેલા શેઠની વાત સાંભળી છે ને? એક વાર તેલ ઢોળાઈ ગયું તો સસરાએ પગના જોડા તેલ પિવડાવવા એમાં નાંખ્યા. આ જોઈને તાજી પરણેલી નવી વહુને થયું કે 'આ હું કેવા કંજૂસાઈવાળા ઘરમાં આવી.' છતાં પોતાના સસરાની પરીક્ષા માટે એક વાર સવારથી માથું દુખવાનું નાટક કર્યું. બપોર સુધી માથું ન ઊતર્યું. છેવટે સસરાએ પૂછ્યું કે 'પહેલાં ક્યારે ય આવો દુ:ખાવો થયો હતો.' વહુએ કહ્યું 'ઘણી વાર થતો હતો.' શેઠે પૂછ્યું 'ત્યારે શું કરતાં હતાં?' વહુએ કહ્યું 'મારા પિતાજી મને સાચા મોતીનો લેપ કરી આપતા.' ત્યારે સસરાએ કહ્યું 'તો આટલી વાર કેમ કરી? સવારથી જ કહેવું હતું, આપણે ત્યાં ઘણાં મોતી છે.' એમ કહીને તિજોરીમાંથી મોતી કાઢીને વાટવાની તૈયારી કરવા લાગ્યા. એટલામાં વહુનું માથું ઊતરી ગયું. અને તેણે પોતાના મનની વાત સસરાને કહી. સસરાએ કહ્યું જરૂર હોય ત્યાં પાછું વાળીને ન જોવું, જરૂર વિના એક પાઈ પણ ન ખરચવી. અહીં જણાવ્યું છે કે-જે પુરુષ આયને ઉચિત વ્યય નથી કરતો તે વિભવના કારણે થનારા સકલ વ્યવહારને કરવા માટે અસમર્થ બને છે. જેમ શરીરમાં થયેલો રોગ, જો ઉચિત ઔષધ કરવામાં ન આવે તો શરીરને કૃશ કરી નાંખે છે તેમ અહીં પણ સમજવું. આવક અને ખર્ચાનો વિચાર કર્યા વિના જે કુબેરની જેમ ધનવ્યય કરે છે, તે નજીકના કાળમાં જ નામશેષ બની જાય છે અર્થાત્ બધું ગુમાવી બેસે છે.

## १२ तथा–प्रसिद्धदेशाचारपालनम् ।।२६।।

બારમા ગુણ તરીકે પ્રસિદ્ધ એવા દેશાચારનું પાલન કરવાનું જણાવ્યું છે. અહીં એટલું યાદ રાખવું કે દેશમાં પ્રસિદ્ધ એવા આચારનું પાલન કરવાનું છે, અનાચારનું નહિ. આપણે જે દેશમાં રહેતા હોઈએ એ દેશના પ્રસિદ્ધ એવા આચારનું ઉલ્લંઘન કરવું નહિ અને અનાચારનું પાલન કરવું નહિ. આપણે જ્યાં સુધી ચારિત્ર લઈ શકતા નથી અને દેશવિરતિ સુધી પહોંચી ન શકીએ ત્યાં સુધી માર્ગાનુસારીપણાના આ આચારોનું પાલન કર્યા વગર નહિ ચાલે. તેવા પ્રકારના શિષ્ટ પુરુષોને સમ્મત હોય એવા લાંબા કાળથી રૂઢ થયેલા આચારનું પાલન કરવાનું છે. સામાન્યથી પાંચ પ્રકારના યમ તથા નિયમ પ્રસિદ્ધ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ પાંચ યમ છે. જ્યારે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરનું ધ્યાન ધરવું. આ પાંચ નિયમ છે. હિંસા, જૂઠ કે ચોરીને સારું માનવાનું કામ કોઈ દર્શનકાર કરતા નથી. તેથી અહિંસાદિ લોકપ્રસિદ્ધ આચાર છે. તેમ જ શૌચ એટલે દ્રવ્ય અને ભાવની પવિત્રતા, સંતોષથી

જીવવું, થોડો તપ કરવો, જ્ઞાનાભ્યાસ કરવો, ઈશ્વરનું ધ્યાન ધરવું... આ બધા સર્વસંમત આચારો છે, માટે તેનું પાલન કરવું. જે દેશમાં જે ભોજન કે આચ્છાદન-વસ્ત્ર વગેરેની પ્રવૃત્તિ પ્રસિદ્ધ હોય તે રીતે જીવવું. પહેલાના કાળમાં ગામડાઓમાં રાત્રે કોઈ જમતું ન હતું. રાત્રે પશુઓ પણ પ્રાયઃ ખાતા નથી તો માણસો શા માટે રાત્રે જમે? સાંજના સમયે ખુલ્લામાં વાસણો ધોઈને ઊંધાં પાડી દેતા. આ રીતે રાત્રિભોજન ન કરવું-એ પ્રસિદ્ધ દેશાચાર છે. રાત્રિભોજન બધા કરતા હોય છતાં તે આચારમાં ન ગણાય. તેમ જ ઉનાળા શિયાળામાં પણ સુખનાં સાધનો વસાવવાં નથી. ગામડાઓમાં પહેલાં લાઈટ કે પંખા હતા જ નહિ. હવે પંખા ને એ.સી. આવી ગયા ને? આ પ્રસિદ્ધ દેશાચાર નથી. જેમાં વાયુકાયની, ત્રસકાયની વિરાધના થાય તેવાં સાધનો ન વસાવવાં. આજે નિયમ લેવો છે કે પંખો કે એ.સી. નથી વાપરવાં. દુઃખ ગમે તેટલું આવે તોપણ 'સાધુ ભગવંત શું કરતા હશે? ' એટલું યાદ કરી લેવું. જ્યારે સુખ ભોગવવાનું મન થાય, દુઃખ ટાળવાનું મન થાય ત્યારે 'નમો લોએ સવ્વસાહૂણં' બોલી જવું. જે લોકના પણ આચાર ન પાળે તે લોકોત્તર આચાર કેવી રીતે પાળી શકે? કાલે ઊઠીને લોકોત્તર આચારનું પાલન કરવું છે માટે આ ગુણ આત્મસાત્ કરવો છે. લોકના પ્રસિદ્ધ આચારનું ઉલ્લંઘન કરીએ તો તે દેશવાસી લોકોનો વિરોધ થવાથી આપણને અકલ્યાણની પ્રાપ્તિ થાય. કહ્યું છે કેઃ સમસ્ત પૃથ્વીના લોકને દોષયુક્ત જોવા છતાં પણ યોગીજનો લૌકિક આચારનું મનથી પણ ઉલ્લંઘન કરતા નથી. લોકો સારા ભલે ન હોય પરંતુ તેમના આચાર સારા હોવાથી તેનું ઉલ્લંઘન યોગી કરતા નથી.

### १३ तथा–गर्हितेषु गाढमप्रवृत्तिरिति ।।२७।।

લોકના આચારનું પાલન કરવાનું છે. પરંતુ લોકમાં જે નિંદનીય કોટિનાં ગણાય એવાં કાર્યોમાં પ્રાણ જાય તોપણ પ્રવૃત્તિ કરવાની નથી. ગર્હિત કાર્ય પણ સામાન્યથી કક્ષાને અનુસાર હોય છે. જેમ કે કોઈ સાધુમહારાજ સ્ત્રીની સાથે વાત કરે તો તે લોકમાં ગર્હણીય કોટિનું ગણાય. જ્યારે તમે સ્ત્રીને પરણો તોપણ તે ગર્હાપાત્ર નથી ગણાતું. તેથી તમારા માટે જે અવિરતિપ્રત્યયિક ક્રિયાઓ છે તે ગર્હાપાત્ર ન ગણાય તોપણ વ્યસનપ્રત્યયિક ક્રિયાઓ તો નિંદનીયકોટિની ગણાય છે. તમે અવિરતિની ક્રિયાઓ છોડી ન શકો પણ વ્યસન તો છોડી શકો ને? ભગવાન જે કહે છે તે આપણે કરી ન શકીએ તોપણ લોકો જેની ના પાડે તેવાં કાર્યો તો કરવાં જ નથી. લોકમાં કે લોકોત્તરમાં જે અનાદરણીય કે નિંદનીય કોટિના આચાર હોય તેમાં ક્યારે પણ પ્રવૃત્તિ કરવી નથી. જે લોકમાં પણ નિંદનીય આચાર હોય અને લોકોત્તરમાં પણ નિંદનીય કોટિના હોય તેવા આચારો કયા છે તે માટે અહીં જણાવ્યું છે કે મદિરા, માંસભક્ષણ, પરસ્ત્રીનું સેવન, રાત્રિભોજન આ

બધાં જ લોકલોકોત્તરગર્હણીય પાપ છે. જેમાં કષાયની આધીનતા અને વિષયની વિવશતા હોય તે લોકમાં પણ ગર્હણીય ગણાય છે. ગુસ્સો કરનાર કે ઝઘડો કરનાર માણસ લોકમાં પણ ગર્હાપાત્ર મનાય છેઃ આ કષાયની આધીનતા છે ને? તે જ રીતે પરસ્ત્રીસેવન કે માંસભક્ષણ આ વિષયની વિવશતા જ છે ને? આવાં ગર્હણીયકોટિનાં કાર્યો કરવાં નથી. મરવું સારું, પણ આવાં નિંદનીય કાર્યો નથી કરવાં. રાત્રે તો પશુઓ પણ પ્રાયઃ વાપરતા નથી તો મનુષ્ય રાત્રે કઈ રીતે વાપરી શકે? પશુઓ અજાણપણે પણ આ પાપ કરતા નથી, આપણે જાણીને પણ આ પાપ કરીએ ને? આપણે આપણી સમજણનો ઉપયોગ પાપ કરવામાં જ કર્યો છે ને? સાધુભગવંતોને પાંચ મહાવ્રત સાથે છઠ્ઠું રાત્રિભોજનવિરમણ વ્રત જણાવ્યું છે. જે કાર્ય સાધુભગવંત ન કરતા હોય તે કાર્ય ખરાબ જ હોય ને? ઈતર લોકો પણ રાત્રિભોજનને સારું માનતા નથી. રામાયણમાં પણ પ્રસંગ આવે છે કે લક્ષ્મણજી વિશલ્યાને પરણીને તેને ત્યાં જ મૂકીને જવા નીકળ્યા ત્યારે વિશલ્યાએ કહ્યું કે 'તમે મને ભૂલી જશો તો?' ત્યારે તેના કહેવાથી લક્ષ્મણજીએ કહ્યું કે 'જો તને હું ન લઈ જઉં તો મને એક વારના રાત્રિભોજનનું પાપ લાગે.' આના ઉપરથી પણ રાત્રિભોજનનું પાપ ભયંકર છે-એ સમજાય છે ને?

સ. આપણે રાત્રે ન જમીએ, પણ કોઈ ઘરે આવે તો જમાડવું પડે ને?

તમારા ઘરે કોઈ માંસાહાર કરવા આવે તો ન જમાડો ને? જેમ માંસાહાર કરવાની ભગવાને ના પાડી છે તેમ રાત્રિભોજન કરવાની પણ ના પાડી છે અને અનંતકાય ખાવાની પણ ના પાડી છે. નિષિદ્ધત્વેન આ ત્રણે પાપ સરખાં છે. છતાં માંસભક્ષણને કે અભક્ષ્યભક્ષણને જેમ આપણે પાપરૂપ માનીએ છીએ તેમ રાત્રિભોજન પાપરૂપ નથી લાગતું ને? તેથી એ પાપ વધુ ભયંકર છે. એક વાર 'પાપ પાપ છે.'-એવું લાગી જાય તો પાપને છોડતાં વાર ન લાગે. ઓછું પાપ કે વધારે પાપ, નાનું પાપ કે મોટું પાપ-આવા બધા ભેદ નથી પાડવા, કારણ કે પાપ એ પાપ જ છે. અનાચારને વિષે પ્રવૃત્તિ કોઈ પણ સંયોગોમાં કરવી નથી. જેની પાસે આચારશુદ્ધિ હોય તે માણસ સામાન્ય કુળમાં જન્મ્યો હોવા છતાં તે ઘણા મહત્ત્વને પામે છે. કહ્યું છે કે આચારથી રહિત માણસનું કુળ પ્રમાણ નથી, ઉપરથી સામાન્ય કુળમાં ઉત્પન્ન થયેલા લોકોના પણ આચાર સારા હોય તો તે પ્રશંસનીય બને છે.

**૧૪ तथा-सर्वेष्ववर्णवादत्यागो विशेषतो राजादिष्विति ।।२८।।**

આપણે સારામાં સારા આચારનું પાલન કરવાનું, પરંતુ બીજાઓ જો સારા આચારનું પાલન કરતા ન હોય તો તેમની નિંદા નથી કરવી. નિંદા કોઈની પણ કરવી જ નથી

એમાં પણ જે લોકમાં માનનીય કોટિના હોય તેઓની નિંદા ક્યારેય ન કરવી. કારણ કે તેના કારણે તો તે સત્તાધારી માણસો આપણા વિત્તનો કે પ્રાણનો નાશ કર્યા વિના નહિ રહે–આપણે તો એ કહેવું છે કે નિંદા કયારેય કોઈની કરવી નથી. આપણે આપણી જાતને સુધારવા માટે ધર્મસ્થાનમાં આવીએ છીએ, બીજાને સુધારવા માટે નહિ. બીજાની ભૂલો સુધારવાની જવાબદારી આપણી નથી. જેનો અધિકાર આપણો નથી તેવી પ્રવૃત્તિ કરવામાં આપણી શોભા નથી. કોઈએ આપણને એમની ભૂલ બતાવવાનો અધિકાર આપ્યો નથી તેથી બીજાની ભૂલો તેને પોતાને પણ નથી બતાવવી અને બીજાની આગળ પણ નથી કહેવી.

સ. બીજા આપણી ભૂલ બતાવ્યા કરે તો?

તો આપણે સાંભળી લેવું છે, આપણે એનો પણ જવાબ નથી આપવો અને એમનો આ દોષ પણ નથી બતાવવો. આપણે સહન કરવા નીકળ્યા છીએ માટે સહન કરી લેવું છે. સહન કરવાની વૃત્તિ તેનું નામ તિતિક્ષા. આ તિતિક્ષા એ મુમુક્ષાને ટકાવનાર છે. તિતિક્ષા ગયા પછી મુમુક્ષા ટકે એ વાતમાં કોઈ માલ નથી. કોઈ ગમે તેટલો ક્રોધ કરાવે, આપણે ક્રોધ નથી કરવો. એક બાબાજી હતા. તેની પાસે રમતિયાળ છોકરાઓ ટીખળ કરવા આવ્યા અને કહ્યું કે 'બાબાજી ચીલમ દો.' ત્યારે બાબાજીએ કહ્યું કે 'હમારે પાસ નહિ હૈ.' તોપણ છોકરાઓ ચીલમ માગતા રહ્યા. તેમણે નક્કી જ કર્યું હતું કે બાબાજીને ગુસ્સે કરવા છે. તેથી તેઓ માગતા રહ્યા, બાબાજી શાંતિથી ના પાડતા રહ્યા. એક કિલોમિટર સુધી છોકરાઓ પાછળ ચાલ્યા. અંતે બાબાજીએ ચીપિયો પછાડીને કહ્યું કે 'સુનતે નહિ હો, કિ હમારે પાસ નહિ હૈ.' ત્યારે છોકરાઓએ કહ્યું કે 'અબ ચીલમ મીલ ગઈ'. લોકો ગમે તેવું વર્ત્તન કરે, આપણે સહન કરી લેવું છે.

સ. ક્યાં સુધી સહન કરવાનું?

મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી. જ્યાં સુધી મોક્ષમાં ન પહોંચીએ ત્યાં સુધી દુઃખ વેઠી લેવું છે. જ્યારે જ્યારે પણ ધર્મમાંથી પતન થાય છે તે દુઃખ ઉપરના દ્વેષના કારણે થાય છે. દુઃખ ભોગવવાની તૈયારી હોય તેનું પતન ક્યારે ય થાય નહિ. સુખની ઈચ્છા થયા પછી પણ એની અપૂર્ત્તિનું દુઃખ ભોગવી લઈએ તો પતન નહિ થાય. જેઓ સંકલ્પ કરીને નીકળ્યા હોય તેઓ વિકલ્પને આધીન બન્યા હોય તો તે આ દુઃખના દ્વેષના કારણે. તેથી મોક્ષની સાધના કરવા માટે સૌથી પહેલાં તિતિક્ષા કેળવી લેવી છે. આપણે દુઃખ વેઠી લેવું છે અને કોઈના અવર્ણવાદ બોલવા નથી. સામા માણસને જે અપ્રસિદ્ધ હોય અર્થાત્ એ જે જાણતો ન હોય તેવા બીજાના દોષો તેને જણાવવા તેનું નામ

અવર્ણવાદ. આ અવર્ણવાદ એ બીજાને આપણા શત્રુ બનાવવાનું પરમ ઔષધ છે. અવર્ણવાદ કરવા તો નથી, સાથે કોઈના અવર્ણવાદ સાંભળવા પણ નથી. અસલમાં અવર્ણવાદ સાંભળનારા જ અવર્ણવાદ બોલનારાને ઉત્તેજન આપે છે. તેથી જ નિંદા કરનારા કરતાં પણ નિંદા સાંભળનારા એક અપેક્ષાએ ભૂંડા છે. નિંદનીય આચરણ જોવું નથી, સાંભળવું નથી અને બોલવું પણ નથી.

**૧૫ તથા-असदाचारैरसंसर्ग इति ।।२९।। संसर्गः सदाचारैरिति ।।३०।।**

નિંદાની પ્રવૃત્તિ અસદાચારીઓની સાથે સંસર્ગ રાખવાના કારણે થાય છે. તેથી જ અહીં અસદાચારીઓની સાથે સંસર્ગ કરવાની ના પાડી છે. ધર્મ કરનારાને પણ આજે અધર્મીઓનો સંસર્ગ ગમે છે ને? અમારે ત્યાં પણ સાધુસાધ્વીને શ્રાવકશ્રાવિકાનો સંસર્ગ ગમે છે, સાધુસાધ્વીનો સંસર્ગ નથી ગમતો. આપણે જે સદાચારનું પાલન કરતા હોઈએ એવા સદાચારનું પાલન જેઓ ન કરતા હોય તેવાઓનો સંસર્ગ આપણે રાખવો નથી. અસદાચારીઓની સાથે સંસર્ગ રાખે અને 'સાવધાની રાખીએ છીએ'-એવી વાત કરે એ ન ચાલે. આપણે સદાચાર પાળવા હોય તો જે સદાચારી ન હોય ને દુરાચારી હોય તેવાની સાથે સંપર્ક નથી રાખવો. કારણ કે આપણે ગમે તેટલી સાવધાની રાખીએ તોપણ દુરાચારીના સંસર્ગના કારણે ધીમે ધીમે જાણે-અજાણે આપણા ગુણો ગુમાવવાનો વખત આવે અને એમના દોષો આપણામાં પેસ્યા વિના નહિ રહે. આ તો માર્ગાનુસારીપણાની વાત છે. બાકી લોકોત્તરમાર્ગમાં તો માત્ર અસદાચારીનો જ નહિ, સ્વહીન આચારવાળાનો પણ સંસર્ગ કરવાની ના પાડી છે. સમકિતી તો સદાચારી એવા મિથ્યાદષ્ટિઓનો પણ સંસર્ગ ન કરે. એ જ રીતે દેશવિરતિધર અવિરતિધરનો તેમ જ વિરતિધર દેશવિરતિધર કે અવિરતિધરનો સંસર્ગ પણ ના કરે. આપણે ત્યાં સુધી પહોંચવું છે માટે શરૂઆત અહીંથી કરવી છે કે જેઓ જુગાર, ચોરી, શિકાર વગેરે સાત વ્યસન સેવનારા હોય તેમની સાથે સંબંધ ન કરવો. આપણા સદાચારની કિંમત આપણને હોય તો આપણે અસદાચારીઓનો સંસર્ગ ટાળવો જ પડશે. કેવી રીતે ટાળવો એ માટે જણાવ્યું છે કે આગ લાગી હોય, રોગચાળો ફાટ્યો હોય તેમ જ દુકાળ પડ્યો હોય તેવા સ્થાનનું જેમ દૂરથી વર્જન કરીએ તેમ આવા અસદાચારીઓનું દૂરથી વર્જન કરવું.

ત્યાર બાદ જણાવ્યું છે કે સદાચારીઓની સાથે પ્રયત્નપૂર્વક સંસર્ગ કરવો. કારણ કે જો અસદાચારીનો સંસર્ગ ટાળ્યા પછી સદાચારીઓનો સંસર્ગ નહિ કરીએ તો ગુણોની વૃદ્ધિ નહિ થાય. અસદાચારીઓનો સંસર્ગ ટાળવાથી દોષોથી બચાશે પરંતુ ગુણો પામવા માટે સદાચારીઓ સાથે સંસર્ગ કરવો જ પડશે. સારા માણસોની સાથે સંપર્ક રાખીએ તો તેઓ અવસરે આપણી ભૂલ બતાવે, આપણને ઉન્માર્ગે જતાં અટકાવે, સન્માર્ગમાં

સ્થિર કરે. અહીં જણાવે છે કે 'જો તું સત્સંગમાં નિરત થઈશ તો થઈશ અર્થાત્ તારું અસ્તિત્વ ટકશે. અને જો તું અસજ્જનની સાથે વાતોમાં પડીશ તો પડીશ અર્થાત્ તારું પતન થશે.'

**१६ तथा–मातापितृपूजेति ।।३१ ।। आमुष्मिकयोगकारणं तदनुज्ञया प्रवृत्तिः प्रधानाभिनवोपनयनं तद्भोगे भोगोऽन्यत्र तदनुचितादिति ।।३२ ।।**

માતાપિતાની પૂજા કેવી રીતે કરવી એ માટે જણાવ્યું છે કે–ત્રણ કાળ માતાપિતાદિને નમસ્કાર કરવો, માતાપિતા કોઈ કારણસર હાજર ન હોય તો તેમને ચિત્તમાં આરોપિત કરીને પણ નમસ્કાર કર્યા વિના ન રહેવું. માતા, પિતા, કલાચાર્ય, તેઓના જ્ઞાતિજનો, વૃદ્ધ એવા ધર્મોપદેશક આ બધો ગુરુવર્ગ છે. આ ગુરુવર્ગની પ્રત્યે અભ્યુત્થાનાદિ વિનય રાખવો અર્થાદ્ આવે ત્યારે ઊભા થઈ જવું, સામે લેવા જવું, આસન આપવું આ વિનય કરવો. તેમની પાસે ઉદ્ધતાઈથી ન બેસવું, શરીર સંકોચીને બેસવું. અસ્થાને તેમનું નામ ન લેવું, તેમના અવર્ણવાદ ક્યારેય સાંભળવા નહિ. તેમની પાસે પરલોકસંબંધી કાર્યો કરાવવાં, એ જ રીતે દેવપૂજાદિ ધર્મવ્યાપાર કરાવવા. આપણે પોતે એ ધર્મવ્યાપારમાં જોડાવાનું, સાથે માતાપિતાને પણ જોડવાના. તેમને કહેવાનું કે 'હવે પછી તમારે કુટુંબસંબંધી કાર્યોમાં ભાગ ન લેવો, માત્ર ધર્મમાં મન રાખીને સતત ધર્મભાવનામાં રમવું. તેમ જ આ લોકસંબંધી કે પરલોકસંબંધી દરેક પ્રવૃત્તિ માતાપિતાની અનુજ્ઞાથી કરવી. તેમ જ માતાપિતાને સારભૂત એવાં આહારવસ્ત્ર વગેરે લાવી આપવાં. માતાપિતાદિ જમ્યા પછી આપણે જમવું. એમાં માત્ર એટલો અપવાદ છે કે તેમને જો કોઈ વ્રતનિયમ હોય તો તેમના વ્રતાદિને અનુચિત એવી વસ્તુ માટે આગ્રહ ન રાખવો. તેમના નિયમમાં બાધ આવે એવું હોય અથવા તેમની પ્રકૃતિને અનુરૂપ ન હોય એ સિવાયની વસ્તુઓ તેમના ઉપભોગ બાદ વાપરવી. જેમ કે માતા વિધવા હોય તો તેને કીમતી વસ્ત્રો ન આપવાં. પરંતુ તેને અનુરૂપ નવાં વસ્ત્રો લાવી આપવાં પછી આપણે આપણા પરિભોગ માટે વસ્ત્રો લેવાં.

**तथा–अनुद्वेजनीया प्रवृत्तिरिति ।।३३ ।।**

સ્વપક્ષને પરપક્ષને ઉદ્વેગ ન થાય એવી રીતે મનવચનકાયાની પ્રવૃત્તિ કરવી. આપણા વર્તનના કારણે, આપણા વચનના કારણે કે આપણા વિચારના કારણે આપણા પોતાના માણસોને કે બીજા માણસોને કોઈને પણ ઉદ્વેગ ન થાય તે રીતે રહેવું. જેના કારણે બીજાને ઉદ્વેગ થતો હોય, સંતાપ થતો હોય એવી પ્રવૃત્તિ છોડી દેવી.

સ. આપણા ધર્મના કારણે બીજાને ઉદ્વેગ થતો હોય તો?

આપણને ધર્મ કરતાં ન આવડે તો તે બીજાના ઉદ્વેગનું કારણ બને બાકી ધર્મ ક્યારે પણ કોઈના ઉદ્વેગનું કારણ બનતો નથી. આપણે ધર્મપ્રવૃત્તિ ઉચિત રીતે કરતા હોઈએ છતાં જો સામાને ઉદ્વેગ થતો હોય તો તેમાં આપણો ધર્મ કારણ જ નથી કે જેથી એ છોડવો પડે. વસ્તુતઃ આપણે એમનું કહ્યું માનતા નથી, એમની ઈચ્છાપ્રમાણે કરતા નથી માટે તેમને ઉદ્વેગ થાય છે. અને આપણે ભગવાનનું કહ્યું માનવાના કારણે એમની ઈચ્છા મુજબ કરી શકતા ન હોઈએ તો એની ચિંતા કરવાની જરૂર નથી. જેમાં ભગવાનની આજ્ઞાને બાધ નથી આવતો તેવા વિષયમાં તો પરના ઉદ્વેગને ટાળવાવાળી જ પ્રવૃત્તિ કરવી. અહીં જણાવ્યું છે કે જેઓ બીજાના ઉદ્વેગનું કારણ બને એવી મનવચનકાયાની પ્રવૃત્તિ કરે તેઓને ક્યારે પણ સમાધિ મળતી નથી. જે બીજાને સમાધિ આપે તેને સમાધિ મળે. જે બીજાને અસમાધિ આપે તેને સમાધિ ક્યાંથી મળે? આપણને સમાધિ જોઈતી હોય તો બીજાને સમાધિ આપતાં શીખી લેવું અને કોઈને પણ અસમાધિ ન થાય એ રીતે જીવતાં શીખી લેવું. લોકમાં પણ કહેવાય છે કે સર્વ પ્રવૃત્તિઓ પોતાને અનુરૂપ જ ફળને આપે છે. જેવું કારણ હોય એવું કાર્ય થાય. સમાધિ આપે તેને સમાધિ મળે અને અસમાધિ આપે તેને અસમાધિ મળે.

## ૧૭ तथा–भर्त्तव्यभरणमिति ।।३४।।

ત્યાર બાદ જણાવ્યું છે કે જે ભર્ત્તવ્ય હોય તેમનું ભરણપોષણ કરવું. માતાપિતા તેમ જ આપણને આશ્રયીને રહેલો સ્વજનવર્ગ, તેવા પ્રકારના માણસો, નોકરો વગેરેનું ભરણપોષણ કરવું. તેમાંથી ત્રણનું અવશ્યપણે ભરણ કરવુંઃ ૧. માતાપિતા, ૨. સતી પત્ની (જે અસતી હોય તેના ભરણની જવાબદારી આપણી નથી), ૩. જે સંતાનો જાતે કમાવા સમર્થ ન હોય. અને જો વિભવ અને સંપત્તિથી આપણે સમૃદ્ધ હોઈએ તો બીજા પણ દરિદ્ર મિત્ર, પુત્ર વિનાની વિધવા બહેન, વૃદ્ધ એવા જ્ઞાતિજન તથા ધનરહિત એવા કુલીન માણસનું પણ ભરણપોષણ કરવું.

## तथा–तस्य यथोचितं विनियोग इति ।।३५।।

જે ભર્ત્તવ્ય હોય તેમનું ભરણપોષણ આપણે કરવાનું પણ સાથે તેમને પોતાને યોગ્ય એવાં કાર્યોમાં જોડવા છે. નહિ તો 'નવરા બેઠાં નખ્ખોદ વાળે' એ ન્યાયે કાર્યરહિત બનેલા તેઓ અનાચારી કે ઉન્માર્ગગામી બની ગયા વિના ન રહે. તેમને ધર્મકાર્યમાં અથવા તો ઘરનાં કે બહારનાં કાર્યો કે જે તેમને ઉચિત હોય તેવાં કાર્યોમાં જોડવા. નહિ તો નવરા પડેલા તેઓ કાં તો ઊંઘીને પ્રમાદમાં દિવસ પસાર કરશે, કાં તો

વાતોચીતો કરીને કે નિંદાકુથલી કરીને આપણું ઘર ભાંગશે અને પોતે દુર્ગતિનાં ભાજન બનશે. આ રીતે જો તેમનું ભરણપોષણ કરવામાં આવે તો તેઓ ઉપર અનુગ્રહ થવાના બદલે તેમના ઉપર અપકાર કરવાનું બનશે. એની પોતાની શક્તિ વેડફાઈ જવાથી એ પોતે નકામો બની જશે. તેથી તેનો સમય પસાર થાય તે માટે તેને ઉચિત કામમાં જોડવા. દરિદ્ર મિત્ર વગેરેને પણ પોતાના ઘરમાં જ આપણી નજર હેઠળ રાખવા છે. નહિ તો ત્યાં તેમના ઘરે પૈસા આપીએ તો તેઓ તેને વેડફી નાંખવાના. તેથી તેમને આપણા ઘરમાં રાખીને ધર્મકાર્યમાં જોડવાના.

સ. તેમને ધર્મ ન ગમતો હોય તો પરાણે ધર્મ કરાવવાનો?

માંદા માણસને દવા ગમતી ન હોય તો તેને મરવા દેવાનો કે પરાણે પણ દવા પાવાની? તમારા છોકરાઓને ભણવાનું ગમતું નથી તો સ્કૂલમાં નહિ મોકલવાના કે રોતાં રોતાં પણ મોકલવાના? તેમ અહીં પણ માતાપિતા, વિધવા બહેન, દરિદ્ર-મિત્ર, અસમર્થ પુત્ર વગેરેનું પોષણ કરવાનું પણ તેમને ઈચ્છા ન હોય તોપણ થોડા થોડા ધર્મકાર્યમાં જોડવા. નહિ તો તેઓ ઉન્માર્ગગામી બની જશે તો તેમના હિત માટે પણ તેમને સમજાવીને તથા આગ્રહપૂર્વક ધર્મમાં જોડવા છે. વસ્તુતઃ દવાની કે વ્યાવહારિક શિક્ષણની જરૂર જેટલી તમને લાગી છે એટલી ધર્મની જરૂર તમને પોતાને જ લાગી નથી તો તમે બીજાને ધર્મમાં કેવી રીતે જોડી શકશો? જેના ભરણની જવાબદારી લીધી હોય તેને જેમતેમ વર્ત્તવા ન દેવાય. જો તેઓ આપણું કહ્યું કરવા તૈયાર ન હોય તો તેમનું ભરણ કરવું નથી. અમારે ત્યાં પણ વિહારાદિમાં આધાકર્મી ગોચરી કારણસર શિષ્યોને વપરાવે તો તરત જ દસ ગાથા ગોખવા બેસાડી દે. સવારે ઘી દૂધ ખવડાવ્યા હોય તો અમારા આચાર્યભગવંતો અમને કહેતા કે 'બપોરના ડબ્બા દોઢ વાગે આવવાના છે ત્યાં સુધીમાં દસ ગાથા કંઠસ્થ કરી લે તો આ આધાકર્મી આહારનું વળતર વળશે, નહિ તો આ આહાર નડી જશે.' શિષ્યોનું પોષણ એવી રીતે નથી કરવાનું કે જેથી તેઓ સંયમનો નાશ કરીને દુર્ગતિમાં જાય. તેમને જલસા કરીને દુર્ગતિમાં નથી મોકલવા. વાપર્યા પછી જો ધુણી ધુણીને ગોખવામાં ન આવે તો એ ખાધેલું શરીરમાં વિકાર પેદા કરશે. આ વિકાર ન થાય તે માટે ગાથા ગોખવા બેસી જવું છે.

સ. ચાર કલાક ગોખે ને બે ગાથા પણ ન ચઢે તો સ્વાધ્યાય ગણાય?

તમે ગોખો એટલે જ્ઞાનાવરણીયકર્મની નિર્જરા થવાની જ છે. ગાથા આવડે કે ન આવડે, ભણવાના કારણે નિર્જરા થવાની જ. તમારે ત્યાં પણ કસરત કરનારનું વજન ઘટે કે ન ઘટે પણ વજન વધે તો નહિ ને? તેમ અહીં પણ ગાથા ચઢે કે ન ચઢે, કર્મનિર્જરા થવાની જ છે.

**સ.** ગાથા ગોખવાના બદલે વાંચન કરીએ તો?

તમે કસરત કરવાના બદલે ગાદીમાં હાથપગ હલાવો તો વજન ઘટે ખરું? તેમ અહીં પણ જેમાં કષ્ટ ન પડે તેવી પ્રવૃત્તિ નથી કરવી. વાંચનમાં કોઈ જવાબદારી જ નથી, કોઈ દબાણ નથી. જ્યારે ગોખવામાં કષ્ટ ઘણું છે, માથું ધુમધુમ થાય, પરસેવો પરસેવો થાય ત્યારે નિર્જરા થાય. જ્ઞાનના કારણે અપ્રતિમ નિર્જરા થાય છે. તપથી નિકાચિત કોટિના કર્મની નિર્જરા થાય જ્યારે જ્ઞાનરૂપી અગ્નિ તો સર્વ કર્મોને ભસ્મસાત્ કરે છે. તેથી આપણે સ્વાધ્યાયની ઉપેક્ષા નથી કરવી. ગાથા ગોખવામાં કષ્ટ ભલે પડે પરંતુ તેનાથી નિર્જરા ઘણી થાય છે. આ રીતે ભર્ત્તવ્યને યથાયોગ્ય કાર્યમાં જોડવા એમ જણાવ્યા બાદ કહે છે કે:

**तथा–तत्प्रयोजनेषु बद्धलक्ष्यतेति ।।३६ ।।**

આપણા જે કોઈ ભર્ત્તવ્ય હોય તેમને ધર્મઅર્થકામસંબંધી કોઈ પણ પ્રયોજન હોય તો તેમાં આપણે કાયમ માટે ઉપયોગ રાખવો. તેમને કહેવાનો વખત ન આવે એ રીતે તેમનાં કાર્યો કરી આપવાં. નહિ તો તેઓ પોતાના કાર્યની ચિંતામાં વ્યસ્ત થઈને સિદાવાના કારણે અપ્રસન્નમનવાળા થઈને બીજાં કાર્યો કરવા સમર્થ નહિ બની શકે. આપણા ભર્ત્તવ્યનું અવસરે અવસરે ધ્યાન રાખીએ તો તેઓ પ્રસન્નહૃદયવાળા થઈને સમર્પણભાવે બધાં કાર્યો કરી શકે.

**तथा–अपायपरिरक्षोद्योग इति ।।३७ ।।**

જે આપણા આશ્રિત હોય, આપણા ભર્ત્તવ્ય હોય તેની ઉપેક્ષા ન કરવી અને તેમનું જતન કરવું: આ ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે. તેમને રોગાદિ આવ્યા હોય, કોઈના તરફથી તેમને હેરાનગતિ હોય તો તેમની રક્ષા માટે ઉદ્યમ કરવો. 'આપણે કેટલાનું ધ્યાન રાખીએ...' આવું કહીને હાથ ખંખેરી નાખીએ એ ન ચાલે. આપણે ચારિત્ર લીધું હોત તો આ ઉપાધિ આપણા ભાગે ન આવત. પરંતુ થોડા સુખની લાલચથી સંસાર માંડયો છતાં સુખ ભોગવવા માટે સમય ન રહ્યો અને દુ:ખ ભોગવવાનું જ આપણા ભાગે આવ્યું. આવી જ આપણી દશા છે ને? કૃષ્ણમહારાજે પોતાની દરેક પુત્રીને 'રાણી થવું છે કે દાસી' એમ પૂછીને પછી જ તેને દીક્ષા અપાવી. કારણ કે પરણવું એ દાસી થવા રૂપ છે. જે દીક્ષા લે તે જ રાણી થાય. જે ભગવાનની અને ગુરુની આજ્ઞા પાળે તેને આ સંસારના લોકોની આજ્ઞા પાળવાનો વખત ન આવે. કૃષ્ણમહારાજની એક રાણીએ પોતાની પુત્રીને પહેલેથી શિખવાડી રાખેલું કે પિતાશ્રી જો પૂછે કે 'રાણી થવું છે કે દાસી?' ત્યારે દાસી થવાનું કહેજે. પેલીએ એ પ્રમાણે કર્યું. ત્યારે કૃષ્ણમહારાજા પણ

સમજી ગયા અને તેને પાઠ ભણાવવા માટે એવાની સાથે પરણાવી અને સાથે જમાઈને કહી રાખ્યું કે 'એને બરાબર દુઃખી કરજે.' પેલી તો બે-ચાર દિવસમાં ત્રાસી ગઈ. આવી હતી સુખ ભોગવવા અને વારો આવ્યો દુઃખ ભોગવવાનો. પાછી કૃષ્ણમહારાજાની પાસે આવી અને રાણી થવાનું કહ્યું તો તેને પણ દીક્ષા આપી. આપણી પણ દશા આ પુત્રી જેવી છે ને? પરણ્યા એના કારણે ઉપાધિ વધારી ને? જે પરિવાર આપણે સુખની ઈચ્છાથી ઊભો કર્યો છે વસ્તુતઃ એ જ પરિવાર આપણા માટે પથ્થરની શિલા જેવો છે. પથ્થરની શિલા ગળે વળગાડી હોય તો તે આપણને સમુદ્રના તળિયે લઈ જાય ને? તેમ આપણો આ પરિવાર આપણને સંસારમાં ડુબાડનારો છે-એમ સમજીને પરિવાર છોડીને દીક્ષા લેવા માટે તૈયાર થવું છે. અત્યાર સુધી ઘરનાની જેટલી સેવા કરી તેટલી સેવા ગુરુની કરી હોત તો આપણે મોક્ષમાં પહોંચી ગયા હોત. અમારે ત્યાં પણ શિષ્યની પલોજણ જેટલી કરે છે એટલી જ વૈયાવચ્ચ ગુરુની કરી હોત તો આજે મોક્ષે પહોંચી ગયા હોત. આપણે દીક્ષા ન લીધી માટે આ ગૃહસ્થપણાનો સામાન્ય ધર્મ પાળવાનો વખત આવ્યો છે. અને જો સાધુ નથી થયા તો આ ધર્મ પાળવો જ પડશે. જે આપણા આશ્રિતો છે તેમની ઉપેક્ષા કર્યે નહિ ચાલે. તેમને જે કાંઈ તકલીફ આવી હોય તેને પ્રયત્નપૂર્વક ટાળવી છે. તેમની આ લોકના અપાયથી જ રક્ષા કરવાની છે એવું નથી, પરલોકસંબંધી અપાયથી પણ રક્ષા કરવી છે. માત્ર તેના શરીરની કે મનની ચિંતા નથી કરવી, સાથે તેના આત્માની પણ ચિંતા કરવી છે. તેઓ દુર્ગતિમાં જાય એવા અપાયથી તેમનું રક્ષણ કરવું છે. જેઓ આજે પોતાના આશ્રિતની રક્ષા કરે છે તેઓ કાલે ઊઠી ચૌદે રાજલોકના એકેન્દ્રિયાદિ જીવોની રક્ષા સાધુપણામાં સારામાં સારી કરી શકશે. ભર્ત્તવ્યની અપાયથી રક્ષા મહાન ઉદ્યમપૂર્વક કરવી. ભર્ત્તવ્યને જે જોઈતું હોય તે લાવી આપવું તે યોગ અને લાવેલાની રક્ષા કરવી તે ક્ષેમ. આવા યોગ અને ક્ષેમને જે કરે તેને જ નાથ કહેવાય. ત્યાર બાદ જણાવે છે.

**तथा-गर्ह्ये ज्ञानस्वगौरवरक्षे इति ।।३८।।**

આપણા પરિવારમાં કોઈએ પણ ગર્હણીય કોટિનું કામ કર્યું છે-એવી ખબર પડે તો સૌથી પહેલાં આપણે તપાસ કરવાની. તેણે એ કામ કર્યું છે કે નહિ તેની ખાતરી કરવી પછી જ આગળ પગલું લેવું. આપણા માણસો ગુનો કરે અને આપણે દાદાગીરી કરીએ -એ આપણા માટે સારું નથી. તેઓએ જે કોઈ નિંદનીય કોટિનું આચરણ કર્યું હોય તેની પૂરેપૂરી તપાસ કરવાની. એમની ભૂલનું જ્ઞાન સંશયાત્મક ન હોવું જોઈએ, વિપર્યયાત્મક એટલે કે ઊંધું ન હોવું જોઈએ અને અસ્પષ્ટ પણ ન હોવું જોઈએ. તેમની ભૂલને જાણીને આપણે આપણું ગૌરવ જાળવી લેવું અને એનું નિવારણ કરવું. સૌથી

પહેલાં નિંદનીય કાર્યસંબંધી માહિતી પૂરેપૂરી મેળવી લેવી, ત્યાર બાદ તેના ખોટા કાર્યમાં અનુમતિ ન આપવી અને કોઈ પણ પ્રકારે તેનો પુરસ્કાર કરવો નહિ. અર્થાદ્ તેને આગળ ન કરવો, તેને ફાવતું આવે એવું ન કરવું.

આપણે જે ભર્ત્તવ્યના પોષણાદિની વાત કરી તે આપણા આશ્રિતને લઈને છે. જેઓ આપણા આશ્રિત ન હોય તેના પોષણની વાત જ નથી. જેઓ આપણું માને તેને આપણા આશ્રિત માનવા. જેઓ આપણું કહ્યું માનતા નથી તેમની જવાબદારી આપણા માથે નથી. જેઓ આપણા કહ્યામાં હોય તેમની ઉપેક્ષા કરવી નથી અને જેઓ આપણા કહ્યામાં નથી તેમની અપેક્ષા રાખવી નથી. જેઓ આપણા કહ્યામાં નથી તેમને આપણે છોડી નથી શકતા એ આપણી કમનસીબી છે, પરંતુ એવાઓનું પાલન કરવું-એ ગૃહસ્થપણાના પણ ધર્મમાં નથી આવતું. આશ્રિતનું પરિપાલન કરવું એ ગૃહસ્થપણાનો સામાન્ય ધર્મ છે. અનાશ્રિતનું પાલન તો આપણા મમત્વના કારણે અને સત્ત્વની ખામીના કારણે કરીએ છીએ, તે ધર્મમાં ન ગણાય. આપણે દીક્ષા લેતી વખતે તો આશ્રિતોને પણ છોડવાના છે. આજે આપણે અનાશ્રિતને પણ છોડી નથી શકતા તો કાલે ઊઠીને આશ્રિતને છોડીને દીક્ષા લેવા કેવી રીતે તૈયાર થઈ શકીશું?

આ રીતે ભર્ત્તવ્યની વાત ચારપાંચ સૂત્રથી પૂરી કરીને હવે દેવ, ગુરુ, અતિથિ, દીનની સેવા કરવાનું જણાવ્યું છે:

**૧૮ तथा–देवातिथिदीनप्रतिपत्तिरिति ।।३९ ।।**

ભર્ત્તવ્યનું પોષણ કર્યા બાદ દેવ, ગુરુ (અતિથિ) તેમ જ દીનદુ:ખીને યથાયોગ્ય પૂજા, અન્નપાનાદિ આપવા દ્વારા તેમની સેવા કરવી. દેવગુરુ ભર્ત્તવ્યમાં ન આવે. આજે તો ભગવાન અને ગુરુ માટે નિભાવ ફંડ રાખે-આ વ્યાજબી છે? દેરાસર અને ઉપાશ્રય આ નભાવવાની ચીજ નથી, પૂજવાની ચીજ છે. જ્યારથી દેરાસર-ઉપાશ્રયને નભાવવાની ચીજ માની ત્યારથી આપણે ગૃહસ્થના સામાન્યધર્મમાંથી પણ બાકાત થયા. દેવગુરુ માટે નિભાવફંડ ભેગું કરશો નહિ. તમારા ઘરના લોકો માંદા પડે તો તમે સામાજિક સંસ્થામાં અપીલ કરો ખરા? ટીપ કરો ખરા? આજે તો અમારી નિશ્રામાં અમારા માટે જ ફંડ કરે! સાધુસાધ્વી માટે જાહેરમાં ટીપ કરો એ તો જાહેરમાં તેમનાં કપડાં ઉતારવા જેવું છે ને? દેવ કે ગુરુને જો ભર્ત્તવ્યમાં જ ગણવાના હોત તો આ સૂત્ર જાુદું ન પાડ્યું હોત. જેમના માટે પૈસા ભેગા કરવા પડે તેનું નામ ભર્ત્તવ્ય અને જેમના માટે પૈસા છોડવા પડે તેમનું નામ સેવ્ય. દેવ-અતિથિ દીન માટે પૈસા છોડવાના છે, ભેગા નથી કરવાના. દેવ કોને કહેવાય તે માટે અહીં જણાવે છે કે જેઓ ભક્તિના સમૂહથી ભરેલા

દેવતા વગેરે દ્વારા અનવરતપણે સ્તવના કરાય છે તેને દેવ કહેવાય છે. ક્લેશભૂત કર્મના સેંકડો વિપાક જેને સ્પર્શતા નથી તેવા પુરુષવિશેષને દેવ કહેવાય છે. તેમના નામ અનેક છે. દેવતાદિની પૂજાને યોગ્ય હોવાથી તેમને અર્હન્ કહેવાય છે, જન્મ લેતા ન હોવાથી અજ કહેવાય છે, અનંતકાળ રહેતા હોવાથી અનંત કહેવાય છે, સુખને કાયમ માટે અનુભવતા હોવાથી શંભુ કહેવાય છે, બોધ પામેલા હોવાથી બુદ્ધ કહેવાય અને અંધકાર (અજ્ઞાનરૂપ) નો નાશ કરનાર હોવાથી તમોંતક કહેવાય છે. આવા પ્રકારના દેવની સેવાપૂજા કરવાની. તેમ જ અતિથિ તરીકે અહીં સાધુભગવંતને જણાવ્યા છે. કારણ કે સાધુભગવંતો સતત ભગવાનની આજ્ઞા મુજબના અનુષ્ઠાનમાં રત હોવાથી તેમને આરાધના માટે પર્વ તિથિ કે અપર્વતિથિ વગેરેનો વિભાગ નથી હોતો. કહ્યું છે કે જે મહાત્માએ તિથિ,પર્વ, ઉત્સવ વગેરેનો વિભાગ છોડી દીધો છે અર્થાદ્ જેઓ માત્ર નિમિત્ત પામીને આરાધના નથી કરતા પરંતુ કાયમ માટે આરાધનામાં પ્રયત્નશીલ છે તેમને અતિથિ કહેવાય છે. બાકીના અભ્યાગત (મહેમાન) કહેવાય છે.

આપણે આપણી જાત માટે જેટલો ખર્ચ કરીએ છીએ એટલો પણ દેવગુરુ વગેરેની સેવા માટે નથી કરતા ને? ભર્ત્તવ્ય માટે પૈસા કમાવાના છે. દેવગુરુ માટે પૈસા કમાવાના નથી, હોય તો તેમાંથી ભક્તિ કરવી છે. જેઓ પોતાના ઉપભોગ માટે ઘરના લોકો માટે છૂટથી પૈસો વાપરે તેઓ ભગવાનની પૂજા ભગવાનના પૈસે (દેવદ્રવ્યથી) કરે, અધિષ્ઠાયક દેવદેવીના પૈસે કરે-એ શોભાસ્પદ છે? આપણા ઉપભોગમાં કોઈ પણ નવી વસ્તુ લાવીએ તો તેના પહેલાં દેરાસર અને ઉપાશ્રયમાં પણ નવી વસ્તુ લાવવી.આપણા નવાં કપડાં લાવીએ તો દેરાસરમાં એક અંગલૂછણાની જોડ મૂકી આવવી, જૂની કાઢી નાંખવાની. આજે તમને નિયમ આપવો છે કે-આખા વરસમાં તમારા પોતાના એકલાના ખાવાપીવાનો ખર્ચો જેટલો થતો હોય તેટલો ધર્મસ્થાનમાં આપી દેવો. આટલું જો તમે બધા નક્કી કરો તો આજે તમારાં ખાતાં તરતાં થઈ જાય. આમાં તો કાંઈ તકલીફ નથી ને? દેવગુરુની ભક્તિ સહેલી નથી. તમારી પાસે શક્તિ ન હોય તો દેરાસરનું વાસીદું વાળી લેજો, અંગલૂછણાં ધોઈ લેજો, દેરાસરનાં બીજાં કાર્યો કરશો તો તેમાં લાભ ઘણો છે. પરંતુ દેરાસરના પૈસાથી પૂજા નથી કરવી. ગુરુપૂજન માટે બાજુવાળો પૈસા આપે તોય ન કરો અને ભગવાનની પૂજા તમે દેરાસરના પૈસે કરો-એ ચાલે? તમે વરસનો ચઢાવો લો તોપણ લાભ લેવા માટે લો છો, જાતે લાભ આપવા માટે નહિ. તમે દેરાસરનું વાપરો અને પૈસા ભંડારમાં નાંખો તોય ન ચાલે. કારણ કે ટ્રસ્ટીઓ આપણા નોકર નથી કે આપણા પૈસાનો વહીવટ કરે. આપણે આપણા પૈસાથી જ પૂજા કરવી છે. તેથી ટ્રસ્ટીઓ દેરાસરમાં વ્યવસ્થા ન રાખે તો ચાલે ને? ગૃહમંદિરમાં તો આપણા પૈસે વ્યવસ્થા કરવાની હોવાથી ત્યાં વ્યવસ્થા રાખવાની. દેરાસરમાં તો ટ્રસ્ટમાંથી વસ્તુ

વસાવેલી હોય તે જો નકામી જાય, કેસર ઘસેલું ઢોળી નાંખવું પડે તો ટ્રસ્ટી પૂજારીને બોલે. તેથી દેરાસરમાં વ્યવસ્થા રાખવી નથી. જે બહારગામથી મહેમાન આવે તેને આપણા ઘરે લઈ જઈશું-આપણે સામગ્રી આપીશું. પરંતુ દેવદ્રવ્યથી દેવપૂજા નથી કરવી. આ વાત સંઘના ઉપક્રમે કરવાનો આગ્રહ નથી રાખવો. બધા સમજે પછી જ આપણે કરીએ એવું નથી કરવું. દેરાસરમાં ભલે વ્યવસ્થા રહી, આપણે પોતે દેરાસરની વસ્તુ વાપરવી નથી અને સ્વદ્રવ્યથી પૂજા કરવી છે. ત્યાર બાદ દીનની પ્રતિપત્તિ જણાવી છે. જેઓ સકલ ધર્મ, અર્થ, કામ પુરુષાર્થ કરવા માટે અસમર્થ હોય તેને દીન કહેવાય. તેની આપણી શક્તિ પ્રમાણે સેવા કરવી.

**तदौचित्याबाधनमुत्तमनिदर्शनेनेति ।।४० ।।**

દેવ, અતિથિ અને દીનની પ્રતિપત્તિ ઔચિત્યની બાધા ન પહોંચે તે રીતે કરવી. દેવની ઉત્તમ, ગુરુની મધ્યમ અને દીનની જઘન્ય પ્રતિપત્તિ કરવી. દીનની સેવા કરતાં ગુરુની સેવા ચઢિયાતી હોવી જોઈએ. ગુરુ કરતાં દેવની પ્રતિપત્તિ ચઢિયાતી કરવી. આજે ઘણા જૈનો એવું બોલે છે કે 'કેટલા ગરીબ લોકો ભૂખે મરે છે અને દેવદ્રવ્યમાં પૈસા ઊભરાય છે, દેવદ્રવ્યમાં પૈસા ખરચવાને બદલે અનુકંપામાં પૈસા વાપરવા જોઈએ....' આવા લોકો અજ્ઞાન છે. અહીં જણાવ્યું છે કે દેવ કરતાં કે ગુરુ કરતાં દીનની પ્રતિપત્તિ ચઢિયાતી ન હોવી જોઈએ. આ લોકો ભગવાનની ભક્તિ કરવાની ના પાડે છે. જ્યારે આપણા ભગવાને તો અનુકંપાનો ક્યાંય નિષેધ નથી કર્યો ઉપરથી દરેક ભક્તિનાં કાર્યો અનુકંપાપૂર્વક કરવાનું જણાવ્યું છે.

સ. દીનને જરૂરિયાત વધારે હોય તો?

દીનને જરૂર છે માટે આપવાની વાત જ નથી. જરૂરિયાતવાળાનું ગ્રહણ તો ભર્ત્તવ્યમાં થાય છે. દીનને ભર્ત્તવ્યમાં નથી ગણ્યા અને સેવ્યમાં બતાવ્યા છે, એનો અર્થ જ એ છે કે એની જરૂરિયાત પૂરી કરવાની વાત નથી. દેવગુરુની સેવા કરો છો તે તેમની જરૂરિયાત છે માટે કરો છો કે તમારે તરવું છે માટે કરો છો? તેમ દીનાદિની પ્રતિપત્તિ આપણા પરિણામ નિર્ધ્વંસ ન બને, કૂણા બને માટે કરવાની છે, દીનને જરૂર છે માટે નહિ. આ દેવાદિની પ્રતિપત્તિ ઉત્તમ પુરુષોના દૃષ્ટાંતથી કરવી. દેવપૂજા કરતી વખતે પેથડશા શેઠને યાદ કરીને કરવી. પોતાના અતિશયના કારણે જેઓ શેષ લોકો કરતાં જુદા તરી આવે છે એવા મહાપુરુષો કે જેઓ સ્વભાવથી જ પરોપકાર કરવો, પ્રિય વચનો બોલવાં વગેરે ગુણરૂપી મણિથી ભરેલા ઉપમાવાળા છે તેમના દૃષ્ટાંતથી દેવાદિની સેવા કરવી.

## १९–तथा–सात्म्यतः कालभोजनमिति ।।४१ ।।

આપણે જે ધર્મ કરવાનું શરૂ કરીએ છીએ તે લોકોને આદર્શ બનાવીને કરીએ છીએ. આથી અહીં સમજાવ્યું છે કે લોકને આદર્શ બનાવવાના બદલે આપણે મહાપુરુષોને આદર્શ બનાવીને ચાલવું છે. લોકો કરે છે–એવું નથી કરવું, મહાપુરુષોએ જે રીતે આરાધના કરી છે તે રીતે આપણે ધર્મ કરવો છે. તમે ધંધો કરો તો તમારા કરતાં ચઢિયાતાનું આલંબન લો કે ઊતરતાનું? સારામાં સારો ધંધો કરનારાને નજર સામે રાખો કે લોકો કરે છે એવો ધંધો કરો? એ જ રીતે ધર્મ કરતી વખતે મહાપુરુષોનો આદર્શ રાખવો છે. જો નબળાનું આલંબન લઈશું તો આપણે છૂટછાટ લેતાં થઈ જઈશું. આપણે ત્યાં તપધર્મ સચવાઈ રહ્યો છે તેનું કારણ એક જ છે કે આપણે એમાં છૂટછાટ ન લીધી. ઈતર લોકોને ત્યાં ફરાળી ઉપવાસ આવી ગયા. તેઓ ઉપવાસમાં ફળ, સુકો મેવો ખાવા લાગ્યા. જ્યારે આપણે ત્યાં ઉપવાસ એવો ને એવો રહ્યો છે તેનું કારણ આ વિધિનો અને શુદ્ધમાર્ગનો આગ્રહ છે. આદર્શ ઊંચો રાખીએ તો નીચે જવાનું મન નહિ થાય. આદર્શ નીચો રાખીશું તો નીચે જ જવાના. આપણે સાધુ ન થઈએ ત્યાં સુધી આ દેવ–ગુરુ–દીનાદિને બાધા ન પહોંચે તે રીતે પ્રતિપત્તિ કરવી છે. સાધુ થઈ જઈએ તો આમાંથી એકે આચાર પાળવો ન પડે. શાસ્ત્રમાં કહ્યું છે કે સાધુપણાનો માર્ગ ઋજુમાર્ગ છે. તેમાં કોઈ આંટીઘૂંટી નથી. ગૃહસ્થપણાના માર્ગમાં ઘણી તકલીફ છે. એક એક આચારમાં પણ ઘણા વિકલ્પો છે અને પાલન વખતે અનેક પ્રકારની શંકા–કુશંકા થયા કરે. એના બદલે સાધુપણાનો માર્ગ ઋજુ–સરળ છે, તેમાં ક્યાંય વળાંક નથી. ગૃહસ્થપણાનો ધર્મ સમજાવવામાં પણ તકલીફ ઘણી છે. એના બદલે એક વાર નક્કી કરીએ તો સાધુપણાનું પાલન સુકર છે. કારણ કે ગૃહસ્થપણું પ્રવૃત્તિપ્રધાન છે, સાધુપણું નિવૃત્તિપ્રધાન છે. ગૃહસ્થપણામાં દેવપૂજા કરવાની છે, સાધુપણામાં ભગવાનની આજ્ઞા માનવાની છે.

સ. ભગવાનની પૂજા શા માટે કરવાની છે?

જે પૈસો, સુખનાં સાધન ભેગાં કર્યાં છે તે છોડવા માટે પૂજા કરવાની છે. ગૃહસ્થપણાનો બધો જ ધર્મ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ પેદા કરવા માટે છે. અને આ ક્ષયોપશમ પેદા કરવા માટે સુખનો રાગ અને પૈસાનું મમત્વ છોડવું પડશે–એ માટે જ દેવપૂજા બતાવી છે.

આ દેવાદિની પ્રતિપત્તિ કાયમ માટે કરવાની છે, જ્યારે ભોજનના અવસરે તો આ પ્રતિપત્તિ વિશેષે કરીને કરવી. તેથી હવે ભોજનની વિધિ જણાવે છે કે ગૃહસ્થે આહાર કે પાન જે શરીરની પ્રકૃતિથી વિરુદ્ધ ન હોય તેવા લેવા. સાધુભગવંતોએ તો

નિર્દોષ જ આહાર લેવાનો છે, પછી જો તે શરીરની પ્રકૃતિથી વિરુદ્ધ હોય તો અલ્પમાત્રામાં લેવાનો અને કદાચ તેનાથી રોગ થાય તોપણ સહન કરી લેવાનો. અહીં જણાવ્યું છે કે જે આહારાદિ પ્રકૃતિથી વિરુદ્ધ સામાન્યતઃ ગણાતા હોય તેવા પણ જો સુખ માટે થતા હોય તો તે સાત્મ્ય ભોજન કહેવાય. એક ખેડૂત સવારે ખેતરમાં ગયો ત્યારે બપોર અને સાંજ માટે એક એકઃ એમ બે રોટલા લઈને ગયેલો. બપોરે મધ્યાહ્ન સમયે જમવા બેઠો. એક રોટલો ખાઈને એની ઉપર એક લોટો પાણી પી ગયો. એટલામાં ત્યાં રહેલા એક આયુર્વેદના જાણકારે કહ્યું કે 'આ શું કરે છે? **भोजनान्ते विषं जलम्** (ભોજનના અંતે પાણી ઘણું વાપરીએ તો તે વિષરૂપ પરિણમે.)' પેલા ખેડૂતે પોતાનો બીજો રોટલો જે સાંજ માટે રાખેલો તે ખાઈ ગયો અને પેલાને કહ્યું કે 'હવે તો જલ ભોજનના મધ્યમાં થયું ને?' ત્યારે પેલાએ કહ્યું કે તારા માટે વૈદ્યશાસ્ત્ર નથી. જે પોતાની ભૂખ કરતાં અડધું વાપરે તેને પ્રકૃતિથી વિરુદ્ધ આહાર પણ સાત્મ્યમાં મનાય. આ સાત્મ્ય આહાર પણ કાળે લેવાનો. અહીં કાળનો અર્થ કર્યો છે કે ભૂખ લાગે ત્યારે જ ખાવાનું. આપણે તો ભૂખ લાગ્યા વગર ખાવા બેસી જઈએ છીએ-એ અકાળ ભોજન છે. ભૂખ લાગે ત્યારે જ ખાવું તે કાળભોજન છે.

સ. રાત્રે ભૂખ લાગે તો?

જ્યારે ભૂખ લાગે ત્યારે જ ખાવું, ભૂખ ન લાગે ત્યારે ન જ ખાવું: એ જણાવવાનું તાત્પર્ય છે, 'ભૂખ લાગે ત્યારે ખાવું જ '- એવું નથી જણાવ્યું. તેથી રાત્રે ખાવાની વાત ક્યાંથી આવે? ભૂખ લાગે ત્યારે ખાવાની વાત ગૃહસ્થના સામાન્યધર્મમાં છે. જ્યારે ભૂખ સહન ન થાય ત્યારે વાપરવાની વાત સાધુધર્મમાં છે. રાત્રે ભૂખ લાગે તો સહન કરી લેવી છે. કારણ કે સાધુ થવું છે.

સ. ભૂખ લાગી છે-એવું ક્યારે કહેવાય?

જે વાપરીએ તે ભાવે તો સમજવું કે ભૂખ લાગી છે. અને સ્વાદ લેવાનું મન થાય તો સમજવું કે ભૂખ લાગી નથી. ગુજરાતીમાં કહેવત છે કે 'ભૂખ ન જુએ રોટલો, ઊંઘ ન જુએ ઓટલો.' આ રીતે જે સાત્મ્યતાને પામે એવું પથ્ય સેવવું, પરંતુ સાત્મ્યભાવને પામેલું પણ અપથ્ય નથી સેવવું. 'બળવાનને બધું પચે'. એમ કહીને વિષ ન ખવાય. ભૂખ લાગ્યા વગર ખાધેલું અમૃતમય ભોજન પણ વિષરૂપ બને છે. અને ભૂખ મરી ગયા પછી ખાઈએ તો જઠરાગ્નિ બુઝાઈ ગયો હોવાથી અન્નપ્રત્યે અરુચિ જાગે અને અપચો થવાથી શરીર સિદાય. તેથી સાત્મ્યપૂર્વક ભૂખ લાગે ત્યારે જ ભોજન કરવું: આ ગૃહસ્થનો સામાન્યધર્મ છે.

## ૨૦–तथा–लौल्यत्याग इति ।।४२।।

ભૂખ લાગે ત્યારે ખાવું એ સામાન્ય કોટિનો ગૃહસ્થધર્મ છે. ભૂખ લાગે ત્યારે આહારનો કાળ વીતી ગયો હોય તો ભૂખ સહન કરી લેવી–એ વિશેષધર્મ છે. ભૂખ લાગી ન હોય ત્યારે વાપરવાની વાત તો એકે ધર્મમાં આવતી નથી. ગૃહસ્થને હજુ સાધુપણા સુધી પહોંચવાનું બાકી છે તેથી તેને અકાળે શરીરનો ત્યાગ નથી કરાવવો. સાધુભગવન્તને શરીરની ચિકિત્સા કરવાની ના પાડી છે. જ્યારે ગૃહસ્થને દીક્ષા લેવાની બાકી હોવાથી ચિકિત્સાનો નિષેધ નથી કર્યો. આમ છતાં જો મોત નજર સામે આવતું દેખાય ત્યારે શરીરની ચિકિત્સા કરાવવાના બદલે શરીરને વોસિરાવી દેવું છે. કોઈ સાધુ ભગવંત સંલેખના કરવા ગયા હોય અને સામેથી જો વાઘ આવતો દેખાય તો સંલેખનાના બદલે અનશન લઈને બેસી જાય, ચાર આહારનો ત્યાગ કરીને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા રહી જાય. ત્યાં ગમે તેટલો પ્રયત્ન કરો તોય વાઘ ખાવાનો જ છે તો હવે ભાગાભાગ કરવાનો અર્થ નથી. આમે ય મરવાનું જ છે તો થોડું સત્ત્વ કેળવી લેવામાં શું વાંધો છે? જે નિષ્ફલારંભ કરે તે ભવાભિનંદી જીવો છે. સત્ત્વ નથી–એમ બોલીને નહિ ચાલે. સત્ત્વ કેળવવું જ પડશે. આપણે જે પ્રવૃત્તિ કરીએ છીએ તેનું ફળ મળવું જ જોઈએ. આ તો ભણવા બેસે અને ગાથા ન ચઢે તો ભણવાનું મૂકી દે. આવડે તો જ ભણવું–એવું નથી. ન આવડે તોપણ જ્ઞાનાવરણીયની નિર્જરા માટે ભણવાનું ચાલુ રાખવું છે. ભણવાથી જ્ઞાની બનીએ કે ન બનીએ પણ નિર્જરા તો ચોક્કસ થાય છે, માટે ભણવું છે. જ્ઞાન ન મળે છતાં ભણવાનું ચાલુ રાખવું તે નિષ્ફલારંભ નથી. જે નિર્જરાનો અર્થી હોય તે જ ભગવાનની આજ્ઞા પાળી શકે. પુણ્યનો અર્થી ધર્મ નહિ કરી શકે. પુણ્યનું અર્થીપણું પડ્યું હશે ત્યાં સુધી ચારિત્રનું અર્થીપણું નહિ આવે. ચારિત્ર માટે સંસાર છોડવાનો છે. અને છોડવા માટે જેટલું પુણ્ય જોઈએ છે–તેટલું તો મળી ગયું છે ને? હવે તો પુણ્ય છોડવા માટે પ્રયત્ન કરવો છે. જેની પાસે પુણ્યનું અર્થીપણું જ હોય તેણે ધર્મ ન કરવો.

કાળે ભોજન કરતી વખતે લૌલ્યનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. લોલુપતા કોને કહેવાય છે–એ માટે જણાવે છે કે આકાંક્ષાના અતિરેકના કારણે અધિક ભોજન લેવું તેને લોલુપતા કહેવાય. સ્ત્રીઓ અઠ્ઠાવીસ કોળિયાથી અધિક ન વાપરે અને પુરુષો બત્રીસ કોળિયાથી અધિક ન વાપરે. જો એનાથી અધિક વાપરીએ તો લોલુપતા છે–એમ સમજી લેવું.

**સ.** કોઈને આહારની ક્ષુધા અધિક હોય તો?

ક્ષુધાનું શમન ન થાય માટે અધિક આહાર લો તે આકાંક્ષાના અતિરેકથી ન લીધો

હોય તો વાંધો નથી. આપણે આકાંક્ષાના કારણે અધિક વાપરીએ છીએ કે ક્ષુધાના કારણે-એ પ્રામાણિકતાથી વિચારી લેવાનું. ત્રણ કાળ વાપરીએ તો બત્રીસના ભાગ કરી વાપરવું. અહીં જણાવે છે કે જે ઓછું ખાય છે તે ઘણું ખાય છે. જે ઘણું ખાય તેને કાં તો ઊલટી થાય, કાં તો ઝાડા થાય કાં તો મરણ થાય. વાપરતી વખતે એ રીતે અને એટલું વાપરવું કે જેથી જઠરાગ્નિ બુઝાઈ ન જાય. આહારના પરિમાણનું કોઈ નિયમન નથી, જેટલો જઠરાગ્નિ પ્રદીપ્ત હોય તેના પ્રમાણમાં આહાર લેવાનો. જે અતિમાત્રામાં આહાર લે તે દેહને અને અગ્નિને હણી નાંખે છે.અને પ્રદીપ્ત અગ્નિ કરતાં ઓછો આહાર લેવામાં આવે તો શરીરની શક્તિ ક્ષીણ થઈ જાય છે. ઘણું ખાનારને દુ:ખે કરીને પાચન થાય અને શ્રમથી પીડાયેલો અર્થાદ્ અત્યંત થાકી ગયેલો જો ભોજન કે પાન વાપરે તો તે નિયમે કરીને તાવનું અથવા શરદીનું કારણ બને છે.

## २१-तथा-अजीर्णे अभोजनमिति ।।४३।।

આપણે ઈચ્છાના કારણે ભોજન કરીએ છીએ એ લોલુપતા છે. ઈચ્છાના કારણે ભોજન નથી કરવું, ભૂખના કારણે ભોજન કરવું છે.

સ. આપ ગોચરી માટે ક્યારે જાઓ?

તમારા માટે ભૂખ લાગે એ કાળ, જ્યારે અમારે માટે ગૃહસ્થના ઘરે આહાર તૈયાર હોય તે કાળ કહેવાય. ભિક્ષાએ જવું હોય તો છ કારણ ઉપસ્થિત થયે છતે જવાનું. ભૂખ સહન થતી ન હોય, ઇર્યાસમિતિનું પાલન ન થતું હોય, વૈયાવચ્ચ થઈ શકે એવું ન હોય, સંયમનું પાલન (પડિલેહણાદિ) થઈ શકતું ન હોય, સ્વાધ્યાય થઈ ન શકતો હોય અને પ્રાણ કંઠે આવ્યા હોય ત્યારે ભિક્ષાનું કારણ ઉપસ્થિત થયું-એમ સમજવું. આ છ કારણ ઉપસ્થિત થાય ત્યારે ભિક્ષા માટે જવાનું. પરંતુ ભિક્ષાનો કાળ તો તે જ કહેવાય કે જ્યારે ગૃહસ્થના ઘરે રસોઈ તૈયાર હોય. તમારે અમારા આચારની ચિંતા કરવાની જરૂર નથી. તમે ગૃહસ્થનો સામાન્ય ધર્મ સ્વીકારવા તૈયાર થઈ જાઓ. જેઓ આ રીતે લોલુપતાનો ત્યાગ કરતાં શીખી લે તેઓ સાધુપણામાં બેંતાલીસ દોષરહિત ભિક્ષા લાવી શકશે અને પાંચ દોષથી રહિત ભિક્ષા વાપરી શકશે. તમે સાધુના આચાર જોવાના બદલે તેમની પ્રરૂપણા જોવાનું શરૂ કરો. સાધુભગવંત પાસે અસંખ્યાત યોગ છે. તેઓ આધાકર્મી આહાર લેશે તોય સ્વાધ્યાય વૈયાવચ્ચ દ્વારા તેનું વળતર વાળી આપશે. તમારી પાસે તો થોડું જ છે તો તેમાં બાંધછોડ શા માટે કરો છો? સાધુ પોતાના વર્ત્તન પ્રમાણે પ્રરૂપણા ન કરે, શાસ્ત્ર અનુસાર પ્રરૂપણા કરે. નંદીષેણ મુનિ વેશ્યાના ઘરે રહેલા છતાં પ્રરૂપણા શુદ્ધ કરતા હતા ને? આથી તો તેમની સજ્ઝાય બોલાય છે.

સ. પ્રરૂપણા જ જોવાની હોય તો આચારની જરૂર શા માટે?

પ્રરૂપણા સુધી પણ આચાર વિના નહિ પહોંચાય. જેઓ સાધુપણાના થોડાઘણા પણ આચાર ન પાળે તે આગમનું જ્ઞાન ક્યાંથી મેળવી શકે? આચાર વિના જ્ઞાન પામી નહિ શકાય. તમે ગૃહસ્થપણામાં ભણી ભણીને કેટલું ભણી શકો? સાધુપણું લીધા વગર આગમના જ્ઞાતા બની ન શકાય. તેથી આચારની ઉપેક્ષા કર્યે નહિ ચાલે. અસહિષ્ણુતાના કારણે આચારમાં ખામી આવે તે નભાવાય, પરંતુ સુખશીલતાના કારણે શિથિલતા આવે એ ન ચાલે ને? અને કદાચ સુખશીલતાના કારણે શિથિલતા આવી હોય તોપણ તેનો બચાવ ન કરે અને શુદ્ધ માર્ગ બતાવે તોપણ વાંધો નહિ. પરંતુ આચાર સાથે પ્રરૂપણા પણ શિથિલ હોય તે કોઈ સંયોગોમાં ન ચાલે.

આપણે તો અત્યારે ગૃહસ્થનો સામાન્ય ધર્મ વિચારી રહ્યા છીએ. તેમાં એકવીસમા ગુણ તરીકે બતાવ્યું છે કે અજીર્ણ થયું હોય તો ભોજન ન કરવું. ખાધેલું અન્ન જીર્ણ ન થાય અથવા તો જીર્ણ થવા છતાં પરિપાકને ન પામ્યું હોય તો આહાર ન લેવો. અજીર્ણ એ સર્વ રોગોનું મૂળ છે-એમ આયુર્વેદમાં જણાવ્યું છે. અજીર્ણ થયા પછી ભોજન કરે તો તેનાથી સર્વ રોગનું મૂળ વધવાનું. અજીર્ણ આમ, વિદગ્ધ વગેરે ચાર પ્રકારનું છે. તેમ જ તેનાં અરુચિ, ખરાબ ઓડકાર વગેરે લક્ષણો પણ આયુર્વેદમાં પ્રસિદ્ધ છે.

**૨૨-तथा-बलापाये प्रतिक्रियेति ।।४४।।**

કોઈ વાર અત્યંત પરિશ્રમાદિના કારણે શરીરનું સામર્થ્ય ક્ષીણ થવા માંડે તો તેવા વખતે થોડો શ્રમ ઓછો કરી, સ્નિગ્ધ-અલ્પ-ભોજન લેવા દ્વારા તે બળને પાછું પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. કારણ કે આ ગૃહસ્થનો ધર્મ છે. ગૃહસ્થને હજુ દીક્ષા લેવાની બાકી છે તેથી અકાળે શરીરનો ત્યાગ ન કરે પરંતુ રોગાદિ કારણે શરીર ક્ષીણ થવા માંડે તો ચિકિત્સા (પ્રતિક્રિયા) દ્વારા શરીરને સુસ્થિત કરે, તેની ઉપેક્ષા ન કરે. સાધુ ભગવંતો તો આજ્ઞા મુજબ આરાધના કરતા હોવાથી શરીરની ચિકિત્સા સહિષ્ણુતા હોય તો ન કરે.

સ. ભૂખ સહન થતી હોય પણ શરીર ક્ષીણ થતું હોય તો આહાર લેવો કે નહિ?

ગૃહસ્થ શરીર ક્ષીણ થાય એવો ભોજનત્યાગ ન કરે. પરંતુ સાધુ તપ વગેરે અનુષ્ઠાન વખતે શરીરની ચિંતા ન કરે. કારણ કે લોહી અને માંસ સુકાઈ જાય તેવો તપ કરવાનું સાધુને ફરમાવ્યું છે. તેથી શરીરની ચિંતા નથી કરવી. શરીર પાસેથી કામ કાઢી લીધું હોય તો ચિકિત્સા ય નથી કરવી અને આહાર પણ નથી લેવો. અસહિષ્ણુતા હોય તો શરીરની પ્રતિક્રિયા કરવાની.

## २३–तथा–अदेशकालचर्यापरिहार इति ।।४५ ।।

જેઓને ભવિષ્યમાં આરાધના કરવાની તક છે એવાઓ પોતાની આરાધનાની સામગ્રીભૂત શરીરની એવી ઉપેક્ષા ન કરે કે જેથી તેની આરાધના અટકી પડે. તેથી જ ગૃહસ્થને શરીરની પ્રતિક્રિયા કરવાનું જણાવ્યું છે. સાધુભગવંતો તો પોતાના શરીરનું પણ મમત્વ છોડીને સાધુ થયા હોવાથી પોતાના શરીરની પણ સારસંભાળ નથી લેતા. સાધુના શરીરનું ધ્યાન સાધુ ન રાખે, પણ શ્રાવકો રાખે. કારણ કે ગૃહસ્થોને આ સંસારથી તરવા માટેના આલંબન રૂપે ગુરુના શરીરની જરૂર છે. આથી જ શ્રી યોગશતકમાં જણાવ્યું છે કે **'उत्सर्पणीय एष कायः'** ગુરુભગવંતના શરીરની વિશ્રામણા મારે પાસે જઈને કરવાયોગ્ય છે.' એમ સમજીને ગુરુની ભક્તિ કરવી. સાધુ પોતે પોતાના શરીરની ફરિયાદ ન કરે, ગૃહસ્થ સાધુના શરીરની ચિંતા કર્યા વગર ન રહે. જેમ નાના છોકરાઓ પોતે પોતાનું દુઃખ જણાવતા નથી પરંતુ માબાપ છોકરાનું બધું ધ્યાન રાખે. આથી જ તો શ્રાવકોને સાધુના માબાપ કહ્યા છે. સાધુભગવંતો તો દેહ પ્રત્યે પણ નિઃસ્પૃહ હોય છે. તેમને કોઈની જરૂર જ નથી. આપણા કામમાં કોણ આવે છે–એ જોયા કરે તે ધર્મ ન કરી શકે, આપણે કોઈનું કામ નથી–એવું વિચારે તે જ ધર્મ કરી શકે. જે 'કોણ કામમાં આવે છે'–એવું વિચારે તેને બધાની ગુલામી કરવી પડે. જેને કોઈનું કામ ન પડે તે બાદશાહની જેમ જીવી શકે. કોણ કામ કરે છે–એવું જોનારા બીજાને દુઃખ આપ્યા વિના ન રહે. આપણે સત્ત્વશાળી છીએ ને? તો જાતે કોઈની પણ અપેક્ષા રાખ્યા વિના કામ કરવું છે. સત્ત્વશાળી જીવો બીજાને જિવાડીને જીવે. જેઓ બીજાને મારીને, બીજાને દુઃખ આપીને જીવે તેઓ સત્ત્વ વગરના જીવો છે. આપણે સાધુપણા સુધી જવું છે માટે જ શરીરની પ્રતિક્રિયા કરવાની છે–એટલું યાદ રાખવું.

હવે જણાવે છે કે જે દેશને કે કાલને ઉચિત ન હોય તેવી ચર્યા ન કરવી. જેમ કે બજારમાં બધા દસ વાગે દુકાન ખોલતા હોય તો આપણે આઠ વાગે ન ખોલવી–આને અકાલ-ચર્યા કહેવાય. એ જ રીતે લોકો રાતના આઠ વાગે દુકાન બંધ કરતા હોય ને આપણે દસ વાગ્યા સુધી ખુલ્લી રાખીએ તો તે અકાલચર્યા કહેવાય. આવા વખતે કોઈ ચોરધાડુ આવીને ધાડ પાડીને લૂંટી જશે. એ જ રીતે કાપડની દુકાન કાપડબજારમાં કરવાની એના બદલે શાકભાજીની મંડઈમાં કરીએ તે અદેશચર્યા. જેઓ દેશ અને કાળને અનુચિત એવી ક્રિયા કરે તેઓને ચોર વગેરેનો ઉપદ્રવ થવાથી આ લોક અને પરલોકમાં નિયમા અનર્થનું ભાજન બને.

## ૨૪–તથા–યથોચિતલોકયાત્રેતિ ।।૪૬ ।।

લોકને અનુચિત વૃત્તિ ન કરવી. અહીં લોકની યાત્રાનું અનુસરણ કરવાનું જણાવ્યું છે. જે ધર્મનું આચરણ હોય તેને યાત્રા કહેવાય. જે ધર્મને અનુકૂળ હોય, સંસારથી બહાર નીકળવા સહાયભૂત હોય તેને યાત્રા કહેવાય. લોકની આવી યાત્રા કરવી. લોકોના ચિત્તનું અનુવર્ત્તન કરવું છે. જો લોકયાત્રાનું અનુવર્ત્તન ન કરીએ તો તેમના ચિત્તની આરાધના ન થવાથી તેમને આપણી પ્રત્યે અનાદેયભાવ આવવાથી આપણી પોતાની લઘુતા થાય. આ રીતે આપણા સમ્યગ્ આચાર પણ લઘુતાનું કારણ બને. કહ્યું છે કે લોક સર્વ ધર્મચારીઓનો આધાર છે. તેથી ધર્મવિરુદ્ધ અને લોકવિરુદ્ધનો સારી રીતે ત્યાગ કરવો.

આપણે લોકની વચ્ચે રહેવું હોય તો લોકના યથોચિત આચારનું પાલન કરવું છે. જે ઉચિત ન હોય અથવા વિરોધી હોય એવા આચારનું પાલન આપણે નથી કરવું. લોકોના અનુચિત આચાર આપણે સુધારવા નથી જવું, આપણે માત્ર એનું અનુસરણ નથી કરવું. આપણે આપણી જાતને સુધારવી છે, બીજાને સુધારવા નથી બેસવું. બીજાને સુધારવા માટે પુણ્યોદયની જરૂર છે, આપણી જાતને સુધારવા પુણ્યની જરૂર નથી, આપણો ક્ષયોપશમભાવ બસ છે. આપણે જો ખરેખર આપણી જાતને સુધારવી હોય તો પુણ્યની પાછળ પડવાની જરૂર જ નથી. આજે આપણે આપણી જાત માટે નથી જીવતા, બીજા માટે જ લગભગ જીવીએ છીએ. આજે જે કાંઈ સુખનો ભોગવટો કરીએ છીએ તે બીજાને બતાવવા માટે જ કરીએ છીએ ને? માથાના વાળ સમારીએ તે બીજા માટે, સારાં વસ્ત્રો પહેરીએ તે બીજા માટે, સારો આહાર પણ વાપરીએ તે મોટે ભાગે વટ પાડવા માટે. તમારે ત્યાં જ નહિ, અમારે ત્યાં પણ બીજા માટે જ સાધુપણું મોટા ભાગે પળાય છે. જ્ઞાન ભણતી વખતે પણ વિદ્વાન થવાનો, લોકોને સમજાવીને વટ પાડવાનો ભાવ હોય, સારું ચારિત્ર પાળતી વખતે પણ ગુરુ થવાનો ભાવ હોય તો તે પોતાના આત્મા માટે સાધુપણું નથી પાળતો-એમ માનવું પડે ને? આપણને ચાર માણસ ઓળખે એના કરતાં આપણે આપણું સ્વરૂપ પ્રગટાવીએ તે સારું ને? આપણે લોકના પ્રવાહમાં તણાવું નથી. લોક માટે અત્યાર સુધી ધર્મ કર્યો છે માટે જ આપણે સંસારમાં રખડીએ છીએ. હવે લોકની સામે નથી જોવું, ભગવાનની આજ્ઞા સામે જોવું છે. આ તો જે લોકની પણ ઉચિત પ્રવૃત્તિ કરી ન શકે તે કાલે ઊઠીને લોકોત્તર પ્રવૃત્તિને કેવી રીતે કરી શકે? એટલાપૂરતું યથોચિતલોકયાત્રાને ગુણ તરીકે બતાવ્યો. બાકી આપણે આપણા આત્માને સુધારવો છે, બીજા કોઈને સુધારવા નથી. ખુદ તીર્થંકરભગવંતો પણ છેલ્લા

ભવમાં દેશના આપે છે તે પોતાના તીર્થંકર નામકર્મને ખપાવવા માટે આપે છે, આપણી ઉપર ઉપકાર કરવા માટે નહિ. જેમ સૂર્ય પ્રકાશ આપવા માટે ઊગે છે એવું નથી, નદી પાણી આપવા માટે વહે છે-એવું નથી, માત્ર સ્વભાવથી આ પ્રવૃત્તિ કરે છે. તેમ ભગવાન પણ સ્વભાવથી દેશના આપે છે, તીર્થંકરનામકર્મ દેશના વિના ખપે એવું નથી માટે દેશના આપે છે, તો આપણે બીજાને સુધારવા માટે પ્રવૃત્તિ શા માટે કરવી?

સ. પરોપકારની ભાવના રાખવાની ને?

પરોપકારની ભાવના રાખવાની, પરંતુ પરોપકાર માટે એવી પ્રવૃત્તિ ન કરવી કે જેથી સ્વોપકાર સિદાય. પરોપકારની ભાવનામાં સાથે સારા દેખાવાની ભાવના ન હોવી જોઈએ. રત્નાકર પચીશીમાં પણ જણાવ્યું છે કે **'धर्मोपदेशो जनरञ्जनाय'** શ્રી રત્નાકરસૂરિ મહારાજ પોતે એમ કહે છે કે 'મેં ધર્મોપદેશ લોકના રંજન માટે આપ્યો છે'-તો 'આપણે આપણી જાત માટે વ્યાખ્યાન આપીએ છીએ' એવું બોલતાં પહેલાં દશ વાર વિચાર કરવો. આપણે લોકસંજ્ઞામાં તણાવું નથી.

**તથા-हीनेषु हीनक्रम इति ।।૪૭।।**

લોકની અનુવૃત્તિ યથોચિતપણે કેવી રીતે કરવી તે માટે જણાવ્યું છે કે-જેઓ જાતિ, જ્ઞાન, કુળ આદિ ગુણોથી હીન હોય, પોતાના કર્મના દોષથી જ હીન અવસ્થાને પામેલા હોય તેમની પ્રત્યે તુચ્છ તરીકેનો વ્યવહાર ન કરવો. તેઓ પોતાની જાતને હીન માનતા હોવાથી આપણી પાસે વધુ અપેક્ષા રાખવાના જ નથી. પરંતુ તેમને પણ મોઢા પર થોડું સ્મિત લાવીને મોઢું બગાડચા વિના જોઈએ તો તેઓ પોતાની જાતને કૃતાર્થ માનીને આનંદ પામે. આ જ તેમની પ્રતિપત્તિ છે.

**૨૫-तथा अतिसङ्गवर्जनमिति ।।૪૮।।**

આ રીતે લોકયાત્રાની અનુવૃત્તિ કરતી વખતે એટલું યાદ રાખવું કે અતિસંગ કોઈની સાથે ન કરવો. ઉચિત વર્તન દરેકની સાથે કરવાનું પણ અતિસંગ કોઈની સાથે ન કરવો. હીનનું પણ ઔચિત્ય જાળવવું પરંતુ કોઈનો પણ અતિસંગ ન કરવો. કારણ કે અતિપરિચયના કારણે મોટા ભાગે અવજ્ઞા થતી હોય છે. પ્રયાગમાં લોકો દૂરદૂરથી ગંગાસ્નાન કરવા માટે આવે છે જ્યારે પ્રયાગવાસી લોકો કૂવામાં સ્નાન કરે છે.

જેમનામાં સામાન્યધર્મની યોગ્યતા આવી જાય તેઓ વિશેષધર્મની યોગ્યતા સહેલાઈથી પામી શકે છે. આપણી પાસે યોગ્યતા ન હોય તો તે વહેલી તકે મેળવી લેવી છે અને જો યોગ્યતા હોય તો તે યોગ્યતાને કામે લગાડવી છે. આપણે જોઈ ગયા કે

લોકોની અનુવૃત્તિ એવી નથી કરવી કે જેમાં આખો દિવસ તેમને ત્યાં અડ્ડો જમાવીને બેસવાનું થાય, તેથી અતિસંગનું વર્જન કરવું છે. જો કોઈનો અતિસંગ ન કરવાનો હોય તો પરિચય કોની સાથે કરવોઃ આવી શંકા હોય તો તે માટે આગળ જણાવે છે કેઃ

**२६ तथा–वृत्तस्थज्ञानवृद्धसेवेति ।।४९।।**

કાયમ માટે વૃત્તસ્થ એવા જ્ઞાનવૃદ્ધ પુરુષની સેવા કરવી. ઘણા લોકોને એમ ચિંતા હોય છે કે જો કોઈને ત્યાં આવવા જવાનું હોય જ નહિ તો સમય પસાર કેવી રીતે કરવોઃ આવું ન બને તેથી કાયમ માટે વૃત્ત એટલે આચારમાં સ્થિર રહેલા એવા જ્ઞાનથી વૃદ્ધ પુરુષોની સેવા કરવીઃ એમ જણાવ્યું છે. જેમ ધંધે જનારાને પૈસાનું અર્થીપણું હોવાથી સમય પસાર થાય છે, ઘરાક ન આવે તોય કંટાળો નથી આવતો, તેમ સંસારના ઉચ્છેદની ભાવના જેને હોય તેને સ્વાધ્યાય કરવામાં કંટાળો ન આવે. આ સ્વાધ્યાયમાં રહેવાનું જે આપણને કહે–એવા પુરુષોની સેવા કરવી છે. અહીં માત્ર જ્ઞાનવૃદ્ધ કે વૃત્તસ્થની વાત નથી કરી. સૌથી પહેલાં વૃત્ત એટલે કે સદાચારમાં જે સ્થિત હોય તેની સેવા કરવાની કહી. અને એ આચાર પાલન કરનારા જ્ઞાની હોવા જોઈએ. અહીં દ્વંદ્વસમાસ નથી, કર્મધારય સમાસ છે. આચાર પાલન કરનાર એવા જ્ઞાનીની સેવા કરવી. જેને આચાર પાળવા હશે તેણે જ્ઞાન ભણવું જ પડશે. અમને પણ સાધુપણામાં જો ટકવું હોય તો તે માટે પંદર કલાક સ્વાધ્યાય કરવાનું કહ્યું છે. જેમ સંસારમાં રહેવું હોય તો કમાયા વગર ન ચાલે તેમ સાધુપણામાં સ્વાધ્યાય વગર ન ચાલેઃ જે સ્વાધ્યાયમાં રત હોય તેને જ જ્ઞાન મળે, જે જ્ઞાની હોય તે આચાર પાળ્યા વિના ન રહે. વૃત્ત એટલે અસદાચારથી નિવૃત્તિ કરીને સદાચારમાં પ્રવૃત્તિ કરવી. આવા આચારનું પાલન પણ જ્ઞાનથી વૃદ્ધ થઈને કરવાનું છે. અહીં જણાવ્યું છે કે હેય અને ઉપાદેય વસ્તુના વિભાગનો નિશ્ચય કરવો તેનું નામ જ્ઞાન. સંસાર હેય લાગે અને મોક્ષ ઉપાદેય લાગે તેનું નામ જ્ઞાન. પૈસો હેય લાગે અને દાન ઉપાદેય લાગે તેનું નામ જ્ઞાન. જેનું શરીર સંસારમાં હોય અને ચિત્ત મોક્ષમાં હોય તેનું નામ જ્ઞાની. આવા પુરુષોની સેવા કેવી રીતે કરવી તે માટે જણાવે છે કે દરિદ્રમાણસ ઈશ્વરની સેવા જે રીતે કરે તે રીતે વૃત્તસ્થ જ્ઞાનવૃદ્ધની સેવા કરવી. એ જે કહે તે કરવા તૈયાર થઈએ તો કામ થાય. જ્ઞાનવૃદ્ધની સેવા એવી રીતે કરવી કે જેથી એમનું જ્ઞાન આપણામાં આવે. ડોક્ટરની સેવા કેવી કરો? શ્રીમંતની સેવા પણ આપણને શ્રીમંત બનાવે–એવી કરીએ ને?

જ્ઞાનીની સેવા જેણે આ રીતે કરી હોય તેને સાધુપણું વહેલામાં વહેલી તકે પ્રાપ્ત થાય. જેઓ જ્ઞાનવૃદ્ધના સેવક હોય તેઓ જો દીક્ષા લે તો તેઓ દીક્ષાને દીપાવ્યા વિના ન રહે. આપણને ભલે ભણવામાં પ્રમાદ નડતો હોય છતાં પણ જ્ઞાનીની સેવા કરવાથી

પ્રમાદ જ નહિ રહે. સેવક પ્રમાદી ન હોઈ શકે. જે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયાસ્વરૂપ ગુણને ધારણ કરે છે એવા મહાપુરુષોની સારી રીતે સેવા કરવામાં આવી હોય તો તે સદુપદેશાદિ દ્વારા ફળે છે.

વૃત્તસ્થ જ્ઞાનવૃદ્ધોની સેવા કરવાથી તેઓ આપણને ઉપદેશ આપે તેથી જ્ઞાનની વૃદ્ધિ થાય, ધર્મચારીનું દર્શન કરવાથી આપણા સમ્યગ્દર્શનની નિર્મળતા થાય અને યોગ્ય સ્થાને વિનય કરવાથી ચારિત્રની પ્રાપ્તિ થાય. અનાદિકાળનાં મિથ્યાત્વ, અવિરતિ અને કષાયને કાઢવા માટે સમ્યગ્દર્શનજ્ઞાન અને ચારિત્રની જરૂર પડે. આપણને વર્ત્તુલ ગમે તો કયું ગમે? મિથ્યાત્વી વગેરેનું કે સમ્યગ્દર્શનવાળા વગેરેનું? લોકોત્તર માર્ગમાં જવા માટે વર્ત્તુલ ફેરવવું પડશે. વૃત્તસ્થજ્ઞાની આપણા અજ્ઞાનને દૂર કરે છે. એકની એક વસ્તુ પણ જુદા જુદા દષ્ટિકોણથી સમજાવતા હોય છે. વૃત્તસ્થજ્ઞાનવૃદ્ધોની સેવાનાં જે ત્રણ ફળ બતાવ્યાં તેમાં સાક્ષાત્ જ્ઞાન-દર્શન-ચારિત્રનું ગ્રહણ ન હોવા છતાં આડકતરી રીતે જ્ઞાન દર્શન ચારિત્ર બતાવ્યાં છે. લોકોત્તરમાર્ગની પ્રાપ્તિ માટે વૃત્તસ્થજ્ઞાનીની સેવા એ મોટામાં મોટું સાધન છે.

જ્ઞાની મહાપુરુષો આપણને જ્ઞાન આપીને આપણી શ્રદ્ધાને મજબૂત બનાવે છે. એક વાર શ્રદ્ધા જેની મજબૂત બને એ, આત્મા ઉપર લાગેલાં આઠ કર્મને દૂર કરવા માટે પ્રયત્ન કરે. પૈસા ગમે છે તો રોજ છાપું વાંચી-વાંચીને નવું જ્ઞાન મેળવો છો ને? જ્યારે અહીં જ્ઞાન પ્રત્યે નફરત છે માટે રોજ નવું નવું સાંભળવાનું ગમતું નથી.

સ. છાપામાં રોજ નવા નવા ભાવ આવે એટલે વાંચીએ.

અહીં પણ અમે રોજ નવી નવી શાસ્ત્રની વાતો સમજાવીએ છીએ. પહેલાં વૃત્તસ્થજ્ઞાનવૃદ્ધોની સેવા કરવાના ફળ તરીકે ઉપદેશ, ધર્માચારીનું દર્શન અને યોગ્ય સ્થાને વિનયઃ આ ત્રણ જણાવ્યાં હતાં હવે એ ત્રણને જ્ઞાનદર્શનચારિત્રની સાથે સંબંધ છે એ જણાવ્યું-એ નવો જ ભાવ આવ્યો ને? તમને ગમતું નથી માટે એકનું એક લાગે છે. ડૉક્ટરને ત્યાં એકના એક જ સાધનો છે ને? છતાં આરોગ્યનું અર્થિપણું છે તો તેમાં કંટાળો નથી આંવતો જ્યારે અહીં જ્ઞાન પ્રત્યે નફરત છે માટે કંટાળો આવે છે. આજે નહિ તો કાલે આ જ્ઞાનની નફરતને કાઢવી જ પડશે. આ નફરતને કાઢવા માટે શરૂઆત ઉપદેશ સાંભળવાથી કરવી છે. ઉપદેશ સાંભળશે તો નફરત દૂર થશે. 'જ્ઞાન જોઈતું નથી' માટે રસ નથી આવતો, 'પૈસા વગેરે જોઈએ છે' માટે ત્યાં રસ આવે છે. 'જોઈએ છે' આવું હોય ત્યાં રસ આવે છે અને 'જોઈતું નથી, જરૂર નથી' આવું હોય ત્યાં રસ નથી આવતો.

**तथा-परस्परानुपघातेनान्योऽन्यानुबद्धत्रिवर्गप्रतिपत्तिरिति २७ ।।५० ।।**

વૃત્તસ્થજ્ઞાનીની સેવા કરવી આ પ્રમાણે કીધા પછી ધર્મ અર્થ અને કામઃ એ ત્રણ પુરુષાર્થનું આસેવન પરસ્પર એક બીજાને બાધા ન પહોંચે તે રીતે કરવું-આ પ્રમાણે કહ્યું. સામાન્યથી પુરુષાર્થ ચાર પ્રકારના કીધા છે, ધર્મ અર્થ કામ અને મોક્ષ. છતાં અહીં ત્રણ પુરુષાર્થનું ગ્રહણ કર્યું છે-એનું કારણ એ છે કે મોક્ષની સાધના હોતી નથી. મોક્ષ તો સાધ્ય છે. સાધ્ય માટે જેમાં પ્રવૃત્તિ કરવાની હોય તે સાધન હોય છે. જેને ઘડો બનાવવો હોય તે ઘડામાં પ્રવૃત્તિ નથી કરતો, ઘડાનાં સાધન તરીકે માટી વગેરેમાં પ્રવૃત્તિ કરે છે. તેવી રીતે જેને મોક્ષે જવું હોય તે ધર્મમાં પ્રવૃત્તિ કરે. ગૃહસ્થો કેવળ મોક્ષની સાધના કરવા સમર્થ નથી તેથી તેમના માટે અર્થકામ પણ બતાવ્યા. અર્થ અને કામ ઉપાદેય છે માટે તેનું ગ્રહણ કર્યું છે-એવું નથી. અર્થ અને કામ છોડી શકાતા હોય તો છોડવા જ છે પરંતુ જેઓ અર્થકામ છોડી ન શકવાથી ગૃહસ્થપણાના સામાન્યધર્મ તરીકે ધર્મ અર્થ અને કામની સાધના કરતા હોય તેઓ એકબીજાનો છેદ ઉડાડે એ રીતે ધર્માર્થકામ ન સાધે; એકબીજાના પૂરક બને, એને સેવવાથી કલ્યાણ થાય એ રીતે સાધે-તે માટે આ સૂત્ર જણાવ્યું છે. ધર્મની વ્યાખ્યા કરતાં અહીં જણાવ્યું છે કે-જેના કારણે અભ્યુદય એટલે સ્વર્ગ, અને મોક્ષની પ્રાપ્તિ થાય તેને ધર્મ કહેવાય. ધર્મનાં બે ફળ બતાવ્યાં. ૧) સ્વર્ગ ૨) મોક્ષ. મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી દેવલોક રૂપ ફળ મળે. બેમાંથી આપણને કયું ફળ ગમે? જેને દેવલોકરૂપ ફળ ગમતું હોય અને એના માટે ધર્મ કરે તો એ ધર્મ ઔદયિકભાવનો બનશે, ક્ષયોપશમભાવનો કે ક્ષાયિકભાવનો ધર્મ નહીં બને. ઔદયિકભાવમાંથી ક્ષયોપશમભાવમાં તે જ જઈ શકે કે જેની નજર ક્ષાયિકભાવ પર હોય. ક્ષયોપશમભાવનો ધર્મ તે જ પામી શકે જેને ઔદયિકભાવમાંથી ક્ષાયિકભાવમાં જવું હોય. આપણો ધર્મ ક્ષાયિકભાવનો થાય એના માટે મહેનત કરવી છે. સંસારમાં રહેવા માટે ધર્મ નથી કરવો. સંસારથી છૂટવા માટે ધર્મ કરવો છે.

સ. આપણો ધર્મ ઔદયિકભાવનો છે કે ક્ષયોપશમભાવનો છે એ કઈ રીતે ઓળખવું?

આપણો ઈરાદો કયો છે એના ઉપરથી નક્કી કરવાનું. ધર્મ કરતી વખતે અશાતાવેદનીયની નિર્જરા કરવાનો ઈરાદો હોય તો તે ધર્મ ઔદયિકભાવનો છે અને ચારિત્રમોહનીયની નિર્જરા કરવાનો ઈરાદો હોય તો તે ધર્મ ક્ષયોપશમભાવનો છે. સંસારના સુખ માટે ધર્મ કરવો એ ઔદયિકભાવનો જ ધર્મ છે. સંસારનું સુખ મળે છે ધર્મથી, પણ સંસારના સુખ માટે ધર્મ નથી કરવો. અહીં ધર્મથી સુખ મળે છે-એવું કહેવાનો

ઈરાદો એ છે કે-અધર્મથી સુખ મળતું જ નથી. 'સુખની અભિલાષાવાળાએ પણ ધર્મ જ કરવો.' આવું કહેતી વખતે શાસ્ત્રકારોનો ઈરાદો અધર્મથી દૂર કરવાનો છે, સુખની ઈચ્છાથી ધર્મ કરાવવાનો નહિ. સુખના રાગને પાપ કહેનારા શાસ્ત્રકારો સુખ માટે ધર્મ કરવાનો ઉપદેશ આપે જ નહિ. એ સમજી શકાય છે. જેઓ શાસ્ત્રના અર્થ ઊંધા કરે તેનું કલ્યાણ શાસ્ત્ર ન કરે.

ફળના નિરૂપણ દ્વારા ધર્મનું નિરૂપણ કર્યા પછી અર્થની વ્યાખ્યા કરતાં કહે છે કે જેનાથી સંસારનાં બધાં પ્રયોજન સિદ્ધ થાય તેને અર્થ કહેવાય છે. પૈસાથી ખાવા-પીવાનું, પહેરવા-ઓઢવાનું વગેરે પ્રયોજનો-કાર્યો સિદ્ધ થાય છે ને? તેથી પૈસો એ અર્થ સ્વરૂપ છે. પૈસો હોવા છતાં શાંતિથી ખાવા પણ પામી ન શકતા હોય કે શાંતિથી સૂઈ પણ શકતા ન હોય તો તે પૈસો અર્થભૂત નથી-એમ સમજી લેવું. કદાચ ભોગમાં વાપરો તોપણ અર્થ હોવા છતાં દાન આપતા ન હોય તો એ અર્થ પણ નકામો જ છે.

સ. વર્ત્તમાનમાં કામ ન આવે પણ ભવિષ્યમાં કામ આવશે.

મળેલા પૈસા ટકશે તો ભવિષ્યમાં કામ લાગશે ને? મળેલી વસ્તુ ટકશે જ એવી ખાતરી છે ખરી? આપણે પણ મનુષ્યભવમાં આવ્યા એ આ ભવપૂરતા જ ને? અહીં કાયમ માટે નથી ટકવાના ને? તો પૈસા વગેરે કાયમ માટે કેવી રીતે ટકશે? મળેલું કદાચ તમારા જીવન સુધી ટકી જશે, પણ ટકેલું ભોગવવા મળશે જ એવી ખાતરી ખરી? ભોગવ્યા પછી એ બધું સારી રીતે પરિણામ પામી જ જશે અને ફૂટી નહીં નીકળે એવી ખાતરી ખરી? માટે ભવિષ્યમાં કામ લાગશે એ વાત મગજમાંથી કાઢી નાખજો. મળેલાનો સદુપયોગ કરી લેવો-એ જ અર્થપુરુષાર્થનું ફળ છે; બાકી, રાખી મૂકેલાનો નાશ જ થવાનો. અર્થકામ ઉપાદેય નથી જ. આ તો છોડી શકતા નથી માટે શાસ્ત્રકારોએ આટલી ચિંતા કરી છે. આઠમે વરસે દીક્ષા લીધી હોત તો આ તકલીફ ન હોત. તમારા ઘરમાં કે ઑફિસમાં આ બોર્ડ મારવાની જરૂર છે કે-આઠમે વરસે દીક્ષા ન લીધી એનું આ (ઘર કે દુકાન) ફળ છે.

અર્થની વ્યાખ્યા કર્યા પછી 'કામ' ની વ્યાખ્યા કરતાં કહે છે કે-જે ભોગવતી વખતે સ્વાભિમાન હોય, રસ ચિકાર આવે અને પાંચે ઈન્દ્રિયોને પ્રીતિનું કારણ બને તેને કામ કહેવાય. જે સુખ ભોગવતી વખતે માથું નીચું નાંખવું પડે એ સુખ સુખ નથી. રોટલી વાપરતી વખતે આંખેથી જોવી ગમે, જીભથી સ્વાદ સારો આવે, નાકથી ગંધ સારી આવે, કડક ન હોવાથી કાનથી અવાજ ન સંભળાય તેમ જ સ્પર્શ સારો હોય: આ રીતે પાંચે ઈન્દ્રિયોને પ્રીતિ થાય, વાપરતી વખતે કોઈ આપણા માટે ઘસાતું ન કહે:

આને કામ કહેવાય. વર્ત્તમાનમાં તમે જે જે સુખ ભોગવો છો તે આવા પ્રકારનું જ છે- એવું તમે કહી શકશો ખરા?!

જેઓ વિશિષ્ટ ધર્મની આરાધના કરી રહ્યા છે તેઓ તો અર્થ અને કામને છોડી દે છે જ્યારે જેઓ વિશિષ્ટધર્મની આરાધના કરવા માટે અસમર્થ છે તેઓ માટે અર્થ અને કામ પણ એવી રીતે પ્રાપ્ત નથી કરવાના કે જેથી ધર્મની સાધનામાં બાધ આવે. આપણો ધંધો એવો ન જોઈએ કે-આપણે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ગુરુની ભક્તિ વગેરે ન કરી શકીએ. ધંધો સાચવીને ધર્મ કરવા કરતાં ધર્મ સાચવીને ધંધો કરવો છે. ગૃહસ્થપણામાં અર્થ અને કામ વગર ચાલતું નથી એનો અર્થ એ નથી કે એને જ પ્રધાન બનાવવા છે, અર્થ અને કામમાં જ શરીરનો પૂરેપૂરો ઉપયોગ થાય -એવું નથી કરવું. સંસારના સુખ માટે જ શરીરને કામમાં નથી લેવું. વાસ્તવિક રીતે તો સુખ એ તો શરીરનો ગુણ જ નથી આત્માનો ગુણ છે. અનન્ત સુખનો ધણી એવો આત્મા પણ અનન્ત સુખને ભોગવી નથી શકતો એ શરીર સ્વરૂપ પ્રતિબન્ધકના કારણે. શરીર છે ત્યાં સુધી અનન્તું સુખ ભોગવવા નહીં મળે. શરીર અને આત્મા છૂટા પડે ત્યારે અનન્તું સુખ ભોગવવા મળશે. અનન્ત સુખને પામવા માટે ગ્રન્થકારશ્રીએ બતાવેલા ધર્મને આત્મસાત્ કરવો છે. ધર્મ એવી રીતે કરવો છે કે-અર્થ કામને બાધા ન પહોંચે અને અર્થકામ એવી રીતે સાધવા છે કે ધર્મને બાધા ન પહોંચે. અર્થ અને કામને જ મેળવવા માટે આખી જિંદગી વેડફી નાંખે તો સામાન્યધર્મ પણ નહીં પ્રાપ્ત કરી શકીએ તો લોકોત્તરધર્મની પ્રાપ્તિ કેવી રીતે થશે? અર્થ અને કામ નહીં મેળવીએ તો નુકસાન છે એવું માનીએ છીએ અને ધર્મ નહીં કરીએ તો નુકસાન છે એવું નથી માનતા માટે જ ધર્મ કરતા નથી.

ધર્મને બાધા ન પહોંચે એવી રીતે અર્થકામની સાધના કરવા માટે સૌથી પહેલાં પારકા પૈસે ધંધો નથી કરવો-એવું નક્કી કરવું છે. પારકા પૈસે ધંધો કરીને પૈસા મેળવ્યા પછી જે કાંઈ સુખ ભોગવશો તે વખતે લોકો કહેશે કે-અમારા પૈસે સુખ ભોગવે છે, એના પોતાના પૈસા નથી. આવું બોલે તો એ સુખ આભિમાનિક નહીં ગણાય. જે સુખ ભોગવતી વખતે કોઈ આંગળી ચીંધી ન શકે તે સુખ આભિમાનિક સુખ કહેવાય. શ્રી શાલિભદ્રજી જે સુખ ભોગવતા હતા તેમાં શ્રી શ્રેણિકમહારાજા જેવાએ પણ આંગળી ન ચીંધી. આ સુખ આભિમાનિક કહેવાય. આજે તો તમને કોઈ જમતાં જમતાં ઉઠાડે તોય ચાલે છે ને? શ્રી શાલિભદ્રજીને પોતાના સુખમાં અન્તરાય થયો તેથી પુણ્યમાં કચાશ લાગી તો વૈરાગ્ય પામીને દીક્ષા લઈ લીધી. તમને તો સુખ ભોગવતા બધા ઉઠાડે ને? છતાં તમને દુઃખ ન થાય ને?

ધર્મ અર્થ અને કામમાંથી પાંચે ઈન્દ્રિયોના વિષયના ભોગવટા સ્વરૂપ કામમાં મોટે ભાગે વધારે પ્રવૃત્તિ થતી હોય છે. તેથી અહીં જણાવ્યું છે કે-ધર્મ અને અર્થનો ઘાત થાય એ રીતે કામમાં પ્રવૃત્તિ કરે તેઓ તાદાત્વિક એટલે કે તત્કાળપૂરતું જ-ભોગવવાના કાળ દરમ્યાન જ સુખ થાય એવા પાંચે ઈન્દ્રિયના સુખમાં લુબ્ધ હોવાથી જંગલમાં રહેલા હાથીની જેમ દુઃખને પ્રાપ્ત કરે છે. હાથીને વશ કરવા માટે હાથીને પકડનારા લોકો ખાડો કરીને તેની ઉપર લાકડાનું પાટિયું મૂકે. તેની ઉપર ઘાસ વગેરેથી બનાવેલ હાથિણીનું પૂતળું મૂકે. હાથી જ્યારે આ બનાવટી હાથિણીને જુએ એટલે તેને ભેટવા માટે લાકડાના પાટિયા પર ચઢે. જેવો પાટિયા પર ચઢે કે તરત હાથી નીચે ખાડામાં પડે. બે-ત્રણ દિવસ ત્યાં ને ત્યાં જ રાખે. પછી બંધન દ્વારા વશ કરે. આ રીતે એક સ્પર્શેન્દ્રિયમાં આસક્ત બને તો દુઃખનું ભાજન બને છે તો પાંચે ઈન્દ્રિયમાં આસક્ત બને એની શી અવસ્થા થાય એ કહેવાની જરૂર નથી.

સ. ભોગાવલી કર્મ બાકી હોય તો?

ભોગાવલી કર્મ બાકી છે કે નહિ એ તો જ્ઞાની નક્કી કરશે. આપણે તો છોડવા માટે પ્રયત્ન કરી લેવો છે.

સ. ભોગાવલી કર્મ બાકી હોય તો છોડવાનું મન ન થાય ને?

છોડવાનું મન ન થાય એમાં મિથ્યાત્વ કામ કરે છે. સમ્યગ્દર્શન હોય એને છોડવાનું મન થાય પણ ચારિત્રમોહનીયના ઉદયથી છૂટે નહિ. શ્રી તીર્થંકરભગવન્તોનો વૈરાગ્ય માતાની કુક્ષિમાં પણ હતો ને? જેલમાં સપડાયેલાને જેલમાંથી છૂટવાનું મન દરેક ક્ષણે હોય ને? છતાં છૂટી ન શકે ને? તમારી અમારી ઈચ્છા તો દુઃખ ટાળવાની છે અને સુખ મેળવવાની છે છતાં સુખ મળતું નથી અને દુઃખ જતું નથી માટે હવે ભોગાવલીકર્મનું નામ નથી લેવું.

હવે ધર્મનું અતિક્રમણ કરીને પૈસા (અર્થ) ઉપાર્જન કરે તેની શું દશા થાય છે, તેના માટે જણાવે છે કે-ધર્મનો વ્યાઘાત કરીને પૈસો પોતે કમાય, એ પૈસાથી બીજા લોકો જલસા કરે અને પોતે માત્ર પાપનું ભાજન બને. એના માટે દૃષ્ટાન્ત આપ્યું છે કે સિંહ હાથીને મારે. ત્યારે પોતે બહુ થોડું ભોગવે. બીજું બધું તો શિયાળિયા વગેરે ખાઈ જાય. બીજા દૃષ્ટાન્ત તરીકે બીજને ખાનારા કુટુમ્બીની જેવી હાલત થાય તેવી હાલત આવા લોકોની થાય. જેઓ બીજને ખાઈ જાય તેઓને ભવિષ્યમાં અનાજ ન મળે. ખેડૂતો ગમે તેટલા ભૂખ્યા થાય પણ બીજ ન ખાય. આપણા પૈસાથી બીજા સુખ ભોગવે અને આપણને ધર્મ ન કરવાના કારણે ભવાન્તરમાં દુર્ગતિમાં દુઃખ ભોગવવા જવું પડેઃ આવી પ્રવૃત્તિ તો ડાહ્યા હોય તેઓ ન કરે.

અર્થ અને કામનું અતિક્રમણ કરીને એકલો ધર્મ જ કરે તો દરિદ્રનારાયણ થવાનો પ્રસંગ આવે. દરિદ્ર થઈએ એટલે બીજા પાસે હાથ લંબાવવો પડે, દેવું થાય, દેવું થયા પછી પાછા આપી ન શકો એટલે કોઈ મારી પણ નાંખે તેથી ધર્મ કર્યા વિના હાથ ઘસતા જવું પડે. આ લોકમાં સુખ એવી રીતે ન ભોગવવું કે જેથી ભવિષ્યમાં દુઃખ ભોગવવાનો વખત આવે. તમે ખાતી વખતે પણ ભવિષ્યમાં વિસૂચિકા ન થાય અને શરીરને પુષ્ટિ મળે એટલું જરૂરિયાત પૂરતું જ વાપરો ને? તેવી રીતે અર્થકામની સાધના કરી લેવી. પાંચે ઈન્દ્રિયને કાબૂમાં રાખીએ તો ભવિષ્યમાં દુઃખી થવાનો વખત નહિ આવે.

હવે જો અર્થ, કામ અને ધર્મ: ત્રણે સચવાય એવા ન હોય અને કોઈક સિદાય એવા હોય તો કોને પહેલાં સાચવવું તે માટે આગળનું સૂત્ર જણાવે છે:

**तथा–अन्यतरबाधासम्भवे मूलाबाधेति ।।५१ ।।**

ધર્મ, અર્થ અને કામ આ ક્રમ જણાવ્યો છે એના ઉપરથી જ સમજી શકાય છે કે કામપુરુષાર્થ સૌથી છેલ્લે છે તેથી ધર્મ અને અર્થ સિદાય એવાં કામસુખો નથી ભોગવવાં. કેવળ અર્થ અને કામમાં પણ અર્થ સિદાય એવું સુખ નથી ભોગવવું. એ જ રીતે ધર્મ સૌથી પહેલાં જણાવ્યો છે–એના ઉપરથી પણ સમજાય એવું છે કે ધર્મની બાધા થતી હોય તો તે ન થવા દેવી, અર્થ અને કામની બાધા થતી હોય તો થવા દેવી. ધર્મ તો અર્થ, કામ અને મોક્ષનું મૂળ છે. આ મૂળને કોઈ પણ સંયોગોમાં બાધા ન પહોંચે એ રીતે અર્થકામ પુરુષાર્થની સાધના કરવી. અર્થકામ સિદાતા હોય તો ભલે સિદાતા. એના કારણે સંસાર છોડવો પડે તો છોડી દેવો છે પણ ધર્મ નથી છોડવો. આપણે ધર્મને સૌથી છેલ્લે રાખ્યો છે ને? શાસ્ત્રકારોએ ધર્મને સૌથી પહેલાં રાખવાનું જણાવ્યું છે. આજે તો તપ કરનારા પણ આવશ્યક ક્રિયા કરતા નથી. ધંધાના કારણે પ્રતિક્રમણ ન થતું હોય તો એવો ધંધો નથી કરવો. પ્રતિક્રમણ આવશ્યક છે. આવશ્યક ક્રિયાઓ સિદાય એવો ધંધો પણ નથી કરવો અને સુખ પણ નથી ભોગવવું.

સ. પ્રતિક્રમણમાં સુસ્તી આવતી હોય આથી એ ટાઈમે વાંચન કરીએ તો?

તમારે વાંચન કરવું છે પણ સૂત્રો નથી ગોખવાં ને? તમે જો સૂત્રો કંઠસ્થ કરતા હો તો અમને વાંધો નથી. પરંતુ પ્રતિક્રમણના સમયમાં ટી.વી. તો નથી જોવું ને ધંધો પણ નથી કરવો, મોબાઈલ નથી લેવો...પહેલાં આટલું નક્કી કરો. પછી તમને સૂત્રમાંથી પ્રતિક્રમણ કરતાં કરીશું. પરંતુ તમારે એટલું ય કરવું નથી અને માત્ર ટિચાવું છે–એ કેમ ચલાવાય?

સ. સૂત્રની સાથે જ અર્થ આપી દઈએ તો?

સૂત્ર સાથે અર્થ ન અપાય. આથી જ મુહપત્તીના બોલમાં સૂત્ર સૌથી પહેલું રાખ્યું છે. શરૂઆતમાં પહેલીમાં ભણવા ગયા ત્યારે કશું સમજાતું ન હતું, છતાં પણ ભણ્યા ને? તેમ સૂત્ર ન સમજાય છતાં ભણવું છે. તમને મંત્રનો અર્થ નથી સમજાતો છતાં ય મંત્ર બોલવાથી વિષની બાધા દૂર થાય છે ને? તેમ માત્ર સૂત્ર ગોખવાથી પણ ઘણાં કર્મોની નિર્જરા થાય છે.

સ. મંત્રનો તો ચમત્કાર દેખાય છે!

અહીં પણ સૂત્રનો ચમત્કાર છે ને! ભગવાન માત્ર **उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा** આ ત્રણ પદો બોલ્યા તો ગણધરભગવંતોને સમસ્ત દ્વાદશાંગીનો ક્ષયોપશમ પ્રગટ થઈ ગયો-આ સૂત્રનો જ ચમત્કાર છે. સૂત્ર ઉપરની નફરત વહેલી તકે કાઢવી પડશે. આજે તો અમારે ત્યાં સાધુસાધ્વી પણ સૂત્ર ગોખવા રાજી નથી અને મુમુક્ષુને પણ અર્થજ્ઞાન જ આપે. અમારા આચાર્યભગવન્તે અમને કહેલું કે મુમુક્ષુને દસ હજાર ગાથા કંઠસ્થ કરાવીને પછી જ દીક્ષા આપવી. સૂત્રની ઉપેક્ષા એ ભગવાનના વચનની ઉપેક્ષા છે અને અંતે આપણા હિતની જ ઉપેક્ષા છે. જે સૂત્ર ગોખે તે પ્રતિક્રમણ શા માટે ન કરે? આવશ્યક ક્રિયાનાં સૂત્રો જો કંઠસ્થ થઈ જાય તો પછી પ્રતિક્રમણ કરવામાં કોઈ વાંધો જ નથી. આખા દિવસનું પાપ જો નજર સામે આવે તો પ્રતિક્રમણ કરવામાં કંટાળો નહિ આવે. આપણી વાત એટલી જ છે કે ધર્મ સાચવવા માટે સંસાર છોડવો પડે તો છોડી દેવો પણ સંસાર સાચવવા માટે ધર્મ નથી જ છોડવો. વ્યવહાર જાળવવા માટે રાત્રિભોજન કરવું કે કરાવવું નથી. રાત્રિભોજનના ત્યાગ માટે જરૂર પડ્યે વ્યવહાર છોડી દેવો છે. ધંધા માટે પ્રતિક્રમણ નથી છોડવું, પ્રતિક્રમણ માટે ધંધો છોડી દેવો છે. કારણ કે અહીં જણાવ્યું છે કે ધર્મ એ અર્થ અને કામનું મૂળ છે. એ મૂળને બાધા ક્યારે ય ન પહોંચાડવી. આપણે જે કાંઈ પાંચે ઈન્દ્રિયોના વિષયો ભોગવીએ છીએ, ધંધો કરીએ છીએ ને પૈસા મેળવીએ છીએ-એ આપણા ધર્મનો જ પ્રભાવ છે, આપણા પુરુષાર્થનું ફળ નથી. તેથી ધર્મને તો ક્યારે ય બાધા થવી ન જોઈએ. અહીં ધર્મનું પ્રાધાન્ય જણાવતાં ફરમાવ્યું છે કે જો ધર્મ સિદાતો ન હોય અને માટીના ઠીકરાથી પણ આજીવિકા ચલાવવાનો વખત આવે તોપણ 'હું શ્રીમંત છું' એમ સમજવું. કારણ કે ધર્મ જ જેનું વિત્ત છે-તેવા સાધુ-સજ્જન પુરુષો હોય છે. ત્યાર બાદ જણાવે છે કે:

**૨૮ तथा–बलाबलापेक्षणमिति ।।५२ ।।**

જે બુદ્ધિમાન માણસ હોય તે કોઈ પણ કાર્ય કરતી વખતે સૌથી પહેલાં પોતાના

બળનો-સામર્થ્યનો વિચાર કરે. જે કાર્ય કરવાનું નક્કી કરીએ તે કાર્યને અનુકૂળ એવાં દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ માટે પોતાનું સામર્થ્ય છે કે નહિ એ વિચારીને પછી એ કાર્ય કરવું. જેઓ પોતાના સામર્થ્યનો વિચાર કર્યા વિના સારા પણ કાર્યનો આરંભ કરે તેઓનું તે કાર્ય તેમના પોતાના ક્ષયનું જ કારણ બને છે. આથી જ વારંવાર 'હું કોણ છું, મારી શક્તિ કેટલી છે, દેશકાળ કેવા છે, મારા મિત્રો કેવા છે'... વગેરેનું ચિંતન કર્યા કરવું. લોકો ગમે તેટલા આગળ વધે, આપણે એમના પગમાં પગ નથી નાંખવા. ગુજરાતીમાં કહેવત છે કે 'લાંબા સાથે ટૂંકો જાય તે મરે નહિ તો પણ માંદો થાય' આપણે લોકોને જોઈને કામ ન કરવું, આપણા સામર્થ્યને જોઈને કામ કરવું. દીક્ષા લેવા માટે પણ દ્રવ્યથી સદ્‌ગુરુનો યોગ જોઈએ, ક્ષેત્રથી આર્યક્ષેત્ર જોઈએ, કાળથી ચોમાસા સિવાયનો કાળ જોઈએ અને ભાવથી સંસારથી છૂટીને મોક્ષમાં જવાનો ભાવ જોઈએ.

કોઈ પણ કાર્ય કરતી વખતે આપણે દ્રવ્યક્ષેત્રકાળભાવના સામર્થ્યને વિચારીને પછી જ કાર્ય કરવાની શરૂઆત કરવી. ઘણી વાર એવું બને કે આપણે દ્રવ્યથી સમર્થ હોઈએ, પરંતુ ક્ષેત્ર, કાળ,ભાવનું સામર્થ્ય ન હોય. કોઈ વાર ભાવ હોય પણ દ્રવ્યાદિનું સામર્થ્ય ન હોય. દ્રવ્યાદિની વિચારણા કાર્ય કરવા માટે કરવાની છે, કાર્ય ન કરવા માટે નહિ. આજે તો એવું બોલવા માંડ્યા છે કે 'દ્રવ્યક્ષેત્રકાળભાવને આશ્રયીને ગીતાર્થો ફેરફાર કરી શકે છે.' જે વિષયમાં સ્પષ્ટ પાઠ શાસ્ત્રમાં મળતા હોય તેમાં ફેરફાર કરવાનો અધિકાર કોઈને નથી. પ્રવૃત્તિ કરતી વખતે દ્રવ્યાદિ જોવાનાં છે, પ્રવૃત્તિમાં ફેરફાર કરવા માટે નહિ.

સ. ગીતાર્થ કોને કહેવાય?

જે વખતે જેટલું શ્રુત વિદ્યમાન હોય તેના જે પારગામી હોય તેને ગીતાર્થ કહેવાય. સૂત્ર અને અર્થના જાણકાર હોય તે ગીતાર્થ છે.

ગીતાર્થનું આચરણ જોવાનું નહિ. ગીતાર્થ જો ગીતાર્થ હોય તો તે જે કરે તેને આચરણ કહેવાય. શાસ્ત્રમાં કહ્યું છે કે 'જ્ઞાનીને ક્રિયા પાસ'... જ્ઞાની જે કરે તેને ક્રિયા કહેવાય. ભગવાને અત્યારે માત્ર બકુશકુશીલ ચારિત્ર જણાવ્યું છે તેથી ચારિત્રનો ફાંકો લઈને ફરવાની જરૂર નથી. આચારમાં જેઓ શિથિલ હોય તેઓ પાસે પહેલી બાલતા છે, પરંતુ સાથે જો પ્રરૂપણા પણ શિથિલ બને તો તે મંદપુરુષોની બીજી બાલતા-મૂર્ખતા છે. ગીતાર્થ શું કહે છે-એ જોવાનું. શાસ્ત્રમાં ગુરુ તો માર્ગદર્શક પાટિયાજેવા જણાવ્યા છે. માર્ગદર્શક પાટિયું દરેકને માર્ગ બતાવે, પણ પોતે તો ત્યાં ને ત્યાં જ ઊભું હોય. નંદીષેણમુનિ ઘરમાં રહીને રોજ દસને પ્રતિબોધ કરતા હતાઃ આનું જ નામ ગીતાર્થતા.

શાસ્ત્રના અર્થનો પારગામી શું કરે છે-એ નહિ જોવાનું. કોઈ વસ્તુમાં ફેરફાર કરવો પણ હોય તો તે એક પણ ગીતાર્થનો વિરોધ ન હોય તો જ કરવાનો. આ રીતે બળનો વિચાર કર્યા બાદ જે કાર્ય શરૂ કરીએ તે સાનુબંધ થાય તેવો પ્રયત્ન કરવાનું જણાવે છે:

**तथा-अनुबन्धे प्रयत्नः ।।५३।।**

ધર્મઅર્થકામમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય એવા અનુબંધમાં પ્રયત્ન કરવો. આપણે જે ગુણ પામ્યા હોઈએ એ ગુણ વધારવા માટે પ્રયત્ન ન કરીએ તો તે ગુણ ટકે-એ વાતમાં માલ નથી. માત્ર પ્રવૃત્તિ માટે પ્રયત્ન નથી કરવો, એ પ્રવૃત્તિનો અનુબંધ પડે તે માટે પ્રયત્ન કરવો છે. મળેલા ગુણમાં સંતોષ હોય તે ગુણને ટકાવી ન શકે. જે કાર્યો અનુબંધથી શૂન્ય હોય તે કાર્યો વંધ્યા સ્ત્રીની જેમ નિષ્ફળ જવાનાં. જે કાર્યો સાનુબંધ હોય તે જ વૃદ્ધિને પામે.

**२९-तथा-कालोचितापेक्षेति ।।५४।।**

જે કાળે જે ઉચિત હોય તે કરવું, જે કાળે જે ઉચિત ન હોય તે ન કરવું. કયા કાર્યનો અવસર ક્યારે છે તેની વિચારણા નિપુણબુદ્ધિથી કરવી. કયા અવસરે કઈ વસ્તુનો ત્યાગ કરવો અને કયા અવસરે કોનું ગ્રહણ કરવું: એ વિચારવાનું કામ જેઓ દક્ષતાથી કરે છે તેમને સકલ પ્રકારની લક્ષ્મી અર્થાત્ સફળતા પ્રાપ્ત થાય છે. એવું કહેવાય છે કે જે ઉન્માર્ગે ગયેલી એક પાઈને પણ હજાર સોનામહોરજેવી ગણીને શોધે છે અને અવસરે કરોડો રૂપિયા છૂટે હાથે ખર્ચે છે તેની લક્ષ્મી સાનુબંધ બને છે. અર્થાત્ લક્ષ્મી એને છોડીને જતી નથી. હિસાબ પાઈનો પણ રાખવાનો અને દાનમાં કરોડો પણ ખરચવાના: એનું નામ કાલોચિતની અપેક્ષા. આપણા માટે તો આઠમા વરસે દીક્ષા લેવી એ જ કાલોચિત હતું. પરંતુ એ અવસર ચૂક્યા એટલે હવે ધર્મ-અર્થ-કામ ત્રણેના અવસરને વિચારવાનો વખત આવ્યો. હજુ પણ તક છે, અત્યારે પણ વિશેષ ધર્મ માટે પ્રયત્ન નહિ કરીએ તો હાથ ઘસતા જવાનો વખત આવવાનો. તેથી કાલોચિતની અપેક્ષા રાખવી છે.

આપણે જોઈ ગયા કે જે કાળે જે ઉચિત હોય તે કાર્ય કરવાની અપેક્ષા રાખવી. તે વખતે આપણા પરિણામ છે કે નહિ તે જોવા ન બેસવું. ભગવાને આઠમે વરસે દીક્ષા લેવાનો કાળ બતાવેલો હતો છતાં પણ આપણે પરિણામની રાહ જોવામાં આટલો વખત કાઢચો: ખરું ને? ધર્મ, અર્થ, કામમાંથી ધર્મનો કાળ સૌથી સુલભ છે. ધર્મનો કાળ આઠમા વરસે હતો જ્યારે આ અર્થ અને કામનો કાળ તો વીસ વરસ પછી આવે છે. આમ છતાં ધર્મના કાળની ઉપેક્ષા કરી તેના કારણે અર્થકામનો કાળ આવ્યો. તમારે ત્યાં

પાંચ વરસનો થાય તો મન હોય કે ન હોય તેને ભણવા મોકલો ને? કારણ કે ભણવાનો કાળ હોય તો ભણવું જ જોઈએ ને? મન વગર ભણવા મુકાય, પરંતુ મન વગર દીક્ષા ન અપાય ને?ભણ્યા વિના ચાલે નહિ-એવું માની લીધું છે, પણ દીક્ષા વગર ચાલે નહિ-એવું માનતા નથી ને? ભગવાને દીક્ષા લેવાની તક તો કેટલી બધી આપી? સૌથી પહેલાં આઠમા વરસે તક આપેલી ત્યાર બાદ પરણવા પહેલાં સોળ કે વીસ વરસ પહેલાં તક આપેલી. ત્યાર બાદ એક છોકરો થયા બાદ ચાળીસમા વર્ષે નીકળવું, અંતે પહેલાં છોકરાનું લગ્ન થયા બાદ તો કોઈ પણ સંયોગોમાં નીકળી જવું. આટલું પણ ન બને? પૈસા વગર ચાલે નહિ-એમ સમજીને પૈસા કમાવાની શરૂઆત કરેલી જ્યારે ધર્મ કરવાની શરૂઆત તો 'ધર્મ વિના ચાલશે' એમ સમજીને કરી છે ને? આપણને દીક્ષાની તક મળી છે આ કાલોચિતની ઉપેક્ષા કોઈ સંયોગોમાં નથી કરવી. શ્રી શય્યંભવસૂરિ મહારાજાએ તો પોતાની પત્ની ગર્ભવતી થઈ છે-એવી જાણ થતાંની સાથે દીક્ષા લીધેલી. તો તેમના પુત્રને પણ દીક્ષા મળી. માત્ર આઠ વરસની ઉંમરે દીક્ષા લીધી ને છ મહિનાનું જ આયુષ્ય હતું છતાં તેને દીક્ષા આપી અને તેના માટે શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરી કે જે સૂત્ર આ પાંચમા આરાના છેડા સુધી રહેવાનું છે.

સ. એ સૂત્રમાં શું છે?

એમાં સાધુના આચાર સમજાવેલા છે. સાધુપણાનો સાર છે અને સાધુપણામાંથી ઘરમાં જવાનું મન થાય તોપણ કેવી રીતે તેને સાધુપણામાં સ્થિર કરવો ત્યાં સુધીની બધી જ વાત તેમાં આવે છે.

સ. સાધુપણાનો સાર શું?

સાધુપણાનો સાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન છે. આગળ વધીને કહીએ તો ઉપશમ છે સાર જેમાં એવું શ્રમણપણું છે. ઉપશમ એટલે કષાયને આધીન ન થવું. કષાય આવે એની ચિંતા નહિ, પરંતુ એ કષાયને આધીન થઈને પ્રવૃત્તિ નથી કરવી. મનમાં ગમે તેટલા ખરાબ વિચાર આવે તોપણ તેનો અમલ નથી કરવોઃ તેનું નામ ઉપશમ. ગુસ્સો ગમે તેટલો આવે તોપણ મોઢું ખોલવું નહિ, હાથપગ ઉપાડવા નહિ. ગમે તેટલું માન મળતું હોય તો ત્યાંથી ખસી જવું. કોઈને છેતરવાનું મન થાય તોપણ છેતરવું નહિ. અને ગમે તેટલી ઈચ્છા થાય તોય માંગવું નહિઃ આનું નામ ઉપશમ. આવું સાધુપણું લેવાની તક મળી છે તો લેવું છે ને?

સ. સાઈઠમા વર્ષે દીક્ષા લેવા આવે તો કોઈ આપે?

કેમ ન આપીએ? તમે કહો કે 'મારું હું બધું જાતે કરીશ, આપનું કામ શક્તિ હશે

તો કરીશ' તો કોઈ ના ન પાડે. આ તો આવતાંની સાથે અમને પૂછે કે 'મને સાચવશો?' એવાને દીક્ષા ન અપાય. આપણે આપણને સાચવનારા જોવા બેઠા તેના કારણે ચોર્યાશીના ચક્કરમાં ફરવાનો વખત આવ્યો. 'આપણી સાથે કોણ આવે છે કે આપણી પાસે કોણ છે'-એ નથી જોવું, 'આપણે ક્યાં જવાનું છે' એ વિચારવું છે. જ્યાં જવું છે ત્યાં કોઈની જરૂર ન હોય તો કોણ સાથે છે-એ જોવું જ નથી. સંસારમાંથી નીકળવાનું કામ કપરું છે, સંસાર માંડવાનું કામ સહેલું છે. આ સંસાર તો અભિમન્યુના કોઠા જેવો છે. તેમાં પેસતા જાઓ તેમ અટવાતા જ જવાના. તેથી આ દીક્ષાની તક સાચવી લેવી છે. ત્યાર બાદ જણાવે છે:

**૩૦–तथा–प्रत्यहं धर्मश्रवणमिति ।।૫૫।।**

રોજ ધર્મનું શ્રવણ કરવું. ધર્મ કોને કહેવાય તે આ અધ્યાય પૂરો થયા પછી વિશેષ ધર્મની શરૂઆત થાય તેમાં જણાવ્યું છે. આ ધર્મનું શ્રવણ કેવી રીતે કરવું તે માટે જણાવે છે કે મનોહર એવી પોતાની પ્રિયાથી યુક્ત એવો યુવાન પુરુષ કિન્નરોએ આરંભેલા ગીતનું શ્રવણ જે રીતે કરે તે રીતે અતિ રાગથી ધર્મનું શ્રવણ કરવું. આપણે અર્થકામની વાતોનું શ્રવણ તો રોજ કરીએ જ છીએ પરંતુ તેનાથી કોઈ ગુણની પ્રાપ્તિ થતી નથી. જ્યારે ધર્મનું શ્રવણ અત્યંત ગુણકારી છે. ધર્મમાં જે આનંદ છે તે સુખમાં નથી. દુઃખ ભોગવતાં જે આનંદ આવે તે જ ધર્મનો આનંદ છે. દુઃખ ભોગવતાં જે મજા આવે તેનું નામ સુખ અને સુખ ભોગવતા જે મજા આવે તેનું નામ દુઃખ. રોગને કાઢવા ચિકિત્સા કરાવો તેમાં દુઃખ પડવા છતાં આનંદ થાય ને? કાંટો કાઢતી વખતે દુઃખ થવા છતાં આનંદ થાય: એની જેમ જ સાધુભગવન્તોને કષ્ટ વેઠતાં આનંદ આવે-આ જ તેમનું સુખ છે. અહીં ધર્મશ્રવણનાં ચાર ફળ બતાવ્યાં છે. ધર્મ સાંભળવાથી મનનો ખેદ દૂર થાય છે, કષાયનો સંતાપ શાંત થઈ જાય છે, મૂઢતા દૂર થવાથી બોધ મળે છે અને વ્યાકુલ એવું ચિત્ત સ્થિરતાને પામે છે. શ્રી મેઘકુમારે ધર્મશ્રવણથી પોતાનો ખેદ દૂર કર્યો અને પોતે સાધુપણાના પાલનમાં તત્પર થઈ ગયા. સાધુઓના પગની રજ સંથારામાં આવવાથી સાધુપણામાં જે ખેદ થયો હતો તે ભગવાનનાં વચનોથી દૂર થઈ ગયો અને પોતે આંખ સિવાયના કોઈ પણ શરીરના અવયવોની સારસંભાળ નહિ લેવાના અભિગ્રહ સાથે સાધુપણું પાળવા તૈયાર થઈ ગયા. ચિલાતીપુત્રનું ચિત્ત રાગદ્વેષથી સંતપ્ત હતું તે 'ઉપશમ, વિવેક અને સંવર' આ ઉપદેશવચનથી શાંત થઈ ગયું. શ્રી ગૌતમસ્વામી મહારાજા મૂઢતાના કારણે ભગવાન સાથે વાદ કરવા આવેલા તેઓ ભગવાનના વચનથી દ્વાદશાંગીનો બોધ પામી ગયા અને ભવદેવમુનિનું ચિત્ત વ્યાકુલ હતું તે નાગિલાનાં ધર્મવચનોથી સ્થિર થઈ ગયું. તે જ રીતે રહનેમિજી પણ રાજીમતીનાં વચનથી સંયમમાં સ્થિર થયા: આ ધર્મશ્રવણનો પ્રભાવ છે.

## ૩૧-તથા-સર્વાનભિનિવેશ ઇતિ ।।૫૬।।

રોજ ધર્મનું શ્રવણ કરવાનું જણાવ્યું છે. કારણ કે સાંભળવાના કારણે આપણને એ વસ્તુ કાયમ માટે યાદ રહી જાય છે. જે શબ્દોની અસર થઈ હોય તે શબ્દો ક્યારેય ભુલાતા નથીઃ એવો અનુભવ છે ને? આજે આપણે ધર્મશ્રવણ નથી કરતા તેનું કારણ શું છે-એ વિચાર્યું છે? આપણને ધર્મ નથી ગમતો માટે ધર્મનું શ્રવણ નથી કરતા-એવું નથી; મોટે ભાગે ધર્મપ્રરૂપકો ગમતા નથી માટે ધર્મશ્રવણ કરતા નથી. એવી જ વર્ત્તમાનની પરિસ્થિતિ છે. જે વ્યક્તિ ગમે તેની બધી વાત ગમે ને? જો ધર્મના પ્રરૂપક ગમી જાય તો તેમની વાત પણ ગમી જાય ને? ધર્મ ન ગમે છતાં જો ધર્મના પ્રરૂપક ગમી જાય તોપણ ધર્મશ્રવણ કરવાનું કામ સરળ બને. ધર્મ ગમતો હોવા છતાં જો ધર્મના પ્રરૂપકો ન ગમે તો ધર્મશ્રવણ કરવાનું શક્ય નહિ બને. ધર્મના પ્રરૂપકો ગમતા ન હોય તો તેનું કારણ એ જ છે કે તેમની પ્રત્યે દ્વેષ છે. જેની પ્રત્યે રાગ હોય તેનું માની લઈએ. એના ઉપરથી નક્કી છે કે જેનું આપણે માનતા નથી તેની પ્રત્યે આપણને દ્વેષ છે.

સ. કોઈ આપણી વાત ન માને તો એને આપણી ઉપર દ્વેષ છે-એમ જ ને?

તમે બીજાની વાત ક્યાં વચ્ચે લાવ્યા? આપણે આપણી વાત કરવી છે, બીજાની નહિ. બીજા આપણું ન માને એટલામાત્રથી એને આપણી પ્રત્યે દ્વેષ છે-એમ ન સમજવું. જો આપણે બીજાનું ન માનતા હોઈએ તો સમજી લેવું કે આપણને એમની પ્રત્યે દ્વેષ છે. આપણને આપણો દ્વેષ નડવાનો છે, બીજાનો દ્વેષ નહિ. આખા ગામને આપણી પ્રત્યે દ્વેષ હોય તોપણ આપણું કેવળજ્ઞાન અટકવાનું નથી. પરંતુ આપણને એક પણ વ્યક્તિ પ્રત્યે દ્વેષ હશે તો આપણું કેવળજ્ઞાન અટકવાનું જ છે. આપણે ભગવાનની કે ગુરુની વાત ન માનતા હોઈએ તો તેમની પ્રત્યેનો એક પ્રકારનો દ્વેષ જ એમાં કારણ છે. જેનું માનવું ન હોય તેમને ગુરુ માનવાની જરૂર નથી. ગુરુ તો આપણી ભૂલ બતાવવાના જ છે. આપણને ન ગમે તો તેમાં આપણને નુકસાન છે. આજે તમને કે અમને આપણી ભૂલ કાઢનારા નથી ગમતા, આપણી બોલબોલા કરનારા જ ગમે છે ને? એ તો ભરતમહારાજા હતા કે 'ઘણી ખમ્મા' બોલનારાના બદલે 'મા હન, મા હન, ભીઃ વર્ધતે...' (જાતને હણો નહિ, હણો નહિ, ભય વધે છે.) આવું બોલનારો વર્ગ તૈયાર કરેલો. આજે અમે તો અમારી ખમ્મા બોલાવનાર વર્ગની વચ્ચે રહીએ છીએ! આપણે સુખમાં હોઈએ ત્યારે ભગવાનનું વચન યાદ આવે તો સમજવું કે આપણે ધર્મ પામ્યા. આ તો બોલે ખરા કે 'સુખમાં સમરો, દુઃખમાં સમરો.' અને સમરવાનો વખત આવે તો માત્ર દુઃખમાં જ યાદ કરે, સુખમાં યાદ ન કરે! આપણને ભગવાન પ્રત્યે જો બહુમાન ન

હોય તો સૌથી પહેલાં એ પ્રગટાવવા માટે મહેનત કરવી છે. ભગવાનની વાત સમજવા માટે પ્રયત્ન કરીએ, એનો વિચાર કરીએ તો બહુમાન પ્રગટ્યા વિના નહિ રહે.

આપણે આ બહુમાનની વાત એટલા માટે શરૂ કરી છે કે આગળના સૂત્રમાં જે સર્વ કાર્યમાં અનભિનિવેશની વાત કરવી છે, તે આ રીતે જ શક્ય બને છે. આપણે આપણી જાતને વિશેષ માનતા હોવાથી બીજાની યોગ્ય વાત પણ સ્વીકારી શકતા નથી- આનું જ નામ અભિનિવેશ છે. આવો અભિનિવેશ ક્યારે પણ રાખવો નહિ. આપણે નીતિમાર્ગ ઉપર હોઈએ તો તેને વળગી રહેવું તે અભિનિવેશ નથી. પરંતુ આપણે નીતિમાર્ગને અનુસરતું ન હોય એવું કાર્ય માત્ર સામા માણસનો પરાભવ કરવાના પરિણામથી શરૂ કરીએ તો સમજી લેવું કે એમાં આપણો અભિનિવેશ જ કારણ છે. જે નીતિને અનુસરતું ન હોય એવું કાર્ય કરવું-એ તો નીચનું લક્ષણ છે. એમાં પાછો સામાને ઉતારી પાડવાનો પરિણામ ભળે-એટલે તે અભિનિવેશમાં પરિણમે. કહ્યું છે કે દર્પ નામનો દોષ; નિષ્ફળ અને નયનીતિથી રહિત એવાં દુષ્કર કાર્યો કરાવવા દ્વારા નીચ માણસોને શ્રમિત કરી નાંખે છે. સામાની વાત સમજવાનું સહેલું છે, પણ સામાને પછાડવા માટે જે મહેનત કરીએ તેમાં તો લોથપોથ થઈ જવાય છે. જે મત્સ્યો ઊંધા વહેણમાં તરે તેઓ દુ:ખી થાય છે. તેની જેમ જે મનુષ્યો દર્પ એટલે કે ગર્વના કારણે સામાને ઉતારી પાડવાની બુદ્ધિથી નીતિમાર્ગથી રહિત એવો નિષ્ફલ આરંભ કરે છે તેઓ પોતાનાં એ કાર્યોથી પોતે જ શ્રમિત થાય છે-એ સિવાય એનું બીજું કોઈ ફળ નથી.

## ३२ तथा–गुणपक्षपातितेति ।।५७।।

ધર્મશ્રવણનું ફળ અજ્ઞાનનો નાશ અને તત્ત્વનો બોધ છે. સાંભળ્યા પછી પણ અજ્ઞાનને ટાળવા ન દે એવો અભિનિવેશ છે. વરસોથી ધર્મ સાંભળવા છતાં પણ જો આપણું અજ્ઞાન ટળ્યું ન હોય અને ગુણનો પક્ષપાત ન આવતો હોય તો તે આ અભિનિવેશના કારણે જ નથી આવતો. એક વાર અભિનિવેશ દૂર થાય તો અજ્ઞાન ટળે અને એના કારણે ગુણનો પક્ષપાત કેળવાય છે. તેથી આગળના ગુણ તરીકે ગુણપક્ષપાતિતા જણાવી છે. અભિનિવેશ ટાળીને માર્ગના જ્ઞાતા પ્રત્યે શ્રદ્ધા રાખીએ તો જ જ્ઞાન મળે. ગુરુની વાત આપણા મગજમાં બેસે પછી જ માનવાની હોત તો તો શ્રદ્ધાની જરૂર જ ન હોત. આપણને ન સમજાય છતાં પણ વાત સ્વીકારવા માટે શ્રદ્ધાની જરૂર પડે છે. આખી દુનિયાના વ્યવહાર શ્રદ્ધા અને વિશ્વાસથી ચાલે છે. જો ડગલે ને પગલે શંકા પડ્યા કરે તો દુનિયાનો કોઈ વ્યવહાર કરી નહિ શકાય. એ જ રીતે તત્ત્વમાર્ગમાં પણ તત્ત્વના જાણકાર પ્રત્યે શ્રદ્ધા રાખ્યા વિના નહિ ચાલે. સામા માણસની સાચી પણ વાત

માનવા ન દે તેનું નામ અભિનિવેશ. સામાની વાત સમજવા ન દે એ અજ્ઞાન છે અને સમજાવા છતાં સામાની વાત માનવા ન દે, સ્વીકારવા ન દે તેનું નામ અભિનિવેશ. આજે તો પોતાના નાના છોકરાની વાત પણ માનવાની તૈયારી છે અને પોતાના કરતાં મોટા અને જ્ઞાની એવા ગુરુનું પણ માનવાની તૈયારી નથી-આનું જ નામ અભિનિવેશ. લૌકિક માર્ગમાંથી લોકોત્તરમાર્ગમાં લઈ જતી વખતે સૌથી વધુ નડતો હોય તો તે આ અભિનિવેશ છે. તેથી આ અધ્યાયના અંતમાં અભિનિવેશ ટાળવાની વાત કરી. કારણ કે હવે બીજા અધ્યાયમાં વિશેષ ધર્મની વાત શરૂ કરવી છે. સાચું સમજાયા પછી સાચું કરી ન શકીએ તોપણ ખોટું તો કોઈ પણ સંયોગોમાં કરવું નથી. સાચું આચરવાની શક્તિ ન હોય તોપણ ખોટું છોડવાની શક્તિ તો છે ને? સમ્યગ્દર્શન પામવાની યોગ્યતા કુતર્કની નિવૃત્તિ થવાથી આવે છે. આ અભિનિવેશના કારણે કુતર્ક ઊભા થાય છે. તેથી સમ્યક્ત્વ પામવા પહેલાં અભિનિવેશ ટાળવો જ પડશે. આપણે સાચું આચરવા સમર્થ ન બનીએ તોપણ ખોટું શા માટે આચરવું? ડોક્ટર ન મળે તો દવા વિના રહેવું પણ હજામની દવા ન લેવી ને? તેમ સ્વાધ્યાય ન થતો હોય તો માથે ઓઢીને સૂઈ જવું પણ વિકથા કરવા ન બેસવું. નિદ્રા પણ પ્રમાદ જ છે, છતાં નિદ્રા કરતાં વિકથા ભયંકર છે તેથી વિકથા નથી કરવી. આ રીતે ધર્મશ્રવણથી ગુણપક્ષપાત ત્યારે જ આવે કે જ્યારે અભિનિવેશ ટળે.

ક્યા ગુણોમાં પક્ષપાત રાખવો તે માટે જણાવે છે કેઃ દાક્ષિણ્ય, સૌજન્ય, ઔદાર્ય, સ્થૈર્ય તેમ જ પ્રિયભાષણ તથા પૂર્વભાષણ વગેરે સ્વપરના ઉપકારને કરનારા ગુણોમાં પક્ષપાત રાખવો. દાક્ષિણ્ય એટલે સામાને અનુકૂળ બનવું. સૌજન્ય એટલે સારા માણસને શોભે એ રીતે જીવવું. ઔદાર્ય એટલે બીજાનું ખમી ખાવું, સહન કરી લેવું, આપણું જતું કરવું-તેનું નામ ઉદારતા.

સ. આપણી ભૂલ ન હોય અને સામાની ભૂલ હોય તોપણ...

આપણી ભૂલ નથી-એવું કયા મોઢે બોલો છો? આપણે અન્યાય કર્યો હોય ત્યારે જ આપણી સાથે બીજા અન્યાય કરે. લૌકિક રીતે ભલે અન્યાય આપણને થતો હોય પરંતુ જ્ઞાનીની દષ્ટિએ આપણે અન્યાય કરેલો જ છે. અન્યાયનો પ્રતિકાર કરવો એ ધર્મ નથી. આપણા ભગવાને સાડા બાર વરસ સુધી બધાં જ દુઃખો અને બધા જ અન્યાય સહન કર્યા, એકનો પણ પ્રતિકાર ન કર્યો. આપણા ભગવાન પણ અન્યાય સહન કરી લે તો આપણે કોણ મોટા આવ્યા કે અન્યાયનો પ્રતિકાર કરવા બેસીએ?

સ. આપણે અન્યાય સહી લઈએ, પરંતુ આપણા ઉપર ખોટો આરોપ આવે એના કારણે ધર્મની અવહેલના થતી હોય તો?

સુદર્શન શેઠ ઉપર કેવો આરોપ આવ્યો હતો? ધર્માત્માની નિંદા કરે તેવો આરોપ આવવા છતાં ખુલાસો ન જ કર્યો. તેમને ખબર ન હતી કે દેવતાઓ આવીને શૂળીનું સિંહાસન કરવાના છે. છતાં સહન કરી લીધું ને? અસત્ય ક્યારે ય છૂપું રહેવાનું નથી. પેલા અંગર્ષિનામના તાપસને ગુરુએ ખોટો ઠપકો આપીને કાઢી મૂક્યો છતાં તેણે અન્યાયનો પ્રતિકાર ન કર્યો અને પોતાની ભૂલ શોધવા પ્રયત્ન કર્યો તો પશ્ચાત્તાપ દ્વારા પોતે કેવળજ્ઞાન પામ્યા. સાથે સાથે ખોટો ઠપકો આપનાર ગુરુને પણ કેવળજ્ઞાન અપાવ્યું અને ખોટો આરોપ આપનાર ઈર્ષ્યાળુ સહવર્ત્તીને પણ કેવળજ્ઞાન અપાવ્યું.

સ. અન્યાય સહન કરતી વખતે પ્રસન્નતા કેવી રીતે રાખવી?

આપણું અપયશ નામકર્મ વગેરે પાપ ખપી રહ્યું છે એમ વિચારીએ તો પ્રસન્નતા ટકી રહે. ઓપરેશન કરાવતી વખતે પ્રસન્નતા કેવી રીતે ટકાવો છો? રોગ જાય છે-એ વિચારીને જ ને? તેમ અહીં પણ પ્રસન્નતાથી અન્યાય સહન કરી લેવો છે. ત્યાર બાદ સ્થૈર્ય જણાવ્યું છે. આ સ્થિરતાગુણના કારણે આપણા પણ આશ્રવો દૂર થાય છે. અને સામાના પણ આશ્રવમાં આપણે નિમિત્ત નથી બનતા. આ રીતે સ્વપરને ઉપકાર થાય છે. આ દાક્ષિણ્યાદિ ગુણમાં પક્ષપાત રાખવાનો છે તે કેવા પ્રકારનો છે-તે માટે જણાવે છે કે દાક્ષિણ્યાદિ ગુણો પ્રત્યે તેમ જ તે ગુણોથી યુક્ત વ્યક્તિ પ્રત્યે બહુમાનભાવ રાખવાનો, તેમની પ્રશંસા કરવાની, તેમને સહાય કરવાની... આ રીતે ગુણવાનને અનુકૂળ પ્રવૃત્તિ કરવી તેનું જ નામ ગુણનો પક્ષપાત. જે જીવો આ રીતે ગુણના પક્ષપાતી હોય તે જીવો આ રીતે ગુણો તથા ગુણવાન પ્રત્યેના બહુમાનના કારણે એવા પ્રકારના અવંધ્ય પુણ્યનું ઉપાર્જન કરે છે કે જેના પ્રભાવે નિયમે કરીને આ લોકમાં અને પરલોકમાં પણ ચંદ્રજેવા નિર્મળ ગુણોનો સમુદાય તેઓને પ્રાપ્ત થાય છે. કારણ કે ગુણોના બહુમાન સ્વરૂપ આશય, ચિંતામણિરત્ન કરતાં પણ અધિક શક્તિશાળી છે તેથી અચિંત્ય ફળ આપે છે. ચિંતામણિરત્ન તો ચિંતિત ફળ જ આપે છે. જ્યારે ગુણોનું બહુમાન તો જે ચિંતવ્યું પણ ન હોય એવું ફળ આપે છે.

**૩૩ तथा–ऊहापोहादियोग इतीति ।।૫૮ ।।**

ધર્મનું શ્રવણ કરતી વખતે અસદ્નો અભિનિવેશ ન હોવો જોઈએ અને સાથે સાથે સદ્ભૂત એવા ગુણોમાં પક્ષપાત રાખવો જોઈએ-આ પ્રમાણે જણાવ્યા બાદ હવે

આ ધર્મશ્રવણ કલ્યાણનું કારણ બને તો ઊહાપોહ દ્વારા બને છે તેથી ઊહાપોહ કરવાનું જણાવ્યું છે. ઊહાપોહના કારણે જ ધર્મશ્રવણ તત્ત્વપ્રાપ્તિનું કારણ બને છે. ઊહ એટલે સાંભળેલાનો વિચાર કરવો અને વિચારણા દ્વારા તેમાંથી ખોટાં તત્ત્વોને દૂર કરવા તેનું નામ અપોહ. તત્ત્વશ્રવણ તમે તત્ત્વ સાંભળવા માટે કરો છો કે તત્ત્વ પામવા માટે? માત્ર સાંભળવા માટે અહીં નથી આવવાનું, પામવા માટે આવવાનું છે. તમે જમવા બેસો ત્યારે 'રસોડામાં જવું છે.' એમ કહો કે 'જમવા જઉં છું.'-એમ કહો? એ જ રીતે 'સ્કૂલમાં જઉં છું' એમ કહો કે 'ભણવા જઉં છું' એમ કહો? 'ગ્રાઉંડ પર જઉં છું' એમ કહો કે 'રમવા જઉં છું' એમ કહો? તેમ અહીં પણ 'વ્યાખ્યાનમાં જઉં છું' એમ નહિ કહેવાનું, 'તત્ત્વ પામવા જઉં છું' એમ કહેવાનું. તમે માત્ર સાંભળવા જ આવતા હો તો કઈ રીતે આમ બોલી શકશો? જો તત્ત્વ પામવું હશે તો ઊહાપોહ કરવો જ પડશે. તમે વિચારો તો તમને સમજાશે કે-'આપણે જે માનતા હતા તે ખોટું છે અને જે સાચું છે તે આપણે સમજ્યા જ નથી.' ત્યાર બાદ ખોટું છોડી દેવું અને સાચું સ્વીકારવું તેનું નામ તત્ત્વપ્રાપ્તિ. તત્ત્વ પામવા માટે તત્ત્વનું શ્રવણ એકીટસે કરવું પડે. આપણું ધ્યાન વિચલિત ન થાય અને ઉપયોગ ચુકાય નહિ એ રીતે સાંભળીએ તો ઊહાપોહ થયા વિના ન રહે. અને ઊહાપોહ કરે તેને તત્ત્વનો અભિનિવેશ પ્રાપ્ત થાય.

સ. ઊહાપોહ કર્યા વિના માત્ર શ્રદ્ધાથી સાચું માની લઈએ તો?

જો એટલી શ્રદ્ધા હોય તો તો પછી માથું ઊંચું નથી કરવું. પરંતુ શ્રદ્ધા પણ કોની ઉપર કરવી-એ તો વિચારવું પડશે ને? સોનું ખરીદવું હોય તો શ્રદ્ધાથી ખરીદવાનું કે ઊહાપોહ કરીને પછી જ ખરીદવાનું? એક ટંક માટે જે શાકભાજી વાપરવાની છે તે પણ શ્રદ્ધાથી ખરીદો કે ઊહાપોહ કરીને લો? દુનિયાના કોઈ પણ ક્ષેત્રમાં ઊહાપોહ વગર તત્ત્વની પ્રાપ્તિ થતી જ નથી. આપણી ભૂલ ક્યાં થાય છે-એ સમજાય જ નહિ તો આપણે સુધરીશું કઈ રીતે? આપણી ભૂલ ક્યાં થાય છે અને કેમ થાય છે-એ વિચારવું જ પડે. ધર્મશ્રવણ આપણી ભૂલ સુધારવા માટે કરવાનું છે. જો આપણે વિચારીએ જ નહિ તો ભૂલ પકડાય કઈ રીતે? એક છોકરો સી.એ.ની પરીક્ષામાં ત્રણ વિષયમાં નાપાસ થયો. તેના બાપા પણ સી.એ. હતા. તેણે પોતાના છોકરાને એટલું જ કહ્યું કે 'તું પરીક્ષામાં નાપાસ થાય એનો મને વાંધો નથી, પણ તને તારી ભૂલ ક્યાં થઈ અને કેમ નાપાસ થયો એ સમજાય તો જ બીજી વાર પરીક્ષા આપજે.' જો તમને તમારી ભૂલ ક્યાં થાય છે, શા માટે થાય છે-એ સમજાય જ નહિ તો તેનો સુધારો ક્યારે પણ નહિ થાય.

અહીં ઊહાપોહાદિના 'આદિ' શબ્દથી તત્ત્વાભિનિવેશ તથા શુશ્રૂષાદિનું ગ્રહણ કરવું. અતત્ત્વના અભિનિવેશનો ત્યાગ કર્યા પછી તત્ત્વનો અભિનિવેશ પણ પામવો જરૂરી છે. તત્ત્વનો અભિનિવેશ તેને કહેવાય કે જે સાચું છે તે સમજાયા પછી જો સાચું ન કરી શકાય તોપણ ખોટું તો કરવું જ નથી. 'સંવત્સરી કર્યા વિના રહીશ, પણ ખોટી સંવત્સરી નહિ જ કરું' આનું નામ તત્ત્વાભિનિવેશ.

સ. આમેય કષાય કાઢવા એ જ મુખ્ય લક્ષ્ય છે તો ગમે ત્યારે સંવત્સરી કરવામાં શું વાંધો?

તો તો તમે ભા.સુ.૪ ના દિવસે સંવત્સરી કરવાના બદલે ગમે તે દિવસે વરસમાં એકવાર સંવત્સરીનું પ્રતિક્રમણ કરી લો-એમાં શું વાંધો છે? આમે ય 'રોગ કાઢવો' એ જ ઉદ્દેશ છે તો પછી ગમે ત્યારે ઓપરેશન કરો તો ચાલે ને? ડાયાબિટીસ વધારે હોય, પ્રેશર વધારે હોય તો ભલે હોય, આપણે તો રોગ કાઢવાના ભાવથી ઓપરેશન કરવાનું... આવું કહે તો ચાલે ને? દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવઃ આ ચારમાંથી એકની પણ ઉપેક્ષા કરીએ તો એ કાર્ય સફળ નહિ થાય. અકાળે કરેલી ખેતી ન ફળે, તો ગમે ત્યારે કરેલો ધર્મ ક્યાંથી ફળે?

સ. બધા જુદી જુદી વાત કરે, પોતાની વાત સાચી કહે-અમારે શું કરવાનું?

બધા જો શાસ્ત્રને અનુસરે તો દરેકની વાતમાં મતભેદ પડે જ નહિ. પોતપોતાની વાત એમાં ભળે તો મતભેદ પડવાનો જ. એવા વખતે તમારે શાસ્ત્ર સમજવા બેસવાનું. તમે ભણશો તો તમને પણ સમજાશે કે સાચું શું છે અને ખોટું શું છે.

સ. બધા આચાર્યો ભેગા થઈને વિવાદ મિટાવતા કેમ નથી? આના કારણે લોકો ધર્મથી ઊભગી જાય છે.

બધા આચાર્યોને ભેગા કરવાનું કામ તમારું છે. તમે અમને બધાને ભેગા કરીને અમને ફરજ પાડો તો અમારે નિર્ણય લેવો જ પડે. આ તો તમારે ઘરે બેસવું છે, કોઈ જાતનો ભોગ નથી આપવો અને માત્ર વાતો કરવી છે-એટલાથી કાંઈ ન થાય. વિવાદ મિટાવવાનું કામ તમારા હાથમાં છે. અને એ પણ શક્ય ન બને તો તમે જાતે સમજવા મહેનત કરો. અમારી વાત કરતાં જુદી વાત બીજે સાંભળવા મળે તો તેમને પૂછો, એ જે કહે તે અમને આવીને કહો અને અમે કહીએ તે એમને જણાવો ... જો તમે જાતે પુરુષાર્થ કરશો તો તમને સાચું સમજાશે. અને વિવાદના કારણે લોકો ધર્મથી વિમુખ બન્યા છે, આ વાત પણ ખોટી છે-અસલમાં લોકોને ધર્મ જોઈતો જ નથી માટે ધર્મથી

વિમુખ બન્યા છે અને નામ વિવાદનું લે છે. બાકી જો વિવાદનું જ કારણ હોય તો જેટલી નિર્વિવાદ વાતો છે-એને તો સ્વીકારે ને? ગુરુમાં મતભેદ છે એ તો બરાબર છે, પરંતુ દેવમાં તો કોઈ મતભેદ નથી ને? તો તેમની જે વાતો વિવાદ વગરની છે-તેને સ્વીકારવામાં શું વાંધો છે! દીક્ષા લેવાનું તો બધા કહે છે ને? માતાપિતાદિનું માનવાનું, આશ્રિતોની ઉપેક્ષા ન કરવાનું, ગુસ્સો ન કરવાનું, નિંદા ન કરવાનું, પાપ ન કરવાનું તો બધા જ કહે છે ને? છતાં એ માનતા નથી તો તેનું કારણ શું છે? 'જોઈતું નથી' એ જ ને? કે વિવાદ કારણ છે? સાચું પામવું હશે તો બુદ્ધિના આઠ ગુણો મેળવવા જ પડશે. સૌથી પહેલાં ૧. શુશ્રૂષા એટલે સાંભળવાની ઈચ્છા કેળવવાની, ૨. શ્રવણ-ઉપયોગપૂર્વક અને પૂર્વે જણાવ્યા પ્રમાણે કિન્નરનાં ગીતો જે રીતે સાંભળીએ તે રીતે સાંભળવું. શુશ્રૂષા વિનાનું શ્રવણ તો જેમ રાજાઓ સૂવા માટે હજામની કથા સાંભળે તેના જેવું કહેવાય છે, તે બુદ્ધિના ગુણમાં ન સમાય. ત્યાર બાદ ૩. ગ્રહણ-શાસ્ત્રના અર્થને સમજવો. શ્રવણ શબ્દનું હોય અને ગ્રહણ અર્થનું હોય-ત્યાર બાદ ૪. ધારણા-અવિસ્મરણ. સમજેલો અર્થ ભૂલવો નહિ, ધારી રાખવો ત્યાર બાદ. ૫. વિજ્ઞાન એટલે મોહ-અજ્ઞાન, સંશય અને વિપર્યાસ (વિપરીત જ્ઞાન) ને ટાળીને જ્ઞાન કરવું. ત્યાર બાદ ૬. ઊહ-સંશયાદિ રહિતપણે જે જ્ઞાન થયું હોય તેને આશ્રયીને અન્ય ગ્રંથ વગેરેમાં એ જ વિષયમાં જે બીજી વાતો સાંભળી હોય તેની વિચારણા કરવી. ૭. અપોહ-આ વિચારણા વખતે વિરુદ્ધ એવા અર્થમાં પ્રત્યપાય-નુકસાનની સંભાવના હોવાથી ભગવાનનું વચન તથા અન્ય યુક્તિ દ્વારા વિરુદ્ધાર્થને દૂર કરવો તેનું નામ અપોહ. જેમ કે જેઓ યજ્ઞમાં થતી હિંસાને હિંસા નથી કહેતા ઉપરથી ધર્મનું કારણ માને છે. તેમની વાત તેમના આગમથી પણ વિરુદ્ધ છે અને સાથે યુક્તિથી પણ સંગત નથી, કારણ કે યજ્ઞબાહ્ય હિંસા જેમ માંસની લોલુપતાથી કરાય છે તેમ યજ્ઞની હિંસા પણ માંસની લોલુપતાથી જ કરાય છેઃ તેમાં કોઈ વિશેષતા નથી. ૮. તત્ત્વાભિનિવેશઃ આ રીતે વિજ્ઞાન, ઊહ, અપોહથી વિશુદ્ધ એવો 'આ વસ્તુ આ જ પ્રમાણે છે' એવો જે નિશ્ચય થાય તેને તત્ત્વાભિનિવેશ કહેવાય. આ રીતે તત્ત્વનું જ્ઞાન થયા પછી કોઈ ગમે તેટલા કુતર્કો કરે તોપણ તત્ત્વથી ચલાયમાન ન થવું તેનું નામ તત્ત્વાભિનિવેશ. આ તત્ત્વાભિનિવેશ તત્ત્વ પ્રત્યેની દૃઢ શ્રદ્ધામાંથી પ્રગટે છે. આ શુશ્રૂષાદિગુણોથી યુક્ત એવા પ્રજ્ઞાના પ્રકર્ષવાળો પુરુષ ક્યારે પણ અકલ્યાણને પામતો નથી. કહેવાય છે કે 'વિત્તનો નાશ થયા પછી પણ પ્રજ્ઞાના બળે સેકંડો પ્રાજ્ઞો જીવે છે. પરંતુ પ્રજ્ઞાનો ક્ષય થયે છતે વિત્તથી યુક્ત પણ જીવતો નથી.' પૈસાથી જિવાય છે એવું નથી, બુદ્ધિથી જિવાય છે. આપણે શું માનીએ છીએ? જ્ઞાન વગર જિવાય કે પૈસા વિના જિવાય?

एवं स्वधर्मसंयुक्तं, सद्‌गार्हस्थ्यं करोति यः।
लोकद्वयेऽप्यसौ धीमान्, सुखमाप्नोत्यनिन्दितम्।।४।।
दुर्लभं प्राप्य मानुष्यं विधेयं हितमात्मनः।
करोत्यकाण्ड एवेह मृत्युः सर्वं न किञ्चन।।५।।
सत्येतस्मिन्नसारासु सम्पत्स्वविहिताग्रहः।
पर्यन्तदारुणासूच्चैर्धर्मः कार्यो महात्मभिः।।६।।

અનંતજ્ઞાનીઓ ફરમાવે છે કે શરીરમાં જો પ્રાણ ન હોય તો જીવી ન શકાય તેમ આત્મામાં ધર્મ ન હોય તો જીવી શકાય એમ નથી. આ ધર્મનો મહિમા આ અધ્યાયની છેલ્લી ત્રણ ગાથામાં સમજાવ્યો છે. ધર્મ એ આપણા કલ્યાણનું કારણ ત્યારે જ બને કે જ્યારે આપણે પોતે ધર્મનું આચરણ કરીએ: આ જ વસ્તુ સમજાવવા માટે અહીં માત્ર ધર્મસંયુક્ત એવું ન જણાવતાં 'સ્વધર્મસંયુક્ત' આ પ્રમાણે જણાવ્યું છે. સમ્યગ્ એવા ગૃહસ્થપણાના ધર્મને જે પોતે આચરે તેવો બુદ્ધિમાન આત્મા આ લોક અને પરલોકમાં અનિંદિત એવા સુખને પ્રાપ્ત કરે છે. નદી વહેતી હોય એટલામાત્રથી આપણે નિર્મળ ન થઈએ, એ પાણી આપણા શરીર ઉપર પડે તો જ શરીરનો મળ ધોવાઈ જાય. તેમ ધર્મ પણ આપણું કલ્યાણ ત્યારે જ કરશે કે જ્યારે ધર્મની છાયા આપણા આત્મા ઉપર પડે. આ ધર્મ આપણે આપણી જાત ઉપર લાગુ નથી પાડતા, બીજા ઉપર જ લાગુ પાડીએ છીએ ને? આપણી ઈચ્છા શું છે? બધા સુધરી જાય તે કે આપણે જ સુધરી જઈએ તે? બધાને સુધારવા માટે આપણે ગમે તેટલો પ્રયત્ન કરીશું તોપણ તે સફળ થવાનો જ નથી, આજે બધાને સીતાજેવી પત્ની જોઈએ છે પરંતુ રામચંદ્રજી થવાની તૈયારી નથી. બધા જ જો આપણી સાથે અનુકૂળ રીતે વર્ત્તતા હોય તો આપણે મોક્ષમાં જવાનું કાંઈ કારણ જ નથી. આપણા ભગવાને સવિ જીવ કરું શાસનરસીની ભાવના ભાવી, છતાં ભગવાન બધા જીવોને શાસનના રસીયા બનાવી ન શક્યા. સમર્થ એવા ભગવાન પણ આપણને સુધારી ન શક્યા તો અસમર્થ એવા આપણે બીજાને કઈ રીતે સુધારી શકીશું? આપણે બીજા માટે જ મરીએ છીએ, આપણી જાત માટે નહિ ને? આપણે કોઈને પણ સુધારવાની ઈચ્છા રાખવી નથી કારણ કે બીજાને સુધારવાની પ્રવૃત્તિ કોઈની પણ ક્યારે પણ સફળ થઈ નથી, થતી નથી અને થવાની પણ નથી. આપણે આપણી ઈચ્છા મારીને ધર્મ કરવો છે. જે આપણી ઈચ્છાને મારે તેનું નામ ધર્મ. ધર્મ વિરતિમાં છે. વિરતિરૂપ ધર્મ અવિરતિને દૂર કરવાથી જ પ્રાપ્ત થાય છે. આ અવિરતિ ઈચ્છાસ્વરૂપ છે. આ ઈચ્છાને પૂર્ણ કરવા મહેનત નથી કરવી પણ તેને જ પૂરી કરી નાંખવી છે અર્થાત્ તેને ખતમ કરી નાંખવી છે. જ્ઞાનની જરૂર પણ ઈચ્છાના નાશ માટે જ છે. જ્ઞાની અને

અજ્ઞાનીની પ્રવૃત્તિ એકસરખી હોવા છતાં બંન્નેમાં ફરક જ આ છે. જ્ઞાનીને ઈચ્છાનું નામ ન હોય અને અજ્ઞાનીને ઈચ્છાનો પાર ન હોય.

આ ગૃહસ્થપણાના ધર્મને જે બુદ્ધિશાળી કરે છે તે નિંદારહિત સુખને પામે છે. સુખ પણ બે પ્રકારનાં છેઃ નિંદિત અને અનિંદિત. આપણે સુખ ભોગવીએ અને લોકો આપણા સુખની નિંદા કરે તે નિંદિત સુખ છે. અને આપણે સુખ ભોગવીએ ત્યારે લોકો એમ કહે કે 'આ તો સુખ ભોગવવાના અધિકારી છે' તો સમજવું કે આપણું સુખ અનિંદિત કોટિનું છે. અત્યારે આપણે જે સુખ ભોગવીએ છીએ તે છૂટથી ભોગવી શકતા નથી, ફફડતા રહેવું પડે છે અને લોકો પણ નિંદા કરે છે, તેનું કારણ એ છે કે આપણે ભૂતકાળમાં ધર્મ સારી રીતે કર્યો નથી. હવે આ ધર્મ કેવી રીતે કરવો-એ માટે આગળ જણાવે છે કે-

દુર્લભ એવું મનુષ્યપણું પામીને આપણે આપણા આત્માનું હિત સાધવું છે. કારણ કે મૃત્યુ અકાળે જ આવે છે. અને બધી જ વસ્તુ હતી ન હતી થઈ જવાની. મૃત્યુ આમ તો એના કાળે જ આવે છે, પરંતુ આપણે જાણતા નથી તેથી આપણા માટે મૃત્યુનું આગમન અકાળે થાય છે-એમ જણાવ્યું છે. જો મૃત્યુ ગમે ત્યારે આવવાનું હોય તો ડાહ્યા માણસનું કામ જ એ છે કે દુર્લભ એવું મનુષ્યપણું પામીને શરીર સારું રાખવા પ્રયત્ન કરવો નથી, આત્માનું હિત સાધવા પ્રયત્ન કરવો છે. એક વાર મૃત્યુ આવે તો આપણું માંડેલું બધું જ રફે દફે થઈ જવાનું. ગમે તેટલી સંપત્તિ પ્રાપ્ત થઈ હોય તોપણ એ સંપત્તિ કાં તો જતી રહેશે અને કાં તો આપણે એને મૂકીને જતા રહેવું પડશે. તેથી આ મૃત્યુ સમર્થ હોતે છતે આપણે અસાર એવી સંપત્તિમાં આગ્રહ નથી રાખવો. કારણ કે આ સંપત્તિઓ તો પર્યન્તમાં અર્થાત્ પરિણામે અત્યંત દારુણ-ભયંકર છે. તેથી સંપત્તિનો આગ્રહ મૂકીને ધર્મમાં જ આગ્રહપૂર્વક પ્રયત્ન મહાત્માઓએ કરવો જોઈએ. આથી જ મહાપુરુષોએ કહ્યું છે કે શરીર અનિત્ય છે, વૈભવ શાશ્વત નથી,મૃત્યુ કાયમ માટે નજીક આવે છે તેથી ધર્મનો સંચય કરવો જોઈએ. શરીર ટકાવવા માટે ધર્મ કરવાનો નથી, શરીર સારું રાખવા પણ ધર્મ કરવાનો નથી, શરીર જતું રહેવાનું છે માટે ધર્મ કરવો છે. શરીર ટકવાનું નથી માટે ધર્મ કરવાનો છે, શરીર ટકાવવા નહિ.

સ. શરીર અસ્વસ્થ હોય તો ધર્મ કરી શકાતો નથી.

શરીર અસ્વસ્થ ભલે રહ્યું પરંતુ એ અસ્વસ્થતા ટાળવા માટે અધર્મ નથી કરવો. ભૂતકાળમાં અધર્મ કર્યો છે માટે અત્યારે શરીર અસ્વસ્થ મળ્યું છે, હવે એ અસ્વસ્થતા ટાળવા માટે જો અધર્મ કરીશું તો આના કરતાં ભયંકર અસ્વસ્થતા મળશે. ધર્મ સારો

કરવા માટે અસ્વસ્થતા ટાળવાની જરૂર નથી. ગમે તેવું દુઃખ પણ સારામાં સારી રીતે સમતાપૂર્વક ભોગવી લેવું તેનું નામ ધર્મ. દુઃખમાં ધર્મ નથી થતો–એવી ફરિયાદ નથી કરવી. કારણ કે દુઃખ સારી રીતે સહન કરવું–એ ધર્મ જ છે. પથારીમાં પડ્યા પડ્યા પણ બાટલામાં, દવામાં ધ્યાન હોય ને? તો સ્વાધ્યાયમાં ચિત્ત કેમ ન લાગે? ગમે તેવા રોગમાં પણ દવા લેતી વખતે કે ચિકિત્સા કરાવતી વખતે 'રોગ જાય છે' તેનો આનંદ હોવાથી પ્રસન્નતા ટકી રહે છે ને? તેમ ગમે તેવું દુઃખ ભોગવતી વખતે 'કર્મ જાય છે, પાપ જાય છે'–આ ભાવના કારણે પ્રસન્નતા ટકી રહે. શરીર જતું રહેવાનું છે અને વૈભવ પણ ટકવાનો નથી. વૈભવ અહીં મૂકીને જવાનો અને વૈભવ માટે, પાંચે ઈન્દ્રિયોના વિષય માટે જે કાંઈ પાપ કરીએ છીએ તે માત્ર અહીંથી સાથે લઈ જવું પડે છે કે જે પરિણામે અત્યંત દારુણ છે. તેથી જ અસાર સંપત્તિમાં આગ્રહ રાખવાના બદલે ધર્મમાં જ પ્રયત્ન કરવો.

## બીજો અધ્યાય

**प्रायः सद्धर्मबीजानि गृहिष्वेवंविधेष्वलम्।**
**रोहन्ति विधिनोप्तानि, यथा बीजानि सत्क्षितौ।।७।। इति ।।**

આવા પ્રકારના ગૃહસ્થધર્મથી યુક્ત એવા ગૃહસ્થમાં વિધિપૂર્વક વાવેલાં સદ્ધર્મનાં બીજો સારી રીતે ઊગી નીકળે છે, જેમ યોગ્ય ભૂમિમાં વિધિપૂર્વક વાવેલાં બીજો ઊગી નીકળે છે તેમ ગૃહસ્થપણાનો ધર્મ જે આચરે તેનામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ સદ્ધર્મની યોગ્યતા પ્રગટ થાય છે. ત્યાર બાદ તેને સદ્ધર્મની પ્રાપ્તિ થાય છે. માત્ર આ બીજો વાવવાનું કામ વિધિપૂર્વક કરેલું હોવું જોઈએ. પૂ. હરિભદ્રસૂરિમહારાજનો ગ્રંથ હોય તો વિધિની વાત આવવાની જ. કારણ કે એ મહાપુરુષોની નજર સામે અવિધિથી થનારું નુકસાન અને વિધિથી જ મળનારી સફળતા કાયમ માટે હોય છે. સાવ કર્યા વિના રહેવું એના કરતાં અવિધિથી જેમતેમ કરવું સારું–એવું આપણે બોલીએ, પરંતુ આ મહાપુરુષો એવું ક્યારેય ન કહે.

ગૃહસ્થપણાના સામાન્યધર્મના કારણે આત્માની ભૂમિ શુદ્ધ બને છે. સમ્યગ્જ્ઞાનાદિનાં બીજ વાવી શકાય એવી યોગ્યતા આત્મામાં આ ગૃહસ્થપણાના સામાન્યધર્મના પાલનથી પ્રગટે છે. સામાન્યથી યોગ્યતા બે પ્રકારની છેઃ સ્વરૂપયોગ્યતા અને ફલોપધાયક યોગ્યતા. કોઠીમાં જે બીજ પડ્યું છે તેમાં સ્વરૂપયોગ્યતા છે અને ખેતરમાં વાવેલા બીજમાં ફલોપધાયક યોગ્યતા છે. આરસમાં તો પ્રતિમાની યોગ્યતા પડેલી છે. પરંતુ જે આરસ પગથિયામાં વપરાઈ જાય તેમાંથી પ્રતિમા ન થાય છતાં

તેનામાં સ્વરૂપયોગ્યતા પડેલી છે. તેમ આપણામાં સ્વરૂપયોગ્યતા તો છે જ, પરંતુ ફલોપધાયક યોગ્યતા આ ગૃહસ્થધર્મના કારણે પ્રગટે છે. આપણામાં યોગ્યતા નહિ હોય તો સદ્ધર્મનાં બીજો નાશ પામશે. બીજનો નાશ ન થાય તે માટે યોગ્યતા કેળવી લેવી છે. આપણે જૈનકુળમાં જન્મ્યા ત્યારથી આપણામાં સાધુ થવાની યોગ્યતા તો છે જ. હવે એ યોગ્યતા વિકસાવવા માટે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. તે જ રીતે જેટલાં સાધુસાધ્વી થયાં તેમનામાં કેવળજ્ઞાન પામવાની યોગ્યતા પ્રગટ થાય છે. જે સાધુ થાય તે મોક્ષે જવા યોગ્ય બને છે.

સ. એનો અર્થ એ કે મોક્ષમાં બીજા કોઈ ન જઈ શકે-એમ જ ને?

બરાબર સમજ્યા. જે જૈન હશે તે જ મોક્ષમાં જશે. પરંતુ સાથે એટલું યાદ રાખવું કે બધા જૈનો મોક્ષે નહિ જાય, જે સાધુ થશે તે જ મોક્ષે જશે. આગળ વધીને જે સાધુ સાધુ રહે તે જ મોક્ષમાં જાય, જે સાધુ મટી જાય તે મોક્ષમાં ન જાય. જે ભગવાનનું માને તેનું જ સાધુપણું ટકે. જે ભગવાનનું ન માને તે સાધુ સાધુ ન રહે. એવાઓ પોતે તો સંસારમાં રખડે જ સાથે પોતાના શરણે આવેલાને પણ નરકાદિ દુર્ગતિમાં રખડાવે. તેથી જે ભગવાનનું ન માને તેના ભગત આપણે થવું નથી. આપણે આપણી યોગ્યતાને વિકસાવવા માટે યોગ્યની જ નિશ્રા સ્વીકારવી છે. લૌકિકમાર્ગમાંથી મોક્ષે જવાતું નથી તેથી લોકમાંથી લોકોત્તરમાર્ગમાં લઈ જવા માટે હવે વિશેષધર્મની શરૂઆત કરવાની છે. અહીં બીજ તરીકે જણાવ્યું છે કે દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા, ગુણવાન પ્રત્યે અદ્વેષ અને સર્વત્ર ઔચિત્યનું સેવનઃ આવા પ્રકારનાં બીજોના કારણે સમ્યગ્દર્શનાદિના અંકુરા ફૂટે છે. આ બીજોની સફળતા ફળદ્રૂપ ભૂમિમાં જ છે, તે માટે જણાવે છે કેઃ

**बीजनाशो यथाऽभूमौ प्ररोहो वेह निष्फलः ।**
**तथा सद्धर्मबीजानामपात्रेषु विदुर्बुधाः ।।८।।**

જેમ અયોગ્યભૂમિમાં બીજ વાવવામાં આવે તો બીજનો નાશ થાય છે અથવા તો કદાચ બીજમાંથી અંકુરા ફૂટે તોપણ માત્ર ઘાસ ઊગે પરંતુ અનાજ સ્વરૂપ ફળ તેમાં આવતું નથી. તેવી રીતે અપાત્રમાં જો સદ્ધર્મનાં બી રોપ્યાં હોય તો તે બી નાશ પામે છે અને કદાચ તેનાથી અકામ નિર્જરા થવાથી થોડુંઘણું સુખ પ્રાપ્ત થાય તોપણ તેનાથી સદ્ધર્મની પ્રાપ્તિ થતી નથી અને મોક્ષની પણ પ્રાપ્તિ નથી થતી. અપાત્રમાં બીજનાશ કેમ થાય છે તે માટે જણાવે છેઃ

**न साधयति यः सम्यगज्ञः स्वल्पं चिकीर्षितम्।**
**अयोग्यत्वात्कथं मूढः, स महत्साधयिष्यति? ।।९।। इति।।**

જે અજ્ઞ જીવ કરવા માટે નક્કી કરેલા અલ્પ પણ અનુષ્ઠાનને સારી રીતે સાધતો નથી તે મૂઢ જીવ અયોગ્ય હોવાથી મોટા અનુષ્ઠાનને કઈ રીતે સાધી શકશે? જે નાનું અનુષ્ઠાન પણ પૂરી તકેદારી રાખીને કરે તે મોટા અનુષ્ઠાનની યોગ્યતા પ્રાપ્ત કરે છે. જે સામાન્ય પ્રતિજ્ઞા પણ ન પાળી શકે તે વિશેષ પ્રતિજ્ઞાને માટે અયોગ્ય છે. જે રૂનું પુમડું પણ ઉપાડી ન શકે તે મેરુ પર્વતનો ભાર કેવી રીતે ઉપાડી શકે? તેથી સૌથી પહેલાં આત્માને અનુષ્ઠાનને યોગ્ય બનાવવા માટે મહેનત કરવી છે. અમારા આચાર્યભગવન્ત પણ કહેતા હતા કે સુખના લાલચુ દેવલોકમાં ન જાય-એ સારું, કારણ કે જેઓ મનુષ્યનાં તુચ્છ સુખો પણ છોડી ન શકે તેઓ તો દેવલોકના સુખમાં ચોંટી પડવાના. તેથી સૌથી પહેલાં યોગ્યતા કેળવી લેવી છે.

સદ્ધર્મનાં બીજો યોગ્યપાત્રમાં ઊગી નીકળે છે. તેથી સૌથી પહેલાં યોગ્યતા કેળવવા માટે ગૃહસ્થના સામાન્યધર્મની વાત કરી. હવે આ સદ્ધર્મનાં બીજોને રોપવાનું કામ સદ્ધર્મદેશકોનું છે, તેથી સદ્ધર્મદેશકોએ જે રીતે સદ્ધર્મનાં બીજો વાવવાનું કામ યોગ્ય જીવોમાં કરવાનું છે તે સમજાવવા માટે અહીં સદ્ધર્મદેશનાનો વિધિ બતાવ્યો છે. દેશના પણ વિધિપૂર્વક અપાઈ હોય તો તે લાભનું કારણ બને છે. જેઓ અવિધિથી દેશના આપે તેઓ આ બીજોનો નાશ કરવાનું કામ કરે છે. અને યોગ્યતાને પણ નકામી બનાવી દે છે.

સ. ડોક્ટર લંગડો હોય તોપણ તેની પાસે ચિકિત્સા કરાવીએ ને? તેમ અવિધિથી દેશના આપે, માઈકમાં દેશના આપે તે સાંભળવામાં શું વાંધો?

ડોક્ટર લંગડો ચાલે, પણ ડફોળ ન ચાલે. અવિધિથી ચિકિત્સા કરે તો ન ચાલે. ડોક્ટરના શરીરમાં ખામી હોય તો ચાલે પરંતુ તેના જ્ઞાનમાં ખામી હોય, ચિકિત્સા કરવાની રીતમાં ખામી હોય તે ન ચાલે. તેમ સદ્ધર્મદેશકના સ્વભાવમાં ખામી હોય એ ચાલે, કર્મયોગે ક્રોધાદિનો ઉદય થઈ જાય-એવું બને. પણ બાહ્ય નિમિત્તોને ટાળવાનું કામ આપણા હાથમાં છે. નંદીષેણમુનિને ચારિત્રમોહનીયનો ઉદય હોવાથી વેશ્યાના ઘરે રહીને દેશના આપી હતી પણ એ દેશના અવિધિથી ન હતી. કોઈ પણ તેમને પૂછે તો તેઓ કહેતા હતા કે 'હું વેશ્યાના ઘરમાં રહ્યો છું, એ મારી અયોગ્યતા છે. હું કર્મને આધીન છું તેથી અહીંથી નીકળતો નથી.' પોતાનો બચાવ કરે તે સદ્ધર્મદેશના ન આપી શકે.

સ. માઈકમાં વ્યાખ્યાન આપનાર પણ ભૂલ કબૂલ કરે તો?

તેઓ એને ભૂલ માનતા નથી, અપવાદે કરેલી પ્રવૃત્તિ માને છે, પ્રભાવના માટે કરીએ છીએ-એમ જણાવે છે. તેઓ પોતાનો બચાવ કરે છે, માટે તેમને સદ્ધર્મદેશક ન કહેવાય. અને જો ભૂલ કબૂલ કરે તોપણ કહેવું પડે કે આ ભૂલ કાંઈ કર્મના ઉદયથી નથી થઈ, જાણીજોઈને કરેલી ભૂલ છે. જો માઈકમાં બોલવાનો વિધિ હોત તો ભગવાન પોતે બતાવીને જાત. કર્મના ઉદયથી ન બચાય, પણ નિમિત્તથી તો બચાય ને? નંદીષેણમુનિને તો કર્મનો ઉદય હતો માટે ઘરમાં બેઠા હતા. જ્યારે માઈકમાં બોલનારા તો પ્રભાવનાના નામે કર્મ બાંધવાનું કરે છે. કર્મનો ઉદય થયા પછી પણ પ્રવૃત્તિ કર્મને આધીન બનવાથી થાય છે. પ્રવૃત્તિ કર્મયોગે નહિ, કર્મની આધીનતાના યોગે થાય છે. કષાયનો ઉદય થાય તો ગુસ્સો આવે પણ મોઢું ખોલવાનું કે હાથ ઉપાડવાનું કામ આપણે કરીએ છીએ, કર્મ નથી કરાવતું. જેઓ પોતે શક્ય એવી પણ આજ્ઞા ન પાળે, માત્ર પોતાના સ્વાર્થ ખાતર પ્રભાવનાના નામે આજ્ઞાની વિરાધના કરે તેમની ધર્મદેશના સાંભળવા ન જવાય. અહિંસા એ ધર્મનો ઉદ્દેશ છે. તેના માટે સંયમ દ્વારા આશ્રવને, કર્મના બંધને રોકવો છે અને તપ દ્વારા નિર્જરા કરવી છે. આ ઉદ્દેશ હણાય એવી એક પણ પ્રવૃત્તિ ન કરવી. હવે જણાવે છે કે:

**इति सद्धर्मदेशनार्ह उक्त, इदानीं तद्विधिमनुवर्णयिष्याम इति ।।१।। (५९)**

આ રીતે સદ્ધર્મદેશનાને જે યોગ્ય છે તે જણાવીને હવે સદ્ધર્મદેશનાની વિધિ જણાવે છે. જોકે આ દેશનાવિધિનું પાલન સદ્ધર્માચાર્યોએ કરવાનું છે, છતાં તમારી આગળ તેનું વર્ણન કરવાનું કારણ એ છે કે તમને પણ કેવા આચાર્ય પાસે દેશના સાંભળવી-એનો ખ્યાલ આવે. જેઓ આ વિધિ મુજબ દેશના ન આપે તેમની દેશના સાંભળવી નહિ. સૌથી પહેલાં સદ્ધર્મનું શ્રવણ કરવાનું છે, પછી તેનું ગ્રહણ કરવાનું, પછી તેનો સ્વીકાર (પ્રતિપત્તિ) કરવાનો, ત્યાર બાદ તેનું પાલન કરવાનું: આ ક્રમ છે. તેમાં શ્રવણ સૌથી પહેલાં છે. તેથી શ્રવણના કારણભૂત દેશનાનો વિધિ જણાવે છે.

**तत्प्रकृतिदेवताधिमुक्तिज्ञानमिति ।।२।। (६०)**

જે ધર્મદેશનાને યોગ્ય જીવ હોય તેની પ્રકૃતિ અર્થાત્ સ્વભાવ કેવો છે તે જાણવું. તે કયા દેવને માને છે: ઈત્યાદિનું જ્ઞાન મેળવીને પછી જ દેશના આપવી. જેમ કે ગુણીજનનો સંગ તેને પ્રિય છે કે નહિ ઈત્યાદિ જોવું-એ સ્વભાવનું જ્ઞાન છે. શ્રોતા અત્યંત રાગી, દ્વેષી, મૂઢ કે પૂર્વવ્યુદ્ગ્રાહિત સ્વભાવવાળો ન હોય તો તેને લોકોત્તરમાર્ગમાં સહેલાઈથી વાળી શકાય. ત્યાર બાદ તે કયા દેવદેવીને માને છે તે પણ જાણવું. આજે

તો જૈનકુળમાં જન્મેલા પણ દેવદેવીની માન્યતા કરે ને? નાના છોકરાઓ પણ દેરાસરમાં સ્તુતિ બોલે છે કે **दर्शनं देवदेवस्य**, જે દેવોના પણ દેવ છે તેમનું દર્શન કરવાનું છે, દેવનું દર્શન નથી કરવાનું, આટલું સ્પષ્ટપણે જણાવેલું હોવા છતાં દેવદેવીને ભગવાન કરતાં પણ અધિક માનનારો વર્ગ આજે નાનોસૂનો નથી.

**સ.** ધર્મમાં સહાય મંગાય ને?

તમારે ધર્મ કરવો છે જ ક્યાં? જેને આરાધના કરવી હોય તેને તો શાસનના દેવ-દેવી સામેથી સહાય કરશે. તમે તો તમારા સંસાર માટે તેમને માનો છો!

**સ.** ચોથી થોયમાં તેમની સ્તવના શા માટે કરાય છે?

તેઓ શાસનના રખેવાળ છે તેથી શાસનરક્ષા માટે વિનંતિ કરવા એ સ્તવના છે. આ રીતે પ્રતિક્રમણાદિમાં તેમનું સ્મરણ કરીએ તે સિવાય તેમની કોઈ વિશેષ ઉપાસના કરવાની નથી. તમારે આરાધના કરવી હોય તો સહાય કરનારા જોઈએ એટલા છે. પરંતુ તમારે સંસારમાં જ રહેવું હોય અને સંસારની અનુકૂળતા માટે દેવદેવીની ઉપાસના કરવી હોય તો તમારો નિસ્તાર ક્યાંથી થાય?

**સ.** અમે સંસારમાં ફસાઈ ગયા છીએ.

સાચું કહો છો? ફસાયા છો તો નીકળવું છે? કે નીકળવું નથી? ફસાયા છો એ સાચું છે કે નીકળવું નથી-એ સાચું છે? જો નીકળવું નથી તો 'ફસાયા છીએ' એમ બોલ્યા એ ખોટું છે ને? જો ફસાયા છો-એમ લાગતું હોય તો હવે નીકળવા તૈયાર થવું છે? તમારે નીકળવું હોય તો અમે કાઢવા તૈયાર છીએ. પરંતુ તકલીફ એ છે કે 'ફસાયા છીએ' એવું લાગ્યું નથી. દાળ ખારી લાગે તો તેમાં એક ગ્લાસ પાણી નાંખો ને? ભલે પ્રમાણ વધે, પરંતુ ખાવાલાયક તો બને. તેમ સંસાર જો ખારો લાગે તો તે ભોગવવા માટે ન રહો ને?

**સ.** માત્ર સંસાર છોડીને નિસ્તાર ન થાય ને? આજ્ઞા પાળવી પડે ને?

આજ્ઞાપાલન તો અમારે તમારી પાસે શીખવું પડે એવું છે. તમે આખો દિવસ ઘરના લોકોની આજ્ઞા જે રીતે પાળો છો એ ગજબ છે. સવારે ઊઠતાંની સાથે ઘડીયાળની આજ્ઞા પાળો, ત્યાર બાદ ઘાટીની, પત્નીની, પુત્રની, દેરાસરમાં પૂજારીની, ઓફિસમાં શેઠની, ગાડીમાં ડ્રાઈવરની, માંદા થાઓ તો ડોક્ટરની... કોની આજ્ઞા તમે નથી પાળતા? આટલા બધાની આજ્ઞા મન વગર પણ પાળી શકતા હો તો અહીં દેવગુરુની આજ્ઞા પાળવામાં શું વાંધો આવવાનો હતો? એક વાર યોગ્યતા કેળવી લો અને પ્રણિધાન મજબૂત કરો તો કશું જ કઠિન નથી.

જેને ઉપદેશ આપવાનો છે તેની રુચિ જોઈને તેને ઉપદેશ આપવાનો છે. તેમની રુચિ જોઈને એ રુચિને અનુરૂપ દેશના નથી આપવાની, રુચિને તપાસીને તેમના હિતને અનુરૂપ દેશના આપવાની છે. આજે મોટા ભાગે ધર્મસ્થાનમાં આવનારા સુખની રુચિવાળા હોય છે. જેઓ દુઃખી હોય તેઓ સુખ મેળવવા માટે આવે અને જેઓ સુખી હોય તેઓ સુખ ટકાવવા માટે આવે. આવા જીવોની સુખની રુચિ દૂર થાય એવા પ્રકારનો ઉપદેશ આપવો. તમે કેવા દેવને માનો છો એના ઉપરથી તમારી સંસારસુખની રુચિ કેટલી છે તે સમજાય છે. આજે વીતરાગ પરમાત્માને બાજુ પર મૂકીને અધિષ્ઠાયક દેવદેવીની પાછળ તમે પડ્યા છો તો માનવું પડે ને કે તમારે આરાધના નથી કરવી, સંસારનાં સુખ જોઈએ છે. સમકિતના સડસઠ બોલની સજ્ઝાયમાં કહ્યું છે કે 'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી કેમ થાય રે' ભગવાનની ભક્તિથી જે કાર્ય નથી થયું તે બીજા કોઈ જ દેવદેવીથી નહિ થાય. લઘુશાંતિમાં પણ વિજયા, સુજયા વગેરે દેવીઓની સ્તવના કરતી વખતે ચોખ્ખું કહ્યું છે કે–આ દેવીઓ જે શાંતિનાથ ભગવાનને નમેલી છે તે શાંતિનાથ ભગવાન જય પામો. ત્યાં દેવદેવીને નમસ્કાર નથી કર્યો, ભગવાનને જ નમસ્કાર કર્યો છે.

સ. દેવદેવીનો પ્રભાવ જેટલો દેખાય છે, એટલો ભગવાનનો નથી દેખાતો.

પ્રભાવ કોને કહેવાય? સુખ મળે તે પ્રભાવ નથી, કર્મ જાય એ પ્રભાવ છે. આપણા ભગવાન સુખ આપે કે સુખની લાલસા છોડાવે? જેઓ પોતે રાગદ્વેષ છોડીને ભગવાન થયા હોય તે આપણા રાગદ્વેષ વધે એવો ઉપાય બતાવે? તમને સુખ આપનારા જોઈએ છે કે મોક્ષ આપનારા? મોક્ષ આપનારા ભગવાન છે, દેવદેવી નહિ. તમે સુખના અર્થી છો કે ધર્મના અર્થી છો? કર્મ કાઢવા માટે આવો છો કે દુઃખ કાઢવા? તમે કહો કે 'ભગવન્! સુખ નથી જોઈતું, ધર્મ જોઈએ છે, દુઃખ આવશે તો ચાલશે પણ કર્મ કાઢવા છે.' તો તમને દેશના આપવાની. જેઓ ધર્મના અર્થી ન હોય તેમ જ દુઃખ કાઢવા માટે આવ્યા હોય તેમને આપેલી ધર્મદેશના નકામી જવાની.

સ. સુખ થોડુંઘણું મળ્યું હોય તો પછી વૈરાગ્ય પામવાનું સહેલું છે.

સુખ મળવાના કારણે વૈરાગ્ય નથી આવતો, ભગવાનના વચન પ્રત્યે રાગ જાગે તો વૈરાગ્ય પ્રગટ થાય. વૈરાગ્ય પામવા માટે કે આરાધના કરવા માટે સુખની જરૂર જ નથી. સુખના અર્થી મટીને ધર્મના અર્થી બનો તો દેશના માટે યોગ્ય બનશો. એ જ રીતે દુઃખ ટાળવા માટે પ્રયત્ન નથી કરવો, કર્મ કાઢવા પ્રયત્ન કરવો. એક વાર દુઃખ ટાળવાનો ભાવ આવે અને ધર્મ કરવાની શરૂઆત કરે તો પછી એ જ દિશામાં પ્રયત્ન

કરશે. તેથી દુ:ખ કાઢવા માટે ધર્મ નથી કરાવવો. દુ:ખ વેઠતાં કરીને ધર્મ કરાવવો છે. દેવની જેમ ગુરુના વિષયમાં પણ તપાસ કરવી. આવનાર શ્રોતા કેવા ગુરુથી વાસિત છે? જે સંસારથી તારે એવા ગુરુને માને છે કે જે સંસારમાં ગોઠવી આપે એવા ગુરુને માને છે-એ તપાસીને પછી દેશના આપવી. એ જ રીતે ક્યા ધર્મથી મુક્તિ મળે છે: એવું માને છે-એ પણ તપાસવું. બધા ધર્મોથી મોક્ષ મળે છે-એવું માનનારો હોય તો એ રીતે દેશના આપવી અને કોઈ એક ધર્મથી મોક્ષ મળે છે-એવું માનનારો હોય તો એ રીતે દેશના આપવી. શંકરને માને છે, ગણપતિને માને છે કે, વિષ્ણુને માને છે.... આ બધું જ વિચારવું.

**સ.** ગણપતિને દેવ માનીને ન જઈએ પણ મનોરંજન માટે જોવા જઈએ તો?

મનોરંજન માટે પણ ઈતર દેવ પાસે નથી જવું. અસલમાં મનોરંજન કરવું એ તો અનર્થદંડ છે. મનનું રંજન કરવું એ અધર્મ છે, મનને મારવું એ ધર્મ છે. આ રીતે દેવગુરુ ધર્મની માન્યતા સામા માણસની કેવી છે-એ વિચારીને પછી જ દેશના આપવાની છે. આ વાત તમને એટલા માટે જણાવી કે જેથી તમે દેશનાને યોગ્ય બની શકો. આપણે દેવને નથી માનવા, દેવના દેવને માનવા છે, સંસારમાં સેટ કરનારા ગુરુને નથી માનવા, સંસારથી તારનારા ગુરુને માનવા છે. તેમ જ દુ:ખ દૂર કરવા ધર્મ નથી કરવો, કર્મ કાઢવા માટે ધર્મ કરવો છે. તમે તમારી યોગ્યતા પુરવાર કરો તો સદ્ધર્મદેશકનો યોગ તમને થઈ જશે.

સદ્ધર્માચાર્યો જ્યારે પણ ધર્મદેશના આપે ત્યારે રાજા અને રંકને સમાન દેશના આપે-આ પ્રમાણે શ્રી આચારાંગ સૂત્રમાં જણાવ્યું છે. રાજાને માન આપે અને રંકનો તિરસ્કાર કરે એવા સદ્ધર્માચાર્યો હોય નહિ. રાજા-મહારાજાઓને સુખની આસક્તિ છોડવાનો ઉપદેશ આપે અને જે રંક-દરિદ્રી આવે તેને સુખની લાલચ દૂર કરાવે. આ રીતે બંન્નેને સંસારથી તારનારી દેશના સદ્ધર્માચાર્યો આપે. આ રીતે શ્રોતાની પ્રકૃતિ આદિને તપાસીને પછી જ દેશના આપવાની છે. તેમાં દેશનાની શરૂઆત કેવી રીતે કરવી તે માટે જણાવે છે:

**तथा-साधारणगुणप्रशंसेति ।।३।। (६१)**

દેશનાની શરૂઆતમાં સીધા લોકોત્તરમાર્ગની દેશના આપીએ તો કદાચ અન્યધર્મથી વાસિત થયેલા જીવને એ ગ્રાહ્ય કોટિની ન બને. તેથી સૌથી પહેલાં લોક અને લોકોત્તરમાં જે સાધારણગુણો હોય તેની પ્રશંસા કરવી. આવા ગુણો સાંભળવા મળે તો અન્યધર્મથી પરિકર્મિત શ્રોતા સાંભળવા બેસી રહે. જેને હજુ સમ્યક્ત્વ પમાડવાનું બાકી છે તેને

સીધી સર્વવિરતિની દેશના નથી આપવી. અવિરતિમાં પણ થઈ શકે–એવો ધર્મ બતાવવો છે.

સ. સમકિતી પણ અવિરતિધર હોય ને?

વિરતિ મળે તો સમકિતીને મળે. પરંતુ સમકિતીને વિરતિ મળી જ જાય એવું નહિ. ખુદ તીર્થંકરના આત્માઓ પણ ત્ર્યાશી લાખ પૂર્વ સુધી અવિરતસમ્યગ્દષ્ટિ અવસ્થામાં રહે છે. સમ્યક્ત્વ હોવા છતાં અવિરતિનો ઉદય હોવાથી એક પણ વ્રત લઈ શકતા નથી.

સ. તેમને રાત્રિભોજનત્યાગ વગેરે નાના નિયમો હોય ને?

એ બધું તો તેમની સ્વાભાવિક ઉચિત પ્રવૃત્તિમાં સમાય, એનો નિયમ ન હોય. ઉત્તમકુળના આચારરૂપે અનેક નિયમોનું પાલન કુદરતી કરે છે છતાં ત્યાં વિરતિનો પરિણામ નથી હોતો. ભગવાન નિકાચિત ભોગાવલીના ઉદયના કારણે અવિરતિમાં બેઠા હોય છે. જેવું એ કર્મ પૂરું થાય કે તરત જ ભગવાન ચોથા ગુણઠાણેથી સાતમા ગુણઠાણે પહોંચી જાય છે.

સ. અમારું પણ ભોગાવલી નિકાચિત હોઈ શકે ને?

હોઈ શકે. પણ તમે એ તો વિચારો કે સુખ તમારી પાછળ પડ્યું છે કે સુખની પાછળ તમે પડ્યા છો? જો સુખની પાછળ તમે પડ્યા હો તો ભોગાવલીકર્મ ખપે નહિ, ઉપરથી નવાં કર્મો બાંધવાનું બનશે. જ્યારે ભગવાનની પાછળ સુખ પડ્યું હોવાથી ભગવાન સુખ ભોગવે તોપણ ભોગાવલી કર્મ ખપાવે. જેનું ભોગાવલી નિકાચિત હોય તે જાતે પોતાનો બચાવ ન કરે, જ્ઞાનીઓ એમનો બચાવ કરે. તીર્થંકરના આત્માઓ જાણે છે કે ગમે તેટલી પૂજા, સામાયિક, પ્રતિક્રમણ કરે તોપણ ત્ર્યાશી લાખ પૂર્વ પહેલાં અવિરતિ તૂટવાની જ નથી તેથી તેઓ નિષ્ફળ પ્રવૃત્તિ કરતા નથી. ભગવાનનું જીવન તો જ્ઞાનપ્રધાન છે. ત્રણ જ્ઞાનના ધણી હોવાથી તેઓ બધું જાણે છે. માટે તેમની પ્રવૃત્તિમાં શંકા નથી કરવી. આપણે જ્ઞાની નથી માટે શાસ્ત્રાધારે પ્રવૃત્તિ કરવી છે. હવે અહીં સાધારણગુણો શ્લોકથી જણાવ્યા છે.

**प्रदानं प्रच्छन्नं गृहमुपगते सम्भ्रमविधिः,**
**प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः।**
**अनुत्सेको लक्ष्म्या निरभिभवसाराः परकथाः,**
**श्रुते चासन्तोषः कथमनभिजाते निवसति?॥**

પ્રચ્છન્ન એટલે ગુપ્તપણે દાન આપવું, ઘરે આવેલાની સંભ્રમપૂર્વક આગતાસ્વાગતા કરવી, સારું કાર્ય કરીને મૌન રાખવું, સભામાં ઉપકારીના ઉપકારનું કથન કરવું, લક્ષ્મીનો ઉત્સેક-ગર્વ ન કરવો, કોઈનો પણ પરાભવ ન થાય તે રીતે બીજાની વાત કરવી, તત્ત્વના શ્રવણમાં સંતોષ ન રાખવો: આ સાત ગુણો અકુલીન માણસોમાં ક્યાંથી રહે? અર્થાત્ કુલીન આત્માઓમાં જ આવા ગુણો હોય છે. ગૃહસ્થનો આ સામાન્યધર્મ છે. આનું વર્ણન આપણે ટૂંકમાં જ કરવું છે. સૌથી પહેલાં ૧) દાન પ્રચ્છન્ન-ગુપ્તપણે કરવાનું જણાવ્યું છે. તેમાં પણ 'આપવું' એ દાન નથી 'છોડવું' તે દાન છે અને છોડતી વખતે કોઈ જાણે નહિ તે રીતે આપવું છે, પ્રગટપણે નથી આપવું. જેમાં દાનનું પાટિયું લાગે તે દાન નથી, સોદાબાજી છે. કોઈ નામ લખવાનું કે પાટિયું મારવાનું કહે તેને ઘસીને ના પાડવાની કે 'તમારે મારા નામનું પાટિયું મારવું હોય તો મારે એવું દાન નથી આપવું.' અન્યદર્શનકારોએ પણ કહ્યું છે કે દાનનું ઉત્કીર્તન કરીએ તો દાનનું ફળ નાશ પામે છે. લોકમાં પણ કહેવાય છે કે જમણો હાથ આપે તો ડાબો હાથ પણ ન જાણે તે રીતે દાન આપવું છે. આ તો ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે. જૈનોમાં કે શ્રાવકોમાં તો આ ગુણ હોય જ ને? ત્યાર બાદ જણાવ્યું છે કે ૨) જે આપણા ઘરે આવે તેને સંભ્રમપૂર્વક આવકાર આપવો. મનનો ઉમળકો જેમાં ભળે તેને સંભ્રમ કહેવાય. આ તો ઘરના દરવાજા બંધ રાખે, કોઈ ખખડાવે તોપણ જલદી ખોલે નહિ: આવું સામાન્ય ગૃહસ્થ ન કરે. તે તો ઘરના દરવાજા ખુલ્લા જ રાખે.

સ. સુરક્ષા માટે દરવાજા બંધ રાખે છે.

દરવાજા બંધ રાખવા છતાં ય સુરક્ષા ક્યાં રહે છે? જે કાંઈ જાય છે તે આપણા નસીબથી જ જાય છે, કોઈ માણસ નથી લઈ જાતા. મળે છે નસીબથી, મળેલું ટકે છે નસીબથી અને સુરક્ષિત રાખેલું પણ જાય છે નસીબથી. આટલો વિશ્વાસ છે ને? તો પછી ચિંતા શા માટે કરવી? ત્યાર બાદ જણાવે છે કે ૩) સારું કાર્ય કરીને, કોઈને અનુકૂળ વર્ત્તન કરીને તે ગાવા ન બેસવું, મૌન જ રાખવું. આ તો જાત્રા કરીને આવે તોપણ એમ કહે કે 'સરસ જાત્રા થઈ ગઈ' ઉપરથી એમ કહેવું જોઈએ કે જાત્રાનું ફળ સંયમયાત્રા મળ્યું જ નથી તેથી જાત્રા બાકી રહી છે. કોઈ પૂછે કે ક્યાં ગયા હતા તો કહેવું કે 'હીરો ઘોઘે જઈ પાછો આવ્યો, કે ડેલીએ હાથ દઈને આવ્યો...' શાલિભદ્રજીના જીવે પૂર્વભવમાં રોઈરોઈને માંગેલી ખીર પણ તેની માતા પાણી ભરવા ગઈ ત્યારે ખાવા બેઠો અને તે જ વખતે સાધુમહાત્મા માસક્ષમણના પારણે વહોરવા આવ્યા તો તેમને બધી જ ખીર ઉલ્લાસપૂર્વક શુભભાવથી વહોરાવી દીધી. માત્ર આંગળીથી થાળી ચાટતો હતો તેટલામાં માતા આવી. માતાએ પૂછ્યું 'ખીર ખાધી?' પેલાએ માત્ર ડોકું ધુણાવ્યું.

સગી માતાને પણ કીધું નથી કે મેં ખીર વહોરાવી દીધી છે. આ તો સાધુસાધ્વી વહોરીને ગયા હોય તોય કહેવા બેસે કે 'આજે સારો લાભ મળ્યો': આ ગૃહસ્થનો સામાન્ય ધર્મ નથી. સારું કાર્ય કરીને કોઈને કહેવું નથી. ત્યાર બાદ ૪) સભામાં ઉપકારીના ઉપકારને યાદ કરવાનું જણાવ્યું છે. કોઈએ નાનો પણ ઉપકાર કર્યો હોય તો તેનું કથન ભર સભામાં કરવું છે. જેમ બ્રહ્મદત્ત ચક્રવર્તીને પેલા બ્રાહ્મણે ચક્રવર્તી થવા પહેલાં તેઓ ભૂખ્યા તરસ્યા રખડતા હતા ત્યારે એક ટંકનું ભોજન કરાવેલું. તે વખતે ચક્રવર્તીએ તેને કહેલું કે 'જ્યારે પણ તને બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા' એવું સાંભળવા મળે ત્યારે મારી પાસે આવજે. અને એ પ્રમાણે તે બ્રાહ્મણ આવ્યા પછી તેનો ઉપકાર લોકો આગળ જણાવ્યો અને એની ઈચ્છાને પણ પૂરી કરી. ત્યાર બાદ ૫) લક્ષ્મીનો ગર્વ કરવાની ના પાડી છે. આપણી પાસે લક્ષ્મી ગમે તેટલી હોય તોપણ તેનો ગર્વ નથી કરવો. દશાર્ણભદ્રે પોતાની લક્ષ્મીનો ઉત્સેક કર્યો તો ઈન્દ્રમહારાજાએ તેમને પ્રતિબોધ કરવા તેનાથી ઊંચી સામગ્રીથી સામૈયું કરીને તેનો ગર્વ ઉતાર્યો. ત્યાર બાદ ૬) કોઈને પણ ઉતારી પાડવાની બુદ્ધિથી તેની વાત ન કરવી. અને ૭) વ્યાખ્યાન-વાચનાદિના શ્રવણમાં ક્યારેય સંતોષ ન રાખવો. અધિક અધિક સાંભળવાની ઈચ્છા રાખવી. જેમ વ્યાપારીને પૈસામાં સંતોષ ન હોય તેમ સામાન્યગૃહસ્થને પણ તત્ત્વશ્રવણમાં સંતોષ ન હોય.

અહીં જે સાધારણગુણની પ્રશંસા બતાવી તેમાં પ્રશંસાનો અર્થ ગુણ ગાવા એવો નથી. માત્ર લૌકિક અને લોકોત્તરમાં સાધારણ ગુણોને સૌથી પહેલાં આગળ કરવા, જણાવવા- આટલો જ અર્થ કરવાનો છે. બાકી જે ગુણો લોકોત્તરમાર્ગના ન હોય અને લોકોત્તરમાર્ગનું કારણ ન બને તે ગુણો જ નથી માત્ર ગુણાભાસ છે. ગૃહસ્થપણાના ગુણો ગુણાભાસસ્વરૂપ છે, ગુણો તો સાધુપણામાં રહેલા છે. હવે આ રીતે સાધારણગુણો સાંભળીને જેનું મુખ પ્રસન્ન થાય તેને તેના કરતાં અધિક ગુણો સારી રીતે જણાવવાનું કહ્યું છે.

**तथा-सम्यक् तदधिकाख्यानमिति ।।४।। (६२)**

સાધારણગુણોથી પણ અધિક એવા ગુણોનું વર્ણન શ્રોતા આગળ કરવું. સામાન્ય ગુણો પામવાનું કામ તો સહેલું છે ને? આમાં નથી કોઈ પૈસાનો ભોગ આપવાનો, નથી તો સુખનો ભોગ આપવાનો, નથી શરીરનો ભોગ આપવાનો, નથી સમયનો ભોગ આપવાનો તો શા માટે આ ગુણો ગુમાવવા છે? હવે અધિક ગુણોની વાત કરવી છે.

**સ.** પેલા સાત ગુણો જ આવ્યા ન હોય તો?

ન હોય તો હવે બેવડી મહેનત કરવી છે. આગળના ગુણો પણ મેળવવાના અને

બાકી રહેલા ગુણો પણ આત્મસાત્ કરવાના. અધિકગુણોનું વર્ણન પણ સમ્યગ્રૂપે કરવું. સમ્યગ્ એટલે અવિપરીતપણે જણાવવું. અત્યાર સુધી લૌકિક માર્ગે જે ચાલતો હતો તેને હવે લોકોત્તર માર્ગે લાવવાનો છે. તેથી સમ્યગ્ રીતે અધિકકથન કરવું-એ જણાવ્યું. જે પણ વર્ણન કરીએ તે સમ્યગ્ રીતે-અવિપરીતપણે કરવાનું. કારણકે હવે ઈચ્છામાંથી તેને આજ્ઞાપાલન સુધી પહોંચાડવો છે. ઈચ્છા મુજબના ધર્મમાંથી આજ્ઞા મુજબના ધર્મમાં લાવવા માટે અવિપરીતપણે કથન કરવાનું. તેમાં કહેવું કે સર્વધર્મચારીઓને માટે પાંચ ગુણો પવિત્ર છેઃ અહિંસા, સત્ય, અચૌર્ય, મૈથુનનું વર્જન, પરિગ્રહનો ત્યાગ... આ ગુણો વિસ્તારથી અષ્ટકમાં જણાવ્યા છે. આ ગુણોનું વર્ણન તેની આગળ કરવું. ત્યાર બાદ

**तथा–अबोधेऽप्यनिन्दा ।।५।। (६३)**

કોઈ વાર આ સામાન્ય અને વિશેષગુણોનું વર્ણન કરવા છતાં જો કોઈ શ્રોતા બોધ ન પામે તો શ્રોતાની નિંદા ન કરે કે 'આટલું વિસ્તારથી સમજાવું છું, છતાં સમજતા કેમ નથી? ધ્યાન કેમ નથી આપતાં? આટલું કહેવા છતાં પણ તમે સમજતા નથી એટલે તમે મંદબુદ્ધિવાળા છો' આ રીતે શ્રોતાનો તિરસ્કાર ન કરવો. કારણ કે આ રીતે નિંદા કરવાના કારણે એવું બને કે શ્રોતા બોધ પામવા માટે તત્પર થયો હોય તો આવી નિંદાના કારણે તે વ્યાખ્યાનશ્રવણથી ઊભગી જાય અને બીજી વાર આવે જ નહિ. ઉપરથી એવા વખતે કંટાળ્યા વિના વારંવાર તેને સમજાવવું-તે માટે જણાવે છેઃ

**शुश्रूषाभावकरणमिति ।।६।। (६४)**

એવા વખતે શ્રોતા બોધના અભાવના કારણે કંટાળી ન જાય તે માટે ઉપરથી તેનો શુશ્રૂષાભાવ વધે, પેદા થાય તેવો પ્રયત્ન કરવાનો. જોકે અતત્ત્વની શુશ્રૂષા તો અનાદિકાળથી બધાને છે જ. તેથી ધર્મશાસ્ત્ર સાંભળવાની ઈચ્છા જાગે તેવો પ્રયત્ન ધર્માચાર્યોએ કરવાનો છે. શુશ્રૂષા પેદા કરાવ્યા વગર ધર્મનું શ્રવણ કરાવવામાં આવે તો ઉપરથી તે અનર્થનું કારણ બને છે. કહ્યું છે કે અનર્થીની આગળ જે વાણીનો પ્રયોગ કરાય છે તે વાણી કાં તો પિશાચની છે કાં તો વાયડી છે.

**तथा–भूयो भूय उपदेश इति ।।७।। (६५)**

જે શ્રોતા ઉપદેશથી પ્રતિબોધ ન પામે તેને શુશ્રૂષાભાવ પેદા કરાવીને પણ વારંવાર આ ધર્મોપદેશ આપવો. શ્રોતા પ્રતિબોધ ન પામે તો કંટાળવું નહિ-એ પ્રમાણે ધર્માચાર્યોને અહીં હિતશિક્ષા આપી છે. ઘણી વાર એવું બને કે તદ્ભવમુક્તિગામી એવા જીવો પણ છેલ્લા ભવમાં દુઃખે કરીને પ્રતિબોધ પામે છે. તેથી ધર્મની તારકતા સમજનાર

દેશકે ક્યારે પણ બીજા પ્રતિબોધ ન પામે તો કંટાળવું નહિ. જે ડોક્ટરને દર્દની ભયંકરતાનો ખ્યાલ હોય તે દર્દીની ઉપેક્ષા ક્યારે ય ન કરે. દર્દી સાજો ન થાય, દવા ન લે, ઢોળી નાંખે છતાં ડોક્ટર દર્દીની દવા કરતાં કંટાળે નહિ. જેઓ શ્રોતાને સમજતાં વાર લાગે ત્યારે ગુસ્સે થાય અથવા તો તેની નિંદા કરે તેઓ અજ્ઞાનની ભયંકરતા સમજ્યા જ નથી-એમ માનવું પડે. ધર્મની પ્રાપ્તિ કરવાનું કામ ખૂબ જ કઠિન છે-એનો ખ્યાલ ગ્રંથકારશ્રીને છે તેથી જ તેમણે આ ઉપદેશ આપ્યો. ગ્રંથકારશ્રી પોતે પહેલાં બ્રાહ્મણકુળમાં જન્મેલા અને પરમાત્માની પ્રતિમાને જોઈને તેમની ઠેકડી ઉડાવી હતી કે 'તમે મોટો તપનો ઉપદેશ આપો છો, પરંતુ તમારું હૃષ્ટપુષ્ટ શરીર જ જણાવે છે કે તમે કેવા સ્પષ્ટ-પ્રગટપણે મિષ્ટાન્ન ખાઓ છો..' આમ છતાં તેમની શુભભવિતવ્યતાના કારણે તેઓ ધર્મ પામ્યા અને પછી પરમાત્માની ઉપાસના શરૂ કરી. ધર્મ કેટલો દુર્લભ છે તેનો તેઓશ્રીને પૂરો ખ્યાલ છે માટે જ આવા ધર્મથી કોઈ વંચિત ન રહી જાય તે માટે વારંવાર ઉપદેશ આપવાનું જણાવ્યું છે. આ મહાપુરુષોની આપણી ઉપર અગાધ કૃપા છે. આવો દુર્લભ ધર્મ આપણને સાંભળવા, આચરવા માટે મળ્યો છે-એ આપણું પરમ સદ્‌ભાગ્ય છે. આમ છતાં આપણે ઘરનાને કેવા સંસ્કાર આપીએ? આ તો કહે કે ડોક્ટર બનાવીશું, ઈન્જિનીઅર બનાવશું, સી.એ. બનાવીશું, પણ એમ ન કહે કે સાધુ બનાવીશું. આ તો બ્રાહ્મણકુળમાં જન્મેલા હોવા છતાં આવા વિદ્વાન થયા અને સમર્થ આચાર્ય થયા. જ્યારે આપણે ત્યાં જૈનકુળમાં જન્મેલા પણ ડોક્ટર વગેરે બનાવવાના મનોરથ સેવે ને? તમારું જૈનપણું આમાં જ સમાયું છે ને?

સ. જૈન કોને કહેવાય? જે જિનની આજ્ઞા માને તે ને?

જે જિનને માને અને જિન સિવાય કોઈની આજ્ઞા ન માને તેનું નામ જૈન. જિનનું કહ્યું બધું જ આપણે ન માની શકીએ પણ જે જિન નથી તેની આજ્ઞા તો નથી જ માનવી: આનું નામ જૈન. સુદેવ, સુગુરુ, સુધર્મને સેવે તે સમકિતી: એવું નહિ, કુદેવ, કુગુરુ અને કુધર્મને તો ન જ માને તેનું નામ સમકિતી. સાચું માનવાનું કે સ્વીકારવાનું સત્ત્વ ન હોય તોપણ ખોટાને તો નથી જ માનવું. આપણે જે માન્યું તે છોડવું નહિ તેનું નામ મિથ્યાત્વ. અને આપણી માન્યતાને છોડીને ભગવાનની વાત માનવા તૈયાર થવું તેનું નામ સમ્યક્ત્વ. આખી દુનિયા પાપથી મળેલા દુ:ખને દુ:ખ માને છે, જ્યારે જૈન પુણ્યના ઉદયથી મળેલા સુખને પણ દુ:ખરૂપ માને છે. દુ:ખ કરતાં પણ સુખ જ ભૂંડું છે. સુખ એ આપણો શત્રુ છે કારણ કે સુખ ભોગવવાથી પુણ્ય પૂરું થાય છે. સુખ આપણું પુણ્ય પૂરું કરે છે જ્યારે દુ:ખ આપણા પાપને પૂરું કરે છે. માટે દુ:ખ આપણો મિત્ર છે. સુખ જો ભોગવવાનું બાકી રહેશે તો દેવલોકમાં જઈને પૂરું કરાશે. પણ દુ:ખ ભોગવવાનું જો બાકી રહેશે તો તે પાપકર્મો પૂરાં કરવા નરકાદિગતિમાં જવું પડશે.

સ. પાપના ઉદયથી મળે તે પણ દુઃખ, પુણ્યના ઉદયથી મળે તે પણ દુઃખ તો પછી સુખ કોને કહેવું?

સુખ તો જે અભ્યન્તર છે, આત્માનું છે તે જ છે. કર્મના ક્ષયથી કે ક્ષયોપશમથી જે મળે તે સુખ છે. કર્મના ઉદયથી મળે તે તો દુઃખ જ છે. પુણ્યના ઉદયથી જે મળે છે એને સુખ કહેવાનું કામ તો આપણે કરીએ છીએ. તમારી ભાષામાં કહીએ તો દવા લાગુ ન પડે તેનું નામ દુઃખ, દવા લાગુ પડે તેનું નામ સુખ અને દવા લેવાની જરૂર જ ન પડે તેનું નામ અભ્યંતર સુખ. દવા લેવાથી સારું લાગે તેને સુખ ન કહેવાય ને? તો પછી પુણ્યના ઉદયથી સારું મળે તેને સુખ કેમ કહેવાય? પૈસા ન મળે તે દુઃખ, પૈસો મળે તે સુખ અને પૈસાની જરૂર જ ન પડે તેનું નામ મહાસુખ.

સ. જેઓ સંસારના સુખના જ અર્થી હોય તેમને ઉપદેશ આપવો નહિ?

તેમની સુખની ઈચ્છા બાધિત કરવા માટે ઉપદેશ અપાય, સુખની ઈચ્છા પૂરી કરવા માટે નહિ. આથી જ ઉપદેશનો અધિકાર ગીતાર્થને છે. સુખના લાલચુ જીવો ધર્મ કરવા તત્પર બને તો બનવા દેવાના. માત્ર તેમને અવસરે અવસરે એ ઈચ્છા નાશ પામે એવો ઉપદેશ આપવો. સંસારના સુખની નિર્ગુણતાનું ભાન કરાવવા માટે જ તો દેશના આપવાની છે.

**तथा–बोधे प्रज्ञोपवर्णनमिति ।।८।। (६६)**

જેમ શ્રોતા ન સમજે તો તેની નિંદા નહિ કરવાની તેમ શ્રોતા જો એક વારમાં અથવા તો વારંવાર કીધા બાદ પ્રતિબોધ પામે તો તેની પ્રજ્ઞાનું ઉપવર્ણન કરવાનું અર્થાત્ તેની ઉપબૃંહણા કરવાની કે જેઓ લઘુકર્મી ન હોય તેઓ આવા પ્રકારના સૂક્ષ્મ અર્થોના બોધને પામતા નથી, તમને આ સૂક્ષ્મ અર્થો સમજાય છે તે તમારી લઘુકર્મિતાને સૂચવે છે. આ રીતે તેમને ઉત્સાહિત કરવા દ્વારા તેમનો ક્રમસર તન્ત્રમાર્ગમાં અર્થાદ્ આગમના શ્રવણમાં અવતાર કરાવી શકાય છે. આથી જ આગળના સૂત્રમાં જણાવ્યું છે કે આગમ પ્રત્યે બહુમાન પેદા કરાવવા દ્વારા તેનો તંત્ર-આગમમાં અવતાર કરાવવો.

**तथा–तन्त्रावतार इति ।।९।। (६७)**

જ્યાં સુધી આગમ પ્રત્યે બહુમાન ન જાગે ત્યાં સુધી આપણો ધર્મ કે આપણી ક્રિયાઓ લેખે લાગતી નથી. આપણે આગમમૂલક અનુષ્ઠાન પણ આપણી ઈચ્છા મુજબ જ કરીએ છીએ-માટે તે અનુષ્ઠાનો ફળીભૂત થતાં નથી. આપણે આપણી રુચિથી અનુષ્ઠાન કરીએ તેના બદલે શાસ્ત્રરુચિથી ક્રિયા કરીએ તેનું મહત્ત્વ ઘણું છે. આજે આપણને ગમે છે માટે આપણે ધર્મ કરીએ છીએ, શાસ્ત્ર કહે છે માટે ધર્મ કરીએ છીએ-

એવું નથી; તેથી જ આપણે ધર્માત્મા બનવા છતાં ધર્મનું ફળ પામવાની યોગ્યતા ગુમાવી બેઠા છીએ. એના બદલે તો કોઈ સંયોગોમાં આગમાનુસારી ક્રિયા ન કરી શકીએ છતાં પણ આગમ પ્રત્યે બહુમાનભાવ જો હોય તો તેનું ફળ ઘણું છે. ભગવાનના શાસનમાં પ્રવેશ પામવાનો ઉપાય એક જ છે કે ભગવાને ભાખેલા આગમ પ્રત્યે બહુમાન પેદા કરવું. આગમ પ્રત્યે બહુમાન જાગે નહિ, ત્યાં સુધી ભગવાનના શાસનની ક્રિયાઓ કરવા છતાં ભગવાનના શાસનમાં પ્રવેશ પામી નહિ શકાય. ધર્મ એ ભવરોગને દૂર કરવા માટેનું ઔષધ છે અને આગમ પ્રત્યેનું બહુમાન એ રોગપ્રતિકારક શક્તિ છે. જેને આગમ પ્રત્યે બહુમાન હોય તે કોઈ સંયોગોમાં ધર્મરૂપ ઔષધ ન લઈ શકે તોપણ તે ભવરોગનો પ્રતિકાર કરવા માટે સમર્થ બને છે. ચોથા ગુણઠાણે રહેલા અવિરતસમ્યગ્દષ્ટિ આત્માઓ ક્રિયાના અભાવમાં પણ નિર્જરા સાધે છે તે પ્રભાવ આ આગમના બહુમાનનો છે. જ્યારે છઠ્ઠેસાતમે ગુણઠાણે પહોંચેલા આત્માઓ પણ જો આગમ પ્રત્યેનું બહુમાન ગુમાવી બેસે તો તેઓ પણ પાપનું ઉપાર્જન કરી નરકાદિ ગતિના ભાગી બને છે. ભગવાનના શાસનની કોઈ પણ ક્રિયાનો સ્થાયીભાવ આ આગમ પ્રત્યેનું બહુમાન છે. ક્રિયામાં રસને પેદા કરવાનું કામ પણ આ આગમનું બહુમાન જ કરે છે. તમે ઘણી વાર ફરિયાદ કરો છો કે સાચા સાધુ ઓળખાતા નથી. આ ફરિયાદનો નિકાલ આનાથી જ થઈ જાય છે. જે સાધુ આગમ જોવાની ના પાડે, શાસ્ત્રને બાજુએ મૂકીને એકતાની જ વાતો કરે તે સાચા સાધુ નથી-એ સ્પષ્ટ થઈ જાય છે ને? શ્રાવકો આગમ ભણી ન શકે, વાંચી ન શકે, પરંતુ સાધુભગવંત પાસે આગમનું શ્રવણ કરી શકે છે. આ તો પોતે શાસ્ત્રમાં ન હોય તેવી પ્રવૃત્તિ શરૂ કરે અને પછી આપણે ના પાડીએ તો શાસ્ત્રપાઠ માંગે! આ તો પૂછે કે સરસ્વતીપૂજન કેમ ન કરાય? આપણે કહેવું પડે કે આપણા શાસ્ત્રમાં દેવદેવીની પૂજા વિહિત નથી,માટે તે પૂજન ન ભણાવાય. અધિષ્ઠાયક દેવદેવીનું સ્મરણ હોય, એ પણ પ્રતિક્રમણ કે દેવવંદનાદિમાં જેટલું વિહિત છે એટલું જ કરવાનું. શાસ્ત્રમાં જેટલું કહ્યું છે એટલું ન કરી શકો એ બને, પરંતુ શાસ્ત્રમાં જે કહ્યું ન હોય તેવું અનુષ્ઠાન આપણે શરૂ નથી કરવું. જે કોઈ પણ કાર્ય કરવું હોય તેનો વિધિ આગમમાં કયો છે તે જાણીને પછી જ તે કાર્ય કરવું. આગમ પ્રત્યે બહુમાન કેળવવું હોય તો તે માટે આગમનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો જ પડશે. આજે તો જેમને શાસ્ત્રનું જ્ઞાન નથી, એવાઓ ટ્રસ્ટી થઈને બેઠા છે. જેને શાસનના કાયદાનું જ્ઞાન ન હોય તેઓ તે શાસનના ટ્રસ્ટી થાય તો શાસનની શી દશા થાય? આગમનું જ્ઞાન મેળવીને જ પ્રવૃત્તિ કરવી છે. જાત્રા કરવા જવું હોય તો ગુરુ ભગવંત પાસે પૂછવા જવું કે 'મારે જાત્રા કરવા જવું છે, તેનો વિધિ સમજાવો' ત્યારે ગુરુભગવંત સમજાવશે કે મફતમાં ટિકિટ લેવી નહિ, લાંચ આપીને ન જવું. અહીંથી નીકળ્યા પછી પાછા આવો ત્યાં સુધી પ્રતિક્રમણ ચૂકવું નહિ, બ્રહ્મચર્યનું પાલન કરવું,

એકાસણું કરવું, જાત્રાને દિવસે ઉપવાસ કરવો, પારણું પાલિતાણાની બહાર કરવું... વગેરે વગેરે..'નહિ તો એકેક ડગલું ભરતો જાય અને પાપ બાંધતો જાય-એવી દશા થાય.

હવે શાસ્ત્ર પ્રત્યે બહુમાન કેવી રીતે પેદા કરાવવું તે જણાવવા માટે અહીં શાસ્ત્રનો મહિમા જણાવનારા થોડા શ્લોકો આપ્યા છે. જે આસન્નભવ્ય હોય અર્થાદ્ બેત્રણ ભવમાં મોક્ષે જવાની યોગ્યતા ધરાવતા હોય, મતિમાન હોય, શ્રદ્ધાથી સમન્વિત હોય તેવો આત્મા પરલોકસંબંધી વિધિમાં શાસ્ત્રને છોડીને અન્ય કોઈની અપેક્ષા રાખતો નથી. અર્થ અને કામના વિષયમાં તો લોકો ઉપદેશ વિના પણ હોશિયાર છે, કોઈ ન શિખવાડે તોપણ લોકો જાતે કમાતા અને સુખ ભોગવતા થઈ જાય છે જ્યારે ધર્મ તો શાસ્ત્ર વિના થઈ શકતો નથી તેથી ધર્મ માટે શાસ્ત્રમાં આદર કરવો હિતકારી છે. અર્થનું ઉપાર્જન જો અવિધિથી કરવામાં આવે તો તેના કારણે મનુષ્યોને અર્થ મળે નહિ-એટલું જ, જ્યારે ધર્મ જો અવિધિથી કરવામાં આવે તો ઉપરથી અત્યંત અનર્થની પ્રાપ્તિ થાય છે. જેમ ચિકિત્સા અવિધિથી કરવામાં આવે તો તેના કારણે રોગ વકરે અને ભયંકર અનર્થ થાય છે તેમ અહીં સમજવું.

શાસ્ત્રનો મહિમા જાણ્યા વિના તેની પ્રત્યે બહુમાન પેદા કરાવી શકાય એવું નથી. જો શાસ્ત્રની ઉપયોગિતા જ ન જાણીએ તો તેની પ્રત્યે બહુમાન જાગે તેમાં તથ્ય નથી. આજે સાધુ-સાધ્વીને પણ શાસ્ત્ર પ્રત્યે બહુમાન નથી, ક્રિયા પ્રત્યે બહુમાન છે. ક્રિયા રહી જાય એનું દુઃખ થાય પણ આજ્ઞા મુજબ નથી થતું એનું કોઈ દુઃખ નથી. જે કરીએ છીએ તે ભગવાનની આજ્ઞા છે માટે કરીએ છીએ-એવું નથી, કર્યા વગર ચાલે એવું નથી માટે કરીએ છીએ. આજે સાધુસાધ્વી ભિક્ષાએ ન જાય અને તમારા ઘરે યજમાનની જેમ આવે તો તમને સાધુ અતિ શિથિલાચારી છે-એવું લાગે ને? જો સાધુસાધ્વી આટલું શાસ્ત્રનું ન માને તો તમને ન ગમે, તો તમે શાસ્ત્રથી વિપરીત જેટલી પ્રવૃત્તિ કરો છો-તેનું શું? આટલો તો વિચાર આવવો જોઈએ ને? ભગવાને તમને કે અમને બધું કરવાનું કહ્યું જ નથી. પરંતુ જે કરીએ તે આજ્ઞા મુજબ જ કરવું છે. શાસ્ત્ર જે કહે તેને હાથ જોડીને, માથું નમાવીને સ્વીકારી લેવું છે. શાસ્ત્ર સામે કુતર્ક કરે તે સમ્યગ્દર્શન પણ ન પામી શકે. આમ છતાં છઠ્ઠેસાતમે ગણાતા શાસ્ત્રના વિષયમાં કુતર્ક કરે તો માનવું પડે ને કે સમ્યક્ત્વ ગુમાવવાની ચેષ્ટા છે? કુતર્કનો અંત ક્યારે પણ આવે એવું નથી. કુતર્કનો નમૂનો શાસ્ત્રમાં જણાવ્યો છે કે પાણીનો શીત સ્વભાવ હોવા છતાં કોઈ કહે કે 'પાણીનો બાળવાનો સ્વભાવ છે, માત્ર અગ્નિના સંનિધાનમાં'...આટલું કહે તો તેની સામે કોઈ જવાબ આપી શકાય એવું નથી ને? આ રીતે કુતર્કનો અંત આવતો ન હોવાથી તેનું નિરાકરણ કરી શકાય એવું નથી. એ કુતર્કનો ત્યાગ કરવો જ પડશે. ધન કમાવામાં

અવિધિ કરવાથી પૈસો નહિ મળે એટલું જ જ્યારે ધર્મ જો કુતર્કના કારણે અવિધિથી કરવામાં આવે તો ઉપરથી અનર્થ થાય. ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ ન કરીએ તો મોક્ષે તો ન જાય અને ઉપરથી નરકાદિગતિનાં ભાજન બને. શાસ્ત્રમાં કીધેલી ક્રિયા કર્યા વિના ન રહીએ, પરંતુ શાસ્ત્રથી વિપરીત રીતે, અવિધિથી ક્રિયા નહિ જ કરીએ–આનું નામ શાસ્ત્ર પ્રત્યેનું બહુમાન. ક્રિયાના બહુમાનથી મોક્ષે નહિ જવાય, શાસ્ત્ર પ્રત્યેના બહુમાનથી જ મોક્ષે જવાશે. તેથી ધર્મના અર્થીએ સદા માટે શાસ્ત્રમાં જ પ્રયત્ન કરવો જોઈએ. શાસ્ત્રના વિષયમાં કરાતો પ્રયત્ન જેનો છે તે જ પ્રશસ્ત છે. કારણ કે મોહના અંધકારથી વ્યાપ્ત એવા આ લોકમાં શાસ્ત્રરૂપી પ્રકાશ જ આપણને પ્રવર્ત્તાવનારો છે. ત્યાર બાદ જણાવે છે કે પાપરૂપી રોગને દૂર કરવા માટે શાસ્ત્ર ઔષધરૂપ છે અને પુણ્યરૂપી ભોગનું કારણ શાસ્ત્ર છે. આપણી ચક્ષુ તો એક જ દિશામાં કામ કરે તે પણ સામે પડેલું જુએ. જ્યારે શાસ્ત્ર તો સર્વ દિશામાં પહોંચે એવી ચક્ષુ છે અને શાસ્ત્ર સર્વ અર્થનું સાધન છે. જેને આગમ પ્રત્યે બહુમાન ન હોય તે ગમે તેટલી ધર્મક્રિયા કરે તોપણ તે ક્રિયા આંધળો માણસ જોવા માટે આંખો પહોળી કરે તેના જેવી છે. જેમ આંધળાની જોવાની પ્રવૃત્તિ નિષ્ફળ છે તેમ કર્મદોષના કારણે આગમના બહુમાન વગરની ક્રિયા અસત્ ફળવાળી છે. જે શ્રદ્ધાથી યુક્ત છે, માનનીય એવા અરિહંતાદિને માને છે, પોતાના અહંકારથી વર્જિત છે તેવા ગુણાનુરાગી મહાભાગ્યશાળીની ધર્મક્રિયા શ્રેષ્ઠ કોટિની છે. જેને શાસ્ત્ર પ્રત્યે અનાદર હોય તેના શ્રદ્ધા વગેરે ગુણો એ ઉન્મત્ત અર્થાત્ ગાંડા માણસના ગુણો જેવા હોવાથી તે પ્રશંસાસ્પદ નથી. જેને શાસ્ત્ર પ્રત્યે આદર ન હોય, શાસ્ત્રને બાજુ પર મૂકવાનું કહેતા હોય તેનું ચારિત્ર ગમે તેટલું નિર્દોષ હોય તોપણ તે ભાન ગુમાવી બેસેલા માણસના ગુણો જેવું છે–એમ સમજવું. તેવા ચારિત્રની પ્રશંસા ન કરવી. મલિન એવા વસ્ત્રને શુદ્ધ કરવા માટે જેમ જળની જરૂર છે, તેમ અંતકરણરૂપી રત્નને શુદ્ધ કરવા માટે શાસ્ત્રની જરૂર છે–એમ પંડિતજનો કહે છે. શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ જ મુક્તિરૂપી સ્ત્રીને ભેટવા માટે શ્રેષ્ઠ દૂતી સમાન છે–એવું જગદ્વંદ્ય એવા તીર્થંકરપરમાત્માઓએ કહ્યું છે.માત્ર દેરાસરમાં જઈને કરાતી ભગવાનની ભક્તિની આ વાત નથી. શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ જ મોક્ષે પહોંચાડનારી છે. તેથી મોક્ષની પ્રાપ્તિના આસન્નભાવથી આ શાસ્ત્ર ઉપર જ ભક્તિ પ્રગટાવવી એ જ ન્યાયયુક્ત છે.

જે કામ વિધિપૂર્વક કરીએ અને જે કામ અવિધિથી કરીએ: એ બેમાં ઘણું અંતર છે તેથી જ આજે આપણે ફળથી વંચિત રહ્યા છીએ: માત્ર મુમુક્ષુને જ નહિ, આચાર્યભગવંતને પણ વિધિનો આગ્રહ હોવો જોઈએ. આચાર્યભગવંત દેશના જો વિધિ મુજબ ન આપે તો તેઓ ફળ સુધી પહોંચી શકતા પણ નથી અને પહોંચાડી શકતા પણ

નથી. 'સાવ ન કરીએ તેના કરતાં અવિધિથી થોડુંઘણું કરીએ તોપણ થોડુંઘણું તો ફળ મળે' આ વાત મગજમાં એવી ઘૂસી ગઈ છે કે જેથી હવે વિધિનો આગ્રહ પેદા કરાવવાનું કામ કપરું છે. ધર્મ કરવામાત્રથી નિસ્તાર ન થાય, જે રીતે જે કાળે ધર્મ કરવાનું કહ્યું હોય તે રીતે તે કાળે ધર્મ કરીએ તો જ નિસ્તાર થાય. સ્ટેશન ઉપર જઈને ગાડીમાં બેસવા પહેલાં માઈક ઉપર જેટલી જાહેરાતો થાય તે બધી સાંભળીને પછી જ ગાડીમાં જઈને બેસો ને? કે ગમે તે ગાડીમાં ગમે તેટલા વાગે બેસી જાઓ? ત્યાં થોડુંઘણું તો ફળ મળશે-એવું માનો ખરા? અને અહીં ધર્મ સાંભળ્યા વિના ધર્મ કરવાની શરૂઆત કરી દીધી છે ને? અનુષ્ઠાન આજ્ઞા મુજબ જ કરવું છે આવો આગ્રહ જ નથી ને? શાસ્ત્રમાં કહ્યું છે કે અનુષ્ઠાન સાથે આજ્ઞા ભળે તો મોક્ષ મળે અને અનુષ્ઠાનમાંથી આજ્ઞાની બાદબાકી થાય તો મોક્ષનો અભાવ થાય, સંસારમાં જ રખડવું પડે.

**તથા-પ્રયોગ આક્ષેપણ્યા इति ।।१०।। (६८)**

અહીં જણાવ્યું છે કે તન્ત્રાવતાર કરવો હોય તો સૌથી પહેલાં મુમુક્ષુને શાસ્ત્ર પ્રત્યે બહુમાન પેદા કરાવવું. શાસ્ત્રની વાત સાંભળીને જેનું મોઢું બગડે તે શ્રોતાને અયોગ્ય જાણવો. શાસ્ત્રની વાત સાંભળતાંની સાથે જે ટટ્ટાર થાય, ઊંચો થાય તે મુમુક્ષુ લાયક છે-એમ સમજવું. હવે જે શ્રોતાનું મોઢું બગડે તેને પણ પડતો ન મૂકવો પરંતુ તેને આક્ષેપિણી કથા વડે માર્ગ પ્રત્યે આકર્ષિત કરવો. જેમ ડોક્ટરને ત્યાં આવેલ દર્દીને ચિકિત્સા જલદ લાગે તો દર્દીનું મોઢું બગડે પરંતુ ડોક્ટર એની ઉપેક્ષા ન કરે. કારણ કે ડોક્ટરને દર્દની ભયંકરતાનો ખ્યાલ હોય છે. તેથી તે દર્દીને ચિકિત્સા માટે તૈયાર કરે છે. તેમ અહીં પણ આચાર્યાદિભગવંતો આક્ષેપણી કથા વડે શ્રોતાને તત્ત્વ પ્રત્યે આકૃષ્ટ કરે છે. શ્રોતાને જે ગમે તે સંભળાવીને તેને ખેંચવો એવી વાત નથી. શ્રોતા માર્ગ પ્રત્યે ખેંચાય એવો પ્રયત્ન કરવો તેનું નામ આક્ષેપણી કથા. આક્ષેપણીકથાની વ્યાખ્યા કરતાં અહીં જણાવ્યું છે કે જેના કારણે ભવ્ય જીવો મોહમાંથી તત્ત્વ પ્રત્યે આકર્ષિત થાય તેને આક્ષેપણી કથા કહેવાય છે. મોહ એટલે અજ્ઞાન. અજ્ઞાનમાં અટવાતા જીવો તત્ત્વ પ્રત્યે આકર્ષાય એવો પ્રયત્ન આચાર્યભગવંત કરે. આજે તો આક્ષેપણી કથાના નામે લોકોને સુખ પ્રત્યે આકર્ષિત કરવાનું બને છે-તે યોગ્ય નથી. ધર્મથી સુખ મળે છે-એમ સમજાવીને લોકોને ધર્મ કરતા કરવા તેનું નામ મોહ અને ધર્મ કરવાથી સુખની જરૂર પડતી નથી-એમ સમજાવવું એ મોહમાંથી તત્ત્વ તરફ લઈ જવા સ્વરૂપ છે. સુખ મળે છે માટે ધર્મ કરવો તે મોહ અને સુખ જોઈતું નથી માટે ધર્મ કરવો તેનું નામ તત્ત્વ. આ રીતે મોહથી તત્ત્વ તરફ લઈ જવું તે આક્ષેપણી કથા છે. આ કથા ચાર પ્રકારની છે: ૧.

આચાર, ૨. વ્યવહાર, ૩. પ્રજ્ઞપ્તિ, ૪. દષ્ટિવાદ.

આપણે જોઈ ગયા કે શ્રોતાને માત્ર શ્રવણ પ્રત્યે જકડી રાખે તે આક્ષેપણી કથા નથી, મોહમાંથી શ્રોતાને ખસેડીને તત્ત્વ પ્રત્યે આકૃષ્ટ કરે તેને આક્ષેપણી કથા કહેવાય છે. બાકી કથા કહો તો નાના છોકરાઓ પણ રસથી સાંભળે છે.

**સ.** કથાનુયોગ પણ બાલજીવો માટે ઉપયોગી છે ને?

આપણે ત્યાં કથાનુયોગ પણ ચરણકરણાનુયોગને અનુકૂળ હોય તો તે અનુયોગ કહેવાય, બાકીની કથા તો વિકથા છે. જેમાં માત્ર રાજારાણીની વાત આવે, ખાધુંપીધું ને મોજ કરી-એ જ વાત આવે તે કથાનુયોગ નથી. જેમાં ચારિત્રની વાત આવે તે ચરણકરણાનુયોગ છે. લોકો વક્તા પાછળ ખેંચાય તે આક્ષેપણી કથા નથી, લોકો તત્ત્વ તરફ ખેંચાય તે આક્ષેપણી કથા છે. તમે અમારી પાછળ ફરતા થાઓ તે આક્ષેપણીકથા નથી તમે શાસન પાછળ ફરતા થાઓ તે આક્ષેપણી કથા છે. આજે તો શાસન પર આક્ષેપ કરનારી કથા પણ લોકોને વક્તા પાછળ ફરતા કરનારી હોવાથી આક્ષેપણી કથા કહેવાય છે-આ આક્ષેપણી કથા નથી. તમે બાલજીવોની વાત કરો છો, પરંતુ બાલ જીવોને મૂરખ બનાવવા છે કે વિદ્વાન બનાવવા છે? જો વિદ્વાન બનાવવા હોય તો એ કથા ભવની વ્યથા દૂર કરનારી જ હોવી જોઈએ. આક્ષેપણી કથા ચાર પ્રકારની છે: તેમાંથી સૌથી પહેલાં આચારકથા જણાવી છે. એમાં જ્ઞાનાચારાદિની કથા છે. તમને આચારની વાત ગમે ને? કે આચાર પ્રત્યે નફરત છે? તેમાં ય જ્ઞાનાચાર સૌથી પહેલો. કારણ કે ભણવાનું આપણને ગમતું નથી. તમે ધર્મની શરૂઆત દર્શન, પૂજા, વગેરેથી કરો ને? અહીં ભણવાથી આચારની શરૂઆત કરી છે. તમને બીજા આચારો ફાવી જાય પણ ભણવાનો આચાર આકરો લાગે ને?

**સ.** ભણેલું ભુલાઈ જાય છે, યાદ નથી રહેતું, માટે આકરું લાગે છે.

એટલે નક્કી છે કે ભણવાનું આકરું છે નહિ, માત્ર આકરું લાગે છે. અને આકરું લાગે છે-એનું કારણ એ છે કે ભણવાનો અભ્યાસ પાડ્યો નથી. તમને ધનનો અભ્યાસ છે. માટે ધન કમાવાનું આકરું નથી લાગતું. બાકી અસલમાં તો ધન કમાવાનું અઘરું છે, જ્ઞાન ભણવું કઠિન નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે જ્ઞાનરૂપી ધનને ન તો ચોરીનો ભય છે, ન તો આગનો ભય છે, ન તો પાણીનો ભય છે. જે ભણીએ તે એકાગ્રતાપૂર્વક ભણે, રસથી ભણે અને સ્વાધ્યાય અનવરત ચાલુ રાખે તો ભુલાવાનું કોઈ કારણ નથી.

**तथा–ज्ञानाद्याचारकथनमिति ।।११।। (६९)**

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારઃ આ પાંચ પ્રકારના આચારનું કથન શ્રોતા આગળ કરવાથી અનાચારસંબંધી મોહ-અજ્ઞાન દૂર થાય છે અને આચાર સ્વરૂપ તત્ત્વ પ્રત્યે તે આકૃષ્ટ થાય છે. આ કથા એટલે પદાર્થોનું કથન કરવું-એટલો જ અર્થ છે, અહીં રાજારાણીની કથા નથી. જે મહાપુરુષોનાં કથાનકો શાસ્ત્રના પાને વર્ણવ્યાં છે તેમાંથી પણ તમને જે ફાવે એ જ પકડો છો ને? શાલિભદ્રજીની કથા સાંભળીને તમે શું યાદ રાખ્યું? નવ્વાણું પેટી કે દીક્ષા? શાલિભદ્રજીનું કથાનક સાંભળીને તો ઉપરથી સુખ છોડવાનું અને દીક્ષા લેવાનું કામ એકદમ સરળ છે-એમ લાગ્યા વિના ન રહે. જેઓ ફૂલની શય્યામાં સૂતા હતા તેઓ તપેલી પથ્થરની શિલા ઉપર સંથારો કરીને સૂઈ શકે તો આપણને તો દીક્ષામાં કોઈ વાંધો નથીઃ ખરું ને? શાલિભદ્રજી પાસે જેવું સુખ હતું એવા સુખનો તો છાંટો પણ આપણી પાસે નથી. જો આટલા સુખશીલ માણસ પણ સુખ છોડીને મજેથી દીક્ષા પાળી શકે, તો આપણને તો દીક્ષા લેવામાં કોઈ તકલીફ જ નથીઃ એવું થાય ને? આ રીતે દીક્ષા પ્રત્યે પ્રીતિ જાગે અને દીક્ષા લઈશું તો દુઃખી થઈશું-આ ભ્રમ ભાંગી જાય તો સમજવું કે હવે કથાનુયોગ ફળ્યો.

જ્ઞાનાચારાદિ પાંચ આચારમાં સૌથી પહેલાં આઠ પ્રકારનો જ્ઞાનાચાર જણાવ્યો છે. ૧. કાલ-અંગપ્રવિષ્ટાદિ જે શ્રુત છે તેનો જે કાળ બતાવ્યો હોય તે કાળે જ તેનું અધ્યયન કે સ્વાધ્યાય કરવો, એ સિવાયના કાળે ન કરવો. અહીં કદાચ કોઈ એવી શંકા કરે કે ભણવાનું કાર્ય તો પરમમંગલમય છે એ તો જ્યારે કરો ત્યારે સારું જ છે તો તેમાં કાળનો આગ્રહ શા માટે? તો તેના નિરાકરણમાં દૃષ્ટાંતથી જણાવે છે કે ખેતી વગેરે તેના કાળે કર્યા હોય તો જ તે ફળ આપે છે, વિપરીત કાળે કરવામાં આવે તો, અનાજ તો ન આવે અને ઉપરથી બીજ પણ નકામું જાય છે. કાળે જ શા માટે ભણવું-આવી શંકાના નિરાકરણમાં અહીં એક જ હેતુ જણાવ્યો છે કે ભગવાનનું વચન છે માટે. ભગવાને કાળે ભણવાનું કહ્યું છે માટે કાળે ભણવું-એમાં બીજી કોઈ દલીલ કે યુક્તિ શોધવી નહિ. ત્યાર બાદ વિનયપૂર્વક ભણવાનું જણાવ્યું છે. ગુરુના વિનય વિના વિદ્યા મળતી નથી. અને કદાચ વિનય વિના વિદ્યા મળી ગઈ હોય તો તે વિદ્યા ફળતી નથી.

મુમુક્ષુ આત્માને લૌકિક માર્ગમાંથી લોકોત્તરમાર્ગમાં અને લોકોત્તરમાર્ગમાંથી લોકના અગ્રભાગ સુધી પહોંચાડવા માટે આક્ષેપણી વગેરે કથાનું નિરૂપણ છે. તેમાં સૌથી પહેલાં જ્ઞાનાચારની વાત છે. જ્યાં સુધી અનાચારનું જ્ઞાન ન થાય ત્યાં સુધી આચારનું પાલન કરી નહિ શકાય. તેથી જ આચારમાં પણ સૌથી પહેલાં જ્ઞાન પામવા માટેનો આચાર જણાવ્યો છે. આજે તમને આચાર જેટલા ગમે છે તેટલું જ્ઞાન નથી ગમતું. પરંતુ આચારની શરૂઆત જ્ઞાન ભણવાથી થાય છે. આ જ્ઞાન કાળે જ ભણવાનું. વિનય અને

બહુમાનપૂર્વક ભણવાનું છે. ગુરુ ભગવંત આવે ત્યારે ઊભા થવું, ત્યારથી માંડીને તેમને પગ ધોવડાવવા વગેરે પ્રવૃત્તિ તે વિનય છે અને બહુમાન આંતરિક પ્રીતિસ્વરૂપ છે. ગુરુના વિનય અને બહુમાન વિના જ્ઞાન મળે જ નહિ. અવિનયથી અબહુમાનપૂર્વક જે ભણે તેને જ્ઞાન કદાચ મળે તોપણ જ્ઞાનનું ફળ તો મળતું જ નથી. તમારે માબાપનો અને અમારે ગુરુનો વિનય કરવો જ પડશે. આપણે ગમે તેટલા જ્ઞાની બનીએ તોપણ આપણા વડીલ કરતાં નાના છીએ-એટલું કાયમ યાદ રાખવું. ગમે તેટલો જ્ઞાની પણ ગુરુની આગળ ન આવે. ગુરુ કદાચ તેની પરીક્ષા માટે આગળ કરે તોપણ વિનયી શિષ્ય કહી દે કે 'મારે આગળ ન અવાય, જ્ઞાન ભલે મારી પાસે હોય પરંતુ ભણાવ્યો તો આપે જ છે, શ્રુતજ્ઞાન કદાચ મારી પાસે વધારે હશે તો ય મતિજ્ઞાનનો ક્ષયોપશમ આપની પાસે છે-એ મારી પાસે નથી...' આવું આવું કહીને ગુરુને આગળ કરે. આ સાંભળીને ગુરુ પણ રાજી થાય. આ વિનય વિના જ્ઞાન પચતું નથી. જેમ તમારે ત્યાં અનીતિનો પૈસો ટકતો નથી, ફળતો નથી, તેમ અમારે ત્યાં અવિનયપૂર્વકનું જ્ઞાન ટકતું નથી, ફળતું નથી. નીતિ કહો કે વિનય કહોઃ બંન્ને એક જ છે. જેના વડે મોક્ષની પ્રાપ્તિ થાય તેનું નામ નીતિ, અને જેનાથી આઠ કર્મનો ક્ષય થાય તેનું નામ વિનય. આ રીતે વિનયબહુમાનથી ભણવાનું.

સ. પહેલા સંઘયણમાં ગાથા જલદી ચઢતી હશે ને? છેવઠ્ઠામાં વાર લાગે!

જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને સંઘયણ સાથે સંબંધ નથી. માષતુષ મુનિને પહેલું સંઘયણ હતું, છતાં તેમને ગાથા બાર વરસ સુધી ચઢી નહિ, તમારો ક્ષયોપશમ તો છઠ્ઠા સંઘયણમાં પણ તેમના કરતાં સારો છે ને? સંઘયણ માત્રથી નિસ્તાર નથી થતો, સાથે સત્ત્વ કેળવવું પડે. આ સત્ત્વ સંસારની નફરતમાંથી પેદા થાય છે. કર્મને જીતવાનું કામ આ સત્ત્વના યોગે જ થાય છે. કર્મને જીતવા માટે સંસારને લાત મારીને કાઢવો પડશે. આમે ય શત્રુ આગળ તો તમે સત્ત્વશાળી છો જ, માત્ર સુખમાં જ ઢીલાઢસ થઈ જાઓ છો. તેથી સૌથી પહેલાં સંસારને લાત મારવાનું સત્ત્વ કેળવવું છે. વિનય પછી બહુમાન બતાવ્યું છે. બહુમાન એટલે આંતરિક પ્રીતિ. સુખ ઉપર જેટલું બહુમાન છે એટલું બહુમાન જ્ઞાન પ્રત્યે હોવું જોઈએ. સુખ અને જ્ઞાનઃ એ બંન્ને આત્માના જ ગુણો છે. છતાં સુખ જેટલું બહુમાન જ્ઞાન ઉપર નથી, તે કેળવી લેવું. ભગવાનનું આગમ સર્વ દોષથી રહિત છે. બીજાં આગમો એકાન્તવાદના પાયા ઉપર મંડાયેલાં હોવાથી દોષિત છે. સર્વજ્ઞનાં આગમ અનેકાન્તવાદના પાયા ઉપર રચાયેલાં છે, આથી જ તે દોષરહિત છે. સર્વજ્ઞશાસનનું મંડાણ એકાન્તવાદના ખંડનપૂર્વક જ કરાય છે. એકાન્તવાદના દોષો બતાવવા દ્વારા જ અનેકાન્તવાદની સર્વોપરિતા સિદ્ધ થાય છે. એકાન્તવાદીઓમાં પરના

ખંડનનું સામર્થ્ય નથી. કારણ કે જે સ્વયં દોષયુક્ત હોય તે બીજાના દોષો કાઢવા માટે સમર્થ બની શકતા નથી. સર્વજ્ઞનું આગમ નિર્દોષ હોવાથી જ બીજાના દોષો કાઢીને બતાવવા માટે સમર્થ છે. આ રીતે સર્વજ્ઞભગવંતના આગમ પ્રત્યે અને એનું અધ્યયન કરનારા જ્ઞાની પ્રત્યે વિનયબહુમાનભાવ કેળવવો એ બીજો અને ત્રીજો જ્ઞાનાચાર છે.

ત્યાર બાદ ચોથો જ્ઞાનાચાર ઉપધાન જણાવ્યો છે. શ્રુતના ગ્રહણ માટે જે જે આગાઢાદિ યોગનું વિધાન કર્યું છે, તેને ઉપધાનતપ કહેવાય છે. ઉપધાન એટલે જેના કારણે શ્રુતજ્ઞાન નજીક આવે, પુષ્ટ થાય તેવો તપ. ઉપધાન વિના નવકારમંત્ર પણ ભણવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ઉપધાન વિના જે આવશ્યકાદિ સૂત્રો ભણાવાય છે તે ઉછીના ભણાવાય છે. જો ઉપધાનતપ પૂર્ણ કરીએ તો જ આ સૂત્રગ્રહણનું દેવું પૂરું થાય છે અને તેથી સૂત્ર ભણવાનો કે બોલવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જેઓ ઉપધાનતપ કરાવે છે તેમનો આશય પણ આ એક જ હોય છે કે લોકોને શ્રુતગ્રહણ માટેની યોગ્યતા પ્રાપ્ત કરવાની અનુકૂળતા કરી આપવી. આપણે એ અનુકૂળતા લઈને પણ તપસ્વાધ્યાયાદિ દ્વારા ઉપધાનતપની આરાધના દ્વારા શ્રુતગ્રહણ માટે યોગ્ય બનવું છે. ઉપધાનપૂર્વકનું શ્રુતગ્રહણ જ સફળ છે.

પાંચમો જ્ઞાનાચાર અનિહ્નવ જણાવ્યો છે. જેની પાસે જે શ્રુતનું અધ્યયન કર્યું હોય તે ક્યારે પણ છુપાવવું નહિ. એટલે કે ભણાવનારનું નામ કોઈની આગળ છુપાવવું નહિ. કારણ કે તેના કારણે આપણા ચિત્તની મલિનતા થાય છે. જે શ્રુત જેની પાસે ભણ્યા હોઈએ તેનું જ નામ યથાસ્થાને લેવું.

સૂત્ર ખોટું ન બોલવું, અર્થ ખોટો ન કરવો તેમ જ સૂત્ર અને અર્થ ઉભય ખોટા ન કહેવા એ છઠ્ઠો, સાતમો અને આઠમો જ્ઞાનાચાર છે. આ રીતે આઠ પ્રકારના જ્ઞાનાચારનું કથન કરવા દ્વારા શ્રોતાને જ્ઞાનાચાર પ્રત્યે આકૃષ્ટ કરવો. ત્યાર બાદ તેને દર્શનાચારનું સ્વરૂપ સમજાવવું. તેની ભૂમિકામાં એટલું યાદ રાખવું કે આપણે ખોટું છોડીએ તો આપણામાં સમ્યક્ત્વ છે, બાકી ખોટું ચલાવીએ છીએ ત્યાં સુધી સમ્યક્ત્વ નથી-એમ સમજવું.

જ્ઞાનાચાર પછી દર્શનાચારનું વર્ણન શરૂ કર્યું છે. સંસારના સુખનો રાગ જેટલો ઓછો થાય તેના આધારે સમ્યગ્દર્શનનું માપ નીકળી શકે. સુખની પ્રવૃત્તિ છેલ્લામાં છેલ્લી કોટિની હોઈ શકે, પરંતુ સુખનો રાગ પણ ગાઢ હોય અને છતાં સમ્યગ્દર્શન હોય એવું ન બને. ઘણી વાર સમ્યક્ત્વ નિર્મળ હોય છતાં વિદ્વત્તા ઓછી હોય તો મિથ્યાદૃષ્ટિ આગળ સમકિતીની હાર થાય એવું બને. પણ એટલામાત્રથી સમ્યક્ત્વમાં અતિચાર ન

લાગે. બુટ્ટેરાયજી મહારાજનું દૃષ્ટાંત આમાં છે ને? આત્મારામજી મહારાજ સાથે વિવાદ કરતી વખતે પોતે હારી ગયેલા છતાં તેમણે જ્યારે કહ્યું કે 'બચ્ચા! તને સાચું સમજાશે ત્યારે અહીં જ આવવું પડશે.' ત્યારે આત્મારામજી મહારાજને એમ થયું કે 'હારી ગયેલો માણસ પણ આટલા ઠસ્સાથી કહી શકતો હોય તો નક્કી છે કે પોલ તો એમને ત્યાં નહિ, આપણે ત્યાં છે.' પછી વ્યાકરણનો અભ્યાસ કરીને શાસ્ત્રના અર્થ સમજ્યા તો સ્થાનકવાસી પંથ ખોટો છે-એમ સમજાયું, તો જે ગુરુથી ધર્મ પામ્યા, દીક્ષા પામ્યા એવા પણ ઉપકારી ગુરુને છોડીને જતા રહ્યા. આ તો અમને પૂછવા આવે કે આપણા ઉપકારી એક વખતના હોય તો તેને છોડીને જવાય? તેમની સાથેનો સંબંધ તોડાય? આપણે કહેવું પડે કે જે પોતે ભગવાનનું ન માને તે પોતે ગુરુપદને યોગ્ય જ નથી તો તેવાને ગુરુ કેવી રીતે મનાય? આત્મારામજી મહારાજે તો ચોખ્ખું કહ્યું છે કે 'કુમતિ! પ્રતિમા કાં ઉત્થાપી?' સિદ્ધાચલજીના સ્તવનમાં પણ ગાયું છે કે 'કુગુરુ કુપંથ કો જાલ પર્યો રે' કોઈ વ્યક્તિને કુગુરુ કે સુગુરુ કહેવાની વાત જ નથી. જે ભગવાનનું વચન ન માને તે કુગુરુ છે, જે ભગવાનનું કહ્યું માને તેનું નામ સુગુરુ. ભગવાનના વચનમાં શંકા પણ થાય તો અતિચાર લાગે, તો ભગવાનનું વચન ન માનવામાં અનાચાર લાગવાનો.

સ. અમારે પણ માતાપિતાને છોડી દેવાના?

તમારે માતાપિતાને ત્યારે જ છોડવાના કે જ્યારે દીક્ષા લેવાની હોય. બાકી ગમે તેવા માબાપને સુલસના દૃષ્ટાંતથી છોડવા નહિ. તમારે માબાપની સેવા કરવાની પણ માનવાનું ભગવાનનું. સંસારની બાબતમાં માબાપ જેમ કહે તેમ કરવાનું, ધર્મની બાબતમાં દેવ અને ગુરુ કહે તેમ કરવાનું. તમે માબાપની આજ્ઞાથી જે કાંઈ કરો-એમાં તમને દોષ નથી. દોષ તો સંસારમાં બેઠા છીએ માટે લાગવાનો જ છે. માબાપનું કહ્યું માનવામાં દોષ નથી, આઠમા વરસે દીક્ષા ન લીધી ને સંસારમાં બેઠા તેથી માબાપનું કહ્યું માનવાનો વખત આવ્યો. અમે પણ આઠમા વર્ષે દીક્ષા લઈને નવમા વર્ષે કેવળજ્ઞાન ન પામ્યા તેથી ગુરુનું માનવાનો વખત આવ્યો છે.અજ્ઞાનના કારણે કદાચ ખોટાને સાચું માની લીધું હોય તોપણ સાચું સમજ્યા પછી ખોટાને ખોટું કહેવાનું સત્ત્વ તો કેળવવું જ જોઈએ ને?

ધર્મ સુખ છોડવા માટે અને દુઃખ ભોગવવા માટે કરવો છેઃ આનું નામ સમ્યગ્દર્શન અને સુખ મેળવવા માટે અને દુઃખ ટાળવા માટે ધર્મ કરવો છેઃ આનું નામ મિથ્યાત્વ. આજે આપણે દુઃખના પ્રતિકારમાં સુખ માની બેઠા છીએ-આ જ મૂર્ખતા છે. શાસ્ત્રમાં કહ્યું છે કે મૂઢ માણસો દુઃખના પ્રતિકારમાં સુખની બુદ્ધિ રાખે છે. આથી જ ભગવાને દુઃખનો પ્રતિકાર કરવાની ના પાડી છે. ભગવાનના વચનમાં શંકા ન કરવીઃ આ પહેલો

દર્શનાચાર છે અને ભગવાનનું પહેલું વચન એ છે કે આ સંસારનું સુખ ભોગવવાજેવું નથી અને દુ:ખ ટાળવાજેવું નથીઃ આ વચનમાં આપણને શંકા નથી ને? દુ:ખ ટાળવાની વૃત્તિ દીનતા છે. આવી દીનતા વિના દુ:ખ સહન કરવું છે. જ્યાં સુધી શરીરનો યોગ છે ત્યાં સુધી દુ:ખ રહેવાનું છે તેથી દુ:ખ ન જોઈતું હોય તો શરીર ટાળવા મહેનત કરવી પડશે. જ્યારે મોક્ષમાં જઈશું ત્યારે જ શરીર ટળશે અને મોક્ષમાં જવા માટે દીક્ષા લઈને દુ:ખ વેઠવું પડશે.

દર્શનાચારમાં સૌથી પહેલો આચાર એ છે કે ભગવાનની વાતમાં શંકા ન કરવી. આજે આપણે ભગવાનની વાતને સાચી માનવાના બદલે આપણા મનની વાતને જ સાચી માનીએ છીએ. આપણે ભગવાનની વાતને સાચી માનતા નથી છતાં ભગવાનની વાતને ખોટી કહી શકતા નથી. આપણામાં એટલી હિંમત નથી કે આપણે ભગવાનની વાતને ખોટી કહી શકીએ, સાથે આપણી પાસે એટલું સત્ત્વ પણ નથી કે ભગવાનની વાતને સાચી માની શકીએ. જો આપણે ભગવાનની વાતને સાચી માનીએ તો અત્યારે જે રીતે જીવીએ છીએ એ રીતે જીવી ન શકીએ. અત્યારે આરાધનાની આટલી અનુકૂળતા મળવા છતાં પણ આરાધના ન કરીએ અને આવતા ભવમાં આરાધના સુલભ બને એ માટે પ્રયત્ન કરવાની વાત કરીએ તો એ બનાવટ જ છે ને? અત્યાર સુધીમાં તમે કે અમે અનંતી વાર ઓઘા લીધા છતાં આપણું ઠેકાણું ન પડ્યું તેનું કારણ એ છે કે દર્શનાચારનો આ પહેલો આચાર આપણે પાળ્યો નહિ. જો દર્શનાચારનો આચાર પાળ્યો હોત તો તો બે-ત્રણ ભવમાં કે સાત-આઠ ભવમાં આપણે મોક્ષે પહોંચી ગયા હોત. ધર્મ જોઈએ છે-એ વાત નક્કી છે, પરંતુ તે આજ્ઞા મુજબનો ધર્મ જોઈએ છે. આજે આપણે ભગવાનની વાતને સાચી માની શકતા ન હોઈએ અને એમાં શંકા પડતી હોય તો તેનું કારણ એક જ છે કે લોકોનું મમત્વ નડે છે. અજ્ઞાનના કારણે ભગવાનના વચનમાં શંકા પડે છે એવું નથી, રાગના કારણે ભગવાનના વચનમાં શંકા પડે છે. ભગવાનની વાત ખોટી છે માટે નથી માનતા એવું નથી ; ઘરના લોકો ઉપર, સાથેના લોકો ઉપર રાગ છે માટે વાત નથી માનતા. ઘરના લોકો પર રાગ છે માટે તેમની વાતમાં નુકસાન દેખાવા છતાં માની લઈએ છીએ, જ્યારે ભગવાનની વાત ઉપર દ્વેષ છે માટે તે નથી માનતાઃ ખરું ને? અભવ્યના જીવો નવમા ગ્રૈવેયકે જવા માટે પણ ભગવાનની વાત પર દ્વેષ કરતા નથી.આપણે મોક્ષમાં જવા માટે નીકળેલા હોવા છતાં ભગવાનની વાત ઉપર દ્વેષ કરીએ તો તે કેમ ચાલે? ધર્મસ્થાનકો ઈચ્છા મુજબ જીવવા માટે નથી ઊભાં કર્યાં, આજ્ઞા પાળવા માટે ઊભાં કર્યાં છે. આજે તમે કે અમે પાપ નથી કરતા તે પાપ ખરાબ લાગે છે માટે નથી કરતા કે પાપ કરવાથી ભૂંડા દેખાઈએ છીએ, પાપ કરવાની હિંમત

નથી, માટે નથી કરતા? સમ્યગ્દર્શન પામવાનું કામ સહેલું નથી. ચારિત્રાચાર તો આપણે અનેક ભવોમાં અનેક વાર પાળ્યો છે, દર્શનાચાર પાળ્યો નથી માટે જ તો સંસારમાં રખડીએ છીએ. બધાની સાથે હળીમળીને રહેવામાં દર્શનાચાર નથી. ખોટાને છોડવું અને સાચાને સ્વીકારવું એ દર્શનાચાર છે.

**સ.** એ લોકો કહે છે કે આટલી ક્રિયા કરવા છતાં તમારા રાગદ્વેષ ઓછા નથી થયા.

આપણે એવો દાવો કરવો જ નથી કે આપણે સમકિતી છીએ અને કોઈને કહેવું નથી કે તમે મિથ્યાત્વી છો.બીજાને સુધારવા માટેની વાત નથી, આપણી જાતને બચાવી લેવાની માત્ર આ વાત છે. જેઓ સમ્યગ્દર્શન ન પામે તેના રાગદ્વેષ ઓછા થાય જ નહિ. આથી જ આપણે સમ્યગ્દર્શન પામવા માટે સૌથી પહેલાં મહેનત કરવી છે. ભગવાનનું કહ્યું માને નહિ, અને રાગદ્વેષ ઓછા થયાની વાત કરે તો તે બનાવટ છે. ભગવાને કહ્યું છે માટે સુખ ભોગવવું નથી અને ભગવાન કહે છે માટે દુઃખ ભોગવી લેવું છે–આટલો પરિણામ જાગ્યો તો સમજવું કે રાગદ્વેષ આપણા ઓછા થયા. સાચા અને ખોટાને સમાન માને તેના રાગદ્વેષ ઓછા થયા છે–એવું ન મનાય.

નિઃશંકિત પછી બીજો આચાર નિષ્કાંક્ષિત છે. સર્વજ્ઞભગવંતે બતાવેલા ધર્મ સિવાય બીજા ધર્મની આકાંક્ષા ક્યારે પણ ન કરવી–એ નિષ્કાંક્ષિત આચાર છે. ધર્મ કરવો હોય તો વીતરાગ પરમાત્માના ધર્મ સિવાય બીજો એકે ધર્મ કરવો નથી. સાવ ધર્મ વગરના રહેવું એના કરતાં ગમે તે ધર્મ કરવો–આવું માને તે દર્શનાચાર પાળી નહિ શકે. સાવ ધર્મ વગરના રહીશું પણ શ્રી વીતરાગપરમાત્માના ધર્મ સિવાય બીજા ધર્મને નહિ જ માનીએઃ આટલી તૈયારી હોય તે દર્શનાચાર પાળી શકે. આજે આપણને ભગવાનનું શાસન ગમે છે ખરું? શાસનમાં પણ આજ્ઞા ગમે કે પુણ્ય ગમે? ભગવાનનું શાસન ભગવાનની આજ્ઞામાં સમાયેલું છે, પુણ્યમાં નહિ. શાસન જેને પામવું હોય તેણે પુણ્ય છોડવું પડે, પુણ્યથી મળનારી અનુકૂળતા છોડવી પડે અને આજ્ઞાનો સ્વીકાર કરવો પડે.

**સ.** સુખ તો છોડીએ પણ દુઃખ વેઠાવું જોઈએ ને?

દુઃખ વેઠતી વખતે કર્મો જાય છે એમ વિચારો તો દુઃખ સહેલાઈથી વેઠી શકાશે. રોગની દવા કરાવવા જાઓ તો દુઃખ પડે ને? સ્પિરિટ નાંખો તો ચચરવું જ જોઈએ ને? તેમ ધર્મ કરીએ તો દુઃખ પડવું જ જોઈએ. ધર્મ એ પણ ભવરૂપી રોગનું ઔષધ છે. એ ઔષધ લઈએ તો પીડા થવાની જ. તેમ સુખનો રાગ કાઢવા માટે પ્રયત્ન કરીશું તો બળતરા થવાની જ. છતાં સુખ છોડીને દુઃખ ભોગવવું છે. ભગવાનના ધર્મમાં દુઃખ

ભલે પડે, જૈનેતરના ધર્મમાં સુખશીલતા ઘણી લાગે તોપણ ભગવાનનો ધર્મ છોડીને એ ધર્મ નથી કરવો.

તમે તો સાધુ પાસે પણ જાઓ તો એવા સાધુ પાસે જાઓ કે જે તમને માન આપે. જે તમને માન ન આપે એવા સારા સાધુ પાસે પણ ન જાઓ ને? આ દર્શનાચારનો આચાર નથી. આપણું જે છે એ ન ગમે, બીજાનું સારું લાગ્યા કરે એ જ તો આપણી અસમાધિનું બીજ છે. તમને પણ તમારું ઘર, તમારી પત્ની, તમારા છોકરા નથી ગમતા ને બીજાના સારા લાગે છે માટે જ તમારા જીવનમાં હોળી સળગી છે ને? આજે તો અમારે ત્યાં પણ એ જ દશા છે. પોતાના સમુદાયના સારા ન લાગે અને બીજાના સારા લાગ્યા કરે. પોતાને ત્યાં દુઃખ છે એમ માનીને બીજે જવા તૈયાર થાય. આપણે કહેવું પડે કે ભાઈ! સ્થાન છોડીને દુઃખ નહિ જાય, દુઃખ ભોગવીને દુઃખ જશે.

બીજાનો ધર્મ સારો લાગે તે આકાંક્ષા અને પોતાના ધર્મ પ્રત્યે જુગુપ્સા જાગે તે વિચિકિત્સા. આપણા તત્ત્વ પ્રત્યે કે આચાર પ્રત્યે નફરત જાગે તો વિચિકિત્સા આવવાની. વીતરાગ પરમાત્મા સિવાય બીજાના ધર્મને સારો ન માનવો તે નિષ્કાંક્ષિત નામનો દર્શનાચાર અને ભગવાનના ધર્મ પ્રત્યે જુગુપ્સા કે નફરત ન કરવી તે નિર્વિચિકિત્સા નામનો દર્શનાચાર છે. આપણા દેવગુરુધર્મ પ્રત્યે નફરત ન જાગવી જોઈએ-આ નિર્વિચિકિત્સા નામનો આચાર છે. આના કારણે લાભ એટલો થાય છે કે બીજાને ત્યાં ભટકવાનું બંધ થશે અને વીતરાગપરમાત્માના શાસનની ઉપાસના આપણે શ્રદ્ધા-ભક્તિપૂર્વક કરી શકીશું. ત્યાર બાદ દર્શનાચારનો ચોથો આચાર અમૂઢદષ્ટિ નામનો છે. બીજાના કષ્ટ મંત્ર ચમત્કાર જોઈને મૂંઝાવું નહિ. ચમત્કાર પુણ્યથી થાય છે, વીતરાગતા ગુણથી આવે છે. ચમત્કાર બતાવવાનું કામ તો મોહના ઉદયવાળા હોય તે કરે. જે નિર્મોહી હોય તે ચમત્કાર ન બતાવે. ચમત્કાર બતાવનારા દેવદેવી તો સરાગી છે. જ્યારે આપણા ભગવાન તો વીતરાગ છે. તેથી સરાગી દેવોએ બતાવેલા ચમત્કારને જોઈને જ્યાં લોકોનો માહોલ ભેગો થયો હોય ત્યાં ધર્મની બોલબાલા છે-એમ માનીને મૂંઝાવું નહિ.

સ. આપણે ત્યાં પણ અધિષ્ઠાયકો ચમત્કાર બતાવે તો ઘણા લોકો આ ધર્મને માનતા થઈ જાય, તો દેવતાઓ શા માટે ચમત્કાર બતાવતા નથી?

દેવતાઓ આપણી અયોગ્યતા જોઈને જ ચમત્કાર બતાવતા નથી. કારણ કે આપણે તો ચમત્કારથી પણ માનીએ એવા નથી. ચમત્કાર તો જેઓને શ્રદ્ધા નથી, જેઓ ધર્મને માનતા નથી તેમને ધર્મ પ્રત્યે શ્રદ્ધા પેદા કરવા માટે કામ લાગે. આપણે તો

ધર્મને માનીએ જ છીએ ને? છતાં આપણે ધર્મ કરવો જ નથી ને? આપણે દીક્ષા લેવાતી નથી માટે ઘરમાં રહ્યા છીએ કે દીક્ષા લેવી નથી માટે ઘરમાં રહ્યા છીએ? સાધુપણું લેવાતું નથી માટે ગૃહસ્થપણામાં રહેવું પડે તે અવિરતિનો ઉદય અને સાધુપણું લેવું નથી માટે ઘરમાં રહેવું તે મિથ્યાત્વનો ઉદય છે.

આપણે આપણા લોકોની સંખ્યા ઓછી ન થાય તે માટે પ્રયત્ન કરીએ છીએ જ્યારે શાસ્ત્રકારો આપણે સંસારમાં રખડી ન પડીએ-એની ચિંતા કરે છે. ઘણા લોકો ભેગા થાય એટલે ધર્મ સારો થયો-એવું નથી માનવું. આપણે સંસારમાં રખડીએ નહિ તો ધર્મ સારો થયો એમ સમજવું. આપણે મોક્ષમાં જવું નથી તેથી આપણા ભાવ આરોગ્યની આપણને ચિંતા જ નથી. શરીર સારું રાખવું છે માટે તેના આરોગ્યની ચિંતા રાતદિવસ છે. આજે આપણે સારા દેખાવા માટે, જે ભાવ મનમાં ન હોય એવો પણ ભાવ લોકોની આગળ વ્યક્ત કરીએ ને? આનું જ નામ માયા. આ માયા પડી હશે ત્યાં સુધી આત્માની શુદ્ધિ નહિ જ થાય. અમે સ્કૂલમાં હતા ત્યારે અમારા શિક્ષકે અમને બધાને એક વાર પૂછેલું કે તમારી દૃષ્ટિએ જે ખરાબ છોકરો હોય તેનું અને જે છોકરો સારો હોય તેનું નામ લખવું. અમે લોકોએ તો સરળભાવે અમારી દૃષ્ટિએ જે સારો કે ખરાબ છોકરો હતો, તેનું નામ લખ્યું. અમારામાં એક છોકરો એવો હતો કે તેણે લખ્યું કે 'ખરાબમાં ખરાબ હું, બીજા બધા સારા.' એ પોતે એવું માનતો ન હતો છતાં ખોટું લખ્યું તો પહેલા નંબરે પાસ થયો. અને અમે સાચો જવાબ લખ્યો હોવા છતાં અમે બધા નાપાસ થયા. આવી જ દશા આપણી છે ને? ગુરુને ઉપકારી માનતા નથી, માબાપને ઉપકારી માનતા નથી, છતાં લોકો આગળ એવું બતાવીએ કે ગુરુભગવંત ઉપકારી છે-તો આ માયા છે, બનાવટ છે. ગુરુનું કહ્યું માનવું નહિ, ગુરુનું પારતંત્ર્ય સ્વીકારવું નહિ અને ગુરુના ઉપકારીપણાની વાતો કરવી યોગ્ય નથી.

સ. ગુરુપારતંત્ર્ય બંધનરૂપ કેમ લાગે છે?

સંસારનું બંધન બંધનરૂપ લાગતું નથી માટે ગુરુપારતંત્ર્ય બંધનરૂપ લાગે છે. જેનું હાડકું ભાગ્યું હોય તેને પ્લાસ્ટરનું બંધન બંધનરૂપ લાગે ખરું કે ઉપકારી લાગે? આપણાં હાડકાં ભાંગ્યાં નથી ને? ગુરુના પારતંત્ર્ય વિના દર્શનાચારનું પાલન થઈ શકે એવું નથી. માત્ર ભગવાનનું કહ્યું સાચું માને અને ગુરુના વચનને સાચું ન માને તો દર્શનાચાર પાળી ન શકાય. ભગવાનનું વચન ગુરુભગવંત સમજાવે છે. તેથી ગુરુના વચન અને ભગવાનના વચનમાં ફરક પડે નહિ. આપણે ભગવાનનું વચન સાચું કદાચ માનીએ તોપણ ગુરુના વચનમાં શંકા પડે ને? ત્યાં સુધી દર્શનાચાર નહિ આવે.

નિર્વિચિકિત્સા નામના આચારમાં, પોતાના દર્શનને સાચું માનવા છતાં ફળની પ્રાપ્તિમાં સંદેહ જે પડતો હોય તેને ટાળવાની વાત છે. જો ઉપાય અવિકલ હોય તો ફળની પ્રાપ્તિ અવશ્ય થવાની જ છેઃ એમ માનીને વિચિકિત્સા ટાળવી. ત્યાર બાદ અમૂઢદષ્ટિ આચાર છે. બાળજીવોના તપ વગેરેને જોઈને સ્વભાવથી ચલિત ન થવું: તે અમૂઢદષ્ટિ. આ ચાર આચાર જે આચારપાલક છે તેમની પ્રધાનતાએ બતાવ્યા. હવે ગુણ-આચારની પ્રધાનતાએ બાકીના ચાર આચાર જણાવ્યા છે. તેમાં પાંચમો આચાર ઉપબૃંહણા છે. જેને ચારિત્રધર્મ પ્રત્યે, સમ્યગ્દર્શન પ્રત્યે બહુમાન હોય તેઓ જ ઉપબૃંહણા કરી શકે. આજે ગુર્વાદિક વડીલજનો કે જેઓ ગુણાધિક છે તેમની પ્રત્યે પણ બહુમાન નથી તો સાધર્મિક પ્રત્યે બહુમાન કઈ રીતે જાગે? જેઓ ગુરુના ગુણોની પ્રશંસા નથી કરી શકતા તેઓ સાધર્મિકની ઉપબૃંહણા કરી શકે એ વાતમાં માલ નથી. સમાન ધર્મો જેમના હોય તેમના સદ્ભૂત ગુણોની પ્રશંસા દ્વારા તે ગુણોની વૃદ્ધિ કરવી તેનું નામ ઉપબૃંહણા. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે **प्रत्यक्षे गुरवः स्तुत्याः ।** ગુરુભગવંતની સ્તુતિ પ્રત્યક્ષપણે કરવી જોઈએ. જેને ગુરુના ગુણો પ્રત્યે સદ્ભાવ ન હોય તે સહવર્ત્તી કે સાધર્મિકના ગુણોની પ્રશંસા કરે તોપણ તે દર્શનાચારના આચારમાં ન સમાય. ઉપબૃંહણા પછી સ્થિરીકરણ બતાવ્યું છે. જે પોતે ધર્મમાં, દર્શનાચારમાં સ્થિર હોય તે બીજાને સ્થિર કરી શકે. ધર્મમાં સિદાતા એવા જીવોને ધર્મમાં સ્થિર કરવા તેનું નામ સ્થિરીકરણ. જે પોતે જ અસ્થિર હોય તે બીજાને સ્થિર ન કરી શકે.

સ. નંદીષેણમુનિ કે મરીચિના વિષયમાં શું સમજવું?

તેમની પાસે ચારિત્રાચાર ન હતો, પરંતુ દર્શનાચારમાં પોતે સ્થિર હતા આથી જ તેઓ અનેકને પ્રતિબોધ પમાડી શક્યા. ચારિત્રાચાર અને જ્ઞાનાચારની વચ્ચે દર્શનાચાર એટલા માટે જ રાખ્યો છે કે જ્ઞાનાચારની અને ચારિત્રાચારની શુદ્ધિ દર્શનાચારના કારણે જ થાય છે. જે દર્શનાચારમાં સ્થિર હોય તે બીજાને દરેક આચારમાં સ્થિર કરી શકે. આથી જ સ્થિરીકરણ આચાર દર્શનાચારમાં રાખ્યો છે. સ્થિરીકરણ પછી વાત્સલ્ય અને પ્રભાવના નામના આચાર બતાવ્યા છે. જે ધર્મ પામેલા હોય તેમની ભક્તિ કરવી તેનું નામ વાત્સલ્ય અને જેઓ ધર્મ પામ્યા નથી તેમને ધર્મ પમાડવા માટે પ્રયત્ન કરવો તેનું નામ પ્રભાવના. વર્ત્તમાનમાં સાધર્મિકનું વાત્સલ્ય રહ્યું નથી, ઉપરથી તેમનું અપમાન થાય તેવું સાધર્મિક વાત્સલ્ય હોય છે. જે પ્રભાવના ધર્મને નહિ પામેલા લોકો માટે હતી તે પ્રભાવના સાધર્મિકને અપાય છે.

આજે આપણે જ્ઞાન મેળવ્યા પહેલાં દર્શનાચાર પાળવાની શરૂઆત કરી છે. ભગવાનના દર્શન કરીને મોઢામાં પાણી નાંખવું એવી પ્રતિજ્ઞા છે. પરંતુ ભગવાનની

આજ્ઞા માનવાની કોઈ પ્રતિજ્ઞા નથી-ખરું ને? ભગવાનનાં દર્શન શેના માટે કરવાનાં છે? ભગવાનની આજ્ઞા માનવા માટે જ ને? આથી જ દેરાસરમાં પૂજા કરવા જઈએ ત્યારે ભગવાનના અંગે તિલક કરવા પહેલાં આપણે આપણા કપાળે તિલક કરીએ છીએ. કારણ કે સૌથી પહેલાં ભગવાનની આજ્ઞા માથે ચઢાવવાની છે, પછી ભગવાનની પૂજા કરવાની. આપણે નાના બાળકને પણ દર્શન કરવાના સંસ્કાર આપીએ છીએ, આજ્ઞા પાળવાના સંસ્કાર આપતા નથી. ભગવાનની આજ્ઞા માનવી એ પહેલો દર્શનાચાર છે. ભગવાનની આજ્ઞા પાળવા માટે આજ્ઞાનું જ્ઞાન મેળવવું પડે. તેથી પહેલાં જ્ઞાનાચાર બતાવ્યો છે પછી દર્શનાચાર બતાવ્યો છે. લોકોત્તરમાર્ગમાં જવા માટે આ દર્શનાચારનો આચાર છે. આજે આપણે દર્શનાચારની ઉપેક્ષા એટલી કરી છે કે જેના કારણે લોકોત્તર ધર્મ કરવા છતાં આપણે લોકોત્તરમાર્ગને પામી શકતા નથી. ભગવાનની આજ્ઞા પાળવા માટે સુખ છોડવું પડે, દુઃખ વેઠવું પડે.

સ. દુઃખ ભોગવવા માટે હિમ્મતની જરૂર પડે.

સાચું બોલો છો? એ હિમ્મત બજારમાં મળશે કે જાતે કેળવવી પડશે? તમે રોજ ધંધે જાઓ છો તો હિંમત રાખીને જાઓ છો ને? જ્યારથી ગાડી ઉપર બેસો છો ત્યારથી મરણાંત પરિષહ શરૂ થાય ને? છતાં રોજ ને રોજ ગાડી ઉપર બેસીને જાઓ છો તે હિમ્મતથી જ જાઓ છો ને? એક માણસ સાઈકલ ઉપર લાખ રૂપિયા લઈને જતો હતો. એક ચોરે આવીને પેટમાં છરી ખોસી દીધી. છતાં પેલાએ એક હાથે છરી પકડી અને એક હાથે સાઈકલ મારી મૂકી. ઘરભેગો થઈ ઘરનાના હાથમાં બેગ આપી, છરી પેટમાંથી કાઢી ત્યાં જ પ્રાણ છોડ્યા. પૈસાની કિંમત સમજાઈ તો હિંમત આવી ને? તેમ ધર્મની કિંમત સમજાય તો દુઃખ વેઠવાની હિંમત આવે.

સાધર્મિકવાત્સલ્ય અને પ્રભાવના આ બે આચાર આપણે ભેગા કર્યા છે-સાધર્મિકોને પ્રભાવના આપવા માંડ્યા અને જેને પ્રભાવના આપવાની હતી તેમને તો તમે ધક્કો મારીને બહાર કાઢો છો. જેઓ વ્યાખ્યાનમાં ન આવતા હોય તેમને વ્યાખ્યાનમાં આવતા કરવા માટે પ્રભાવના છે. બહારના લોકોને પ્રભાવના આપીને અંદર આવતા કરવા છે. તેમ જ સાધર્મિકની ભક્તિ, જમાઈની ભક્તિ જેવી રીતે કરો છો તેવી રીતે કરવાની. સાધર્મિક તો ધર્મ પામેલા છે માટે તેમની ભક્તિ કરવાની છે. જેઓ ધર્મ પામ્યા ન હોય તેમના માટે પ્રભાવના છે. જ્યાં અંધારું હોય ત્યાં અજવાળાં કરવાનાં હોય, જ્યાં અજવાળું હોય ત્યાં નહિ. જેઓ જૈન શાસન પામ્યા નથી તેમને જૈન શાસન પમાડવા માટે પ્રભાવના કરવાની છે. એક વાર લોકોને આપતા રહેશો તો તેનાથી જૈનધર્મનો પ્રભાવ પડશે. કોઈ કહે કે કેમ આપો છો, તો કહેવું કે અમારા ધર્મમાં દાન આપવાનું

કહ્યું છે. તો પેલાને ધર્મ પ્રત્યે બહુમાન જાગશે. વરઘોડા વગેરે નીકળે ત્યારે પણ રસ્તામાંથી કોઈને 'ખસો' નહિ કહેવાનું, ઉપરથી 'ચાલો' એમ કહેવાનું અને બે ગાડીમાં મિઠાઈનાં બોક્સ લઈને દરેક ગાડીમાં નાખતા જવાનું. જે સામે મળે તેને આપતા જવાનું: આનું નામ પ્રભાવના-

આજે આપણે આચારોનું પાલન તો કરીએ છીએ પરંતુ તે શા માટે કરીએ છીએ એ વિચારવાની જરૂર છે. આજે સાધુસાધ્વી પણ જ્ઞાનાચારનું પાલન કરતા હોય તો તે આલોચના વાળવા માટે કરતા હોય છે, તેમાં જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા કરવાનો આશય નથી હોતો. દર્શનાચારનું પાલન પણ આપણે જૈનકુળમાં જન્મ્યા છીએ માટે કરીએ છીએ, બાકી ભગવાનના દર્શનથી પાપનો નાશ થાય છે માટે દર્શન કરવા જવું છે-એવો આશય નથી! સ્વાધ્યાયથી આલોચના વળે છે, પરંતુ સ્વાધ્યાય કરતી વખતે, જ્ઞાનાચારનું પાલન કરતી વખતે આપણો આશય તો નિર્જરાનો હોવો જોઈએ. એ જ રીતે દર્શનાચારના પાલનથી દેવલોકની પ્રાપ્તિ થાય પરંતુ દર્શનાચારનું પાલન પાપના નાશ માટે કરવું છે. આપણું પંચાચારનું પાલન ધર્મમાં સમાય છે કે નહિ-એ સૌથી પહેલાં વિચારવું છે. જો આપણું આચારપાલન ધર્મની કોટિમાં ન આવે તો આપણે લૌકિકમાર્ગમાં જ છીએ-એમ સમજવું. લોકોત્તરમાર્ગમાં અવતાર ત્યારે જ થાય કે જ્યારે પંચાચારનું પાલન નિર્જરાના આશયથી કરાય. દર્શનાચારના આઠ આચારમાંથી પહેલા ચાર આચારમાં ધર્મીનો નિર્દેશ છે અને બાકીના ચારમાં ધર્મનો નિર્દેશ છે. નિઃશંકિત વગેરે ચાર આચાર વસ્તુતઃ તે આચાર પાળનાર વ્યક્તિને જણાવે છે. જે શંકારહિત વ્યક્તિ છે તે જ નિઃશંકિત નામનો આચાર છે. આ રીતે વ્યક્તિને પણ આચાર ત્યારે કહેવાય કે જ્યારે ધર્મ અને ધર્મીને કથંચિદ્ અભેદ હોય. આનું જ નામ અનેકાંતવાદ. તમારા વ્યવહારમાં પણ આ અભેદ પ્રસિદ્ધ છે. તમે હોટલમાંથી બે કપ ચા મંગાવો તો 'બે ચા' એમ કહો ત્યારે ચા અને ચાનો કપઃ આ બેમાં અભેદ છે-એમ માનીને કહો ને? એ જ રીતે 'બે ડીશ' મંગાવો તો હોટલવાળા ભોજનના થાળ લાવે કે ખાલી ડીશ લાવશે? અમારે ત્યાં પણ ભોજનમાંડલીમાં ઘડો મંગાવે તો ત્યાં પાણીનો જ ઘડો લાવે ને? તો ધર્મધર્મીનો કથંચિદ્ અભેદ જણાવવા માટે પહેલા ચાર આચારમાં ગુણીપ્રધાન નિર્દેશ કરીને જણાવ્યું છે. ધર્મ-ધર્મી કથંચિદ્ ભિન્ન પણ છે અને કથંચિદ્ અભિન્ન પણ છેઃ આનું નામ અનેકાંતવાદ. ખોટાને ખોટું કહેવું એ અનેકાંતવાદનું ઉલ્લંઘન નથી. ઉપરથી ખોટાને સાચું કહેવું-એ અનેકાંતવાદનું ઉલ્લંઘન છે. ખોટા અને સાચા બંન્નેને સરખા ગણવા-એ અનેકાન્તવાદ નથી. ખોટું પણ અપેક્ષાએ સાચું છે, સંસાર પણ અપેક્ષાએ ઉપાદેય છે-એ અનેકાંતવાદ નથી. તમારા વ્યવહારમાં તમને બધું જ સમજાય

છે ને? ધંધામાં તમારી બુદ્ધિ એકદમ સરસ ચાલે છે, એ જોતાં તો એમ લાગે છે કે તમે ધર્મ કરવા માટે યોગ્ય છો. તમે ધંધામાં તો નકામી વસ્તુમાંથી પણ પૈસા ઉપજાવો. જેની પાસે આટલી બધી બુદ્ધિ હોય તે તો અહીં નાનામાં નાના ધર્મમાંથી પણ નિર્જરા સાધી લે. કાજો કાઢવાની ક્રિયા પણ નિર્જરાનું કારણ છે. ક્રિયા નાની કે મોટી કોઈ છે જ નહિ. બધાં જ અનુષ્ઠાન ભગવાને કહેલાં છે, માટે નિર્જરાનું જ કારણ છે. ગોચરી લાવવી એ મોટું કામ અને પાણી લાવવું એ નાનું કામ, સૂત્ર ભણવું એ નાનું કામ અને અર્થ ભણવો એ મોટું કામ-એવું નથી. ભગવાન મોટા છે, મોટાએ જે કહ્યું હોય તે કામ મોટું છે. આથી નિર્જરાના ધ્યેયથી અને આજ્ઞાપાલનના આશયથી દરેક આચારનું પાલન કરવું છે.

ચારિત્રાચાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિઃ એમ આઠ પ્રકારે છે. ચાલતી વખતે સાડા ત્રણ હાથ જેટલી ભૂમિ ઉપર દૃષ્ટિ રાખી જીવોનું વર્જન કરતાં ચાલવું તે ઈર્યાસમિતિ. બોલતી વખતે હિત, મિત, પથ્ય, ઉપયોગપૂર્વક બોલવું તે ભાષાસમિતિ. નિર્દોષ આહારવસ્ત્રાદિ શોધવા એ એષણા સમિતિ. કોઈ પણ વસ્તુ લેતાં-મૂકતાં પૂંજી-પ્રમાર્જીને જ લેવી-મૂકવી એ આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિ. અને નકામી વસ્તુ વગેરે નિરવદ્ય જગ્યાએ પરઠવવું એ પારિષ્ઠાપનિકા સમિતિ. મન વચન કાયાથી અશુભ ચિંતન ન કરવું, અશુભ વચન ન બોલવું અને અશુભ પ્રવૃત્તિ ન કરવી અને સાથે શુભ ચિંતન કરવું, શુભ વચન બોલવાં, શુભ પ્રવૃત્તિ કરવીઃ આ રીતે પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભયાત્મક ગુપ્તિ છે, જ્યારે સમિતિ પ્રવૃત્તિસ્વરૂપ છે. પ્રવૃત્તિ કરવી હોય ત્યારે સમિતિની જરૂર પડે. બાકી ગુપ્તિ તો કાયમ માટે છે જ. આથી જ સમિતિ કાદાચિત્ક (ક્યારેક) હોય, ગુપ્તિ સાર્વત્રિક (કાયમ માટે) હોય.

આ રીતે આઠ પ્રકારના ચારિત્રાચાર પછી બાર પ્રકારનો તપાચાર જણાવ્યો છે. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતાઃ આ છ બાહ્ય અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગઃ આ છ અભ્યંતર તપ છે. આપણે આ બારમાંથી એકમાત્ર અનશનને જ તપ માનીએ છીએ ને? એ અનશનની પણ શરૂઆત પાછા નવકારશીથી કરીએ! આપણે તો ઓછામાં ઓછું એકાસણું હોય તો તેને અનશનમાં ગણવું છે. શાસ્ત્રમાં તો છઠને કે આયંબિલને તપમાં ગણ્યું છે. 'આપણા ભગવાને લાગલગાટ બે દિવસ વાપર્યું નથી તો હું એક દિવસમાં બે વાર કેમ ખાઉં?' એમ વિચારીને હવે બેસણાં પણ નહિ, કાયમ માટે એકાસણાં કરવાં છે.

તપાચાર પછી છેલ્લે વીર્યાચાર જણાવ્યો છે. જ્ઞાનાચારાદિ ચારે આચારમાં વીર્ય ફોરવવું તેને તપાચાર કહેવાય છે. જો આ વીર્ય ન ફોરવીએ તો વીર્યાન્તરાય બંધાવાનું

અને એ વીર્યાન્તરાયનો ઉદય, મન હોવા છતાં ધર્મમાં વીર્ય ફોરવવા નહિ દે. જ્ઞાનાદિ આચારને પણ પાળવા ન દે એવો આ વીર્યાન્તરાયનો ઉદય છે. આપણે અત્યારે આપણી શક્તિ ફોરવવાના બદલે સંઘરી રાખવાનું કામ કરીએ છીએ, તે શક્તિ સ્મશાનમાં બાળવા માટે જ કામ આવવાની છે. આ તો પ્રતિક્રમણ પણ બેઠાં બેઠાં કરે! મારા ભગવાન સાડા બાર વરસ સુધી ઊભા રહ્યા, દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન પામવા સુધી બેઠા નહિ, તો હું બેઠાં બેઠાં પ્રતિક્રમણ કેમ કરું? આવો વિચાર ન આવે? વીર્યાન્તરાયનો ઉદય ધર્મમાં વીર્ય ફોરવવા નહિ જ દે, પરંતુ આપણે પરાણે પણ વીર્ય ફોરવીને વીર્યાન્તરાય કર્મ તોડવું છે.

**तथा–निरीहशक्यपालनेति ।।१२।। (૭૦)**

આ જ્ઞાનાચારાદિનું પાલન, આ લોક સંબંધી કે પરલોકસંબંધી કોઈ પણ ઈચ્છા વિના કરવું, ભગવાનની આજ્ઞા છે માટે કરવું.... આ પ્રમાણે પણ શ્રોતાને જણાવવું. ધર્મ પાસેથી કોઈ પણ જાતનું વળતર નથી માંગવું, માત્ર આજ્ઞાપાલન દ્વારા નિર્જરા કરવી છે. આટલો જ આશય રાખવો: એમ ઉપદેશમાં સમજાવવું. તપ કરતી વખતે કે ભણતી વખતે કે ચારિત્ર પાળતી વખતે કોઈ પુણ્યબંધની કે માનસન્માનની અપેક્ષા રાખવી નથી, માત્ર નિર્જરાનો હેતુ રાખવો છે.

**तथा–अशक्ये भावप्रतिपत्तिरिति ।।१३।। (૭૧)**

મળેલી સામગ્રીને સફળ બનાવવાનો ઉપાય એક જ છે કે જેટલું શક્ય હોય તેનું પાલન કર્યા વિના ન રહેવું. અને એ શક્યનું પરિપાલન નિરીહપણે કરવું છે. આજે તમારે ત્યાં કે અમારે ત્યાં તકલીફ એક જ છે કે શક્ય પણ વસ્તુનું પાલન કરવાની આપણી તૈયારી નથી. અમારે ત્યાં પણ દીક્ષા લઈને આવે ત્યારે બધાનું કામ કરે, બધી ક્રિયા અપ્રમત્તપણે કરે અને પછી જેમ જેમ પર્યાય વધતો જાય તેમ તેમ એકેક ક્રિયા છૂટતી જાય. ઉપરથી પર્યાય વધે તેમ શક્યનું પાલન વધવું જોઈએ. એના બદલે આજે શક્ય હોય એટલું પણ કરવાની તૈયારી નથી. પહેલાં ગોચરી, પાણી, કાપ, માંડલીની ભક્તિ, માંદાની વૈયાવચ્ચ બધું કરતા હતા અને મોટા થયા પછી આ બધું છૂટવા માંડે!

**સ.** ભણવાનું પૂરું થઈ ગયું હોય એટલે વાચના વગેરે આપે.

એટલું પણ કરે તો સારું. આ તો શરીર કામ નથી આપતું-એમ કહીને સૂઈ જાય: એ ચાલે? અને ભણવાનું પૂરું થઈ ગયું-એવું કયા મોઢે બોલાય? ભણવાનું જ નહિ, પુસ્તકો વાંચવાનું કામ પણ આખી જિંદગીમાં પૂરું થાય નહિ-એટલાં પુસ્તકો છે. ભાષા પણ અનેક પ્રકારની છે, દરેક ભાષાનો અભ્યાસ ક્યાં કર્યો છે? ન્યાય, વ્યાકરણ,

જ્યોતિષ, નિમિત્ત, વૈદ્ય વગેરે અનેક શાસ્ત્રો છે-એ દરેકનો પણ ક્યાં અભ્યાસ છે? અહીં પણ આગમગ્રંથો, યોગના ગ્રંથો, કર્મગ્રંથ, દ્રવ્યાનુયોગના ગ્રંથો, કથાનુયોગના ગ્રંથો: એમ અનેક પ્રકારના ગ્રંથો છે... આ બધું જ બાકી હોય તો ભણવાનું થઈ ક્યાંથી ગયું? જેઓ ગાયક કલાકાર હોય તેમને પણ જે ભાષામાં ગીત ગાવું હોય તે ભાષામાં ઉચ્ચારણ કરતાં તેના જાણકાર પાસે શીખવું પડે. જે ક્ષેત્રમાં આગળ વધવું હોય તે ક્ષેત્રમાં આપણા મનવચનકાયાનું યોગદાન કરવું જ પડે. આજે ભણવાનું પૂરું થઈ ગયું છે માટે જ ભણવાનું બંધ થયું છે-એવું નથી, ભણવાની જરૂર નથી લાગતી માટે ભણવાનું બંધ કર્યું છે! જેઓ ભણેલા છે એમને પણ આવડે છે કે નહિ-એ પ્રશ્ન છે. પુસ્તકમાં હોય તે જ્ઞાન નથી, મોઢે હોય, હૈયે હોય તેનું નામ જ્ઞાન. ગુજરાતીમાં કહેવત છે કે 'ગરજ ગાંઠે અને વિદ્યા પાઠે' ગરજ એટલે આવશ્યક, જેટલું જરૂરી હોય એટલું ગાંઠે બાંધીને રાખવાનું એ જ રીતે જ્ઞાન બધું મોઢે હોવું જોઈએ, માત્ર જાણકારી કામ ન લાગે.

જ્ઞાનાચારાદિમાંથી જેનું પાલન શક્ય હોય તે કરવા સાથે જે શક્ય ન હોય તેમાં ભાવનો પ્રતિબંધ રાખવો. પ્રતિબંધ એટલે રાગ. જે વસ્તુ શક્ય ન બનતી હોય તેમાં કાયાથી પ્રવૃત્તિ નથી કરવી, પરંતુ તેમાં ચિત્તની આસક્તિ રાખવી. જે અશક્ય હોય તેનો અભ્યાસ પાડવો છે, પણ તે પ્રતિબંધ હશે તો જ થશે. શક્યમાં પ્રવૃત્તિ અને અશક્યમાં રાગ ટકી રહે એ રીતે જીવન ગોઠવવું છે. સાધુ થવું છે ને? શક્ય નથી લાગતું ને? તો તેમાં ભાવથી પ્રતિબંધ રાખવો છે ને? સંસારની દરેક પ્રવૃત્તિ કરતી વખતે 'નમો લોએ સવ્વસાહૂણં' બોલીને આગળ વધવું છે. કારણ કે સાધુપણું લેવું છે. જે કરી શકતા નથી તેનું મન ઘણું હોય-એવું તમારે ત્યાં જેમ બને છે તેવું અહીં સમજવું. જે શક્ય હોય તેનો દ્રવ્યથી પણ સ્વીકાર કરવો અને જે શક્ય ન હોય તેનો ભાવથી સ્વીકાર કરવો.

**तथा-पालनोपायोपदेश इति ।।१४।। (७२)**

જ્ઞાનાચારાદિના પાલનનો ઉપદેશ આપ્યા પછી તેનું પાલન કેવી રીતે કરવું તેનો ઉપાય પણ બતાવવો. જે આચારપાલનનો સ્વીકાર કર્યો હોય તે આચાર પાળવા માટે અધિકગુણવાળા અને તુલ્યગુણવાળાની વચ્ચે સંવાસ કરવો. જ્ઞાનાચારમાં રોજ એક ગાથા કરવાનો નિયમ લીધો હોય તો એ નિયમ અથવા એના કરતાં અધિક ગાથાના નિયમવાળાની સાથે રહેવું. અભક્ષ્યનો ત્યાગ કર્યો હોય તો અભક્ષ્યભક્ષણ કરનારા સાથે ન રહેવું. રાત્રિભોજનનો ત્યાગ હોય તો રાત્રિભોજન કરનારાના ઘરે જવું જ નહિ. નહિ તો આ નિયમોનું પાલન શક્ય નહિ બને. આપણે જે ગુણોનો સ્વીકાર કર્યો હોય એવા ગુણવાળા અથવા એના કરતાં અધિકગુણવાળાના સંવાસમાં-પરિચયમાં રહેવું. તમે કે અમે ઉત્તમગુણોવાળાના ઉચ્ચકુળવાળાના પરિચયમાં રહેતા નથી તેના કારણે આપણે

સ્વીકારેલા ગુણોને ટકાવી શકતા નથી. તમને જેમ વ્રતધારી સાથે રહેવાનું ગમતું નથી તેમ અમને પણ સંયમધારી સાથે રહેવાનું ગમતું નથી. તમે જેમ નિયમ લીધા પછી પણ નિયમ ન લીધેલાની સાથે ફરો છો તેમ અમે પણ સંયમ લીધા પછી અસંયમીનો પરિચય વધારે કરીએ. ગુરુનો સંવાસ ન ગમે અને શિષ્યોનો કે ભક્તવર્ગનો સંવાસ ગમે તે પોતાનું સાધુપણું પાળી નહિ શકે. આજે મોટાના પરિચયના બદલે ખોટાનો પરિચય ગમે છે. કારણ કે મોટાના પરિચયમાં રહીએ તો આપણે ખોટા દેખાઈએ અને ખોટાની વચ્ચે રહીએ તો આપણે મોટા દેખાઈએ. મોટાની વચ્ચે રહીએ તો મોટા આપણી ભૂલ બતાવ્યા કરે તેથી આપણે ખોટા દેખાઈએ અને ખોટા માણસોની વચ્ચે રહીએ તો આપણે વિદ્વાન ગણાઈએઃ આ જ પરિસ્થિતિ છે ને? આથી જ પાલન માટે વ્રતધરની સાથે રહેવાનું જણાવ્યું. જેને ગાથા ગોખવી હોય તેણે છાપું વાંચનારની સાથે ન બેસવું. સામાયિક કરવું હોય તો ટી.વી. જોનારા સાથે ન બેસવું.

**સ.** આપણે અધિકગુણીનો સંવાસ કરીએ પણ અધિકગુણવાળા માટે અમે હીનગુણવાળા હોવાથી તે અમારો સંવાસ નહિ કરે તો શું કરવું?

આપણે અધિકગુણવાળા સાથે સંવાસ કરવાનો. જે અધિકગુણવાળા હોય તેઓ હીનગુણવાળાનો સામેથી પરિચય ન કરે, પણ તે પોતે સામેથી આવ્યો હોય તો તેને બેસવા દે. આપણે અધિકગુણવાળા હોઈએ તો આપણા કરતાં હીનગુણવાળાની પાસે સામેથી નથી જવું. પણ એ આપણા પરિચય માટે આવે તો તેને ઉઠાડી નથી મૂકવો. આપણા કરતાં અધિક ગુણવાળાની સાથે રહેવાથી આપણે વ્રતમાં સિદાઈએ નહિ. આપણા પરિણામ પડે તો તેમના આલંબનથી આપણે પરિણામમાં સ્થિર થઈ શકીએ. આમાં વાંસના જંગલનું દૃષ્ટાંત આપ્યું છે. એકાદ વાંસનું મૂળિયું ઊખડી ગયું હોય તો આજુબાજુના વાંસના આધારે એ વાંસ ટકી જાય છે. આ જ રીતે વ્રતધારીના વિષયમાં સમજવું. આપણે ઉપવાસ કરીએ ત્યારે છઠ્ઠ-અઠ્ઠમ કરનારા સાથે રહેવું જેથી ઉપવાસમાં તકલીફ પડે તો સામે અઠ્ઠમવાળાને જોઈને થાય ને કે આને ત્રણ ઉપવાસ છે તોય મજેથી ક્રિયા કરે છે, તો મને એક ઉપવાસમાં શું ફરક પડવાનો હતો? આ રીતે આપણે આપણા વ્રતમાં સ્થિર થઈ શકીએ. એ જ રીતે અધિકગુણવાળાના સંવાસમાં રહીને પણ પોતાના ગુણઠાણાને ઉચિત ક્રિયાના અનુસ્મરણનો સ્વભાવ રાખવાનો પણ ઉપદેશ આપવો.

હવે જેને આ વ્રતનું પાલન અઘરું લાગે તેને એ વ્રતમાં ઉત્સાહ મંદ પડવાની પૂરી સંભાવના છે તેથી હવે વ્રતપાલન સહેલું બનાવવા માટે ફળનું વર્ણન કરવું.

**तथा–फलप्ररूपणेति ।।१५।। (७३)**

વ્રતનું પાલન અનુકૂળ ન લાગે, અશક્ય-અઘરું લાગે, અણગમતું લાગે ત્યારે પણ જો ફળનું વર્ણન કરીએ અર્થાત્ લાભ કેટલો છે-એ બતાવીએ તો પાછો ઉત્સાહ જાગે ને? તમે દવાખાને જાઓ ત્યારે ડોક્ટર જે નિદાન બતાવે, ઓપરેશન કરવાનું જણાવે તે અનુકૂળ ન લાગે, અશક્ય લાગે, અણગમતું લાગે છતાં ડોક્ટર ઓપરેશનના ફાયદા જણાવે તો પાછું મન ઉત્સાહિત થાય ને? અહીં ફળની લાલચે ધર્મ કરાવવાની વાત જ નથી, નુકસાનથી બચાવવાની વાત છે. ધર્મ કરવાના કારણે નરકાદિમાં જવું ન પડે અને મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી દેવલોકની પ્રાપ્તિ થાય છે-આવું વર્ણન કરીએ ત્યારે દેવલોકની લાલચથી ધર્મ કરાવવાનો આશય નથી. જેમ તમે સિદ્ધગિરિની તળેટીએ પહોંચો ત્યારે 'સિદ્ધાચલગિરિ ભેટ્યા રે ધન ભાગ્ય હમારા' આ સ્તવનમાં 'નરકતિર્યંચગતિ વારા રે' આવું બોલો છો ત્યારે કહેવાનો ભાવ એ જ હોય કે હવે તળેટીની સ્પર્શનાથી નરકાદિ ગતિ તો ટળી જ ગઈ. છતાં ઉપર દાદાની યાત્રા કરવા ચઢો છો તે બાકી રહેલી બે ગતિ પણ ટાળવી છે માટે જ ચઢો છો ને? સંયમયાત્રા વિના ચારગતિ ન ટળે અને એ સંયમયાત્રા પામવા માટે તીર્થયાત્રા કરવાની છે. ધર્મીને સંસારનાં સુખો ગમતાં નથી હોતાં, તેથી એના માટે તે ધર્મ કરતો નથી. છતાં ધર્મીને જે ઊંચામાં ઊંચાં સુખનાં સાધનો મળે છે તે ધર્મના જ પ્રભાવે મળે છે. સુખ ગમતું ભલે ન હોય પણ સુખ મળે તો ધર્મથી જ, પાપથી ન જ મળે. માત્ર વર્ત્તમાનના કષ્ટને જોઈને ધર્મથી પાછા પડનારને ભવિષ્યના ફલ નજર સામે લાવીને વસ્તુતઃ તેને વર્ત્તમાનમાં કષ્ટ ભોગવવા તૈયાર કરવાનું જ તાત્પર્ય હોય છે. આ ફળની પ્રરૂપણામાં સૌથી પહેલાં ઉપપ્લવનો હ્રાસ બતાવ્યો છે. ઉપપ્લવ એટલે સંક્લેશ. ધર્મ કરવાથી સૌથી મહત્ત્વનું ફળ એ છે કે વર્ત્તમાનમાં જ મનના સંક્લેશો નાશ પામે છે. માટે જ કહ્યું છે કે **मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे** ભગવાનની પૂજાથી મનના સંક્લેશ ટળવાથી મન પ્રસન્ન બને છે. ઈચ્છા એ સૌથી મોટો સંક્લેશ છે અને ધર્મના કારણે એ ઈચ્છા ઘટવા માંડે છે. આથી જ ધર્મમાં આજ્ઞાનું મહત્ત્વ છે. આપણી ઈચ્છા મુજબ આયંબિલ કરવાં એના કરતાં ગુરુની કે ભગવાનની આજ્ઞા મુજબ વિગઈઓ વાપરવી સારી. આયંબિલખાતામાં જે રસોઈ થાય છે તે આયંબિલવાળા માટે થાય છે. સાધુસાધ્વીને આયંબિલ હોય તો તે રસોઈ તેમના માટે પણ કરેલી કહેવાય. તેથી એ ગોચરી સાધુસાધ્વીને ન ખપે. આવા આહારથી આયંબિલ કરવા કરતાં એકાસણું કરવું સારું. વૈદ્યની આજ્ઞાથી વિષ ખાઈએ તોપણ ન નડે તેમ ગુરુની આજ્ઞાથી વાપરેલી વિગઈઓ પણ ન નડે. ધર્મના કારણે ક્લેશની હાનિ થાય છે. સુખ ભોગવ્યા પછી મન લજ્જા, ભય વગેરેને ધારણ કરે છે. જ્યારે ધર્મ કર્યા પછી આવા કોઈ ક્લેશનો અનુભવ થતો નથી.

ધર્મ કરવાના કારણે સુખ મળે કે ન મળે છતાં પણ સંસારનો-દુઃખનો નાશ થાય છે-એ જ પ્રસન્નતાનું કારણ છે. તમારો પણ અનુભવ શું છે? દુઃખ જાય તો પ્રસન્નતા આવે છે કે સુખ મળે તો પ્રસન્નતા આવે છે? સુખ ગમે તેટલું મળે પણ જો દુઃખ ન ગયું હોય તો પ્રસન્નતા આવે ખરી? માંદગીમાં સારામાં સારું ખાવાનું મળે તો પ્રસન્નતા આવે કે રોગ ગયા પછી મગનું પાણી વાપરવા મળે તોય પ્રસન્નતા મળે? પાંચે ઈન્દ્રિયોના વિષયોના ભોગવટાથી પ્રસન્નતા નથી. ઉપરથી વિષયોનો ભોગવટો લજ્જાનું અને સંક્લેશનું કારણ છે. જ્યારે વિષયોનો ત્યાગ એ જ પ્રસન્નતાનું કારણ છે. ધર્મથી દુઃખ કાયમ માટે જાય છે એ જ તો પ્રસન્નતાનું કારણ છે. મન પ્રસન્ન હોય ત્યારે જ ધર્મ કરવાનો એવું નથી, ધર્મ કરવાથી મન પ્રસન્ન બને છે. દવા લેતી વખતે પ્રસન્નતા હોય? દવા લીધા પછી સ્વસ્થતા, પ્રસન્નતા આવે છે. તેમ ધર્મ એ પણ ઔષધ છે. એ કરતી વખતે પ્રસન્નતા આવવાની નથી, પણ ધર્મ કર્યા પછી પ્રસન્નતા આવશે. આ ધર્મ આજ્ઞામાં છે. આજ્ઞા પાળતી વખતે ઈચ્છાઓને બાજુ પર મૂકવી પડે તો પ્રસન્નતા ક્યાંથી આવવાની? છતાં પણ આજ્ઞા મુજબ જ ધર્મ કરવો છે-આટલું નક્કી કરીએ તો તેના કારણે ઉપાલવનો હ્રાસ થશે. આ તો પૂછે કે 'આજ્ઞા મુજબ ન થાય તો ન કરવું? અપવાદ પણ આપ્યા છે ને?' આપણે કહેવું પડે કે પહેલાં ઉત્સર્ગમાર્ગે ચાલવું, પછી પડી ન જવાય તે માટે અપવાદ છે. માર્ગે ચાલવા માટે અપવાદ નથી, માર્ગથી પતન ન પામીએ માટે અપવાદ છે. આપણે આજ્ઞા મુજબ જ પ્રવૃત્તિ કરવી છે. આજ્ઞા ન પળાય તો કર્યા વિના રહેવું છે, પણ જેમાં આજ્ઞા ન હોય એવું કરવું પણ નથી અને એમાં સાથ પણ નથી આપવો.

ધર્મ કરવાથી પાપ જાય છે, પાપ જવાથી દુઃખ જાય છે, દુઃખ જવાથી શાંતિ મળે અને સમાધિ મળે. સમાધિ સુખથી ન મળે, ધર્મથી મળે. મરતી વખતે કેટલો પૈસો હોય અને કેટલો પરિવાર હોય તો સમાધિ મળે? પ્રસન્નતા ધર્મથી જ મળે, સુખથી ન જ મળે. આજે ધર્મ કરતી વખતે દુઃખ ટાળીને સુખ મેળવવાની તૈયારી છે માટે પ્રસન્નતા હણાય છે. એના બદલે દુઃખ ભોગવીને અને સુખ ટાળીને ધર્મ કર્યો હોત તો પ્રસન્નતા મળી ગઈ હોત. વર્ત્તમાનમાં દુઃખ આવવું ન જોઈએ અને સુખ મળવું જોઈએ-આ લાલસા ધર્મ કરતી વખતે પડી છે માટે પ્રસન્નતા હણાય છે કારણ કે સુખ હમણાં મળતું નથી ને દુઃખ ટળતું નથી. એના બદલે સુખની અપેક્ષા મૂકીને દુઃખ વેઠવા તૈયાર થઈએ તો ધર્મના કારણે ઉપપ્લવનો નાશ થયા વિના ન રહે.

ત્યાર બાદ બીજું ફળ બતાવ્યું છે કે ધર્મ અર્થાદ્ જ્ઞાનાચારાદિના પાલનથી ભાવ ઐશ્વર્યની વૃદ્ધિ થાય છે. ધન, વૈભવ, પરિવાર વગેરે દ્રવ્યૈશ્વર્ય છે અને આત્માના જ્ઞાનાદિ

ગુણો ભાવૈશ્વર્યસ્વરૂપ છે. તે જ રીતે ઔદાર્ય, દાક્ષિણ્ય વગેરે ગુણોની વૃદ્ધિ થાય છે. સાધુભગવંતને જે અણિમાદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે તે ક્ષયોપશમભાવની હોવા છતાં તેના કારણે જે સામર્થ્ય મળે છે તે ઔદયિકભાવને આશ્રયીને છે. જ્યારે આત્માના ક્ષયોપશમભાવના ગુણોની વૃદ્ધિના કારણે આત્માના ગુણોનું સામ્રાજ્ય પ્રગટે છે એ ધર્મનું ફળ છે. ત્યાર બાદ જનપ્રિયત્વ ફળ બતાવ્યું છે. જે જ્ઞાનાચારાદિનું પાલન કરે તે કોઈને પણ દુઃખ ન આપે અને કોઈનું પણ સુખ ઝૂંટવી ન લે તેથી એવો આત્મા કોઈને પણ પ્રિય થઈ પડે-એ સમજી શકાય છે. આથી જ જનપ્રિયત્વ એ આચારપાલનનું ફળ છે. આચારપાલનના પ્રભાવે આટલાં ફળો તો આ જ લોકમાં પ્રાપ્ત થાય છે. સાથે પર લોકમાં પણ સુગતિની પ્રાપ્તિ થાય છે. જેઓ ધર્મ કરે, આચારપાલન કરે તેઓને નરકતિર્યંચગતિમાં જવાનો વખત નથી આવતો. તેમના માટે દેવ અને મનુષ્ય આ બે જ ગતિ બાકી રહે છે. જે મનુષ્ય અને તિર્યંચો હોય તેમના માટે દેવગતિ અને જે દેવ કે નારકી હોય તેમના માટે મનુષ્યગતિ નિશ્ચિત છે. આ રીતે આચારપાલનના ફળરૂપે મોક્ષે ન જાય ત્યાં સુધી દેવલોકમાં જાય. અને ત્યાંથી ચ્યવ્યા પછી પણ ઉત્તમ કુલાદિથી યુક્ત ઉત્તમ સ્થાનમાં જન્મની પ્રાપ્તિ થાય છે. ચારિત્રધર્મની પ્રાપ્તિ અત્યંત સુલભ બને એવા સંયોગો પ્રાપ્ત થાય છે. અને આ ક્રમે અંતે મોક્ષની પણ પ્રાપ્તિ થાય છેઃ આ બધાં જ ફળો સારી રીતે આચારપાલન કરનારાને પ્રાપ્ત થાય છે.

**देवर्द्धिवर्णनमिति ।।१६।। (७४)**

લૌકિકમાર્ગમાંથી લોકોત્તરમાર્ગમાં લાવવા માટે ઉપદેશજેવું અમોઘ સાધન બીજું એકે નથી. આથી જ તીર્થંકરના આત્માઓ પણ કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થંકરનામકર્મના ઉદયથી રોજ બે પ્રહર દેશના આપે છે. પોતે જે કરે છે એ બરાબર નથી અને જે ખરેખર કરવાજેવું છે તે કેવી રીતે કરવું તેને જણાવવા માટે તો દેશના છે. દેશનાની જરૂર જ આપણી ભૂલોને જણાવવા માટે છે. શ્રોતા જે કરે છે તે બરાબર છે-એ જણાવવા માટે દેશના નથી. શ્રોતાને જે ખૂટે છે તે જણાવનારી દેશના હોય છે. શ્રોતા જે કરે છે તે ખોટું છે-એવું કદાચ ન કહીએ પણ એ અધૂરું છે-એમ તો જણાવવું જ પડે ને? એ ખોટો છે એવું ન કહીએ પણ 'આવું જે કરે છે તે ખોટા છે, અને આવું કરે તે જ સાચા છે'-એટલું તો કહેવું પડે ને? ખોટી ક્રિયાઓ કે અધૂરી ક્રિયાઓ ફળને આપવા માટે સમર્થ બનતી જ નથી. આ વસ્તુ શ્રોતાને સમજાવવી જ જોઈએ.

સ. ખોટું સમજાવવાના બદલે સાચું શું છે-એટલું કહીએ તો પેલો એની મેળે સમજી જાય ને?

એવું બધા માટે ન બની શકે. ઘણા લોકોને સ્પષ્ટ સમજાવવું પડે. સામાન્યથી જીવો ત્રણ પ્રકારના છે. બીજાના અનુભવથી શીખે તે ઉત્તમ માણસ છે. પોતાના અનુભવથી શીખે તે મધ્યમ માણસો છે અને ઠોકર ખાવા છતાં ન સુધરે તે અધમ માણસો છે. જેઓ પોતાની જાતે ન સમજી શકે તેમના માટે જ દેશના છે. શ્રોતાને રસ ન પડે તો રસ પેદા કરવા માટે ઉપાય છે, તેને લાલચ આપવાની વાત નથી. ભગવાને દેશનામાં જે વાતો કરી છે તે આપણે ત્યાં પૂજાઓમાં વણેલી છે. આજે તો લોકો પૂજામાં આવતા નથી તેથી નવાં નવાં અનુષ્ઠાનો ઊભાં કરાય છે. પરંતુ લોકો પૂજામાં આવે એવી અનુકૂળતા આપવાની વાત કોઈ કરતું નથી. એક વાર આચાર્ય ભગવંતને કોઈકે ફરિયાદ કરી કે 'સાહેબ! સ્નાત્રપૂજા રાખીએ તો કોઈ આવતું નથી.' ત્યારે આચાર્યભગવંતે કહેલું કે 'સ્નાત્રમાં આવનારની નવકારશી તારા ઘરે રાખીશ તો બધા આવશે.' લોકો વાપરવા માટે નથી આવતા, પરંતુ ઘરે જો રાંધવાનું હોય તો પૂજા વગેરેમાં હાજરી કેવી રીતે આપવાના? તમે લોકોને જમવાની અનુકૂળતા કરી આપો તો લોકોને રાંધવાનું ન હોવાથી પૂજામાં હાજરી આપશે. તમે સાધર્મિકભક્તિ રાખો તો બધાં અનુષ્ઠાનમાં લોકો હાજરી આપશે. લોકોને અનુકૂળતા આપવી એ જુદી અને લોકોને લાલચ આપવી-એ જુદી. પ્રભાવના જાહેર કરીને અનુષ્ઠાન કરાવવાં તે લાલચ છે. અને પૂજા વગેરે અનુષ્ઠાન કે વાચના-વ્યાખ્યાન વગેરે અનુષ્ઠાનમાં હાજરી આપવાની અનુકૂળતા કરી આપવા સાધર્મિક વાત્સલ્ય રાખવું તે લાલચ નથી. લોકો ઘર છોડીને ઉપાશ્રયમાં વધુ રહે-એવું આયોજન કરવું એ લાલચ નથી. આજે તો તમારે ઘર છોડવું નથી અને ઘરમાં બેસીને વૈરાગ્ય આવે એની રાહ જોઈને બેઠા છો ને? શાસ્ત્ર કહે છે-એક વાર ઘર છોડો તો વૈરાગ્ય એની મેળે પ્રગટશે. ઘર છૂટી જશે તો ઉપાશ્રય ગમશે જ. ઘર ગમે છે માટે ઉપાશ્રય નથી ગમતો. જેટલું ક્રિયાનું સાતત્ય જાળવીશું તેટલી ફળની પ્રાપ્તિ વહેલી થશે.

આ ફળનું વર્ણન આપણે શરૂ કર્યું છે. તેમાં જે સુગતિની પ્રાપ્તિ જણાવી છે તે દેવલોકમાં કેવી ઋદ્ધિ મળે છે તેનું વર્ણન શ્રોતા આગળ કરવું. જ્ઞાનાચારાદિના પાલનથી મોક્ષની પ્રાપ્તિ ન થાય તો જે દેવલોકની પ્રાપ્તિ થાય તેમાં બાહ્ય સામગ્રી મનુષ્યલોક કરતાં ઘણી ચઢિયાતી હોય છેઃ એમ જણાવવું. નહિ તો મનુષ્યપણા કરતાં દેવલોકમાં ખરાબ સામગ્રી મળવાની હોય તો એવા દેવલોકને અપાવનાર જ્ઞાનાચારાદિમાં તે શ્રોતા પ્રવૃત્ત નહિ થાય. આ દેવલોકની ઋદ્ધિ માંગીને નથી મળતી. જે માંગીને દેવલોક મેળવે તેને કુમારનંદીની જેમ ઢોલ વગાડવો પડે એવો દેવલોક મળે. અને માંગ્યા વિના મળે તો કુમારનંદીના મિત્ર નાગિલશ્રાવકની જેમ બારમો દેવલોક મળે. માંગવાથી મળે નહિ,

કદાચ મળે તોપણ માંગેલું ફળે નહિ, ફૂટી નીકળે. કુમારનંદીની કથા તો હમણાં જ પર્યુષણમાં સાંભળી છે ને? પાંચ સો કન્યાને ભેગી કર્યા પછી પણ હાસા પ્રહાસા નામની દેવીઓમાં એવો આસક્ત થયો કે તેમને મેળવવા માટે તેમના કહેવાથી નિયાણું કરીને અગ્નિમાં બળી મર્યો. નિયાણાથી દેવલોક મળ્યો, પરંતુ નીચ જાતિનો દેવ થયો. જ્ઞાનાચારાદિના પાલનથી આવો દેવલોક નથી મળતો. દેવલોકમાં જઈને પણ ઢોલ વગાડવાનો હોય કે રત્નનો ઝાડૂ લઈને ફરવાનું હોય તો એવો દેવલોક શું કામનો?

સ. દેવલોકમાં જઈને ભગવાનની ભક્તિ કરવા મળે ને?

તો અહીં ભગવાનની ભક્તિ કરતાં તમને કોણે રોક્યા છે? અહીં ભક્તિ કરવી નથી તેવાઓ દેવલોકમાં જઈને ભક્તિ શા માટે કરશે? દેવલોક કરતાં પણ અહીં તો ભગવાનની ઉત્તમ ભક્તિ કરી શકાય એમ છે. દેવતાઓ તો ભગવાનના અભિષેકાદિ કરી શકે પણ ભગવાનની આજ્ઞા માનવાનું સામર્થ્ય તેમનામાં નથી ને? દશાર્ણભદ્ર આગળ પણ ઈન્દ્રમહારાજા હારી ગયા ને? દેવો ભગવાનની આંગી રચી શકે પણ સાધુ ન થઈ શકે. ભગવાનનો શણગાર સજવા ઘરમાં રહેવું એના કરતાં ભગવાનની આજ્ઞા પાળવા અણગાર થવું સારું ને? સાધુ થવા મળતું નથી માટે જ આપણે દેવલોકમાં નથી જવું. જ્યાં સાધુ થવા ન મળે ત્યાં જઈને કરવું શું? આટલું સમજાયા પછી દેવની ઋદ્ધિનું વર્ણન સાંભળો તો દેવલોકની લાલચથી ધર્મ કરવાનું મન નહિ થાય. જ્ઞાનાચારાદિના વિશુદ્ધ પાલનથી જે દેવલોક મળે તે સંક્લેશનું કારણ નથી બનતો. ભવનપતિ, વ્યંતરાદિની પ્રાપ્તિ તો નથી થતી; પરંતુ વૈમાનિકની પ્રાપ્તિ થાય છે. ત્યાં પણ ઉત્તમ રૂપની પ્રાપ્તિ થાય છે, સારી સ્થિતિ મળે છે, પ્રભાવ પણ સારો હોય છે, સુખ ઘણું હોય છે, કાન્તિ પણ સારી હોય છે અને લેશ્યા પણ શુભ હોય છે. ઈન્દ્રિયો તથા અવધિજ્ઞાન પણ વિશિષ્ટ કોટિનું મળે છે. ભોગનાં સાધનો, વિમાન વગેરે પણ દિવ્ય મળે છે.. એમ જણાવવું. અહીં દેવલોકની લાલચથી આચારપાલન કરાવવાનો કોઈ આશય નથી. માત્ર આચારપાલનથી જે ફળ કુદરતી મળે છે તે બતાવવા દ્વારા આચારનું માહાત્મ્ય જણાવવાનું તાત્પર્ય છે. ત્યાર બાદ

**तथा–सुकुलागमनोक्तिरिति ।।१७।।** **(૭૫)**

અહીં જે જ્ઞાનાચારાદિનું નિરાશંસભાવે પાલન કર્યું હોય તેનો પ્રભાવ દેવલોકની પ્રાપ્તિ કરાવીને અટકી નથી જતો, ત્યાંથી ચ્યવ્યા બાદ વિશિષ્ટ દેશ, જાતિ, કુલ આદિથી યુક્ત ઉત્તમ સ્થાનમાં જન્મ આ ધર્મના પ્રભાવે મળે છે. સદાચારના કારણે પ્રસિદ્ધ ખ્યાતનામ બનેલા પુરુષથી યુક્ત એવા સ્થાનમાં જન્મ મળે છે, અનેક મનોરથોને

પૂરનાર અને અત્યંત નિરવદ્ય એવો જન્મ પ્રાપ્ત થાય છે. આ રીતે મનુષ્યભવમાં ફરી ધર્મની ચઢિયાતી સામગ્રી મળવાથી જે ચઢિયાતી સાધના થાય તેનાથી ચઢિયાતા દેવલોકની પ્રાપ્તિ થાય... એમ કરતાં ઉત્તરોત્તર શુભ પરંપરા સર્જાય છે તે જણાવે છે:

**तथा–कल्याणपरम्पराख्यानमिति ।।१८।। (७६)**

દેવલોકમાંથી સુકુળમાં સાધનાને અનુરૂપ જન્મ મળે અને સાધનાથી ફરી ઉત્કૃષ્ટ દેવલોક મળે... આ રીતે મોક્ષ ન મળે ત્યાં સુધી કલ્યાણની પરંપરાને સર્જવાનું કામ આ આચારપાલન કરે છે: એમ શ્રોતાને જણાવવું. આ રીતે આચારનું સ્વરૂપ અને આચારનું ફળ બતાવ્યા બાદ તેની આગળ અસદાચારની ગર્હા કરવી તે જણાવે છે:

**तथा–असदाचारगर्हेति ।।१९।। (७७)**

આપણે માત્ર સદાચારની પ્રશંસા કરવાની, કોઈના અસદાચારને ખરાબ ન કહેવાય- એવું આજે ઘણાનું મંતવ્ય છે. આથી જ અહીં ગ્રંથકારશ્રીએ શ્રોતા આગળ અસદાચારની ગર્હા કરવાનું જણાવ્યું છે. સદાચારનું સ્વરૂપ જેમ શ્રોતાને સમજાવવાનું છે એમ અસદાચારનું પણ સ્વરૂપ તેની આગળ જણાવવાનું છે. તે જ રીતે સદાચારની જેમ પ્રશંસા કરવાની તેમ અસદાચારની ગર્હા પણ કરવાની છે. આપણે કોઈને ખરાબ કે અસદાચારી નથી કહેવા પણ જે અસદાચાર હોય તેને અસદાચાર તો કહેવા જ પડે ને? જે અસદાચારને સેવે તેને અસદાચારી કહેવાય એ પણ સમજાવવું પડે. આમાં કોઈને અસદાચારી કહેવાની વાત નથી, આપણે અસદાચારી ન બનીએ તે માટે જ આ અસદાચારની ગર્હા કરવાની વાત છે. સાચા-ખોટાનું જ્ઞાન આપવા માટે સાચાને જેમ સાચું કહીએ તેમ ખોટાને ખોટું પણ કહેવું જ પડે. આપણે જેમ સાચું પામવું છે તેમ ખોટું છોડવું પણ છે. સાચાને પામવા માટે જેમ સાચાની પ્રશંસા કરવાની છે, તેમ ખોટાથી બચવા માટે ખોટાની ગર્હા પણ કરવી પડે. જ્યાં સુધી અસદાચાર ગમ્યા કરે ત્યાં સુધી અસદાચારની ગર્હા સાંભળવી નહિ ગમે. અસદાચાર ખરાબ લાગે તે વિરતિસ્વરૂપ ધર્મ કરવા માટે તૈયાર થઈ શકે. આપણા મનમાં અસદાચારની જે ઉપાદેયબુદ્ધિ પડેલી છે તેને દૂર કરવા માટે જ ઉપદેશક મહાત્માને આપણી આગળ અસદાચારની ગર્હા કરવાનું જણાવ્યું છે. પાપ છોડવા માટે શક્તિની જરૂર છે કે પાપ કરવા માટે? હિંસા કરવા માટે શક્તિ જોઈએ, પણ હિંસા છોડવા માટે શક્તિની જરૂર નથી. જૂઠું બોલવું હોય તો મગજની કસરત કરવી પડે, પણ જેને જૂઠું નથી બોલવું તેને કોઈ શક્તિ ફોરવવાની જરૂર નથી. ચોરી કરવા માટે આયોજન કરવું પડે, મૈથુન સેવવા માટે પાત્ર શોધવું પડે, પરંતુ જેને આ પાપ કરવા નથી તેને કોઈ શક્તિ ફોરવવાની જરૂર નથી. પાપ છોડવા માટે શક્તિની નહિ, ભગવાનના

શાસન પ્રત્યે ભક્તિની જરૂર છે. આજે આપણને પાપ ગમે છે માટે સંસાર ગમે છે. જે દિવસે પાપ નહિ ગમે તે દિવસે સંસારમાં રહેવાનું નહિ ગમે.

સદાચારથી વિલક્ષણ અર્થાદ્ વિપરીત લક્ષણવાળા અસદાચાર છે. આ અસદાચાર પાપના હેતુભૂત છે અને દસ પ્રકારના છે- ૧. હિંસા, ૨. અનૃત-જૂઠ, ૩. ચોરી, ૪. મૈથુન, ૫. પરિગ્રહ, ૬. તત્ત્વ પ્રત્યેની અશ્રદ્ધા, ૭. ક્રોધ, ૮. માન, ૯. માયા, ૧૦. લોભઃ આ દસ પાપના હેતુ છે અને તે અસદાચાર છે. મિથ્યાત્વ એ પણ અસદાચાર છે. આ મિથ્યાત્વના ત્યાગમાં કોઈ તકલીફ નથી. કુદેવાદિને આપણે માનવા નથી, તેમની પાસે જવું નથી. પરંતુ માતાપિતાના કારણે કોઈ વાર મિથ્યાત્વની કરણી કરવી પડે તો તે અભિયોગરૂપ આગારમાં આપેલ છે. તેમાં સમ્યક્ત્વવ્રતમાં ભાંગો નથી આવતો. કારણ કે તેમાં આપણી શ્રદ્ધાની ખામી નથી. તેવા વખતે આપણે વિચારવાનું કે 'આપણે સાધુ ન થયા માટે માબાપની આવી આજ્ઞા માનવાનો વખત આવ્યો.' આપણે ભગવાનનું માનતા નથી તેથી જ લોકોનું માનવાનો વખત આવ્યો છેઃ આટલું સમજાય તો એવા વખતે પણ સાધુ થવાનું મન થયા વિના ન રહે. કાર્તિક શેઠે રાજાભિયોગથી ગૈરિક તાપસને ભોજન પીરસ્યું. તે વખતે તેમના સમ્યક્ત્વમાં ભાંગો ન આવ્યો. છતાં પણ તેમણે વિચાર્યું કે દીક્ષા લીધી હોત તો આ પ્રસંગ ન આવત. અભિયોગ સેવવાથી વ્રતભંગ થતો નથી, તોપણ આપણા પરિણામ નઠોર ન બને તે માટે એની આલોચના લેવાની. માત્ર આમાં કોઈ જાતની માયા નહિ કરવાની. ધર્મ નિર્માયીપણામાં છે. માયાવીને કોઈ ધર્મનો અધિકાર નથી. અહીં અસદાચારની ગર્હા કેવી રીતે કરવી તેનું દૃષ્ટાંત આપતી વખતે હિંસાદિનું ન આપતાં મિથ્યાત્વનું આપ્યું છે. કારણ કે હિંસાદિને તો બધા ખરાબ માને છે, મિથ્યાત્વ લગભગ ખરાબ લાગતું નથી, તેથી તેની ગર્હા જણાવી છે.

કર્મબંધના જેટલાં કારણ છે એ બધાં અસદાચાર છે. અસદાચાર એકલા આપણને જ નડે એવું નથી, બીજાને પણ નડે. આપણે કષાય કર્યા પછી બીજા આપણા કષાયને સહન કરી લે તો આપણને એકલાને જ નડે જ્યારે મિથ્યાત્વ નામનો અસદાચાર એવો છે કે જે બીજાને પણ નડે. માટે સૌથી પહેલા અસદાચાર તરીકે મિથ્યાત્વનું વર્ણન શરૂ કર્યું છે. આપણે માર્ગે ચાલીએ કે ન ચાલીએ પણ માર્ગ ખોટો નથી બતાવવો. આપણા માર્ગે બીજાને લાવવાના બદલે ભગવાનના માર્ગે બીજાને લાવવા એ સમ્યગ્દર્શન છે. સમકિતી કદાચ અવિરતિ ભોગવતો હોય તોય ભોગવવાજેવી છે એવું તો કોઈ કાળે ન કહે જ્યારે મિથ્યાત્વી પોતે તો અવિરતિ ભોગવે, અવિરતિ ભોગવવાજેવી છે એવું કહે સાથે સાથે બીજાને પણ અવિરતિ ભોગવવા તૈયાર કરે. સ્વ અને પરનું અકલ્યાણ

કરવાનું કામ મિથ્યાત્વ કરે છે તેથી તેની નિંદા કરવી છે. મુહપત્તીના બોલમાં પણ 'મિથ્યાત્વ-મોહનીય પરિહરું' આવો બોલ આવે છે ને? મુહપત્તી પડિલેહણ કરો ત્યારે પચાસ બોલ બોલીને કરો કે એમને એમ પડિલેહણ કરો? નવકારવાળી ગણતી વખતે નવકાર ન આવડતો હોય તો નવકારવાળીના પારા એમને એમ નથી ફેરવતા ને? તેમ બોલ બોલ્યા વગર મુહપત્તીની પડિલેહણ ન થાય. આપણી ક્રિયા એવી ન હોવી જોઈએ કે જેથી લોકોમાં મિથ્યાત્વ ફેલાય. મિથ્યાત્વ પ્રત્યે દ્વેષ આવશે ત્યારે સમ્યગ્દર્શન આવશે. મિથ્યાત્વ પ્રત્યે દ્વેષ ત્યારે જ આવશે કે એ આપણું નુકસાન કરનાર છે એવું લાગે.

મિથ્યાત્વની હાજરીમાં સારી પ્રવૃત્તિ થતી નથી. આપણા ખરાબને સારું કહેવાનું અને બીજાના સારાને ખરાબ કહેવાનું કામ જ મિથ્યાત્વ કરે છે. અવિરતિ ભોગવનારને આપણે સારા ન માનીએ પણ મિથ્યાત્વને ખરાબ કહેનારને આપણે ખરાબ માનીએ ને? જે મહાત્મા મિથ્યાત્વને ખરાબ કહે એમના માટે તમે એવું કહો ને કે આવા સાધુમહાત્માને તો ચોમાસામાં લાવવા જ નહિ? આપણી બધી પ્રવૃત્તિમાં ડખો કર્યા કરે-આવું બોલો તો સાધુમહાત્માને ખરાબ માન્યા ને? ભગવાનની વાત આપણે સમજી નથી શકતા તે મિથ્યાત્વના કારણે. અહીં મિથ્યાત્વની નિંદા કરતા જણાવ્યું છે કે-મિથ્યાત્વ જેવો કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ જેવું વિષ નથી, મિથ્યાત્વ જેવો રોગ નથી અને મિથ્યાત્વ જેવું અંધારું નથી. આમાંથી કયું ચલાવી શકાય એવું છે? શત્રુ ચાલે એવો છે? વિષ ચાલે એવું છે? રોગ ચાલે એવો છે? અંધારું ચાલે એવું છે? શત્રુ વગેરે ચારે ચાર ભેગા થઈને દુ:ખ આપે તો આ જન્મમાં જ આપશે. શત્રુ ટુકડા કરશે તો શરીરના જ કરશે આત્માના નહિ, વિષ ખાશે તોય આત્મામાં તો વિષ નહીં પહોંચે. રોગ પણ શરીરમાં જ રહેશે અને અંધારું પણ આ જન્મમાં જ નડશે. આ બધાનું તો મરી જઈએ એટલે એક ભવમાં ઠેકાણું પડી જાય જ્યારે મિથ્યાત્વ તો જ્યાં સુધી મોક્ષમાં ન જઈએ, સમ્યકત્વ ન પામીએ ત્યાં સુધી દુ:ખી કર્યા કરશે. પ્રકાશ ન હોય માટે ન દેખાય તો લોકો આંખ ખરાબ છે એવું ન કહે પણ ધોળે દિવસે પણ ન દેખાય તો માનવું પડે ને કે-આંખ ખરાબ છે. ધોળે દિવસે પણ ન જાુએ એ મિથ્યાત્વનો જ પ્રભાવ છે ને? અત્યારે સમ્યગ્દર્શન કે ચારિત્ર છે ને? છતાં આપણે એને મેળવવા માટે મહેનત નથી કરતા તો માનવું પડે ને કે મિથ્યાત્વની અંધતા છે. મહાપુરુષો આપણી ઉપર ઉપકાર કરીને મિથ્યાત્વની ભયંકરતા બતાવે છે તો આપણે એને કાઢવા માટે પ્રયત્ન કરી લેવો છે. ગુરુભગવન્તનું વચન માનવા ન દે તે મિથ્યાત્વનો પ્રભાવ છે. પૂ.હેમચન્દ્રસૂ. મ. એ પોતાના શિષ્ય શ્રી રામચન્દ્રસૂ. મ. ને કહ્યું હતું કે -'બાલચન્દ્રજીને

આચાર્યપદવી ન આપવી.' ત્યારે અજયપાળે પૂ. રામચન્દ્ર સૂ.મ. ને કહ્યું કે 'બાલચન્દ્રજીને આચાર્યપદવી આપો. નહિ તો તપેલી લોઢાની પાટ પર સૂઈ જાઓ' આ સાંભળ્યા પછી પૂ.રામચન્દ્રસૂ. મ. એ ગુરુનું વચન પાળવા માટે તપેલી લોઢાની પાટ પર સૂઈ જવાનું સ્વીકાર્યું પણ બાલચન્દ્રજીને આચાર્યપદવી ન આપી. ગુરુનું વચન ન છોડ્યું એ પ્રભાવ સમ્યગ્દર્શનનો છે.

મિથ્યાત્વની શત્રુ વગેરે ઉપમા આપીને ભયંકરતા સમજાવ્યા પછી ગ્રંથમાં લખ્યું છે કે -'ધગધગતી અગ્નિની જ્વાલામાં પોતાના આત્માને નાંખવો સારો પણ મિથ્યાત્વથી યુક્ત જીવન જીવવું સારું નહિ.' અગ્નિમાં બળી મરવા કરતાં પણ મિથ્યાત્વ ભયંકર છે. મિથ્યાત્વની નિંદા કર્યા પછી હિંસા જૂઠ વગેરેની નિંદા કરવી. હિંસાદિમાં આપણને કયું સારું લાગે?

સ. પરિગ્રહ લોભ સારો લાગે.

સાચું બોલો છો? લોભ સારો લાગે તો લોભિયો ગમે ને? લોભિયો સારો લાગે કે ખરાબ લાગે? આપણો લોભ સારો લાગે, બીજાનો લોભ ભૂંડો લાગે. મરણનો પ્રસંગ આવે તો આપણો લોભ ખરાબ લાગે. એમ થાય ને કે -મેં મૂર્ખાએ આવો કેવો લોભ કર્યો કે આવી દશા આવી. મરણ સામે દેખાય તો લોભાદિ ભૂંડા લાગે તેમ કર્મબંધ-પાપ સામે દેખાય તો લોભ ખરાબ લાગ્યા વગર ન રહે.

જ્યાં સુધી પોતાના અનાચાર સારા લાગતા હોય ત્યાં સુધી આચાર પ્રત્યે પ્રેમ નહિ જાગે. બીજાનાં પાપ ખરાબ લાગે જ્યારે આપણાં પાપ સારાં લાગે છે. તેથી બીજાના પાપને કાઢવા મહેનત કરીએ છીએ અને આપણા પાપને કાઢવા મહેનત નથી કરતા. વિષ્ટાને જેવી રીતે ખરાબ માનીએ છીએ તેવી રીતે અનાચારને માન્યા હોત તો જીવનમાંથી અનાચાર નાબૂદ થઈ જાત. મિથ્યાત્વની નિંદા કર્યા પછી હિંસાદિની નિંદા કરતી વખતે તેના સ્વરૂપનું વર્ણન કરવા દ્વારા કરી છે.

**तथा–तत्स्वरूपकथनमिति ।।२०।। (७८)**

પ્રમાદના યોગે બીજાના પ્રાણ લેવા તેને હિંસા કહેવાય. આપણે હિંસા કોને કહીએ? બીજા આપણને દુઃખ આપે એને હિંસા માનીએ પણ આપણે બીજાને દુઃખ આપીએ એને હિંસા ન માનીએ. આપણા પ્રાણ આપણે જાતે છોડતા નથી જ્યારે બીજાના પ્રાણ લઈ લઈએ. આપણને દુઃખ આવે ત્યારે કર્મને યાદ નથી કરતા જ્યારે બીજાને દુઃખ આપીએ ત્યારે એમ જ માનીએ ને કે-આપણે દુઃખ નથી આપતા, એનું

કલ્યાણ કરીએ છીએ છતાં એના કર્મથી દુ:ખી થાય છે. આપણને ગમે તેટલું દુ:ખ આવી પડે પણ બીજાને દુ:ખ નથી પહોંચાડવું આનું નામ અહિંસા. ગૃહસ્થપણામાં આ સદાચારનું પાલન કરવાનું કામ કપરું છે. માટે તો ગૃહસ્થપણાનો ત્યાગ કરવાનું કહ્યું. સાધુપણામાં કોઈને દુ:ખ આપવાનું હોતું નથી. માટે અહિંસાવ્રતનું પાલન શક્ય છે.

મૃષાવાદની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે-અસદ્‌નું અભિધાન કરવું તે મૃષાવાદ છે. જૂઠું બોલવું એ જ મૃષાવાદ છે એવું નથી. સાચું ન હોય, સારું ન હોય તે અસદ્-અભિધાન. બીજાના ઉપકારનું કારણ બને તે સદ્ અભિધાન, ઉપકારનું કારણ ન બને એ અસદ્‌અભિધાન. આપણે મોટે ભાગે આપણને જે ગમે એ બોલીએ. બીજાને ઉપકાર થાય છે કે નહિ-એ જોતા જ નથી. આપણને જેવું ગમતું નથી એવું બીજા સાથે ન બોલીએ તો મૃષાવાદનો ત્યાગ સહેલાઈથી થઈ જશે.

બીજાએ નહિ આપેલી વસ્તુ લેવી તેનું નામ ચોરી. આ ચોરી તીર્થંકર ભગવન્તનું ન માનીએ એ તીર્થંકરઅદત્તાદાન સ્વરૂપ છે. ગુરુનું ન માનીએ એ ગુરુઅદત્તાદાન સ્વરૂપ છે. જીવના પ્રાણ લઈએ-ત્યારે જીવોએ પોતાના પ્રાણ લેવાની રજા આપી નથી છતાં પ્રાણ લઈએ એ જીવ અદત્તાદાન સ્વરૂપ છે અને માલિકે આપ્યા વગરની વસ્તુ લેવી તે સ્વામી અદત્તાદાન સ્વરૂપ છે. સિકંદરબાદશાહ માટે તમે સાંભળ્યું છે ને કે એમના ગુરુએ એમને કહ્યું કે -'જે વસ્તુ લીધા પછી આપણે પાછી આપી શકતા ન હોઈએ એવી વસ્તુ લેવી નહિ.' ત્યારે સિકંદરે કહ્યું કે 'એવી કઈ વસ્તુ છે કે જે લીધા પછી પાછી અપાતી નથી' ત્યારે ગુરુએ કહ્યું કે બીજાના પ્રાણ લીધા પછી આપણે પાછા આપી નથી શકતા માટે બીજાના પ્રાણ લેવા નહિ. ત્યાર પછી તેણે માંસાહારનો ત્યાગ કર્યો.

સ. સરકારનો ટૅક્સ ન ભરીએ એ ચોરી?

હા. ટૅક્સ ન ભરવો હોય તો નોકરી કરવા તૈયાર થઈ જવું. ધંધો કરવો અને ટૅક્સ ન ભરવો એ ન ચાલે.

સ. બચાવેલો ટૅક્સ ધર્મમાં વાપરીએ તો?

ચોરીનો માલ ધર્મમાં ન વપરાય. ધર્મ કરવા માટે એકે પૈસાની જરૂર નથી. સાધુપણામાં કેટલા પૈસાની જરૂર છે? પૈસા વગર સાધુપણું મજેથી પળાય ને? ટેક્સનો પૈસો તો સરકારનો છે, તેનાથી ધર્મ કેવી રીતે કરાય? તમે ધર્મમાં પૈસા નહિ ખર્ચો તો ચાલશે, પરંતુ ટેક્સની ચોરી નથી કરવી. ધર્મમાં વાપરવા માટે કમાવાની પણ શાસ્ત્રકારો

ના પાડે છે તો તેના માટે ટેક્સની ચોરી ક્યાંથી કરાય? ચોરીનો પૈસો સંસારમાં પણ નથી વાપરવો, ધર્મમાં પણ નથી વાપરવો, એવો પૈસો ઊભો કરવો જ નથી. ઓછાથી નિર્વાહ કરશું, પણ પાપથી ભેગું નથી કરવું. ગૃહસ્થપણામાં બહુ બહુ તો ચાર અદત્તાદાનમાંથી સ્વામી-અદત્તાદાનથી બચી શકાશે. બાકી ત્રણ અદત્તાદાન તો કપાળે ચોંટેલાં જ છે. તમે સંસારમાં રહ્યા તે સુખ ભોગવવા નથી રહ્યા, બીજાને સુખી બનાવવા રહ્યા છોઃ આ વાત સાચી છે ને?

સ. અમારા સુખ માટે તો રહ્યા છીએ.

સુખ માટે રહ્યા પણ સુખ ભોગવવા મળે છે ખરું? તમે કેટલું સુખ ભોગવો અને તમારો પરિવાર કેટલું સુખ ભોગવે? તમને સુખ કેટલું ભોગવવા મળે છે અને દુ:ખ કેટલું ભોગવવું પડે છેઃ એનો જો વિચાર કર્યો હોત તો સાધુપણું અઘરું ન લાગત.

હિંસા જૂઠ અને ચોરીઃ આ ત્રણ અસદાચારની નિંદા કર્યા પછી ચોથા મૈથુન સ્વરૂપ અસદાચારની નિંદા કરવી. પાંચ ઈન્દ્રિયના તેવીસ વિષયોનો ભોગ કરવો તેનું નામ મૈથુન. વિષયોની જરૂર પડે માટે લઈએ એને ભોગ ન કહેવાય. મેળવીને લેવું તેનું નામ ભોગ, મળેલું લેવું તે ભોગ નહિ. સારી વસ્તુ મેળવવા માટે મહેનત કરવી અને ખરાબ વસ્તુ ટાળવા માટે મહેનત કરવી તેનું નામ ભોગ. મૈથુન પછી પરિગ્રહ આવે. પરિગ્રહ તેને કહેવાય છે કે જે વસ્તુ રાખી છે તેની પર મૂર્ચ્છા કરવી. વસ્તુ ગયા પછી ફરિયાદ ન કરવી તેનું નામ મૂર્ચ્છાનો અભાવ.

સ. મૂર્ચ્છા ઉતારવા માટે શું વિચારવું?

વસ્તુ પારકી છે એમ માનતા થઈ જવું. આત્માના ગુણો સિવાયની બધી વસ્તુ કર્મથી-પુણ્યથી મળેલી હોવાથી પારકી છે, પુણ્ય પૂરું થશે એટલે જતી રહેશે. જ્યારે કર્મના ક્ષયથી મળેલા જ્ઞાનાદિ ગુણો કોઈ દિવસ જશે નહિ. મુમુક્ષુને 'અસદાચારની નિંદા કરવી જોઈએ': આ પ્રમાણે દેશક જ્યારે કહે ત્યારે પોતે પણ તે અસદાચારનો ત્યાગ કરવો જોઈએ-તે જણાવવા માટે આગળનું સૂત્ર છે-

**तथा–स्वयं परिहार इति ।।२१।। (७९)**

દેશકે પોતે જો અસદાચારનો ત્યાગ કર્યો ન હોય તો શ્રોતા પર સદાચારના કથનની અસર નહિ પડે. રત્નાકર પચીસીની રચના આમાંથી જ થઈ ને? સાધુભગવન્તે પોતે પરિગ્રહ રાખીને પરિગ્રહ કેટલો ખરાબ છે એ સમજાવવાનું કામ કરેલું. ત્યારે શ્રોતાએ કીધું કે 'ભગવન્ત! બરાબર નથી સમજાતું'. આપણે હોત તો કહેત કે 'પહેલા તમે છોડો પછી અમે છોડશું.' જ્યાં સુધી સાધુમહાત્માએ પરિગ્રહ ન છોડ્યો ત્યાં સુધી

'સમજાતું નથી' એમ જ કીધા કર્યું. પરિગ્રહ છોડયા પછી શ્રોતાએ કહ્યું કે -'સમજાઈ ગયું.' અહીં દેશકે માયા ન કરવી તેના માટે આગળનું સૂત્ર છે-

### तथा-ऋजुभावाऽऽसेवनमिति ।।२२।। (૮૦)

પોતે ઋજુભાવનું સેવન કરવું, કુટિલતા ન કરવી. દેશકે મુમુક્ષુને અસદાચારની નિંદા કરવી' આ પ્રમાણે કહેવા સાથે એમ પણ કહેવું કે - ધર્મ એકાન્તે સારો પણ ભગવાનની આજ્ઞા મુજબનો હોય તો, નહિ તો અનર્થની પ્રાપ્તિ થશે-તે પછીના સૂત્રમાં જણાવે છે.

સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં ધર્મની યોગ્યતા એટલા માટે છે કે તે સિવાયની ગતિમાં અજ્ઞાન જ છે. અજ્ઞાનીને ધર્મ ન હોય. મિથ્યાત્વને ટાળવા માટે સૌથી પહેલા જ્ઞાન જોઈએ. સંજ્ઞીપંચેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યા પછી પણ અજ્ઞાન ટાળવા મહેનત ન કરીએ તો મિથ્યાત્વ નહિ હલે. અનાદિકાળ અજ્ઞાનમાં જ વીતાવેલો, ત્યાંની બધી પ્રવૃત્તિ અજ્ઞાનમૂલક જ હતી. હવે સંજ્ઞીપંચેન્દ્રિયપણું પ્રાપ્ત કર્યું છે તો અજ્ઞાનને ટાળીને જ્ઞાન મેળવીને મિથ્યાત્વને ટાળવાનો પુરુષાર્થ કરી લેવો છે. અજ્ઞાનના કારણે સંસારમાં રખડીએ છીએ. રાગ દ્વેષ વગેરે ખરાબ નથી લાગતા તે અજ્ઞાનનો જ પ્રભાવ છે. તેથી સૌથી પહેલાં અજ્ઞાન ટાળવા માટે પ્રયત્ન કરવો છે. જ્ઞાન પામવાનો ઉત્સાહ જાગે ત્યારે જ ભણવું છે-એવું વિચારશો તો ક્યારેય અજ્ઞાન ટળશે નહિ. આજે તમારે કે અમારે ધર્મ કરવો છે ચોક્કસ પણ પરિણામ આવે તો જ કરવો છે-આવી જ વૃત્તિ છે ને? સંસારમાં બધી પ્રવૃત્તિ પરિણામ આવ્યા પછી જ કરો છો? કે પરિણામ વગર પણ કરો છો? પરિણામ છે કે નથી એ નથી જોવું. ભગવાને કીધું છે માટે કરી લેવું છે, સદાચાર પાળી લેવા છે.

### तथा-अपायहेतुत्वदेशनेति ।।२३।। (૮૧)

મિથ્યાત્વાદિની નિંદાદિ કર્યા પછી મુમુક્ષુને અપાયના કારણનું નિદર્શન કરવું. મુમુક્ષુને કહેવું કે જ્ઞાનાચારાદિ આચારનું ભગવાનની આજ્ઞા મુજબ પાલન કરવામાં આવે તો કલ્યાણ થાય, તેમ આજ્ઞા મુજબ નહિ કરવામાં આવે તો નુકસાન છે. મુમુક્ષુને લૌકિક માર્ગ સારો લાગે તો લૌકિકનો ત્યાગ કરીને લોકોત્તરમાર્ગને નહીં સ્વીકારે.'લૌકિક ધર્મ તો અનાદિથી કરતા હતા માટે તો ઠેકાણું ન પડ્યું તેથી હવે લોકોત્તરને પામીને સંસારથી પાર ઊતરવું છે. લૌકિક ધર્મથી લોકોત્તરધર્મ સુધી આવ્યા એ સારું થયું પણ હવે લૌકિકનો ત્યાગ નહિ કરીએ તો પાછા સંસારમાં ભટકવા જવું પડશે' આવો પરિણામ મુમુક્ષુને પેદા થાય એવી રીતે દેશના આપવાની.

'ખોટાને છોડશો તો જ ઠેકાણું પડશે' આવું કહેવાનું સત્ત્વ દેશના આપનારમાં હોવું જ જોઈએ. જેમની પાસે આવું સત્ત્વ ન હોય તેઓ દેશના આપવાના અધિકારી નથી. દેશના કેવી આપવી તેના માટે આ સૂત્રમાં લખ્યું છે કે-'લૌકિક કે લોકોત્તર ધર્મ કર્યા પછી પણ જે લોકો સ્વર્ગમાં જતા નથી અને નરકમાં જાય છે તે અનાર્યકુળનો એટલે કે આર્યકુળને છાજે નહિ તેવો પ્રમાદ છે.' મોક્ષને બધા ન માને પણ સ્વર્ગને તો બધા માને માટે અહીં સ્વર્ગની વાત કરી છે.

સ. પ્રમાદ વધારે ખરાબ કે મિથ્યાત્વ વધારે ખરાબ?

લૌકિકમાંથી લોકોત્તરમાં આવ્યા તે મિથ્યાત્વનો ત્યાગ કરીને જ ને? હવે વધારે ખરાબ તો પ્રમાદ જ ગણાય ને? અનન્તા ભવોમાં લોકોત્તર ધર્મ નહોતો મળ્યો તો હવે પ્રમાદ કરીને મળેલા લોકોત્તરધર્મને હારી નથી જવો. ધર્મને પામવા માટે ઈચ્છે, ધર્મને કરવા માટે ઈચ્છે, ધર્મને સાંભળવા માટે ઈચ્છે તેનું નામ આર્ય. 'સંયોગો નથી માટે ધર્મ નથી કરતા' એવું બોલીને પ્રમાદના બચાવમાં ઊભા નથી રહેવું.

સ. સંસારના કામમાં પ્રમાદ નથી આવતો, ધર્મમાં આવે છે એનું કારણ શું?

રસ નથી એ.

સ. રસ તો છે, રસ નથી એવું નથી.

માની લઉં કે રસ છે. તો કેટલો છે? સંસારમાં જેટલો રસ છે એટલો છે કે એનાથી ઓછો છે? આગળ વધીને સંસારનો રસ છે માટે જ ધર્મમાં રસ છે ને? સાચું બોલો તમે ધર્મસ્થાનમાં ક્યારે આવો? સંસારમાં બધું ગોઠવાઈ ગયું હોય ત્યારે ને? ત્યાં ગોઠવાતું ન હોય તો ધર્મસ્થાનમાં ન આવો ને? ધર્મની સામગ્રી મળ્યા પછી પણ ધર્મનું ફળ ન મળે એમાં કારણ પ્રમાદ છે. ભણવાની શક્તિ હોવા છતાં ન ભણીએ એ પ્રમાદનો જ પ્રભાવ છે ને? પ્રમાદના કારણે જે અપાયની પ્રાપ્તિ થાય છે તે અપાય બતાવવાનું કામ આગળના સૂત્રમાં કરે છે-

**नारकदुःखोपवर्णनमिति ।।२४।। (८२)**

ધર્મ ન કરવાના કારણે આ લોકમાં અને પરલોકમાં અપાય થાય છે. જ્યારે આપણે તો આ લોકના અપાયને માનતા નથી. સાચું ને? જ્ઞાન દર્શન ચારિત્ર ન મળે તો આ લોકમાં આપણને કાંઈ નુકસાન લાગે છે? જ્ઞાન ન મળ્યું તો પૈસો બૈરા-છોકરા કે ખાવા-પીવાનું જતું રહ્યું એવું નથી બન્યું ને? તમે ધર્મ ન કરો તો જેઓને ધર્મ નથી ગમતો એવા લોકો તમને સારા માનશે પણ અનન્તજ્ઞાનીઓ સારા નહિ માને. ભૂતકાળના

પુણ્યથી કદાચ આ ભવમાં અપાય નહિ આવે, પણ વર્તમાનમાં જો ધર્મ નહિ કરીએ તો નરકાદિ ગતિમાં અપાય આવશે. અપાયથી બચવું હોય તો ધર્મને આત્મસાત્ કરી લેવો. પ્રમાદને ટાળવા મહેનત કરવી છે. પ્રમાદ એ ભયંકર વસ્તુ છે. ચૌદપૂર્વી મહાત્માઓ એક અન્તર્મુહૂર્ત્તમાં ચૌદ પૂર્વનો સ્વાધ્યાય કરવા માટે સમર્થ હોવા છતાં અન્તર્મુહૂર્ત જેટલા પણ પ્રમાદને છોડી ન શકે તો છેક નિગોદ સુધી પહોંચવું પડે.

**સ.** પ્રમાદ કરીએ છીએ કે થાય છેઃ એ કઈ રીતે નક્કી કરવું?

તમારી પાસે જોખમ હોય તો પ્રમાદ કરો ખરા? અને વ્યાખ્યાનમાં જોખમ ન હોવાથી ઊંઘ આવે ને? ધર્મસ્થાનમાં પ્રમાદ કરીએ છીએ અને સંસારમાં પ્રમાદ થઈ જાયઃ બરાબર ને? આપણે ધ્યાન રાખીએ તો પ્રમાદ આવવાનો સંભવ જ નથી.

આ લોકમાં રાત્રે ખાય, પરસ્ત્રીસેવન કરે, ચોરી કરે તોય નરકનાં દુઃખો અહીં નહિ ભોગવવા પડે. આ લોકમાં જેવું સુખ જોયું નથી એવું સુખ દેવલોકમાં છે તેમ આ લોકમાં જેવું દુઃખ જોયું નથી એવું દુઃખ નરકમાં છે. નરકના દુઃખનું વર્ણન કરતાં કહ્યું છે કે તીક્ષ્ણ હથિયાર, ભાલા વગેરેથી પરમાધામી દેવો કાપે છે. લોહી માંસ ચરબી વગેરેની નદીમાં નાંખે છે. અત્યન્ત ગરમ કે અત્યન્ત ઠંડી નદીઓમાં નાંખે છે. ઉપરથી નીચે પછાડે છે. આંતરડા વગેરેને બહાર કાઢીને દુઃખ પહોંચાડે છે. આવાં દુઃખો એક બે વાર નહિ, અનન્તી વાર આપે છે. આપણું પુણ્ય એટલું પાંસરું છે કે નરક કે તિર્યંચ જેવું દુઃખ આપણને આવ્યું નથી. બસ! હવે આ પુણ્યને વેડફી નાંખ્યા વિના પ્રમાદને છોડવા માટે તૈયાર થઈ જવું છે. નરકના દુઃખની સાથે ઉપલક્ષણથી તિર્યંચાદિનાં દુઃખનું પણ વર્ણન કરવું. ભૂખ, તરસ, ઠંડી ગરમી, પરાધીનપણાનાં દુઃખો તિર્યંચગતિમાં કાયમ હોય છે. મનુષ્યપણામાં પણ દરિદ્રપણું, રોગ, દુર્ભાગ્ય, શોક, મૂર્ખતા, હીનજાત્યાદિની પ્રાપ્તિ સ્વરૂપ દુઃખ છે. તે જ રીતે અસદાચારના પ્રભાવે દેવલોકમાં પણ ક્રોધ, ઈર્ષ્યા, મદ, મદન વગેરેના કારણે અત્યંત સંતાપ થાય છે અને ત્યાં પણ ચ્યવન, વિયોગ વગેરેનાં દુઃખો રહેલાં છે. આ રીતે પ્રમાદના યોગે જેઓ સદાચારનું પાલન કરતા નથી અને અસદાચારમાં જ રક્ત રહે છે તેઓ ગમે તે ગતિમાં જાય તોપણ અનેક પ્રકારના દુઃખનાં જ ભાજન બને છે.

**तथा-दुष्कुलजन्मप्रशस्तिरिति ।।२५।। (८३)**

નરકાદિ દુર્ગતિની પ્રાપ્તિ એ અસદાચારનું ફળ છે-એમ જણાવ્યા પછી શ્રોતાને જણાવવું કે નરકાદિ દુર્ગતિમાંથી બહાર નીકળ્યા પછી પણ દુષ્કુળમાં જન્મ મળે છે. અસદાચારના કારણે કયા કયા અનર્થો થાય છે-એ જો નજર સામે આવે તો અસદાચારથી

ખસવાનું સહેલું બને. જનમતાંની સાથે જ સંસ્કારરહિત અવસ્થા પ્રાપ્ત થાય તે દુષ્કુળનો પ્રભાવ છે. ધર્મથી સુખ મળે છે એ આપણે યાદ રાખ્યું છે પરંતુ અધર્મથી દુઃખ આવે છે–એ ઘૂંટવાનું હજુ બાકી છે. ધર્મના ફળને યાદ રાખવા પહેલાં આપણે અધર્મના ફળને યાદ રાખવાની જરૂર છે. ભગવાને જે સદાચાર બતાવ્યા છે તેની પ્રત્યે થોડી પ્રીતિ કેળવી લો તો અસદાચારથી બચી શકાશે અને અસદાચારના ફળના ભાગી બનવાનો વખત નહિ આવે. સદાચારનો અભ્યાસ પ્રયત્નપૂર્વક કરવો પડે. જે કરીએ છીએ તેનાથી નીચે ઊતરવું નથી, આટલું કરીએ તોય ઘણું. જે ક્રિયા શરૂ કરી તે શક્તિ હોય ત્યાં સુધી ચાલુ રાખવી. શક્તિ ન હોય ત્યારે જ ક્રિયા છૂટે. વર્ધમાનતપની ઓળીનો પાયો નાંખે ત્યારે વીસ દિવસ આયંબિલ ઉપવાસ જે કરી શકે તે છઠ્ઠી ઓળી સાત દિવસમાં પૂરી કરીને પારણું શા માટે કરે? આજે નિયમ લેવો છે કે વીસ દિવસ તો ઓછામાં ઓછા ઓળી ચાલુ રાખવી છે અને સો ઓળી સુધી પહોંચવું છે. તેથી મોટી ઓળી ઓછામાં ઓછા ત્રણ મહિના અને દસ દિવસ સુધી ચાલુ રાખવી છે. આ રીતે સાતત્ય જળવાય તો અસદાચાર સેવવાનો વખત ન આવે. માસક્ષમણમાં શક્તિ ન હોય તો અઠ્યાવીસમા ઉપવાસે પારણું કરવું. એવા વખતે પ્રભાવના ન મળે તોપણ માસક્ષમણની ભાવનાના કારણે નિર્જરારૂપ ફળ તો મળવાનું જ છે. શાસ્ત્રમાં તો **'निर्जरार्थी भूयाः'** થી નિર્જરાના અર્થી બનવાનું કહ્યું છે. આપણે ધર્મ કરવા ખાતર કરીએ છીએ, પામવા માટે નથી કરતા. તેથી સદાચારનો અભ્યાસ ટકતો નથી અને અસદાચારનો ભય લાગતો નથી. સદાચારનું પાલન ઓછું થશે તો ચાલશે, નહિ થાય તોય ચાલશે. પણ અસદાચારનું આચરણ બિલકુલ કરવું નથી. આ અસદાચારનું ફળ અત્યારે નહિ મળે તોપણ ભવિષ્યમાં તો ચોક્કસ મળવાનું છે. આપણું વર્ત્તમાન તો આપણા ભૂતકાળે સર્જ્યું છે. જ્યારે આપણું ભવિષ્ય તો આપણે આપણા વર્ત્તમાન આચારથી જાતે ઘડવાનું છે. એ ભવિષ્ય ખરાબ ન ઘડાય તે માટે અહીં ભવિષ્યના અકલ્યાણની પરંપરાનું વર્ણન કરીને શ્રોતાને અસદાચારથી બચવાનું જણાવવું. એકાદ વાર નરક મળે તો શ્રેણિક મહારાજ આદિની જેમ પાછા સદાચારમાં સ્થિર થઈ જવાય–એવું કોઈ માની ન લે તે માટે અહીં દુષ્કુળનો જન્મ જણાવે છે. શ્રેણિક મહારાજા તો ક્ષાયિક સમ્યક્ત્વ પામીને ગયા હતા માટે નિસ્તાર થયો. આપણે તો નરકાદિ ગતિમાંથી નીકળીને દુષ્કુળમાં ઉત્પન્ન થવું પડે કે જ્યાં ધર્મનું નામ સાંભળવા પણ ન મળે. ત્યાર બાદ જણાવવું કેઃ

**दुःखपरम्परानिवेदनमिति ।।२६।।** (૮૪)

એકાદ ભવમાં દુષ્કુળમાં જન્મ મળે એવું નથી, ત્યાર પછી તો દુઃખની પરંપરા સર્જાય છે, અકલ્યાણની પરંપરા સર્જાય છેઃ શરીરસંબંધી, મનસંબંધી જે દુઃખો છે તેની

પરંપરા આ અસદાચારના પ્રતાપે સર્જાય છે. શરીરમાં અસુંદર વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પ્રાપ્ત થાય અને મનમાં અસંક્લેશની પરંપરા સર્જાય. આથી જ જણાવ્યું છે કે અસદાચારના કારણે બંધાયેલાં કર્મોના યોગે જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવસ્વરૂપ ભિન્ન ભિન્ન પુદ્‌ગલપરાવર્ત્ત સ્વરૂપ સંસારચક્રમાં અનેક વાર ભમે છે. તેથી જ્ઞાનાચારાદિનું પાલન કોઈ સંયોગોમાં ન થાય તો ય અસદાચારનું પાલન તો ક્યારેય નથી કરવું. ગાથા ન થાય તો વાંધો નહિ, પણ વિકથા તો નથી જ કરવી. તપ ન થાય તો કાંઈ નહિ, પરંતુ અભક્ષ્યભક્ષણ, અપેયપાન કે રાત્રિભોજન તો નથી જ કરવું.

**સ.** અપેયમાં શું આવે?

ઠંડાં પીણાં, ફ્રીજનું પાણી, બાટલીમાં તૈયાર મળતા પાણી, મદિરા વગેરે અપેયમાં ગણાય. ઘરના માટલાના પાણી સિવાય બીજાં બધાં પાણી અપેય છે એમ જ સમજો. બાટલીના પાણી ગમે તેટલાં ફિલ્ટર કરેલા હોય તોપણ અણગળ તો હોય જ ને? એના કરતાં માત્ર ત્રણ ઉકાળાથી ઉકાળેલું પાણી જ કાયમ માટે વાપરવું-એટલો નિયમ લઈ લો તો દરેક અપેયપાનથી સહેલાઈથી બચી શકાય.

**સ.** ઘણા લોકો એવું પૂછે છે કે તમે વાપરવા માટે પણ પાણી ઉકાળો છો શા માટે? પાણીને સજીવ માને તો તેને ઉકાળવામાં પણ પાપ લાગે ને?

સચિત્ત પાણીને અચિત્ત કરીએ-એમાં પાપ લાગે જ છે. છતાં સંસારમાં બેઠાં છીએ ત્યાં સુધી આ પાપ કર્યા વિના ચાલે એવું નથી. સાધુપણું લઈએ તો આ પાપ કરવાનો વખત ન આવે. પાણીને ઉકાળવામાં આપણે પાપ માનીએ જ છીએ. છતાં પાણી વિના ચાલે એવું નથી માટે સંસારમાં આ પાપ કરવું પડે છે. જેઓ સચિત્તપાણી વાપરે છે તેઓ પણ જીવની વિરાધના કરે છે અને અચિત્ત પાણી વાપરનારને પણ જીવવિરાધનાનું પાપ લાગે જ છે. છતાં પણ સચિત્ત પાણી વાપરવામાં પરિણામ ધિઠ્ઠા થાય છે. પાણીમાં જીવ માન્યા પછી એ જીવોને મોઢામાં કેવી રીતે મુકાય? જે મડદું હોય તેનો અગ્નિસંસ્કાર કરીએ, પણ જીવતાંને બાળીએ તો પરિણામ કેટલા નિર્ધ્વંસ થાય? આપણા પરિણામ ધિઠ્ઠા ન થાય, પાણીનો વપરાશ પરિમિત થાય તે માટે પાણી ઉકાળીને વાપરવાનું જણાવ્યું છે. દલીલ કરનારાને સચિત્તને અચિત્ત કરવામાં પાપ જણાય છે, પણ સચિત્તને મોઢામાં નાંખવાથી નઠોર પરિણામથી જે પાપ લાગે છે તે નથી જણાતું! આપણા ભગવાને જેટલા પણ આચારો બતાવ્યા છે તે એકાન્તે આપણા હિત માટે છે. તેમાં કોઈ દલીલને અવકાશ નથી. સર્વજ્ઞ ભગવંતે જ્ઞાનમાં જોઈને આ આચારો બતાવ્યા છે, તેમાં દલીલ કરવાના બદલે તેનો સ્વીકાર કરી લઈએ તો આપણો નિસ્તાર થાય.

આજે આપણને સદ્ધર્મની પ્રાપ્તિ થતી નથી અને લૌકિક ધર્મની પ્રાપ્તિ થતી હોય તો તેમાં આપણો મોહ કારણ છે. ચારિત્રની પ્રાપ્તિ રાગ અને દ્વેષના કારણે થતી નથી. અને સદ્ધર્મની પ્રાપ્તિ મોહના કારણે થતી નથી. સાચું સમજાયા પછી પણ છોડવા ન દે તેનું નામ મોહ. મોહના કારણે આપણી અક્કલ બહેર મારી જાય છે. આ રીતે શ્રોતા આગળ પ્રયત્નપૂર્વક મોહની નિંદા કરવાનું કામ દેશકે કરવાનું છે–એમ આગળના સૂત્રથી જણાવ્યું છે. મરીચિ પણ જ્યાં સુધી મોહને આધીન ન થયા ત્યાં સુધી તેમનું સમ્યગ્દર્શન ટકી રહ્યું. રાગદ્વેષની આધીનતાથી ચારિત્ર ગુમાવ્યા પછી મોહને આધીન થયા ત્યારે જ સમ્યક્ત્વ પણ ગુમાવવાનો વખત આવ્યો. અહીં જે **उपायतः** પદ આપ્યું છે, તેનો અર્થ એ છે કે માત્ર મોહ ખરાબ છે એટલું જ નથી કહેવાનું, તેની સાથે કયા કારણસર મોહ ખરાબ છે તે પણ પહોળું કરીને સમજાવવું. આ મોહ તો લોકોત્તરમાર્ગમાં આવેલાને પણ નડે છે. સાધુપણામાં આવેલાને પણ ગુરુ તારક ન લાગે અને શિષ્ય તારક લાગે એનું નામ મોહ. શિષ્યના કારણે મોહ નથી નડતો, શિષ્ય પ્રત્યે જે મમત્વભાવ છે તેના કારણે મોહ નડે છે. મરીચિને શિષ્યનો લોભ જાગ્યો ત્યારે મોહ નડ્યો. જ્યાં સુધી અનેકને પ્રતિબોધ્યા ત્યાં સુધી મોહ ન નડ્યો. ભગવાન તારક ન લાગે અને ભગત તારક લાગે આ મોહનો પ્રભાવ છે. મોહનું કામ જ આ છે કે તારકને તારક માનવા ન દેવું અને જે મારક હોય તેને તારક મનાવવા. આપણે ધર્મ કરીએ છીએ ખરા, પરંતુ માનીએ છીએ મોહનું. આ મોહ આપણને સંસારથી ખસવા નથી દેતો... આ રીતે શ્રોતા આગળ મોહની નિંદા કરવી.

સ. નિંદા કોઈની કરવાની નથી ને?

નિંદા કોઈ વ્યક્તિની નહિ કરવાની, પણ દોષોની નિંદા પ્રયત્નપૂર્વક કરવાની. દુષ્ટની નિંદા કરવાની ભગવાને ના પાડી છે. કોઈ આત્મા ખરાબ નથી પરંતુ આત્મામાં રહેલા દોષો ખરાબ છે–એ તો સમજાવવું પડે ને? કોઈની સામે આંગળી ચીંધવા માટેની આ વાત નથી. તમે પણ રોગની નિંદા કરો, પણ રોગીની નિંદા ન કરો ને? રોગીની તો ચિકિત્સા કરવાની હોય. તમે ડોક્ટર પાસે જાઓ તો શરીરની નિંદા જ કરો ને? ધોબી કપડાં ધુએ ત્યારે કપડાને ધોકા મારે ને? તે કપડાને ફાડવા માટે કે મેલ કાઢવા માટે? ડોક્ટર પણ ટ્રીટમેન્ટ રોગીની કરે, પરંતુ રોગને કાઢવા માટે કરે છે. તેમ મોહની નિંદા મોહને કાઢવા માટે કરવાની છે. આજે આપણને પાંચે ઈન્દ્રિયોના વિષયમાં સારું શું અને ખરાબ શું–એ બરાબર સમજાય છે, જ્યારે ધર્મમાં સારો ધર્મ કયો અને ખરાબ કયો એ સમજાતું નથી–આ મોહનો પ્રભાવ છે. પુદ્ગલ ખરાબ હશે તો નભાવી લઈશું પણ ધર્મ

ખરાબ હોય તો કોઈ સંયોગોમાં નહિ નભાવીએ-આટલું નક્કી કરવું છે?

સ. ધર્મ ખરાબ કયો અને સારો કયો?

જે મોહના ઘરનો ધર્મ હોય તે ખરાબ ધર્મ અને જે આજ્ઞાના ઘરનો હોય તે સારો ધર્મ. સંસારના સુખ માટે જે ધર્મ કરીએ તે મોહના ઘરનો ધર્મ છે. અને સુખ છોડવા માટે જે ધર્મ કરીએ તે આજ્ઞાના ઘરનો ધર્મ છે. શરીર સારું રાખવા માટે ધર્મ નથી કરવાનો. શરીર અનિત્ય છે, નાશ પામવાનું છે માટે ધર્મ કરી લેવો છે. પૈસો ટકવાનો નથી માટે ધર્મમાં ખર્ચી નાંખવો છે. અને મૃત્યુ નજીક આવે છે માટે ધર્મ કરવો છે. પૈસાની લાલચ ન હોય, શરીર પ્રત્યે મમત્વ ન હોય અને મૃત્યુનો ડર ન હોય તો તે આજ્ઞા મુજબનો ધર્મ છે. અત્યાર સુધી આપણે ધર્મ કરીને પણ દુર્ગતિમાં ભટક્યા હોઈએ તો તે આ મોહનો પ્રભાવ છે. પ્રમાદના કારણે સંસારમાં રખડીએ છીએ-આવું જે કહેલું તેનો આશય પણ એ જ છે કે પ્રમાદ પણ મોહના કારણે થાય છે. મોહના કારણે જે થાય તેનું નામ પ્રમાદ.

સ. મોહ કે પ્રમાદ આવી જાય છે, ખબર પણ નથી પડતી.

આ પણ એક પ્રકારનો મોહ છે. તમારી ગાડી પણ સડસડાટ ચાલતી હોય પરંતુ તેને અટકાવવા માટે બ્રૅક રાખો છો ને? તેમ અહીં પણ પ્રમાદ કે મોહની આધીનતા ટાળવા માટે ગુરુપારતંત્ર્ય સ્વીકારવાનું જણાવ્યું છે. ગુરુનું પારતંત્ર્ય આપણા દોષોને કાબૂમાં રાખે છે.

સ. કોઈને જીવન સોંપી દો તો તેમાં આનંદ શું આવે?

ડોક્ટરને શરીર સોંપી દો, એમાં શું આનંદ આવે છે? રોગ જશે એનો જ આનંદ આવે છે ને? એ જ રીતે યોગ્ય વ્યક્તિને જીવન સોંપી દઈએ તો આપણી અયોગ્યતા દૂર થાય, આપણે યોગ્ય બનીએ અને આપણો સંસાર છૂટી જાય એ જ આનંદનો વિષય છે. મોહના કારણે આપણી શ્રદ્ધાને પણ વ્યાઘાત પહોંચે છે. ભગવાન કહે છે કે પાપથી દુઃખ આવે છે છતાં આપણે પાપથી સુખ મેળવવા માટે મહેનત કરીએ આ મોહનો જ વિલાસ છે ને? આ મોહની નિન્દા કેવી રીતે કરવી એ પણ અહીં જણાવ્યું છે. મુમુક્ષુને જણાવવું કે મોહથી મૂઢ ચિત્તવાળા જીવો જે શત્રુ હોય તેને મિત્ર માને છે, જે મિત્ર હોય તેની ઉપર દ્વેષ કરે છે, એની હિંસા કરે છે અને દુષ્ટ કર્મનો આરંભ કરે છે. જેને આપણે આપણા સ્વજનાદિ માનીએ છીએ તેઓ વસ્તુતઃ આપણા શત્રુ છે. કારણ કે તેઓ રાગાદિ કરાવીને આપણા આત્માનું અહિત કરનારા છે, છતાં એવાઓ જ આપણને મોહના કારણે સુખને આપનારા લાગે છે. આ સંસારમાં પુણ્યના ઉદયથી મળનારી એક પણ ચીજ આપણને

આ સંસારથી તારનારી નથી. તમે અનાથી મુનિનું કથાનક સાંભળ્યું છે ને? તેમના માથામાં સખત વેદના ઊપડી તે વખતે તેમનાં માતા, પિતા, ભાઈ બહેન, પત્ની આ બધા જ ખડે પગે ઊભા હોવા છતાં તેમનું દુ:ખ દૂર કરી ન જ શક્યા. આથી તેમણે નક્કી કર્યું કે જો રોગ જાય તો તરત મારે દીક્ષા લેવી. કારણ કે આ સંસારથી તારનાર જો કોઈ હોય તો તે આ ચારિત્રધર્મ જ છે. જે ગુર્વાદિક સંસારતારક હોવાથી મિત્રસમાન છે; તેની ઉપર આપણે દ્વેષ કરીએ, અણગમો રાખીએ અને સંસારમાં રખડાવનાર સ્વજનાદિને મિત્ર માનીએ-આ મૂઢતા નહિ તો બીજું શું છે? આથી જ આગળ જણાવ્યું છે કે પરમાત્માનાં જે વચનો અર્થભૂત છે અર્થાદ્ સારભૂત અર્થોથી યુક્ત છે, જેમાં કોઈ જ અયથાર્થતા નથી, જે વચનો અત્યંત સંગત છે-અવિસંવાદી છે અને દરેક રીતે ગુણકારી છે તેવાં પણ વચનોને મૂઢ માણસ સમજી શકતો નથી. જેમ જે મરવાનો થયો હોય તે ઔષધને જાણી શકતો નથી, પામી શકતો નથી તેમ મૂઢ માણસો હિતકારી વચનને જાણતા નથી.

રાગ આપણને ખરાબ લાગી જાય, દ્વેષ પણ ખરાબ લાગે પણ મોહ હજુ ખરાબ નથી લાગતો, તેથી જ મોહની નિંદા પ્રયત્નપૂર્વક કરવાનું જણાવ્યું છે. રાગ અને દ્વેષ જેટલા ખરાબ છે તેના કરતાં પણ મોહ વધુ ખરાબ છે. મોહ એક વાર ટાળીએ તો રાગ અને દ્વેષ તો અર્ધપુદ્ગલપરાવર્ત્તકાળમાં નાશ પામવાના જ છે. રાગ અને દ્વેષને મારવા તૈયાર થયેલા પણ સંસારમાં જો રખડતા હોય તો તે આ મોહના કારણે. રાગ અને દ્વેષને મારવા તૈયાર થયેલા પ્રવૃત્તિ સુધારવા માટે મહેનત કરે છે જ્યારે મોહને ટાળવા માટે માન્યતા બદલવી પડે છે. સાધુપણામાં આવેલા પણ રાગદ્વેષને ટાળવા માટે ઉત્કટ સાધના કરે પણ મોહને મારવા માટે માન્યતા બદલવાની તૈયારી નથી. પ્રવૃત્તિ સાચી હોય અને માન્યતા ખોટી હોય-એ સારું કે પ્રવૃત્તિ ખોટી હોય અને માન્યતા સાચી હોય-એ સારું? આજે તમે કે અમે પ્રવૃત્તિ બદલવા માટે જ મહેનત કરીએ છીએ, માન્યતા બદલવા માટે મહેનત જ નથી. સુખ છોડી દઈએ એ બને, દુ:ખ ભોગવી લઈએ-એ ય બને, પણ સુખ ભોગવવાજેવું જ નથી અને દુ:ખ ભોગવી લેવા જેવું છે-આ માન્યતા નથી આવી ને?

સ. સંસારમાં દુ:ખ છે અને સાધુપણામાં સુખ છે ને?

સાચું કહો છો? એ સુખ કયું અને એ દુ:ખ કયું? આ સંસારનું સુખ એ જ દુ:ખ છે અને એ દુ:ખ સાધુપણામાં નથી માટે સાધુપણામાં પરમ સુખ છે. સંસારમાં જે આ સુખની લાલચ પડી છે એ જ તો મોટામાં મોટું દુ:ખ છે. સંસારમાં સુખની જરૂર છે-

એ દુઃખ છે અને સાધુપણામાં સુખની જરૂર જ નથી પડતી તે સુખ છે. ધર્મ કરનારને સુખની જરૂર જ નથી હોતી.

સ. આપણે ત્યાં ધર્મથી સુખ મળ્યાનાં દૃષ્ટાંત આવે ને?

એ તો પુણ્યનું ફળ બતાવ્યું છે, એ ધર્મનું ફળ નથી. સંસારનું સુખ એ પુણ્યનું ફળ છે, ધર્મનું નહિ. ધર્મનું ફળ તો મોક્ષ છે. જે ધર્મથી પુણ્ય બંધાય તે ધર્મ મોક્ષનું કારણ બનતો નથી-એ જણાવવા માટે કથાનકો જણાવ્યાં છે. શાલિભદ્રજીએ જે સુપાત્રદાન આપ્યું તેનાથી પુણ્ય બંધાયું. પરંતુ જે વિરતિનું પાલન કર્યું તેનાથી મોક્ષ પ્રાપ્ત કર્યો. આથી જ ગૃહસ્થપણામાં ધર્માધર્મ છે, તેમાં પણ ધર્મ અતિ અલ્પ છે. ધર્મ તો સાધુપણામાં જ છે. સાધુપણામાં ધર્મના કારણે જે સુખ મળે છે તે તો અનુત્તરનાં સુખોને પણ વટાવી જાય છે.

સ. સાધુપણામાં આટલું સુખ હોય તો પછી સંયમનો 'ભાર' કેમ કહેવાય છે?

એ ઉપાડી શકાય એવો નથી માટે ભાર કહ્યો છે-એવું નથી, એ સંયમ કીમતી છે માટે સંયમનો ભાર કહ્યો છે. સોનાના જેવો ભાર છે એવો, આગળ વધીને એના કરતાં પણ મૂલ્યવાન એવો આ સંયમભાર છે. સોનું ગમે તેટલું વજનદાર હોય તોપણ મૂકીને ન જાઓ ને? જે મૂકીને જવાય એવું નથી, ઉપાડીને જ જવું પડે તેવો આ ભાર છે. જે મૂકીને જઈએ તેને આપણે તુચ્છ માનીએ છીએ-એમ માનવું પડે ને? જે ઉપાડવાનું ગમે તેવો આ સંયમભાર છે. તમને સંયમભાર ઉપાડવો ગમે ને? ઊંચકાય એવો નથી, છતાં લીધા વગર જવું નથી ને?

મોહની નિંદા કેવી રીતે કરવી-એ માટે આગળ જણાવે છે કે મોહની હાજરીમાં દુઃખ આવે તો મૂઢ માણસો દુઃખમાં ડૂબી જાય છે. જ્યારે જેઓ મોહને આધીન નથી થતા તેવા પ્રજ્ઞાશાળી પંડિત માણસો ગમે તેવા દુઃખમાંથી પણ રસ્તો કાઢીને બહાર નીકળી જાય છે. દુઃખમાં રસ્તો સુઝાડે તેનું નામ પ્રજ્ઞા અને દુઃખમાં ડુબાડી મારે તેનું નામ મોહ. દુઃખમાં અરતિ કરાવે તે મોહ અને દુઃખનો અંત લાવવાનો ઉપાય વિચારે તે પંડિત. અરતિ વિના દુઃખને પચાવી જાણે તે જ્ઞાની છે. કારણ કે જ્ઞાનીને સુખ જોઈતું નથી હોતું અને દુઃખ ચાલે એવું છે. આજે તમને સંતોષ છે ને? એ શેનો છે? મળ્યું છે તે બરાબર છે-એનો કે નથી જોઈતું એનો? નથી જોઈતું આ જ ખરો સંતોષ છે અને આવો સંતોષ સાધુપણામાં છે. તમને જે મળ્યું છે એમાં સંતોષ હોય, એનાથી વધુ નથી જોઈતું-એવો પણ ભાવ હોય છતાં જે મળ્યું છે-એ પણ જતું રહે તો અશાંતિ થાય ને?

એટલે જ 'કશું જ જોઈતું નથી'-એ જ ખરો સંતોષ છે. કહ્યું પણ છે કે **देहीति वाक्यं वचनेष्वनिष्टं, नास्तीति वाक्यं ततोऽप्यनिष्टम्। 'गृहाण' वाक्यं वचनेषु राजा, 'नेच्छामि' वाक्यं राजाधिराजः ॥** 'મને આપો' આ વાક્ય બધાં વાક્યોમાં સૌથી અનિષ્ટ-ખરાબ છે. અને કોઈકે આપણી પાસે માંગ્યા પછી અને આપણી પાસે હોવા છતાં ય 'મારી પાસે નથી' એવું વાક્ય તો એના કરતાં પણ ખરાબ છે. જ્યારે 'આ ગ્રહણ કરો' એવું વાક્ય બધાં વાક્યોમાં રાજાસમાન છે અને કોઈ ગમે તેટલું આપે તોપણ 'મારે નથી જોઈતું' આવું વાક્ય તો સર્વ વાક્યોમાં રાજાધિરાજ છે. આપણે કયું વાક્ય બોલી શકીએ?

**સ.** કોઈ અપાત્ર હોય એના કારણે ના પાડીએ તો?

આપણે આપતા નથી એ આપણી અપાત્રતા છે. કોઈ માંગવા આવે અને આપણી પાસે હોવા છતાં આપણી કૃપણતાના કારણે એને ના પાડીએ છીએ. જે માંગવા આવે તે સુપાત્ર ન હોય આથી તેને ઉચિતદાન કે અનુકંપાદાન આપવાનું છે. અને એ દાનમાં તો પાત્રાપાત્રનો વિવેક જ નથી કરવાનો.

**સ.** ઘણાને માંગવાની ટેવ જ પડી હોય છે.

માંગવાની ટેવ ખરાબ છે-એની ના નથી, પણ તમને જે ન આપવાની ટેવ છે તે તેના કરતાં હજારગણી ખરાબ છે. તમને બીજાની ટેવ નથી નડવાની, તમારી ટેવો તમને નડે છે. તમે યાચકની જગ્યાએ તમારી જાતને ગોઠવીને જુઓ તો ના પાડનારો તમને કેવો લાગે? લેવાનું ગમે અને આપવાનું ન ગમે-આ પણ એક પ્રકારનો મોહ જ છે.

મોહનું કાર્ય કેવું છે એ જણાવીને પણ મોહની નિંદા કરવી. જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ, શોક વગેરે ઉપદ્રવોને આ સંસારમાં જોવા છતાં પણ મોહના કારણે જીવો સંસારથી ઉદ્વેગ પામતા નથી. કર્મભૂમિમાં ધર્મના બીજ સમાન શ્રેષ્ઠ મનુષ્યજન્મને પામીને એ ધર્મબીજને સત્કર્મરૂપ ખેતીમાં વાપરવાનો પ્રયત્ન અલ્પમતિવાળા અર્થાદ્ મોહથી મૂઢ આત્માઓ કરતા નથી. જેના કારણે મત્સ્યને પકડવા માટેના ગલ ઉપર લગાડેલો માંસના ટુકડાજેવા તુચ્છ અને ભયંકર વિપાકવાળા એવા કુસુખમાં આસક્ત થયેલા જીવો સુંદર ક્રિયાઓનો ત્યાગ કરે છે તે દારુણ એવા મોહ-અજ્ઞાનને ધિક્કાર થાઓ. આ સંસારમાં જે સુખ આપણને મળે છે તે મોહ જ આપે છે. મોહરાજા સંસારી જીવોને પોતાના સકંજામાં રાખવા પુણ્યના ટુકડા નાંખે છે. એનાથી જે સુખ મળે છે તેનો ભોગવટો આપણને પરિણામે નરકતિર્યંચ વગેરે દુર્ગતિમાં લઈ જાય છે માટે જ એ કુસુખ છે. આવા પણ સુખમાં રાચીને ધર્મની સત્ક્રિયાઓને છોડવાનું કામ જીવો જેના

પ્રભાવે કરે છે તે મોહનો વિલાસ છે.

**तथा–सज्ज्ञानप्रशंसनमिति ।।२८।। (८६)**

મોહની નિંદા કર્યા પછી શ્રોતાની આગળ જ્ઞાનની પ્રશંસા કરવાનું ન જણાવતાં સજ્‌જ્ઞાનની પ્રશંસા કરવાનું જણાવ્યું છે. આજે જ્ઞાનનું મહત્ત્વ તો તમારે ત્યાં કે અમારે ત્યાં ઘણું વધવા માંડ્યું છે. તમારે ત્યાં લોકો વરસો સુધી ભણીને મોટી મોટી ડિગ્રીઓ મેળવવા માટે કમર કસે છે. અમારે ત્યાં પણ સાધુસાધ્વી સ્કૂલો બંધાવવાની વાત કરવા માંડ્યાં છે! આજે તો દેવદ્રવ્યના પૈસામાંથી સ્કૂલો અને હોસ્પિટલો બંધાવવાની વાત આચાર્યો કરવા માંડ્યા તો માનવું પડે કે જૈનશાસનની ઠેકડી ઉડાડવાનું અને અવહેલના કરવાનું કામ ચાલુ છે! આજે તો પાછા જૈન ફિલોસોફી ભણવાની વાત કરે! આ જૈનધર્મ છે, જૈન ફિલોસોફી નથી. આપણો ધર્મ તો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સમાયેલો છે. જ્યાં સમિતિગુપ્તિ ન હોય અને તેનું લક્ષ્ય ન હોય ત્યાં જૈનધર્મ હોય જ નહિ. આજે તો જૈનિઝમ ઉપર એમ.એ. અને પી.એચ.ડી. કરનાર છે, આ તો જૈનધર્મની આશાતના છે. જૈન જૈનેતર ધર્મને સરખા માનીને ભણે એ તો જૈનધર્મની અવહેલના છે. તેથી જ આપણે સજ્‌જ્ઞાનની પ્રશંસા કરવાની વાત કરી છે. ધર્માદા દ્રવ્યથી, સાતક્ષેત્રના દ્રવ્યથી અધાર્મિક શિક્ષણ અપાય જ નહિ. જ્ઞાનની પ્રશંસા નથી કરવી સજ્‌જ્ઞાનની પ્રશંસા કરવી છે. કારણ કે જ્ઞાન આખા ગામને સમજાવવા કામ લાગે છે જ્યારે સજ્‌જ્ઞાન પોતાની જાતને સમજાવવા કામ લાગે. આર્યરક્ષિતસૂરિ પહેલાં ચૌદ વિદ્યા ભણીને આવેલા છતાં તેમની માતાએ કહ્યું કે તું દૃષ્ટિવાદ ભણે તો મને આનંદ થાય. ચૌદ વિદ્યા ભણેલા પુત્રને પણ અભણ માને એવી માતાને સજ્‌જ્ઞાનની કિંમત સમજાઈ હતી. અસજ્‌જ્ઞાનની કોઈ કિંમત નથી. મોહની સામે લડવા માટે સજ્‌જ્ઞાનની જરૂર પડવાની જ, એકલા જ્ઞાનથી કામ નહિ થાય. જ્ઞાનથી કદાચ સંસારની ડિગ્રીઓ મળશે. પરંતુ મોક્ષે જવા માટે સજ્‌જ્ઞાન જ કામ લાગે. કોઈ પણ આચાર્ય દેવદ્રવ્યાદિથી સ્કૂલો વગેરે બંધાવવાની વાત કરતા હોય તો તેનાથી તમે દૂર રહો–એટલાપૂરતી આ વાત છે.

સજ્‌જ્ઞાનની વ્યાખ્યા કરતાં અહીં જણાવ્યું છે કે સમ્યગ્ અર્થાદ્ અવિપરીત જ્ઞાન જેની પાસે હોય તેવા પંડિતને સજ્‌જ્ઞાન કહેવાય. તેમની પ્રશંસા કેવી રીતે કરવાની: એ માટે એક-બે શ્લોક આપ્યા છે. પહેલા શ્લોકથી સાહિત્યની દૃષ્ટિએ જ્ઞાનની પ્રશંસા કરી છે. ગિરીશ એટલે શંકર ત્રણ આંખ વડે, ચારમુખવાળા બ્રહ્મા આઠ આંખ વડે, છ મુખવાળા સ્કંદ-કાર્તિકેય બાર આંખ વડે, ઈન્દ્રમહારાજા પાંચ સો મંત્રીની હજાર આંખ વડે અને આ ત્રણે જગત પોતાની આંખોથી તે નથી જોઈ શકતા કે જે; દૃષ્ટિનો પ્રત્યાહાર કરનાર સમાહિત બુદ્ધિવાળા પંડિતો જુએ છે. જે દેખાય તેવું જુએ, બોલે એ

મૂરખ છે, જેવું હોય તેવું જુએ તે પંડિત છે. જેવું દેખાય છે એવું હોતું નથી. સંસારમાં સુખ દેખાતું હોય તોપણ સુખ છે જ નહિ-એવું સજ્જ્ઞાન બતાવે છે. પંડિત માણસો આંખના ઉપયોગ વગર સજ્જ્ઞાનથી જે જુએ છે તે દુનિયાના લોકો આંખોથી જોઈ શકતા નથી. આ સંસાર સારો લાગે તેનું નામ અસજ્જ્ઞાન અને સંસાર ભૂંડો લાગે તેનું નામ સમ્યગ્જ્ઞાન. જ્ઞાનીના વચન મુજબ જગતને જોવું તે સમ્યગ્જ્ઞાન. પોતાની ઈચ્છા પ્રમાણે જગતને જોવું તે મિથ્યાજ્ઞાન. આગળ જણાવે છે કે પંડિત માણસો જે વસ્તુ મળી નથી તેની ઈચ્છા નથી કરતા, જે મળેલું જતું રહ્યું હોય તેનો શોક નથી કરતા, કોઈ આપત્તિ આવે તો મૂંઝાતા નથી, ઉપરથી વિચારે કે મારા કરતાં મહાપુરુષોને ઘણી આપત્તિ આવી હતી. સંપત્તિ કે સન્માન મળે તો હર્ષ નથી પામતા, અપમાનમાં રોષ નથી પામતા. ગંગાનદીના પ્રવાહની જેમ કોઈપણ જાતનો ક્ષોભ ન પામે તેને પંડિત કહેવાય.

જ્ઞાનનો મહિમા જેને સમજાયો હોય તેને સમ્યગ્જ્ઞાનનો મહિમા સમજાવવો. સમ્યગ્જ્ઞાન વિના મોક્ષની પ્રાપ્તિ નથી થતી. ઢગલાબંધ જ્ઞાનની કિંમત નથી અને સમ્યગ્ જ્ઞાનનો એક કણિયો હોય તોપણ તે કીમતી છે. આ સજ્જ્ઞાનનું લક્ષણ જણાવતાં છેલ્લે ફરમાવે છે કે કોઈ માન આપે તો તેમાં હર્ષ ન પામવો અને કોઈ અપમાન કરે તો તેમાં રોષ ન પામવો-એ સજ્જ્ઞાનનું લક્ષણ છે. સામો માણસ માન આપે છે કે અપમાન કરે છે એટલી આપણને ખબર પડે છે માટે જ્ઞાન તો છે જ. પરંતુ એ માનમાં હર્ષ પામીએ અને અપમાનમાં રોષ કરીએ તો એ સમ્યગ્જ્ઞાન નથી, મિથ્યા જ્ઞાન છે. સામો માણસ માન આપે છે કે અપમાન કરે છે એની પણ ખબર ન પડે તેનું નામ અજ્ઞાન, ખબર પડે તે જ્ઞાન. ખબર પડ્યા પછી હર્ષ કે રોષ કરવો તે મિથ્યા જ્ઞાન અને ખબર પડ્યા પછી પણ માનમાં હર્ષ ન કરવો અને અપમાનમાં રોષ ન કરવો એ સમ્યગ્જ્ઞાન છે. કોઈ માન આપે તો હર્ષ શા માટે કરવો? કોઈ અપમાન કરે તો શા માટે ગુસ્સો કરવો? અહીં જણાવ્યું છે કે ગંગાના પ્રવાહમાં કોઈ કાંકરો નાખે કે કોઈ સોનાની લગડી નાંખે એ પ્રવાહને કોઈ અસર નથી થતી. ગંગાસરોવર કાંકરામાં પણ ક્ષોભ નથી પામતું અને સોનામાં પણ ક્ષોભ નથી પામતું. માન મળી ગયા પછી આનંદ ન પામવો અને અપમાન થઈ ગયા પછી દુઃખ ન ધરવું: આ જ સજ્જ્ઞાનનું લક્ષણ છે. કોઈ માન આપે કે ન આપે-એમાં આપણને કોઈ ફરક પડતો નથી. એ જ રીતે કોઈ અપમાન કરે તોપણ એમાં આપણને કોઈ ફરક નથી પડતો. આપણે તો સારું કામ કર્યા પછી બોલવું પણ નથી તો તેમાં માનની અપેક્ષા કેવી રીતે રખાય? આ તો સાધુસાધ્વીને વહોરાવે તોપણ પાછા બોલે કે આજે લાભ ઘણો મળ્યો. આવાને ત્યાં વહોરવા ન જવાય. તમારે

ધર્મકાર્ય કર્યા પછી કોઈની પણ આગળ મોઢું ખોલવું નહિ. અન્યદર્શનકારોએ પણ કહ્યું છે કે સારું કર્યા પછી જો તેનું ઉત્કીર્તન કરવામાં આવે તો સારા કાર્યનું ફળ નાશ પામે છે. શાલિભદ્રજીના જીવે પૂર્વભવમાં દાન આપ્યા પછી પોતાની માતાને પણ કહ્યું નથી. ગુણસાર શ્રેષ્ઠીએ પણ મુનિને બધું જ વહોરાવી દીધા પછી ઉપવાસના પારણે પણ ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું, છતાં કોઈને એ કહ્યું નહિ. કારણ કે તેમની પાસે સજ્ઞાન હતું. કોઈ આપણને માન આપે તોપણ તે લેવા માટે પ્રયત્ન કરવો નથી. તો સામેથી માન મેળવવાનો પ્રયત્ન કઈ રીતે કરાય? આ રીતે સમ્યગ્જ્ઞાનની પ્રશંસા કર્યા પછી એ જ્ઞાનનું ફળ મેળવવા માટે પુરુષાર્થ કરવો-એ જણાવવું.

**तथा–पुरुषकारसत्कथेति ।।२१ ।। (૮૭)**

આપણા સજ્જ્ઞાનને કામે લગાડવું તેનું નામ પુરુષાર્થ. આજે આપણને જ્ઞાન મળ્યા પછી પણ એને કામે લગાડવું છે કે ઘરભેગા થવું છે? ધર્મ કરવા માટે પુણ્ય ભેગું કરવાનું નથી જણાવવાનું, પુરુષાર્થ કરવાનું જણાવવાનું. આજે આપણે ધર્મ નથી કરતા તે પુણ્ય નથી માટે કે પુરુષાર્થ નથી માટે? પુરુષાર્થ એટલે શરીરની શક્તિ નહિ, મનનો ઉત્સાહ એનું નામ પુરુષાર્થ. આ પુરુષાર્થનું માહાત્મ્ય સમજાવતાં જણાવ્યું છે કે સમુદ્રની પરિખા ફરવાનું ત્યાં સુધી દુર્ગ (દુઃખે કરીને જઈ શકાય એવું) છે, આકાશ પણ આલંબન વગરનું ત્યાં સુધી છે, વિષમ એવી પાતાલયાત્રા પણ ત્યાં સુધી દુષ્કર છે કે જ્યાં સુધી દૈવ-નસીબ-ભાગ્યના માથા ઉપર પગ મૂકીને જીવિતને સાહસના ત્રાજવા ઉપર આરોપિત ન કરાય. જેને કીર્તિ પ્રિય છે તેવા વીર પુરુષો જ આ રીતે પોતાના જીવિતને સાહસના ત્રાજવા ઉપર ચઢાવીને પુરુષાર્થને ભાંગી નાંખનાર નસીબના માથે પગ મૂકીને ઈષ્ટની સિદ્ધિ પામે છે. તમને પણ દીક્ષા પામવાનું દુષ્કર લાગે છે ને? છતાં તે પુરુષાર્થથી પ્રાપ્ત થઈ શકે છે. પુરુષાર્થ કરવા છતાં ન મળે તો તેમાં બીજું કોઈ અવરોધ કરનાર હોય એવું બને, પરંતુ એટલામાત્રથી પુરુષાર્થ નકામો નથી જવાનો. પુરુષાર્થ કરવાથી દીક્ષા મળશે જ એવું નથી, પરંતુ જો દીક્ષા મળશે તો પુરુષાર્થથી જ મળશે. મનનો ઉત્સાહ જો હોય તો બીજા કશાની રાહ જોવાની જરૂર નથી. આજે તમે ઉલ્લાસની રાહ જોઈને બેઠા છો ને? ઉત્સાહ રાહ જોવાથી ન આવે, વીર્ય ફોરવવાથી આવે. જે વીર્ય ફોરવે તેને નસીબ પણ યારી આપે. જે પુરુષાર્થ જ ન કરે તેનું નસીબ સૂઈ જાય. જે પુરુષાર્થને છોડીને નસીબને જ અનુસરે તેનું નસીબ તેને પામીને શાંત થઈ જાય છે, જેમ નપુંસક એવા પતિને પામીને કામી સ્ત્રી શાંત થઈ જાય છે તેમ પુરુષાર્થથી રહિત એવા માણસને પામીને તેનું નસીબ ઠંડું થઈ જાય છે.

સંસારની અસારતાનું ભાન ટકાવવા માટે દેશનાજેવું ઉત્તમ બીજું એકે સાધન નથી. આથી જ ઈન્દ્રાદિ દેવતાઓ પણ તિર્ચ્છાલોકમાં આવીને સમવસરણમાં દેશના સાંભળવાનું કામ કરે છે. દેવલોકનાં ઉત્તમ સુખોની વચ્ચે પણ સંસારની અસારતાનું ભાન ટકાવવા માટે તેમની પાસે એકમાત્ર આ દેશના જ ઉપકારી છે એમ સમજીને જઘન્યથી કરોડ દેવો તીર્થંકર ભગવન્તોની સેવામાં રહેતા હોય છે. આ ધર્મબિંદુ ગ્રંથમાં આ બીજો અધ્યાય દેશનાનું મહત્ત્વ સમજાવવા માટે જ છે. રાગ અને દ્વેષને મારવા માટે જે માર્ગ બતાવવાનો છે એ રાગદ્વેષ વધે એ રીતે તો ન બતાવવો જોઈએ. આજે તમે લોકો નીચે ઊતરતા ગયા અને તમને ભેગા કરવા માટે અમે પણ નીચે ઊતરતા ગયા-આ માર્ગદેશનાની રીત નથી. ભગવાને જેવો માર્ગ બતાવ્યો છે એવો જ માર્ગ લોકો સુધી પહોંચાડવો તેનું નામ દેશના. લોકોને જે ગમે છે તે આપવા માટે દેશના નથી. ભગવાને આશ્રવ પણ સંવર થાય છે-એવું જણાવ્યું. પરંતુ ક્યારે પણ આશ્રવ સેવવાની રજા નથી આપી. ઈષ્ટ સ્થાને જતી વખતે માર્ગ ખાડાટેકરાવાળો હોય તોપણ ત્યાંથી જ જવું પડે. સરળમાર્ગ તો વગડામાં કદાચ મળે અને ત્યાં કોઈ ઈષ્ટની પ્રાપ્તિ થવાની નથી. માર્ગ કઠિન છે-એની ના નહિ, ચઢાણ કપરા છે -એની ય ના નહિ. પરંતુ આ જ માર્ગ આપણને મોક્ષે પહોંચાડે એવો છે. અનુકૂળ માર્ગ તો સંસારનો જ છે, મોક્ષનો માર્ગ પ્રતિકૂલ જ રહેવાનો. શ્રી જંબૂસ્વામીજી પણ સાધુપણાનો માર્ગ જોઈને એક વાર થથરી ગયા અને શ્રી સુધર્માસ્વામીજીને પૂછ્યું કે આટલો આકરો માર્ગ કેમ બતાવો છો? ત્યારે તેઓશ્રીએ પણ જણાવ્યું કે આ સંસારમાં સુખ કેટલું અને મોક્ષમાં કેટલું સુખ છે, એ જ રીતે સંસારમાં દુઃખ કેટલું ને મોક્ષમાં કેટલું દુઃખ છે? સંસારમાં સુખ અનંતમા ભાગે છે જ્યારે મોક્ષમાં અનંતગણું સુખ છે. અને સંસારમાં દુઃખ અનંતગણું છે, મોક્ષમાં બિલકુલ દુઃખ નથી. સંસારમાં જે દુઃખ છે એના કરતાં અનંતમા ભાગે દુઃખ સાધુપણામાં છે. એનું ફળ પાછું અનંતગણું સુખ છે. સંસારમાં રહીને અનંતગણું દુઃખ ભોગવીને અનંતમા ભાગનું સુખ મેળવવા પ્રયત્ન કરવો એના કરતાં તો સાધુપણામાં આવીને અનંતમા ભાગે દુઃખ ભોગવીને અનંતગણું સુખ મેળવવા મહેનત કરવી એ આકરો માર્ગ છે કે સહેલો છે? સાધુપણામાં જે દુઃખ છે તેના કરતાં તો સંસારમાં અનંતગણું દુઃખ છે. અમારે ત્યાં બાવીસ પરિષહ છે અને તમારે ત્યાં બાવીસ હજાર પરિષહ છે. અમને તો તડકામાં જ પરસેવો થાય, તમે તો એ.સી. માં બેઠા હોવા છતાં તમને પરસેવો થાય ને? તમે સંસારમાં ન તો તમારી ઈચ્છા મુજબ જીવી શકો છો અને ન તો ભગવાનની આજ્ઞા મુજબ જીવી શકો છો. એના બદલે સાધુપણામાં આવી

જાઓ તો ભલે તમારી ઈચ્છા મુજબ જીવી ન શકો, પણ ભગવાનની અને ગુરુની આજ્ઞા મુજબ તો જીવી શકો ને? જેને ભગવાનનું કહ્યું માનવું હોય તે સંસારમાં રહી જ ન શકે. સંસારમાં ઈચ્છા ન હોય તોપણ પાપ કર્યા વગર જીવી શકાતું નથી. અને સાધુપણામાં પાપ કરવાની ઈચ્છા હોય તો ય સંયોગો જ એવા છે કે પાપ કરી ન શકાય: આ જ તો મોટી સિદ્ધિ છે. પાપ કરવાની ઈચ્છા થાય તોપણ તેને દબાવીને જીવવાનું શીખવે-એવું આ સાધુપણું છે. આ સાધુપણું વીર્ય ફોરવવાથી મળે છે. નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે ક્રિયાની સિદ્ધિ મહાપુરુષોને સત્ત્વના કારણે મળે છે, ઉપકરણ કે નિમિત્તોના કારણે નહિ. તેથી આપણે સત્ત્વ કેળવી લેવા પ્રયત્ન કરવો છે. સત્ત્વશાળીને નિમિત્તો પણ સામેથી આવીને મળે છે અને નસીબ પણ સીધું થાય છે. અહીં વીર્યની ઋદ્ધિનું વર્ણન કરતાં જણાવ્યું છે કે ધર્મના શુદ્ધ આચારથી તીર્થંકરભગવંતના વીર્ય સુધીના વીર્યની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે મેરુ પર્વતને દંડ બનાવીને અને જંબૂદ્વીપને છત્ર બનાવીને હાથમાં પકડી શકે એટલું સામર્થ્ય જે પ્રાપ્ત થાય છે તે સદાચારરૂપી કલ્પવૃક્ષનું ફલ છે-એમ મહાપુરુષોએ ફરમાવ્યું છે. કોઈને વીર્ય વધારે મળે અને કોઈને ઓછું મળે તે ભૂતકાળની ધર્મારાધનાનું જ ફળ છે. આના ઉપરથી નક્કી છે ને કે ધર્મ ન કરવાથી વીર્યાન્તરાય કર્મ બંધાય છે, ધર્મ કરે તો વીર્યાન્તરાયનો ક્ષયોપશમ પ્રગટ થાય. જેઓ એક ગાથા પણ ગોખી શકતા ન હતા તેઓ પિસ્તાળીસ આગમના જ્ઞાતા થયા આ પ્રભાવ વીર્યનો-પુરુષાર્થનો જ છે. ક્ષપકશ્રેણિ માંડે ત્યારે જે ઉલ્લસિત વીર્ય હોય તેના કારણે એટલું સામર્થ્ય પ્રગટે છે કે જેનાથી માત્ર પોતાના જ નહિ, બધા જીવોનાં કર્મોને ભસ્મસાત્ કરી શકે. આ રીતે દેશના એવી આપવી કે જેથી સમતા વધે, સુખની લાલચ ઘટે, દુ:ખ વેઠવાના સંસ્કાર પડે.

**तथा–परिणते गम्भीरदेशनायोग इति ।।३१।। (८९)**

અત્યાર સુધી જણાવેલી દેશના શ્રોતાને પરિણામ પામે પછી શ્રોતાને ગંભીર દેશના આપવી-એ પ્રમાણે અહીં જણાવ્યું છે. ગંભીરદેશના તેને કહેવાય કે જેમાં નયનિક્ષેપાથી ગંભીર એવી વાતો હોય. જેમાં આત્માના અસ્તિત્વની, તેના બંધમોક્ષની સૂક્ષ્મ વાતો આવે તેને ગંભીર દેશના કહેવાય. આજે આપણે ધર્મ કરીએ છીએ તે જૈનકુળમાં જન્મ્યા છીએ માટે કરીએ ને? જૈન છીએ માટે જૈન ધર્મ કરવો-આવું સમજાવવું તે સામાન્ય દેશના. અને વીતરાગ-પરમાત્માએ આ કહ્યું છે અને એ જ સાચું છે-એમ માનીને ધર્મ કરવો: આવું સમજાવવું તેનું નામ ગંભીર દેશના. આજે આપણે ધર્મ કરીએ છીએ તે ભગવાનની આજ્ઞા છે માટે કરીએ છીએ? અને ભગવાને જે આજ્ઞા કરી છે-એ જ સાચું છે, સાચું જે છે તે જ ભગવાને કહ્યું છે-એમ સમજીને

કરીએ છીએ? ભગવાને જે કીધું છે-એ જ સાચું છે, એમ સમજવું પડે ને?

સ. ભગવાનના વચનમાં શંકા ન કરાય ને?

ભગવાનના વચનમાં શંકા ન કરાય કારણ કે શંકા એ અતિચાર છે. પરંતુ ભગવાનનું વચન સમજવા માટે જિજ્ઞાસા તો કરાય ને? શંકા એ દોષ છે જ્યારે જિજ્ઞાસા એ બુદ્ધિનો ગુણ છે. વસ્તુ સમજવા માટે સ્થિર કરવા માટે પૂછવું તેનું નામ જિજ્ઞાસા અને વસ્તુનું નિરાકરણ કરવા માટે પૂછવું તેનું નામ શંકા. ભગવાને જે જણાવ્યું છે તે નયનિક્ષેપાથી સમજવું છે. દેશના નયથી પણ અપાય અને પ્રમાણથી પણ અપાય. નય એટલે વસ્તુના એક દેશને સ્વીકારીને જણાવવું. અને પ્રમાણ એટલે વસ્તુના દરેક અંશને સ્વીકારીને જણાવવા. જીવને માનવાનું કામ તો દરેક દર્શનકારો કરે છે. પરંતુ આત્માનું સ્વરૂપ જ એમનું જુદું છે. કેટલાક લોકો આત્માને એકાન્તે નિત્ય માને છે, કેટલાક લોકો એકાન્તે અનિત્ય માને છે. આ બંન્ને પક્ષમાં આત્માનું અસ્તિત્વ પણ નહિ ઘટે, આત્માનો બંધ પણ નહિ ઘટે, મોક્ષ પણ નહિ ઘટે. જ્યારે ભગવાને જણાવ્યું છે કે આત્મા દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. આત્મામાં પરિવર્ત્તન આવે છે માટે અનિત્ય છે. અને પરિવર્ત્તનવાળો આત્મા કાયમ માટે વિદ્યમાન હોવાથી આત્મા નિત્ય છે. મોક્ષમાં જવા માટે આત્મદ્રવ્યનું અસ્તિત્વ કાયમ માટેનું નિત્ય માનવું પડે. અને આપણી સંસારી અવસ્થા મિટાવવા માટે આત્માને પરિવર્ત્તનશીલ પણ માનવો જ પડે. આત્મા શુદ્ધ બુદ્ધ નિરંજન નિરાકાર છે એ વાત સાચી પરંતુ એ તો આત્માનું સ્વાભાવિક સ્વરૂપ છે. બાકી કર્મના યોગે એ સ્વરૂપ વિકૃત બન્યું છે. આથી અત્યારે આત્મા અશુદ્ધ છે, અબુદ્ધ-મૂર્ખ છે, રાગી છે અને સાકાર છે. આથી જ આત્મામાંથી અશુદ્ધિ વગેરે દૂર કરવા માટે ધર્મ કરવાનો છે. આમ છતાં આત્માને એકાન્તે શુદ્ધ બુદ્ધ માનવાની વાત કરે તો આત્માનો સંસાર પણ ન ઘટે અને મોક્ષ પણ ન ઘટે. જેનો બંધ હોય તેનો મોક્ષ થાય. જેને બંધન જ ન હોય એ આત્માની મુક્તિ કેવી રીતે હોઈ શકે? અન્યદર્શનકારોના અનેક ગ્રંથો છે, તેમની દલીલ પણ અનેક છે પરંતુ તેમનો પાયો જ ખોટો છે. કારણ કે મૂળમાં જે આત્મતત્ત્વ છે તેનું સ્વરૂપ જ ખોટું છે.

સ. એ લોકો એમ કહે કે મંઝિલ એક છે-અને રસ્તા અલગ છે.

એમની અને આપણી મંઝિલ એક છે જ નહિ. કારણ કે તેમને ત્યાં મોક્ષ જ નથી. એકાન્તે અનિત્ય પક્ષમાં અને એકાન્ત નિત્યપક્ષમાં દુનિયાનો વ્યવહાર પણ સંગત નથી થતો તો મોક્ષ કઈ રીતે સંગત થાય? એમને ત્યાં માત્ર મોક્ષની વાતો જ છે, વાસ્તવિક મોક્ષ તેમને ત્યાં નથી. આત્માને કર્મનો યોગ અનાદિથી છે અને જેમ સોનું અને માટી ખાણમાં ભેગાં હોવા છતાં સોનાને અગ્નિમાં નાંખીને તેમાંથી માટી દૂર કરીએ

તે રીતે આત્માને આજ્ઞાપાલનના અગ્નિમાં તપાવીને તેમાંથી કર્મો છૂટાં પાડવાં છે. કર્મોનો નાશ બીજા ધર્મોથી ન થાય, ભગવાનની આજ્ઞા પાળવાથી જ થાય. જેઓ ભગવાનની આજ્ઞા ન માને તેવાનો સંગ નથી કરવો. વરસોથી આપણા બાપદાદાએ તિજોરીમાં જે પડીકું રાખી મૂક્યું હોય તેમાં હીરાના બદલે કાચ છે એવું સમજાય તો તે પડીકું રાખી મૂકીએ કે કાઢી નાંખીએ? ખોટા હીરા વરસોના હોય તોપણ કાઢી નંખાય અને બાપદાદાએ આચરેલો ધર્મ ખોટો હોય તોપણ તે છોડવો નહિ અને કર્યા કરવો-આ બુદ્ધિમત્તાનાં લક્ષણ છે? જે ધર્મ આપણને મોક્ષે પહોંચાડે એવો ન હોય તેવા ધર્મને વળગી રહેવાનો શો અર્થ છે? આ પ્રમાણે સૂક્ષ્મતાથી દેશના આપવી. પૂર્વે કહેલી દેશના જેણે શ્રદ્ધા, જ્ઞાન અને શક્તિ અનુસારના વર્તનથી પરિણામ પમાડી હોય તેને આવી ગંભીર દેશના આપવાની. જેમ પૂર્વે ખાધેલું પચ્યું હોય તો જ બીજું ભોજન અપાય તેમ અહીં પણ તેવા પ્રકારનાં કર્મોનો અતિશય હ્રાસ થવાથી તે દેશના આત્મસાત્ થાય ત્યારે શ્રોતાને ગંભીર દેશના આપવી. હવે આ ગંભીર દેશનાનો યોગ શ્રુતધર્મના કથન વિના થતો નથી તેથી શ્રોતા આગળ શ્રુતધર્મનું કથન કરવું.

**श्रुतधर्मकथनमिति ।।३२।। (९०)**

ધર્મ કરવા માટે જીવોને શાસ્ત્ર સિવાય બીજો કોઈ જ આધાર નથી. ચારિત્રધર્મની પ્રાપ્તિ શ્રુતધર્મ દ્વારા જ થાય છે. આ શ્રુતધર્મની આરાધના પણ શાસ્ત્ર ઉપર જ આધારિત છે. આ શાસ્ત્ર શુદ્ધ છે કે નહિ-તેની પરીક્ષા કરવાનું હવે અહીં આગળ જણાવે છે. સોનાની પરીક્ષા જેમ કષ, છેદ અને તાપ આ ત્રણ પ્રકારે થાય છે તેમ શાસ્ત્રની પણ કષ, છેદ, અને તાપઃ આ ત્રણથી પરીક્ષા કરાય છે. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે શાસ્ત્ર જ ઉપાય છે. કહ્યું છે કે જેઓ શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુ વડે સદા માટે હેય અને ઉપાદેય વગેરે ભાવોને સમ્યગ્રૂપે જુએ છે તે માણસો જ દેખતા છે. આ શ્રુત-શાસ્ત્ર જે મળ્યું હોય તે માની લેવાનું-એવું નથી, કારણ કે દરેક દર્શનકારોનાં શાસ્ત્રો જુદાં જુદાં છે આથી સાચું શાસ્ત્ર કયું છે-તે જાણવા માટે પરીક્ષા કરવી જ પડે. આથી આગળ જણાવ્યું છે કેઃ

**बहुत्वात्परीक्षावतार इति ।।३३।। (९१)**

'શ્રુતધર્મ' શબ્દથી માત્ર સમાન હોય એવા અનેક ધર્મો લોકમાં પ્રચલિત છે તેથી શબ્દમાત્રથી ધર્મને સ્વીકારી લેવામાં આવે તો ઠગાવાનો વખત આવે. જેમ સોનું લેવા જનાર વ્યક્તિ સોનું લેતાં ઠગાઈ ન જાય તેની કાળજી રાખે ને? સોનાના બદલે પિત્તળ આવી ન જાય તેના ભયવાળા સોનાની પરીક્ષા કરે તેમ શાસ્ત્રના નામે કુશાસ્ત્ર હાથમાં આવી ન જાય તેવા ભયવાળા જીવો શાસ્ત્રની પરીક્ષા કરે. આથી જઃ

કષ, છેદ અને તાપની પ્રરૂપણા શ્રોતા આગળ કરવી. માત્ર શબ્દનું સામ્ય જોઈને મૂંઝાઈ જવું નહિ. તેની પરીક્ષા સુધી પહોંચવું. સોનાને જેમ કસોટીના પથ્થર ઉપર ચઢાવીએ ત્યારે તે સોનાથી કસોટી ઉપર લીસોટો મારીને જોવું તે કષ, સોનાની લગડીને તોડીને અંદરના ભાગમાં સોનું છે કે નહિ-તેની પરીક્ષા કરવી તે છેદ અને સોનાને અગ્નિમાં તપાવવું તે તાપ. આ રીતે ત્રણ પ્રકારે શાસ્ત્રની પરીક્ષા કરવી. શબ્દ સાંભળીને કે અર્થ સમજીને મૂંઝાઈ ન જવું, તેના તાત્પર્ય સુધી પહોંચવું. સંસ્કૃતમાં લખ્યું હોય એટલામાત્રથી તે શાસ્ત્ર ન બની જાય. પેલા ભદ્રંભદ્રની વાત સાંભળી છે ને? જેટલાં પણ સંસ્કૃત વાક્યો મળે તેને તે પોતાની પોથીમાં ટાંકી દેતો. એક ઠેકાણે તેણે સાંભળ્યું કે **धूम्रपाने महत्पुण्यं गोटे गोटे गोदानम्।** (ધૂમ્રપાન કરવામાં ઘણું પુણ્ય છે, ધૂમ્રપાન કરીને જે ગોટા કાઢીએ તેમાં એક એક ગોટામાં ગાયનું દાન આપવા જેટલું પુણ્ય લાગે છે) તો એ પણ નોંધી લીધું. હવે આને શાસ્ત્ર મનાય? ઈષ્ટફળસિદ્ધિના વિવાદ વખતે પણ આ જ રીતે સંસારના સુખ માટે ધર્મ કર્યાના ઘણા પાઠ સામા પક્ષે ભેગા કરેલા. પરંતુ દરેકમાં ધર્મ કરીને કોણે કેવાં સુખ મેળવ્યાં એની જ વાત હતી. એમાં ક્યાંય પણ સંસારનું સુખ મેળવવાજેવું છે-એવો એકે પાઠ આપ્યો ન હતો. કારણ કે એવો પાઠ શાસ્ત્રમાં છે જ નહિ. સંસારના સુખને ઉપાદેય તરીકે જણાવે એ ભગવાનનું શાસ્ત્ર ન હોય. ઈતિહાસમાં તો જે બન્યું હોય તે જણાવ્યું હોય. જે કરવાનું છે તે માટે ઈતિહાસનો દાખલો નથી લેવાનો. શું કરવાનું છે તે તો ચરણકરણાનુયોગમાં જણાવ્યું છે. સુખ માટે ધર્મ કરવો જોઈએ-એવો પાઠ આપનારને પૂછવું પડે કે સંસારનું સુખ મેળવવાજેવું છે એવો પાઠ ક્યાં છે? 'મરવાની ઈચ્છાવાળાએ વિષ ખાવું જોઈએ, અગ્નિમાં પડવું જોઈએ' આનો અર્થ શું? મરવાની ઈચ્છા કરવાજેવી છે-એવો તો અર્થ ન નીકળે ને?

સ. સંસારનું સુખ હેય છે-એનો પાઠ છે?

એના પાઠ તો જોઈએ એટલા છે. સંસાર અનંતદુઃખમય છે, કર્મજનિત સુખ દુઃખરૂપ છે, વિષયો વિષજેવા છે, વિષ કરતાં પણ વિષયો ભયંકર છે. વિષ તો ખાવાથી મારે. વિષયો તો ભોગવ્યા વિના પણ સ્મરણમાત્રથી મારે છે. આવા સુખ માટે ધર્મ કરવાની વાત શાસ્ત્રકારો ન કરે. સંસારનાં સુખો તો ધર્મની સાધના કરતાં જે પુણ્ય બંધાઈ જાય છે તેનાથી મળે છે તેને ધર્મનું ફળ માનવાની ભૂલ ન કરવી. શાસ્ત્રકારો મોક્ષને ધર્મનું ફળ કહે છે, બાકી સંસારનાં સુખો ધર્મનું ફળ નથી, માત્ર ઘાસતુલ્ય જ છે.

ઘાસ માટે ખેતી ન કરાય, તેમ સંસારના સુખ માટે ધર્મ ન કરાય... આ બધી ચર્ચા ત્યાં કરેલી છે. આપણી વાત માત્ર એટલી જ છે કે માત્ર શબ્દના અર્થ જોઈને મૂંઝાવું નહિ, તેના તાત્પર્ય સુધી પહોંચવું.

**विधिप्रतिषेधौ कष इति ।।३५।। (९३)**

હવે કષ કોને કહેવાય તે માટે જણાવે છે કે જે શાસ્ત્રમાં વિધિવાક્યો અને નિષેધવાક્યો પૂરતાં પ્રમાણમાં આપેલાં હોય તે શાસ્ત્રો કષશુદ્ધ કહેવાય. ધર્મ કરવો જોઈએ, તપ-ધ્યાન કરવા જોઈએ, સમિતિગુપ્તિ પાળવી જોઈએ-આ બધાં વિધિવાક્યો છે. અને કોઈ પણ જીવને દુઃખ ન આપવું, કોઈની હિંસા ન કરવી, જૂઠું ન બોલવું.... આ બધાં નિષેધવાક્યો છે. પ્રતિકૂળતા ભોગવી લેવી એ વિધિ, અનુકૂળતા ભોગવવી નહિ-એ નિષેધ. અનુકૂળતા ભોગવીને ધર્મ નહિ થાય, પ્રતિકૂળતા ભોગવીને જ ધર્મ કરાય. શાસ્ત્રમાં કહ્યું છે કે અનુસ્રોતગામિતા એ સંસાર છે અને પ્રતિસ્રોતગામિતા એ મોક્ષમાર્ગ છે. માટે જ આ શાસ્ત્ર કષશુદ્ધ છે.

**तत्सम्भवपालनाचेष्टोक्तिश्छेद इति ।।३६ ।। (९४)**

આપણે જોઈ ગયા કે વિધિ અને નિષેધને જણાવનારાં વાક્યો પ્રચુર પ્રમાણમાં જ્યાં હોય તે શાસ્ત્રો કષશુદ્ધ છે. હવે છેદશુદ્ધ કોને કહેવાય છે, તે જણાવે છે. જે આચાર પાળવાનું વિધાન કર્યું હોય અને જે અનાચારનું વર્જન કરવાનું હોય તે વિધિ કે નિષેધનું પાલન કઈ રીતે સંભવી શકે તે જણાવવું તેમ જ તેના પાલનના ઉપાયો જણાવવા તેનું નામ છેદશુદ્ધિ. પાપનો નિષેધ કર્યા પછી પાપ કર્યા વગર કેવી રીતે જીવી શકાય-એનો ઉપાય તો બતાવવો જ પડે ને? અન્યદર્શનકારો વિધિનિષેધ જણાવે તોપણ તેના પાલનનો ઉપાય બતાવવા માટે સમર્થ બની શકતા નથી. હિંસાનો નિષેધ કર્યા પછી હિંસા કર્યા વિના જીવનનિર્વાહ થાય એવો ઉપાય આપણા ભગવાને બતાવ્યો છે. અનુબંધહિંસા, હેતુહિંસા કે સ્વરૂપહિંસા આવા હિંસાના પ્રકાર આ શાસ્ત્રોમાં જે રીતે બતાવ્યા છે, તે રીતે સમજાવવાનું ગજું બીજાનું નથી. ભગવાને સ્વરૂપહિંસાનો નિષેધ કર્યો નથી. ભગવાને જે અનુષ્ઠાન વિહિત કર્યાં હોય તેમાં જે હિંસા ટાળી ન શકાય તેને સ્વરૂપહિંસા કહેવાય છે. ગૃહસ્થપણાનાં અનિવાર્ય કાર્યો જયણાપૂર્વક કરીએ તેમાં હેતુહિંસા લાગે અને એ સિવાયનાં કાર્યોમાં અનુબંધ હિંસા લાગે. ભગવાને અનુબંધહિંસાનો અને આગળ વધીને હેતુહિંસાનો નિષેધ કર્યો છે. સ્વરૂપહિંસાનો નહિ. અન્યથા ભગવાનની આજ્ઞા પણ પાળી નહિ શકાય. આ રીતે જીવવિરાધનાનું સ્વરૂપ જણાવ્યા બાદ કઈ વિરાધનાથી કેવી રીતે બચવું તેનું વિધાન પણ ભગવાને કર્યું છે. અન્યદર્શનકારો મોક્ષની

વાતો કરે છે. પરંતુ મોક્ષના ઉપાયો તેઓ બતાવી શકતા નથી માટે તેમનાં શાસ્ત્રો છેદશુદ્ધ નથી. પાપ નથી કરવું તો પાપ વિના આહાર કેવી રીતે લેવો તેનો શુદ્ધ ઉપાય બતાવવો પડે ને? રાગ કરવાની ના પાડ્યા પછી રાગ ટાળવાનો ઉપાય પણ બતાવવો પડે ને? આથી જ તો ભગવાને વાપરતી વખતે સંયોજના કરવાની ના પાડી છે.

**સ.** ઘણા લોકો 'પાપ ન કરવું જોઈએ' એવું માને છે પણ રાત્રિભોજનને પાપ નથી માનતા!

તેનું કારણ એ છે કે તેઓ પાપની વ્યાખ્યા જ સમજ્યા નથી. ભગવાને જેની ના પાડી હોય તે કરવું-તેનું નામ પાપ. અને ભગવાને જે કરવાનું કહ્યું હોય તે કરવું-તેનું નામ ધર્મ. હિંસા, જૂઠ, ચોરી વગેરે પણ ભગવાને કરવાની ના પાડી છે માટે પાપ છે. એ જ રીતે ભગવાને રાત્રિભોજનની પણ ના પાડી છે માટે તે પાપ છે. એમાં બીજી કોઈ દલીલ વિચારવી નથી. ભગવાને જે માર્ગ બતાવ્યો છે તે અશક્ય નથી. ભગવાને તો પાંચમા આરાની સાથે છઠ્ઠા આરાના ભાવો પણ જણાવ્યા છે. એ ભગવાન અશક્ય વસ્તુનો ઉપદેશ તો ન જ આપે-આટલી તો શ્રદ્ધા ખરી ને? ભગવાને એક પણ અશક્ય અનુષ્ઠાન બતાવ્યું નથી. આપણને અશક્ય લાગતું હોય તેને શક્ય બનાવવા માટે પ્રયત્ન કરવો છે. ભગવાને મોક્ષના ઉપાયો બતાવીને એ ઉપાયો કેવી રીતે સેવવા તે પણ જણાવ્યું છે. મોક્ષનો આશય આપણી પાસે છે ને? શાશ્વતી ઓળીના દિવસોમાં આજે સિદ્ધપદનો દિવસ છે. જેને મોક્ષમાં જવું હોય તેના માટે છેદશુદ્ધ શાસ્ત્રો કામનાં છે. નિષ્પાપ જીવન જીવી શકાય છે-એવી શ્રદ્ધા જાગે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ્યું એમ સમજવું. નિષ્પાપ જીવન ગૃહસ્થપણામાં નહિ જિવાય એના માટે સાધુ થવું પડશે. નિષ્પાપ જીવન પણ મોક્ષમાં જવા માટે જીવવું છે. અરિહંત પદ પછી અસલમાં સાધુપદ આપવું જોઈતું હતું, કારણ કે ભગવાન સાધુ થઈને અરિહંત થાય છે અને ભગવાને સાધુ થવાનો જ ઉપદેશ આપ્યો છે. છતાં પણ સિદ્ધપદ બીજા ક્રમે રાખ્યું છે તેનું કારણ એ છે કે સિદ્ધપદના આશય વિના બાકીનાં પદો આવતાં નથી. જેને સિદ્ધ થવું નથી તેને આચાર્યની પણ જરૂર નથી, ઉપાધ્યાયની જરૂર નથી, સાધુ થવાની જરૂર નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર કે તપની પણ જરૂર નથી. મોક્ષે જવા માટે જ આ બધાં પદો છે માટે સિદ્ધપદ બીજું છે. આ દિવસોમાં શ્રીપાળ રાજા કે મયણાસુંદરીને યાદ કરીએ છીએ તેનું કારણ પણ એ છે કે તેમના હૈયામાંથી મોક્ષ ક્યારેય ગયો ન હતો. સંસારમાં રહ્યા હોવા છતાં ચિત્તથી મોક્ષમાં હોવાથી નવ ભવે પણ તેમનો નિસ્તાર થઈ જવાનો. આજે આપણે ગમે તેટલો ધર્મ કરીએ તોપણ મોક્ષનું પ્રણિધાન જ બોદું છે. બાકી એ મહાપુરુષોને દુઃખ ઓછાં

નથી આવ્યાં. આજે તમે ઈચ્છા મુજબનું પાત્ર શોધીને લાવ્યા છો ને? મયણાસુંદરીનું જીવન ઈચ્છા મુજબ ગોઠવાયું ન હતું. રાજકુટુંબમાંથી એક કોઢિયાનો હાથ પકડીને નીકળ્યાં છતાં મુખ ઉપર ગ્લાનિ ન હતી. લોકોએ બોલવામાં કશું બાકી રાખ્યું ન હતું. કોઈ એની નિંદા કરતું હતું, કોઈ એની માતાની, કોઈ એના પાઠકની તો કોઈ એના ધર્મની નિંદા કરતું હતું. છતાં એમને તો પોતાના નિમિત્તે ધર્મની નિંદા થઈ એનું દુઃખ હતું. આથી જ ગુરુ ભગવંતની આગળ પણ એ જ વાત કરી. ત્યારે ગુરુભગવંતે ધર્મની અવહેલના ટળે એ માટે સિદ્ધચક્રની આરાધનાનો ઉપાય બતાવ્યો. એના પ્રભાવે કોઢ ગયો અને એ લોકો ધર્મની પ્રશંસા કરવા લાગ્યા. લોકો નિંદા કરે કે પ્રશંસા કરે એટલામાત્રથી આપણે ધર્મ છોડવાની કે ધર્મ કરવાની જરૂર નથી. લોકોના કહેવાથી ધર્મ ન છોડાય. ધર્મ માટે સુખ છોડવું પડે તો છોડી દેવું, દુઃખ વેઠવું પડે તો વેઠી લેવું પણ ધર્મ ક્યારે ય છોડવો નહિ. મયણાસુંદરીનું જીવન પણ ઈચ્છા મુજબ ગોઠવાયું ન હતું. આટલું પણ સાધુસાધ્વી યાદ રાખે તો તેમને ક્યારે ય ઈચ્છા મુજબનું ન ગોઠવાયાનું દુઃખ ન રહે. ઈચ્છા મુજબનું ગોઠવવું એનું નામ અધર્મ અને આજ્ઞા મુજબનું ગોઠવવું-એનું નામ ધર્મ. આપણે સારી રીતે જીવન નથી ગોઠવવું, આજ્ઞા મુજબનું જીવન ગોઠવવું છે.

**उभयनिबन्धनभाववादस्ताप इति ।।३७।। (९५)**

છદ્મસ્થો જ્યારે પણ ધર્મનું સ્વરૂપ જણાવતા હોય છે ત્યારે તે આગમમૂલક જ જણાવતા હોય છે. આથી જેના આધારે ધર્મનું સ્વરૂપ સમજાવવાનું છે તે આગમની પરીક્ષા કરવી જરૂરી છે તેથી આપણે આગમની, કષ છેદ અને તાપઃ આ ત્રણ પ્રકારની પરીક્ષા વિચારવાનું શરૂ કર્યું છે. તેમાંથી આપણે જોઈ ગયા કે જેમાં વિધિનિષેધને જણાવનારાં વાક્યો ઘણાં હોય તે કષશુદ્ધ શાસ્ત્ર છે. તે વિધિ અને નિષેધને અનુરૂપ જીવન જીવવાનો ઉપાય જેમાં બતાવ્યો હોય તે છેદશુદ્ધ શાસ્ત્ર કહેવાય. અને એ ઉપાયને સેવ્યા પછી તે ક્રિયાના વાસ્તવિક ફળ સુધી પહોંચાડે તે તાપશુદ્ધ શાસ્ત્ર છે. જે ક્રિયા શરૂ કરે તે ક્રિયા જો મોક્ષ સુધી ન પહોંચાડે તો તે ક્રિયાને જણાવનાર શાસ્ત્રો તાપશુદ્ધ નથી. ઘણા દર્શનકારો વિધિનિષેધ જણાવે, તેના પાલનનો ઉપાય પણ બતાવે, પરંતુ એ ક્રિયાથી ફળ ન મળે-એવા સિદ્ધાંતો સ્થાપીને મૂકે, તેથી તેમનાં શાસ્ત્રો તાપશુદ્ધ નથી. વીતરાગ પરમાત્માએ જે માર્ગ બતાવ્યો છે અને જે સિદ્ધાંતો જણાવ્યા છે તેના કારણે આત્મા મોક્ષે ગયા વિના રહેતો નથી. દુઃખ વેઠીને સુખ મેળવવાની વાત તો દરેક દર્શનકારોએ કરી છે, જ્યારે સુખ છોડીને મોક્ષે જવાની વાત તો ભગવાને કરી છે. અન્ય દર્શનકારોએ આત્માને એકાન્તે નિત્ય માની લીધો અથવા એકાન્તે અનિત્ય માની લીધો

તેના કારણે તેમના બતાવેલા માર્ગે આત્મા મોક્ષમાં જઈ શકતો નથી. કોઈ પણ વસ્તુ એકાન્તે નિત્ય છે કે અનિત્ય છેઃ આ તો પ્રત્યક્ષથી બાધિત છે. દરેક વસ્તુમાં ઉત્પત્તિ સ્થિતિ અને વિનાશઃ આ ત્રણ ધર્મો હોય જ છે. તેથી આત્મા એકાંતે નિત્ય પણ નથી, એકાન્તે અનિત્ય પણ નથી, દ્રવ્યથી નિત્ય-સ્થિર છે અને પર્યાયથી અનિત્ય એટલે ઉત્પત્તિ અને વિનાશશાલી છે. આત્મા આ રીતે કથંચિદ્ નિત્યાનિત્ય હોવાથી સંસારીમાંથી મુક્ત બને છે અને મોક્ષમાં પણ આત્માનું અસ્તિત્વ રહે છે. જ્યારે અન્ય દર્શનકારોએ આત્માને એકાન્તે નિત્ય માની લીધો તેથી આત્માની સંસારી અવસ્થા જ કાયમ માટે રહે છે-એવું માનવું પડે તો આત્માનો મોક્ષ ક્યાંથી ઘટે? મોક્ષ જ નહિ, આ દુનિયાના કોઈ પણ વ્યવહાર નિત્યપક્ષમાં ઘટતા નથી. જો આપણે જેવા છીએ એવા ને એવા જ કાયમ રહેવાના હોઈએ તો ખાવાપીવાની, નહાવાધોવાની પ્રવૃત્તિ કરવાની રહેતી જ નથી. આ તો આપણે નાનામાંથી મોટા થઈએ છીએ, બાળમાંથી યુવાન, યુવાનમાંથી પ્રૌઢ, વૃદ્ધ થઈએ છીએ આથી જ તો દુનિયાના વ્યવહાર કરીએ છીએ. આ રીતે પરિવર્ત્તનશીલ વસ્તુ માનવી જ પડે. એ જ રીતે એકાન્તે અનિત્ય પક્ષમાં પણ સંસારની વ્યવસ્થા કે મોક્ષની પ્રાપ્તિ ઘટતી નથી. પરિવર્ત્તન પણ તેનામાં ઘટે કે જે વસ્તુ ટકી રહી હોય. જે વસ્તુ બીજી ક્ષણે જ નાશ પામવાની હોય તેમાં પરિવર્ત્તન કઈ રીતે બતાવાય? જો પૈસા કમાયા પછી બીજી જ ક્ષણે નાશ પામવાના હોય તો આપણે કમાવા જઈએ ખરા? આ તો ટકે છે માટે આપણે કમાવા જઈએ છીએ-ખરું ને? એ જ રીતે મોક્ષની સાધના કરનાર આત્મા જો નાશ પામવાનો હોય તો તે સાધનાનું ફળ પામશે કોણ? તેથી અન્યદર્શનકારો ગમે તેટલી મોક્ષની વાતો કરતા હોય તોપણ તેઓ એકાન્તવાદના સિદ્ધાન્તને પકડીને બેઠા હોવાથી તેમને ત્યાં મોક્ષની પ્રાપ્તિ થતી જ નથી. માટે તેમનાં શાસ્ત્રો તાપશુદ્ધ નથી. આજે તો ઘણા અમને કહે છે કે દિગમ્બર સાધુઓ ઘણું કષ્ટ વેઠે છે. આપણે કહેવું પડે કે તેઓ ગમે તેટલું કષ્ટ વેઠે તોપણ ભગવાનનું માનતા નથી માટે તેમને મોક્ષની પ્રાપ્તિ થવાની નથી. સાધુપણું એ મોક્ષનો ઉપાય નથી, આજ્ઞા મુજબનું સાધુપણું એ મોક્ષનો ઉપાય છે. બાકી ઈચ્છા મુજબનું સાધુપણું મોક્ષનો ઉપાય નથી, એ તો સંસારનું કારણ છે. દિગમ્બરોનો માર્ગ મોક્ષે પહોંચાડે એવો નથી તેથી જ તેમનાં શાસ્ત્રો તાપશુદ્ધ નથી. કોઈ કહે કે તમારે ત્યાં જ મોક્ષ મળે-એવું કઈ રીતે કહેવાય? તો કહેવું કે આપણે ત્યાં મૂળભૂત તત્ત્વો ચોખ્ખાં છે, એક પણ ખોટું તત્ત્વ નથી માટે આ શાસનમાં જ મોક્ષ છે. ફળ સુધી પહોંચાડે તે જ તાપશુદ્ધ.

આ રીતે કષ છેદ અને તાપથી શુદ્ધ એવા આગમની દેશના આપવાનું કામ આચાર્ય ભગવન્તો કરે છે. આજે આચાર્યપદનો દિવસ છે ને? બે દિવસમાં દેવતત્ત્વની

વાત પૂરી કરી હવે ગુરુતત્ત્વની વાત શરૂ કરવી છે. કોનું માનવું અને કેવા થવું-એ જણાવવા માટે પહેલાં બે પદ હતાં. આપણે કોની આજ્ઞામાં રહેવાનું છે તે જણાવવા માટે સૌથી પહેલું અરિહંતપદ બતાવ્યું છે. અને કેવા થવા માટે આ આજ્ઞા પાળવાની છે તે જણાવવા માટે બીજું સિદ્ધપદ બતાવ્યું છે. સિદ્ધ થવા માટે જો અરિહંતની આજ્ઞા પાળવી હશે તો તે આજ્ઞા સમજવા માટે આચાર્ય અને ઉપાધ્યાય ભગવંત પાસે જવું પડશે. અર્થથી આજ્ઞા આચાર્યભગવંત સમજાવે અને સૂત્રથી આજ્ઞા ઉપાધ્યાય ભગવંત આપે. આ રીતે આજ્ઞા સમજાયા પછી આજ્ઞા-પાલન માટે સાધુ થવું છે. આથી ક્રમસર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદનું આલંબન લેવાનું જણાવ્યું. સાધુ થયા પછી ક્રમસર દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની આરાધના કરવાની હોવાથી તે ચાર પદોનું આલંબન લેવાનું જણાવ્યું. દેવ તત્ત્વની જરૂર પણ ગુરુતત્ત્વની આરાધના માટે છે તેથી જ દેવતત્ત્વમાં બે પદ આપ્યાં અને ગુરુપદમાં ત્રણ પદ રાખ્યાં. આ નવ પદ આપણા હૈયામાં જ સ્થાપવાના છે, બહાર નથી રાખવાના. જેના હૈયામાં નવે પદો હોય તે નવપદના આરાધક છે. બાકી અરિહંત પરમાત્મા દેરાસરમાં હોય, સિદ્ધપરમાત્મા મોક્ષમાં હોય, આચાર્ય ઉપાધ્યાય કે સાધુ ભગવંતો ઉપાશ્રયમાં હોય અને દર્શન જ્ઞાન ચારિત્ર તપ તેમનામાં હોય તો આપણો આત્મા ખાલી રહેવાનો. તેથી આપણે નવે પદ આપણા હૈયામાં સ્થાપિત કરવા છે. જ્યાં સુધી નવ પદ હૈયામાં નહિ આવે ત્યાં સુધી આરાધના લેખે નહિ લાગે.

સ. નવ પદ હૈયામાં આવ્યા હોય તેનું ચિહ્ન શું?

આ સંસાર ન ગમે તો સમજવું કે નવપદ હૈયામાં આવ્યાં છે. જેને સંસાર પણ ગમે અને નવ પદ પણ ગમે તેના હૈયામાં નવ પદ છે-એવું માની ન શકાય. આજે આપણી સ્થિતિ લગભગ એવી છે કે ધર્મ પણ ગમે ને સુખ પણ ગમેઃ ખરું ને? અરિહંત પણ ગમે અને પૈસો ઘરાક પણ ગમે, સિદ્ધપદ પણ ગમે અને દેવલોક પણ ગમે, આચાર્ય પણ ગમે અને ઘરનાં પણ ગમે, ઉપાધ્યાય પણ ગમે અને શિક્ષકો પણ ગમે, સાધુ પણ ગમે અને સગાસંબંધી પણ ગમે, જ્ઞાન પણ ગમે અજ્ઞાન પણ ગમે, સમ્યક્ત્વ પણ ગમે અને મિથ્યાત્વ પણ ગમે, વિરતિ પણ ગમે અને અવિરતિ પણ ગમે, તપ પણ ગમે અને ખાવાનું પણ ગમે! જ્યાં સુધી ધન વગેરે નવ પદો હૈયામાંથી બહાર નહિ નીકળે ત્યાં સુધી આ નવ પદો હૈયામાં આવે એ વાતમાં માલ નથી.

**अमीषामन्तरदर्शनमिति ।।३८।। (९६)**

**कषच्छेदयोरयत्न इति ।।३९।। (९७)**

કષ છેદ અને તાપમાંથી કઈ પરીક્ષાનું સામર્થ્ય વધુ છે એની વિચારણા દેશકે કરવી અને એ વિચાર કરતાં એટલું સમજાશે કે કષ અને છેદમાં બુદ્ધિમાનોએ પ્રયત્ન ન કરવો. કારણ કે

**तद्भावेऽपि तापाभावेऽभाव इति ।।४० ।। (९८)**

**तच्छुद्धौ हि तत्साफल्यमिति ।।४१ ।। (९९)**

કષશુદ્ધિ અને છેદશુદ્ધિ હોવા છતાં પણ તાપથી શુદ્ધિ ન હોય તો શુદ્ધિનો અભાવ જ છે-એમ સમજી લેવું. જ્યારે માત્ર તાપશુદ્ધિ જેનામાં હોય તે કષ છેદથી શુદ્ધ જ હોય. એ સમજી શકાય એવું છે. તાપશુદ્ધિ ન હોય તો કષ કે છેદશુદ્ધિ પણ વ્યર્થ જ છે. કષશુદ્ધિ કે છેદશુદ્ધિની સફળતા તાપશુદ્ધિને લઈને છે. ધ્યાન-અધ્યયનાદિ વિહિત કર્મો જે છે તે પૂર્વ સંચિત કર્મની નિર્જરા સ્વરૂપ ફળને આપે છે અને હિંસાદિ નિષિદ્ધકર્મોનો પરિહાર, આશ્રવના નિરોધ સ્વરૂપ ફળને આપે છે. આ રીતે વિધિ અને પ્રતિષેધ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ દ્વારા ફળના સાધક બને છે. આ ફળપ્રાપ્તિ આત્માને અપરિણામી કે ક્ષણવિનાશી માનવાથી કોઈ પણ રીતે ઘટી શકે એમ નથી. જો આત્મા અપરિણામી હોય તો આ કષ કે છેદ પોતાનું કાર્ય કરવા માટે સમર્થ બનતા નથી. જે પોતાનું કાર્ય કરવા માટે સમર્થ ન હોય તે વસ્તુ વસ્તુ જ નથી. આથી જણાવે છે કેઃ

**फलवन्तौ च वास्तवाविति ।।४२ ।। (१००)**

**अन्यथा याचितकमण्डनमिति ।।४३ ।। (१०१)**

જે કષછેદ પોતાના ફળને આપે છે તે જ વાસ્તવિક છે. બાકી જે કષછેદ તાપશુદ્ધિનું કારણ નથી બનતા તે તો ઉછીનાં માંગી લાવેલાં ઘરેણાં જેવા છે. માંગી લાવેલા અલંકારથી શરીરની શોભા પણ સુખનું કારણ બનતી નથી તેમ જ તેનાથી નિર્વાહ પણ નથી થતો. જે સ્વાધીન અલંકાર છે તેનાં બે ફળ છે-એક તો કોઈ પણ જાતના ખચકાટ વિના સ્વાભિમાનિક સુખની જનક એવી શરીરશોભા તેનાથી થાય અને બીજાું, કોઈ પણ રીતે સ્થિતિ કથળી જાય તો તે અલંકાર વેચીને પણ નિર્વાહ કરી શકાય. માંગી લાવેલા અલંકારમાં આ બેમાંથી એકે ફળ નથી. કારણ કે તે શરીરશોભા કદાચ કરે તોપણ તેમાં ભય, લજ્જા, ખચકાટ હોય છે. અને તેનાથી નિર્વાહ તો થતો જ નથી. અન્યદર્શનમાં જે કષ કે છેદ છે તે પણ તાપશુદ્ધિ વિનાના હોવાથી ફળવાળા નથી તેથી માંગી લાવેલાં ઘરેણાં જેવા છે. સર્વજ્ઞના શાસનમાંથી જ લીધેલા તે કષ અને છેદ છે. તેથી માત્ર પોતાના દર્શનની શોભા માટે કલ્પેલા કષ છેદ તેમને ત્યાં છે, વાસ્તવિક નથી. તેથી સ્પષ્ટ છે કે અન્યદર્શનનાં શાસ્ત્રો સર્વ પ્રકારે અશુદ્ધ છે માત્ર આ અનેકાંતવાદનાં

શાસ્ત્રો જ કષ છેદ અને તાપથી શુદ્ધ છે.

**नातत्त्ववेदिवादः सम्यग्वाद इति ।।४४।। (१०२)**

માત્ર ઉપરછલ્લી રીતે શ્રુતધર્મને આપણે સ્વીકારી ન બેસીએ એ માટે અહીં તત્ત્વ સમજવાની વાત કરી છે. જો ઊંડાણથી આ શ્રુતધર્મને ન સમજીએ તો માત્ર સંસારની અસારતા વગેરેની વાતો તો અન્યદર્શનમાં પણ સાંભળવા મળે અને એ ઉપાદેય લાગવા માંડે. મિથ્યાદર્શન ઉપાદેય લાગે તો મિથ્યાત્વના કારણે આપણે ફરી સંસારમાં અનંતો કાળ રખડવાનો વખત આવે. આવું ન બને એ માટે આપણે ભણવું જ પડશે. સાચા માર્ગે આપણે ન ચાલી શકીએ અથવા ઓછું ચાલીએ એનો વાંધો નથી. પરંતુ આપણે ઉન્માર્ગે દોડાદોડ નથી કરવી. માર્ગને સમજવા માટે ભણવું પડે ને? આજે ઉપાધ્યાયપદનો દિવસ છે. આપણે ત્યાં ઉપાધ્યાયપદનું મહત્ત્વ આ અધ્યયનને લઈને જ છે. અર્થનું જ્ઞાન સૂત્રના અધ્યયન વિના અપાતું નથી. આજે સૂત્રની ઉપેક્ષા કરીએ છીએ માટે ઉપાધ્યાયપદની આરાધના કરી શકાતી નથી. અર્થના અધ્યયન માટેની યોગ્યતા સૂત્રના અધ્યયન વિના નથી આવતી. ઉપાધ્યાય ભગવંત સૂત્ર ભણાવીને આપણને આચાર્યભગવંત પાસે અર્થ ભણવા માટે યોગ્ય બનાવે છે. મયણાસુંદરી કે સુરસુંદરી પણ પોતપોતાના ઉપાધ્યાય પાસે ભણીને તૈયાર થઈ ત્યારે તેમનાં પિતાએ 'પુણ્યથી શું મળે છે' આ પ્રશ્ન પૂછ્યો. તેનો જવાબ બંન્નેએ સાચો આપ્યો હતો છતાં મયણાસુંદરીને સમકિતી ગણી અને સુરસુંદરી મિથ્યાત્વી ગણાઈ, તેનું કારણ વિચાર્યું? જેવા ઉપાધ્યાય હોય એવું જ્ઞાન મળે. 'ઘઉં વાવવાથી શું મળે' અથવા 'ડાંગર વાવવાથી શું મળે' આવું પૂછે તો તેનો જવાબ શું આપીએ? 'ઘાસ મળે' એમ કહીએ કે 'ઘઉં અથવા ડાંગર મળે 'એમ કહીએ? ઘાસ તો બંન્ને ઠેકાણે આવે છે છતાં કોઈ એવો જવાબ આપે તો તમે એને કેવો માનો? આ જવાબમાં ફેર પડે તે પ્રભાવ જ્ઞાનના ફરકનો છે. તે જ રીતે સુરસુંદરીએ જે ધન, યૌવન, નીરોગી શરીર વગેરે પુણ્યના ફળ તરીકે જણાવેલા તે વસ્તુતઃ ઘાસતુલ્ય છે માટે તે મિથ્યાદૃષ્ટિ ગણાઈ. આજે તપાચાર ઉપર તમને જેટલો પ્રેમ છે એટલો જ્ઞાનાચાર ઉપર નથી ને? શક્તિ હોવા છતાં તપ ન કરીએ તો અતિચાર લાગે એ ખબર છે, પણ શક્તિ હોવા છતાં ન ભણીએ તો અતિચાર લાગે એની ખબર નથી? આયંબિલની ઓળી કરનારને સવાર, સાંજનો ખાવાનો સમય બચે તો તેમાં ગાથા ગોખવી જોઈએ ને? રોજ એક એક ગાથા કરે તો જેટલામી ઓળી હોય એટલી ગાથા થઈ જાય ને?

સ. તપનો ઉલ્લાસ જાગે છે, ભણવાનો કંટાળો આવે છે: એવું કેમ બને?

તપના કારણે સંસાર લીલોછમ રહે છે-એવું માની લીધું છે અને જ્ઞાનના કારણે

સંસાર છોડવો પડે છે. તપના કારણે માન મળે, પ્રભાવના મળે,, આગળ વધીને લબ્ધિઓ મળે. જ્યારે જ્ઞાનના કારણે સંસારનો સ્વાદ જ ઊડી જાય છે. તપ કરવા છતાં સંસારમાં સ્વાદ આવે છે. જ્ઞાનના કારણે સંસારની અસારતાનું ભાન એવું થાય કે ડગલે ને પગલે ખટક્યા કરે. જ્ઞાની સંસારનું સુખ શાંતિથી ભોગવી ન શકે. જ્ઞાનીને તો સુખનો રસ જ ઊડી જાય અને એ પાલવે એવું નથી માટે ભણવાનો કંટાળો આવે છે અને તપમાં ઉલ્લાસ આવે છે. આપણે તો એટલું કહેવું છે કે ઉલ્લાસ આવે કે ન આવે કર્યા વિના નથી રહેવું. તમે સંસારનાં કાર્યો ઉલ્લાસથી કરો છો કે ઉલ્લાસ વિના પણ કરો છો? જો સંસારનાં કાર્યો કર્યા વિના ચાલે એવું ન હોવાથી ઉલ્લાસ વિના પણ કરો છો તો ધર્મ માટે, ભણવા માટે ઉલ્લાસની રાહ જોઈને શા માટે બેઠા છો? એક વાર ભણવાનું શરૂ કરો તો ઉલ્લાસ પેદા થશે, રસ પણ આવશે. જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિ સુધી પહોંચવા માટે જ્ઞાનનો રસ પેદા કરવો જ પડશે. મયણાસુંદરી ગૃહસ્થપણામાં એટલું ભણી હતી કે એ ગ્રંથોનાં નામ પણ ઘણાં સાધુસાધ્વીને આવડતાં નહિ હોય. આપણે આ દિવસોમાં આ મહાત્માઓને યાદ કરીએ છીએ તે સુખ પામ્યા માટે નહિ, જ્ઞાનની સાધના અપ્રતિમ કરી હતી માટે યાદ કરીએ છીએ. કર્મગ્રંથનો અભ્યાસ એ રીતે કરેલો કે જેના કારણે પોતાના પિતાના મિથ્યાભિમાનને ટાળવા કર્મનું તત્ત્વજ્ઞાન ટકાવી શકી અને લોકહેરીમાં તણાઈ નહિ. દુઃખના ડુંગરો તૂટી પડ્યા છતાં પણ તેમની સમાધિ હણાઈ નહિઃ આ પ્રભાવ સમ્યગ્જ્ઞાનની ઉપાસનાનો હતો. સમ્યગ્જ્ઞાન વિના સમાધિ મળી શકે એ વાતમાં માલ નથી. સમ્યગ્ જ્ઞાન પણ ઘરબેઠાં ન મેળવાય. ગુરુ પાસે જવું પડે. આથી જ 'ઉપાધ્યાય' નો અર્થ પણ જણાવતાં ફરમાવ્યું છે કે **यस्य समीपे अधीयते स उपाध्यायः** જેમની પાસે જઈને ભણવાનું છે તેમને ઉપાધ્યાય કહેવાય છે. ઉપાધ્યાય પાસે ભણીને સમ્યગ્જ્ઞાન મેળવવું છે. જ્ઞાનના કારણે સંસારની અસારતાનું ભાન એક વાર થઈ જાય તો આપણને આ સંસારમાં રાખનાર કોઈ નથી. તમારા સુખને આપવાનું કે તમારું દુઃખ દૂર કરવાનું સામર્થ્ય ગુરુમાં જ નહિ, બીજા કોઈનામાં પણ નથી. પરંતુ તમારા અજ્ઞાનને દૂર કરવાનું અને તમને જ્ઞાન આપવાનું સામર્થ્ય માત્ર આ ઉપાધ્યાય ભગવંતમાં છે, ગુરુભગવંતમાં છે. કોઈની દુઃખની ફરિયાદનો નિકાલ થઈ શકે-એવું નથી. પરંતુ કોઈ ગમે તેટલું દુઃખ આપે તો સહન કરી લેવાનું અને કોઈને દુઃખ ન આપવાનું જ્ઞાન આપી શકાય. લોકો આપણી ઈચ્છા મુજબ જીવે એવી અપેક્ષા રાખવી-આ અજ્ઞાન છે. એ અજ્ઞાનને ટાળીને આપણે આપણા કર્મના અનુસારે આવેલા સંયોગોને સહન કરી લેવા છે-આટલું જ્ઞાન મળે તો સમ્યગ્જ્ઞાન આવ્યું-એમ સમજવું. અત્યારે ભણવાનો ઉલ્લાસ નથી જાગતો, ભણવા છતાં જ્ઞાન ચઢતું નથી તોપણ ગોખ્યા વિના નથી રહેવું. કારણ કે

ભણવાના કારણે ગાથા ચઢે કે ન ચઢે, જ્ઞાનાવરણીયકર્મની નિર્જરા ચોક્કસ થાય છે. અહીં જેટલું શ્રુતજ્ઞાન મેળવ્યું હોય તેનો ક્ષયોપશમ ભવાંતરમાં લઈ જઈ શકાય છે. વજ્રસ્વામી ત્રણ વર્ષની ઉંમરે અગિયાર અંગના જ્ઞાતા બન્યા એ પ્રભાવ પૂર્વભવની જ્ઞાનની સાધનાનો હતો. માષતુષ મુનિ પણ ચૌદ વર્ષ સુધી માત્ર **मा रुष** અને **मा तुष** ગોખતા રહ્યા તો ચૌદ વર્ષને અંતે કેવળજ્ઞાન પામી ગયા. ભણ્યા વિના નિસ્તાર નથી. આથી જ કહ્યું છે કે જેઓ તત્ત્વના જાણકાર ન હોય તેમનો વાદ સમ્યગ્વાદ નથી હોતો.

સુવર્ણની શુદ્ધિ અગ્નિમાં તપાવવાથી જણાય છે તેમ શ્રુતધર્મની તાપશુદ્ધિ કેવી રીતે કરવી આવી શંકા જાગે ને? સોનું જોઈએ છે તેથી સોનાની શુદ્ધિમાં શંકા પડે પણ આપણે મોક્ષે જવું નથી તેથી આપણને શાસ્ત્રની તાપશુદ્ધિમાં શંકા પડતી નથી. અહીં શિષ્યને આવી શંકા થઈ છે તેથી તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે. આપણે લેવા માટે નથી આવ્યા, માત્ર સાંભળવા માટે આવ્યા છીએ તેથી આપણને આ ગંભીર દેશનામાં કોઈ શંકા પડતી નથી. આ તાપશુદ્ધિ કેવા પ્રકારની છે-તે જણાવે છે:

**बन्धमोक्षोपपत्तितस्तच्छुद्धिरिति ।।४५।। (१०३)**

બંધ અને મોક્ષની સંગતિ જ્યાં થતી હોય તે શાસ્ત્ર તાપશુદ્ધ છે. માત્ર બંધ કે મોક્ષની વાતો કરે એનાથી તાપશુદ્ધિ ન આવે. ધર્મની જરૂર સંસારી આત્માને મુક્ત બનાવવા માટે છે. આત્માની સંસારી અવસ્થા કર્મના બંધના કારણે છે અને મુક્તાવસ્થા એ કર્મની નિર્જરાના કારણે પ્રાપ્ત થાય છે.

સ. આત્મા ચેતન છે, કર્મ જડ છે તો ચેતનની સાથે જડનો સંયોગ કેવી રીતે થાય?

આત્મા ચેતન છે-એવું બોલ્યા એ જ અધૂરું છે. આત્માનું શુદ્ધ ચૈતન્ય મોક્ષમાં છે. એ ચેતન આત્માને ક્યારે ય કર્મનો સંયોગ થતો નથી. અત્યારે આપણો આત્મા ચેતન નથી જડના સંયોગના કારણે જડ બનેલો છે. જેમ સોનું ખાણમાં માટીની સાથે ભળેલું જ હોય છે તેમ આપણો આત્મા અનાદિ કાળથી કર્મના સંયોગવાળો છે, તેથી જડ છે. હવે કર્મ ચેતનને લાગે છે કે જડને? કર્મથી યુક્ત એવા આત્માને જ કર્મ લાગે છે, કર્મરહિત એવા મુક્તાત્માને કર્મ લાગતા નથી. સિદ્ધશિલા ઉપર જ્યાં અનંતા મુક્તાત્મા છે ત્યાં અનંતા સૂક્ષ્મ જીવો પણ રહેલા છે. છતાં સૂક્ષ્મ જીવો સમયે સમયે અનંતી કાર્મણવર્ગણા લે છે. અને સિદ્ધના આત્માઓને એક પણ કર્મપરમાણુ અડતો નથી. જેમ જ્યાં કાદવ હોય ત્યાં આકાશ પણ હોય અને આપણે પણ હોઈએ છતાં આપણને કાદવ લાગે, આકાશને ન લાગે. જે શુદ્ધ હોય તે અશુદ્ધ ન બને. જે અશુદ્ધ

હોય તે શુદ્ધ બની શકે. કર્મ પણ તેને લાગે કે જેની પાસે રાગદ્વેષની ચિકાશ હોય. જેમની પાસે રાગદ્વેષની ચિકાશ જ નથી તેને કર્મ લાગે જ નહિ. સિદ્ધના આત્માઓ સાથે સૂક્ષ્મનામકર્મના ઉદયે આપણે પણ રહીને આવ્યા છીએ. અનાદિ કાળથી આપણું અસ્તિત્વ આ સંસારમાં છે. કાળ અનંતો ગયો છે અને સ્થાન અસંખ્યાતાં જ છે. તેથી એવું ચૌદ રાજલોકમાં એકે સ્થાન નથી, લોકાકાશમાં એવો એકે આકાશપ્રદેશ નથી કે જ્યાં અનંતી વાર આપણે જન્મમરણ કર્યાં ન હોય. આ રીતે કર્મના યોગે આપણે અશુદ્ધ છીએ, અબુદ્ધ છીએ; રાગી છીએ અને સાકાર છીએ. હવે શ્રુતધર્મ અને ચારિત્રધર્મના યોગે આપણા આત્માને શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર બનાવવાનો છે. જેઓ આત્માને એકાન્તે નિત્ય માને કે એકાન્તે અનિત્ય માને તેમને ત્યાં આત્માને કર્મનો બંધ પણ ઘટતો નથી. જેનું બંધન તાત્ત્વિક હોય તેની મુક્તિ તાત્ત્વિક હોય. જપા પુષ્પની લાલાશ તાત્ત્વિક છે અને તેની બાજુમાં મૂકેલ સ્ફટિકમાં જે લાલાશ દેખાય છે એ અતાત્ત્વિક છે, ઔપાધિક છે. તે જ રીતે કર્મનો બંધ પણ તાત્ત્વિક હોવો જોઈએ. જેનું બંધન વાસ્તવિક હોય તેને છોડાવવા માટે પ્રયત્ન કરીએ. એકાન્તે નિત્યપક્ષમાં બંધ તાત્ત્વિક ન હોય. જે આત્માના સ્વરૂપમાં ફેરફાર જ ન થાય તે કર્મબંધ કઈ રીતે કરી શકે? તે જ રીતે એકાંતે અનિત્યપક્ષમાં પણ બંધ ન ઘટે. કારણ કે જે ક્ષણે ક્ષણે નાશ પામે તે કર્મબંધ કઈ રીતે કરી શકે? તેથી નક્કી છે કે પરિવર્ત્તનશીલ એવા નિત્ય આત્મતત્ત્વમાં જ બંધન અને મોક્ષ ઘટે છે. બંધન તાત્ત્વિક હોય તો તેના માટે, તેને દૂર કરવા માટે સાધુપદની જરૂર પડે. આજે સાધુપદનો દિવસ છે. નવપદના મધ્યમાં આ પદ રહેલું છે અને આપણા માટે મહત્ત્વનું છે. પહેલાં ચાર પદો અને બાકીનાં ચાર પદો આ સાધુપદ હોય તો જ કામનાં છે. બાકીનાં પદોની આરાધના સાધુપદ હોય તો જ લેખે લાગે છે. આજે આપણે સાધુપદ માટે પ્રયત્ન કરવો છે. આમે ય આપણે આપણી ઈચ્છા મુજબ જીવી શકતા નથી, એવા વખતે અજ્ઞાની કે રાગી માણસોની આજ્ઞા માનવી એના કરતાં જ્ઞાની અને વીતરાગની આજ્ઞા મુજબ સાધુપણામાં જીવી લેવું સારું ને?

**इयं बध्यमानबन्धनभाव इति ।।४६ ।। (१०४)**
**कल्पनामात्रमन्यथेति ।।४७ ।। (१०५)**

બંધ અને મોક્ષની સંગતિ ત્યારે જ થાય કે જ્યારે બંધક, બધ્યમાન અને બંધન: આ ત્રણેનું અસ્તિત્વ વાસ્તવિક થાય. બંધ તાત્ત્વિક ત્યારે જ કહેવાય કે જ્યારે બાંધનાર(કર્ત્તા) હોય, જેનાથી બંધાય તે (કરણ) પણ જોઈએ અને બધ્યમાન (કર્મ)

પણ જોઈએ. આ ત્રણનો ભેદ એકાન્તે નિત્યપક્ષમાં કે એકાન્તે અનિત્યપક્ષમાં ન હોય. આત્મા જ આત્માને મિથ્યાત્વાદિ હેતુઓ દ્વારા ઉપાર્જિત કર્મોથી બાંધે છે, તેથી કર્મો બંધનસ્વરૂપ છે. તેનાથી બધ્યમાન આત્મા છે. એકાન્તપક્ષમાં બધ્યમાન અને બંધનનો યોગ જ ઘટતો નથી. તેથી તેમને ત્યાં બંધમોક્ષની વાતો કાલ્પનિક છે. અનેકાન્તવાદમાં જ બંધમોક્ષની વ્યવસ્થા ઘટે છે.

## बध्यमान आत्मा बन्धनं वस्तुसत् कर्म ।।४८।। (१०६)

આત્મા કર્મોથી બંધાય છે તેથી આત્મા બધ્યમાન છે અને કર્મ વડે આત્મા બંધાય છે માટે કર્મ બંધન છે. આ બંધન પણ વાસ્તવિક છે. સાંખ્યો પ્રકૃતિનો બંધ અને મોક્ષ માને છે તેના નિરાકરણ માટે અહીં બધ્યમાન એવો આત્મા છે એમ જણાવ્યું અને બૌદ્ધો કર્મોને કાલ્પનિક માને છે, તેમના નિરાકરણ માટે કર્મ વાસ્તવિક છે-એમ જણાવ્યું. વાસ્તવિક કર્મોથી આત્મા બંધાય છે તેની મુક્તિ માટે ધર્મની આરાધના છે.

જે ક્રિયા કરીએ તેનું ફળ ન મળવાનું હોય તો તેવી ક્રિયા વ્યવહારમાં પણ લોકો કરતા નથી હોતા. તેમ અહીં પણ જે દર્શનમાં ધર્મક્રિયાનું ફળ ન મળવાનું હોય તે દર્શનની ક્રિયા કરવાનો કોઈ અર્થ નથી. કમાવા જઈએ અને પૈસા ન મળવાના હોય તો કોઈ એવો ધંધો કરે ખરો? રોગી માણસ દવા લેવા છતાં સાજો ન થવાનો હોય તો તે દવા લે ખરો? ભૂખ્યાનું પેટ ભરાવાનું જ ન હોય તો તે ખાવાનું કામ શા માટે કરે? તેમ એકાન્તે નિત્ય પક્ષમાં કે એકાન્તે અનિત્યપક્ષમાં આપણી ધર્મક્રિયાનું કોઈ ફળ જ મળતું નથી. નિત્ય પક્ષમાં વસ્તુ હોવા છતાં પરિવર્ત્તન નથી આવતું અને એકાન્તે અનિત્યપક્ષમાં પરિવર્ત્તન હોવા છતાં વસ્તુ ટકતી જ નથી. દુનિયાના દરેક વ્યવહાર પરિવર્ત્તનશીલ વસ્તુ હોય તો જ ઘટી શકે. વસ્તુ ટકે તો પરિવર્ત્તન માની શકાય અને પરિવર્ત્તન પામતી વસ્તુ હોય તો જ તેનું અસ્તિત્વ હોય. વસ્તુને ટકાવવા માટે તેને નિત્ય માનવી પડે અને વસ્તુને પરિવર્ત્તનશીલ માનવા માટે અનિત્ય માનવી પડે. આ રીતે જ વસ્તુ નિત્યાનિત્ય અર્થાત્ કથંચિદ્ (અપેક્ષાએ) નિત્ય અને કથંચિદ્ અનિત્ય છે. જો વસ્તુને નિત્યાનિત્ય ન માનીએ અને એકાન્તે નિત્ય કે અનિત્ય માનીએ તો તેમના પક્ષમાં કૃતનાશ અને અકૃતાગમઃ આ બે દોષ આવે છે. જે ક્રિયા કરે તેનું ફળ ન મળે તેનું નામ કૃતનાશ અને જે ક્રિયા ન કરી હોય તેનું ફળ મળે તેનું નામ અકૃતાગમ. જે નિત્ય હોય તે એક જ સ્વરૂપવાળો રહે તેથી તે જે પુણ્ય કે પાપ કરે તેનું ફળ ભોગવવા ન મળે તેથી કૃતનાશનો દોષ આવે અને જે સુખ કે દુઃખ ભોગવતો હોય તેણે પુણ્ય કે પાપ કર્યું જ ન હોય તો તેને સુખ કે દુઃખ આવ્યું ક્યાંથી? એ જ રીતે અનિત્યપક્ષમાં પણ ક્ષણે ક્ષણે

આત્મા નાશ પામે છે તેથી પાપ કરનારને સજા મળતી નથી, તેથી કૃતનાશ દોષ આવે છે અને જેણે પાપ કર્યું નથી તેને સજા ભોગવવી પડે એટલે અકૃતાગમ દોષ આવે. આવા દોષો આવવા છતાં પોતાનું દર્શન ચલાવે તેઓ મહામોહને આધીન છે-એવું માનવું પડે છે.

સ. અન્યદર્શનકારો સમજવા માગતા ન હતા કે સમજવાની શક્તિ ન હતી?

તેઓ સમજવા માગતા ન હતા. બાકી શક્તિ તો સમજવાની જ નહિ, અનુયાયી વર્ગને સમજાવવાની પણ હતી. અન્યદર્શનકારોની વાત જવા દો, આપણે પણ ક્યાં સમજવા માંગીએ છીએ? આ તો ચોમાસાના ચાર મહિના રાત્રિભોજન ન કરે અને ચોમાસું પૂરું થાય એટલે પાછા રાત્રે ખાવાનું શરૂ કરે, હોટેલમાં ખાવાનું શરૂ કરે. મહિનામાં એક વાર જવાનો નિયમ કરે. મહિનામાં કે અઠવાડિયામાં એકવાર અગ્નિને અડે તો ન દઝાડે ને? સાપ કેટલી વાર કરડે તો તેને સાપ કહેવાય? કે એકે વાર ન કરડે તોપણ સાપ સાપ જ કહેવાય? તેમ પાપ આપણે ક્યારેય નથી કરવું. મહિનામાં એક વાર પણ પાપ કરીએ તો તે સંસારમાં ભટકાવે જ. મહિનામાં એક જ વાર પાણીમાં ડૂબી જઈએ તો મરીએ કે નહિ? તો આપણે પણ સમજવા માંગતા નથી માટે જ સંસારમાં ભટકીએ છીએ.

આપણે જોઈ ગયા કે આત્માનું અસ્તિત્વ પણ વાસ્તવિક છે અને કર્મનું અસ્તિત્વ પણ વાસ્તવિક છે. કર્મ કાલ્પનિક નથી અને આત્માની બધ્યમાન અવસ્થા પણ વાસ્તવિક છે. આત્મા કર્મોનું ઉપાર્જન કરી કર્મો વડે આત્માને બાંધે છે.

સ. કર્મ જે બંધાઈ રહ્યું હોય તે દેખાય ખરું?

જે દેખાતું ન હોય તે નથી માનવું-આવો નિયમ ખરો? તમને શરીરમાં વેદના થાય છે-એ દેખાય છે? છતાં માનો છો ને? તમારું પોતાનું મોઢું પણ દેખાતું નથી તો તે માનો છો ને? દર્પણમાં મોઢું દેખાય છે તેમ કર્મોનું પરિણામ નજરે દેખાય છે એ કર્મનું પ્રતિબિંબ જ છે. આજે સંસારમાં ઈચ્છા મુજબ જીવવા નથી મળતું આ કર્મનો જ પરિણામ છે ને? સુખ જોઈએ છે છતાં મળતું નથી, દુઃખ જોઈતું નથી છતાં આવે છે આ કર્મનો જ પ્રભાવ છે ને?કર્મ દેખાતું નથી માટે માનતા નથી-આવું ભૂલે ચૂકે બોલતા નહિ. કર્મ વાસ્તવિક છે. કર્મ વડે આત્માનો બંધ પણ તાત્ત્વિક છે. હવે આત્માનો બંધ કયા હેતુ વડે થાય છે તે જણાવે છે-

**हिंसादयस्तद्योगहेतवस्तदितरे तदितरस्येति ।।४९।। (१०७)**

હિંસા, અનૃત (મૃષા), ચોરી, મૈથુન, પરિગ્રહ, તત્ત્વ પ્રત્યેની અશ્રદ્ધા, ક્રોધ, માન, માયા અને લોભઃ આ બધા પાપના હેતુઓ છે. હિંસાદિના કારણે કર્મનો બંધ થાય છે અને હિંસાદિથી વિપરીત એવા જે અહિંસાદિ પાંચ, તત્ત્વની શ્રદ્ધા તથા ક્ષમા, મૃદુતા, ઋજુતા, મુક્તિ એ મોક્ષના હેતુ છે. હિંસા જેટલી વધે તેટલો પુણ્યોદય વધ્યો એવું લાગે કે પાપ વધ્યું એમ થાય? પહેલે પ્રાણાતિપાત બોલનાર મીલ કે ફેક્ટરી ચાલુ કરે તો પોતાને પુણ્યશાળી માને ને? હિંસાદિ બંધના કારણ છે એવું માનીએ ખરા? જે બંધનાં કારણ છે તેનાથી વિપરીત મોક્ષનાં કારણ છે.

ભગવાને જે વાત કરી છે તે જ સાચી છે આવી શ્રદ્ધા જેને હોય તેને જ જ્ઞાન આપી શકાય. તેથી નવપદમાં શ્રદ્ધા-સમ્યગ્દર્શન પછી સમ્યગ્જ્ઞાન પદ આપ્યું છે. વાત સારી છે એ મહત્ત્વનું નથી, વાત કામની હોય તે મહત્ત્વનું છે. અન્યદર્શનકારોએ જે મોક્ષની વાતો કરી છે તે સારી લાગવા છતાં એ કામની નથી. કારણ કે એવો મોક્ષ તેઓએ બતાવેલ આત્મા પામી શકે એ શક્ય જ નથી. તેથી જેમાં બાંધનાર, બંધાનાર અને બાંધવાનું સાધન ત્રણે ય તાત્ત્વિક હોય તે જ દર્શનમાં બંધ અને મોક્ષ તાત્ત્વિક છે. આપણે જોઈ ગયા કે હિંસાદિ કર્મબંધનાં કારણ છે. અને અહિંસાદિ મોક્ષનાં કારણ છે. હવે શિષ્ય શંકા કરે છે કે કર્મ જો હિંસાદિના કારણે બંધાતું હોય તો તે કર્મ અનાદિનું કઈ રીતે કહેવાય? જેનું કારણ હોય તેની ઉત્પત્તિ થાય, અને જેની ઉત્પત્તિ થાય તે સાદિ કહેવાય, અનાદિ ન કહેવાય. તો આત્મા સાથે કર્મનો યોગ અનાદિનો છે-એવું કઈ રીતે કહી શકાય-આવી શંકાના નિરાકરણમાં જણાવે છેઃ

**प्रवाहतोऽनादिमानिति ।।५०।। (१०८)**

કર્મ સાથે આત્માનો સંબંધ તે તે કર્મની અપેક્ષાએ સાદિ હોવા છતાં પ્રવાહથી આ કર્મબંધ અનાદિનો છે. પ્રવાહ એટલે પરંપરા. જેમ નદીમાં નવું નવું પાણી આવતું હોવા છતાં પ્રવાહની અપેક્ષાએ નદી કાયમ માટે પાણીવાળી જ હોય છે. તેમ અનાદિકાળથી આત્માની સાથે કર્મનો યોગ પરંપરાને લઈને છે. કર્મની આદિ હોવા છતાં પ્રવાહથી કર્મ અનાદિનું છેઃ આ જ સ્યાદ્વાદ છે. સાદિત્વ અને અનાદિત્વ આ બે ય ધર્મો એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ રહી શકે છે. પ્રવાહથી અનાદિના એવા આ કર્મના યોગને પ્રયત્નથી દૂર કરી શકાય એમ છે. જેમ સોના સાથે મળેલી માટી અગ્નિના સંયોગથી દૂર કરી શકાય તેમ આત્મા સાથે લાગેલાં કર્મો આ નવપદની આરાધનાથી દૂર કરી શકાય એમ છે. 'અન્ય દર્શનીઓની વાત ખોટી છે'-એવું સમ્યગ્દર્શન પામ્યા પછી જૈન દર્શનમાં પણ ચારિત્ર વિના મુક્તિ નથી-આ શ્રદ્ધા મજબૂત કરવી પડશે. જૈનેતર દર્શનમાં

તો મોક્ષ નથી જ, જૈનદર્શનમાં પણ ચારિત્ર વિના મોક્ષ નથી. જૈનેતર દર્શનને ખોટું કહેવાનું સહેલું છે પણ જૈનદર્શનમાં ચારિત્ર વિના મોક્ષ નહિ મળે-આ શ્રદ્ધા કેળવવાનું અઘરું છે ને? કારણ કે આ શ્રદ્ધા કેળવવા માટે ઘર છોડવું પડે ને? જ્યાં સુધી ઘર છૂટે નહિ ત્યાં સુધી પણ ઘરના લોકોનું માનવાના બદલે ભગવાનનું માનતા થવું છે. ઘરના લોકોને કહી દેવું કે-'તમને છોડી શકું એટલું સત્ત્વ નથી, પરંતુ તમારું કહ્યું માનું-એટલો મૂરખ હું નથી.' જૈનેતર દર્શનથી છૂટવાનું સહેલું છે, પણ જૈનદર્શનમાંથી છાંટણી કરવાનું કામ અઘરું છે. જૈનદર્શનમાં ચારિત્ર વિના મોક્ષ નથી આવી શ્રદ્ધા હોય તે સંસારમાં શાંતિથી બેસી શકે ખરા? જૈનદર્શનમાં ચારિત્ર લીધા પછી ચારિત્ર પાળ્યા વિના મોક્ષ નહિ જ મળે-આ શ્રદ્ધા એનાથી પણ કપરી છે. આ શ્રદ્ધા અમારા માટે છે. દીક્ષા લેવાથી મોક્ષ ન મળે. દીક્ષા લઈને દીક્ષા પાળે એ જ મોક્ષ પામી શકે. આ બધું સમજાવવાનું કામ સમ્યગ્જ્ઞાન કરે છે. મોક્ષે જવા માટે જૈનેતર દર્શન છોડીને જૈનદર્શનની દીક્ષા લઈને પાળવી જ પડશે. ભગવાનની વાત સારી લાગે તેનું નામ સમ્યગ્દર્શન અને ભગવાનની વાત કામની લાગે તેનું નામ સમ્યગ્જ્ઞાન. કામની તેને કહેવાય કે જે આપણને ફળ સુધી પહોંચાડે.

સ. મરુદેવા માતાએ દીક્ષા ક્યાં લીધી હતી?

મરુદેવા માતાએ દ્રવ્યથી દીક્ષા લીધી ન હતી પણ ભાવથી તો દીક્ષા પામ્યાં હતાં. તેમનો ધર્મ હૈયામાં હતો. જેમ આપણે અત્યારે ધર્મ બહારથી કરીએ છીએ, હૈયામાં ધર્મ નથી તેમ તેમનો સંસાર બહારથી હતો, બહારથી સંસારની પ્રવૃત્તિ હોવા છતાં હૈયાને એ પ્રવૃત્તિ સ્પર્શી ન હતી. આપણને ધર્મની પ્રવૃત્તિ સ્પર્શતી નથી, તેમને સંસારની પ્રવૃત્તિ સ્પર્શી ન હતી-આનું જ નામ ચારિત્ર. તમારે ભાવચારિત્ર જોઈએ છે? દ્રવ્ય ચારિત્ર જોઈએ છે કે બંન્ને ચારિત્ર જોઈએ છે? પૈસો જોઈએ છે તો તેના માટે પુરુષાર્થ ચાલુ છે ને? તેમ ચારિત્ર જોઈએ છે તો તેના માટે પુરુષાર્થ કેમ નહિ? પૈસો તો પુણ્યથી મળે છે છતાં ત્યાં પુરુષાર્થ ચાલુ છે ને? જેને જોઈતું ન હોય તે તો નહિ જેવા નિમિત્તમાં ઊઠીને ચાલવા માંડે. જેમ ધન્નાજીને માત્ર પત્નીએ ટકોર કરી કે 'સ્વામિનાથ બોલવું સહેલું છે, કરવાનું કપરું છે'. ત્યારે નહાવાનું કામ અધૂરું રાખીને પહેર્યે કપડે દીક્ષા લેવા ચાલી નીકળ્યા. આને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. સામાન્ય નિમિત્તથી જે પુણ્ય છૂટી જાય તે પુણ્યાનુબંધી પુણ્ય હોય. જેને હરામનું પણ ચાલે તેને પુણ્યાનુબંધી પુણ્ય ન હોય. ધન્યકુમાર પહેર્યે કપડે ઘરની બહાર નીકળી ગયેલા. મધ્યાહ્ન સમયે એક ખેડૂત પોતે જમવા બેઠેલો. ધન્યકુમારને મુસાફર સમજીને પોતાના બે રોટલામાંથી એક રોટલો તેને આપવા માટે તૈયાર થયો. ત્યારે ધન્યકુમારે વિચાર્યું કે આ ખેડૂત આખો

દિવસ હળ ચલાવીને પછી જમવા બેઠો છે તો હું શ્રમ કર્યા વિના તેનું આતિથ્ય કેવી રીતે સ્વીકારું? તેથી તે ખેડૂતને કહ્યું કે હું અડધો કલાક હળ ચલાવીને પછી જમીશ. ધન્યકુમારે જેવી હળ ચલાવવાની શરૂઆત કરી કે તરત જ ત્યાં એક સોનાનો ચરુ નીકળ્યો. ધન્યકુમારે કહ્યું કે આ ખેતર તમારું છે તેથી ચરુ પણ તમારો જ છે, તમે તેને ગ્રહણ કરો. જ્યારે પેલો ખેડૂત કહે છે કે મારા ખેતરમાંથી ભલે નીકળ્યું, પણ તમારા હાથે નીકળ્યું માટે એના પર તમારો જ અધિકાર છે. હું રોજ ખેતર ખેડું છું છતાં આટલા દિવસમાં ચરુ ન નીકળ્યો અને આજે તમે હળ ચલાવવાની શરૂઆત કરી ત્યારે જ નીકળ્યો છે. આમ છતાં ધન્યકુમારે ચરુ ન જ લીધો. આને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય કે જેનાથી છોડવાનું સત્ત્વ આવે. પુણ્યાનુબંધી પુણ્યથી મળેલાં સુખો ભોગવવાનું મન થાય જ નહિ. પુણ્યાનુબંધી પુણ્યથી મળેલો સંસાર પણ અસાર છે, ઈચ્છા-અવિરતિ એ પાપ છેઃ આવું જેને સમજાય તેને સમ્યગ્જ્ઞાન છે.

**कृतकत्वेऽप्यतीतकालवदुपपत्तिरिति ।।५१।। (१०९)**

આત્મા અને કર્મનો યોગ પ્રવાહથી અનાદિનો છે-આ વિષયમાં અતીત (ભૂત) કાળનું દૃષ્ટાંત જણાવ્યું છે. બંધ એ કૃતક છે એટલે કે મિથ્યાત્વાદિ હેતુઓથી થયેલો (કરાયેલો) છે છતાં તે અતીતકાળની જેમ અનાદિનો છે. જે ભવિષ્યકાળ છે તે વર્ત્તમાનતાને પામે છે અને વર્ત્તમાન કાળ જ ભૂતકાળમાં પરિણમે છે. આ રીતે સમયે સમયે ભવિષ્યકાળ ઓછો થતો જાય છે અને ભૂતકાળ વધતો જાય છે. આ રીતે વર્ત્તમાનમાંથી થયેલો હોવાથી ભૂતકાળ કૃતક છે છતાં ભૂતકાળ અનાદિનો છે તેની જેમ બંધ પણ કૃત હોવા છતાં અનાદિનો છે.

**वर्त्तमानताकल्पं कृतकत्वमिति ।।५२।। (११०)**

ભૂતકાળ પણ પહેલાં વર્ત્તમાનકાળ સ્વરૂપે હતો પછી તે ભૂતરૂપે થયો આ રીતે ભૂતકાળની વર્ત્તમાનતા જ ભૂતકાળના કૃતકત્વને સૂચવે છે. એવું જ કૃતકત્વ બંધમાં પણ રહેલું છે. તેથી બંધહેતુની અપેક્ષાએ કૃતક એવો પણ બંધ પ્રવાહથી અનાદિનો છે.

અન્યદર્શનકારો વાત ગમે તેટલી સારી કરે પણ જૈનદર્શન સિવાય ક્યાંય મોક્ષ ઘટતો નથી. અન્યદર્શનકારો આત્માને પરિણામી નથી માનતા. એ લોકો એમ જ માને છે કે ઈશ્વરની ઈચ્છા થાય તો આત્માને મોક્ષે પહોંચાડે કે સંસારમાં લઈ જાય. જ્યારે આપણે ત્યાં તો ઈશ્વરની ઈચ્છાના કારણે મોક્ષ કે સંસાર નથી. આત્મા કર્મનો સર્વથા નાશ કરે તો મોક્ષ થાય. કર્મનો આત્માની સાથે સંબંધ થાય તો સંસાર હોય. આત્મા પરિણામી હોય તો જ બંધ અને મોક્ષ ઘટી શકે.

પરિણામી એવા આત્મામાં હિંસાદિ ઘટી શકે છે. શરીરથી આત્મા કથંચિત્ ભિન્નાભિન્ન છે. શરીરથી આત્મા કથંચિત્ ભિન્ન હોવાથી શરીર બળ્યા પછી પણ આત્મા બળતો નથી. ખુરશી આત્માથી ભિન્ન છે તેથી ખુરશી તૂટી જવા છતાં આત્મા તૂટતો નથી ને? તેમ શરીરથી આત્મા જુદો હોવાથી શરીરનો નાશ થવા છતાં આત્માનો નાશ થતો નથી. તેમ જ શરીર અને આત્મા કથંચિત્ અભિન્ન હોવાથી શરીરને થતી વેદનાનો અનુભવ આત્મા કરે છે. મોક્ષમાં જતા અટકાવવાનું કામ આ શરીર જ કરે છે. આપણને અશરીરી થવું છે કે શરીર સારું કરવું છે? શરીરનો પ્રેમ એટલો ખતરનાક છે કે આત્માના ગુણો આવવા દેતો જ નથી. સારામાં સારી વસ્તુ પણ શરીરના પ્રેમ ખાતર છોડી દઈએ. ભાણા પરથી પણ ઊભા થાઓ તે શરીર ન બગડે માટે ને? શરીરને ટકાવવું છે ચોક્કસ પણ મમત્વ નથી રાખવું.

મમત્વ વગર પણ શરીર ટકાવી શકાય છે. એમાં સાધુભગવન્તો જીવતું જાગતું ઉદાહરણ છે. તમે મિઠાઈનું બૉક્સ લાવ્યા પછી બૉક્સને સાચવો ને? જ્યાં સુધી મિઠાઈ છે ત્યાં સુધી બૉક્સને સાચવવાનું કામ કરો પણ બૉક્સ પ્રત્યે મમત્વ ન હોય, તેમ શરીરથી આરાધના થાય ત્યાં સુધી સાચવવાનું પરંતુ શરીર પ્રત્યે મમત્વ ન હોવું જોઈએ. આ શરીર જ સંસારનું કારણ છે. માટે અશરીરી બનવું છે. નૈવેદ્યપૂજા કરતી વખતે તમે બોલો છો ને કે 'અણાહારી પદ મેં કર્યા વિગ્ગહગઈઅ અનંત દૂર કરી તે દીજીએ અણાહારી શિવસંત'. શરીરરહિત બનવા માટે અણાહારી થવું છે. જ્યાં સુધી અશરીરી નથી થવાતું ત્યાં સુધી શરીરના મમત્વનો ત્યાગ કરતાં રહેવું છે. ભગવાને બતાવેલ બધાં અનુષ્ઠાન શરીરરહિત બનવા માટે કરવાનાં છે. આ શરીર આહારના કારણે ટકે છે માટે આહારસંજ્ઞાનો ત્યાગ કરીને અશરીરી બનવું છે. શરીરનો અંત આવે એવી રીતે સાધના કરી લેવી છે.

તપથી નિકાચિતકોટીનાં કર્મો ખપી જાય તો શરીરનો અંત આવે. શરીરનો અંત લાવવા માટે શરીરને અને આત્માને જુદા માનવા છે. એકાન્તે જુદા નથી માનવા,કથંચિત્ જુદા માનવા છે. એકાન્તે જુદા માનીએ તો શરીરની વેદના આત્માને થાય છે એવું નહીં મનાય. અન્યદર્શનકારોએ પાયામાં જ ભૂલ કરી તો એની આગળની વાતો કઈ રીતે ટકે? વ્યવહારમાં પણ તમારે ત્યાં માત્ર સહીમાં જ ભૂલ હોય તો બીજું બધું નકામું-ખોટું જ ગણાય છે ને? માન્યતાની ભૂલ એ સૌથી મોટી ભૂલ છે. સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ સંઘને સંઘની ગણતરીમાં લીધા છે તે માન્યતાને લઈને જ. આચરણ બન્નેનું

ભિન્ન છે પણ માન્યતા બધાની એક જ છે. તમને વર્તમાનના સાધુ પાસે મોકલતા ય વિચાર કરવો પડે. પહેલાના કાળમાં શ્રીનંદિષેણમુનિ પાસે મોકલતા ય વાંધો નહોતો. આનું કારણ તમને સમજાય છે ને? વિચારમાં બધા સરખા હતા. આત્મા કથંચિત્ નિત્યાનિત્ય છે, ભિન્નાભિન્ન છેઃ એ બોલવા માટે બોલવું અને પામવા માટે બોલવુંઃ બન્ને જુદું છે. પામવા માટે બોલીએ ત્યારે પુરુષાર્થ વિશેષ કરવો પડે-એવું છે. હિંસાદિથી અટકવું પડે, અહિંસાદિનું પાલન કરવું પડે.

અહીં પણ આત્માને ભિન્નાભિન્ન વગેરે રૂપે માનવો છે પણ કર્મબંધથી છૂટીને મોક્ષે પહોંચાડવા માટે માનવો છે. શરીરની વેદના આત્માને થાય છે માટે શરીર અને આત્મા એક છે અને શરીરને છોડીને આત્મા પરલોકમાં જતો રહે છે, શરીર અહીં રહી જાય છે માટે શરીર અને આત્મા જુદા છે. મોક્ષની સાધના શરીર દ્વારા જ કરવાની છે માટે શરીર અને આત્મા કથંચિદ્ અભિન્ન છે. શરીરને છોડીને આત્માને મોક્ષમાં જવાનું છે માટે શરીરથી આત્મા કથંચિદ્ ભિન્ન છે. આત્મા પરિણામી નિત્ય હોય તો જ હિંસાદિ ઘટે છે. એ સિવાયના એકાન્ત પક્ષમાં આ કશું ઘટતું નથી તે આગળનાં સૂત્રોથી જણાવે છેઃ

**अन्यथा तदयोग इति ।।५४।।**
**नित्य एवाविकारतोऽसम्भवादिति ।।५५।।**
**अनित्ये चापराहिंसनेनेति।।५६ ।।**

જો આત્માને પરિણામી-નિત્યાનિત્ય અને શરીરથી ભિન્નાભિન્ન ન માનીએ તો બંધના હેતુભૂત હિંસાદિ ઘટતા જ નથી. કારણ કે નિત્ય પક્ષમાં આત્મા અવિકારી હોવાથી વિવક્ષિત પર્યાયના નાશભૂત હિંસા આત્માની કઈ રીતે થાય? અને એકાન્ત અનિત્ય પક્ષમાં ક્ષણે ક્ષણે વિનાશી આત્મા હોવાથી કોણ કોનો હિંસક બને? જે સ્વયં વિનાશી હોય તેનો વિનાશક ક્યાંથી હોય? એ જ રીતે આત્મા શરીરથી કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન છે. જો આવું માનવામાં ન આવે તો શું દોષ આવે છે તે જણાવે છેઃ

**तथा-भिन्न एव देहान्न स्पृष्टवेदनमिति ।।५७।। (११५)**

આત્મા જો શરીરથી એકાન્તે ભિન્ન હોય તો શરીરથી સ્ત્રી, શયન, વગેરેના સ્પર્શમાં જે સુખનો અનુભવ થાય છે અને કાંટા, અગ્નિ વગેરેના સ્પર્શથી જે દુઃખનો અનુભવ થાય છે-તે અનુભવ જ નહિ માની શકાય. શરીરના સુખ માટે જે દોડાદોડ

કરીએ છીએ કે શરીરના રોગાદિને ટાળવા માટે જે વૈદ્ય કે ડોક્ટરની પાછળ આંટાફેરા મારીએ છીએ તે પણ બંધ થઈ જશે. સુખ દુઃખ તો શરીરનાં છે અને આત્માને જો શરીર સાથે કોઈ લેવાદેવા ન હોય તો આ સંસારના પણ બધા વ્યવહાર અટકી પડશે. તે માટે જણાવે છે કે:

**तथा–निरर्थकश्चानुग्रह इति ।।५८।। (११६)**

આત્મા શરીરથી સર્વથા ભિન્ન હોય તો વસ્ત્રવિલેપનાદિથી જે સંતોષની લાગણી સ્વરૂપ અનુગ્રહનો અનુભવ થાય છે તેમ જ અગ્નિ વગેરેથી જે નિગ્રહ થાય છે તે પણ માની શકાશે નહિ. તેમ જ આત્મા શરીર દ્વારા જે શુભ ક્રિયા કરે છે તેનું ફળ આત્માને મળે છે અને શરીરથી જે પાપક્રિયા કરે છે તેનું ફળ પણ આત્માને મળે છેઃ એવું નહિ માની શકાય. તેથી ઉપદેશ આપવા સ્વરૂપ અનુગ્રહ પણ નિરર્થક જશે. લોકવ્યવહાર અને ધર્મવ્યવહારને સંગત કરવા માટે આત્માને શરીરથી કથંચિદ્ અભિન્ન પણ માનવો જરૂરી છે. હવે અભિન્નપક્ષમાં દોષ જણાવે છે –

**अभिन्न एवामरणं वैकल्यायोगादिति ।।५९।। (११७)**

આત્માને શરીરથી અભિન્ન માનીએ અર્થાદ્ શરીરસ્વરૂપ જ આત્મા હોય તો તો આત્માનું મરણ જ નહિ થાય. પૃથ્વી, જલ, તેજ, વાયુ આ ભૂતોના સમુદાયમાં ચૈતન્ય પ્રગટ થાય છે એમ માનીએ તો મૃત્યુ વખતે ચારે ભૂત હાજર હોવાથી મરણ કોનું માનવું. આ પ્રશ્ન તો ઊભો જ છે. આ રીતે એકાન્તે અભિન્ન પક્ષમાં મરણ જ ઘટતું નથી. કદાચ માની લઈએ કે પૂર્વાવસ્થામાં (જીવિત અવસ્થામાં) જેવો વાયુ અને તેજનો સંયોગ હોય છે તેવો સંયોગ મરણ વખતે ન હોવાથી તે મૃતાવસ્થા કહેવાય, આવું માનીએ તોપણ બીજો દોષ ઊભો છે તે જણાવે છેઃ

**मरणे परलोकाभाव इति ।।६०।। (११८)**

શરીરથી અભિન્ન આત્માનું મરણ માની પણ લઈએ તો ય એવા આત્માનો પરલોક જ નહિ ઘટે. કારણ કે દેહનો તો અહીં જ નાશ થાય છે અને દેહથી ભિન્ન આત્મા તો માન્યો નથી. અને જો પરલોકમાં જવાનું જ ન હોય તો ધર્મની સાધના જ નિરર્થક જશે અને પુણ્યપાપની વ્યવસ્થા પણ નહિ રહે. પાપ કર્યા પછી પાપનું ફળ ભોગવવાનું જ ન હોય તો સંકોચ વગર પાપની પ્રવૃત્તિ થાય ને? અમે સ્કૂલમાં હતા ત્યારે એક કથા આવતી હતી. એક ગામમાં એક પાદરી રહેતો હતો. તેને પૈસા જોઈતા હતા. તેથી તેણે એક માણસને કહ્યું કે તું મને પાંચ હજાર રૂપિયા આપી દે તો તારા

ભૂતભવિષ્યનાં બધાં પાપો માફ થઈ જશે. પેલાએ પાંચ હજાર રૂપિયા કાઢીને આપ્યા. અને પછી બંદૂક કાઢીને પાદરી સામે તાકીને કહ્યું કે 'લાવ, મારા પાંચ હજાર પાછા આપી દે, નહિ તો તને મારી નાંખીશ. કારણ કે હવે તમને મારીશ તોય એનું પાપ મને નહિ લાગે'... આપણી પણ આ જ દશા છે ને? કરેલા પાપનું ફળ ભોગવવું પડશે- આવી શંકા પણ પડે તોય પાપથી અટકી શકાય. તમે સાધુપણું લેવા માટે તૈયાર નથી થતા તે પણ પાપના ડરે જ નથી થતા ને?

સ. સાધુપણું લઈને પાળીએ નહિ તો વધારે પાપ લાગે ને?

ગાડીમાં બેસીએ તો અકસ્માત થાય તેના કરતાં ન બેસવું સારું ને? અહીં કેમ આવો વિચાર આવે છે? અહીં ઈચ્છા મુજબ જીવીએ તો વિરાધના-પાપનો પ્રસંગ આવે. બાકી ભગવાનની કે ગુરુની આજ્ઞા મુજબ જીવીએ તો પાપનો પ્રસંગ જ નથી. હવે ભિન્નપક્ષના બીજા દોષો જણાવે છે:

**तथा–देहकृतस्यात्मनानुपभोग इति ।।६१ ।। (११९)**

**आत्मकृतस्य देहेनेति ।।६२ ।। (१२०)**

આત્મા જે કુશલ કે અકુશલ અનુષ્ઠાન કરે છે તેનું ફળ શરીર દ્વારા ભોગવાય છે અને શરીરથી જે તાડનતર્જનાદિ કે દેવતાનમસ્કારાદિ ક્રિયા કરે છે તેનું શુભાશુભ ફળ આત્મા પણ ભોગવે છે. હવે જો આત્મા અને શરીર ભિન્ન જ હોય તો બીજાએ કરેલાં સારાનરસાં કાર્યોનું ફળ આપણને ભોગવવું પડતું નથી તેમ શરીર અને આત્મા પણ સર્વથા પર હોય તો પરસ્પરની ક્રિયાનું ફળ પરસ્પરને મળે છે-એવું નહિ મનાય. અને કદાચ એમ માની લઈએ કે આ રીતે પરસ્પરને ફળ ભોગવવાનું બનતું જ નથી તો તો પ્રત્યક્ષ બાધ આવે તે જણાવે છે:

**दृष्टेष्टबाधेति ।।६३ ।। (१२१)**

આત્માએ કરેલા અનુષ્ઠાનનું ફળ શરીર ભોગવે છે અને શરીરથી કરાયેલાં અનુષ્ઠાનનું ફળ આત્મા ભોગવે છે - આ વસ્તુ તો પ્રત્યક્ષથી પણ સિદ્ધ છે અને આગમપ્રમાણથી પણ સિદ્ધ છે. તેથી તેનો અપલાપ કરી શકાય એવું નથી. શરીર ખાય છે અને આત્માને ખાવું છે માટે જ તો રસોઈ વગેરે સાર્થક છે. શરીરે જે ચોરી કે પરદારાનું સેવન કર્યું હોય તેનું ફળ આત્માને જેલમાં જવા દ્વારા ભોગવવું પડે છે. અને આત્માને જે મનઃસંક્ષોભ થાય તેના કારણે શરીરને તાવ આવે એવું પણ બને છે. તેથી દૃષ્ટનો અપલાપ કરવો એ તો નાસ્તિકજેવું આચરણ છે.

## अतोऽन्यथैतत्सिद्धिरिति तत्त्ववाद इति ॥६४॥ (१२२)

આથી સ્પષ્ટ છે કે એકાન્તવાદથી અન્યથા અર્થાદ્ આત્માને અનેકાન્તવાદની મુદ્રાએ કથંચિદ્ નિત્યાનિત્ય માનીએ તો જ હિંસા કે અહિંસાદિની સિદ્ધિ થાય છે અને હિંસા અને અહિંસા છે કારણ જેમાં તેવા બંધમોક્ષની પણ સિદ્ધિ થાય છેઃ આ જ તત્ત્વવાદ છે. અતત્ત્વવેદી આ તત્ત્વવાદને જાણી શકતા નથી. આ રીતે તત્ત્વવાદની પ્રરૂપણા કર્યા બાદ શું કરવું તે જણાવે છેઃ

## परिणामपरीक्षेति ॥६५॥ (१२३)

શ્રોતાને તત્ત્વવાદ પરિણામ પામ્યો છે કે નહિ તેની પરીક્ષા કરવી. શ્રોતા એકાન્તવાદની અરુચિને સૂચવનારાં વચનો બોલે કે અત્યાર સુધી મેં ખોટાને સાચા માનીને આરાધ્યા, આજે મને સાચા દેવગુરુધર્મ ઓળખાયા... તો શ્રોતાને યોગ્ય જાણવો, પરિણત જાણવો. પરંતુ અત્યાર સુધી જેને આરાધ્યા તેને ખોટા કેવી રીતે કહેવા-એવું બોલે તો સમજવું કે તત્ત્વવાદ પરિણમ્યો નથી.

## शुद्धे बन्धभेदकथनमिति ॥६६॥ (१२४)

અત્યાર સુધી આપણે લૌકિક માર્ગની સાધારણ એવી દેશના બતાવ્યા પછી લૌકિકમાંથી લોકોત્તરમાર્ગમાં અવતાર કેવી રીતે કરાવવો તે માટે ગંભીર દેશનાની વાત કરી. હવે આપણે લોકોત્તરમાર્ગની દેશના શરૂ કરવી છે. આપણે જોઈ ગયા કે બંધ અને મોક્ષનું વાસ્તવિક તત્ત્વ આ જૈનદર્શનમાં જ ઘટે છે. જૈનદર્શનમાં જ આ કર્મબંધ અને કર્મની નિર્જરા સંગત છે. તે વાત જેને સમજાય તેને સમજાવવું કે આ કર્મબંધ કેટલા પ્રકારનો છે. અનાદિકાળથી આ સંસારમાં આપણું અસ્તિત્વ કર્મના યોગના કારણે જ છે. આ કર્મનો બંધ કેટલા પ્રકારનો છે-એવું શિષ્યને જણાવવાનું કામ ત્યારે જ કરવું કે જ્યારે શ્રોતાના પરિણામ શુદ્ધ થયા હોય. આ જગતમાં વીતરાગપરમાત્માના શાસન સિવાય બીજે ક્યાંય મોક્ષ અને મોક્ષનો ઉપાય નથી-આવું જેને લાગે તેને શુદ્ધ પરિણામ પ્રાપ્ત થયા છે એમ સમજવું. જ્યાં સુધી તાત્ત્વિક માર્ગ પ્રત્યે બહુમાન ન જાગે, આ જ ઉત્તમ તત્ત્વ છે-એવું ન લાગે ત્યાં સુધી પરિણામની શુદ્ધિ થતી નથી. માટે પરિણામ શુદ્ધ થયા પછી કર્મબંધના ભેદ જણાવવા. જેને ખરેખર મુક્ત થવું હોય તેને બંધના પ્રકાર બતાવવા. આપણો આત્મા કેટલાં બંધનોથી બંધાયેલો છે તે માટે જણાવે છે કે જેનો બંધ થાય છે તે કર્મના મૂળ ભેદ આઠ છે. અને આ કર્મપ્રકૃતિના ઉત્તર ભેદ તો સત્તાણું છે. જ્ઞાનાવરણીયના પાંચ, દર્શનાવરણીયના નવ, વેદનીયના બે, મોહનીયના ભેદ અઠ્ઠાવીસ, નામકર્મના બેંતાલીસ, આયુષ્યના ચાર, ગોત્રના બે અને અંતરાયના

પાંચ ભેદ છે. માત્ર એક બંધનથી પણ શરીર બંધાય-એ પાલવે એવું નથી તો આટલા સત્તાણું બંધનથી બંધાઈએ તો શી દશા થાય? હિંસાદિ પાંચ આશ્રવદ્વારમાંથી સત્તાણું પ્રકારનાં કર્મો બંધાય છે. બારણું એક જ હોય પણ તેમાંથી લાખો લોકો આવ જા કરે ને? તેમ પાંચ પ્રકારના આશ્રવના કારણે સત્તાણું કર્મો બંધાય છે. આ કર્મોનો બંધ જો દેખાય તો તેનાથી મુક્ત થવાનું મન થયા વિના ન રહે ને? તો આ કર્મબંધને અટકાવવા માટે અને કર્મનિર્જરા માટે પુરુષાર્થ કરવાનું મન છે ને? મોક્ષે જવું છે ને?

સ. અત્યારે મોક્ષ બંધ છે ને?

તમારે જવું છે કે? તમારે જો મોક્ષમાં જવું હોય તો દસમા વર્ષે મોક્ષ મળી શકે-એમ છે. અત્યારે આયુષ્ય પૂરું થાય, અહીંથી મહાવિદેહમાં જન્મ થાય, નવ મહિના ગર્ભાવાસના જાય, આઠ વર્ષે દીક્ષા લઈએ તો નવમા વર્ષે કેવળજ્ઞાન પામીને અઈમુત્તા મુનિની જેમ આયુષ્ય પૂરું થાય તો મોક્ષની પ્રાપ્તિ થાય એવી છે. મોક્ષ તો મળે એવો છે, જોઈએ છે કે નહિ એ મોટો પ્રશ્ન છે.

સ. અહીંથી મહાવિદેહમાં કેવી રીતે જવાય?

દયાભાવ રાખો, જીવોની દયા ચિંતવો, કરુણાભાવના કેળવો, બીજાના દુઃખે દુઃખી થાઓ, કૃતજ્ઞતાભાવ હોય, અલ્પકષાયી હોય, લોભ મંદ હોય તો મહાવિદેહમાં મનુષ્યજન્મ પામી શકાય.

સ. કર્મના હિસાબ તો પૂરા કરવા પડશે ને?

કર્મના હિસાબ પૂરા કરવાનું કામ તો એક અંતર્મુહૂર્ત્તમાં થાય એવું છે. દઢપ્રહારીએ માત્ર છ મહિનામાં બધાં કર્મો પૂરાં કર્યાં ને? તેમ સામર્થ્યયોગમાં ક્ષપકશ્રેણી માંડીએ ત્યારે બધાં કર્મોના હિસાબ પૂરાં થઈ જશે.

સ. સામર્થ્યયોગ કઈ રીતે પામી શકાય?

પ્રણિધાન મજબૂત હોય, ઈચ્છાનો અભાવ હોય અને દિદક્ષા પ્રગટે ત્યારે સામર્થ્ય યોગ આવે. કર્મોની નિર્જરા કરવાનું પ્રણિધાન મજબૂત હોય, સંસારના કોઈ પણ પદાર્થની ઈચ્છા ન હોય, એટલે કે દુનિયાની એકે અનુકૂળતા લલચાવી ન શકે અને એકે પ્રતિકૂળતા હલાવી ન શકે, અકળાવી ન શકે તેમ જ શાસ્ત્રના પાને જે જે ભાવો બતાવ્યા છે તેને સાક્ષાદ્ જોવાની ઈચ્છા સ્વરૂપ દિદક્ષા જાગે ત્યારે સામર્થ્યયોગ આવે. આ રીતે કર્મબંધના ભેદને જણાવ્યા બાદ શિષ્ય શંકા કરે છે કે આ બંધને દૂર કરવાનો ઉપાય શું? તો તેના નિરાકરણમાં આગળના સૂત્રથી જણાવે છે:

**तथा-वरबोधिलाभप्ररूपणेति ।।६७।। (१२५)**

કર્મબંધના હેતુઓમાં સૌથી પહેલું મિથ્યાત્વ છે. તેથી આ બંધને દૂર કરવા માટે મિથ્યાત્વને ટાળીને સમ્યક્ત્વ પામવું જરૂરી છે. આથી કર્મબંધને ટાળવા માટે બોધિલાભની પ્રરૂપણા કરવી. કર્મનાં બંધનો દૂર થવાથી આત્માના ગુણો પ્રગટ થાય છે. તેમાં સૌથી પહેલો ગુણ સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શનમાં પણ સૌથી શ્રેષ્ઠ એવો વરબોધિલાભ છે. જેનું ફળ તીર્થંકરત્વની પ્રાપ્તિ છે તેવો બોધિલાભ શેષ બોધિલાભ કરતાં ચઢિયાતો હોવાથી તેને વર બોધિલાભ કહ્યો છે. અથવા દ્રવ્યસમ્યક્ત્વથી વ્યતિરિક્ત એવા પારમાર્થિક બોધિલાભને વરબોધિલાભ કહેવાય. તેનું નિરૂપણ હેતુ, સ્વરૂપ અને ફળને આશ્રયીને કરવું. હવે આ બોધિલાભની પ્રાપ્તિ શેના કારણે થાય છે તે જણાવે છે:

**तथाभव्यत्वादितोऽसाविति ।।६८।। (१२६)**

વર બોધિલાભ, તથાભવ્યત્વ તેમ જ આદિ પદથી કાળ, નિયતિ, કર્મ, પુરુષાર્થના કારણે થાય છે. ભવ્યત્વ અને તથાભવ્યત્વમાં ફરક છે. ભવ્યત્વ મોક્ષે જવાની યોગ્યતા સ્વરૂપ હોવાથી બધાનું એકસરખું હોય છે. જ્યારે તથાભવ્યત્વ કાળાદિના ભેદે થનારી બીજની સિદ્ધિ સ્વરૂપ હોવાથી અનેક પ્રકારનું છે. ભવ્યત્વ સ્વરૂપયોગ્યતા રૂપ છે, તથાભવ્યત્વ ફલોપધાયક યોગ્યતારૂપ છે. જે કામમાં આવી શકે તેનું નામ સ્વરૂપયોગ્યતા અને જે કામમાં આવે તે ફલોપધાયક યોગ્યતા. ભવ્યત્વ સરખું હોવા છતાં તથાભવ્યત્વ બધાનું જુદું જુદું છે. નયસારના ભવમાં ભગવાનના જીવે સુપાત્રદાન આપ્યું અને સંગમના ભવમાં શાલિભદ્રજીના જીવે સુપાત્રદાન આપ્યું, એના યોગે બંન્ને સમ્યગ્દર્શન પામ્યા છતાં નયસારને વરબોધિલાભ પ્રાપ્ત થયો અને સંગમને બોધિલાભની પ્રાપ્તિ થઈ: આ ભેદ તથાભવ્યત્વના કારણે પડ્યો. સહકારી કારણના ભેદના કારણે મૂળભૂત કારણ એક હોવા છતાં ફળમાં ભેદ પડે. પૈસો એક જ હોવા છતાં કોઈનો સાત ક્ષેત્રમાં વપરાય અને કોઈનો સાત વ્યસનમાં વપરાય. આરસપહાણ પ્રતિમાને યોગ્ય હોવા છતાં કોઈક પથ્થર પ્રતિમામાં વપરાય અને કોઈ દેરાસરના પગથિયામાં વપરાય. તેમ તીર્થંકરના આત્માઓનું તથાભવ્યત્વ વિશિષ્ટ કોટિનું હોય છે.

**સ.** તીર્થંકરના આત્માઓ છેલ્લા ભવમાં દર્શન, પૂજા વગેરે કોઈ કરણી કરતા નથી-એવું સાંભળ્યું છે, તેનું કારણ શું?

તેમનો કલ્પ જ એવો હોય છે. તે આત્માઓ ત્રણ જ્ઞાનના ધણી હોય છે, પૂર્વના ભવથી મતિ, શ્રુત અને અવધિજ્ઞાન લઈને આવે છે અને જ્ઞાનપ્રધાન જીવન જીવે છે. સ્વયં દ્રવ્ય તીર્થંકર હોવાથી સ્થાપના તીર્થંકરનાં દર્શનપૂજા વગેરે કરવાનો આચાર તેમનો

છેલ્લા ભવમાં હોતો નથી. ગૃહસ્થપણાનો બધો ધર્મ ચારિત્રમોહનીયકર્મની નિર્જરા માટે કરવાનો હોય છે. તીર્થંકરના આત્માઓ ત્ર્યાશી લાખ પૂર્વ સુધી ગૃહસ્થાવાસમાં રહે તોપણ તે ચારિત્રમોહનીયને ખપાવવા માટે જ રહે છે, નવું ચારિત્રમોહનીય તેઓ બાંધતા નથી. સામાન્ય ગૃહસ્થો ગૃહસ્થપણાના ધર્મથી જે ચારિત્રમોહનીય ખપાવે છે એ જ નિકાચિત ચારિત્રમોહનીય તીર્થંકરના આત્માઓ ભોગો ભોગવીને ખપાવે છે. તેઓ કાયમ માટે ચારિત્રના ભાવમાં રમતા હોવાથી તેમ જ માત્ર કર્મયોગે સંસારમાં રહેલા હોવાથી તેમના માટે દ્રવ્યક્રિયાનું નિયમન નથી હોતું. એ જ રીતે ચારિત્ર લીધા બાદ પણ ભગવાન કોઈ શ્રુતનું અધ્યયન કરતા નથી. પૂર્વ ભવમાંથી જેટલું શ્રુતજ્ઞાન લઈને આવ્યા હોય તેના આધારે કાઉસ્સગ્ગ ધ્યાનમાં સ્થિર રહીને ચિંતન કરતા હોય છે.

તથાભવ્યત્વાદિ પાંચ કારણોમાં પુરુષાર્થ પ્રધાન કારણ છે. પુરુષાર્થ જો હોય તો બાકીનાં કારણો એની મેળે ખેંચાઈને આવે છે. પાંચે કારણો ભેગાં મળીને જ કાર્ય કરે છે. માત્ર કોઈ ગૌણ હોય, કોઈ મુખ્ય હોય-એટલું જ. સંસારનાં કાર્યોમાં પુણ્ય પ્રધાન છે ધર્મમાર્ગમાં પુરુષાર્થ જ પ્રધાન છે.

માત્ર ધર્મ કરવાથી નિસ્તાર નથી થતો, શ્રદ્ધાપૂર્વક ધર્મ કરવાથી નિસ્તાર થાય છે. આથી જ અહીં સૌથી પહેલાં બોધિલાભની પ્રરૂપણા કરવાનું જણાવ્યું છે. આ સંસારમાં આપણું અસ્તિત્વ કર્મના યોગે છે. આ કર્મનાં આવરણો ઉલેચાય તો આત્માનું શુદ્ધ સ્વરૂપ એની મેળે પ્રગટ થાય છે. આત્માના જ્ઞાનાદિ ગુણો તો આત્માનો સ્વભાવ છે જ્યારે મિથ્યાત્વાદિ કર્મદોષો આત્માના નથી, બહારથી આવેલા છે. આ દોષોને ઉલેચવાનું કામ સૌથી પહેલાં કરવાનું છે. તેમાં પણ મિથ્યાત્વનું આવરણ સૌથી પહેલાં ખસેડવું છે. એક વાર શ્રદ્ધાગુણ પ્રગટ થાય તો બાકીના દોષોને દૂર કરવાનું કામ સરળ છે. આપણને ઉતાવળ શાની છે? શ્રદ્ધા કેળવવાની કે આચરણ કરવાની? કોઈને ઓળી કરવી છે, કોઈને ઓચ્છવ કરવો છે, કોઈને સંઘ કઢાવવો છે, કોઈને પ્રતિમા ભરાવવી છે, કોઈને ઉપધાન કરાવવા છે, આ બધી ક્રિયાઓ કરવાની ઉતાવળ છે, પરંતુ ભગવાનનું માનવાની ઉતાવળ નથી. જેને ભગવાનનું માનવું નથી તેઓ ગમે તેટલાં અનુષ્ઠાન કરે તેનો કોઈ અર્થ નથી. શ્રદ્ધા વિનાની ક્રિયાઓ માત્ર સંસારમાં તરવા માટે અર્થાદ્ સંસારમાં સારી અવસ્થા પામવા માટે કામ લાગે, જ્યારે સંસારથી તરવું હશે તો શ્રદ્ધા જ કામ લાગશે, શ્રદ્ધાપૂર્વકની ક્રિયાઓ જ કામ લાગશે. શ્રદ્ધા વિના મિથ્યાત્વની હાજરીમાં અનુષ્ઠાન કરવાથી અકામનિર્જરા થાય અને થોડુઘણું પુણ્ય બંધાઈ જાય તેથી સંસારમાં તો તરી શકાય, પરંતુ આ સંસારથી તરવું હશે તો ભગવાનનું કહ્યું માનવું જ પડશે. આજે આપણને આચરણની કિંમત છે, શ્રદ્ધાની કોઈ કિંમત જ નથી. આચરણ કરનારને

ધર્માત્મા કહીએ પણ શ્રદ્ધાળુને ધર્માત્મા ન કહીએ ને? આજે આપણે બધાનું માનીએ, શેઠનું માનીએ, નોકરનું માનીએ, ઘરાકનું માનીએ, પત્નીનું માનીએ, છોકરાનું માનીએ એકમાત્ર ભગવાનનું ન માનીએઃ આ જ દશા છે ને? કારણ કે બધા સંસારમાં તારે છે અને ભગવાન સંસારમાંથી તારે છે. આપણે સંસારમાં જ તરવું છે, સંસારથી તરવું નથી ને? ધર્મ કરવાની ઉતાવળ કરવા પહેલાં ધર્મ માનવાની, ધર્મ પામવાની ઉતાવળ કરવી છે. આજે ઘરમાં પણ ક્રિયા કરવાના સંસ્કાર આપો કે શ્રદ્ધા કેળવવાના? છોકરાઓ ક્રિયા ન કરે તોપણ તેમને ધર્મ પ્રત્યે બહુમાન તો હોવું જ જોઈએ એટલો પ્રયત્ન ખરો? આ તો ધર્મની ક્રિયાઓ કરે અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા જ ન હોય. એના બદલે એને સૌથી પહેલાં સમજાવો કે આપણા ભગવાને આ સંસારને અનંતદુઃખમય કહ્યો છે અને આ સંસારથી તરવા માટે જ ધર્મ કરવાનો છેઃ સંસારથી તારનારો આ ભગવાને કહેલો સાધુધર્મ જ છે. માટે આપણે સાધુ થવું છે. આ સંસારમાં દુઃખ પણ કયાં છે તે માટે સમજાવવું કે આ સંસારમાં જન્મ, જરા અને મૃત્યુનાં દુઃખો છે. આ દુઃખોથી તારનારો માત્ર ચારિત્રધર્મ છે. ધર્મ પણ ભગવાનનું કહ્યું માનીએ તો જ સંસારથી તારનારો બને છે. હવે આ શ્રદ્ધાનું ફળ શું છે તે માટે જણાવે છે-

**ग्रन्थिभेदे नात्यन्तसङ्क्लेश इति ।।६१।। (१२७)**

રાગદ્વેષની તીવ્ર પરિણતિસ્વરૂપ ગ્રંથિ છે. આ ગ્રંથિનો ભેદ થવાના કારણે જીવને અત્યંત સંક્લેશ થતો નથી, આ પ્રભાવ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો છે. સંક્લેશ અને અત્યન્ત સંક્લેશમાં ફરક છે. અત્યંત દુઃખ કોને કહો? જે દુઃખની ફરિયાદ કરીએ તે દુઃખ અત્યંત છે, અસહ્ય છે-એમ કહેવાય ને? તેવી રીતે જે રાગદ્વેષની પરિણતિ મનમાં હોય તેને સંક્લેશ કહેવાય. અને એ રાગદ્વેષની પરિણતિ મનમાંથી બહાર કાઢવી તેનું નામ અત્યંત સંક્લેશ. ગુસ્સો આવ્યા પછી તેને મનમાં જ દબાવી રાખીએ તે સંક્લેશ અને એને આધીન થઈને પ્રવૃત્તિ કરીએ, ગુસ્સો બહાર કાઢીએ તે અત્યન્ત સંક્લેશ. એક વાર ગુસ્સો આવ્યા પછી તેને દબાવીએ તો તે વધારે ઊછળે છે, એના બદલે એક વાર બોલી જવું સારું-આવો વિચાર ન કરશો. કારણ કે ગુસ્સાને કાબૂમાં રાખીએ તો ત્યાં જ તેનો કાળ પૂરો થશે, એની મેળે નીકળી જશે. જ્યારે જો ગુસ્સાને ઉદયમાં લાવ્યા તો પાછો ગુસ્સાનો-ક્રોધનો બંધ થશે. તેથી ગુસ્સાને બહાર કાઢવો તેનું નામ અત્યંત સંક્લેશ. મળે તો લેવું તેનું નામ રાગ અને માંગીને લેવું તેનું નામ અત્યંત રાગ. કોઈ બહુમાન કરે તે લેવું તેનું નામ માન, પરંતુ સન્માન લેવું નહિ અને લોકોની આગળ બોલ્યા કરવું કે મને તો માન મળતું હતું, પણ હું હાજર રહ્યો જ નહિ... એનું નામ અત્યંત માન. દુઃખ ગમતું નથી એ દુઃખનો દ્વેષ અને દુઃખની ફરિયાદ કરવી એ અત્યંત

દ્વેષ. દુઃખ ભલે સહન ન થાય તોપણ દુઃખની ફરિયાદ નથી કરવી અને સુખ ભલે જોઈતું હોય તોપણ સુખ માંગવું નથીઃ આનું નામ અત્યંત સંક્લેશનો અભાવ. જેમ મણિ વીંધાયા પછી તેમાં ગમે તેટલો કચરો ભરાય તોપણ પહેલાની જેમ કાણું પૂરાય નહિ તેમ અહીં પણ સમજવું. આથી જ કહ્યું છે કે ગ્રંથિભેદ થયા પછી કદાચ સમ્યક્ત્વ જાય તોપણ પહેલાં જેવો બંધ ન થાય.

**न भूयस्तद्बन्धनमिति ।।७०।। (१२८)**

ગ્રંથિ ભેદાયા પછી ફરીથી તેવી ગ્રંથિ બંધાતી નથી. ગ્રંથિભેદકાળે આયુષ્ય સિવાયનાં સાતે કર્મોની સ્થિતિ જે અંતઃકોટાકોટિસાગરોપમ જેટલી હતી તેનાથી અધિક બંધ હવે તેને થતો જ નથીઃ આ એક મોટી સિદ્ધિ છે. કોઈ વાર સમ્યક્ત્વ ગુમાવવાનો વખત આવે તોપણ હવે અંતઃકોટાકોટિસાગરોપમની સ્થિતિને ઓળંગતો નથી. કદાચ તીવ્ર એવા સંક્લેશની પ્રાપ્તિ થાય તોપણ અધિક સ્થિતિબંધ ન થાય. સમ્યક્ત્વની હાજરીમાં શું લાભ થાય છે-તે માટે જણાવે છે કેઃ

**तथा–असत्यपाये न दुर्गतिरिति ।।७१।। (१२९)**

સમ્યગ્દર્શનનો વિનાશ ન થાય તો કુદેવત્વ, કુમાનુષત્વ, તિર્યંચ કે નરકગતિમાં જવાનો વખત આવતો નથી. કાયમ માટે સુદેવત્વ કે સુમાનુષત્વની પ્રાપ્તિ થાય છે. કોઈ વાર સમ્યક્ત્વ પામવા પહેલાં આયુષ્ય બંધાઈ ગયું હોય તો જુદી વાત. બાકી દુર્ગતિ થતી નથી-ઈત્યાદિ જણાવવું.

**तथा–विशुद्धेश्चारित्रमिति ।।७२।। (१३०)**

'આ દુનિયામાં તત્ત્વ હોય તો તે ભગવાનના શાસનમાં જ છે, બીજે ક્યાંય નહિ': આટલું મુમુક્ષુને સમજાઈ જાય પછી તેને લોકોત્તર માર્ગની દેશના આપવાની શરૂઆત અહીં કરી છે. જ્યાં સુધી લક્ષ્ય કેન્દ્રિત થાય નહિ ત્યાં સુધી કરેલી પ્રવૃત્તિ કોઈ પણ રીતે ફળદાયી થતી નથી. આ વિષયમાં લૌકિક દષ્ટાંત પ્રસિદ્ધ છેઃ દ્રોણાચાર્યે પોતાના વિદ્યાર્થીઓની પરીક્ષા કરવા માટે બાણ ચલાવતી વખતે પૂછ્યું કે તમને શું દેખાય છે? ત્યારે બીજા બધાએ કહ્યું કે તમે બધા દેખાઓ છો, ઝાડ દેખાય છે, પક્ષી દેખાય છે. જ્યારે અર્જુને કહ્યું મને માત્ર પક્ષીની આંખ દેખાય છે. ત્યારે દ્રોણાચાર્યે બાણ ચલાવવા કહ્યું. કારણ કે લક્ષ્ય જ કેન્દ્રિત ન થયું હોય તો કરેલી પ્રવૃત્તિ ફળને આપનારી બને નહિ. તેવી રીતે અહીં પણ સ્યાદ્વાદપક્ષમાં કથંચિદ્ નિત્યાનિત્ય પક્ષમાં જ ધર્મનો વ્યવહાર તેમ જ લોકનો વ્યવહાર પણ સંગત બને છે આટલું સમજાય તો જ

તેને સમ્યગ્દર્શનાદિની દેશના આપવાની. ભગવાનનું શાસન જ મહાન છે એવું હૈયામાં જચે પછી લોકોત્તર દેશના આપવામાં આવે તો તે સારી રીતે પરિણામ પામે. એક વાર સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય પછી દુર્ગતિમાં જવાનો વખત ન આવે. સમ્યક્ત્વ પામેલા જો નરકમાં જાય તો સમજવું કે આયુષ્ય સમ્યક્ત્વ પામવા પહેલાં બાંધ્યું હશે. અને નરકમાં જતાં સમ્યક્ત્વ વમીને જાય અને પાછા ત્યાં જઈને સમ્યક્ત્વ પામે-એવું ય બને.

સ. નરકમાં જઈને સમ્યક્ત્વ કઈ રીતે પામે?

ભૂતકાળના ભવનું જાતિસ્મરણ જ્ઞાન થાય, પોતાની પાસે અવધિજ્ઞાન હોય, પરમાધામી પણ બધું યાદ કરાવે તો પાપનો પશ્ચાત્તાપ થાય અને સમ્યગ્દર્શન પામે એવું બને. આપણે ત્યાં પણ એવું બને ને? લોકો સમજાવે ત્યારે ન સમજીએ અને ઠોકર વાગે તો ઠેકાણું પડે! આપણે નરકમાં જઈને સમ્યક્ત્વ પામવું છે કે અહીં જ પામવું છે? ચંડકૌશિકના જીવે સાધુપણામાં દેડકીની વિરાધના કરવા છતાં આલોચના માનના કારણે ન કરી અને ક્રોધની હાજરીમાં આયુષ્ય બાંધી સર્પ થયા. ચંડકૌશિક સર્પના ભવમાં ભગવાને તેમને પ્રતિબોધ્યા. આપણે શું કરવું છે? નરકતિર્યંચમાં જઈને પ્રતિબોધ પામવો છે કે અહીં જ ઠેકાણું પાડી દેવું છે? સમ્યગ્દર્શન પામ્યા પછી, ગ્રંથિભેદ થયેલો હોવાથી અત્યંત સંક્લેશ ક્યારે ય થતો નથી. ઘણી વાર એવું બને કે પાપની પ્રવૃત્તિ પહેલાં કરતાં પણ વધુ થાય છતાં ય સંક્લેશનો પરિણામ પહેલા જેવો ન આવે. ચક્રવર્તીના આત્માઓ સમ્યક્ત્વ પામેલા હોવા છતાં મહારંભ અને મહાપરિગ્રહની પ્રવૃત્તિ કોઈ ભવમાં ન કરી હોય તેવી કરે છતાં એ આરંભસમારંભની પ્રવૃત્તિ તેમને નડતી નથી: આ પ્રભાવ સમ્યગ્દર્શનનો છે.

સ. ગ્રંથિભેદ ક્યારે થાય?

અર્ધપુદ્ગલપરાવર્ત્ત કાળથી વધારે કાળ બાકી ન હોય ત્યારે. તમારે આવો પ્રશ્ન પૂછીને શું કહેવું છે? અમારો કાળ પાક્યો નથી એમ જ ને? આપણે તો કહેવું છે કે આપણો કાળ તો અલ્પ છે. શ્રીમહાવીરપરમાત્માના સત્તાવીસ ભવ થયા, વાસુદેવપણામાં ભયંકર પાપો કર્યાં હતાં છતાં ય એક આરામાં નિસ્તાર થયો ને? અર્ધપુદ્ગલ પરાવર્ત્તમાં તો અનંતી ઉત્સર્પિણી છે. એના બદલે આ તો એક જ અવસર્પિણીમાં આગળ વધીને એક જ આરામાં બધો કાળ પૂરો કર્યો. તો આપણે આપણા આત્માને તારી ન શકીએ? તમે ઊંધા વિચારો ન કરો. આપણે ધારીએ તો બેચાર ભવમાં ઠેકાણું પાડી શકાય એવું સુંદર ભવ્યત્વ આપણું છે. માત્ર કામે લાગવાની જરૂર છે.

અહીં 'સમ્યક્ત્વ ટકી રહે તો સદ્ગતિ જ મળે છે, દુર્ગતિમાં જવું નથી પડતું'- એવું જણાવ્યા બાદ હવે જણાવે છે કે સમ્યગ્દર્શન જો વિશુદ્ધ બને તો ચારિત્રની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનની વિશુદ્ધિ ચારિત્ર સુધી પહોંચાડે છે. જે સમ્યક્ત્વ ચારિત્ર સુધી ન પહોંચાડે તે સમ્યક્ત્વ વિશુદ્ધ નથી-એમ સમજી લેવું. તમને કઈ વાત ગમી? સમ્યક્ત્વ ટકે તો દુર્ગતિમાં જવું નથી પડતું તે કે સમ્યક્ત્વ વિશુદ્ધ બને તો ચારિત્ર મળે તે? સમ્યક્ત્વનું ફળ જ ચારિત્ર છે. આ ચારિત્ર લીધા પછી જો આરાધના અધૂરી રહી હોય તો જ દેવલોકમાં જવું પડે બાકી ચારિત્ર પાળતાં આવડે તો એ જ ભવમાં મોક્ષે જતા રહે. ચારિત્ર મળે તો સમ્યક્ત્વ વિશુદ્ધ હોય જ એવું નહિ. કારણ કે ચારિત્ર તો ઔદયિકભાવનું પણ હોઈ શકે.

સ. દુઃખથી ગભરાઈને ચારિત્ર લેવાનું મન થાય તો?

ભલે થતું. એ રીતે પણ ચારિત્ર લેવું છે. કારણ કે તેને જ્ઞાન આપીને તેના ચારિત્રને જ્ઞાનગર્ભિત બનાવી શકાય. સંપ્રતિ મહારાજના જીવે દુઃખગર્ભિત જ ચારિત્ર લીધેલું છતાં તેમને જ્ઞાન મળ્યું તો નિસ્તાર થયો ને? આ તો તમારે દુઃખગર્ભિતના નામે ચારિત્રને પણ કાઢી નાંખવું છે ને? દૂધમાં સાકર ન હોય તો દૂધ કાઢી નાંખવાનું કે સાકર ભેળવવા માટે મહેનત કરવાની? જે નથી, તે મેળવવું છે; જે છે તે કાઢી નાંખવાની વાત નથી. દુઃખગર્ભિત ચારિત્ર સારું છે એવું નથી કહેવું, પણ ચારિત્ર લેવા તૈયાર ન જ થાય તેના કરતાં દુઃખગર્ભિત ચારિત્ર લેવા તૈયાર થયો હોય તેને એક અપેક્ષાએ ચલાવી લેવાની વાત છે. અને એ પણ જ્ઞાનગર્ભિત ચારિત્રનું કારણ બની શકે છે-એટલાપૂરતી નભાવવાની વાત છે. સંસારમાં દુઃખ ભોગવવા છતાં ચારિત્રની ઈચ્છા ન થાય તો સુખની આસક્તિ ભયંકર છે એમ માનવું પડે ને? ચારિત્રમાં પરિણામ પામે તે શુદ્ધ સમ્યક્ત્વ છે એમ જણાવ્યા બાદ આ વિશુદ્ધ સમ્યક્ત્વ મોક્ષનું કારણ કઈ રીતે બને છે તે જણાવે છેઃ

**भावनातो रागादिक्षय इति।।७३।। (१३१)**

ચારિત્રની પ્રાપ્તિ થયા પછી પણ અનિત્યત્વ, અશરણત્વ વગેરે બાર ભાવના-ઓનું ભાવન કરવામાં આવે તો રાગાદિનો ક્ષય થાય છે. આમે ય આપણે સંસારના સુખની પ્રાપ્તિ માટે અપ્રશાસ્તપણે આ બાર ભાવનાઓનું પરિભાવન કરીએ જ છીએ. શરીરને અનિત્ય માનીને સાચવીએ છીએ, પૈસો જ શરણભૂત બીજું કોઈ કામનું નથી, આપણે એકલા જ પૈસાનો ભોગવટો કરવાનો, પૈસાની બાબતમાં બધા પારકા-અન્ય છે ને? પોતાના માનીએ તો આપવું પડે! શરીર અશુચિ છે માટે આખો દિવસ તેને સાફ

રાખવા મહેનત કરીએ. સંસાર જાય નહિ તેની કાળજી રાખીએ, પુણ્યનો આશ્રવ ગમે, તપ વગેરે ક્રિયા કરવી ન પડે તો સારું એમ સમજીને તેનો સંવર કરીએ; અશાતાની દુઃખની તો ચાર પ્રકારની ચિકિત્સાથી પણ નિર્જરા કરવા મંડી પડીએ ને? ધર્મ સારો છે એવું જ ચિંતન કરીએ ને? ધર્મને ખરાબ કહેવાનો નહિ અને ધર્મને સારો માનવો નહિઃ આ જ તાસીર છે ને? આપણી આ ભાવનાઓ રાગાદિને વધારનારી છે. શરીરને અનિત્ય માનીને શરીરની ચિંતા છોડીને આત્માની ચિંતા કરવી છે. શરીરને સુખ આપવા માટે આત્માને દુઃખી બનાવવાની જરૂર નથી. આ સંસારમાં એક ધર્મ સિવાય બીજાું કોઈ શરણ નથી, આપણે આ સંસારમાં એકલા જ ફરીએ છીએ, આપણે જ આપણા આત્માને તારવાનો છે. શરીર સ્વજનાદિ આત્માથી અન્ય છે, તેમના મમત્વ ખાતર આત્માનું બગાડવું નથી. શરીર અશુચિનો ભંડાર છે તેથી તેને સમારવા પ્રયત્ન નથી કરવો. એ જ રીતે આત્મા ઉપર કર્મોનો આશ્રવ સતત ચાલુ છે. જો કર્મો અટકે નહિ તો આત્માનો નિસ્તાર આ સંસારથી કઈ રીતે થાય? આત્માને કાયમ માટે સંયમના અનુષ્ઠાનરૂપ સંવરભાવથી ભાવિત રાખવો છેઃ તેમ જ બાર પ્રકારના તપ દ્વારા નિર્જરાભાવના ભાવવી છે. લોકના સ્વભાવના ચિંતન દ્વારા મનને અશુભ ચિંતનથી દૂર રાખવું. ધર્મ જ તારક છે ઈત્યાદિ ચિંતન કરવું અને બોધિલાભ તો અત્યન્ત દુર્લભ છે એવું વિચારીને સમ્યગ્દર્શનને વિશુદ્ધ બનાવવા મહેનત કરવી. જેમ સમ્યક્ચિકિત્સા દ્વારા વાતપિત્તાદિરોગ નાશ પામે, પ્રચંડ પવનના કારણે વાદળો વીખરાઈ જાય તેમ ભાવના ભાવવાના કારણે રાગાદિનો ક્ષય થાય છે. ત્યાર બાદ

**तद्भावेऽपवर्ग इति ।।७४।। (१३२)**
**स आत्यन्तिको दुःखविगम इति ।।७५।। (१३३)**

રાગાદિનો ક્ષય થયે છતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવાથી અપવર્ગસ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને તે મોક્ષ આત્યન્તિક દુઃખના વિગમ સ્વરૂપ અને આ જીવલોકથી અસાધારણ એવા આનંદના અનુભવ સ્વરૂપ છે.

આ રીતે દેશનાની વિધિ જણાવવાનું કામ પૂરું કર્યું. આ દેશના કેવી હોવી જોઈએ અને કેવા મહાત્માએ દેશના આપવી જોઈએ એ જણાવવાનું કામ છેલ્લા બે શ્લોકથી કર્યું છે.

**एवं संवेगकृद्धर्म आख्येयो मुनिना परः ।**
**यथाबोधं हि शुश्रूषोर्भावितेन महात्मना ।।१०।।**

લૌકિકમાર્ગની દેશના અને લોકમાંથી લોકોત્તરમાર્ગમાં જવાની દેશના અત્યાર

સુધી આપણે જોઈ ગયા. હવે એના ઉપસંહારમાં જણાવે છે કે જે મુનિ પોતે ધર્મમાર્ગથી ભાવિત થયા હોય તે મુનિએ દેશના આપવી. આ દેશનામાં પણ જે ધર્મ જણાવવાનો છે તે સંવેગને કરનાર ધર્મ જણાવવાનો છે-એમ અહીં ફરમાવ્યું છે. સંસારની અસારતા સમજવાનું કામ તો હજુ સહેલું છે પરંતુ એ સંસારથી છૂટીને મોક્ષનો અભિલાષ પ્રગટાવવા માટે દેશનાની જરૂર છે. આજે આપણને ધર્મ કેવો ગમે? મોક્ષે પહોંચાડે એવો કે સુખ આપે એવો? સંસારની અસારતા સમજાયા પછી પણ સંસારના સુખ ઉપર નજર ઠરેલી હશે ત્યાં સુધી મોક્ષની અભિલાષા જાગે એ વાતમાં માલ નથી. નિર્વેદમાં તો સંસાર પ્રત્યે નફરત કરવાની વાત છે. એ કામ તો અન્યદર્શનકારો પણ કરે છે. પરંતુ સંવેગમાં તો મોક્ષનો અભિલાષ હોય, તે માટે મોક્ષનું સ્વરૂપ પણ સમજાવવું પડે. એકાન્તે નિત્ય કે અનિત્ય પક્ષમાં મોક્ષનું સ્વરૂપ જ બનાવટી છે. તાત્ત્વિક મોક્ષની અભિલાષા આ જૈનશાસનમાં જ પ્રગટી શકે અને એ અભિલાષા પૂરી પણ આ જ શાસનમાં થવાની છે. આપણને સંવેગકૃદ્ ધર્મ જણાવવાનું કામ મુનિભગવંતો કરે છે. સંવેગ એટલે મોક્ષનો અભિલાષ. આગળ વધીને રાગાદિ દોષથી મુક્ત એવા દેવ પ્રત્યે, સર્વ ગ્રંથથી રહિત એવા સાધુ પ્રત્યે અને હિંસાનો પ્રબંધ જેમાં નાશ પામ્યો હોય તેવા ધર્મ પ્રત્યે નિશ્ચલ અનુરાગ તેનું નામ સંવેગ. દેવગુરુધર્મની આરાધનામાં જે નિશ્ચલ સત્ત્વ છે તેનું નામ સંવેગ. જેની અભિલાષા તીવ્ર હોય તેને ગમે તેટલાં વિઘ્નો આવે તોપણ તે માર્ગમાંથી ચલાયમાન ન થાય આવું સત્ત્વ એ જ સંવેગ છે. આપણને કેવો ધર્મ ગમે? સંવેગને કરનારો કે માત્ર નિર્વેદને કરનારો? વ્યાખ્યાનમાં પ્રભાવના આપે તો ગમે કે નિયમ આપે તો ગમે? પ્રભાવના સંસારમાં કામ લાગે, નિયમો સંસારમાંથી છૂટવા માટે કામ લાગે. ધર્મદેશના સાંભળતી વખતે પૂરી જલદી થાય તો સારું કે લાંબી ચાલે તો સારું? ધર્મક્રિયા પૂરી થાય એમાં આનંદ આવે તે ધર્મ સંવેગકૃદ્ નથી. મૂકવાનું મન ન થાય તે સંવેગકૃદ્ ધર્મ. આ સંવેગકૃદ્ ધર્મ નિવૃત્તિપ્રધાન છે, નિર્વેદકૃદ્ ધર્મ પ્રવૃત્તિપ્રધાન છે. સંસારમાં પાપ ઘણું છે, તેથી થોડુંઘણું પુણ્ય બાંધી લઈએ તો પાપના ફળથી બચી જવાય-આવી ભાવના નિર્વેદથી પ્રગટે એટલે ગૃહસ્થપણામાં ધર્મની પ્રવૃત્તિ શરૂ થાય. જ્યારે સંસારમાં પાપ ઘણું છે તેથી સંસારમાંથી મોક્ષમાં જતા રહેવું છે આવી ભાવના જાગે એટલે સાધુપણું લેવાનું મન થાય. અને સાધુપણાનો ધર્મ નિવૃત્તિપ્રધાન છે. આ રીતે સંવેગને કરનારો ધર્મ મુનિએ કહેવો. આ દેશના પણ પોતાના બોધને અનુસારે આપવી. પોતે જેટલું જાણે, પોતાને જેટલો બોધ હોય એટલું જ જણાવવાનું. એનાથી વધારે ન જણાવવું. જે વિષયનો બોધ ન હોય તેની દેશના આપવાની ચેષ્ટા ન કરવી. કદાચ શ્રોતા પૂછે તોપણ કહી દેવું કે મને આ વિષયનો બોધ નથી, મારા ગુરુમહારાજને પૂછીને જણાવીશ. પણ ગમે તે રીતે જવાબ આપીને છૂટા થવું એવું ન કરવું. આ દેશના

પણ સામાને સાંભળવાની ઈચ્છા હોય તો જ સંભળાવવી. સામાના મોઢા ઉપર જિજ્ઞાસા ન દેખાય, કંટાળો દેખાય તો દેશના ન આપવી. તેમ જ દેશના ભાવિત એવા મુનિએ આપવાની, પંડિતોએ દેશના ન આપવી, ગૃહસ્થોએ દેશના ન આપવી, સાધ્વીઓએ પણ દેશના ન આપવી. કોઈ સાધુનો યોગ ન મળે તો આપણે સાધુની નિશ્રામાં પર્યુષણ કરવા જતા રહેવું, પરંતુ પંડિતોને વ્યાખ્યાન વાંચવા ન બોલાવવા. જે મુનિ સંવેગથી ભાવિત હોય તેણે દેશના આપવી. જે પોતે સંવેગથી ભાવિત ન હોય તે બીજાને સંવેગથી ભાવિત બનાવી ન શકે.

સ. આચાર કરતાં પ્રરૂપણાની શુદ્ધિ પહેલાં જોવાની ને?

અહીં આચારપાલનની વાત નથી. આચારથી ભાવિત થવાની વાત છે. શક્તિ કે સંયોગો ન હોય તો આચાર પાળી ન શકે એવું બને પરંતુ જે સંવેગથી ભાવિત હોય તે આચારથી ભાવિત તો હોય જ ને? એવાને દેશનાનો અધિકાર છે.

સ. ભાવિત અને પરિણતમાં શું ફરક?

ઈચ્છાના કારણે ભાવિત બનાય અને પ્રવૃત્તિ પરિણામ પામે ત્યારે પરિણત બનાય. ઉપવાસના દિવસે પણ ગુલાબજાંબુથી ભાવિત હોઈએ, પરંતુ ખાધા પછી તેનાથી પરિણત બનીએ. ખાવા પહેલાં જે અભિલાષા હોય તેના કારણે ભાવિત અવસ્થા આવે અને ખાધેલું પરિણામ પામે, પચે તેનું નામ પરિણત અવસ્થા. ભાવિત અવસ્થા પ્રવૃત્તિ પહેલાં હોય અને પરિણત અવસ્થા પ્રવૃત્તિ બાદ હોય. શક્તિના અભાવમાં પરિણામ ન હોય એવું બને પરંતુ ભાવના તો હોય ને? કહ્યું છે કે **भावाद् भावप्रसूतिः ।** જે પોતે શાસનથી ભાવિત થયા હોય તે બીજાને પણ ભાવિત બનાવી શકે. શ્રોતાને પોતાનાથી ભાવિત નથી બનાવવા, શાસનથી ભાવિત બનાવવા છે. પોતાના ભક્ત કે શિષ્ય બનાવવા માટે દેશના નથી આપવાની, શ્રોતાને સાધુ બનાવીને મોક્ષે મોકલવા માટે દેશના આપવાની. પોતાનો શિષ્યપરિવાર વધે એ માટે દીક્ષા નથી આપવાની, પેલા મોક્ષે જાય એ માટે દીક્ષા આપવાની છે. આજે સાધુસાધ્વી દીક્ષા આપે છે, તે કયા આશયથી આપે છે? એકથી બે ભલા, બેથી ચાર ભલા માટે કે સામો મોક્ષમાં જાય માટે? શાસ્ત્રમાં કહ્યું છે કે પર્ષદાપૂરણના આશયથી દીક્ષા નથી આપવાની. હવે કોઈ જીવને કર્મના દોષથી દેશના સાંભળવા છતાં બોધ ન થાય તો પછી તે ધર્મદેશનાનું ફળ શું? ... આવી કોઈને આશંકા હોય તો તેના નિરાકરણમાં જણાવે છે:

**अबोधेऽपि फलं प्रोक्तं, श्रोतॄणां मुनिसत्तमैः ।**
**कथकस्य विधानेन, नियमाच्छुद्धचेतसः ।।११।।**

કોઈ વાર શ્રોતા ભારેકર્મિતાના કારણે પ્રતિબોધ ન પામે તોપણ શુદ્ધ ચિત્તથી જેઓ વિધિપૂર્વક દેશના આપવાનું કામ કરે છે તેમને નિયમા ક્લિષ્ટકર્મની નિર્જરા સ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે: આ પ્રમાણે મુનિઓમાં શ્રેષ્ઠ એવા તીર્થંકરપરમાત્માઓએ કહ્યું છે. શ્રોતાને ન સમજાય તોપણ દેશક વાત ન બદલે, માત્ર રીતમાં ફેરફાર કરે. શ્રોતાને સમજાય એવી વાત નથી કહેવાની, ભગવાનની વાત શ્રોતા સમજે એ રીતે કરવાની. આ રીતે એકમાત્ર શ્રોતાની હિતબુદ્ધિથી જેઓ દેશના વિધિપૂર્વક આપે છે તેમની દેશનાથી શ્રોતા બોધ પામે કે ન પામે, વક્તાને તો એકાન્તે નિર્જરા થાય છે. આ રીતે વિધિપૂર્વકની દેશના સફળ છે એ જણાવ્યા બાદ આમાં જ પ્રયત્ન કરવો જોઈએ તે માટે જણાવે છે:

**नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित्।**
**यादृशी दुःखविच्छेदाद्देहिनां धर्मदेशना।।१२।।**

આ રીતે ભગવાનની આજ્ઞા મુજબ દેશના આપવી એના જેવો આ જગતમાં બીજો એકે ઉપકાર નથી. કારણ કે આ દેશનાથી શરીરસંબંધી કે મનસંબંધી બધાં જ દુ:ખોનો નાશ થાય છે. આ જગતમાં સામાન્યથી માતાપિતા ઉપકારી ગણાય છે પરંતુ દેશનાથી જે ઉપકાર થાય છે તે આ માતાપિતાના ઉપકાર કરતાં પણ ચઢિયાતો છે. કારણ કે માતાપિતા આ લોકમાં ઉપકારી હોવા છતાં તેમ જ શરીરની ચિંતા કરનાર હોવા છતાં જન્માદિનાં દુ:ખોથી બચાવવા માટે સમર્થ નથી. જ્યારે આ દેશના જ આત્માની ચિંતા કરીને આત્માને જન્મમરણનાં દુ:ખોથી બચાવવા સમર્થ છે. આ દેશનાના કારણે જે માર્ગ પ્રત્યે શ્રદ્ધા જાગે તેના કારણે સમસ્ત ક્લેશના કલંકથી રહિત એવા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**अथ तृतीयोऽध्यायः।**
**सद्धर्मश्रवणादेवं, नरो विगतकल्मषः।**
**ज्ञाततत्त्वो महासत्त्वः, परं संवेगमागतः।।१३।।**
**धर्मोपादेयतां ज्ञात्वा, सञ्जातेच्छोऽत्र भावतः।**
**दृढं स्वशक्तिमालोच्य, ग्रहणे सम्प्रवर्त्तते।।१४।।**
**योग्यो ह्येवंविधः प्रोक्तो, जिनैः परहितोद्यतैः।**
**फलसाधनभावेन, नातोऽन्यः परमार्थतः।।१५।।**

બીજા અધ્યાયમાં આપણે ધર્મદેશનાનો વિધિ જોઈ ગયા. આ પ્રમાણે સદ્ધર્મનું શ્રવણ જેમણે કર્યું હોય તેમનાં કર્મોની નિર્જરા થયા વિના ન રહે. દેશના સાંભળ્યા પછી કદાચ આરાધના કરવા માટે સમર્થ ન બની શકાય તોપણ વિરાધનામાં તો કોઈ પણ રીતે

વ્યાપૃત નથી થવું: આટલું તો બને ને? અહીં જણાવે છે કે સદ્ધર્મના શ્રવણથી પાપની નિર્જરા થાય છે. માત્ર ધર્મશ્રવણથી કર્મનિર્જરા થાય છે-એવું ન જણાવતાં સદ્ધર્મશ્રવણની વાત કરી છે એના ઉપરથી પણ સમજાય છે કે આપણે માત્ર ધર્મશ્રવણ માટે દોડાદોડ નથી કરવી. સદ્ધર્મના જ શ્રવણ માટે પ્રયત્ન કરવો છે. સુખ આપે તે ધર્મ અને સુખ છોડાવીને મોક્ષ આપે તે સદ્ધર્મ.

સ. સદ્ધર્મ પણ સુખ આપીને છોડાવશે ને?

સદ્ધર્મ તો, જે હશે તે પણ સુખ છોડાવશે અને જે નહિ હોય તેની અપેક્ષા મુકાવશે. તમને સુખ જોઈતું હશે ત્યાં સુધી તમારો ધર્મ સદ્ધર્મ બનશે જ નહિ. સદ્ધર્મના કારણે જ પાપનો નાશ થાય છે, માત્ર ધર્મશ્રવણથી નહિ: આ વાત ત્રીજા અધ્યાયની શરૂઆતમાં જણાવી છે. 'આપણે તો માથું ઠેકાણે રાખીને બધે જઈએ'... આવું કહે તેના પાપની નિર્જરા ન થાય. જ્યાં સદ્ધર્મ સાંભળવા મળે ત્યાં જઈએ તો જ આપણું માથું ઠેકાણે આવશે. શ્રાવક ઔચિત્ય કોઈનું ન ચૂકે, કામકાજ બધાનું કરે, પરંતુ જિનવાણી શ્રવણ કરવા માટે ત્યાં જ જાય કે જ્યાં સદ્ધર્મ સાંભળવા મળે. સદ્ધર્મના શ્રવણથી જ્ઞાનાવરણીય, મોહનીયાદિ કર્મનો ક્ષયોપશમ પેદા થાય છે. સદ્ધર્મ સાંભળવા છતાં પ્રવૃત્તિ ન સુધરે તોપણ તેનો આવેગ ઓછો થઈ જાય. પહેલાં થોડી કમાણી થાય તોપણ હર્ષ થતો હતો. હવે સદ્ધર્મના શ્રવણથી ઘણી કમાણી થવા છતાં પહેલા જેવો ઉલ્લાસ જાગતો નથી. જેનાં કર્મોનો વિગમ થયો હોય તે તત્ત્વનો જાણકાર બને છે. જેને સાચા ખોટાનું જ્ઞાન થાય તેણે સત્ત્વ ફોરવવું જ પડશે. આથી જ્ઞાતતત્ત્વ પછી મહાસત્ત્વ પદ આપ્યું છે. જ્યાં સુધી સાચું ન સમજાય ત્યાં સુધી બધે ફરીએ, પરંતુ એક વાર સાચું સમજાઈ જાય પછી ખોટું છોડવા માટે સત્ત્વ ફોરવવું જ પડશે. આથી જ પૂ. યશોવિજયજી મહારાજે પણ સ્તવનમાં જણાવ્યું છે કે 'કોડી કપટ કરી જો કોઈ દાખવે તોહી પ્રભુ વિણ નહિ રાચું રે'. આ રીતે મહાસત્ત્વશાળી બનેલો આત્મા શ્રેષ્ઠ એવા સંવેગને પામે છે. જે સુખના અભિલાષી હોય તે સત્ત્વશાળી નથી, જે મોક્ષના અભિલાષી હોય તે જ સત્ત્વશાળી છે. સુખના અભિલાષી ધર્મનું શ્રવણ કરે. જ્યારે મોક્ષના અભિલાષી સદ્ધર્મનું શ્રવણ કરે. જ્યાં સુખની અભિલાષા પુષ્ટ થાય તે સદ્ધર્મશ્રવણ ન હોય. આ રીતે સદ્ધર્મશ્રવણનાં ચાર ફળ છે: પાપકર્મની નિર્જરા, તત્ત્વનું જ્ઞાન, સત્ત્વ અને મોક્ષની અભિલાષાની તીવ્રતા.

ત્યાર બાદ જણાવે છે કે સદ્ધર્મના શ્રવણથી સુખની ઉપાદેયતા નથી જણાતી, ધર્મની જ ઉપાદેયતા જણાય છે. જેને ધર્મની ઉપાદેયતા જણાય તેને ધર્મ પામવાની

ઈચ્છા થયા વિના ન રહે. સામાન્યથી એવો નિયમ છે કે જાણવાના કારણે ઈચ્છા થાય અને ઈચ્છાના કારણે પ્રવૃત્તિ થાય છે. તેમ અહીં પણ ધર્મના જ્ઞાનથી ધર્મ ગ્રહણ કરવાની ઈચ્છા જાગે છે. આ ઈચ્છા થયા પછી માત્ર આંધળિયાં નથી કરવાં, પોતાની શક્તિનું દઢતાપૂર્વક આલોચન કરવું. બાર વ્રત લેતી વખતે સાધુ થવાની શક્તિ છે કે નહિ એ સૌથી પહેલાં વિચારવું. જો મહાવ્રત લેવાનું સામર્થ્ય હોય તો બાર વ્રતમાં સંતોષ શા માટે માનવો? આથી જ દેશકે પણ સૌથી પહેલાં વિરતિધર્મનું માહાત્મ્ય સમજાવવું. જે સાધુપણું લેવા સમર્થ નથી તેને બાર વ્રત ઉચ્ચરાવવાં. જેને સાધુપણું લેવું ન હોય તેને વ્રત ન ઉચ્ચરાવાય. અધિકની શક્તિ હોવા છતાં અલ્પ વ્રત નથી લેવું અને અલ્પ શક્તિ હોય તો અધિક પણ વ્રત ન લેવું. આજે આપણે સાધુ થવાની શક્તિ નથી એવું ક્યા મોઢે કહી શકીએ? સાધુપણામાં એવું કયું દુઃખ છે કે જે ગૃહસ્થપણામાં ભોગવતા ન હોઈએ? જે આવા પ્રકારની યોગ્યતા લઈને ધર્મને ગ્રહણ કરવા આવ્યો હોય તેને જ વ્રત આપવું. જેનામાં યોગ્યતા ન હોય તેવાને વ્રત ન અપાય. કારણ કે અયોગ્યને આપવાથી આપનારને પણ નુકસાન થાય છે. જે અયોગ્યને આપે તેને પોતાને ધર્મની કિંમત સમજાઈ નથી-એવું માનવું પડે.નાના છોકરાના હાથમાં સોની નોટ આપે તો નુકસાન કોને થાય? આપનારને જ ને? લેનાર તો અજ્ઞાન છે. આપનાર જ્ઞાની હોવા છતાં અયોગ્યને આપવાના કારણે કીમતી વસ્તુની લઘુતા કરનાર બને છે આથી તેને દોષ વધારે લાગે છે. યોગ્ય કોને કહેવાય તેને માટે અહીં જણાવ્યું કે જે પાપરહિત બન્યો હોય, તત્ત્વનો જ્ઞાતા હોય, સત્ત્વશાળી હોય, મોક્ષનો અભિલાષી હોય, ધર્મને ઉપાદેય માનનારો હોય, ભાવથી ધર્મ ગ્રહણ કરવાની ઈચ્છા જેને પ્રગટી હોય અને જે પોતાની શક્તિનો વિચાર કરીને વ્રત ગ્રહણ કરવા માટે આવ્યો હોય એવો જીવ ફળને સાધવા માટે સમર્થ હોવાથી તેને પરહિતમાં ઉદ્યત એવા જિનેશ્વરભગવંતોએ પરમાર્થથી યોગ્ય કહ્યો છે, બીજાને નહિ. જે યોગ્ય જીવ હોય તે જો બાર વ્રત ગ્રહણ કરે તો સાધુપણા સુધી પહોંચી શકે છે માટે યોગ્યતાને જોઈને વ્રત આપવા.

**इति सद्धर्मग्रहणार्ह उक्तः, साम्प्रतं तत्प्रदानविधिमनुवर्णयिष्याम इति ।।१।। (१३४)**

સદ્ધર્મને ગ્રહણ કરવા માટે યોગ્ય કોણ છે તે જણાવ્યા બાદ હવે સદ્ધર્મને આપવાનો વિધિ જણાવે છે. ધર્મની પ્રરૂપણામાં વિધિનું નિરૂપણ કરવાનું હોય, અપવાદનું નહિ. કેવી અવિધિ ચલાવવી એવી વાત અહીં નથી કરી, કેવી વિધિ આચરવી એ અહીં જણાવ્યું છે. આજે આપણે ધર્મ ગ્રહણ કરવા તૈયાર થઈએ ત્યારે તરત વિકલ્પ શોધીએ ને? અહીં ગ્રંથકારશ્રીએ વિધિમાં વિકલ્પ બતાવ્યા નથી, વિધિ જણાવ્યો છે. પૂ. હરિભદ્રસૂરિમહારાજનો ગ્રંથ હોય એટલે તેઓશ્રી વિધિની વાત કર્યા વિના ન રહે.

અમારા જેવા હોય તે વિધિની ઉપેક્ષા કરી શકે, આ મહાપુરુષો વિધિની ઉપેક્ષા ન કરી શકે. આજે અમારો પ્રયત્ન લગભગ એવો છે કે ગમે તે રીતે ધર્મ થવો જોઈએ, લોકો ધર્મ વગરના રહી જવા ન જોઈએ. જ્યારે આ મહાપુરુષોનો પ્રયત્ન ધર્મ કરાવવાનો નથી, ભગવાનની આજ્ઞા મનાવવાનો છે. ધર્મ નહિ થશે તો ચાલશે પણ ભગવાનની આજ્ઞા, વિધિ વગરનો ધર્મ નહિ ચાલેઃ એ વસ્તુ આ મહાપુરુષો સમજાવે છે. આપણે ધર્મ વગરના રહી ન જઈએ તેના કરતાં આજ્ઞા પાળ્યા વગરના રહી ન જઈએ તેના માટે મહાપુરુષોનો પ્રયત્ન હોય છે. અહીં શિષ્યને શંકા થાય છે કે ધર્મ તો પોતાના ચિત્તની પરિશુદ્ધિસ્વરૂપ છે તો તેનું ગ્રહણ કઈ રીતે સંભવે? આવી શંકાના નિરાકરણમાં ધર્મગ્રહણની પણ ભાવ પ્રત્યે સફળતા છે તે જણાવે છે.

**धर्मग्रहणं हि सत्प्रतिपत्तिमद्विमलभावकारणमिति ।।२।। (१३५)**

આ રીતે વિધિપૂર્વક સદ્ધર્મનું ગ્રહણ કર્યું હોય તો તે સમ્યક્ પ્રતિપત્તિ હોવાના કારણે તેનાથી નિર્મળ ભાવ પ્રગટે છે. સદ્ધર્મની સમ્યક્ પ્રતિપત્તિ જ વિમલ ભાવનું કારણ છે. જે વિધિ મુજબની ક્રિયા કરે તેના ભાવ નિર્મળ થાય જ. આજે મોટા ભાગના ધર્માત્માની આ સાધારણ ફરિયાદ છે કે ધર્મ કરવા છતાં ભાવ નથી આવતો! અમારાં સાધુસાધ્વીની પણ આ ફરિયાદ છે કે દીક્ષા લેતી વખતે જે ઉલ્લાસ હતો તે અત્યારે નથી. આનું કારણ શું? દીક્ષા પાળી નથી એ જ ને? દીક્ષા લેવા માટે લીધી છે, પાળવા માટે નથી લીધી માટે ભાવ નથી આવતો. જેણે દીક્ષા પાળી હોય તેને વિમલભાવ પ્રગટ્યા વિના ન રહે. જેને વિમલ ભાવ આવ્યો ન હોય તેણે દીક્ષા પાળી નથી એમ માની લેવું. એ જ રીતે તમારે પણ ધર્મ કરવો છે કે ધર્મ પામવો છે? ધર્મ કરવો છે પણ ધર્મ પામવો નથી માટે તમને ભાવ નથી આવતો. જો ભાવ લાવવો હોય તો વિધિનો આદર કરવો જ પડશે. સત્પ્રતિપત્તિ એટલે આદરપૂર્વકનો સ્વીકાર. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ સાચવ્યો હોય તો નિર્મળતા આવે જ. તમને તમારા વ્યવહારમાં પણ આ અનુભવ છે ને? દ્રવ્ય ઊંચું હોય તો ભાવ સારો આવે ને? ક્ષેત્ર પણ ચોખ્ખું, સુગંધી પવિત્ર હોય તો ઉલ્લાસ આવે ને? કાળ પણ ભાવનું કારણ છે ને? સાંજની વાનગી સવારે બનાવે તો ખાવાનો ભાવ આવે ખરો? તેમ અહીં પણ ઉત્તમ દ્રવ્ય, શુદ્ધ ક્ષેત્ર અને વિહિત કાળ સાચવીએ તો ભાવ નિર્મળ બન્યા વગર ન રહે. જેઓને વિમલ ભાવ આવ્યો ન હોય તેમણે સત્પ્રતિપત્તિ કરી નથી, આદરપૂર્વક ગ્રહણ નથી કર્યું. કોઈ વ્યક્તિ આપણને વસ્તુ આપે અને આપણે તેના હાથમાંથી જોરથી લઈએ અથવા તો તેના હાથમાંથી ન લઈએ અને નીચે મૂકવાનું કહીએ એ વસ્તુનો જ અનાદર નથી, સાથે આપનાર વ્યક્તિનો પણ અનાદર છે. આવા અનાદરપૂર્વક ગ્રહણ કરેલું હોય તે

સત્પ્રતિપત્તિમાં ન આવે. અને આવી પ્રતિપત્તિ આપણા અને બીજાના સંક્લેશનું કારણ બને. તેમ અહીં પણ ધર્મની સત્પ્રતિપત્તિ ન કરી હોય અને અનાદરપૂર્વક પ્રતિપત્તિ કરી હોય તો તે વિમલ ભાવનું કારણ ન બને. હવે આ સત્પ્રતિપત્તિ કેવી રીતે મળે તે જણાવે છે:

**तच्च प्रायो जिनवचनतो विधिनेति ।।३।। (१३६)**

આવા પ્રકારના આદરપૂર્વકનું ધર્મગ્રહણ પ્રાય: કરીને જિનવચનના કારણે વિધિથી થાય છે. અહીં મરુદેવા માતા વગેરેને બાદ કરવા માટે પ્રાય: પદ છે. ભગવાનના વચનને વિધિપૂર્વક આરાધીએ તો આ સત્પ્રતિપત્તિ થઈ શકે છે. 'અહીં જિનવચનથી સત્પ્રતિપત્તિ થાય છે એવું જણાવ્યા બાદ વિધિપૂર્વક જણાવવાની જરૂર નથી, કારણ કે ભગવાનનું વચન હોય ત્યાં વિધિ હોય જ' આવી શંકા ન કરવી કારણ કે આજે આપણે ભગવાનના વચન પ્રમાણેનું અનુષ્ઠાન કરવા છતાં વિધિ મુજબ નથી કરતાં, આપણી ઈચ્છા મુજબ કરીએ છીએ. આ રીતે ભગવાનના વચનને અને વિધિને જુદા પાડવાનું કામ પોતાની ઈચ્છાના કારણે જેઓ કરતા હોય તેમને સત્પ્રતિપત્તિ હોતી નથી-એ જણાવવા વિધિ અને વચન બંન્નેનું ગ્રહણ કર્યું છે. આપણે ભગવાનની આજ્ઞા છે માટે જ પૂજા કરીએ છીએ પણ ઉત્તમ દ્રવ્ય કે સ્વદ્રવ્યથી ન કરીએ, ત્રિકાળના બદલે એક જ કાળ કરીએ, મધ્યાહ્નના બદલે સવારના કરીએ, ચારિત્રપ્રાપ્તિના ભાવને બદલે સુખપ્રાપ્તિના ભાવથી કરીએ તો તે અવિધિપૂર્વકની પૂજા છે. આ રીતે વિધિનો આદર ન કરનારનું ધર્મગ્રહણ સમ્યક્ ગણાતું નથી. આ રીતે વિધિપૂર્વકનું વચનપાલન સફળ છે તે જણાવે છે:

**इति प्रदानफलवत्तेति ।।४।। (१३७)**

આ પ્રમાણે જેઓ જિનવચનના અનુસારે વિધિપૂર્વક સદ્ધર્મનો સ્વીકાર કરે છે તેને વિમલભાવની વિશુદ્ધિ થતી હોવાથી તેવા યોગ્ય જીવને ગુરુએ કરેલું ધર્મનું પ્રદાન સફળ બને છે. એટલે કે આ રીતે જ ગુરુને શિષ્ય ઉપર ઉપકાર-અનુગ્રહ કરવા સ્વરૂપ ફળ પ્રાપ્ત થાય છે. અન્યથા, જેમ ઉખર ભૂમિમાં વાવેલું બીજ નિષ્ફળ જાય છે તેમ અયોગ્ય જીવને કરેલ ધર્મપ્રદાન નિષ્ફળ જાય છે. યોગ્ય જીવ પણ વિધિનો આદર કરે તો જ ફળ પામે છે. અવિધિથી કરેલાં અનુષ્ઠાનો ફળ આપવા માટે સમર્થ નથી, વિધિનું પાલન કર્યું હોય તેને જ ફળ મળે, એ જણાવવાનું તાત્પર્ય છે.

અત્યાર સુધીમાં સામાન્યથી ધર્મ ગ્રહણ કરવો જોઈએ એ જણાવ્યું. સંપૂર્ણ ધર્મ સાધુપણામાં છે. પરંતુ જે સત્ત્વશાળી જીવો હોય તેઓ જ અભ્યાસ વિના પણ યતિધર્મને સ્વીકારવા માટે સમર્થ બને છે. બાકી સર્વસામાન્ય જીવો તો શ્રાવકધર્મનો અભ્યાસ કર્યા

બાદ જ યતિધર્મ માટે યોગ્ય બને છે તેથી અહીં યતિધર્મનું નિરૂપણ ન કરતાં ગૃહસ્થધર્મનું નિરૂપણ કરવાનું કામ શરૂ કર્યું છે.

**सति सम्यग्दर्शने न्याय्यमणुव्रतादीनां ग्रहणं नान्यथेति ।।५।। (१३८)**

ગૃહસ્થપણાનો ધર્મ અણુવ્રતાદિ સ્વરૂપ છે. છતાં અહીં સૌથી પહેલાં સમ્યગ્દર્શનની પ્રરૂપણા કરી છે. કારણ કે સમ્યગ્દર્શન હોતે છતે અણુવ્રતાદિનું ગ્રહણ ન્યાયસંગત છે અર્થાદ્ સમ્યક્ત્વના કારણે જ અણુવ્રત કે મહાવ્રત ફળદાયી બને છે. જે બીજ ફળ આપવા માટે સમર્થ હોય તે બીજ ન્યાય્ય કોટિનું ગણાય. જે ભૂમિ ફળદ્રૂપ હોય તેમાં વાવેલું બીજ ફળને આપે છે. તેમ અણુવ્રતાદિ કે મહાવ્રતાદિ પોતાના ફળને આપવા સમર્થ ત્યારે જ બને કે જ્યારે સમ્યગ્દર્શનની ભૂમિકા શુદ્ધ હોય. જેમ ઊખરભૂમિમાં વાવેલાં બીજ ધાન્યમાં ન પરિણમે, તેમ મિથ્યાત્વથી વાસિત એવો જીવ ગમે તેટલો ધર્મ કરે તોપણ તેને કોઈ જાતનું ફળ મળતું નથી. જેમ પ્રલયકાળના અગ્નિથી સર્વ વૃક્ષો બળી જાય છે તેમ ગમે તેટલું શુદ્ધ સંયમ કે નિયમનું પાલન કરીએ તોપણ તે મિથ્યાત્વરૂપી અગ્નિથી બળી જાય છે. આજે આપણને સમ્યગ્દર્શનની જરૂર છે તે શેના માટે છે? આ સંસારમાં રહીને ગમે તેટલું પાપ કરીએ તોપણ તે નડે નહિ અને દુર્ગતિમાં જવું ન પડે એટલા માટે જ સમ્યગ્દર્શનની જરૂર છે ને? શાસ્ત્રકારો કહે છે કે અણુવ્રત કે મહાવ્રત ફળદાયી બને તે માટે સમ્યગ્દર્શનની જરૂર છે. અણુવ્રતનું ફળ સર્વવિરતિની પ્રાપ્તિ છે અને મહાવ્રતોનું ફળ કેવળજ્ઞાન છે. અહીં સુધી પહોંચવા માટે જ સમ્યગ્દર્શનની જરૂર છે. કર્મોની નિર્જરા ચારિત્રથી થવાની છે. એ ચારિત્રની પ્રાપ્તિ સમ્યક્ત્વ વિના થતી નથી. કેવળજ્ઞાન ન અપાવે અને સંસારનાં તુચ્છ સુખો અપાવે એવું ચારિત્ર કે એવો ગૃહસ્થધર્મ તો સમ્યક્ત્વ વિનાનો પણ હોઈ શકે છે. સમ્યક્ત્વ વિનાના અણુવ્રતથી સર્વવિરતિ ન મળે અને સમ્યક્ત્વ વિનાના ચારિત્રથી કેવળજ્ઞાન ન મળે. સમ્યગ્દર્શનની જરૂર અવિરતિના પાપને ટાળવા માટે છે. ભૂમિની વિશેષતા બીજને ફળદાયી બનાવવામાં સમાયેલી છે. કરેલાં પાપ માફ થાય તે માટે સમ્યગ્દર્શનની જરૂર નથી, સર્વથા પાપરહિત બનવાનું સામર્થ્ય આવે તે માટે સમ્યક્ત્વની જરૂર છે. આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે જણાવે છે:

**जिनवचनश्रवणादेः कर्मक्षयोपशमादितः सम्यग्दर्शनमिति ।।६।। (१३९)**

જિનવચનના શ્રવણાદિથી કર્મનો ક્ષયોપશમ આદિ થવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે જિનવચનનું શ્રવણ એ મુખ્ય કારણ છે. અહીં માત્ર વ્યાખ્યાનશ્રવણ ન લખતાં જિનવચનશ્રવણ લખ્યું છે. કારણ કે વ્યાખ્યાન તો રજનીશનું

પણ હોય, બ્રહ્માકુમારીનું પણ હોય, શ્રીમદ્રાજચંદ્રનું પણ હોય, દાદા ભગવાનનું પણ હોય. જ્યારે જિનવચનનું શ્રવણ તો સુસાધુ ભગવંત જ કરાવે. આપણે માત્ર પ્રવચન નથી સાંભળવું, જિનવાણી સાંભળવી છે. જિનવાણીનું શ્રવણ સમ્યક્ત્વ પામવા માટે કરવાનું છે, આજે ઘણા લોકો મહારાજ સારું બોલે છે માટે વ્યાખ્યાનમાં આવે, ઘણા લોકો એક સામાયિક થઈ જાય માટે આવે, ઘણા લોકો સંઘમાં મહારાજને લાવ્યા છીએ, ન જઈએ તો ખરાબ લાગે, આવતા વરસે આરાધના માટે કોઈ સાધુ નહિ આવે-એમ સમજીને આવે: આ સમ્યગ્દર્શન પામવાનો ઉપાય નથી. જિનવચન પર શ્રદ્ધા કેળવવા જિનવાણીનું શ્રવણ કરવું એ જ સમ્યગ્દર્શન પામવાનો ઉપાય છે. એ જ રીતે ઘણી વાર તથાભવ્યત્વનો પરિપાક થવાના કારણે પણ કર્મનો ક્ષયોપશમ થવાથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. આપણા તથાભવ્યત્વનો પરિપાક તો થઈ ગયો છે ને? આજે આપણને દીક્ષા મળી શકે એવી સામગ્રી મળી છે ને? આપણું શરીર દીક્ષા માટે યોગ્ય છે કે પાંચે ઈન્દ્રિયોના વિષયો ભોગવવા માટે યોગ્ય છે? આપણા તથાભવ્યત્વનો પરિપાક તો થઈ ગયો છે, હવે માત્ર કામે લાગવાની જરૂર છે. તે માટે જિનવાણીનું શ્રવણ કરવું છે. જિનવાણી કોને કહેવાય તેની અહીં વ્યાખ્યા નથી કરી. કારણ કે જિનવાણીનું સ્વરૂપ પ્રતીત-પ્રસિદ્ધ છે. ગ્રંથકારશ્રીએ પ્રસિદ્ધ કહ્યું છે, તે આપણને પ્રતીત છે ને? આખી દુનિયા જે કહે તેનાથી જુદું કહે એવું જિનવચન હોય. આખી દુનિયા સંસારમાં સુખી થવાની, સુખ મેળવવાની વાત કરે, જ્યારે ભગવાન એ સુખને છોડવાનું કહે. સંસારને અસાર કહેવાનું કામ તો દુઃખના કારણે આખી દુનિયા કરે છે. જ્યારે પુણ્યથી મળેલા સુખમય સંસારને અસાર કહેવાનું કામ માત્ર જિનેશ્વરભગવંતોએ કર્યું છે. માત્ર સંસાર પ્રત્યે નફરત પેદા કરવાની વાત ભગવાન ન કરે, પુણ્યથી મળેલા સંસાર ઉપર નફરત પેદા કરાવવાનું કામ ભગવાને કર્યું છે. આપણે જે સમજવાનું બાકી છે એ સમજાવવા માટે જ્ઞાનીની જરૂર છે. દુઃખને અસાર તો આપણે માનીએ જ છીએ, આથી સુખની અસારતા સમજાવવાનું કામ ભગવાન કરે છે. પુણ્યથી મળેલા સંસાર ઉપર નફરત ન થઈ માટે જ પાપથી ભેગો થયેલો સંસાર આપણા કપાળે ચોંટ્યો છે: આવું સમજાવવાનું કામ જિનવાણી કરે છે. આ જિનવાણીનું શ્રવણ કરવાના કારણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મિથ્યાત્વમોહનીય, વીર્યાન્તરાય આદિ કર્મોનો ક્ષયોપશમ થવાથી તત્ત્વાર્થશ્રદ્ધાન સ્વરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ઘાતિકર્મના ક્ષયોપશમની જરૂર છે, અઘાતિકર્મો આત્માના જ્ઞાનાદિ ગુણોને રોકતાં નથી. આ સમ્યગ્દર્શનથી તત્ત્વ પ્રત્યે શ્રદ્ધા થાય છે, મિથ્યાત્વના કારણે થનાર વિપર્યયની વ્યાવૃત્તિ થાય છે, અસદ્ અભિનિવેશ અર્થાદ્ કદાગ્રહનો નાશ થાય છે, વસ્તુના શુદ્ધ સ્વરૂપની

પ્રજ્ઞાપનાને અનુસારનારું એવું આ સમ્યગ્દર્શન છે તેમ જ તેના કારણ તીવ્રસંક્લેશનો નાશ થાય છે અને ઉત્કૃષ્ટ કર્મબંધ ક્યારે પણ થતો નથી-આવા શુભ પરિણામસ્વરૂપ સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન મિથ્યાત્વમોહનીય તથા અનંતાનુબંધી ચાર કર્મના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમથી ક્રમસર ક્ષાયિક ભાવનું, ઔપશમિક ભાવનું અને ક્ષયોપશમ ભાવનું છે. આ સમ્યગ્દર્શનનાં લક્ષણો જણાવે છે:

**प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं तदिति ।।७।। (१४०)**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિનાનો બધો જ ધર્મ નકામો જાય છે, સંસારથી તારવા માટે સમર્થ બનતો નથી. આથી આ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે સમ્યક્ત્વનાં પાંચ લક્ષણો અહીં જણાવ્યાં છે. પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને અસ્તિક્ય આ પાંચ લક્ષણો સમ્યક્ત્વનાં છે. તેમાં પ્રાપ્તિની અપેક્ષાએ ક્રમ ઊંધો છે. પહેલાં આસ્તિક્ય આવે, પછી અનુકંપા આવે, પછી નિર્વેદ, ત્યાર બાદ સંવેગ અને અંતે પ્રશમ આવે છે છતાં અહીં પ્રશમ એ સૌથી પ્રધાન ગુણ છે માટે પ્રશમ પહેલો જણાવ્યો છે. 'પ્રશમ'ની વ્યાખ્યા કરતાં જણાવે છે કે સ્વભાવથી જ કષાયોનો નિરોધ કરવો અથવા ક્રોધાદિ ક્રૂર કષાયરૂપી વિષના વિકારના કડવા ફળનું અવલોકન કરવાના કારણે કષાયનો નિરોધ કરવો તેનું નામ પ્રશમ. આજે તમારા ઘરના લોકો ગમે તે રીતે વર્ત્તે છતાં તમે સ્વભાવથી જ કષાયનો નિરોધ કરો ને? ધંધામાં ઘરાક ગમે તેમ બોલે છતાં ય સ્વભાવથી કષાયનો નિરોધ કરો ને? અને એ સિવાયના લોકો કે જે આપણને અનુકૂળતા નથી આપતા, તેમની પ્રત્યે કષાય આવે ત્યારે પ્રયત્નપૂર્વક નિરોધ કરવો પડે ને? એ જ રીતે અહીં પણ સ્વભાવથી કષાયનો નિરોધ કરવો છે અને એ ન બને તોપણ ક્રોધાદિ કષાયના વિપાકનું ચિંતન કરીને કષાયનો નિરોધ કરવો છે. 'કષાય કરીશ તો સંસારમાં ભટકવું પડશે' આવા વિપાકનું ચિંતન કરવું છે, 'કષાયના કારણે દુ:ખ આવશે કે સુખ નહિ મળે' આવું ચિંતન નથી કરવું. કારણ કે સંસારનાં સુખો ભોગવવા કે દુ:ખ ટાળવા માટે કષાયનો અને વિષયનો નિરોધ કરનારા, વિષયકષાયને કાબૂમાં રાખનારા તો જોઈએ એટલા લોકો છે આ સમ્યક્ત્વનું લક્ષણ નથી. વિષય-કષાય કરવાના કારણે આ સંસારમાં રખડવું પડે છે માટે કષાયનો નિરોધ કરવો એ સમ્યક્ત્વનું લક્ષણ છે. બાકી આપણે તો રોગ આવ્યા પછી પણ વિષયકષાયને કાબૂમાં રાખીએ ને? સંસારમાં સારી રીતે રહેવા માટે જે વિષયકષાયનો પ્રશમ કરીએ તે બનાવટી પ્રશમ છે. સાધુસાધ્વી પણ ગુરુભગવંતના ભયથી, લોકોના ભયથી વિષયકષાયને કાબૂમાં રાખે તે સાધુપણું નથી. 'વિષયકષાયને આધીન થઈશ તો મારો સંસાર વધશે' એવા ભયથી વિષયકષાયની પરિણતિથી દૂર રહે તેણે સાધુપણાનો આસ્વાદ ચાખ્યો છે એમ સમજવું. ગુસ્સો કરીશું તો સામાને સંક્લેશ

થાય, આપણને સંક્લેશ થાય, વૈરની પરંપરા સર્જાય ઈત્યાદિ બોલવાના બદલે એક જ વસ્તુ વિચારવી છે કે વિષયકષાય કરવાના કારણે સંસારમાં ભટકવું પડે છે. દુઃખ એ કષાયનું ફળ નથી. દુઃખ જેના કારણે આવે એવો સંસાર એ કષાયનું ફળ છે. વિષયકષાય કરવાથી શરીર બગડશે એ ભાવથી વિષયકષાયનો ત્યાગ નથી કરવો, વિષયકષાયના કારણે સંસાર વધે છે માટે તેનો ત્યાગ કરવો છે. શ્રી મહાવીરપરમાત્માએ પણ મરીચિના ભવમાં શિષ્યના લોભના કારણે ઉત્સૂત્રભાષણ કર્યું તો તેના ફળરૂપે ઘણા સંસારનું ઉપાર્જન કર્યું એ પ્રમાણે જ કલ્પસૂત્રમાં જણાવ્યું છે. 'કાળ બહુ ભમ્યો સંસાર' એ પ્રમાણે સ્તવનોમાં પણ જણાવ્યું છે. ભગવાનની આજ્ઞા ન માનીએ તો આ સંસારમાં ભટકવું પડે છે-આ જ કડવો વિપાક છે. ખોટા આશયથી વિષયકષાયને કાબૂમાં રાખવાના સંસ્કાર તો અનાદિકાળના છે. તેથી હવે આશય બદલવો છે.

સ. પેલા સંસ્કાર કામ લાગે ને?

સંસ્કાર કામ લાગતા હોય તો છોડ્યા શા માટે? નાના હતા ત્યારે બધું દુઃખ ભોગવી લેતા હતા હવે દુઃખને ધક્કો મારતા થયા ને? નાના હતા ત્યારે મા મારતી હતી તોપણ માના ખોળામાં જઈને બેસતા હતા. આજે માને સામે બોલતા થયા ને? જો સંસ્કાર કામ લાગે છે એવું માનતા હો તો સંસ્કાર ટકાવી રાખવા હતા. અભ્યાસ કામ લાગે, પણ ટકાવીએ તો! આજે નિયમ આપી દઉં કે અત્યાર સુધી જે વસ્તુ ભોગવી છે તેનાથી અધિક નવી વસ્તુ હવે ભોગવવી નથી. જેના વિના અત્યાર સુધી ચાલ્યું છે તેના વિના બાકીની જિંદગી મજેથી પસાર થાય ને? વિષયકષાયના નિરોધનો અભ્યાસ ટકાવવો છે, પરંતુ તે કામ ત્યારે જ લાગશે કે જ્યારે આશય બદલાશે.

સમ્યક્ત્વનું બીજું લક્ષણ જણાવ્યું છે કે સંવેગભાવ કેળવવો. નિર્વાણનો અભિલાષ એનું નામ સંવેગ. માત્ર ઈચ્છા એ સંવેગ નથી, અભિલાષા એ સંવેગ છે. ન મળે તો છોડી દઈએ તેનું નામ ઈચ્છા અને ન મળે તોપણ મનમાંથી જાય નહિ તેનું નામ અભિલાષા. મોક્ષ મળતો ન હોય તોપણ મોક્ષનો અભિલાષ મરતો નથીઃ એનું નામ સંવેગ. ભૂખ્યા અને થાકી ગયેલા બ્રાહ્મણને ઘેબરનો અભિલાષ જેવો હોય તેવો નિર્વાણનો અભિલાષ સમકિતીને હોય. ત્યાર બાદ ત્રીજું લિંગ નિર્વેદ છે. નિર્વેદ એટલે સંસારથી ઉદ્વેગ આવવો, સંસારમાં જે ઉદ્વેગ આવે તે નિર્વેદ નથી. સંસારનો કંટાળો એ નિર્વેદ છે, સંસારમાં જે કંટાળો આવે છે તે નહિ. સમકિતીને સંસારમાં દુઃખ ન લાગે, સંસાર જ દુઃખરૂપ લાગે. સંસારમાં દુઃખ છે એ મિથ્યાત્વીની માન્યતા છે, સંસાર જ દુઃખરૂપ છે એ સમકિતીની માન્યતા છે. ત્યાર બાદ ચોથા લક્ષણ તરીકે જણાવે છે કે દુઃખી જીવો

પ્રત્યે કૃપા-દયા રાખવી તેનું નામ અનુકંપા. દુઃખીનાં દુઃખોને દૂર કરવાનું તો શક્તિ સંયોગો અનુસાર થઈ શકે. જ્યારે તેમની પ્રત્યે દયા તો કાયમ રાખી શકાય. તેથી આ દયા એ અનુકંપાસ્વરૂપ સમ્યક્ત્વનું લક્ષણ છે. ત્યાર બાદ છેલ્લું લિંગ આસ્તિક્ય જણાવ્યું છે. 'શ્રી જિનેશ્વર ભગવંતે જે કહ્યું છે તે જ સાચું અને શંકા વિનાનું છે' આવા પ્રકારનો મનથી સ્વીકાર કરવો તે જ આસ્તિક્ય છે. આ રીતે સમ્યગ્દર્શનની શુદ્ધિ જેને પ્રાપ્ત થઈ હોય તેને અણુવ્રતાદિનું પ્રદાન કરવું તે જણાવે છે:

**उत्तमधर्मप्रतिपत्त्यसहिष्णोस्तत्कथनपूर्वमुपस्थितस्य**
**विधिनाऽणुव्रतादिदानमिति ।।८।। (१४१)**

અણુવ્રતનું પ્રદાન કોને કરવું એ માટે અહીં જણાવ્યું છે કે જેઓ ઉત્તમધર્મ અર્થાત્ સાધુધર્મને સ્વીકારવા માટે અસમર્થ હોય તેમને અણુવ્રતાદિનું કથન કરવા દ્વારા તેનું પ્રદાન કરવું. આમાં એક મુખ્ય શરત છે કે મુમુક્ષુ પોતાની જાતે ઉપસ્થિત થયેલો હોવો જોઈએ, આપણે બોલાવેલો ન હોવો જોઈએ. જે કોઈકના કહેવાથી કે બોલાવવાથી આવ્યા હોય તેઓ શરમથી આવ્યા હોવાથી તેમને ધર્મ ગ્રહણ કરાવી ન શકાય. જે પોતે જ સંસારના ભયથી આવ્યો હોય તે ધર્મપ્રદાન માટે યોગ્ય છે. અહીં મુમુક્ષુને ભવ્ય તરીકે જણાવ્યો છે. અને ભવ્યની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે જે ભવ એટલે કે સંસારનો ભીરુ હોય તેવા ભવ્યને ભવ્ય કહેવાય. આપણે ધર્મ કરવા આવીએ છીએ તે સંસારના ભયથી આવીએ છીએ કે દુઃખના અને દુર્ગતિના ભયથી આવીએ છીએ? જે દુઃખથી ગભરાય તે ધર્મ આપવા યોગ્ય નથી, જે સંસારથી ગભરાય તે ધર્મ આપવા માટે યોગ્ય છે. જે આ રીતે ધર્મના ગ્રહણ માટે ઉદ્યત હોય તેને ગુરુભગવંતે સૌથી પહેલાં ક્ષમા, મૃદુતા વગેરે યતિધર્મનું સ્વરૂપ વિસ્તારથી જણાવીને તેનું પ્રદાન કરવા માટે પ્રયત્ન કરવો. કારણ કે આ સાધુધર્મ જ સર્વ કર્મરૂપી રોગનું વિરેચન કરવા માટે સમર્થ છે. સર્વ કર્મને દૂર કરવાનું સામર્થ્ય આ યતિધર્મમાં જ છે, ગૃહસ્થધર્મમાં કે સમ્યક્ત્વપ્રત્યયિક, અપુનર્બંધકદશાના ધર્મમાં નહિ. તે જણાવવા માટે અહીં **एव** કાર જણાવ્યો છે. હવે કોઈ મુમુક્ષુ જો આ ઉત્તમધર્મને સ્વીકારવા માટે વિષયસુખની પિપાસા આદિના કારણે સમર્થ ન બને તો તેને અણુવ્રતો જણાવીને આપવા. યતિધર્મનો સ્વીકાર આપણે કેમ નથી કરતા તેનું વાસ્તવિક કારણ અહીં જણાવ્યું છે. આજે આપણે શું કહીએ? સાધુધર્મ બહુ આકરો છે માટે સાધુ થતા નથી એમ જ ને? અસલમાં ધર્મ આકરો નથી, આપણા દોષો આકરા છે. વિષયસુખની પિપાસા જ આપણને સાધુ થતાં રોકે છે, આ મહાપુરુષોનું નિદાન છે. અને આદિ પદથી દુઃખનો દ્વેષ સમજી લેવો. વિષયસુખની પિપાસા એટલે

રાગનો અતિરેક અને દુઃખનો અણગમોઃ આ બેના કારણે સાધુધર્મ સુધી પહોંચી શકતા નથી. આજે આપણે આપણી અશક્તિને આગળ કરીએ છીએ, શાસ્ત્રકારો આપણી આસક્તિને આગળ કરે છે. પિપાસા ઈચ્છા કરતાં ભયંકર છે. થોડું પણ સુખ ચાલે એનું નામ પિપાસા. દુઃખ થોડું પણ જોઈતું નથી અને સુખ થોડું પણ મળશે તો ચાલશે આ વૃત્તિ જ ગૃહસ્થપણામાં રાખે છે. જોઈએ છે તેનું નામ ઈચ્છા, થોડું પણ ગમે તેવું પણ ચાલશે પણ એના વગર નહિ ચાલે એનું નામ પિપાસા. અને જોઈએ તો છે તે પણ પાછું સારામાં સારું જ જોઈએ છે એનું નામ તૃષ્ણા. થોડું મળ્યા પછી ઘણું મેળવવા માટે મહેનત કરે તે તૃષ્ણાવાળા છે. થોડું મળે તોપણ લઈ લે, છોડે નહિ તે પિપાસાવાળા છે. અને થોડું સુખ હોય, ત્યારે સંપૂર્ણ મેળવવા માટે મળેલું પણ છોડવા તૈયાર થાય તેને ઈચ્છા હતી એમ માનવું. થોડું મળે તોપણ છોડે નહિ, અને ભોગવ્યા કરે આ પ્રભાવ પિપાસાનો છે. આજે થોડું પણ સુખ ચાલે છે આ ધર્મ કરવાનાં લક્ષણ નથી અને દુઃખ બિલકુલ જોઈતું નથી આ ધર્મની યોગ્યતા નથી. શાલિભદ્રજીને સુખની ઈચ્છા હતી પણ પિપાસા ન હતી તેથી પોતાનું સુખ ઓછું લાગ્યું તો તરત છોડીને જતા રહ્યા. આપણે આજે આ સંસારનાં તુચ્છ સુખોને પણ છોડતા નથી એ સંતોષના કારણે નહિ, પિપાસાના કારણે. આ પિપાસા જે દિવસે કાઢીશું તે દિવસે આપણે સાધુધર્મ માટે યોગ્ય બનીશું, સમર્થ બનીશું. આથી નક્કી છે કે જેઓ સાધુધર્મ લઈ શકતા નથી તેને અણુવ્રતાદિનું સ્વરૂપ સમજાવીને પછી તેને વિધિપૂર્વક અણુવ્રતનું પ્રદાન કરવું. સાધુભગવન્તો વાતવાતમાં નિયમ આપવા ન બેસે. સામેથી બોલાવીને પણ નિયમ ન આપે. આ વિધિથી આપવાનું અને જે જાતે તૈયાર થયો હોય એને આપવાનું. જેને તેને ગમે તે નિયમ આપે એવા સાધુ ન હોય. તમે માત્ર કંપનીનો માર્કો જોઈને વસ્તુ લો કે માલ જોઈને વસ્તુ લો? તેમ અહીં પણ માત્ર સાધુવેષ જોઈને ઝૂકી ન પડવું. માર્ગના જ્ઞાતા અને માર્ગના પ્રરૂપક એવા સાધુ પાસે જવું. જે જાતે નિયમ લેવા તૈયાર થયો હોય તેને પણ નિયમ તરત આપી ન દેવો. પરંતુ નિયમનાં ભયસ્થાનો બતાવવાં અને તેને પાલન માટે યોગ્ય બનાવીને પછી વ્રત આપવું. અન્યથા જો અણુવ્રતનો પણ ભંગ કરી બેસે તો આપનારને દોષ લાગે. તેથી તેને વ્રતનું સ્વરૂપ બરાબર સમજાવીને આપવું. અયોગ્યને તો આપવાનું જ નથી, યોગ્યને પણ તેની ઈચ્છા દેદીપ્યમાન બને, સત્ત્વ ખીલે અને યોગ્યતા વિકસિત થાય એ રીતે વ્રતનું પ્રદાન કરવું. હવે અહીં જે યતિધર્મ માટે અસહિષ્ણુ હોય તેને જ અણુવ્રતનું પ્રદાન કરવાનું જણાવ્યું, તેથી શિષ્ય શંકા કરે છે કે જે સહિષ્ણુ હોય અર્થાદ્ યતિધર્મ માટે સમર્થ હોય એને અણુવ્રત આપવામાં શું વાંધો આવે તે જણાવે છે–

**सहिष्णोः प्रयोगेऽन्तराय इति ।।९।। (१४२)**

જેઓ ચારિત્રધર્મ ગ્રહણ કરવા માટે સમર્થ હોય તેમને અણુવ્રતાદિનું પ્રદાન કરવામાં આવે તો તેમને ચારિત્રપ્રાપ્તિમાં અંતરાય કર્યાનો દોષ ગુરુને લાગે છે. ગુરુએ જો તેની યોગ્યતા જોઈને ચારિત્રધર્મ આપ્યો હોત તો તેના પાલન દ્વારા તે સંસારને તરવા માટે સમર્થ બનત. એના બદલે માત્ર શ્રાવકધર્મ આપીને તેને સંસારમાં રાખવાથી ગુરુને એવું કર્મ બંધાય છે કે જેથી ભવાન્તરમાં એ કર્મના ઉદયમાં ગુરુને ચારિત્ર દુર્લભ બને. માટે ગુરુએ ચારિત્રધર્મની યોગ્યતા બરાબર જોઈને પછી અસામર્થ્ય જણાય તો જ અણુવ્રતાદિનું પ્રદાન કરવું. ચારિત્ર માટે સમર્થને અણુવ્રત આપવાથી બીજો કયો દોષ લાગે છે તે જણાવે છે:

**अनुमतिश्चेतरत्रेति ।।१०।। (१४३)**

ગૃહસ્થપણાનો ધર્મ જે વખતે આપીએ તે વખતે મુમુક્ષુ જો ચારિત્રધર્મ લેવા યોગ્ય હોય છતાં તેને ગૃહસ્થધર્મ આપીએ તો તેણે જેટલી અવિરતિ ખુલ્લી રાખી હોય તેની અનુમતિ આપવાનું પાપ લાગશે. જો આપણે પહેલાં ચારિત્રધર્મનું કથન કર્યું હોય અને છતાં પેલો જીવ અસહિષ્ણુતાના કારણે ગૃહસ્થધર્મ લેવા તૈયાર થાય તો તેવા વખતે ગુરુને અનુમોદનાનું પાપ ન લાગે. પરંતુ જો ગુરુએ ચારિત્રનું કથન પહેલાં કર્યું જ ન હોય તો સાધુને ગૃહસ્થપણામાં રહેલી અનુમોદનાનું પાપ લાગે છે. સાધુ ભગવન્તોએ સર્વસાવદ્યયોગથી વિરામ પામવાની પ્રતિજ્ઞા ત્રિવિધે ત્રિવિધે લીધેલી છે. આથી ચારિત્રના કથનપૂર્વક ગૃહસ્થધર્મનું પ્રદાન કરવામાં ન આવે તો ગુરુને અનુમતિનું પાપ લાગે છે. એટલે કે તેમના વ્રતમાં મલિનતા આવે છે. હવે જેઓ સર્વવિરતિ માટે અસમર્થ છે તેમને અણુવ્રતાદિનું કથન કરવું જ જોઈએ. જો તેવા વખતે અનુમોદનાના ભયે અણુવ્રતાદિનું કથન ન કરે તો તેવા વખતે ગુરુને આજ્ઞાભંગનું પાપ લાગે કે જેમાં યતિધર્મ કે ગૃહસ્થધર્મ આ ઉભયથી વંચિત રહેવાનું બને છે-તે જણાવે છે:

**अकथन उभयाफल आज्ञाभङ्ग इति ।।११।। (१४४)**

જે વ્રત લેવા આવ્યા હોય તેને ચારિત્રધર્મ જણાવવાનો અને અસહિષ્ણુપણામાં ગૃહસ્થધર્મ જણાવવાનો. સાથે તેને કહેવાનું કે આ ગૃહસ્થપણાનો ધર્મ આ સંસારથી તરવા માટે કામ નહિ લાગે. ભલે થોડું કષ્ટ પડે પણ ચારિત્રધર્મ વિના આ સંસારથી તરી નહિ શકાય. આમ છતાં તે તૈયાર ન થાય ત્યારે ગૃહસ્થપણાનો ધર્મ બતાવવાનો. જો ગૃહસ્થધર્મ આપતી વખતે ચારિત્રધર્મ ન સમજાવીએ અને ગૃહસ્થપણાના ધર્મમાં

મોક્ષપ્રાપ્તિનું અસામર્થ્ય છે-એવું ન જણાવીએ તો અવિરતિની અનુમોદનાનું પાપ લાગે. પરંતુ જે ખરેખર યતિધર્મ માટે અસમર્થ છે તેને પણ ગૃહસ્થધર્મ ન કહીએ તો શ્રોતા યતિધર્મ અને ગૃહસ્થધર્મ ઉભયથી વંચિત રહે છે તેથી ગુરુને આજ્ઞાભંગનું પાપ લાગે છે. ભગવાનની આજ્ઞા છે કે હિતોપદેષ્ટાએ પોતાના શ્રમનો વિચાર કર્યા વિના કાયમ માટે કલ્યાણકારી ધર્મનો ઉપદેશ આપવો જોઈએ. આવા દેશક પોતાના આત્માનો અને પરનો અનુગ્રહ કરે છે. જો આ રીતે દેશના ન આપે તો આજ્ઞાભંગનું પાપ લાગે. હવે શિષ્ય શંકા કરે છે કે જે સર્વ સાવદ્યયોગનું પચ્ચખ્ખાણ કરવા માટે સમર્થ ન હોય તેને અણુવ્રત આપવામાં જેટલી અવિરતિ ખુલ્લી રાખી હોય તેની અનુમોદનાનું પાપ કેમ નથી લાગતું... તેના નિરાકરણમાં જણાવે છે:

**भगवद्वचनप्रामाण्यादुपस्थितदाने दोषाभाव इति ।।१२।। (१४५)**

આવા વખતે ગુરુને અવિરતિની અનુમતિનો પ્રસંગ નથી આવતો તેમાં ભગવાનના વચન પ્રત્યેનું બહુમાન કારણ છે. ભગવાનની આજ્ઞાના પાલનમાં જ ધર્મ છે અને આજ્ઞાના અપાલનમાં અધર્મ-પાપ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સાધુભગવંતો ભગવાનની આજ્ઞાથી નદી ઊતરે તોપણ આજ્ઞાપાલનથી નિર્જરા થાય, હિંસાનું પાપ ન લાગે. અને ભગવાનની આજ્ઞા વિના નિર્દોષ આહાર વાપરે તોપણ આજ્ઞાભંગના કારણે પાપ લાગે. ભગવાનની આજ્ઞા પ્રત્યેનો જે બહુમાનભાવ છે તે જ ધર્મ છે. ખુદ પરમાત્માએ પણ આનંદાદિ શ્રાવકોને અણુવ્રત પ્રદાન કરેલું તેથી આજ્ઞા મુજબ અણુવ્રતપ્રદાનમાં દોષ નથી. જેઓ સાચું સમજતા ન હોય તે ગમે તે રીતે વર્ત્તે એ જુદી વાત બાકી સાચું સમજાયા પછી પણ ખોટું ન છોડે તેને પાપ લાગ્યા વિના ન રહે, તેની જેમ અહીં પણ સમજવું. જેઓ દાક્ષિણ્યના કારણે મન વગર કે પરાણે કરે તેમાં દોષ નથી. કારણ કે જે દાક્ષિણ્યગુણવાળા હોય તેઓ મન વગર ક્રિયા કરવા છતાં આર્ત્તધ્યાન નથી કરતા. જેઓને આર્ત્તધ્યાન થાય તેઓ જબરદસ્તીથી કરે છે એમ સમજવું. દાક્ષિણ્યગુણવાળાને પરાણે કરાવાય, પરંતુ જબરદસ્તી કોઈના પર ન કરાય. હવે શિષ્યને શંકા એક જ છે કે અણુવ્રતપ્રદાનની પ્રવૃત્તિ એકસરખી હોવા છતાં માત્ર આશયભેદના કારણે અનુમોદનાનું પાપ લાગે અથવા ન લાગે તે કેવી રીતે સમજવું ... તેથી આ અનુસંધાનમાં એક દૃષ્ટાંત જણાવે છે.

**गृहपतिपुत्रमोक्षज्ञातादिति ।।१३।। (१४६)**

એક શ્રેષ્ઠીના પુત્રોને રાજાએ પકડી લીધેલા. એ પુત્રોને છોડાવવા માટે એ શ્રેષ્ઠીએ જે પ્રયત્ન કર્યો તેનું દૃષ્ટાંત આપીને આ વસ્તુની સંગતિ જણાવી છે. અહીં સાહિત્યની

ભાષામાં મગધદેશનું, તેમાં રહેલા વસંતપુર નગરનું, તે નગરના જિતશત્રુ રાજાનું અને તેમની ધારિણી રાણીનું વર્ણન એવી રીતે કર્યું છે કે જેથી સુખના અર્થી જીવોને તે લલચાવ્યા વગર ન રહે. મગધદેશનું વર્ણન કરતી વખતે તેની રમણીયતા જણાવી છે. જ્યાં સ્વર્ગની અપ્સરાઓનો પણ ઉપહાસ કરનાર સુંદર સ્ત્રીઓ વિલાસ કરતી હતી એવો રમણીય એ મગધદેશ હતો. તેમાં વસન્તપુર નગર એવું હતું કે જેના તુષાર (બરફ) જેવા ધોળા પ્રાસાદની શ્રેણીના કારણે શરદ ઋતુ જેવા ધોળા વાદળાનો ભ્રમ થતો હતો. પોતાના ભુજાબળથી શત્રુઓનો નિગ્રહ કરનાર અને જેની સેવામાં મુકુટબદ્ધ રાજાઓ તત્પર હતા તેવો જિતશત્રુ નામનો ત્યાં રાજા હતો. તે રાજાને પૂર્વભવમાં ઉપાર્જિત પુણ્યના યોગે અનુરૂપસંબંધને કરનારી સકળ જનના નયન અને મનને હરનારી દેવલોકની દેવીઓ કરતાં પણ રૂપવતી એવી ધારિણી રાણી હતી.

એ જ નગરમાં સમુદ્રદત્ત નામનો એક શ્રેષ્ઠી હતો. તેનું વર્ણન કરતાં અહીં જણાવ્યું છે કે દ્વિપદ, ચતુષ્પદ, હિરણ્ય વગેરે તેમ જ અનેક પ્રકારનાં રત્નોની સંપત્તિથી સમૃદ્ધ એવો તે શ્રેષ્ઠી કુબેર કરતાં પણ જાણે ચઢિયાતો હતો. પરંતુ તેની સંપત્તિ માત્ર પોતાના ભોગવટા માટે ન હતી, અનેક દીન અનાથ વગેરે પ્રાણીઓના શોકને દૂર કરનારી હતી. આજે આપણી પાસે પણ સંપત્તિ તો છે પરંતુ કોઈ દીનદુઃખી માંગવા આવે તો આપણે શું કહીએ? અમે કાંઈ તમારા માટે કમાવા નથી બેઠા, અમારે પણ બૈરાછોકરા છે... આવું આવું બોલીએ ને? આ શ્રેષ્ઠી એવો ન હતો. એ શેઠને પુણ્યના ભૂષણ સમાન લાવણ્યગુણશાળી કલ્યાણકારિણી સુમંગલા નામની પત્ની હતી. તે શેઠ અને શેઠાણીને ક્રમસર પ્રિયંકર, ક્ષેમંકર વગેરે નામના છ પુત્રો થયા, કે જેઓ ગુરુના વિનયમાં પરાયણ હતા તેમ જ દાક્ષિણ્ય, દયા વગેરે ગુણોથી સર્વ સજ્જનના મનમાં વસેલા હતા. લોકમાં જેની આબરૂ ઊંચી હતી એવા તે પુત્રો હતા. એક વાર રાજાની રાણીને રાત્રિમાં નગરીની-ઉદ્યાનની શોભા જોવાનું મન થયું. તે વખતે રાજાની રાણીઓ લોકોની દૃષ્ટિમાં આવતી ન હતી. કારણ કે ઉત્તમ કુળની સ્ત્રીઓ રસ્તે રખડે નહિ. શાસ્ત્રમાં રાજાની રાણી માટે અસૂર્યંપશ્યા આવું વિશેષણ આવે છે. જે સૂર્યને પણ ન જુએ એવી રાજાની રાણીઓ હોય.

સ. આ તો જેલજેવું લાગે.

ખરેખર જેલ લાગે તો તેમાંથી નીકળવાનો રસ્તો છે. ઉત્તમ કુળની સ્ત્રીઓ સાધ્વી બની જાય તો એને જેલમાં રહેવું નહિ પડે. સાધ્વીજી ભગવંતો વિહાર કરે, ભિક્ષાચર્યા માટે બહાર પણ નીકળે, પરંતુ કુલીન સ્ત્રીઓ બહાર ફરે નહિ. આ બાજુ રાજાએ રાણીની

વિનંતિ સ્વીકારીને નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે સૂર્યાસ્ત પહેલાં બધાએ જરૂરી સામગ્રીસહિત નગર બહાર નીકળી જવું. નગરમાં કોઈએ રહેવું નહિ. કારણ કે રાજાની રાણીને શરદપૂર્ણિમાનો મહોત્સવ જોવાનું મન હતું. જે રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તેને ફાંસીની સજા થશે. એ કાળમાં ગુનો જોવાતો ન હતો. ગુનો કયો છે એ મોટી વસ્તુ નથી, આજ્ઞા ન માનવી એ જ ગુનો છે. બધા લોકો સવારથી જ પોતપોતાનાં કાર્યો જલદીથી પતાવી, પોતપોતાને જરૂરી સામગ્રી લઈને નગરની બહાર ચાલવા માંડ્યા. કારણ કે રાજાની આજ્ઞાનું પાલન કરવાની તૈયારી હતી. એ પ્રજાજનો ઋજુ હતા તેથી આજ્ઞા મળ્યા પછી કઈ રીતે અનુકૂળ બનવું તેનો વિચાર કરવા લાગ્યા, આપણે હોત તો છટકબારી શોધત ને? આજ્ઞા આપ્યા પછી તેને અનુકૂળ કઈ રીતે બનવું તે યોગ્ય જીવો વિચારે, અયોગ્ય જીવો આજ્ઞામાં છટકબારી શોધે. આ બાજુ શ્રેષ્ઠીના છ દીકરા પોતાના નામું લખવા વગેરે કાર્યોમાં એટલા વ્યસ્ત હતા કે હમણાં જઈએ છીએ એમ કરતાં કરતાં સૂર્યાસ્ત થઈ ગયો. તેથી જલદી દોડતા નગરના દ્વારે પહોંચ્યા. પણ ત્યાં દરવાજા બંધ થઈ ગયા હતા. તેથી છુપાતા છુપાતા પોતાની દુકાનમાં આવીને રહ્યા અને અંદરથી તાળું મારી આખી રાત જાગતા બેઠા. કારણ કે કાલે સવારે રાજા ફાંસીએ ચઢાવશે. એનો ભય સતાવતો હતો. રાત્રિએ રાજા રાણીસહિત ફરીને સવારે મહેલમાં પહોંચી ગયા અને પોતાના સૈનિકોને નગરમાં કોઈ છે કે નહિ તે તપાસવા કહ્યું. એ સૈનિકોએ બહારથી દરવાજો ખુલ્લો જોઈને ખખડાવીને ખોલાવ્યું. છ પુત્રો મળ્યા તેમને રાજા પાસે ઊભા કર્યા. રાજાએ તેમને ફાંસીની સજા ફરમાવી. શેઠને ખબર પડી એટલે ત્યાં આવીને પોતાના પુત્રોને બચાવવા માટે વિનંતિ કરી. રાજા કહે મારે અનુશાસન કરવું જ પડે કારણ કે રાજ્ય ચલાવવું છે. પેલો શેઠ કહે છે કે મારા પુત્રનો ગુનો ચોક્કસ છે, પરંતુ તેમના ચિત્તમાં કોઈ દોષ નથી, માત્ર નામું લખવાની વ્યગ્રતાના કારણે રહી ગયા. માટે તેમનો ગુનો એક વાર ખમો. બીજી વાર આવી ભૂલ નહિ થાય. ગુનો થયા પછી બચાવ કરવો એ બચવાની રીત નથી, કબૂલાત કરીને બીજી વાર ન કરવાની ખાતરી આપવી એ બચવાનો રસ્તો છે. રાજાને ખૂબ વિનંતિ કરી, પોતાનું સર્વસ્વ આપીને છ યેને છોડવાની કાકલૂદીભરી વિનંતિ કરવા છતાં રાજાનો ગુસ્સો ઊતરતો નથી. છેવટે શેઠે કહ્યું કે છ ને ન છોડો તો પાંચને છોડો. એકને શિક્ષા કરો તોપણ દુષ્ટના નિગ્રહનો દાખલો બેસાડી શકાશે. આમ કરતાં કરતાં ક્રમસર ચાર, ત્રણ, બે, છેવટે એકને છોડવાની વિનંતિ કરી. કારણ કે એક પણ પુત્ર નહિ હોય તો મારા કુળનો જ ઉચ્છેદ થઈ જશે. છેવટે રાજાને પણ દયા આવી. કાયદાઓ નીતિનું પાલન કરાવશે પણ ધર્મનું પાલન ન કરાવી શકે. ગુનેગારને માફ કરવાની વાત ધર્મશાસ્ત્ર દયાના કારણે કરે, જ્યારે નીતિશાસ્ત્ર તો નિર્દયપણે ગુનેગારને સજા કરવાની

વાત કરે. દયાને બાજુ પર મૂકી ન્યાય કરવાનું, સજા કરવાનું કામ કાયદો કરે, દયાપૂર્વક ગુનેગારને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ બનાવવાનું કામ ધર્મશાસ્ત્ર કરે. રાજા પણ ધર્મથી વાસિત હોવાથી તેણે માંડ માંડ એકને ફાંસીની સજા માફ કરી. અહીં કથા પૂરી થાય છે. તેનો ઉપનય ઘટાડતાં જણાવે છે કે વસંતપુર નગર એ સંસાર છે. તેમાં રાજાના સ્થાને શ્રાવક ગૃહસ્થ છે. શ્રેષ્ઠીના સ્થાને આચાર્યભગવંત છે અને પૃથ્વીકાયાદિ છજીવનિકાય તેમના છ પુત્રો છે. જેમ માતાપિતા પુત્રનું રક્ષણ કરે તેમ આચાર્યભગવંત છજીવનિકાયની રક્ષા કરતા હોવાથી તે તેમના પુત્રો છે. આચાર્યભગવંત જ્યારે પોતાના છ પુત્રોને મારવા માટે તૈયાર થયેલા શ્રાવકને વિનંતિ કરે કે આમાંથી એકેની હિંસા કરીશ નહિઃ ત્યારે તે યતિધર્મની કથા સ્વરૂપ સમજવી અને ગૃહસ્થને પોતાનો સંસાર ચલાવવો હોવાથી રાજાની જેમ જીવોને બચાવવા તૈયાર થતો જ નથી તેથી આચાર્યભગવંત ધીમે ધીમે એક એક જીવનિકાયને બચાવવાની વાત કરતાં અંતે એક ત્રસકાયને બચાવવાની વાત કરે તે અણુવ્રતના પ્રદાન સ્વરૂપ છે. આજે તમારે સંસારમાં રહેવું છે માટે જ તમે છ જીવનિકાયની રક્ષા માટે તૈયાર થતા નથી ને? ગૃહસ્થપણું જ એવું છે કે જેમાં રક્ષા શક્ય બને જ નહિ. શાસ્ત્રમાં ગૃહસ્થોને તપાવેલા લોઢાના ગોળાજેવા કહ્યા છે. એ ગોળો જ્યાં જાય ત્યાં બાળવાનું કામ કરે ને? તેમ ગૃહસ્થ જ્યાં જાય ત્યાં છજીવનનિકાયની હત્યા કર્યા વિના ન રહે. શ્રી ઉદયરત્ન મહારાજે શ્રી પાર્શ્વનાથ ભગવાનના 'મુજ સરખા મેવાસીને' આ સ્તવનમાં પણ ગાયું છે કે 'છલ કરી છ કાયની તુજ વાડી વિણાશી' ભગવાને છકાયજીવોની રક્ષા કરવા દ્વારા જે વાડી લીલીછમ રાખેલી તે વાડીનો વિનાશ કરવાનું કામ એ છ જીવનિકાયની હત્યા કરવાના કારણે કર્યું છે. ભગવાને જે માર્ગ બતાવેલો તે છ કાયની રક્ષાનો માર્ગ હતો, છતાં છ કાયની હત્યા દ્વારા એ માર્ગનો વિનાશ કરવાનું કામ આપણે કર્યું ને? આપણી વાત આ કથાનકના સારરૂપે એટલી જ છે કે જેમ શ્રેષ્ઠીએ એકને બચાવવાની વાત કરી ત્યારે પાંચને મારવાની રજા આપી છે-એવું ત્યાં નથી મનાતું તેમ જ તેમને ફાંસી અપાવવાનું પાપ પણ તેને લાગતું નથી તેમ અણુવ્રતનું પ્રદાન કરનાર આચાર્યભગવંતને જેટલી અવિરતિ ખુલ્લી રહી છે તેની અનુમતિ આપવાનું પાપ નથી લાગતું. હવે વિધિપૂર્વક અણુવ્રતનું પ્રદાન કરવાનું જણાવેલું તેમાંથી હવે વિધિ જણાવે છે-

**योगवन्दननिमित्तदिगाकारशुद्धिर्विधिरिति ।।१४।। (१४७)**

શુદ્ધિ પદનો અન્વય, યોગ વગેરે દરેકની સાથે કરવો. યોગશુદ્ધિ, વંદનશુદ્ધિ, નિમિત્તશુદ્ધિ, દિક્શુદ્ધિ, આકારશુદ્ધિ જાળવવી આ વિધિ છે. તેમાં મનથી શુભ ચિંતન કરવું, વચનથી નિરવદ્ય ભાષણ કરવું અને કાયાથી ઉપયોગપૂર્વક ચાલવું તે યોગશુદ્ધિ

છે. ચૈત્યવંદનનાં સૂત્રો અસ્ખલિતાદિ ગુણોથી યુક્તપણે બોલવાં અને ચૈત્યવંદનના કાયોત્સર્ગાદિ અસંભ્રાન્તપણે કરવા તે વંદનશુદ્ધિ છે. મધુર સ્વરવાળાં વાજિંત્રોના અવાજનું શ્રવણ; પૂર્ણ કલશ, ધ્વજ ચામરાદિનું દર્શન, સુગંધી પદાર્થોની ગંધ આવવી. .. વગેરે નિમિત્તો મળવાં એ નિમિત્તશુદ્ધિ છે. પૂર્વ, ઉત્તર દિશા સન્મુખ ઊભા રહેવું, અથવા જિનપ્રતિમાદિ તથા આચાર્યભગવંતને પધરાવવા એ દિશાશુદ્ધિ છે. તેમ જ સામાન્ય નિમિત્તમાં વ્રત તૂટી ન જાય તેવો ઉપયોગ રાખવો અને જો વ્રત ભાંગે એવું લાગે તો તેમાં આગાર રાખવો અર્થાદ્ પહેલેથી જ છૂટ રાખવી કે જેથી વ્રતભંગનો વખત ન આવે તે આકારશુદ્ધિ. આ રીતે યોગાદિની શુદ્ધિ સાથે ઉચિત એવો ઉપચાર કરવો એ જણાવે છે.

**तथा उचितोपचारश्चेति ।।१५।। (१४८)**

દેવ, ગુરુ, સાધર્મિક, સ્વજનો, દીન, અનાથ વગેરે ઉપચારને યોગ્ય એવાં પાત્રોનો યથાયોગ્ય, ધૂપ, પુષ્પ, વસ્ત્રાદિથી પૂજા, આસનદાન, ગૌરવ વગેરે ઉપચાર કરીને અણુવ્રત લેવા એ વિધિ છે.

**स्थूलप्राणातिपातादिभ्यो विरतिरणुव्रतानि पञ्चेति ।।१६।। (१४९)**

અણુવ્રતો લેતી વખતે પહેલાં અવિરતિ કેટલી છે તે જોવાનું કામ કરવું છે, વિરતિ કેટલી લીધી છે એ આપણે નથી જોવું. અત્યાર સુધી વિરતિ લેવા છતાં તેનું ફળ આપણે પામી શકયા નથી તેનું કારણ એક જ છે કે અવિરતિ આપણે છોડી નહિ. કેટલું કર્યું તે લોકોને જણાવવાના બદલે કેટલું બાકી છે તે આપણે જાતે જોવાની જરૂર છે. અણુવ્રતનું સ્વરૂપ હવે સમજવું છે ને? આજનો દિવસ શ્રી મહાવીરપરમાત્માના નિર્વાણકલ્યાણકનો છે માટે જ આપણને ઉત્સાહ છે ને? ભગવાને વરસોની સાધના કરીને નિર્વાણપદને પ્રાપ્ત કર્યું માટે આ દીવાળીનું પર્વ મનાય છે. દીવાળીના દિવસોમાં નિર્વાણપદની સાધના કરવાનો સંકલ્પ કરી લેવો છે. સંસાર વધારવા માટે દીવાળીનું પર્વ નથી, મોક્ષે જવા માટે આ પર્વ છે. ભગવાનની સાધના આજના દિવસે પૂર્ણ થઈ હતી. આપણે તો હજી સાધનાની શરૂઆત પણ કરી નથી ને? મોક્ષની સાધના મહાવ્રતના પાલનમાં છે. આ મહાવ્રતો લેવાનું સામર્થ્ય ન હોય તેના માટે અણુવ્રતો છે. તેમાં સ્થૂલપ્રાણાતિપાતથી વિરામ પામવું એ પહેલું અણુવ્રત છે. પ્રમાદના યોગે પ્રાણીઓને મારવા સ્વરૂપ પ્રાણાતિપાત છે. તે સૂક્ષ્મ અને સ્થૂલ એમ બે પ્રકારનો છે. તેમાંથી પૃથ્વીકાયાદિના વિષયમાં જે પ્રાણાતિપાત છે તે સૂક્ષ્મ છે, બેઈન્દ્રિયાદિ ત્રસ જીવોના વિષયમાં જે પ્રાણાતિપાત છે તે સ્થૂલ છે. તેમાંથી અણુવ્રતમાં માત્ર સ્થૂલ એવા

પ્રાણાતિપાતથી વિરામ પામવાની પ્રતિજ્ઞા અપાય છે. તમને ભય કીડીનો કે વનસ્પતિનો? કીડી આપણને કરડે, પરંતુ વનસ્પતિને તો આપણે જ હેરાન કરીએ ને? ગમે તેટલો વિરતિનો પ્રેમી ગૃહસ્થ હોય તોપણ પૃથ્વીકાયાદિની વિરાધનાથી વિરામ તેઓ પામી શકે એ શક્ય જ નથી. અવિરતિનું પાપ જ્યાં સુધી નહિ દેખાય ત્યાં સુધી સંસાર છૂટશે નહિ. સંસારમાં પાપ ન દેખાય ત્યાં સુધી ધર્મની શરૂઆત જ થાય નહિ. આજે આપણે જે કાંઈ ધર્મ કરીએ છીએ તે સારું કરવા માટે કરીએ છીએ કે ખોટું છોડવા માટે? ધર્મ કરવાથી ધર્મ નથી થતો, અધર્મ છોડવાથી ધર્મ થાય છે. આજે આપણો પ્રયત્ન શેનો ચાલુ છે? પાપની નિર્જરા કરવાનો કે પુણ્ય બાંધવાનો? આ તો પુણ્ય પણ એટલા માટે કરીએ છીએ કે જેથી આપણું પાપ ઢંકાઈ જાય. આજે આપણે સુખી છીએ તે આપણું પાપ ઢંકાયેલું છે માટે સુખી છીએ! એક વાર આપણું પાપ જો ઉદયમાં આવી જાય તો આપણે સુખે જીવી શકીએ જ નહિ. વર્તમાનમાં આપણે જે કાંઈ પુણ્ય કરીએ છીએ તે પાપને દબાવવાનું એક ઢાંકણું જ છે ને? આવું પુણ્ય સંસારથી તરવા કામ નહિ લાગે.

એ જ રીતે સ્થૂલમૃષાવાદથી વિરામ પામવું, સ્થૂલ અદત્તાદાનથી વિરામ પામવું, સ્થૂલ મૈથુનથી વિરામ પામવું, સ્થૂલ પરિગ્રહથી વિરામ પામવું: આ પાંચ અણુવ્રત છે. ત્યાર બાદ

**तथा–दिग्व्रतभोगोपभोगमानानर्थदण्डविरतयस्त्रीणि गुणव्रतानीति ।।१७।। (१५०)**

પાંચ અણુવ્રતના પાલનમાં અનુકૂળ બને, ગુણકારી બને એવાં ત્રણ ગુણવ્રતો છે. વધુ હરવાફરવાની, ખાવાપીવાની તેમ જ બિનજરૂરી પ્રવૃત્તિ કરે તે અણુવ્રત પાળી ન શકે. તેથી છઠ્ઠા દિગ્પરિમાણવ્રતથી દિશાનું નિયમન કરવાનું જણાવ્યું, ભોગ અને ઉપભોગનું પરિમાણ કરવાનું સાતમા વ્રતમાં જણાવ્યું અને આઠમા વ્રતમાં અનર્થદંડ-બિનજરૂરી પ્રવૃત્તિથી અટકવાનું જણાવ્યું. ત્યાર બાદ સર્વવિરતિધર્મના અભ્યાસ-શિક્ષણરૂપે ચાર શિક્ષાવ્રત જણાવ્યાં છે:

**तथा–सामायिकदेशावकाशिकपोषधोपवासातिथिसंविभागाश्चत्वारि शिक्षापदानीति ।।१८।। (१५१)**

મોક્ષની પ્રત્યે જે ત્રણનું સરખું સામર્થ્ય છે તેવા સમરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની આય-પ્રાપ્તિ જેમાં થાય તેને સામાયિક કહેવાય, અથવા સમ એટલે રાગ અને દ્વેષની વચ્ચે રહેલ હોવાથી મધ્યસ્થ એવાને જે સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થાય તે સામાયિક અથવા સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ અર્થાદ્ આપણા આત્મા જેવા સર્વ જીવોને માનવા તેનું નામ સામાયિક. આ સામાયિક તમને ગમે છે માટે કરો કે સર્વવિરતિ

આપે છે માટે કરો? દવા લો તે દવા ગમે છે માટે કે આરોગ્ય ગમે છે માટે? તેમ સામાયિક પણ ગમે છે માટે નહિ, સર્વવિરતિ ગમે છે માટે સામાયિક કરવાની છે. જેને સામાયિક ગમે તેને સર્વવિરતિ તો ગમતી જ હોય. જેને સર્વવિરતિ ન ગમે તેને સામાયિક ગમતું નથી-એમ માનવું.

સ. પ્રમાણથી વધુ કોઈ પણ વસ્તુ હોય તો ન ગમે.

સાચું કહો છો? પૈસો પ્રમાણથી અધિક મળે તો ગમે કે નહિ? દવાના કારણે આરોગ્ય ધારણા કરતાં સારું થાય તો ગમે કે નહિ. જે ગમતું હોય તે પ્રમાણથી અધિક પણ ગમે અને જે ગમતું ન હોય તે થોડું પણ ન ગમે. તેથી પણ નક્કી છે કે સર્વવિરતિ ન ગમે તેને સામાયિક ગમતું નથી. ત્યાર બાદ દેસાવગાસિક વ્રત છે, જેમાં આઠ સામાયિક અને બે પ્રતિક્રમણ કરવું, એકાસણું કરવું, વ્યાપારધંધો ન કરવો. અગિયારમું પૌષધોપવાસ વ્રત છે. બારમું અતિથિસંવિભાગવ્રતપણ પૌષધપૂર્વકનું હોય છે તેથી આ ચારેમાં સર્વવિરતિની શિક્ષા-અભ્યાસ હોવાથી તે શિક્ષાવ્રત કહેવાય છે. સાધુસાધ્વીશ્રાવકશ્રાવિકા સ્વરૂપ અતિથિને ઘરે બોલાવીને તેમને ભક્તિ બહુમાનપૂર્વક વસ્ત્ર ઔષધ અન્નપાનાદિનું પ્રદાન કરવા દ્વારા સંવિભાગ કરવો એ અતિથિસંવિભાગ વ્રત છે.

**ततश्च–एतदारोपणं दानं यथाऽर्हे, साकल्यवैकल्याभ्यामिति ।।१९।। (१५२)**

આ રીતે અણુવ્રતાદિનું સ્વરૂપ સમજાવ્યા પછી જે જીવ જેવા ધર્મને સ્વીકારવા માટે યોગ્ય હોય તેને તેવો ધર્મ આપવો. કોઈ જીવ અણુવ્રતાદિ બારે વ્રતોને સ્વીકારવા માટે તૈયાર થયો હોય તો તેને બારે વ્રત ઉચ્ચરાવવાં. કોઈ જીવ અસામર્થ્યના કારણે અણુવ્રતાદિમાંથી એકાદ વ્રતને લેવા તૈયાર થાય તો એક વ્રત ઉચ્ચરાવવું. વ્રત પાળવા માટે ઉચ્ચરવાનાં છે, માત્ર લેવા માટે નથી લેવાનાં તેથી જ યોગ્યતાને અનુરૂપ વ્રત ઉચ્ચરાવવું.

**गृहीतेष्वनतिचारपालनमिति ।।२०।। (१५३)**

વ્રત ઉચ્ચર્યા પછી જવાબદારી વધે છે. ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનું પાલન તે કરી શકે કે જે વ્રતમાં અતિચાર ન લગાડે. વ્રતને જે મલિન કરે તેને અતિચાર કહેવાય. વ્રતના અભ્યંતર પરિણામ ટકાવવાના અને વ્રતની પ્રવૃત્તિ મલિન ન થાય તેનું પણ ધ્યાન રાખવું. માત્ર ઉત્સવપૂર્વક પ્રસંગ પતી જાય એટલે કામ પૂરું નથી થતું, ઉપરથી જવાબદારી વધે છે. સમ્યક્ત્વમૂલ બાર વ્રત લીધા પછી તેમાં અતિચાર ન લાગે તેની

કાળજી રાખવી જ પડે. જાણીજોઈને કરીએ તો વ્રતનો ભંગ થાય અને અજાણપણે દોષ સેવાયો હોય તો અતિચાર લાગે. અતિચાર સેવાઈ જાય તો તેની આલોચનાથી શુદ્ધિ થાય, પરંતુ અતિચાર સેવીએ તો પાપ લાગે. સામાયિકમાં ઊંઘ આવે તો પાપ લાગે ને?

**સ.** પ્રમાદ થઈ જાય છે, જાણીજોઈને નથી ઊંઘતા.

જાણીજોઈને ન કરો તો દોષ ન લાગે એવું નથી. અજાણતા અગ્નિને અડીએ તો બાળે કે નહિ? અજાણતાં વિષ ખાઈએ તો મારે ને? અજાણતાં પણ અતિચાર સેવાય તો પાપ લાગે છે-એવું માનીશું ત્યારે અતિચાર ટાળવાનું શક્ય બનશે.

**शङ्का १ काङ्क्षा २ विचिकित्सा ३ ऽन्यदृष्टिप्रशंसासंस्तवा: ४-५ सम्यग्दृष्टेरतिचारा इति ।।२१।। (१५४)**

જે વ્રત આપણે ગ્રહણ કરીએ તેનો ઉદ્દેશ જો સચવાય તો અતિચાર લાગવાનું કોઈ કારણ નથી. ધર્મ આપણી સમજણપૂર્વક નથી કરવાનો, ભગવાનની આજ્ઞા મુજબ કરવાનો છે. સમ્યક્ત્વના અતિચારમાં જે પહેલા ત્રણ અતિચાર છે તે તો દર્શનાચારના આચાર વખતે જણાવેલા જ છે. ચોથા અતિચાર તરીકે અન્યદષ્ટિની પ્રશંસા જણાવી છે. બૌદ્ધ, સાંખ્ય વગેરે દર્શનના અનુયાયીઓની આ લોકો પુણ્યશાળી છે, તેમનો જન્મ સફળ છે, તેઓ દયાળુ છે ઈત્યાદિ પ્રશંસા કરવી નહિ. અને સંસ્તવ એટલે મિથ્યાદષ્ટિનો પરિચય ન કરવો. અર્થાદ્ તેની સાથે આલાપ-સંલાપ, આદાન-પ્રદાન વગેરે વ્યવહાર કરવામાં અતિચાર લાગે છે. આ પાંચ અતિચાર શુદ્ધ એવી તત્ત્વશ્રદ્ધાને મલિન કરે છે તે પ્રયત્નપૂર્વક ટાળવા છે.

**तथा-व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रममिति ।।२२।। (१५५)**

વ્રત એટલે અણુવ્રત અને શીલ એટલે ગુણવ્રત, શિક્ષાવ્રતઃ આ દરેકમાં ક્રમસર પાંચ પાંચ અતિચાર છે, તે હવે વિચારવા છે.

વ્રતના અતિચાર સમજવા પહેલાં બારે વ્રતોનું સામાન્યથી સ્વરૂપ સમજી લેવું છે. આપણે જે વ્રત લેવાં છે તેના આકાર તો સમજવો પડે ને? તેથી આપણે ઉચ્ચરતી વખતે કેવી રીતે પાલન કરવું તે વિચારી શકીએ. તેમાં પહેલા વ્રતમાં ૧. નિરપરાધી ત્રસ જીવોને મારવાની બુદ્ધિએ મારવા નહિ-આટલું તો બને ને? અપરાધી જીવો હોય તેના વિષયમાં તમને વ્રત નથી આપ્યું. પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોના વિષયમાં પણ વ્રત નથી આપ્યું.

સ. મચ્છર ઉડાડવા જતાં મરી જાય તો?

અહીં મારવાની બુદ્ધિ ન હોય તો વ્રતમાં ભાંગો નહિ આવે. સાધુભગવંતના વ્રતની અપેક્ષાએ તો આ વ્રત અતિસ્થૂલ છે. પાપથી વિરામ ન પામવું એ અવિરતિ છે. આ અવિરતિનું પાપ ન દેખાય ત્યાં સુધી ધર્મ કરી શકાશે નહિ. આજે ધર્મ કરવો છે પણ અનુકૂળતા મળે તો કરવો છે ને? અનુકૂળતાનું અર્થીપણું એ પણ એક પ્રકારની અવિરતિ છે.

સ. અનુકૂળતા મળે તો આરાધના સારી થાય ને?

અનુકૂળતા મળે તો આરાધના સારી રીતે કરો એનો વાંધો નથી, પણ અનુકૂળતા ન મળે તો અનુકૂળતા જ શોધ્યા કરવી અને ધર્મ ન કરવો એ બરાબર નથી. અનુકૂળતા મળે તો લઈ લઈએ, પરંતુ ન મળે તો ધર્મ કર્યા વિના નથી રહેવું. ધર્મના નામે અનુકૂળતા ભોગવવામાં પાપ નથી આ માન્યતા ઘર કરી ગઈ છે ને? અનુકૂળતા ન મળે અને કશું કરી ન શકો, તોપણ શાંતિથી દુઃખ ભોગવવાથી પણ નિર્જરા થાય છે. નરકમાં રહેલા જીવો અકામપણે દુઃખ ભોગવીને જો નિર્જરા કરીને ઉપર આવતા હોય તો પોતાની ઈચ્છાથી દુઃખ વેઠવાના કારણે ઘણી નિર્જરા સાધી શકાય ને? પાણીમાં કપડું પલળે તો થોડો મેલ તો કપાય જ. પરંતુ જો મસળીને કાઢીએ તો કપડું ચોખ્ખું થઈ જાય ને? તેમ સકામભાવે દુઃખ વેઠવું એ પણ એક પ્રકારની આરાધના છે.

બીજા અણુવ્રતમાં કન્યા, ગાય, ઢોર કે ભૂમિ સંબંધમાં જૂઠું ન બોલવાનું વ્રત છે. અત્યારે ઢોર નથી રાખતા તો તેના સ્થાને ગાડી સમજી લેવી. ગાડી વેચવી હોય તો તેના સંબંધમાં જૂઠું ન બોલવું. સારી ચાલતી ન હોવા છતાં 'સારી ચાલે છે, પણ પોસાતી નથી માટે કાઢવી છે'. એવું ન કહેવું. અથવા તો આખા દિવસમાં અડધા કલાક માટે પણ જૂઠું નથી બોલવું-એટલો નિયમ લેવો છે?

સ. અમે કાંઈ એટલું બધું જૂઠું નથી બોલતા.

સાચું કહો છો? ઘરાકની સાથે વાતો કરતા બેઠા હો છતાં ઘરમાંથી પૂછે તો 'કામ હતું એટલે મોડું થઈ ગયું'. એમ કહો ને? દેરાસરમાં 'આપો આપો ને શિવસુખ આપો ને' એમ કહો છો એ પણ ખોટું જ છે ને? અમારી આગળ આવીને આસક્તિ નડતી હોવા છતાં શક્તિ નથી એમ કહો તે ય ખોટું જ છે ને? આમ છતાં તમને બધાં અસત્યનું વ્રત નથી અપાતું. ક્રોધ, લોભ, ભય, હાસ્ય વગેરે અનેક કારણે જૂઠું બોલાય છે તેમાંથી તમને માત્ર કન્યા વગેરે સંબંધી જૂઠું ન બોલવાનું વ્રત અપાય છે. કન્યામાં જે ગુણો હોય નહિ, તેવા બતાવવા નહિ. તમે જાતે જોઈ લો, અનુભવ કરો એમ કહેવું

સ. કન્યાના અવગુણ ન બતાવીએ તો?

કન્યાના અવગુણ ન બતાવો અને મૌન રહો તો મૃષાનું પાપ નહિ લાગે. અવગુણીને પણ ગુણવાન કહો તો મૃષાનું પાપ લાગશે. તમારે ધર્મ કરવો હોય તો એટલો નિયમ લઈ લો કે કોઈ પૂછે નહિ ત્યાં સુધી બોલવું નહિ અને કોઈના અવગુણ બીજા આગળ ગાવા નહિ. તો ઘણાં પાપમાંથી બચી જવાય. ગંભીરતાગુણ કેળવી લો તો ઘણાં પાપોથી બચાય. બીજા અણુવ્રતમાં પણ એટલું રાખવું કે જે વસ્તુ આપવાની હોય કે વેચવાની હોય તેના અંગે જૂઠું ન બોલવું. વસ્તુનો જે કાંઈ ભાવ બતાવો એમાં પણ આડુંઅવળું કારણ ન બતાવતાં મને આટલામાં પોસાય એવું છે-એમ જ કહેવું.

ત્રીજા અણુવ્રતમાં જેમાં બેડી નાંખીને જેલમાં લઈ જાય, સરકાર દંડ કરે, સરકારી રીતે જે ગુનો ગણાય એવી ચોરી ન કરવીઃ આટલું તો બને ને? ચાર પ્રકારના અદત્તમાંથી તમને ફક્ત સ્વામીઅદત્તના વિષયમાં વ્રત અપાય છે. કોઈની પણ વસ્તુ પૂછ્યા વિના ન લેવી, જે વસ્તુ જેની માલિકીની હોય તેને પૂછીને જ લેવી. આપણી વસ્તુ બીજાને આપી હોય તોપણ તેને પૂછયા વિના ન લેવી. કારણ કે આપણે પૂછયા વિના પણ આપણી હોવાથી લઈ લઈએ તો પેલો બધે શોધ્યા કરે, ખોવાઈ ગઈ છે એમ માનીને દુઃખી થાય, આવાં અનેક કારણોસર પૂછયા વિના કોઈની વસ્તુ લેવી નહિ. આમાં પણ તકલીફ નથી ને?

સ. ધંધામાં ઘરાક પાસેથી વ્યાજબી કરતાં વધુ પૈસા લઈએ તો ભવાંતરમાં એને એ ચૂકવવા પડે?

એ વ્યક્તિ મોક્ષમાં જતી રહે તો બીજાને પણ ચૂકવવા તો પડશે. તમે જેની પ્રત્યે જેટલું પણ અનુચિત વર્ત્તન કરશો તેટલું તમારે પણ ભોગવવું જ પડશે. માટે તો તમને ચોરી કરવાની, જૂઠું બોલવાની, કોઈને છેતરવાની ના પાડી છે. માત્ર તમને જ નહિ, અમારે માટે પણ કહ્યું છે કે સાધુ થયા પછી સાધુપણું ન પાળીએ તો જેના જેના ઘરે ધર્મલાભ આપ્યો છે તે બધાને ઘેર નોકર થઈને દેવું પૂરું કરવું પડશે. અમારા આચાર્યભગવંત કહેતા હતા કે સાધુ થઈને લોકો પાસેથી અનુકૂળતા ભોગવીએ અને સાધુપણું પાળીએ નહિ તો પાડા અને ગધેડા થઈને તેમનું દેવું પૂરું કરવું પડશે. માણસ પાસે તો ચાર-છ કલાક કામ કરાવીએ જ્યારે ગધેડા વગેરે પાસે તો રાતદિવસ કામ કરાવીએ ને?

ચોથા અણુવ્રતમાં તો જે છે તેમાં સંતોષથી જીવવાનું અને અધિકની ઈચ્છા ન રાખવી. પાંચમા અણુવ્રતમાં એટલું યાદ રાખવું કે જેટલું છે એનાથી વધારવું નથી. જે

પરિમાણ કર્યું હોય તેમાંથી ખૂટે તો પૂરું કરવાની છૂટ, પણ વધારવાની છૂટ નહિ. કોઈ પણ વસ્તુ લેવાની કે સંઘરવાની ભાવના તેનું નામ પરિગ્રહ.

સ. પરિગ્રહનું પરિમાણ કેટલું રાખવાનું?

શાસ્ત્રમાં કહ્યું છે કે ફાટ્યા વિનાનું, સાંધ્યા વિનાનું વસ્ત્ર હોય, પોતાનું (ભાડાનું નહિ) મકાન હોય, અતિ ઊના ઘીથી ચોપડેલી રોટલી ખાવા મળતી હોય અને માથે દેવું ન હોય તો અધિકની ઈચ્છા ન રાખવી. જે અધિકને ઈચ્છે તે પતન પામે છે.

જ્યારે સુખ ભોગવવાનો અવસર નથી એવું લાગે ત્યારે ધર્મ કરવાનો અવસર છે એવું મોટા ભાગના જીવોને લાગતું હોય છે. જ્યાં સુધી સુખ ભોગવાતું હોય ત્યાં સુધી ધર્મ કરવાનો અવસર આવતો જ નથી ને? તમારી જેમ અમારે ત્યાં પણ એ દશા છે. જ્યાં સુધી પ્રભાવના થાય ત્યાં સુધી કરી લેવી છે, જ્યારે પ્રભાવના થાય એવી ન લાગે ત્યારે ખૂણે બેસીને આરાધના કરવાની વાત કરે. અસલમાં ખૂણે બેસીને આરાધના કરી હોત તો પ્રભાવના કરવાનો વખત જ ન આવત. શ્રી ગજસુકુમાલમુનિ કે શ્રી ખંધક મુનિ વગેરે આરાધના એવી કરીને ગયા કે તેમનું નામ લઈએ કે સજ્ઝાય બોલીએ તોપણ કમસે કમ ચોવીસ કલાક તો સમતામાં ઝીલીએ. આરાધના મમત્વને મારીને થાય છે, જ્યારે પ્રભાવના મોટે ભાગે આજે મમત્વના કારણે થતી હોય છે. જ્યાં સુધી મમત્વ નડે ત્યાં સુધી સંસાર નહિ કપાય, ઉપરથી વધ્યા કરશે. આજે અમે મમત્વ મારવા માટે નહિ, મમત્વ સાચવીને આરાધના અને પ્રભાવના કરીએ છીએ. જેને દીક્ષા લેવી હોય તેણે સૌથી પહેલાં મમત્વ મારવાનો અભ્યાસ પાડવાની જરૂર છે. તપ કે સ્વાધ્યાય માટે અભ્યાસ પાડવાના બદલે મમત્વ મારવાનો અભ્યાસ પાડવાની જરૂર છે. મમત્વ નડે નહિ, તેથી જ દીક્ષા લીધા પછી તરત વિહાર કરી જવાની આજ્ઞા છે. ચાતુર્માસમાં વિહાર કરવાનો નથી. આ આશયથી ચોમાસામાં દીક્ષા આપવાની ના પાડી છે. કારણ કે દીક્ષા આપીએ તો પછી વિહાર કરી નહિ જવાય. દીક્ષા લેવા માટે માતાપિતા, ભાઈબહેન વગેરે દરેકનું મમત્વ મારવું જ પડશે. આપણે કામ આખા ગામનું કરીશું, પણ મમત્વ કોઈની પણ ઉપર રાખવું નથી. અણુવ્રતોનો અભ્યાસ એટલા માટે જ પાડવો છે કે જેથી ભવિષ્યમાં સાધુ થવું છે. આજે તો હાલત એવી છે કે ગૃહસ્થપણામાં ઘરના લોકો ઉપર જેટલું મમત્વ ન હતું તેટલું મમત્વ સાધુપણામાં જાગે છે. મમત્વ મરવાના બદલે વધે છે. કારણ કે પહેલાં ઘરના લોકો આપણી અનુકૂળતામાં આડા આવતા હતા માટે તેમની પ્રત્યે મમત્વ થતું ન હતું. સાધુપણામાં આવ્યા પછી એ લોકો આપણી અનુકૂળતા સાચવવા માંડ્યા એટલે એમની પ્રત્યે મમત્વ જાગવા માંડ્યું. મમત્વ મારવાનું કામ કપરું છે. જે દિવસે માતાપિતા સ્વજનો બધા સ્વાર્થનાં સગાં છે

એવું નહિ લાગે ત્યાં સુધી દીક્ષા નહિ મળે. ધન્નાજીની સજ્ઝાયમાં પણ પહેલાં માતાપિતાને સ્વાર્થી કહ્યાં છે, પછી નારીને નરકની દીવડી કહી છે. જ્યાં સુધી માતાપિતા જ ઉપકારી લાગ્યા કરે ત્યાં સુધી દીક્ષા લેવાની યોગ્યતા નહિ આવે. માતાપિતા ઉપકારી ચોક્કસ છે, પરંતુ દીક્ષા લેવી હશે તો એ માતાપિતાનું મમત્વ મારવું જ પડશે. શ્રી નમિરાજર્ષિ પણ દીક્ષા લઈને નીકળ્યા તો ઈન્દ્રમહારાજા તેમની પરીક્ષા કરવા આવ્યા હતા. અને તેમની મિથિલાનગરી બળતી બતાવી, તેમ જ ઠપકો આપીને નગરીને સમારવાનું કહ્યું. ત્યારે નમિરાજર્ષિએ કહ્યું કે જે બળે છે એ મારું નથી, જે મારું છે તે બળતું નથી. સાથે એક દૃષ્ટાંત પણ કહ્યું કે એક વૃક્ષ ઉપર બધા પક્ષીઓ આવીને ભેગા થયેલા. વાવાઝોડામાં એ ઝાડ પડી ગયું. એટલે પેલા પક્ષીઓ રોકકળ કરવા લાગ્યા. એનું કારણ વૃક્ષ તૂટી ગયું એ નથી, પોતાનો આધાર ગયો એ છે. તેમ આ અંતઃપુર રડે છે તે મારી દીક્ષાના કારણે નહિ, પોતાનો આધાર ગયો માટે રડે છે. આ તો સ્વાર્થનું રુદન છે, તો નક્કી છે ને કે અણુવ્રતોનો અભ્યાસ સાધુપણા સુધી પહોંચવા, મમત્વ મારવા માટે જ પાડવો છે.

પાંચ અણુવ્રતની રક્ષા માટે ત્રણ ગુણવ્રતો છે. અણુવ્રતને ગુણકારી વ્રત હોય તો અણુવ્રત સારાં પળાય ને? ફાફડા સાથે ચટણી હોય તો બે ફાફડા વધારે ખવાય ને? તેમ ગુણવ્રતો લઈશું તો અણુવ્રતો સારી રીતે પાળી શકાશે. તેમાં છઠ્ઠા દિક્પરિમાણવ્રતમાં એટલું નક્કી કરવું છે કે કામ ન હોય તો ગામની બહાર જ નહિ, ઘરની બહાર જ જવું નથી. સાધુસાધ્વી કામ ન હોય તો પોતાના આસનેથી ઊભાં ન થાય, જ્યારે ગૃહસ્થ કામ વગર ઘરની બહાર ન જાય. છતાં એમાં એટલું નિયમન કરવું કે રાત્રે ઘરની બહાર ન જવું. કશું ન બને તો છેવટે શહેરની બહાર ન જવું અથવા અંતે પરદેશ ન જવાનો પણ નિયમ લેવો છે. દિક્પરિમાણવ્રતમાં આશય એક જ છે કે આપણે જેટલા બહાર ફરતાં અટકીશું તેટલું પાપ આપણા જીવનમાંથી નાબૂદ થશે.

સ. તીર્થયાત્રા માટે જવાય ને?

તીર્થયાત્રા માટે જવાની છૂટ. પરંતુ તીર્થયાત્રા પણ સંયમયાત્રા માટે કરવાની છે- એટલું યાદ રાખીને જવાનું. બાકી સાધુપણું લેવાનું મન ન હોય તે ગમે તેટલી તીર્થયાત્રા કરે તોપણ તેનો નિસ્તાર ન થાય. સજ્ઝાયમાં પણ કહ્યું છે કે અડસઠ તીરથ ફરી આવે તોપણ શ્વાનપણું નવિ જાય... તેમ આપણે પણ તીર્થયાત્રા કરીને આવ્યા પછી પણ જો સંસારમાં જ આસક્ત હોઈએ તો શ્વાનપણું ગયું નથી-એમ માનવું પડે ને? કૂતરું જેમ હાડકાને સૂંઘ્યા કરે તેમ આપણે પુણ્યે વેરેલા સુખના ટુકડાને સૂંઘ્યા કરીએ છીએ આ શ્વાનપણું જ છે ને? જે પુણ્ય આપણને જન્મ અને મરણનાં દુઃખોને આપ્યા કરે તે પુણ્ય શું કામનું? ગમે તેવું પુણ્ય પણ ભોગવાય તો આ સંસારમાં જ ને? પાપના ઉદયથી

કુજન્મમરણ મળે અને પુણ્યના ઉદયથી સુજન્મમરણ મળે, પરંતુ જન્મમરણનાં દુઃખો ટાળવાનું સામર્થ્ય પુણ્યમાં નથી.

સાતમા વ્રતમાં બાવીશ અભક્ષ્ય અને બત્રીસ અનંતકાયનો ત્યાગ કરવો છે આટલું તો બનશે ને? દવા માટે સત્ત્વ ન હોય તો તમારે તેનું વ્રત ન લેવું. એ સિવાય તો અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ કરી શકો ને? બાકી સત્ત્વ કેળવી લો તો સારી વાત છે. જ્યારે પણ દુઃખ આવે ત્યારે વિચારવાનું કે સાધુસાધ્વીજી શું કરતા હશે? ગમે તેવી બિમારીમાં પણ સાધુસાધ્વી અભક્ષ્ય કે અનંતકાયવાળી દવા નથી જ લેતા ને? તો તમને શું વાંધો આવવાનો હતો. મરવાનું તો આજે નહિ તો કાલે છે જ. તો પાપ કરીને જીવવાનો મોહ શા માટે રાખવો? ગમે તેવા વ્રતમાં અસમાધિ થશે તો તમને મરવા નહિ દઈએ. મરણનો ડર કાઢીને વ્રત પાળવાનો ઉપદેશ શાસ્ત્રકારો આપે પરંતુ મરીને પણ વ્રત પાળવાની વાત શાસ્ત્રકારો ન કરે. વંકચૂલે કાગડાનું માંસ ન ખાવાનો નિયમ લીધેલો તો મરણ આવવા છતાં પ્રતિજ્ઞા ન છોડી. અને નિરતિચાર વ્રતપાલનના ફળરૂપે બારમા દેવલોકમાં ગયા. આઠમા અનર્થદંડવિરમણવ્રતમાં એટલું યાદ રાખવું કે જે શરીરના સુખનું કારણ ન હોય, મનના સુખનું કારણ હોય તે બધું અનર્થદંડમાં જાય. જેનાથી શરીરનો કે આજીવિકાનો નિર્વાહ થાય તેનાથી ઉપરાંત જેટલું પણ વાપરો કે રાખો તે બધું અનર્થદંડમાં જ સમાય છે. એ અનર્થદંડમાં નિયમન તમે જાતે નક્કી કરી લો.

જેને દીક્ષા લઈ શકાતી નથી તેના માટે અણુવ્રતાદિનું પ્રદાન છે, આપણે દીક્ષા લેવી નથી, માટે અણુવ્રત લેવા તૈયાર થયા છીએ ને? આપણે ધર્મ કરવો છે પણ તે પુણ્ય બાંધવા માટે કે પાપના નાશ માટે? પુણ્ય બંધાવાથી થોડા સમય માટે પાપની સજા માફ થશે પાપ માફ નહિ થાય. પાપ ખરાબ છે કે પાપની સજા ખરાબ છે? પાપનો નાશ પુણ્યથી નહિ થાય ધર્મથી જ થશે. છતાં આપણે પુણ્ય જ બાંધવું છે ને? આપણો ધર્મ વર્ત્તમાનમાં આપણા પાપને ઢાંકી રાખવા માટે જ કામ લાગે છે ને? ધર્મ કરતી વખતે પાપની સજા ભોગવી લઈએ તો તે ધર્મથી પાપ નાશ પામે. દઢપ્રહારીએ છ મહિનામાં ધર્મ કેવો કર્યો? છ મહિનાનો તપ કર્યો, કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા અને પોતાના પાપની સજા જેણે જેણે આપી તે બધી ભોગવી લીધી તો છ મહિનાના અંતે સર્વ પાપનો નાશ થઈ ગયો. ધર્મ પાપનાશ માટે જ કરવો છે, દુઃખના નાશ માટે નહિઃ તમે દવા લો તો દુઃખના નાશ માટે લો કે રોગના નાશ માટે? દુઃખ તો રોગના કારણે આવે છે, રોગના કારણે આવેલું દુઃખ રોગ જવાથી જાય, ધર્મ કરવાથી ન જાય. દુઃખ એ રોગનું ચિહ્ન છે. તે જ રીતે ધર્મથી પાપનો જ નાશ થાય, દુઃખનો નહિ. દુઃખનો નાશ તો ત્યારે જ થાય કે જ્યારે પાપનો નાશ થાય.

સ. રોગનો નાશ પણ દુ:ખના નાશ માટે જ કરવો છે.

સાચું કહો છો? માત્ર દુ:ખનો જ નાશ કરવો હોય તો તમને ઈન્જેક્શન આપીને બેભાન રાખીએ તો ચાલે ને? માત્ર દુ:ખ જ ટાળવું હોય તો દુ:ખને દબાવવાની ગોળી લઈ લો તો ચાલે ને? રોગની દવા શા માટે કરાવો છો? ત્યાં તો બરાબર સમજાય છે કે રોગ જશે તો જ દુ:ખ જશે, દુ:ખ દબાવવાથી દુ:ખ ન જાય. તેમ અહીં સમજવું છે કે ધર્મથી પાપ જશે ત્યારે જ દુ:ખ જશે. જ્યાં સુધી પાપનો નાશ નહિ થાય ત્યાં સુધી ગમે તેટલો ધર્મ કરીએ તોપણ દુ:ખ નહિ જ જાય. આથી જ ભગવાને દુ:ખ દૂર કરવાની ના પાડી છે, દુ;ખ ભોગવીને ધર્મ કરવાનું કહ્યું છે. ધર્મ દુ:ખ ભોગવીને અને પાપ ટાળીને કરવો છે. ધર્મ કરવાનું સહેલું છે, પરંતુ પાપ છોડવાનું કપરું છેઃ માટે જ સાધુપણું લેવાનું ફાવતું નથી. દાન આપવાનું સહેલું છે પણ ધંધો છોડવાનું કામ કપરું છે. સાધુ દાન નથી આપતા, પણ ધંધો છોડીને બેઠા છે ને? સાધુપણામાં ક્રિયા કરવાનું અઘરું નથી, પાપ છોડવું પડે છે એ જ અઘરું છે. અને પાપ છોડવાનું અઘરું પણ એટલા માટે છે કે પાપ ગમે છે. જે ઈષ્ટ હોય તેનો ત્યાગ કરવો એ જ અનિષ્ટ છે.

સ. પાપ ખરાબ છે. એ ખબર હોવા છતાં ગમે છે કેમ?

પાપ કરતી વખતે થોડોઘણો સુખનો અનુભવ થાય છે માટે ખરાબ નથી લાગતું. જો એ સુખની પાછળ રહેલું પાપ અને દુ:ખ દેખાય તો પાપ ગમવાનું કોઈ કારણ નથી, સાધુપણાની યોગ્યતા આટલી જ ઓછામાં ઓછી હોવી જોઈએ કે પાપ ગમતું નથી, સુખ ભોગવવું નથી અને દુ:ખ ભોગવી લેવું છે. આટલી યોગ્યતા કેળવવા માટે સૌથી પહેલાં અભ્યાસ પાડવો છે. ભગવાનના શાસનની એક પણ ક્રિયા પાપના ત્યાગ વિના થતી નથી. ઈરિયાવહી વિના એકે ક્રિયા નથી. એક ખમાસમણું પણ નિસીહિપૂર્વક જ અપાય છે. પાપવ્યાપારના ત્યાગ વિના ખમાસમણું પણ નથી અપાતું તો બીજો ધર્મ ક્યાંથી થાય?

બારે વ્રતની રૂપરેખા નજર સામે આવી ગઈ ને? ચાર શિક્ષાવ્રતમાં તો આખા વરસમાં કેટલાં સામાયિક, કેટલાં દેસાવગાસિક, કેટલા પૌષધ અને અતિથિસંવિભાગ કરવાના તેનું નિયમન વિચારી લેવું. અતિથિસંવિભાગમાં સાધુસાધ્વી ન મળે તો મુમુક્ષુ સાધર્મિકની ભક્તિ કરીને પછી જ વાપરવું. એ પણ એક પ્રકારનો અતિથિસંવિભાગ છે. કારણ કે શ્રાવક શ્રાવિકા પણ સંઘનું એક અંગ છે. સાધર્મિકની ભક્તિ કરવાનું પણ ભગવાને કહ્યું છે, શ્રાવકને સાધર્મિક વિના જમવાનું ફાવે જ નહિ. એકલા જમવાનું કામ શ્રાવક ન કરે. શ્રાવકના ઘરમાં ચાર માણસની રસોઈ વધારે હોય જ; એક સાધુ, એક

સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકાનો લાભ મળી શકે તે માટે. સાધુસાધ્વીના ઉદ્દેશથી રાંધવાની વાત નથી. હશે તો લાભ મળશે એ ભાવના જોઈએ. તમે બે બેડરૂમના બદલે ત્રણ બેડરૂમનો ફ્લેટ લો ત્યારે ભાવના શું હોય? હશે તો મહેમાન માટે કામ લાગશે-એમ જ ને? એ વખતે મહેમાનનો ઉદ્દેશ નથી હોતો. પોતાના માટે જ ફ્લેટ લો છો ને? તેવી રીતે શ્રાવક હંમેશા સંવિભાગની ભાવનાવાળો હોય. આ રીતે સાધર્મિકભક્તિ કરવાની ભગવાનની આજ્ઞા છેઃ એ આજ્ઞાના પાલનથી ચારિત્રમોહનીયકર્મ તૂટે અને સાધુપણું વહેલું ઉદયમાં આવે.

અહીં મૂળમાં તથા ટીકામાં સૂત્ર (૨૩) થી સૂત્ર (૩૪) સુધીમાં બારે વ્રતોના પાંચ પાંચ અતિચારોનું વર્ણન વિસ્તારથી કર્યું છે. આપણે વંદિત્તાસૂત્રના અર્થમાં આ બધું જોઈ આવ્યા છીએ. તેથી અહીં એનો વિચાર નથી કરવો. આપણે બારે વ્રતના સ્વરૂપને નજર સામે રાખી તેના પાલન માટે તૈયાર થવું છે. અને વ્રત લેવાં છે જ એ રીતે કે એમાં અતિચાર લાગવાનો પ્રસંગ જ ન આવે. એક તો અણુવ્રત હોય એમાં પાછા અતિચાર લગાડીએ તો વ્રત જેવું કશું રહે નહિ તેથી જણાવે છે કેઃ

**एतद्रहिताणुव्रतादिपालनं विशेषतो गृहस्थधर्म इति ।।३५।। (१६८)**

અતિચારથી રહિતપણે સમ્યક્ત્વનું તથા સમ્યક્ત્વસહિતના અણુવ્રતાદિનું પાલન કરવું-એ જ વિશેષથી ગૃહીધર્મ છે. જે સાતિચાર ધર્મ હોય તેની ધર્મની કોટિમાં ગણના થતી નથી. એમ સમજીને નિરતિચારપણે વ્રતના પાલન માટે પ્રયત્નશીલ બનવું છે.

ગૃહસ્થના વિશેષધર્મને જણાવ્યા બાદ હવે શ્રાવકની દિનચર્યા જણાવવાનું કામ આ ત્રીજા અધ્યાયમાં કર્યું છે. શ્રાવકને સર્વવિરતિ લેવાની ભાવના હોવાથી તે પોતાની દિનચર્યા પણ એ રીતે જ ગોઠવવા માટે પ્રયત્નશીલ હોય છે. માત્ર શ્રાવકની જ નહિ, મનુષ્યમાત્રની ઈચ્છા સાધુ થવાની જ હોય ને? આ મનુષ્યજન્મમાં આપણે આવ્યા છીએ તે દેવ થવા માટે નથી આવ્યા, સંસારથી મુક્ત થવા આવ્યા છીએઃ આજના દિવસનું મહત્ત્વ પણ આ વિરતિધર્મને લઈને છે. આજે જ્ઞાનપંચમીનો દિવસ છે. સમ્યગ્જ્ઞાનનું ફળ વિરતિ છે. જ્ઞાનની આરાધના વિરતિ પામવા માટે જ કરવાની છે. જો આપણને વિરતિ મળી ન હોય તેનું કારણ એ છે કે આપણને જ્ઞાન મળ્યું નથી. માત્ર જ્ઞાન ઉપર વાસક્ષેપ નાંખીને પૂજા કરવાથી જ્ઞાનપૂજન ન થાય. જ્ઞાન ભણવાથી જ્ઞાનની પૂજા થાય છે. જ્ઞાનનું અધ્યયન કરવું, જ્ઞાન પામવા માટે પુરુષાર્થ કરવો એ જ જ્ઞાનની પૂજા છે. પરંતુ આપણી સ્થિતિ એવી છે કે જેમ આપણે ભગવાનની પૂજા કરીએ છીએ પણ ભગવાનનું માનવાનું મન નથી તેમ જ્ઞાનની પૂજા કરવી છે પણ જ્ઞાન ભણવું નથી.

તપ કરનારને અણાહારીપદ નથી જોઈતું, દાન આપનારને ધંધો નથી છોડવો, તેમ જ્ઞાનની પૂજા કરનારને જ્ઞાન નથી જોઈતું, અને જ્ઞાનની આરાધના કરનારને વિરતિ નથી જોઈતી. આ જ્ઞાનની આરાધના તો ઘણી કરીએ છીએ, પણ જ્ઞાન પ્રત્યે બહુમાન નથી. જ્ઞાન માંડીને મૂક્યું હોય તો કોઈ શણગાર પણ ન હોય અને માત્ર સાપડા ઉપર પુસ્તક મૂકી દો-એટલામાત્રથી ન ચાલે. એમાં પણ સાપડાનો પાયો તૂટેલો હોય તો સાપડો ઊંધો મૂકીને પણ વાપરે આ તો જ્ઞાનનો ઉપહાસ છે ને? આજે નિયમ આપી દઉં કે જ્ઞાન દર્શન કે ચારિત્રનું સાધન જો તૂટી જાય કે ફાટી જાય તો તે પરઠવી દેવાનું પણ સાંધીને ન વાપરવું. જ્ઞાનાદિનાં ઉપકરણ જેટલાં શુદ્ધ અને અખંડ હશે એટલા ભાવ પણ શુદ્ધ બનશે. વસ્ત્ર વગેરે શુદ્ધ હોય તો ભાવ સારો આવે ને? જ્ઞાનની, જ્ઞાનના ઉપકરણની આશાતના ન કરવીઃ આ પણ એક પ્રકારનો વિનય છે, અનાશાતના નામનો વિનય ગણાવેલો છે. જ્ઞાનની ઉપાસના કરી ન શકાય તોપણ જ્ઞાનનો ઉપહાસ તો કોઈ સંયોગોમાં કરવો નથી. આજે વિરતિરૂપ ફળ જોઈતું નથી માટે જ જ્ઞાનની ઉપેક્ષા કરીએ છીએ ને? ચારિત્રનો ઉલ્લાસ નથી માટે જ્ઞાનનો ઉલ્લાસ આવતો નથી. જેને જ્ઞાન ગમે અને વિરતિ ન ગમે એને જ્ઞાન ગમતું નથીઃ એમ માનવું પડે. તમારે ત્યાં એવો માણસ મળે ખરો કે જેને કામ કરવું ગમે પણ પૈસો ન ગમે? પૈસો ગમે છે માટે તો લોકો કામ કરે છે. તેમ ચારિત્ર ગમે છે માટે જ જ્ઞાન ગમે છે ને? જેને ભણવાનો ઉલ્લાસ ન હોય તેણે સાધુપણામાં જવાની ઉતાવળ ન કરવી. કારણ કે સાધુપણામાં આવ્યા પછી પંદર કલાક સુધી જ્ઞાનની જ આરાધના કરવાની છે.

**સ.** જીવોની રુચિ અલગ અલગ હોય.

જેને ખાવાની રુચિ ન હોય તેને ખાવા બેસાડાય? તેમ જેને જ્ઞાનની રુચિ ન હોય તેને ચારિત્ર ન અપાય.

**સ.** વૈયાવચ્ચ કે ક્રિયાની રુચિ હોય તો?

ક્રિયા કરીને કેટલી કરશે? વૈયાવચ્ચ પણ કોઈ માંદું પડે તો કરવાની. જો કોઈ માંદું ન પડે તો પછી બાકીના સમયમાં શું કરવું? જ્ઞાન ચઢે નહિ એવાને નભાવાય, પણ જ્ઞાન પ્રત્યે રુચિ જ ન હોય એવાને સાધુપણામાં ન લવાય. કારણ કે તે જો વૈયાવચ્ચ કે ક્રિયા ન કરે તો બાકીના સમયમાં નિદ્રા કે વિકથા કરવા જ બેસવાના.

**સ.** વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ કહ્યો છે, તેનો આશય શું છે?

વૈયાવચ્ચનું ફળ માત્ર નિર્જરા છે, આથી એ નિર્જરા નકામી નથી જતી. જ્યારે જ્ઞાનનાં બે ફળ છેઃ જ્ઞાનાવરણીયની નિર્જરા અને જ્ઞાનની પ્રાપ્તિ. તેમાંથી જ્ઞાનસ્વરૂપ

ફળ જો સ્વાધ્યાય કરવામાં ન આવે તો નાશ પામે છે, માટે જ્ઞાનને પ્રતિપાતી કહ્યું છે. બાકી જ્ઞાન પણ જો ટકાવતાં આવડે તો અપ્રતિપાતી છે. જ્ઞાનમાં પ્રતિપાતની સંભાવના છે માટે પ્રતિપાતી છે, જ્ઞાન આવેલું જાય જ છે માટે પ્રતિપાતી છે, એવું નથી. જે છઠ્ઠું પ્રમત્તગુણઠાણું છે ત્યાં પ્રમાદની સંભાવના છે, પ્રમાદ હોય જ એવું નહિ. એ જ પ્રમાણે અહીં પણ સમજવું. રુચિ અને બહુમાનથી ભણે અને અપ્રમત્તપણે સ્વાધ્યાય કરે તો જ્ઞાન પણ અપ્રતિપાતી છે. તીર્થંકરના આત્માઓ ત્રીજા ભવનું મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન લઈને આવે છે ને? જેઓ જ્ઞાન ટકાવતા નથી એની અપેક્ષાએ જ્ઞાન પ્રતિપાતી છે.

સ. નિર્વાણપદની વારંવાર પરિભાવના થાય એટલું જ્ઞાન બસ છે, વધારે જ્ઞાનની જરૂર નથી: એવું કહ્યું છે ને? ત્યાં શું સમજવું?

ત્યાં એટલું સમજવાનું છે કે નિર્વાણપદનું પરિભાવન કરી શકીએ ત્યાં સુધી જ્ઞાન મેળવતા રહેવું. ઘણું જ્ઞાન હોય અને નિર્વાણપદની પરિભાવના ન હોય તો તે જ્ઞાન નકામું છે. પરંતુ નિર્વાણપદનું પરિભાવન કરવા માટે જેટલું જ્ઞાન જોઈએ એટલું તો મેળવવું જ પડશે. શાસ્ત્રના અભ્યાસ વિના નિર્વાણપદનું પરિભાવન કરવાનું સામર્થ્ય આવતું નથી.

સ. ગજસુકુમાલમુનિ તો એક જ રાતમાં કેવળજ્ઞાન પામી ગયા, તેમણે જ્ઞાનની આરાધના ક્યાં કરી હતી?

તેઓ જ્ઞાનની સાધના પૂર્વભવમાં કરીને આવ્યા હતા. આથી જ સ્વાધ્યાય અને ધ્યાનના ફળરૂપ કાયોત્સર્ગને પામી ગયા. કાયાની મમતા ઉતારીને શરીર અને આત્માની ભિન્નતાનું પરિભાવન કરી શક્યા-એ પ્રભાવ પૂર્વભવની શ્રુતજ્ઞાનની આરાધનાનો જ હતો. જે શ્રુતજ્ઞાનની સાધના ન કરે તેને કેવળજ્ઞાન ન મળે. તમને ગજસુકુમાલમુનિ યાદ આવ્યા પણ ગણધરભગવંતો યાદ ન આવ્યા, શય્યંભવસૂરિ મહારાજ યાદ ન આવ્યા, ભદ્રબાહુસ્વામી યાદ ન આવ્યા, સ્થૂલભદ્રમહારાજ યાદ ન આવ્યા, વજ્રસ્વામી મહારાજ, આર્યરક્ષિતસૂરિ મહારાજ, પિસ્તાળીસ આગમના જ્ઞાતાઓ યાદ ન આવ્યા. શ્રુતજ્ઞાન ઉપર આટલી બધી નફરત કેમ છે? જ્ઞાન પ્રત્યેની નફરતના કારણે કેવી દશા થઈ હતી તે જ્ઞાનપંચમીની કથામાં સાંભળ્યું છે ને? બે ભાઈએ દીક્ષા લીધેલી. નાના ભાઈને આચાર્યપદવી આપેલી. તે પાંચ હજાર સાધુઓને વાચના આપતા હતા. એક રાત્રિએ એક પછી એક સાધુઓ સ્વાધ્યાયમાં શંકા પડવાથી પદ પૂછવા માટે આવતા હતા. એમ કરતાં એમની ઊંઘમાં અંતરાય પડ્યો. મોટા ભાઈ ભણ્યા ન હોવાથી શાંતિથી સૂતા હતા તેથી અજ્ઞાનની અનુમોદના કરી અને જ્ઞાન ઉપર મનવચનકાયાથી ક્રોધ આવવાથી બાર

દિવસ સુધી કોઈને જવાબ આપ્યો નહિ તેના કારણે ઘોર જ્ઞાનાવરણીય બાંધ્યું.

**સ.** એ વખતે એમણે શું વિચારવું જોઈતું હતું?

એ વખતે એમણે એમ વિચાર્યું હોત કે મારી પાસે જ્ઞાન છે અને અનેકના અજ્ઞાનને ટાળવા માટે કામ લાગે છે એ મારા અહોભાગ્ય છે. જ્ઞાન તો જેટલું વપરાય એટલું સ્થિર થાય અને વૃદ્ધિ પામે. તમારે ત્યાં પણ પૈસો જેટલો વાપરો, ઈન્વેસ્ટ કરો એટલો વધે ને?

**સ.** વાંચનમાં જેટલી એકાગ્રતા આવે છે એટલી ગોખવામાં નથી આવતી.

એનું કારણ એ છે કે સૂત્રનું જ્ઞાન જોઈતું નથી, અર્થજ્ઞાનથી કામ ચાલે છે. જે જોઈતું હોય તેમાં એકાગ્રતા આવે. ક્રિકેટની ટીમમાં સ્થાન મેળવવું હોય તેને બેટિંગ કરવી ગમે અને બોલિંગ ફિલ્ડિંગમાં કંટાળો આવે તો ચાલે? કે બધામાં જ રસ કેળવવો પડે? અર્થ ગમે અને સૂત્ર ન ગમે તે જ્ઞાનની આરાધના નહિ કરી શકે. આજે નિયમ લઈ લો કે સવારે ચારથી પાંચમાં પાંચ ગાથા કર્યા વગર ઘરની બહાર જવું નહિ. કેવળજ્ઞાન પામવું હશે તો શ્રુતજ્ઞાનની આરાધના કર્યા વિના નહિ જ ચાલે. આથી આજના દિવસે સૂત્ર ભણવાનો સંકલ્પ કરી લેવો છે.

આપણી ઈચ્છાથી જ વ્રત અંગીકાર કર્યું હોય, પરાણે ન કર્યું હોય તે જ રીતે વિધિપૂર્વક વ્રત લીધું હોય તો તેમાં અતિચાર લાગવાનું કોઈ કારણ નથી, તો પછી અતિચારરહિતપણે પાલન કરવું જોઈએ-એવું જણાવવાનું કારણ શું છે? આવા પ્રકારની શિષ્યની શંકાના નિરાકરણમાં જણાવે છે કે-

**क्लिष्टकर्मोदयादतिचारा इति ।।३६।। (१६९)**

ક્લિષ્ટ કર્મના ઉદયના કારણે વિધિ મુજબ વ્રત ગ્રહણ કરનારને પણ અતિચાર લાગવાની સંભાવના છે. મિથ્યાત્વાદિ કર્મોને ઉદયમાંથી ટાળ્યા પછી તે કર્મો સત્તામાં પડેલા હોવાથી તે નડવાની પૂરી સંભાવના છે. કર્મના અનુબંધ જ્યાં સુધી તૂટે નહિ ત્યાં સુધી જેનો ઉદય ટાળ્યો છે એવાં પણ કર્મો ગમે ત્યારે ઉદયમાં આવીને હેરાન કરે એવો પૂરતો સંભવ છે. તેથી શંકા વગેરે અતિચારો લાગે છે. જ્યારે કર્મોના અનુબંધો તૂટી જાય ત્યારે જ અતિચારનો અસંભવ છે. ત્યાં સુધી તો અતિચારનો સંભવ છે. હવે શિષ્યને ફરી શંકા થાય છે કે જો આ રીતે અતિચાર લાગવાના જ હોય તો નિરતિચાર વ્રતનું પાલન કઈ રીતે કરવું? અને આ ક્લિષ્ટકર્મનો ઉદય ટાળવો કઈ રીતે? આપણે હોત તો શું કરત? આપણું કામ નહિ એમ કહીને ઘરભેગા થઈ જાત ને? આ શિષ્ય સારો છે, તેને પામવું છે તેથી જ તેને આવી શંકા પડે છે કે આ ક્લિષ્ટકર્મનું નિવારણ કેવી રીતે કરવું? આથી આગળના સૂત્રથી કર્મને ટાળવાનો ઉપાય જણાવે છે:

**विहितानुष्ठानवीर्यतस्तज्जय इति ॥३७॥ (१७०)**

ક્લિષ્ટ કર્મને જીતવાનો ઉપાય એક જ છે કે વિહિત અનુષ્ઠાનમાં વીર્ય ફોરવવું. કર્મનો પ્રતિકાર કરવા માટે વીર્ય ફોરવવું જ પડશે. નાના છોકરાઓનું સામર્થ્ય બિલકુલ નથી હોતું છતાં પણ તેઓ પ્રતિકાર કેવો કરે છે? તમારા વાળ ખેંચે, આંગળા ઊંચા કરીને તમારી આંખમાં નાંખે, કશું ન બને તો છેવટે પગ પછાડે, લાતો મારે ને? ગમે તેમ કરીને તમારાથી છૂટવા માટે તે મહેનત કરે અંતે તમારે તેને મૂકી દેવો પડે. તેમ આપણું પણ સામર્થ્ય અલ્પ હોય અને કર્મ ક્લિષ્ટ હોય, બળવાન હોય તોપણ વિહિત અનુષ્ઠાન દ્વારા તેનો પ્રતિકાર એ રીતે કરવો છે કે જેથી કર્મ આપણને મૂકી દે, છોડી દે. બળવાન પાસે પણ પરાક્રમ ફોરવીએ તો બચી શકાય. આથી જ અહીં વિહિત અનુષ્ઠાનમાં વીર્ય ફોરવવાનું જણાવ્યું છે. અહીં પણ માત્ર અનુષ્ઠાન કરવાનું ન જણાવતાં, વિહિત અનુષ્ઠાન કરવાનું ગ્રંથકારશ્રી ફરમાવે છે. ધર્મ કરવાથી કર્મ ન જાય, વિહિત ધર્મ કરવાથી કર્મ જાય. ધર્મ કરવાથી પુણ્ય બંધાય, પણ કર્મો તો વિહિત ધર્મ કરવાથી જાય. જે પુણ્યના અર્થી છે તેઓ ધર્મ કર્યા વિના નથી રહેવાના. જે મોક્ષના અર્થી હશે તેઓ વિહિત અનુષ્ઠાન કર્યા વિના નહિ રહે. આજે આપણી તૈયારી કેટલી છે? જન્મ મળે તો સારો મળે એટલી જ ને? જન્મ ન ટળે તો ચિંતા નહિ! મહાપુરુષો આપણો જન્મ ટળે તેના માટે પુરુષાર્થ કરે છે. સારો જન્મ જોઈએ છે કે જન્મ ટાળવો છે? અનુકૂળ પરિવાર મળે તો સારું કે પરિવાર છૂટે તો સારું? અનુકૂળ પરિવાર મળે તો મોક્ષ મળે કે અનુકૂળ પરિવાર છૂટે તો મોક્ષ મળે?

સ. મોક્ષ ન મળે ત્યાં સુધી અનુકૂળ પરિવાર મળે તો સારું.

મોક્ષ ન મળે ત્યાં સુધી અનુકૂળ પરિવાર જોઈએ છે કે મોક્ષ મેળવવા માટે અનુકૂળ પરિવાર પણ છોડવો છે? ચારિત્રમોહનીય કર્મ તોડવા માટે કોઈ પુરુષાર્થ નથી ને? લાભાંતરાય અને ભોગાંતરાય તોડવા માટે સાધન વસાવ્યાં છે પણ ચારિત્રમોહનીયકર્મ તોડવા માટે કોઈ પ્રયત્ન નથી ને? આપણો પરિવાર આપણને ધર્મમાં અંતરાય કરતો હોય તો તેને અનુકૂળ કેવી રીતે મનાય? આવા પરિવારની ચિંતા કરવાના બદલે આપણે આપણા આત્માની ચિંતા કરવા નીકળી પડવું છે. શાલિભદ્રજી બત્રીસ પત્ની અને માતાની ચિંતા કરવા રહ્યા નહિ. પાછળવાળાની ચિંતા કર્યા કરે તે ચારિત્ર ન લઈ શકે. આપણને રોગ થાય તો પરિવાર માટે રહીએ કે પરિવારને મૂકીને હોસ્પિટલમાં ભરતી થઈ જઈએ? વર્ત્તમાનમાં આટલો ધર્મ કરવા છતાં ચારિત્રમોહનીય ક્ષીણ ન થયું હોય તો તેનું કારણ એક જ છે કે ધર્મ કર્યો, પણ વિહિતધર્મ ન કર્યો. અમને પણ ચારિત્ર પાળવા છતાં કેવળજ્ઞાન ન મળતું હોય તો નક્કી છે કે વિહિત રીતે ચારિત્ર પાળ્યું નથી. ક્લિષ્ટ

કર્મના ઉદયને ટાળવો હોય તો જે વ્રતનો સ્વીકાર કર્યો તેનું અનુસ્મરણ કાયમ માટે કરવું. વિહિત અનુષ્ઠાનમાં વીર્ય ફોરવવાથી વીર્યાન્તરાયનો ક્ષયોપશમ થાય અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થાય તેથી અતિચાર ટળે. વિહિત અનુષ્ઠાન એ સર્વ અપરાધરૂપી વ્યાધિના વિરેચન માટે મહાન ઔષધસમાન છે. આપણે ભગવાનનું માનતા નથી એ જ અપરાધ છે. તેનો નાશ વિહિતાનુષ્ઠાનથી થાય છે. અવિહિત અનુષ્ઠાનથી જે અપરાધ થાય છે તેનો નાશ વિહિતથી થાય. ભગવાનનું ન માનવાના કારણે જે પાપ બંધાય છે તે પાપ ભગવાનનું કહ્યું માનવાના કારણે જ નાશ પામે. ભગવાને જે ના પાડી હોય તેનું નામ પાપ અને ભગવાને જે કરવાનું કહ્યું હોય તે વિહિતાનુષ્ઠાન. આથી જ જણાવે છે કે:

**अत एव तस्मिन् यत्न इति ।।३८।। (१७१)**

વિહિતાનુષ્ઠાનથી જ અતિચારનો જય થાય છે, આથી સર્વ ઉપાધિથી શુદ્ધ એટલે દ્રવ્ય, ક્ષેત્ર કાળ ભાવ બધું સાચવીને અનુષ્ઠાનમાં ઉદ્યમ કરવો. દ્રવ્ય ઉત્તમ લેવાનું અને બહુમાનભાવથી તે વાપરવાનું. ઘીની તપેલી હાથમાં ઉપાડો તો કેવી રીતે ઉપાડો? હાથમાંથી ક્યારે પણ પડી જાય ખરી? જ્યારે ચરવળો મુહપત્તી, સાપડો, કળશ વગેરે કેવી રીતે પકડો? પડી જાય એ રીતે ને? ક્ષેત્ર પણ અશુચિરહિત જોઈએ. કાળ પણ આપણને ફાવે એવો ન હોવો જોઈએ, ભગવાને કહ્યું હોય એ કાળે જ તે તે અનુષ્ઠાન કરવાનાં. અને ભાવ તો સંસારથી છૂટવાનો હોવો જોઈએ, સંસારમાં ગોઠવવાનો નહિ. અન્યત્ર પણ કહ્યું છે કે નિત્ય સ્મૃતિપૂર્વક, અધિકગુણવાળા પ્રત્યે બહુમાનભાવ રાખીને, પ્રતિપક્ષ પ્રત્યે દુર્ગંછા રાખીને અર્થાત્ સમ્યક્ત્વવ્રત લીધું હોય તો મિથ્યાત્વ પ્રત્યે દુર્ગંછા કરવી અને દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરી હોય, તો અવિરતિ પ્રત્યે દુર્ગંછા રાખવી. પોતાની પરિણતિ વૃદ્ધિ પામે છે કે નહિ તેની આલોચના કરતા રહેવું. તેમ જ તીર્થંકરભગવંત પ્રત્યે ભક્તિ રાખવી. ભગવાને આ રીતે સંસારથી પાર ઉતારનાર એવું અનુષ્ઠાન બતાવી મારા ઉપર કેટલો અનુગ્રહ કર્યો છે! આવો બહુમાનભાવ એ જ ભક્તિ છે. તેમ સુસાધુભગવંતોની પર્યુપાસના કરવા દ્વારા ઉત્તરોત્તર ગુણની શ્રદ્ધાથી સદા માટે પ્રયત્નશીલ રહેવું: એ જ વિહિતાનુષ્ઠાનનો યત્ન કહેવાય છે. રોગને દૂર કરવા માટે ઔષધ આપણે આ રીતે જ લઈએ ને? ક્યારે દવા લેવાની છે તે કાયમ યાદ હોય, દવાથી જે જે ફાયદા થાય છે તેની પ્રત્યે બહુમાન હોય, દવાના પ્રતિપક્ષભૂત અપથ્યની દુર્ગંછા પૂરી હોય ને? ડોક્ટરે માત્ર મગનું પાણી લેવા કહ્યું હોય તો ફોતરું પણ ન આવવા દઈએ ને? અને પોતાની પરિણતિ એટલે કે રોગપ્રતિકારક શક્તિ કેટલી છે, શરીરની પ્રકૃતિ કેવી છે.. એ બધું વિચારીને દવા લઈએ ને? જે ડોક્ટરની દવા ચાલતી

હોય તેની પ્રત્યે અહો ભાવ ઘણો હોય. જે દર્દી સાજા થયા હોય તેમને પૂછ્યા કરીએ કે તમે શું કર્યું, કેવી રીતે સાજા થયા અને ઉત્તરોત્તર આરોગ્યની શ્રદ્ધા હોય ને કે આજે ચરી પાળીશું તો કાલે બધું ખાવા મળશે. એજ રીતે આ વિહિતાનુષ્ઠાન એ ક્લિષ્ટકર્મના નાશ માટે ઔષધસમાન છે. આમાં પ્રયત્ન કરવાના કારણે જો વ્રતનો પરિણામ પ્રગટ્યો નહિ હોય તો પ્રગટ થઈ જશે અને જો પહેલાં પ્રગટ થયો હશે તો તે ક્યારે પણ પડશે નહિ તેથી બુદ્ધિમાન પુરુષોએ વિહિતાનુષ્ઠાનમાં અપ્રમાદ કરવાયોગ્ય છે. આપણાં અનુષ્ઠાન વિહિત ન હોય તો આપણે અનુષ્ઠાન છોડવા માટે મહેનત નથી કરવી, તેને વિહિત બનાવવા પ્રયત્ન કરવો છે.

હવે સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત ન થયા હોય તો તેને પ્રાપ્ત કરવા અને પ્રાપ્ત ગુણોના પરિપાલન માટે શું કરવું તે વિશેષ શિક્ષાને જણાવે છે-

**सामान्यचर्याऽस्येति ।।३९।। (१७२)**
**समानधार्मिकमध्ये वास इति ।।४०।। (१७३)**

શ્રી તીર્થંકરભગવન્તોએ જે દ્રવ્યક્ષેત્રકાળભાવથી આજ્ઞા કરી હોય તેને અનુસારે ધર્મ કરીએ તો જ તે ક્લિષ્ટ કર્મનો નાશ કરે છે. અન્યથા એ ધર્મ પણ કર્મબંધનું કારણ બને છે. આ મહાપુરુષો ધર્મ ઉપર ભાર ન આપતાં વિહિત ધર્મ ઉપર ભાર આપે છે. કારણ કે જે વિહિત ધર્મ હોય એ જ સંસારથી તરવા કામ લાગે છે. પાપથી દુઃખ આવે છે એમ આ મહાપુરુષોએ કહ્યું, પરંતુ પુણ્યથી સુખ મળે છે એમ ન કહેતાં ધર્મથી સુખ મળે છે-એમ જણાવવાનું કામ કર્યું છે. કારણ કે પુણ્યથી જે સુખ મળે છે તેને એ મહાપુરુષો સુખ ગણતા જ નથી. જે ધર્મથી મળે તેને સુખ કહેવાય. ધર્મ ભગવાનની આજ્ઞા મુજબનો હોય તો તે આત્માના સુખનું કારણ બને. જ્યારે પુણ્ય તો ભગવાનની આજ્ઞા મુજબનું ન હોય તો તે સંસારના સુખનું કારણ બને. અભવ્ય જીવો નવમા ગ્રૈવેયક સુધી જાય તો પુણ્યના યોગે જાય છે, પણ તે પાપાનુબંધી હોવાથી ભગવાનની આજ્ઞા મુજબનું પુણ્ય નથી. જે પુણ્યાનુબંધી પુણ્ય છે તે ભગવાનની આજ્ઞા મુજબનું કહેવાય છે, પરંતુ એનાથી પણ જે સુખ મળે છે તે તો સંસારનું જ સુખ છે. આથી એમાં પણ મુમુક્ષુજનોને આસ્થા હોતી નથી. જે આજ્ઞા મુજબનો ધર્મ છે તે જ વસ્તુતઃ સુખનું કારણ છે આથી જ ધર્મ આપણે પાપના નાશ માટે કરવાનો છે, પુણ્ય બાંધવા માટે નહિ.

હવે જેણે વ્રત લીધું હોય એવા સર્વ જીવો માટે સાધારણ એવી ચર્યા-ચેષ્ટા જણાવે છે. સામાન્ય એટલે તુચ્છ એવો અર્થ નથી. સામાન્ય એટલે સર્વસાધારણ.

જેટલા પણ વ્રતધારી હોય તે બધા માટે આ સમાન ચર્યા છે. વ્રત કરતાં પણ આ ચર્યા ચઢિયાતી છે. તેમાં સૌથી પહેલાં સમાન ધર્મવાળા સાથે રહેવાનું જણાવ્યું છે. આજે સમ્યક્ત્વ લીધા પછી પણ મિથ્યાત્વીની વચ્ચે રહેવાથી આપણું સમ્યક્ત્વ મલિન થાય છે. વિરતિ લીધા પછી અવિરતિધરની સાથે રહેવાના કારણે આપણી વિરતિ મલિન બને છે. આજે આપણે પાપ છોડ્યું હોવા છતાં પાપથી છૂટવાની તૈયારી નથી ને? પાપથી છૂટવું હોય તો બધાં પાપ છોડવાં પડે. પાપ છોડતી વખતે થોડુંઘણું પાપ નભાવવાની પણ તૈયારી છે ને? નીતિથી ધંધો કરવો છે, પણ પરિગ્રહનું પાપ કાઢવા માટે ધંધો છોડવાની તૈયારી નથી. અનીતિનું પાપ નથી જોઈતું પણ પરિગ્રહનું પાપ ચાલે એવું છે ને? અનીતિથી કમાવાનું લોકો કહે, નીતિથી કમાવાનું નીતિશાસ્ત્ર કહે અને નીતિથી પણ કમાવાની ના પાડવાનું કામ ધર્મશાસ્ત્ર કરે. અનીતિ કરીએ તો દુર્ગતિમાં જવું પડે છે માટે અનીતિ નથી કરવી, અને નીતિથી પરિગ્રહ રાખીએ તો મોક્ષમાં નહિ જવાય પરંતુ દેવલોકમાં જવા મળશે આથી જ પરિગ્રહનું પાપ ચલાવવાની તૈયારી છે ને? પરિગ્રહનું પાપ ભયંકર છે એવું નહિ લાગે ત્યાં સુધી સાધુપણું નહિ મળે. મૂર્ચ્છા એ જ પરિગ્રહ છેઃ એમ ભગવાને કહ્યું છે. આપણે જે વાપરીએ છીએ તેના પર આપણને રાગ છે કે જે કબાટમાં રાખ્યું છે તેની ઉપર રાગ છે? જરૂરિયાતની વસ્તુ રાખીએ એમાં પરિગ્રહ નથી પરંતુ જે મૂર્ચ્છાના કારણે રાખ્યું છે તે પરિગ્રહ છે. ભવિષ્યના ભયથી પણ જે પરિગ્રહ રાખીએ છીએ તેમાં આપણો રાગ જ કામ કરે છે. આ રાગને દૂર કરીશું તો જ સાધુપણું મળશે.

સ. મોટી ઉંમરે દીક્ષા નથી આપતા.

મોટી ઉંમરે પણ દીક્ષા અપાય પરંતુ એક શરત હોવી જોઈએ કે ગુરુના કહ્યામાં રહેવાની તૈયારી હોવી જોઈએ, આજે મોટી ઉંમરે આવનારા અમારા બાપ બનીને આવે છે માટે ના પાડીએ છીએ. જો શિષ્ય થઈને રહેવાની તૈયારી હોય તો ખુશીથી આવો. આ તો ગુરુને પૂછે કે મને સાચવશો? આપણે કહેવું પડે કે આયુષ્યનો ક્યાં ભરોસો છે? સાચવનારા આપણી પહેલાં નહિ જાય એની ખાતરી ખરી? તેથી 'કોઈ મને સાચવશે' એવા ભાવથી આવનારને દીક્ષા ન અપાય. કોઈ વ્યક્તિ પર ભરોસો ન રાખે અને પોતાના ભાગ્ય પર ભરોસો રાખીને આવે તેવાને દીક્ષા અપાય. દેશવિરતિ લીધા પછી અવિરતિધરનો સંગ છોડે નહિ તેને સર્વવિરતિ ન મળે. જે અનુકૂળતાનો ત્યાગ ન કરે અને અનુકૂળતા જ ભોગવતા હોય એવાના સંગમાં રહેવાથી અનુકૂળતાનું અર્થીપણું પ્રગટવાનું. પ્રતિકૂળતાને ભોગવનારાના સહવાસમાં રહીએ તો અનુકૂળતાનું અર્થીપણું

નાશ પામે. અધર્મીના સહવાસમાં રહે તેને ધર્મનો સ્વાદ ન આવે. સમાનધર્મવાળાની વચ્ચે રહેવાથી એટલો લાભ થાય કે કોઈ તેવા પ્રકારના મોહનીયકર્મના ઉદયના કારણે માર્ગથી ભ્રષ્ટ થતો હોય તો તેને સ્થિર કરવા સ્વરૂપ દર્શનાચાર પળાય અથવા આપણે પોતે પતન પામતા હોઈએ તો તેઓ આપણને સ્થિર કરે. જેમ વાંસના વૃક્ષો વચ્ચે એકાદ વાંસ મૂળમાંથી ઉખડી ગયો હોય તોપણ આજુબાજુના વાંસનાં આધારે તે ટકી જાય છે, ભૂમિ ઉપર પડતો નથી. તેવી રીતે માર્ગના પાલનનો ભાવ જેનો પડી ગયો હોય એવો પણ જીવ સમાન ધર્મી સાથે રહેવાથી પતન નથી પામતો, ફરી સ્થિર થાય છે. સમાનધાર્મિક સાથે રહીને તેમની પ્રત્યે કેવો ભાવ રાખવાનો એ આગળના સૂત્રથી જણાવે છે-

**तथा वात्सल्यमेतेष्विति ।।४१।। (१७४)**

વિરતિધર જો અવિરતિધરની સાથે રહે તો અવિરતિધરને લાભ થાય કે ન થાય પણ વિરતિધરને પોતાની વિરતિ ગુમાવવાનો વખત આવે છે. આપણે બીજાના લાભનો વિચાર કરવા પહેલાં આપણને નુકસાન ન થાય તેની તકેદારી સૌથી પહેલાં રાખવી છે. આપણે એવા લોકોની સાથે વસવું છે કે જેઓ આપણને નીચે ન ઉતારે. આપણા સાધર્મિક આપણને આગળ વધારનારા હોવા જોઈએ અથવા તો આપણને માર્ગમાં સ્થિર કરનારા હોવા જોઈએ. આપણને આપણા ધર્મથી પાછા પાડે એવાની સાથે રહેવું નથી. ત્યાર બાદ હવે જણાવે છે કે સમાનધર્મવાળા સાથે રહેતી વખતે અનુકૂળતા ભોગવવાનો ભાવ ન હોવો જોઈએ, તમને અનુકૂળતા આપવાનો ભાવ હોવો જોઈએ. બીજાને અનુકૂળતા આપવાનો ભાવ તેનું જ નામ વાત્સલ્ય. આપણે તેમની ભક્તિ કરવી છે, તેમની ભક્તિ લેવા માટે સમુદાયમાં રહેવાની વાત નથી. આપણે પતન ન પામીએ માટે સાથે રહેવું છે, પરંતુ આપણે સચવાઈ જઈએ માટે સાથે રહેવાની વાત નથી. આપણે બીજાને સાચવવા છે પણ બીજા આપણને સાચવે એવી ભાવના નથી રાખવી. આપણને તો બધા સાથે ફાવે પરંતુ બધાને આપણી સાથે ફાવે એવી રીતે જીવવું. કોઈ એમ કહે કે 'મને આની સાથે નહિ ફાવે' તો આપણા માટે એ શરમજનક કહેવાય. જે સહન કરવાની તૈયારીની સાથે રહે તેની સાથે બધાને ફાવે. જે સહન કરાવે તેની સાથે કોઈને ન ફાવે. આપણે બધાની સાથે રહેવું છે પણ ઘસાવાની વૃત્તિ હોવી જોઈએ. બીજાનો કસ કાઢવાની વૃત્તિ તેનું નામ કૃપણતા અને જાતે ચલાવી લેવાની વૃત્તિ તેનું નામ ઉદારતા. આપણે ધર્મ કરવો છે પણ બીજા પાસેથી કામ લઈને નથી કરવો, બીજાનું કામ કરીને કરવો છે. આમ ઉદારતા ઉપર લેખ લખવાનો કહ્યો હોય તો અનેક દૃષ્ટાંતથી આપણે લોકોને સમજાવી શકીએ કે 'ચંદન જાતે ઘસાય પણ બીજાને સુવાસ આપે, ફૂલ પોતે

મસળાઈને પણ બીજાને સુગંધ આપવાનું કામ કરે, ધૂપસળી જાતે બળીને પણ વાતાવરણને સુવાસિત કરે, વૃક્ષ પણ બીજાને ફળ આપે, નદી લોકોને પાણી આપે, સૂર્ય લોકોને પ્રકાશ આપે છે તેમ જે બીજાના ઉપયોગમાં આવે તેનું જ જીવન સફળ છે.. આ રીતે લોકોને દૃષ્ટાંતથી સમજાવવાનું કામ સહેલું છે પરંતુ ખરેખર ઘસાવાનો વખત આવે ત્યારે ઘસાવાનું કામ સહેલું નથી. એકેન્દ્રિય જીવોના દૃષ્ટાંતથી ઉદારતા સમજાવનાર પોતે પંચેન્દ્રિય હોવા છતાં પણ બીજાનો કસ કાઢ્યા કરે-એ શોભાસ્પદ છે? આપણે સમુદાયમાં રહેવું છે, કુટુંબની સાથે રહેવું છે, પરંતુ તેમની અનુકૂળતા ભોગવવા માટે નહિ, તેમને અનુકૂળતા આપવા માટે રહેવું છે. તેમને અન્ન પાન, તાંબૂલાદિ આપવું, જ્યારે તેઓ માંદા થાય ત્યારે તેમની શુશ્રૂષા કરવાની, રાત્રિજાગરણ કરવું...... આ બધું જ વાત્સલ્યમાં આવે. આ સાધર્મિકનું વાત્સલ્ય એ જ પ્રવચનનો સાર છે. કારણ કે સાધર્મિકમાં કોઈ તીર્થંકરનો, કોઈ ગણધરનો, કોઈ નિકટમુક્તિગામી જીવ હોય, એ બધાની ભક્તિનો લાભ મળે. કહ્યું છે કે ૧. જીવદયા, ૨. કષાયનો નિગ્રહ. ૩. સાધર્મિકનું વાત્સલ્ય અને ૪. જિનેશ્વરભગવંતોની ભક્તિઃ આ ચાર જિનશાસનનો સાર છે.

**तथा-धर्मचिन्तया स्वपनमिति ।।४२।। (१७५)**

વ્રત બપોરે લીધાં હોય એટલે વ્રત લીધા બાદ રાત્રે સૂવાનો વખત પહેલાં આવે તેથી સૌથી પહેલાં દિનચર્યામાં જણાવે છે કે ધર્મની ચિન્તા કરવાપૂર્વક રાત્રે સૂવું. ધર્મચિન્તા કઈ રીતે કરવી એ માટે અહીં જણાવ્યું છે કે 'તે આત્માઓને ધન્ય છે, તે આત્માઓ વંદનીય છે, તેમણે ત્રણે લોકને પવિત્ર કર્યું છે કે જેમણે ત્રણે ભુવનના જીવોને ક્લેશ પમાડનાર કામરૂપી મલ્લ સારી રીતે જીતી લીધો છે'. કામ એટલે પાંચ ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ. કામ એ જ આપણો શત્રુ છે ને? પાંચે ઈન્દ્રિયોના વિષયોની આસક્તિ એ આપણો સૌથી મોટો શત્રુ છે. એના કારણે જ આપણે અધર્મ કરીએ છીએ. આપણો અધર્મ જાય અને આપણો ધર્મ સારો થાય તેનું ચિંતન કરવું તેનું નામ ધર્મચિંતા.

**સ.** પાંચે ઈન્દ્રિયોના વિષયોની ઈચ્છા કેમ થાય છે?

એ વિષયો આપણા દુઃખનું કારણ છે-એવું તત્ત્વજ્ઞાન નથી થયું માટે. અગ્નિ આપણા દુઃખનું કારણ છે એવું માનો છો તો અગ્નિને અડો ખરા? તેમ સ્ત્રી વગેરેનો સ્પર્શ દુઃખનું કારણ છે એવું લાગે તો તેની ઈચ્છા થાય ખરી? જિનવાણીનું શ્રવણ ઈચ્છાને મારવા માટે જ કરવાનું છે. ધર્મ સાંભળવાથી સંસારના સ્વરૂપનું જ્ઞાન થાય અને જ્ઞાન થવાથી ઈચ્છા મરી જાય. પુણ્યથી મળેલાં સંસારનાં સુખો ભોગવવાની ઈચ્છા

એનું નામ અવિરતિ. આ અવિરતિ કઈ રીતે મરે તેનો પ્રયત્ન કરવો છે. આ સંસારમાં જેટલાં પણ પાપો થાય છે તે આ સુખની આસક્તિના પ્રભાવે જ થાય છે. આ આસક્તિ જો ટળે તો અઢારે પાપ છૂટી જાય. શ્રી આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે જેઓ સુખના લાલચુ છે, દુ:ખના દ્વેષી છે તેઓ છયે પ્રકારના જીવોના દંડનો સમારંભ કરે છે. ઈચ્છા જ દુ:ખનું કારણ છે એવું સમજાય તો ઈચ્છાનો અંત આવે. આપણી ઈચ્છા પૂરી થવાથી આપણે સુખી થઈએ છીએ કે ઈચ્છાનો અંત આવે તો સુખી થઈએ?

**સ.** ઈચ્છાનો અંત લાવવાની પ્રક્રિયા બહુ લાંબી છે.

તમે ઊંધું કહો છો. ઈચ્છાનો અંત લાવવાનું કામ તો એક ક્ષણમાં થાય એવું છે. ઉપરથી ઈચ્છા પૂર્તિની પ્રક્રિયા બહુ લાંબી ચાલે છે. ભરત મહારાજાને છ ખંડ જીતવા માટે સાઈઠ હજાર વરસ ગયા પછી ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું. અને આરીસાભુવનમાં એક અંતર્મૂહૂર્ત્તમાં કેવળજ્ઞાન પામી ગયા. તો ઈચ્છા પૂરી કરવામાં વાર લાગી કે ઈચ્છા મૂકવામાં વાર લાગી? ઈચ્છા પૂરી કરવા માટે તો પુણ્યકર્મનો યોગ પણ જોઈએ જ્યારે ઈચ્છા મારવાનું કામ કર્મથી નહિ, આપણા પુરુષાર્થથી થાય છે.

**સ.** સુખ ભોગવતી વખતે વિપાકનો ડર નથી લાગતો.

ઈચ્છાની પૂર્તિમાં આનંદ માની લીધો છે તેથી વિપાકનો વિચાર આવતો નથી. એ આનંદ ઉપરથી નજર ખસે તો વિપાકનો વિચાર આવે. ઈચ્છા મુજબ મળવાથી કદાચ આ જન્મ સુધરશે પણ સંસાર બગડશે એટલું યાદ આવે તો સુખમાં સ્વાદ ન આવે. સંજ્ઞી પંચેન્દ્રિયપણું પુણ્યથી મળ્યું છે પરંતુ તે ઈન્દ્રિયો સુખ ભોગવવા માટે નથી મળી, ઈન્દ્રિયરહિત બનવા માટે મળી છે. વિકલેન્દ્રિયને ઈન્દ્રિયો ઓછી હોવાથી પાપ ઓછું બાંધે છે-એવું માનવાની જરૂર નથી. તેમને પણ દુ:ખ વ્યક્ત કરવાની અને સુખ ભોગવવાની ભાવના હોય છે માત્ર એ ભાવના વ્યક્ત કરવા માટે સાધન નથી મળતું. દુ:ખ વ્યક્ત કરવાનું સાધન મળે પુણ્યથી, પરંતુ દુ:ખ વ્યક્ત કરવાની, ટાળવાની ભાવના જાગે છે પાપના ઉદયથી. શું થાય છે?' એની ફરિયાદ કરવાને બદલે 'શું કરવાનું છે?' એ વિચારીને ચાલવા માંડવું. અહીં જણાવ્યું છે કે જેઓ શુભ ભાવનામાં સૂતેલા હોય તેઓ જાગે ત્યાં સુધી એ શુભપરિણામ અવસ્થિત રહે છે. જાગતા જે પરિણામ સ્થિર ન રહે તે નિદ્રામાં રહી શકે છે. માટે સૂતી વખતે બીજા દિવસનાં પાપકાર્યોનું આયોજન કરવાના બદલે શુભભાવનામાં રહેવું.

**तथा–नमस्कारेणावबोध इति ।।४३।। (१७६)**

નિદ્રાનો ત્યાગ નમસ્કારમન્ત્રના સ્મરણથી કરવો, નવકારનું સ્મરણ એટલા માટે કરવાનું છે કે નવકારમન્ત્ર સર્વ પાપનો નાશ કરે છે. નમસ્કારમન્ત્રમાં જે પંચ પરમેષ્ઠી છે તે બધાએ પાપનો ત્યાગ કરેલો છે. પાપનો ત્યાગ કરીને ગુણોની પ્રાપ્તિ કરવી છે. સવારે ઊઠતાંની સાથે પાપની શરૂઆત થાય છે આથી પાપનો ત્યાગ કરવા માટે, જેઓએ પાપનો ત્યાગ કર્યો છે તેમને યાદ કરવા છે.

**तथा प्रयत्नकृतावश्यकस्य विधिना चैत्यादिवन्दनम् ।।४४।। (१७७)**

નમસ્કારમન્ત્રનું સ્મરણ કર્યા પછી મળમૂત્રાદિનો ત્યાગ કરીને હાથ પગ વગેરે અંગોનું પ્રક્ષાલન કરીને શુદ્ધ વસ્ત્ર પહેરીને વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું. **'आदि'** શબ્દથી માતાપિતા વગેરે ગુરુવર્ગને વંદન કરવું. અહીં વચ્ચેની ક્રિયા બતાવી હોવાથી તુલાદણ્ડન્યાયથી આગળની અને પાછળની બધી ક્રિયા લઈ લેવી. ચૈત્યાદિને વંદન કરવાથી શુભભાવની પ્રાપ્તિ થાય છે. શુભ ભાવની પ્રાપ્તિ થવાથી કર્મનો ક્ષય થાય છે. કર્મનો ક્ષય થવાથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

**तथा–सम्यक्प्रत्याख्यानक्रियेति ।।४५।। (१७८)**

ચૈત્યાદિને વંદન કર્યા પછી સમ્યગ્ એટલે માન, ક્રોધ, અજ્ઞાન, લોભ વગેરે દોષોના ત્યાગપૂર્વક મૂળગુણસંબંધી અને ઉત્તરગુણસંબંધી ક્રિયાને ગ્રહણ કરવી. પાંચ આશ્રવનો ત્યાગ કરવો તે મૂળગુણ અને એને સાચવવા માટે જે કાંઈ કરવામાં આવે તે બધું ઉત્તરગુણમાં જાય. અહીં માત્ર પચ્ચક્ખાણ કરવું એવું ન લખતાં સમ્યગ્ પચ્ચક્ખાણ કરવું-એવું કહ્યું છે. તેનો અર્થ એ છે કે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી કે અજ્ઞાનથી પચ્ચક્ખાણ નથી કરવું. ઝઘડો થવાના કારણે ખાવાનો ત્યાગ કરવો એ ક્રોધથી કરેલું પચ્ચક્ખાણ કહેવાય. નાના ભાઈઓને વંદન કરવું ન પડે માટે કાઉસ્સગ્ગધ્યાને રહ્યા એ માનથી કરેલો તપ કહેવાય. શ્રી લક્ષ્મણાસાધ્વીએ કરેલો તપ માયાથી કરેલો કહેવાય અને લોભમાં તો દૃષ્ટાન્ત આપવાની જરૂર જ નથી ને? આપણે બધા એના દૃષ્ટાન્તભૂત છીએ. પુણ્ય અને સ્વર્ગના લોભથી તપ કરીએ: સાચું ને? આજે કઈ તિથિ છે વગેરેનો વિચાર કર્યા વિના જે તપ કરે તે અનાભોગથી કરેલો કહેવાય.

પચ્ચક્ખાણનું ફળ જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે પરિમિત એવા સાવદ્યનું આસેવન હોવા છતાં અપરિમિત એવા સાવદ્યનો ત્યાગ થવાથી પચ્ચક્ખાણ મહાગુણવાળું બને છે. અનન્તા સાવદ્યને ત્યાગ કરતો જીવ અપરિમિત એવા સુખ (મોક્ષ) ને પ્રાપ્ત કરે છે. રોજિંદા વ્યવહારમાં કોઈ જાતનો બાધ આવતો ન હોય અને અપરિમિત સુખની પ્રાપ્તિ થતી હોય તો કોણ મૂરખ છે કે પચ્ચક્ખાણ ન કરે? પચ્ચક્ખાણ એ બંધન છે

કે મુક્તિ? તમને બંધન લાગે પણ શાસ્ત્રકારો એને પાપથી મુક્ત બનાવનાર છે: એમ કહે છે.

**तथा–यथोचितं चैत्यगृहगमनमिति ।।४६।। (१७९)**

પચ્ચક્ખાણ કર્યા પછી જિનેશ્વર ભગવન્તની પ્રતિમાને વંદન કરવા માટે જિનમંદિરમાં જવું. યથોચિત એટલે પોતાની ઋદ્ધિ મુજબ પરિવાર સાથે દાન આપતો આપતો જાય તો શાસનપ્રભાવના થાય. જેની પાસે ઋદ્ધિ ન હોય તે પોતાના કુટુમ્બ સાથે જાય. સમુદાય સાથે ધર્મ કર્યો હોય તો ભવાન્તરમાં આપણને ધર્મમાં સહાય કરનારા મળી રહે પરંતુ તે સમુદાય ભગવાનની આજ્ઞાને માનનારો હોવો જોઈએ.

**तथा–विधिनाऽनुप्रवेश इति ।।४७।। (१८०)**

જિનમંદિરમાં વિધિપૂર્વક પ્રવેશ કરવો. સચિત્તનો ત્યાગ કરવો. અચિત્ત દ્રવ્યોનો ત્યાગ ન કરવો, એકશાટિક ઉત્તરાસંગ એટલે ખેસ પહેરીને, ભગવાન પર દૃષ્ટિ પડતાંની સાથે અંજલી જોડવી તેમ જ મન વચન કાયાની એકાગ્રતાપૂર્વક જિનમંદિરમાં જવું: આ વિધિ છે. તમારી ભાષામાં હૉસ્પિટલમાં તમે જે રીતે જાઓ તે રીતે જવું. આજે લગભગ ખાલી હાથે અને ખેસ ઓઢ્યા વિના જ દેરાસરમાં જાય ને?

**तत्र च – उचितोपचारकरणमिति ।।४८।। (१८१)**

જિનેશ્વરભગવન્તના બિમ્બની ઉચિત એટલે પુષ્પ, ધૂપ વગેરેથી પૂજા કરવી. જે વખતે જે પૂજા કરવાની હોય તે જ કરવી. ક્રમનું ઉલ્લંઘન ન કરવું.

**ततो–भावतः स्तवपाठ इति ।।४९।। (१८२)**

દરિદ્રને નવ નિધાનની પ્રાપ્તિથી જેવો હર્ષ થાય તેવો હર્ષ જિનેશ્વરભગવન્તના બિમ્બને જોવાથી થાય, તેથી ગંભીર અર્થવાળાં અને ગુણોના વર્ણનવાળાં સ્તોત્રોથી સ્તવના કરે.

**ततः–चैत्यसाधुवन्दनमिति ।।५०।। (१८३)**

અરિહન્તપરમાત્માના બિમ્બને તેમ જ વ્યાખ્યાનાદિ માટે આવેલા સાધુભગવન્તોને સમયની મર્યાદા મુજબ પંચાંગ પ્રણિપાત અથવા દ્વાદશાવર્ત્ત એટલે કે રાઈમુહપત્તી કરવા દ્વારા વંદન કરવું. વંદનથી નીચગોત્રકર્મનો ક્ષય થાય અને ઉચ્ચગોત્રકર્મનો બંધ થાય. ઉચ્ચગોત્રનો બંધ થવાથી ધર્મની સામગ્રી સુલભ બને છે.

**ततः गुरुसमीपे प्रत्याख्यानाभिव्यक्तिरिति ।।५१।। (१८४)**

પોતે ઘરમાં પહેલાં તો પચ્ચક્ખાણ લઈ લીધું હોય હવે ગુરુભગવન્તની સાક્ષીએ પચ્ચક્ખાણ લેવા માટે ગુરુની પાસે જવું.

**ततो–जिनवचनश्रवणे नियोग इति ।।५२।। (१८५)**

જિનવાણી સાંભળવાનો આગ્રહ રાખવો એનું નામ નિયોગ. સાંભળવા મળે તો સારું એને નિયોગ ન કહેવાય.સાંભળવા માટે પૂરતો પ્રયત્ન કરવો તેનું નામ નિયોગ.

**ततः सम्यक् तदर्थालोचनमिति ।।५३।। (१८६)**

ગુરુભગવન્તે કીધેલા અર્થની સમ્યગ્ વિચારણા કરવી. ગુરુભગવન્તે કીધેલું આપણને સમજાયું ન હોય તો ય ઘરે જતાં રહેવું એ સમ્યક્ અર્થની વિચારણા નથી. સમ્યક્ અર્થની વિચારણા ન કરો તો જિનવાણીશ્રવણનો એકે ગુણ પ્રાપ્ત થતો નથી.

**ततः आगमैकपरतेति ।।५४।। (१८७)**

દરેક અનુષ્ઠાનમાં આગમને આગળ કરીને પ્રવૃત્તિ કરે. ભગવાનનું વચન સાંભળ્યા પછી હવે આ અનુષ્ઠાન આગમ મુજબ કરવું છે–એવો ભાવ તેને આગમમાં તત્પરતા કહેવાય. બધું આગમ મુજબ નથી કરતા માટે થોડું પણ ન કરવું: એવો સિદ્ધાન્ત ન રાખવો. થોડું થોડું આગમ મુજબ કરવાનું શરૂ થશે તો કાલે ઊઠીને બધું આગમ મુજબ થશે. કોઈ પૂછે કે 'આ કેમ કરો છો?' તો કહેવું કે 'આગમમાં કીધું છે માટે કરીએ છીએ.' અને 'આ કેમ નથી કરતા?' એમ પૂછે તો કહેવું કે 'આગમમાં ના પાડી છે માટે નથી કરતાં.' સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર પણ આગમ મુજબ જ મેળવવાનાં.

**श्रुतशक्यपालनमिति ।।५५।। (१८८)**

ગુરુભગવન્ત પાસે ભગવાનનું વચન સાંભળ્યા પછી આપણાથી કેટલું શક્ય છે અને કેટલું અશક્ય છે તેની વિચારણા કરવી. આપણી સાથે કોઈ કરે છે કે નથી કરતું એ જોવાની જરૂર નથી. આપણે એકલા હોઈએ તોય શક્યનું પાલન કરતા રહેવું.

**तथा–अशक्ये भावप्रतिबन्ध इति ।।५६।। (१८९)**

જે આપણાથી શક્ય ન હોય તેમાં ભાવથી પ્રતિબન્ધ એટલે કે રાગ રાખવો. 'મને ક્યારે મળશે અને કઈ રીતે મળશે' એવો પરિણામ તેને ભાવપ્રતિબન્ધ કહેવાય. કરોડ રૂપિયા ન મળવા છતાં કરોડ રૂપિયાનો રાગ હોય ને? કરોડ રૂપિયા કયારે મળશે, કઈ રીતે મળશે એવો પરિણામ કાયમ માટે હોય ને? આપણા માટે અશક્ય છે માટે માંડી વાળો એવું નહીં કરવાનું. અન્ય પુરુષમાં આસક્ત સ્ત્રી પોતાના ધણીની સેવા કરે

છતાં મન અન્ય પુરુષમાં હોય તેમ ધર્માત્મા પોતાના કુટુંબનું પાલન કરે છતાં મન ધર્મમાં હોય, સંસારનું કામ કરતો હોય પણ હૈયામાં સાધુપણાનો ભાવ હોય.

**तथा-तत्कर्त्तृषु प्रशंसोपचाराविति ।।५७।। (१९०)**

જે અનુષ્ઠાન આપણાથી અશક્ય હોય તે અનુષ્ઠાન જે મહાપુરુષો કરતા હોય તેમની પ્રશંસા અર્થાદ્ વારંવાર ગુણોની સ્તવના કરવી તેમ જ તેઓને, તેમને ઉચિત અન્ન પાન વસ્ત્ર ઔષધ વગેરેથી સહાય કરવી. તેમને કહેવું કે આ અનુષ્ઠાન તમને સારી રીતે ફાવે છે, મને ફાવતું નથી તો મને શીખવાડો ને! નાના છોકરાઓને ઊભા રહેતાં ફાવતું નથી તો તમારું જોઈને ઊભા રહેતા શીખી ગયા ને? જ્યારે તમને સાધુભગવન્તોને જોઈને 'આપણું કામ નહિ' એવું થાય ને? જેને જેમાં આગળ વધવું છે તેને તેમાં નિષ્ણાત થયેલ વ્યક્તિ પ્રત્યે બહુમાન જાગે જ, સાધુભગવન્તને જોયા પછી બહુમાન નથી જાગતું ને?

સ. બહુમાન માટે શું કરવું?

સાધુપણાનું અર્થિપણું કેળવવાની જરૂર છે. પૈસાનું અર્થિપણું છે તો પૈસાદાર પ્રત્યે બહુમાન આપોઆપ પ્રગટે ને? તેમ ધર્મનું અર્થિપણું હોય એને ધર્મી પ્રત્યે બહુમાન આવે જ. સાધુપણા પ્રત્યે બહુમાન હોય તો પોતે સાધુપણું ન લેવા છતાં એમના હૈયામાં એમ હોય જ કે સાધુભગવન્તનાં દર્શનથી પણ આપણાં પાપ ખપે છે.

**तथा-निपुणभावचिन्तनमिति ।।५८।। (१९१)**

સૂક્ષ્મ બુદ્ધિથી ગમ્ય એવા ભાવોનું ચિન્તવન કરવું. દરેક પદાર્થોનો વિચાર ઉત્પત્તિ સ્થિતિ વિનાશ વગેરે ધર્મોથી કરવો તેમ જ બન્ધમોક્ષની વિચારણા કરવી. નિત્ય એવા દ્રવ્યના પર્યાયો ક્ષણે ક્ષણે બદલાય છે. પાણીના તરંગો જેમ ક્ષણે ક્ષણે બદલાયા કરે તેમ દરેક દ્રવ્યમાં ક્ષણે ક્ષણે ફેરફાર થતો જ હોય છે. જેને આપણે નવા તરીકે માનીએ છીએ તે વસ્તુ ક્ષણવારમાં ફેરફારવાળી થતી હોય તો એમાં રાગ કરવા જેવું રહેતું જ નથી. જૂની વસ્તુ પ્રત્યે રાગ ન થાય ને? તો દરેક વસ્તુ જૂની જ છે, નવી નથી એવું માની લઈએ તો એકે વસ્તુ પ્રત્યે રાગ થાય એવો નથીઃ આ બધું ગુરુભગવન્તે કીધું હોય ત્યારે તેને નિપુણતાથી યાદ રાખવું. કોઈની સાથે ઝઘડો થયો હોય ત્યારે તેની જેવી રીતે અનુપ્રેક્ષા કરો તેવી રીતે જિનવચનની અનુપ્રેક્ષા કરવી ભગવાનના વચનની અનુપ્રેક્ષા નથી કરતા એનો અર્થ જ છે કે આપણે સુધરવું નથી, બીજાને સુધારવા છે. બીજા સુધરવાના નથી, આપણે જ સુધરવું પડશે. સંસાર સુધરવાનો ન હોવા છતાં આપણે સંસારમાં પડ્યા રહીએ તો માનવું પડે ને કે આપણને દુઃખ

જોઈએ છે, સુખ નથી જોઈતું. દુઃખ નથી જોઈતું છતાં મળ્યા કરે અને સુખ જોઈએ છે છતાં ન મળે તો ત્યાં બેસવાની જરૂર છે કે ત્યાંથી ખસવાની જરૂર છે? જિનવાણીના શ્રવણથી શાંતિ અને સમાધિના ઉપાયો જાણવા મળે, ભગવાનના શાસનનું તત્ત્વ જાણવા મળે. દુનિયાના દર્શનકારો પદાર્થ નિત્ય કે અનિત્ય માને છે પણ એકાન્તે માને છે તેથી ખોટાં છે. જ્યારે ભગવાનનું શાસન કથઞ્ચિદ્ નિત્યાનિત્ય માનવાથી સાચું છે. આપણું દર્શન છે માટે સાચું છે, બીજાનું છે માટે ખોટું છે એવું નથી. બીજાની વાત ખોટી છે, ભગવાનની વાત સાચી છે માટે જૈનદર્શન સાચું છેઃ આટલી શ્રદ્ધા લાવવા માટે કે ટકાવવા માટે જિનવાણીનું શ્રવણ જરૂરી છે. જેઓ જિનવાણીનું શ્રવણ કરે જ નહિ તેઓ નિપુણભાવથી પદાર્થોનું ચિન્તન કેવી રીતે કરશે? જેમ ઉત્પત્તિ સ્થિતિ વગેરેથી પદાર્થોનું ચિન્તન કરવાનું છે તેમ બન્ધ અને મોક્ષથી પણ તત્ત્વની વિચારણા કરવી છે. અહીં જણાવ્યું છે કે ચિકાશથી યુક્ત એવું શરીર હોય તો તે શરીરને ધૂળ લાગ્યા જ કરે, શરીરમાં ચિકાશ ન હોય તો ધૂળ ન લાગે તેમ રાગ અને દ્વેષની ચિકાશના કારણે આત્માને કર્મબન્ધ થયા જ કરે છે. સાચું બોલો આપણે કર્મબન્ધમાં કારણ આપણા રાગદ્વેષને માનીએ કે બીજાને? ગુલાબજામ્બુ વધારે ખાઈએ અને ડાયરિયા થાય તો વાંક ગુલાબજામ્બૂનો કાઢીએ કે આપણા રાગનો કાઢીએ? જ્યારે ઝઘડો થાય ત્યારે વાંક બીજાનો જ કાઢીએ ને? આપણા રાગદ્વેષનો વાંક ન કાઢીએ ને? આપણી ભૂલ જોતા થઈએ તો સમજવું કે ભગવાનનું વચન માન્યું છે. રાગદ્વેષના કારણે કર્મનો બંધ થાય છે. કર્મ બંધાયા પછી એનો જ્યારે વિપાક ભોગવવાનો વખત આવે ત્યારે બીજાનો વાંક કાઢીને ફરીથી કર્મનો બંધ કરીએ એટલે કર્મની પરંપરા ચાલ્યા જ કરશે. એને અટકાવવા માટે બીજાનો વાંક કાઢવાના બદલે આપણા રાગદ્વેષનો વાંક કાઢીને એને અટકાવવા પ્રયત્ન કરી લેવો. બીજાને સુધારવા માટે સંસારમાં રહે તેનો સંસાર બગડવાનો જ છે. જાતને સુધારવા માટે સંસારનો ત્યાગ કરે તેનો સંસાર સુધરશે.

સ. રાગદ્વેષના નિમિત્તમાં જવા માટે સામેવાળી વ્યક્તિ દબાણ કરે તો?

આપણે નહીં જવાનું. વિષ્ટાના ઉકરડા પર જવા માટે સામી વ્યક્તિ દબાણ કરે તો તમે જાઓ ખરા? શાસ્ત્રમાં સંસારને વિષ્ટાના ઉકરડાની ઉપમા આપી છે. સંસાર એ આપણા રાગદ્વેષથી ઊભો થયો છે માટે સંસારથી છૂટવા માટે રાગદ્વેષથી દૂર થવું પડશે. રાગદ્વેષથી દૂર થવા માટે કર્મબંધથી અટકવું પડશે. કર્મબંધથી અટકવા માટે સુખની આસક્તિ અને દુઃખનો દ્વેષ કાઢવો પડશે. સુખની આસક્તિ અને દુઃખના દ્વેષને ટાળવા માટે સુખ છોડવું પડશે અને દુઃખ વેઠવું પડશે. એક વાર દુઃખ વેઠતા થઈ જઈશું તો સુખ સહેલાઈથી છોડતા આવડશે.

સ. દુઃખ સહન કરવું છે, પણ થતું નથી.

દુઃખ સહન થતું ન હોય તો વધારે દુઃખની કલ્પના કરી લેવાની. નરકનાં દુઃખો કરતાં અહીંનાં દુઃખોની ગણતરી જ નથી. દુઃખ સહનશીલતા જોઈને નથી આવતું, પાપ જોઈને આવે છે. ભવિષ્યમાં દુઃખ સહન કરવું ન પડે માટે વર્ત્તમાનમાં દુઃખ સહન કરવું છે કે દુઃખ ટાળવું જ છે? તમે સાધુપણું લેવા માટે તૈયાર નથી થતા તે દુઃખના ડરથી જ ને? નરકાદિનાં દુઃખો સહન કરવાં ન પડે માટે સયમનાં કષ્ટો સહન કરી લેવાં છેઃ આવી ભાવના જે દિવસે આવશે એ દિવસે સાધુપણું અશક્ય નહીં લાગે.

સ. ગજસુકુમાલમુનિએ કઈ રીતે સહન કર્યું?

શરીર અને આત્મા જાુદા છે એવી ભાવનાથી સહન કર્યું. ઘરાક ગાળ આપે ત્યારે તમે પણ શરીર અને આત્માને જાુદો જ માનો છો ને?

સ. શરીરની પણ કાંઈ મર્યાદા ખરી ને?

મર્યાદા છે પણ એક વાત નક્કી છે કે નરકનાં દુઃખો આ શરીરથી નથી ભોગવવાનાં, મનુષ્યનાં જ ભોગવવાનાં છે કે જે નરક કરતાં અનન્તમા ભાગે છે.

સ. થોડામાં બૂમાબૂમ કરવાનું કારણ શું?

સહન નથી કરવું તે. જેને સહન કરવું છે તેઓ બૂમાબૂમ નથી કરતા. જાતે બળી જનારા 'બચાવો' એવી પણ બૂમ નથી પાડતા. જીવતા જે દુઃખ છે એના કરતાં બળવાનું દુઃખ ઓછું છે-એમ સમજીને જ બળી મરવા તૈયાર થાય છે ને? તો દુઃખ અસહ્ય નથી, સહ્ય છે ને? સંયમમાં કષ્ટ નથી ને?

સ. નરકની અપેક્ષાએ.

એટલે ઘરની અપેક્ષાએ કષ્ટ છે માટે જ સંયમ નથી લેતા ને? પરંતુ સંયમમાં ઘરની અપેક્ષાએ પણ કષ્ટ નથી. અર્થકામ માટે જેટલું કષ્ટ વેઠો છો એની અપેક્ષાએ ધર્મમાં કે સંયમમાં કષ્ટ જ નથી. કષ્ટ તો જે નથી કરવું એમાં છે, જે કરવું છે એમાં કષ્ટ નથીઃ સાચું ને?

**तथा-गुरुसमीपे प्रश्न इति ।।५९।। (१९२)**

અત્યન્ત નિપુણતાપૂર્વક પદાર્થોનું ચિંતન કરતી વખતે તેમાં શંકા પડે તો ગુરુની પાસે પૂછવા જવું. અંદર અંદર અરસ પરસ ચર્ચા ન કરવી.

સ. પૂછવા આવતાં ડર લાગે છે.

ડૉક્ટરની વાતમાં શંકા પડે તો ડૉક્ટરને પૂછવાના બદલે આજુબાજુના લોકોને કે કમ્પાઉન્ડરને પૂછો તો ચાલે ને? કે ડૉક્ટરને જ પૂછવાનું? ત્યાં ડરતાં ડરતાં પણ ડૉક્ટરને જ પૂછો ને? ત્યાં ઊંધુંચત્તું થાય તો શરીરને નુકસાન પહોંચવાનો ડર બેઠો છે માટે ડરતાં ડરતાં પણ ડૉક્ટરને જ પૂછવાનું રાખીએ જ્યારે અહીં આત્માનું નુકસાન દેખાતું નથી માટે ગુરુભગવન્તને પૂછતાં ડર લાગે છે. તમને મેં ઘણી વાર કીધું છે કે જેમની વાતમાં શંકા પડે એમને જ પૂછવાનું, બીજાને નહિ. બોલે એક અને પૂછવા બીજાને જાઓ ત્યારે એ જવાબ ન આપી શકે એટલે તમારા મનમાં બોલનાર માટે શંકા જાગે કે એ બોલ્યા છે તે બરાબર છે કે નહિ? આવું ન બને માટે બોલનારને જ પૂછી લેવું.

સંવિગ્ન અને ગીતાર્થ ગુરુભગવન્તને જ પૂછવાનું, બીજાને નહિ. આચાર્ય છે એટલે પૂછી લેવું એવું નહિ. અભવ્યના આત્માને પણ આચાર્યપદવી મળે છે તેથી પૂછતી વખતે સંવિગ્ન અને ગીતાર્થ એવા મહાત્માને જ પૂછવાનું રાખવું. પૂછતી વખતે પણ વિનયપૂર્વક અવિનયપૂર્વક નહિ પૂછવાનું. 'ભગવન્! આપે કીધું અને મેં સમજવા માટે પૂરતો પ્રયત્ન કર્યો છતાં મને સમજાયું નહીં તો આપ અમને સમજાવવા માટે યોગ્ય છો' આ રીતે પૂછેલું વિનયપૂર્વક પૂછ્યું કહેવાય. 'તમે કીધું પણ મને બેસતું નથી, તમે કહો છો તે પ્રેક્ટિકલ નથી, તમે એકલા જ આ વસ્તુ કહો છો. બીજું કોઈ કહેતું નથી' આ રીતે કહો તે ઉદ્ધતાઈથી પૂછ્યું કહેવાય. ગુરુભગવન્તને પૂછવા પહેલાં આપણે સમજવા માટે પૂરતો પ્રયત્ન કરવાનો, મહેનત કર્યા વિના પૂછવા ન જવું. આપણને સમજાતું ન હોય અને 'મને બેસતું નથી' એમ કહો એ કોઈ રીતે યોગ્ય નથી. 'મને બેસતું નથી' કહેવું અને 'મને સમજાતું નથી' કહેવું: આ બેમાં ફરક છે. 'મને બેસતું નથી' એમ કહેવામાં આપણે બુદ્ધિશાળી છીએ અને ગુરુભગવન્તની વાત બરાબર નથી, ગુરુ ભગવન્તને ભણાવતા આવડતું નથી: આવું બધું પ્રતીત થાય, જ્યારે 'મને સમજાતું નથી' એમ કહેવામાં ગુરુભગવન્ત બુદ્ધિશાળી છે, આપણી બુદ્ધિમાં ખામી છે, આપણે અજ્ઞાન છીએ-એવું જણાય.

**तथा–निर्णयावधारणमिति ।।६०।। (१९३)**

ગુરુભગવન્તે શંકાનું સમાધાન કર્યા પછી જે રીતે કહ્યું હોય તે રીતે જ તેને ગ્રહણ કરવું, એક પણ અક્ષર આઘો પાછો ન કરવો: આનું નામ નિર્ણયપૂર્વક અવધારણ કરવું. ગુરુભગવન્તે આશ્રવ કીધું હોય તો આશ્રવ જ બોલવાનું, સંવર કીધું હોય તો સંવર, શુભ

કીધું હોય તો શુભ, અશુભ કીધું હોય તો અશુભ જ બોલવાનું, 'મને શબ્દ યાદ નથી પણ ભાવાર્થ યાદ છે' આવું નહિ ક્હેવાનું. શબ્દ પણ તે જ અને ભાવાર્થ પણ તે જ યાદ રાખવાનો. અર્થ ગ્રહણ કરતી વખતે એમનો ભાવ મરી ન જાય તે રીતે યાદ રાખવાનો. ભણાવતી વખતે ગુરુ ભગવન્તે કોઈ વાર કઠોર શબ્દોમાં ઠપકો આપ્યો હોય ત્યારે ગુરુભગવન્તના ભાવને આગળ કર્યા વિના માત્ર શબ્દને યાદ રાખીને 'ગુરુભગવન્ત કેવું બોલે છે, કેવા શબ્દો વાપરે છે?' આવી રીતે ન બોલવું. ઉપરથી કહેવું કે 'મારી ઉપર ઉપકાર કરીને આ રીતે પણ મને સમજાવવાનો પ્રયત્ન ગુરુભગવન્તે કર્યો છે એ સારું કર્યું' ગુરુભગવન્ત પાસેથી સમજી લીધા પછી આચરણ કરી શકીએ કે ન કરી શકીએ પણ ગુરુભગવન્તની વાત સાચી જ છેઃ આ રીતે અવધારણ કરવાનું.

**तथा–ग्लानादिकार्याभियोग इति ।।६१ ।। (१९४)**

ગુરુભગવન્ત પાસેથી શંકાનાં સમાધાન કરી લીધા પછી ઘરભેગા થઈ જવું-એવું નહીં કરવાનું. ગુરુભગવન્ત પાસે ગ્લાન, બાલ, વૃદ્ધ, આગમ ગ્રહણ કરવા માટે આવેલ પ્રાઘૂર્ણક એટલે મહેમાન ઈત્યાદિ સાધુભગવન્તોનાં જે જે કાર્યો હોય તે તે કરી આપવાં. ગ્લાન સાધુભગવન્ત માટે રાત્રે જાગવાની જરૂર હોય તો જાગવાનું કામ કરવાનું. બાલ વૃદ્ધ વગેરે સાધુભગવન્તને ઔષધ અન્ન પાન વસ્ત્ર પુસ્તક વગેરેની જરૂર હોય તો તે તે વસ્તુનું પ્રદાન કરવું. ગોચરી માટે નીકળેલા સાધુભગવન્તને શ્રાવકોનાં ઘર બતાવવાં. આ રીતે સાધુભગવન્તના કાર્યમાં ઉપયોગ રાખવો.

**तथा–कृताकृतप्रत्युपेक्षेति ।।६२ ।। (१९५)**

જિનમંદિરસંબંધી કાર્યો કે ગ્લાનાદિ સાધુસંબંધી કાર્યોની નિપુણતાપૂર્વક વિચારણા કરવી. એટલે કે મારે કરવા યોગ્ય કામ કેટલાં છે? એમાંથી કેટલાં થયાં, કેટલાં બાકી છે એ વિચારવું. વેપારી સાંજે જેવી રીતે ચોપડો જુએ છે કે કેટલી ઉઘરાણી આવી, કેટલી બાકી છે, માલ કેટલો ખપ્યો, કેટલો બાકી છે.. આ બધું જેમ તપાસે તેમ કૃત-અકૃતની વિચારણા કરવામાં પ્રયત્ન કરવો. જો આવો પ્રયત્ન કરવામાં ન આવે તો આમાં લખ્યું છે કે નિરર્થક એવી શક્તિના ક્ષયનો પ્રસંગ આવે. એટલે કે મળેલી શક્તિને વાપરવામાં ન આવે અને માત્ર બચાવી રાખવામાં આવે તો એ શક્તિનો એની મેળે જ ક્ષય થઈ જશે. બચાવેલી શક્તિ અન્તે ચિતામાં બળી જ જવાની છે. મળેલી શક્તિનું ફળ મેળવ્યું ન હોય તો એ શક્તિ નાશ પામશે. જેટલો જેટલો શક્તિનો ઉપયોગ કરીશું એટલો વીર્યાન્તરાયનો ક્ષયોપશમ થતો જશે. મળેલા પૈસા દાનમાં નહીં વાપરો તો અન્ય સ્થાને વેડફાઈ જ જાય છે ને? વેડફાઈ ગયેલા પૈસાથી કોઈ જાતનો ગુણ નથી મળતો જ્યારે

પૈસાનો દાનમાં સદુપયોગ કરવાથી સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. તેવી રીતે વાપરેલી શક્તિ જ કામ લાગવાની છે, બચાવેલી નકામી જ જવાની છે. બાર વ્રતમાંથી પાંચ મહાવ્રતમાં જવા માટે વીર્યાન્તરાયનો ક્ષયોપશમ પેદા કરવો છે માટે કૃતની અને અકૃતની પ્રત્યુપેક્ષણા કરતા રહેવું.

**ततश्च–उचितवेलयाऽऽगमनमिति ।।६३।। (१९६)**

જિનમંદિરેથી અથવા ગુરુની પાસેથી યોગ્ય કાલે એટલે કે દુકાનનો સમય, વ્યવહાર સાચવવાનો સમય કે રાજા વગેરેની નોકરી વગેરેનો સમયનો ખ્યાલ રાખીને ઘરે આવવું. તેમ જ દુકાનેથી ઘરે આવતી વખતે આવશ્યક એવા પ્રતિક્રમણાદિના સમયનો ખ્યાલ રાખવો. ધર્મ સિદાય એ રીતે પૈસા કમાવા માટે પુરુષાર્થ ન કરવો. રાત્રિભોજનાદિનો પ્રસંગ ન આવે તે રીતે વર્ત્તવું. પૈસા કમાવા માટે ગમે તેટલો પુરુષાર્થ કરીશું પણ નસીબમાં હશે એટલું જ મળશે:: આટલી શ્રદ્ધા રાખીને ધર્મ અર્થકામ વગેરેનાં કાર્યો ઉચિત કાળે કરવાં.

**ततो–धर्मप्रधानो व्यवहार इति ।।६४।। (१९७)**

ઉચિતકાળે ધર્મસ્થાનમાંથી પાછા આવીને જે કોઈ વ્યાપારધંધો કરે તેમાં ધર્મને પ્રધાન રાખે. પૂર્વે જે જણાવેલું કે કુલક્રમથી આવેલો... વગેરે વિશેષણથી યુક્ત ધંધો કરવો. એવો ધંધો ન કરવો કે જેમાં ધર્મનો ઘાત થાય. આપણા ધર્મને બાધા પહોંચે એવો ધંધો ન કરવો. મોટા ભાગના શ્રાવકો પહેલાના કાળમાં માત્ર સોનાચાંદીનો કે કાપડનો વ્યાપાર કરતા હતા. જેમાં ઘણા આરંભસમારંભ થાય તેવા પ્રકારના કર્માદાનના ધંધા શ્રાવક ન કરે. વ્યાપાર કરતી વખતે પૈસાને પ્રાધાન્ય ન આપવું અને સંતોષને પ્રાધાન્ય આપવું તેનું નામ ધર્મપ્રધાન વ્યાપાર. આથી જ આગળ જણાવે છે કે:

**तथा–द्रव्ये सन्तोषपर(प्रधान)तेति ।।६५।। (१९८)**

વ્યાપાર કર્યા પછી જે ધનધાન્યાદિ વસાવીએ તેમાં સંતોષને જ પ્રધાન રાખવો. આપણે સંતોષની વ્યાખ્યાં શું કરીએ? 'જે મળ્યું છે તેટલું બસ છે' આ જ ને? અહીં સંતોષની વ્યાખ્યા કરતાં જાણાવે છે કે જે મળ્યું છે તેમાં સંતોષ માનવો એ ગુણ નથી. જેટલાથી નિર્વાહ થાય એવો હોય એટલું જ રાખવું તેનું નામ સંતોષ. જેટલાથી નિર્વાહ થાય તેટલાં પરિમિત દ્રવ્ય જ ધર્માત્માએ રાખવાં જોઈએ. કારણ કે અસંતોષ એ અસુખનું–દુઃખનું કારણ છે. નિર્વાહમાત્રથી અધિક રાખે તે દુઃખી થવાના છે. કારણ કે નિર્વાહથી અધિક રાખીએ છીએ તે અસંતોષના કારણે, લોભના કારણે રાખીએ અને

લોભ-પરિગ્રહ એ પાપનું મૂળ છે. પાપના કારણે દુઃખ આવે છે એ તો સ્પષ્ટ જ છે. તેથી નિર્વાહથી વધુ ન રાખવું.

સ. જેટલું આવે એટલું લઈએ.

સાચું કહો છો? પવનમાં ધૂળ પણ આવે છે, છતાં લો છો કે ખંખેરી નાંખો છો? તો આવે છે માટે રાખો છો કે જોઈએ છે માટે રાખો છો? અને 'જોઈએ છે' એનું જ નામ લોભ. 'જોઈએ છે' ત્યાં સુધી સંતોષ નથી. નિર્વાહ કેટલાથી થાય છે તે માટે જણાવ્યું છે કે અતિ ઊના ઘીથી ચોપડેલું અન્ન (રોટલી) હોય, કાણાં વિનાનું વસ્ત્ર હોય, કોઈનો પ્રેષ્યભાવ (નોકરપણું) ન હોય એટલે ભાડાનું ઘર ન હોય, પોતાનું ઘર હોય અને માથે દેવું ન હોય એટલાથી વધારે નથી જોઈતું. જેઓ આનાથી વધારે ઈચ્છે તેનું પતન થાય છે. જરૂર કરતાં વધારે રાખે તેને પરિગ્રહનું પાપ લાગે અને પરિગ્રહના ભારથી નીચા નમેલા જીવો અધોગતિમાં જાય છે. એક વાર જરૂર કરતાં વધારે રાખો પછી બાબાજીની લંગોટી જેવી દશા થાય. એક બાબાજી હતા. તેમણે લંગોટી રાખેલી. એ લંગોટીને ઉંદર કાપી નાંખતો હતો. આથી એ ઉંદરને મારવા બિલાડી રાખી. એ બિલાડીને દૂધ પાવા માટે ગાય રાખી... આ રીતે પરંપરા ચાલી, એવી રીતે જે જરૂરિયાતથી વધુ રાખે તેના પરિગ્રહનો અંત ન આવે. માટે પરિગ્રહના લોભના પાપથી બચવા માટે સંતોષગુણ કેળવવો છે. આજે ઘણા બોલે છે કે 'આપણે તો સંતોષથી જીવીએ છીએ, જેટલું છે તેમાં સંતોષ છે.' આ સંતોષી નથી. જેઓ જરૂરપૂરતું રાખે છે તે જ સંતોષી છે. અમારે ત્યાં પણ દીક્ષા લઈએ ત્યારે અમારી ઉપધિ છાબમાં સમાઈ જતી હતી અને હવે તો બોક્સમાં પણ સમાતી નથી, તેનું કારણ આ અસંતોષ જ છે. સાધુનું વિશેષણ 'લહુભૂયવિહારિણો' આપ્યું છે. સાધુભગવંત પાસે એટલી ઉપધિ હોય કે ભિક્ષા વહોરવા જાય તો સાથે લઈને જઈ શકે. સાધુ ભિક્ષાએ જાય ત્યારે મકાનમાં કશું મૂકીને જવું ન પડે, એટલી જ ઉપધિ રાખે. અમારે ત્યાં જેવી દશા છે તેવી જ દશા તમારી છે ને? જેઓ સંતોષથી ન જીવે તેઓ દુઃખી જ થવાના છે. નિર્વાહથી અધિક રાખનારા સાધુનું જેમ પતન થાય, તેમ નિર્વાહથી અધિક રાખનારા શ્રાવકનું પણ પતન થાય.

સ. સંતોષથી જીવીએ તો વિકાસ રૂંધાઈ જાય: એવું લાગે.

સંતોષથી જીવીએ તો જ વિકાસની શરૂઆત થાય. કારણ કે સંતોષીને માથે કોઈ ચિંતા ન હોય. તેથી તે ધર્મ શાંતિથી કરી શકે. જે ધર્મ કરે તેનો જ વિકાસ થાય. જેના કારણે અશાંતિ વધે તેને વિકાસ ન કહેવાય. અસંતોષના કારણે અશાંતિ વધે છે, સંતોષથી જ શાંતિ મળે છે. આથી જ કહ્યું છે કે-સંતોષરૂપ અમૃતથી તૃપ્ત થયેલા શાંત ચિત્તવાળાને

જે સુખ છે તે અહીંતહીં ભટકતા એવા ધનમાં લુબ્ધ આત્માઓને ક્યાંથી હોય? સમાધિ વિષયમાં નથી, ચિત્તની શાંતિમાં છે. જે વિષયોમાં આસક્ત હોય અને કષાયને આધીન હોય તેને સુખના ઢગલા વચ્ચે પણ શાંતિ નથી હોતી. જેને જોઈએ એને શાંતિ હોય કે જેને જોઈતું નથી તેને શાંતિ હોય? જે પ્રતિકાર કરે તેને શાંતિ હોય કે જે સહન કરે તેને શાંતિ હોય? પ્રતિકાર કરવામાં અશાંતિ છે, શાંતિ તો સહન કરવામાં છે. હવે જો કોઈને એવી શંકા થાય કે જે આ રીતે સંતોષથી જીવે તેને લોકો ધનવાન નથી માનતા, દરિદ્ર માને છે તો આવી દરિદ્રતા શું કામની... તો તેના નિરાકરણમાં જણાવે છે:

**तथा–धर्मे धनबुद्धिरिति ।।६६।। (१९९)**

સંતોષથી જીવનાર શ્રાવકને પોતે દરિદ્ર છે એવું લાગતું નથી હોતું કારણ કે તેને ધર્મમાં જ ધનની બુદ્ધિ હોય છે. જેઓ ધર્મને જ ધન માને તેઓ ખરા શ્રીમંત છે. આપણી શ્રીમંતાઈ ધનના કારણે છે કે ધર્મના કારણે? તમારે ત્યાં પણ લોકો સારા કોને માને? ધનવાનને કે સંસ્કારીને? સંસ્કારી છોકરી હોય અને તે ગરીબ હોય તો તમે શું કહો? 'કંકૂ અને કન્યા આપશો તો ચાલશે, બીજું કશું નથી જોઈતું' એમ જ ને? તેમ અહીં પણ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એ જ આપણું ધન છે. કારણ કે ગમે તેટલું પુણ્ય હોય તોપણ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષ નહિ મળે. ગૃહસ્થપણામાં ગમે તેટલાં અનુષ્ઠાન કરાવો તોપણ ચારિત્રધર્મ વગર મોક્ષ નહિ જ મળે.

સ. ભગવાનનું મંદિર બંધાવનાર સાતમે ભવે મોક્ષે જાય-એમ સાંભળ્યું છે.

જે ભગવાનનું મંદિર બંધાવે તે ભગવાનની આજ્ઞા પાળવા માટે સાધુ બન્યા વિના ન રહે. શ્રી ષોડશક ગ્રંથમાં જણાવ્યું છે કે હૈયામાં બિરાજમાન એવા પરમાત્માને બહાર બિરાજમાન કરવા તેનું નામ પ્રતિષ્ઠા. પહેલાં પરમાત્માના ગુણોની હૈયામાં પ્રતિષ્ઠા કરવાની, ત્યાર બાદ તેનો પ્રતિમાજીમાં આરોપ કરવાનો. જેના હૈયામાં પરમાત્મા હોય તે ચારિત્ર લીધા વિના ન રહી શકે. તેથી વસ્તુતઃ ચારિત્ર જ મુક્તિનું કારણ છે. પરમાત્માની ભક્તિથી ચારિત્ર સુલભ બને અને ચારિત્રથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

**तथा–शासनोन्नतिकरणमिति ।।६७।। (२००)**

જેઓ ધર્મને જ ધનરૂપે માને છે તેઓ જ શાસનની ઉન્નતિ કરી શકે. જેઓ ધનને જ સર્વસ્વ માને તેઓ શાસનની ઉન્નતિ ન કરે, જેઓ શાસનને સર્વસ્વ માને તેઓ જ ધન દ્વારા શાસનની ઉન્નતિ કરી શકે. ધન એ શાસનની ઉન્નતિમાં નિમિત્તમાત્ર છે. બાકી શાસનની ઉન્નતિ તો તે કરી શકે કે જે શાસનને ઉન્નત માને. જે વસ્તુ કીમતી

હોય તેની ઉન્નતિ કરવાની હોય. શાસનને ઉન્નત ન માને તે ગમે તેટલાં અનુષ્ઠાન કરાવે તોપણ શાસનની ઉન્નતિ ન થાય. શાસન જેના હૈયે હોય તે શાસનને બીજાના હૈયા સુધી પહોંચાડી શકે. ગુજરાતીમાં કહેવત છે કે 'કૂવામાં હોય તો હવાડામાં આવે.' જેના પોતાના હૈયામાં શાસન ન હોય તે શાસનનાં કાર્યો કરવા છતાં શાસનના નામે પોતાની જ પ્રભાવના કરવાના. અને આ એક પ્રકારની માયા છે, દંભ છે. શાસનપ્રભાવના આવા દંભપૂર્વકની હોય તો તેનાથી શાસનની ઉન્નતિ ન થાય. લોકો આપણને ઓળખે કે ન ઓળખે, શાસનને ઓળખતા થાય એટલે આપણું કામ પત્યું. લોકો ધર્મ પામે તે માટે મહેનત કરવી છે, લોકોને ધર્મ કરતા નથી કરવા. ધર્મ કરનારની ઓળખ થાય કે ન થાય, ધર્મની ઓળખ લોકોને થાય એવું કરવું છે. વીરધવળરાજાને પોતાના વિમલમંત્રી સાથે અણબનાવ થયેલો તે વખતે મંત્રીશ્વર રાજ્ય છોડીને અન્યત્ર ગયા. અને તેમણે અનેક જિનમંદિરો બંધાવવાનું કામ શરૂ કર્યું. એ મંદિરો ઉપર નામ વીરધવળ રાજાનું હતું. રાજાને ખબર પડી, એને થયું કે રાજ્યના ભંડારમાંથી આટલાં મંદિરો બંધાવ્યાં. તેથી વિમલમંત્રીને પૂછ્યું કે આ શું કરે છે? મંત્રીશ્વરે જણાવ્યું કે રાજન્ આ બધું આપનું જ છે, આપના નામે જ છે. રાજાને ખબર પડી કે પૈસા મંત્રીશ્વરના છે અને નામ પોતાનું છે. રાજા મંત્રીશ્વરની ભાવનાથી પ્રભાવિત થઈ ગયો. રાજાના હૈયામાં શાસન વસી ગયું. પૈસા આપણા અને નામ બીજાનું. આનું નામ ઉદારતા. આપણે ત્યાં તો ઊંધું છે. પૈસા પારકા હોય અને નામ આપણું હોય: આ શાસનપ્રભાવનાની રીત નથી. આજે તો ટ્રસ્ટના પૈસા આપવા છતાં ટ્રસ્ટી નામ કમાય-આ શાસનોન્નતિ નથી. આપણે બીજાનું નામ દેવા જેટલા ઉદાર ન હોઈએ તોપણ નામ વિના કામ કરવું છે, કોઈનું નામ આપવું નથી: આટલું તો બને ને?

આ શાસનની ઉન્નતિના ઉપાય અહીં જણાવ્યા છે. જિનનિરૂપિત વચન એ જ શાસન છે. તેની ઉન્નતિ કરવી હોય તો સૌથી પહેલાં ૧. સમ્યગ્ન્યાયપૂર્વકનો વ્યવહાર કરવાનું જણાવ્યું છે. અનીતિના પૈસાથી કોઈ વ્યવહાર ન થાય તો ધર્મ ક્યાંથી કરાય? આજે તો સરકારના કરની ચોરી કરે અને આમ મોટાં મોટાં અનુષ્ઠાન કરાવે! આ સમ્યગ્વ્યવહાર નથી. તમે બે અનુષ્ઠાન ઓછાં કરશો તો ચાલશે. પણ રાજ્યની ચોરી કરીને ધર્મ નથી કરવો.

સ. સરકાર બે લેવાના હોય ત્યાં ચાર લે તો કેમ ચાલે?

સરકાર બેના ચાર જ નહિ, આઠ પણ લેશે. આપણે એના રાજ્યમાં રહીએ છીએ તો તેનો કાયદો પાળવો જ પડે. પહેલાના શેઠિયાઓ તો સામેથી અધિક ભેટણું

લઈને રાજાને ધરતા હતા ને રાજાને પ્રસન્ન કરતા હતા. રાજા અન્યાય કરે તોપણ રાજ્યના કાયદા પાળવા જ પડે, કાયદાનું ઉલ્લંઘન કરવાની રજા ન અપાય. તમારે રાજ્યમાં ન રહેવું હોય તો રાજ્ય છોડીને જવાની છૂટ પણ રાજ્યની ચોરી કરવાની છૂટ ન હોય.

સ. આજના રાજા રાજાની ગણતરીમાં આવે ખરા?

આજના ધર્માત્માને ધર્માત્મા ગણી શકાય એવું છે ખરું? તમે બીજાનો વિચાર કરવા પહેલાં પોતાની જાતનો વિચાર કરો. રાજા અન્યાયી હોય એટલે આપણને અધર્મ કરવાની છૂટ ન મળે. રાજા રાજા હોય કે ન હોય, આપણે ધર્માત્મા બનવા પ્રયત્ન કરવો છે. જે પોતાની જાતને સુધારે અને ધનને તુચ્છ માને તે જ શાસનપ્રભાવના કરી શકે. ધર્મ ધન કરતાં ચઢિયાતો છે-એવું માને તે ધનથી ધર્મની પ્રભાવના કરી શકે. બે નંબરના-અનીતિના પૈસાથી ધર્મ નથી કરવો. નીતિના પૈસાથી જ ધર્મ કરવો છે. અનીતિના પૈસાથી ધર્મ નથી કરવો એનો અર્થ એ નથી કે ધર્મ કરવાનું બંધ કરવું. તમારી પાસે નીતિનો પૈસો પણ છે જ ને? તેનાથી ધર્મ કરવો છે. જે સમ્યગ્ રીતે ન્યાયપૂર્વક વ્યવહાર કરે તે જ શાસનની પ્રભાવના કરી શકે. જે અનીતિના પૈસાથી ધર્મ કરે તેની ઉપર તો લોકો નામ મૂકે કે 'આ તો અમારા પૈસાથી ધર્મ કરે છે.' ભર્ત્તવ્યનું ભરણપોષણ કરીને પછી જ ધર્મમાં પૈસો ખરચવો તે સમ્યગ્વ્યવહાર. સગો ભાઈ સિદાતો હોય અને આ ભાઈ સંઘ કઢાવે તો તેનો ધર્મ નિંદાપાત્ર બને ને? આમ શાકભાજી લેવા જાય, દૂધ લેવા જાય તો ભાવતાલ કરવા બેસે, એવા લોકોનો પણ કસ કાઢે અને આ બાજુ લાખોના ચઢાવા લે! તો લોકો શું કહે? 'આમ તો કૃપણનો કાકો છે, પણ નામ માટે દાન આપે છે,' એવું કહે ને? આ સમ્યગ્વ્યવહાર નથી. જે ધર્મના કાર્યમાં તો ભાવતાલ ન કરે સાથે સંસારનાં કાર્યોમાં પણ ભાવતાલ ન કરે એની લોકો પ્રશંસા કર્યા વિના ન રહે. તેની ઉદારતાના કારણે અનેકના હૈયામાં શાસન વસે. ત્યાર બાદ ૨. યથોચિતજનનો વિનય કરવાનું જણાવ્યું છે. શાસનનાં કાર્યો કરનાર નમ્ર હોય તો શાસનની પ્રભાવના થાય. આજે તો મોટા ભાગે કાર્યકર્ત્તાઓનાં મગજ ગરમ હોય ને? જેનું માથું બરફ જેવું ઠંડું હોય તેવા કાર્યકર્ત્તાઓ શાસનની પ્રભાવના કરી શકે. આ તો ભગવાનના વરઘોડામાં ટ્રાફિક જામ થાય તો તિરસ્કારથી રાહદારીઓને કહે, તેનાથી તો શાસનની અપભ્રાજના થાય. ઉપરથી એવા વખતે હાથ જોડીને નમ્રતાથી કહેવું જોઈએ. તે તે જનનો યથોચિત વિનય કરે તે જ શાસનોન્નતિ કરી શકે. ત્યાર બાદ જણાવ્યું છે કે ૩. દીન અને અનાથ જીવોનો ઉદ્ધાર કરવો. શાસનપ્રભાવનાનાં દરેક કાર્યો અનુકંપાપૂર્વકનાં હોય તો જ તે શાસનોન્નતિનું કારણ બને. દીનાદિને જ પ્રભાવના આપવાની હોય છે બાકી જૈનોનું તો વાત્સલ્ય હોય. એના બદલે આજે જૈનોને પ્રભાવના

કરાય છે અને બીજાઓને ધક્કો મારીને કાઢે-આવું કરવાથી તો ઉપરથી શાસનની નિંદા થાય. ત્યાર બાદ જણાવ્યું છે કે ૪. સુવિહિત અર્થાદ્ વિધિપૂર્વક ચારિત્રની આરાધના કરનાર સાધુભગવંતોનો પુરસ્કાર કરવો. સુસાધુની નિશ્રા સ્વીકારીએ તો શાસનની ઉન્નતિ થાય. ત્યાર બાદ ૫. પરિશુદ્ધ શીલનું પાલન કરવાનું જણાવ્યું છે. જે પોતે સદાચારી હોય તેવો ધર્માત્મા શાસનનાં કાર્યો કરે તો તે શોભાપાત્ર બને. અસદાચારી માણસ ગમે તેટલાં ધર્મનાં કાર્યો કરે તોપણ ઉપરથી લોકો તેના ધર્મની નિંદા કરે. સાધુભગવન્તો અઢાર હજાર શીલનાં અંગોને ધારણ કરનારા હોવાથી તેમની આરાધના જ શાસનપ્રભાવનાનું કારણ બને છે. બીજાં કોઈ અનુષ્ઠાન ન કરી શકાય, શક્તિ ન હોય છતાં પણ જો પરિશુદ્ધ આચારનું પાલન કરીએ તો એ પણ શાસન પ્રભાવનાનું અંગ છે. આઠ પ્રભાવકની ઢાળમાં પણ છેલ્લે કહ્યું છે કે 'જબ નહિ હોવે પ્રભાવક એહવા તબ વિધિપૂર્વક અનેક, યાત્રાપૂજાદિક કરણી કરે તે પ્રભાવક છેક.' આ રીતે પાંચ પ્રકારના ઉપાયો જેણે સેવ્યા હોય તેવો જીવ જિનમંદિર બંધાવે તો તે શાસનપ્રભાવનાનું અંગ બને. તેથી શાસનોન્નતિના છઠ્ઠા ઉપાય તરીકે ૬. જિનમંદિર બંધાવવાનું જણાવ્યું છે અને મંદિર બંધાવ્યા બાદ ૭ યાત્રા, સ્નાત્ર વગેરે અનેક પ્રકારના ઉત્સવો કરવા એ શાસનોન્નતિનો ઉપાય છે. જેઓ પહેલા છ ઉપાય સેવે નહિ અને માત્ર ઉત્સવ મહોત્સવ કરાવે તેમનાં તે અનુષ્ઠાન શાસનોન્નતિનું કારણ ન બને. શ્રાવકે પોતાની શક્તિ આદિને અનુસાર આ રીતે શાસનની ઉન્નતિના ઉપાયો પ્રયત્નપૂર્વક સેવવા જોઈએ. કારણ કે શાસનની ઉન્નતિ એ મહાગુણનું કારણ છે. શ્રી અષ્ટકપ્રકરણમાં પણ કહ્યું છે કે શક્તિ હોતે છતે અવશ્યપણે આગ્રહપૂર્વક શાસનની ઉન્નતિ કરવી. કારણ કે આ શાસનની ઉન્નતિ એ તીર્થંકરનામકર્મના બંધનું અવંધ્ય કારણ છે. જેઓ શાસનને મહાન માનીને શાસનની ઉન્નતિમાં પ્રયત્ન કરે તેઓ શાસનના સંસ્થાપક બને છે.

**तथा-विभवोचितं विधिना क्षेत्रदानमिति ।।६८।। (२०१)**

પોતાના વિભવને ઉચિતપણે વિધિપૂર્વક ક્ષેત્રમાં દાન આપવું-આ શ્રાવકનો વિશેષ ધર્મ છે. શ્રી વીતરાગપરમાત્માનો ધર્મ પુણ્યથી મળેલી સામગ્રી છોડવા માટે છે. દાન આપ્યા વગર નથી રહેવું. તે પણ ક્ષેત્રમાં-પાત્રમાં દાન આપવું છે. તે પણ વિધિપૂર્વક આપવું અને પોતાના વિભવને ઉચિત આપવું. વિભવ ઘણો હોય અને ઓછું આપે તે પણ ન ચાલે અને પોતાનો પોષ્યવર્ગ વગેરે સિદાય એ રીતે પણ દાન ન આપવું. પોતાના પોષ્યવર્ગનું પોષણ કર્યા પછી, ખર્ચો નીકળ્યા પછી જે બચે તેનાથી દાન આપવાનું. તમે તો જેમ મૂડી વધે તેમ તેનું રોકાણ કરીને તેમાંથી પણ પૈસા વધારવાનાં આયોજન કર્યા કરો ને? એના બદલે એ પૈસો દાનમાં આપી દેવો છે. આપણે જો આવી

રીતે દાનમાં પૈસો આપીએ તો પૈસા ભેગા કરવા માટે ટીપ કરવાની જરૂર ન પડે. દેરાસર ઉપાશ્રય આપણાં છે કે સંઘનાં? તમે તમારા ઘર માટે ટીપ કરો ખરા? અને દેરાસર માટે, સાધુસાધ્વી માટે ટીપ કરો ને? આપણી સંસ્થાઓ પૈસા ભેગા કરવા માટે નથી, પૈસા ખરચવા માટે છે. આપણે બેઠા હોઈએ ત્યાં સુધી પૈસા ભેગા કરવાનું કામ જ શું છે? આપણા દેરાસર ઉપાશ્રયનો ખર્ચો આપણે જ પૂરો પાડવો છે અને આપણા ટ્રસ્ટનો પૈસો જ્યાં જરૂર હોય ત્યાં આપી દેવો. આટલા શ્રીમંતો હોવા છતાં ટ્રસ્ટમાં પૈસા ભેગા કરવા પડે એ આપણા માટે શોભાસ્પદ નથી. એક જણ પણ દેરાસરનો ખર્ચો આપી શકે એવું હોવા છતાં ફંડફાળા ભેગા કર્યા કરવા એ વ્યાજબી નથી. બીજી ધાર્મિક સંસ્થાઓમાં પગારદાર ટ્રસ્ટીઓ હોય છે, જ્યારે આપણી સંસ્થાઓમાં ટ્રસ્ટીઓ પગાર લેતા નથીઃ આ વિશેષતા જોઈને તો એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને આશ્ચર્ય થયું હતું. આપણે ત્યાં શ્રીમંત ટ્રસ્ટી હોય છે તેનું કારણ પણ આ જ છે કે કોઈ પણ જરૂર પડે તો ટ્રસ્ટીઓ ગાંઠના પૈસા કાઢીને આપી દે. દેરાસર ઉપાશ્રયને પોતાના માને તે જ આ રીતે દાન કરી શકે. દાન જે વિધિપૂર્વક આપવાનું છે તે વિધિ જણાવે છે-

**सत्कारादिर्विधिर्निःसङ्गता चेति ।।૬૧।। (૨૦૨)**

સત્કાર અને સન્માનપૂર્વક દાન આપવું. દાન આપતી વખતે ઊભા થઈને સત્કાર અને સન્માનપૂર્વક આપવું. તેમ જ નિઃસંગતાપૂર્વક આપવું. તમારાજેવા તો કેટલાય આવે છે, તમને મારું સરનામું આપ્યું કોણે? અમે પણ બૈરાછોકરાં લઈને બેઠા છીએ... આવું બધું ન બોલાય. સત્કારપૂર્વક આવકાર આપીને પોતાની ઉપર અનુગ્રહ કર્યો એવી બુદ્ધિથી આપવું. સામા ઉપર ઉપકાર કરવા માટે દાન નથી. દાતા આપણને લાભ આપે છે-એ એનો અનુગ્રહ છે. એ જ રીતે દાન પણ છોડવા માટે છે, બદલામાં કાંઈ પણ મેળવવા માટે નહિ. પુણ્યથી મળેલી સામગ્રી છોડી ન શકે તે ધર્મ ન કરી શકે. આજે 'આપવાથી મળે છે' આ વાત મગજમાં એવી ભરાઈ ગઈ છે કે નિઃસંગતાપૂર્વક દાન આપવાનું કામ કપરું બન્યું છે. આ તો ચઢાવા બોલવા માટે સંગીતકારને બોલાવે! અને સંગીતકાર પણ કહે કે વાવણીની વેળા છે. આપણે કહેવું પડે કે વાવણીની નહિ, કાપણીની વેળા છે. ચઢાવો લેવો હોય તો જેટલા ખરચવાના નક્કી હોય ત્યાંથી જ શરૂઆત કરવાની. એના બદલે જો ધાર્યા કરતાં ઓછામાં ચઢાવો મળે તો રાજી થઈ જાય ને? વસ્તુતઃ ચઢાવો લઈએ એ પણ દાન નથી, કામ કરીને પૈસા આપવા તે તો ધર્મમાં વાપર્યા, ખર્ચ્યા કહેવાય. કોઈ પણ શરત વિના આપવું તેનું નામ દાન. જેમાં કોઈ પણ લાભ લેવાની ભાવના હોય તે દાન ન કહેવાય. પહેલી પૂજાનો ચઢાવો લીધો હોય તો પહેલી પૂજાનો લાભ લીધો હોવાથી તે દાન નથી. કોઈ પણ નામ વિના કે કામ વિના

સીધેસીધું ભંડારમાં મૂકવું તેને નિઃસંગતાપૂર્વકનું દાન કહેવાય. દાનના બદલામાં આલોક સંબંધી કે પરલોકસંબંધી કોઈ અપેક્ષા ન હોવી જોઈએ. એક માત્ર સકલક્લેશના કલંકથી મુક્ત એવી મુક્તિના આશયથી દાન આપવાનું છે. તેમ જ દેશકાલ વગેરેને અનુસારે દુર્ભિક્ષાદિ કાળે ઉચિત દાન આપ્યા વિના ન રહેવું. જેઓ અવિહિત કાર્ય માટે ટીપ કરવા માટે આવ્યા હોય તેઓને ઉચિતદાન તરીકે દાન આપવું. પૂજાના, સ્વપ્નનાં, માળના, ઉપાશ્રયમાં પાટિયું મારવા માટે જે કાંઈ ચઢાવા બોલ્યા હોઈએ તે દાન નથી. આજે નિઃસંગતાપૂર્વક દાન આપનારા પણ મળતા નથી માટે આવાઓ દાનેશ્વરી ગણાય છે. તમે જેમ તમારા ઘરમાં પૈસા વાપરો છો, તેમ ધર્મમાં પણ પૈસા વાપર્યા કહેવાય. ઘરમાં વપરાયેલો પૈસો જેમ દાનમાં નથી ગણાતો તેમ ધર્મમાં પણ વળતર લઈને વાપરેલો પૈસો દાન ન કહેવાય. વાપરવું તે દાન નથી, છોડી દેવું તે દાન છે.

**वीतरागधर्मसाधवः क्षेत्रमिति ।।७०।। (२०३)**

દાન પણ ક્ષેત્રમાં જ આપવાનું છે. તેથી આ ક્ષેત્ર કયું છે તે માટે જણાવે છે કે વીતરાગપરમાત્માએ કહેલો ધર્મ જ પ્રધાન છે એવું માનનારા સાધુ ભગવન્તો એ ક્ષેત્ર-પાત્ર છે. દાનને યોગ્ય મુખ્ય પાત્ર આ વીતરાગના સાધુઓ છે. સાધુને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, વસતિ વગેરે આપવું તે સુપાત્રદાન છે.

સ. દાન અને વૈયાવચ્ચ એક જ?

ના. દાનમાં માત્ર 'આ ગ્રહણ કરો અને મને તારો' આ જ ભાવના હોય, દુઃખ દૂર કરવાની ભાવના ન હોય. જ્યારે વૈયાવચ્ચ કરતી વખતે તેમનું દુઃખ દૂર કરી તેમને અનુકૂળ બનવાની ભાવના હોય છે. વૈયાવચ્ચ કર્યા પછી કોઈને કહેવું નહિ અને સુપાત્રદાન આપતી વખતે પાછું વળીને જોવું નહિ. દેરાસર માટે જે કાંઈ આપીએ છીએ તે સુપાત્રદાન નથી, માટે અહીં સાધુને પાત્ર તરીકે ગણાવ્યા છે. સાધુભગવંતોને સુપાત્રદાન આપવાથી ચારિત્રમોહનીય અને દર્શનમોહનીય કર્મનો ક્ષય થાય છે. કષાયમોહનીય પણ જાય, નોકષાયમોહનીય પણ જાય, મિથ્યાત્વમોહનીય પણ જાય, માત્ર ભાવ હોવો જોઈએ કે મારે કર્મનો ક્ષય કરવો છે. સાધુભગવંતને વસ્ત્ર, પાત્ર, આહારની સાથે વસતિ પણ આપવી. આજે તો સાધુસાધ્વી સાધુપણાનું પાલન કરી શકે એવી વસતિ દુર્લભ છે ને? નવ વાડોનું પાલન અમે કરી ન શકીએ-એવી તો આજની વસતિ છે. સાધુસાધ્વીનું સંયમ સચવાય એવી વસતિનું દાન કરવાનું છે. સુપાત્ર તેને જ કહેવાય કે જે ધર્મને પ્રધાન માને. સાધુનું આચરણ આજ્ઞા મુજબનું પૂરેપૂરું ન હોય એવું બને, પરંતુ આજ્ઞા મુજબના ધર્મને જ પ્રધાન માને એવા સાધુ સુપાત્ર છે. જેમ તમે કરો છો ધર્મ, પરંતુ

ધનને જ પ્રધાન માનો છો ને? અહીં વ્યાખ્યાનમાં બેઠા છો પણ જો પેઢીએથી સમાચાર આવે તો હમણાં જ ઊઠીને જતા રહો ને? તમે દાન આપવાં છતાં ધનને જ પ્રધાન માનો છો. જેટલું કાઢ્યું છે તેના કરતાં કાંઈકગણું રાખ્યું છે ને? જે કાઢ્યું છે તે પ્રધાન છે કે જે રાખ્યું છે તે પ્રધાન છે? તેમ સાધુના આચારમાં થોડીઘણી શિથિલતા હોય તોપણ જે આજ્ઞા મુજબના ધર્મને જ પ્રધાન માને તે સાધુઓ પાત્રભૂત છે. આવા સાધુને દાન આપવામાં લાભ છે. આપણે કારતક પૂનમે જોઈ ગયા કે સિદ્ધાચલજી તીર્થક્ષેત્રમાં એક મુનિને દાન આપીએ તો કરોડ લોકોને જમાડયા જેટલો લાભ મળે. આપણે લાભની ભાવનાથી નથી આપવું, નિર્જરાની ભાવનાથી દાન આપવું છે. આ સાધુના વિશેષ લક્ષણ જણાવતાં ફરમાવ્યું છે કે ક્ષાન્ત, દાન્ત, મુક્ત જિતેન્દ્રિય, સત્યવચની, અભયદાતા, ત્રણ દંડથી વિરામ પામેલા, વિધિપૂર્વક નિર્દોષ દાન ગ્રહણ કરનાર સાધુ પાત્ર તરીકે જાણવા. કોઈ ગમે તેટલું અપમાન કરે તોપણ માથું ગરમ ન થાય તેનું નામ ક્ષાન્ત, મેતારજ મુનિને ભાવથી વહોરાવવા છતાં પોતાના જવલા ચોરી ગયાનો સંશય પડવાથી મુનિને માથે ચામડું વીંટયું. ચામડું સંકોચાવાથી માથાની નસો તડતડ ફાટવા લાગી છતાં મુનિભગવંતે સોની ઉપર જરા પણ ગુસ્સો ન કર્યો અને ક્ષમાના પ્રભાવે કેવળજ્ઞાન પામી મોક્ષે જતા રહ્યા. એ જ રીતે જે મુનિ ભગવન્ત દાન્ત હોય અર્થાદ્ કુરગડુમુનિની જેમ ઈન્દ્રિયનું દમન કરનારા હોય તે સુપાત્ર છે. અસહ્ય ક્ષુધાવેદનીયના કારણે રોજ આહાર લેવા જતા હતા. પરંતુ રસનેન્દ્રિયનું પોષણ થાય એવો આહાર ન લાવતાં માત્ર કૂરભાત જ લાવતા હતા. તે જ રીતે જેઓ મુક્ત હોય અર્થાદ્ કોઈ જાતની ઈચ્છા જેમને હોય નહિ તે સુપાત્ર છે. ત્યારબાદ જે જિતેન્દ્રિય હોય અર્થાદ્ જેમની રસેન્દ્રિયની સાથે ચક્ષુ વગેરે ઈન્દ્રિયો પણ કાબૂમાં હોય તે સુપાત્ર છે. ઈલાતીપુત્ર જે સાધુ ભગવંતને જોતાં કેવળજ્ઞાન પામ્યા તે સાધુભગવંત સામે રૂપ-રૂપના અંબારસમી સ્ત્રી ઊભી હોવા છતાં તેની સામે નજર માંડીને પણ જોતા નથી. આ પ્રભાવ જિતેન્દ્રિયપણાનો છે. સાધુ ભિક્ષાએ જાય ત્યારે દાતાનો હાથ, દેય વસ્તુ અને પોતાનું પાત્ર આ ત્રણ સામે જ નજર રાખે. તેમ જ જે સર્વ જીવોના અભયદાતા હોય, મનદંડ વચનદંડ અને કાયદંડથી વિરામ પામેલા હોય તથા વિધિપૂર્વક બેતાલીસ દોષરહિત ભિક્ષા લેનારા હોય તે જ સુપાત્ર છે.

**तथा–दुःखितेष्वनुकम्पा यथाशक्ति द्रव्यतो भावतश्चेति ।।७१।। (२०४)**

ભગવાનના શાસનમાં સુપાત્રદાનની જેમ અનુકંપાદાન પણ વિહિત છે. જેટલા પણ દુઃખી જીવો હોય તેમની શક્તિને અનુરૂપ દ્રવ્યથી અને ભાવથી અનુકંપા કરવી એ

શ્રાવકનો અર્થાદ્ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. જેઓ પોતાની મેળે પોતાની આજીવિકા ચલાવવા માટે સમર્થ નથી તેવા જીવો દુઃખી કહેવાય. તેવા દુઃખીની અનુકંપા હોય, સુખીની અનુકંપા ન હોય. જેઓ સમર્થ હોય એવાઓ હાથ લંબાવે તો તેવાને ઉચિતદાન આપી દઈશું. એ અનુકંપામાં ન ગણાય. કેવલ ભાવઅનુકંપાના અધિકારી સાધુસાધ્વી છે. ગૃહસ્થ માટે દ્રવ્ય અનુકંપા પણ વિહિત છે. ગૃહસ્થ કેવલ ભાવ અનુકંપા ન કરી શકે.

સ. કોઈ વારંવાર માંગવા આવે તો શું કરવું? આપી આપીને થાકી જઈએ!

તો વારંવાર આપવું. આપણે પણ વારંવાર બજારમાં જઈએ જ છીએ ને? વારંવાર કમાતા થાક નથી લાગતો તો આપવામાં થાક શેનો લાગે છે? સાચું કહો તમે જેટલું કમાયા છો એટલું આપ્યું છે ખરું? નહિ ને? તો શા માટે ચિંતા કરો છો? તમે તમારા જમાઈ, સાળા વગેરેને વગર માંગ્યે આપો જ છો ને? તો આ રીતે આવેલાને ઉચિત દાન આપવામાં શું વાંધો છે? જેઓ માંગવા આવે તેમને આગળ જાઓ કહેવાનું શું કામ છે? તમારા જેવા બેચાર આપી દે તો પેલાને આગળ જવાનો વખત જ ન આવે. માંગનાર શ્રીમંતના ઘરે નહિ આવે તો કોને ત્યાં આવશે? આજ સુધી ભેગું કરવાના સંસ્કાર પાડ્યા છે, હવે છોડવાના સંસ્કાર પાડવા છે. અનુકંપા બધાની કરવા જવાનું નથી. પણ જે સામે દેખાય, જે આપણા ઘરે આવે તેની તો અનુકંપા કર્યા વિના નથી રહેવું. જેઓ સંજ્ઞી પંચેન્દ્રિય એવા જીવોની પણ અનુકંપા ન કરી શકે તેઓ એકેન્દ્રિયની જયણા કઈ રીતે કરી શકે? દુઃખ આપણને ગમતું નથી તેથી બીજાને દુઃખ નથી આપવું. અને આપણી શક્તિ હોય તો તેનું દુઃખ દૂર કર્યા વિના નથી રહેવું. સુખ તો આપણે પોતે પણ છોડવું છે માટે બીજાને સુખી બનાવવાની વાત નથી કરવી. પરંતુ જે જીવો આપણી નજર સામે દુઃખી દેખાય અને આપણી પાસે શક્તિ હોય તો તેનું દુઃખ ટાળવા પ્રયત્ન કરવો તેનું નામ અનુકંપા. અહીં અનુકંપાપાત્ર તરીકે માત્ર દુઃખીને જ જણાવ્યા છે. તેમાં બીજી પાત્રતા જોવાની નથી. તે વ્યસની છે કે નહિ એ નથી જોવું, તે દુઃખી છે એટલું જ જોવું છે. અને દુઃખી ન હોય તેવાને પણ ઉચિતદાન આપવું છે. ઉચિતદાનમાં કે અનુકંપાદાનમાં પાત્ર નથી જોવાનાં. સુપાત્રદાનમાં પાત્ર જોયા વિના નથી રહેવું. આજે આપણે ઊંધું શરૂ કર્યું છે. અનુકંપા કે ઔચિત્ય વખતે પાત્ર જોવા બેસીએ અને સુપાત્રદાન વખતે બધાને સરખા માનીએ, ખરું ને? ઉપરથી કહે કે ભગવાનનો વેષ પહેર્યો હોય એ બધા જ આપણા કરતાં ચઢિયાતા છે-આ ન ચાલે. એક બાજુ બોલો કે અત્યાર સુધી અનંતા ઓઘા લીધા છતાં નકામા ગયા. અને બીજી બાજુ કહો કે

ઓઘો લીધો છે માટે વંદનીક છેઃ આ કેમ ચાલે? જે સાધુવેષમાં હોય પણ તેનામાં પાત્રતા ન હોય તેવાનું ઔચિત્ય જાળવવું, પણ તેમની ભક્તિ ન કરવી. ભક્તિભાવથી દાન તો માત્ર સુપાત્રમાં જ કરવું છે.

સ. જે અપાત્ર હોય કે કુપાત્ર હોય તેની ભક્તિ નહિ કરવાની?

ભક્તિભાવ નથી રાખવાનો બાકી બાહ્યથી ભક્તિ તો તેવાની સારામાં સારી કરવી કે જેથી પેલા અપાત્રમાં થોડી પણ લાયકાત પડી હોય તો તે પણ સાચાની અનુમોદના કરીને સમ્યગ્દર્શન પામી જાય. જે સાચા સાધુ હશે તેની ભક્તિ ઓછી કરશો તો ચાલશે પણ જેઓ તેવા નથી તેમનું ઔચિત્ય તો પૂરેપૂરું જાળવવું છે. કારણ કે સાચા સાધુને કદાચ નહિ વહોરાવો તો તે કોઈની આગળ ફરિયાદ નહિ કરે, કોઈને કહેશે પણ નહિ. જે સાધુ નહિ હોય તેવાઓ તો લોકોની આગળ ફરિયાદ કરશે અને ઉપરથી સારા સાધુના ભક્તોની નિંદા કરશે અને તેથી દુર્લભબોધિ બનશે. માટે આવાઓનું ઔચિત્ય પૂરેપૂરું સાચવી લેવાનું. સાચા સાધુના ભક્તો તો અપાત્રની ભક્તિ પણ એ રીતે કરે કે જે સાચાના વિરોધી હોય તેવાઓ પણ સાચાની અનુમોદના કરતા થઈ જાય. બાકી અપાત્રને પાત્ર માનીને ભક્તિભાવથી વહોરાવવાની વાત નથી.

દુઃખી કોને કહેવાય તે માટે જણાવે છે કે ભવાન્તરમાં ઉપાર્જન કરેલાં પાપકર્મોના વિપાક વખતે પ્રાપ્ત થયો છે તીવ્ર ક્લેશનો આવેશ જેમને તેવા જીવોને દુઃખી કહેવાય છે. આવા દુઃખી જીવોની અનુકંપા યથાશક્તિ કરવી. યથાશક્તિ એટલે શક્તિ ઉપરાંત કરવાની વાત નથી, શક્તિ છુપાવ્યા વિના કરવાની વાત છે. શક્તિ છુપાવવાના કારણે વીર્યાન્તરાય બંધાય છે. તેથી શક્તિ છુપાવવી નહિ તે ધર્મ છે. શક્તિ ઉપરાંત કરવું એ તો આર્ત્તધ્યાનનું કારણ છે. શક્તિ અનુસાર ગૃહસ્થે દ્રવ્ય અનુકંપા કરવી. દ્રવ્ય એટલે તેવા પ્રકારના આહારાદિનું દાન કરવું. અનુકંપાપાત્રનો ક્યારે પણ તિરસ્કાર કરવો નહિ. જે માંગવા આવ્યો હોય તેના સ્થાને પોતાની જાતને મૂકીને પછી તેની સાથેનો વ્યવહાર કરવો. આ દ્રવ્ય અનુકંપા કર્યા બાદ ગૃહસ્થ ભાવ અનુકંપા કરી શકે. બાકી ભાવ અનુકંપાના ખરા અધિકારી સાધુભગવંતો છે. સાધુ પાસે દ્રવ્ય છે જ નહિ, માટે તેઓ ભાવ અનુકંપાના અધિકારી છે. ગૃહસ્થ પાસે દ્રવ્ય હોવાથી દ્રવ્ય અનુકંપા કર્યા બાદ ભાવઅનુકંપા કરે ભાવ અનુકંપા કોને કહેવાય તે માટે અહીં જણાવ્યું છે કે ભીષણ એવા ભવભ્રમણથી વૈરાગ્ય ઉત્પન્ન કરાવવો તેને ભાવાનુકંપા કહેવાય છે. આ સંસાર ભયંકર છે કે સુહંકર? સંસાર સુખકારી નથી દુઃખકારી છે. દુઃખીને દ્રવ્ય આપ્યા બાદ કહેવાનું કે 'જો, ભૂતકાળમાં પાપ કર્યાં છે, બીજાને હેરાન કર્યા છે માટે આજે આ દશા થઈ છે. હવે

પાપ ન કરતો. રાત્રિભોજન નહિ કરતો, અભક્ષ્યભક્ષણ નહિ કરતો. પાપના કારણે આ સંસારમાં ચારે ગતિમાં રખડવું પડે છે.' પણ આ બધું તમે ન કરતા હો તો તેને કહી શકો. તમે પોતે જ રાત્રિભોજનાદિ પાપ કરો અને પેલાને ના પાડશો તો તેની અસર નહિ થાય. દુઃખીના દુઃખને ભુલાવી તેને દુઃખ વેઠતો કરી દે અને સુખીનું સુખ છોડાવે એવો વૈરાગ્યનો ઉપદેશ હોય. સુખનો રાગ ઓસરી જાય અને દુઃખનો ડર નીકળી જાય એવો પ્રયત્ન કરવો તેનું નામ વૈરાગ્યનું સંપાદન. આવા વૈરાગ્યને ઉત્પન્ન કરાવનાર ઉપદેશ આપવાનો અધિકાર સાધુભગવંતોનો છે. બધા સાધુઓ પણ આવો ઉપદેશ આપતા નથી. ગૃહસ્થે પણ સાધુની જેમ ઉપદેશ ન આપવો. માત્ર તેની અનુકંપા દ્રવ્યથી કર્યા બાદ તેને વૈરાગ્યબોધક વચનો કહેવાં. સાધુભગવંતને દ્રવ્ય અનુકંપા કરવાની નથી. કરાવવાનું કામ તેઓ ઉપદેશ દ્વારા કરે. અનુકંપાનો ભગવાને કોઈ પણ સ્થાને નિષેધ નથી કર્યો-એ પ્રમાણે શ્રી સૂયગડાંગમાં જણાવેલું છે. છતાં-સાધુ ભગવંતો દ્રવ્યાનુકંપા કરાવતી વખતે પોતાની મર્યાદા ન ચૂકે. દુઃખીની અનુકંપા એ દુઃખીના ઉપકારસ્વરૂપ હોવાથી ધર્મ છે. કહ્યું છે કે અન્ય ઉપર ઉપકાર કરવો એ મહાધર્મ માટે થાય છે-આમાં પરમાર્થને જાણનારા કોઈ વાદીઓને વિવાદ નથી. બીજા લોકોએ પણ કહ્યું છે કે પરપીડા જેવું કોઈ પાપ નથી અને પરોપકાર જેવો કોઈ ધર્મ નથી.

આપણે જોઈ ગયા કે દુઃખી જીવોની દયા-અનુકંપા કરવી એ ગૃહસ્થનો ધર્મ છે. ગૃહસ્થો દ્રવ્યને લઈને બેઠેલા હોવાથી તેઓ દ્રવ્ય અનુકંપાના અધિકારી છે. એની સાથે ભાવ અનુકંપા તો તેમની પાસે હોય જ. પરંતુ જેઓ દ્રવ્ય અનુકંપાના અધિકારી હોવા છતાં દ્રવ્ય અનુકંપા કર્યા વગર જ ભાવ અનુકંપા કરે છે તેમની અનુકંપા માયાના ઘરની છે. ગૃહસ્થને ધર્મહીન જીવો પ્રત્યે કરુણા સ્વરૂપ ભાવ અનુકંપા હોય જ. અને જો શક્તિ, સામર્થ્ય, અધિકાર હોય તો દ્રવ્ય અનુકંપા પણ કરે જ. સાધુભગવંત પાસે દ્રવ્ય ન હોવાથી તેઓ માત્ર ભાવ અનુકંપા કરે છે.

સ. દ્રવ્ય અનુકંપા કર્યા પછી ભાવ અનુકંપા રહી જાય તો?

ભાવ રહી જાય એવું બનવાનું નથી. કારણ કે ભાવ પહેલાં છે માટે જ તો દ્રવ્યથી પણ કરીએ છીએ. સામો માણસ ધર્મહીન છે. માટે દયાપાત્ર છે જ, પરંતુ અત્યારે એની પાસે દ્રવ્યો નથી, દુઃખી છે, માટે તેનું દુઃખ ટાળવા પૂરતું દ્રવ્યનું દાન કરવું એ દ્રવ્ય અનુકંપા છે. દ્રવ્યથી અનુકંપા કર્યા વિના તેને ધર્મ સમજાવવા ન બેસવું.

**તથા-લોકાપવાદભીરુતેતિ ।।૭૨।। (૨૦૫)**

લોકના અપવાદથી ડરવું તે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. લોક તો અજ્ઞાન છે,

બોલ્યા કરે-એવું ન વિચારવું. લોકો આપણો અપવાદ-નિંદા કરે એવું એક પણ વર્ત્તન આપણું હોવું ન જોઈએ. લોકોને આપણી પ્રત્યે રાગ ન થાય અને લોક તિરસ્કાર કરે એવાં કાર્યોથી અત્યંત ડરવું છે. લોકોમાં સારા દેખાવા માટે પ્રયત્ન કરવાની વાત નથી. લોકો નિંદા કરે એવું ન કરવાની માત્ર વાત છે. તમે એકાસણાં બેસણાં ન કરો તો ચાલશે પણ રાત્રિભોજન ન કરો. એટલું તો કહેવાય ને? લોકોના અપવાદથી ડરવું છે. લોકો પાપ માટે બોલે એવું પાપ નથી કરવું. પરંતુ ધર્મ માટે બોલતા હોય તો તેવો ધર્મ છોડવાની વાત નથી. લોકો આપણા માટે બે શબ્દ ઘસાતા ન બોલે એવું કરવું છે. લોકો પ્રશંસા કરે એવું કરવાની વાત નથી. કોઈ વાર કુટેવ પડી હોય અને છોડી ન શકાય તો પણ એવો અપવાદ જાહેરમાં નથી સેવવો. અમારે ત્યાં પણ કહ્યું છે કે કોઈ વાર અપવાદ સેવવા હોય તો જાહેરમાં ન સેવવા, ખાનગીમાં સેવવા, કે જેથી લોકો સાધુપણાની નિંદા ન કરે. બેઠાં બેઠાં પ્રતિક્રમણ કરવું હોય તો માંડલીમાં ન કરવું-એવું અમારા આચાર્યભગવંત કહેતા હતા. એ જ રીતે કોઈ વાર સાધુસાધ્વીને આધાકર્મી આહાર લેવો હોય તોપણ તે જાહેરમાં ન વાપરે.

સ. આધાકર્મી એટલે?

સાધુના નિમિત્તે જ જે આહાર બનાવ્યો હોય એ આધાકર્મી દોષથી દૂષિત આહાર કહેવાય. દ્રવ્યથી કોઈ વસ્તુ સાધુ માટે બનાવવી પડે, ક્ષેત્રથી અટવીનું ઉલ્લંઘન કરતી વખતે વચ્ચે શ્રાવકનાં ઘરો ન હોય ત્યારે સાધુ માટે બનાવવું પડે, કાળથી દુષ્કાળાદિમાં અને ભાવથી માંદગીમાં અમુક વસ્તુની જરૂર પડે તો સાધુ માટે બનાવીને વહોરાવીએ એ દ્રવ્યાદિકથી આધાકર્મી આહાર કહેવાય. દ્રવ્યાદિનું કારણ હોય તો સાધુ અપવાદે દોષિત આહાર લે. આજે અમારી આધાકર્મીની વ્યાખ્યા જુદી થઈ ગઈ છે. અમારા માટે અમારા કીધા વગર જાતે જ ગૃહસ્થે બનાવ્યું હોય તો તેને દોષિત નથી ગણતા. અમે જાતે કહીને જે વસ્તુ બનાવરાવી હોય તેને જ આધાકર્મી માનીએ છીએ! શાસ્ત્રમાં કહ્યું છે કે જો ગૃહસ્થના ઘરમાં અમે ઊતર્યા હોઈએ અને તે લોકો અંદર અંદર વાત કરતા હોય કે 'સાધુ હમણાં વહોરવા આવશે, અમુક વસ્તુ તૈયાર કરો...' એ શબ્દો સાધુ સાંભળે તો સાધુએ નીચે જઈને ગૃહપતિને કહેવું કે 'તમે અમારા માટે જે કાંઈ બનાવશો તે અમે વહોરીશું નહિ, તમારું બગડે તો તમે જાણો.' અમે જાણવા છતાં ન કહીએ તો અમને અતિચાર લાગે. અમને જેમ દોષ લાગે તેમ બિનજરૂરી આધાકર્મી વહોરાવવામાં તમને પણ દોષ લાગે છે. શાસ્ત્રમાં (દાનબત્રીસીમાં) કહ્યું છે કે નિષ્કારણ આધાકર્મી આહારાદિ વહોરાવનાર ગૃહસ્થને અશુભ દીર્ઘ આયુષ્યનો બંધ થાય છે. તેથી તમારે પણ દોષિત આહાર વહોરાવવો નહિ.

**સ.** કોઈ ભોળા ભાવે દોષિત આહાર વહોરાવે તો?

ભોળાભાવવાળા ધર્મ માટે યોગ્ય નથી, સરળભાવવાળા ધર્મ માટે યોગ્ય છે. ભોળામાં અને સરળમાં ફરક છે. ભોળો તેને કહેવાય કે જે અજ્ઞાન હોય અને સરળ તેને કહેવાય કે જે જાણ મુજબ સીધા માર્ગે ચાલે. ઋજુ અને પ્રાજ્ઞ હોય તેને ધર્મના અધિકારી તરીકે ગણ્યા છે. તમારા ધંધામાં ભોળા માણસ ચાલે કે હોશિયાર જોઈએ? હોશિયાર હોવા છતાં હોશિયારી બતાવે નહિ તે ધંધો નીતિપૂર્વક કરી શકે. તમે ગણિત શેના માટે શીખો? કોઈ તમને ઠગી ન જાય માટે કે તમે કોઈને ઠગો નહિ તે માટે? લોકો આપણને ખરાબ માણસ તરીકે ગણે એવું વર્તન આપણું ન હોવું જોઈએ. જે ધંધામાં લોકોને ઠગે તે સારો માણસ નથી ગણાતો. લોકો તેનો અપવાદ કરે છે. કહ્યું છે કે આ લોકમાં અપવાદ થાય તે કુલીન માણસ માટે મરણતુલ્ય છે. આયુષ્ય પૂરું થવાથી જે મરણ થાય છે એ તો સામાન્ય મરણ છે. કુલીન માણસોનું મરણ તો તેમનો લોકમાં અપયશ ફેલાય એ જ છે. એક મહાત્માનું એક જ્યોતિષીએ બ્યાશી વર્ષનું આયુષ્ય જણાવેલું. એ મહાત્મા બાણું વર્ષ સુધી જીવ્યા. તેમના મૃત્યુ બાદ જ્યોતિષીને પૂછવામાં આવ્યું કે આવું કેમ બન્યું? ત્યારે જ્યોતિષીએ કહ્યું કે તમે તપાસ કરો કે એ મહાત્માનો એ અરસામાં અપયશ ફેલાયો હશે. તપાસ કરતાં જણાયું કે એ મહાત્માનો આખી જિંદગીમાં જેવો અપયશ ફેલાયો ન હતો એવો અપયશ એ વખતે ફેલાયેલો. આના ઉપરથી પણ સમજાય એવું છે કે અપયશ એ જ કુલીન ખાનદાન માણસો માટે મરણતુલ્ય છે. અમારે ત્યાં પણ ગુર્વાદિક આપણી પ્રશંસા કરે કે ન કરે પરંતુ ગુરુને ઠપકો આપવો પડે એવું એકે વર્ત્તન આપણું હોવું ન જોઈએ. ગુરુ મહારાજ ઠપકો આપે, 'આવું કેમ કરો છો? સાંભળતા કેમ નથી?' એમ કહે તો આપણને મરવાજેવું થાય ને? ગુરુને ઠપકો આપવો પડે તે કુલીન સાધુને મરણતુલ્ય લાગે. આપણે કીર્ત્તિની ઝંખના નથી રાખવી, પરંતુ સાથે અપકીર્ત્તિ ફેલાય નહિ, એની કાળજી રાખવી છે.

**तथा–गुरुलाघवापेक्षणमिति ।।७३।। (२०६)**

ધર્મ કે અર્થકામના વિષયમાં કોઈ પણ કાર્ય કરતી વખતે ગૌરવ-લાઘવની ચિંતા કરવી. કયા કાળે કયું કાર્ય કઈ રીતે કરવામાં ગુણનો લાભ વધારે થાય એવો છે અથવા તો ઓછો થાય એવો છે ઈત્યાદિની વિચારણા કર્યા બાદ જેમાં અધિક લાભ હોય તેમાં પ્રવૃત્તિ કરવી. આથી જ જણાવે છે કે:

**बहुगुणे प्रवृत्तिरिति ।।७४।। (२०७)**

ધર્મ અર્થ અને કામઃ આ ત્રણે કાર્ય એકી સાથે ઉત્પન્ન થાય તો તેવા વખતે જેમાં લાભ વધારે હોય તેમાં જ પ્રવૃત્તિ કરવી. સંસારનાં કામ પણ રોજ ઉપસ્થિત થાય અને ધર્મનાં કામ પણ રોજ ઉપસ્થિત થાય છતાં આપણે ધર્મનાં કામ બાજુ પર રાખીને સંસારનાં કામ જ કરતા આવ્યા છીએ. ભરત મહારાજાનું દૃષ્ટાંત આ વિષયમાં યાદ રાખવું. તેમને એક બાજુ ચક્રરત્નની ઉત્પત્તિ થઈ હોવાથી તેની પૂજાનો અવસર ઉપસ્થિત થયો હતો અને બીજી બાજુ પોતાના પિતાશ્રી શ્રી ઋષભદેવસ્વામી ભગવાનનો કેવળજ્ઞાનનો મહોત્સવ કરવાનો અવસર ઉપસ્થિત થયો. બંન્ને પ્રસંગ એકી સાથે ઉપસ્થિત થવાથી કયું કાર્ય પહેલાં કરવું એવી મૂંઝવણમાં પડ્યા. પરંતુ ગૌરવલાઘવનો વિચાર કરતાં તરત જ બીજી ક્ષણે સમજાઈ ગયું કે **ताते पूजिते सर्वं पूजितमेव।** ત્રણ જગતના નાથ એવા પિતાશ્રીની પૂજા કરવાથી બધાની પૂજા થઈ જ ગઈ છે. ચક્રરત્નની પૂજા તો પાછળથી કરી શકાય છે. જ્યારે ભગવાનનો કેવળજ્ઞાનનો મહોત્સવ તો દેવતાઓ એ જ સમયે કરી લેવાના. આ રીતે વિચારીને કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા માટે ગયા. આપણને પણ આ રીતે બે પ્રકારનાં કાર્યો ઉપસ્થિત થાય તો આપણે શું કરીએ? સંસારમાં ફાયદો કેટલો છે અને ધર્મમાં ફાયદો કેટલો છેઃ આ બેનો વિચાર કર્યો હોત આજ સુધીમાં સંસાર છૂટી ગયો હોત. તમે ગૌરવલાઘવની ચિંતા કરતા નથી માટે જ સંસારમાં બેઠા છો. એ જ રીતે અમે પણ ગૌરવલાઘવની ચિંતા કરતા નથી માટે જ સાધુ થવા છતાં આગળ વધવાને બદલે નીચે ઊતરવા માંડ્યા છીએ. ભગત આવે અને સ્વાધ્યાયનો સમય હોય તો અમે શું વિચારીએ? સ્વાધ્યાય તો રોજનો છે, ભગત તો આજે જ આવ્યો છે આવું વિચારીએ તે ગુરુલાઘવની ચિંતા નથી. જેમાં ગુણનો લાભ ઘણો હોય એવા કાર્યને હડસેલો મારીએ ને જે કાર્યમાં પરિણામ શૂન્ય હોય એવું કાર્ય હાથમાં લઈએઃ આ ગુરુલાઘવની ચિંતા નથી. ઉપરથી એવા વખતે વિચારવું જોઈએ કે વિકથાથી કાંઈ આત્મગુણો પ્રગટવાના નથી, સ્વાધ્યાયથી તો આત્મગુણોની પ્રાપ્તિ થાય છે, એમ સમજી વિકથાથી પાછા ફરવું. ભણવામાં લાભ વધારે કે ભણાવવામાં વધારે લાભ? ભણવાનું બાકી હોય તે ભણાવવા બેસે એ બરાબર નથી. કમાવાના સમયે ખરીદી કરવા જાઓ ખરા? તેમ અહીં પણ ભણતાં ભણતાં ભણાવવા ન બેસવું. જેઓ ચૌદપૂર્વ ભણ્યા તેઓ જો એક એક પૂર્વ આવડતા જાય તેમ તેમ ભણાવતા જાય તો ક્યારે ય ચૌદ પૂર્વ ભણી ન શકે. ભણવાનું બાકી રાખી ભણાવવા ન બેસવું. પેથડશા મંત્રીએ પણ રાજાને કહી દીધેલું કે 'હું પહેલાં મારા પરમાત્માની ભક્તિ કરીશ પછી તમારાં કામ કરીશ. ધર્મઅર્થકામમાં ધર્મની પ્રધાનતા છે. આપણાં કોઈ પણ કાર્ય આપણા પુરુષાર્થથી કે આપણી અક્કલથી નથી થતા, ધર્મના પ્રભાવે થાય છે. ધર્મનાં બે કાર્ય ઉપસ્થિત

થાય ત્યારે પણ ગૌરવલાઘવનો વિચાર કરવો. મધ્યાહ્નપૂજા અને ગુરુની વૈયાવચ્ચ બંન્ને સાથે ઉપસ્થિત થાય તો સાધુની વૈયાવચ્ચ કરવા પહેલાં જવું. તમારે ત્યાં પણ ધંધાનો સમય હોય અને પત્ની માંદી પડી હોય તો પહેલા માંદાની સેવા જ કરો ને? જેઓ જાતે ગૌરવલાઘવની ચિંતા ન કરી શકતા હોય તેમણે ગીતાર્થ એવા જ્ઞાનીની નિશ્રામાં રહેવું. ત્યાર બાદ

**तथा–चैत्यादिपूजापुरःसरं भोजनमिति ।।७५।। (२०८)**

ચૈત્યની પૂજાનો અવસર આવે ત્યારે પૂજા કરવાપૂર્વક ભોજન લેવું. અન્યત્ર પણ કહ્યું છે કે સૌથી પહેલાં જિનપૂજા કરવી. ત્યાર બાદ ઉચિતદાન આપવું. પોતાના પરિજનો વગેરે એ ભોજન કર્યું છે કે નહિ ઈત્યાદિ સંભાળ લેવી. ત્યાર બાદ ઉચિત કૃત્યો કરીને એક સ્થાને બેસીને પચ્ચખ્ખાણ, સ્મરણ કરીને પછી ભોજન કરવું. ભોજન કરતી વખતે ભાણું પીરસાયા પછી પણ આપણે જે જે નિયમ લીધા હોય, જે જે વસ્તુનો ત્યાગ કર્યો હોય તે બધું યાદ કરીને પછી જે વસ્તુ કલ્પે એવી ન હોય તે કાઢી નાંખીને પછી ભોજન કરવું.

**तथा–तदन्वेव प्रत्याख्यानक्रियेति ।।७६।। (२०९)**

ભોજન કર્યા બાદ તરત જ દુવિહાર કે તિવિહાર વગેરેનું પચ્ચખ્ખાણ કરવું કે જેથી વિરતિમાં રહેવાના સંસ્કાર પડે. શ્રાવક શક્તિ હોય તો એકાસણું કરે અને શક્તિ ન હોય તો બેસણું કરે, પરંતુ છૂટા મોઢે રહેવાનું પસંદ ન કરે, ઊભાં ઊભાં ન વાપરે, એક સ્થાને બેસીને જ વાપરે. અને વાપર્યા બાદ પચ્ચખ્ખાણમાં જ રહે.

**तथा–शरीरस्थितौ प्रयत्न इति ।।७७।। (२१०)**

ત્યાર બાદ જણાવ્યું છે કે ગૃહસ્થ શરીરની સ્થિતિ માટે પ્રયત્ન કરે. એટલે કે શરીરની ઉપેક્ષા ન કરે. કારણ કે ધર્મ અર્થ કામ કે મોક્ષઃ આ ચારે પુરુષાર્થની સાધના શરીરના કારણે જ થાય છે. તેથી પુરુષાર્થના સાધનભૂત શરીરની રક્ષા માટે ઉચિત પ્રયત્ન કરવો જોઈએ-એમ અન્યત્ર પણ જણાવેલું છે. ગૃહસ્થને હજુ ચારિત્ર લેવાનું બાકી છે તેથી તે શરીરનું ચિકિત્સાદિ દ્વારા રક્ષણ કરે. શરીરથી સાધના કરવાની બાકી હોય તો અકાળે શરીરનો ત્યાગ ન કરવો. એટલું જ જણાવવાનું તાત્પર્ય છે.

**तथा–तदुत्तरकार्यचिन्तेति ।।७८।। (२११)**

શરીરની સ્થિતિ માટે પ્રયત્ન કર્યા પછી અનિવાર્ય સંયોગોમાં જે કાંઈ વ્યવહાર કે ધંધાનાં કાર્યો કરવાનાં હોય તો મધ્યાહ્ન પછી કરવાં. ત્યાર બાદ જણાવે છે કે:

## તથા-કુશલભાવનાયાં પ્રબન્ધ ઇતિ ।।૭૧।। (૨૧૨)

વ્યવહારાદિનાં કાર્યો થયા બાદ કુશલ ભાવનામાં પ્રબંધ રાખવો અર્થાદ્ પ્રકર્ષથી તેમાં પ્રવૃત્તિ કરવી. કુશલ ભાવનાનું ચિંતન કરવાનું કામ આગ્રહપૂર્વક કરવું. તેમાં સૌથી પહેલાં 'સર્વ સુખી થાઓ, સર્વ નીરોગી થાઓ, સર્વ કલ્યાણને જોનારા થાઓ અને કોઈ પણ પાપનું આચરણ ન કરો'-આવી ભાવના ભાવવાનું જણાવ્યું. તેમાં શરૂઆત પાપના ત્યાગથી કરવી છે. જે કોઈ પણ જીવ પાપ નહિ કરે તેઓ જ કલ્યાણને જોઈ શકશે. જેઓ પાપ કરશે તેમનું કલ્યાણ નહિ થાય. જેઓ કલ્યાણનાં ભાજન ન હોય તેમને જ રોગ આવે અને જેને રોગ આવે તે સુખી નહિ બને. જે પાપરહિત બને તેમનું કલ્યાણ થશે. જે કલ્યાણના ભાગી હોય તેઓને રોગ ન આવે અને જે નીરોગી હોય તે સુખી હોય. લોકો પાપ નહિ કરે તો આપણને પાપ કરવામાં કોઈ સહાય નહિ કરે. આથી જ લોકો પાપરહિત બને એવી ભાવના ભાવવાની છે. બાકી તો આપણે પોતે પાપરહિત બનીએ એ જ આપણું લક્ષ્ય છે. મારા ગુરુમહારાજ કહેતા હતા કે લોકો સુધરે કે ન સુધરે આપણે જો સુધરી જઈએ તો આ દુનિયામાંથી એક બગાડ ઓછો થઈ ગયો એમ સમજવું. આ સંસારનું સુખ પુદ્ગલ અને ચેતન વિના ભોગવાતું નથી. તેથી તે પાપથી ભોગવાય છે . આ સંસારનું સુખ પાપ વિના ભોગવાતું નથી માટે અહીં એ સુખની વાત નથી કરી. પાપનો ત્યાગ કરી જે સુખ ભોગવાય છે તે સંસારનું નથી. પાપરહિત બનવા માટે મોટાનો આશરો છે. આપણે જો વડીલોની નિશ્રામાં રહીએ તો આપણા પાપનો પ્રવાહ અટકી જાય. આજે આપણને વડીલો ગમતા ન હોય તો તેનું કારણ એ છે કે પાપ ગમે છે. પાપ ગમવા છતાં પણ વડીલોની નિશ્રા ગમતી હોય તો તે વડીલોના પુણ્યમાં આપણું પાપ ઢંકાઈ જાય છે માટે ગમે છે. વડીલો ગમે કે વડીલોની છાયા ગમે? વૃક્ષ ગમે કે વૃક્ષની છાયા ગમે? વડીલોની હિતશિક્ષા ગમે તો વડીલો ગમે છે એમ સમજવું. પરંતુ વડીલો ભૂલ ચલાવી લે એ ગમતું હોય તો તેમની છાયા જ ગમે છે એમ સમજવું. વડીલોની છાયા ગમે અને વડીલોનો તાપ ન ગમે તો આપણે પાપથી રહિત બની નહિ શકીએ. વડીલોની આંખ ફરે ને ખરાબ વર્તન દૂર થઈ જાય એવું જોઈએ.

સ. વડીલો ભીમ અને કાંત હોય ને?

પહેલાં ભીમ અને પછી કાંત હોય. છતાં તમને પહેલેથી કાંત ગુરુ હોય એ જ ગમે ને? ગુરુ બહારથી ભીમ હોય અને અંતરથી કાંત હોય. આમ છતાં ગુરુ તરફથી મળતી અનુકૂળતા ગમે. પરંતુ ગુરુ ન ગમે ને? તમારે ત્યાં પણ એ જ દશા છે ને? લોકોને પુણ્ય ગમે છે પણ ધર્મ નથી ગમતો. કારણ કે પુણ્ય સુખ આપે છે અને ધર્મ સુખ છોડાવે છે.

સ. પુણ્ય પણ ધર્મથી જ બંધાય ને?

પુણ્ય બાંધવા માટે ધર્મ કરવાની જરૂર નથી. દુઃખ જો ભોગવતાં આવડે તો ય પુણ્ય તો બંધાઈ જાય. જ્યારે ધર્મ કરવા માટે પુણ્ય છોડવું પડે, જે પુણ્ય ભોગવે તે ધર્મ ન કરી શકે. નરકના જીવો દુઃખ ઘણું ભોગવે છે અને એના પ્રભાવે મનુષ્યભવમાં આવવા જેટલું પુણ્ય તો બાંધે પરંતુ તેઓ ધર્મ કરી ન શકવાથી મોક્ષે નથી પહોંચી શકતા. જ્યારે મનુષ્યો નરકજેવાં દુઃખો નથી ભોગવતા છતાં સુખોનો ત્યાગ કરવાના કારણે, પુણ્યનો ભોગવટો ન કરવાના કારણે ધર્મની આરાધનાથી મોક્ષે પહોંચે છે. દીક્ષામાં નરકજેવું દુઃખ નથી પરંતુ સુખ છોડવું પડે છે. દુઃખ ભોગવવાનું હજુ સહેલું છે પણ સુખ છોડવાનું કામ સહેલું નથી.

સ. મોક્ષના સુખના અનુભવ વિના સંસારનું સુખ કેવી રીતે છોડી શકાય?

તમને મોક્ષના સુખનો અનુભવ નથી એ માની લીધું, પરંતુ સંસારની દુઃખરૂપતાનો તો અનુભવ છે ને? મોક્ષમાં જવાનું મન ન થાય તોપણ સંસારમાં રહેવાનું પાલવે એવું છે ખરું? આ સંસાર કેવો છે? સુખરૂપ છે કે ભંગાર છે? ભંગાર એવો પણ સંસાર જેને ભંગાર ન લાગે તે પોતે ભંગાર છે એમ સમજવું. સંસાર છોડી ન શકીએ પરંતુ સંસાર ભંગાર પણ ન લાગે એટલા ભંગાર આપણે નથી બનવું. કુશલભાવવનાનું ચિંતન કર્યા બાદ

**तथा–शिष्टचरितश्रवणमिति ।।८०।। (२१३)**

પ્રથમ અધ્યાયમાં શિષ્ટાચારપ્રશંસા સૂત્રમાં જે શિષ્ટાચાર જણાવ્યા છે તેનું નિરંતર શ્રવણ કરવું. કારણ કે આ રીતે શ્રવણ કરવાના કારણે તેમાં બતાવેલા ગુણોની અભિલાષા વધતી રહેવાથી પ્રાપ્ત ગુણોની હાનિ થતી નથી. ત્યાર બાદ

**तथा–सान्ध्यविधिपालनेति ।।८१।। (२१४)**
**यथोचितं तत्प्रतिपत्तिरिति ।।८२।। (२१५)**

સંધ્યાકાળસંબંધી દિવસના આઠમા ભાગે આહારનો સંકોચ કરવા સ્વરૂપ વિધિનું પાલન કરવું. પોતાના સામર્થ્યને અનુરૂપ સંધ્યાસંબંધી વિધિની પ્રતિપત્તિ કરવી.

**पुजापुरस्सरं चैत्यादिवन्दनमिति ।।८३।। (२१६)**
**तथा–साधुविश्रामणक्रियेति ।।८४।। (२१७)**

સંધ્યાસંબંધી પૂજા કર્યા બાદ ગૃહચૈત્યમાં તેમ જ સંઘમંદિરમાં ચૈત્યવંદન કરવું,

તેમ જ યતિ-સાધુભગવંતોને તેમ જ માતાપિતાને વંદન કરવું. આદિ પદથી પ્રતિક્રમણાદિ ક્રિયા કરવી. ત્યાર બાદ સાધુની વિશ્રામણા કરવી. સાધુભગવન્ત કેવા હોય તે માટે જણાવે છે કે નિર્વાણની આરાધના માટે ઉપયોગી એવા યોગની સાધનામાં પ્રવૃત્ત થયેલા અને સ્વાધ્યાય ધ્યાન વગેરે અનુષ્ઠાનમાં નિષ્ઠ હોવાના કારણે જેમને શ્રમ પડેલો હોય તેવા સાધુની વિશ્રામણા, તેવા પ્રકારના વિશ્રામક એવા સાધુ ન હોય તો શ્રાવકે કરવી. વિશ્રામણા કરનાર સાધુ હોય તો ગૃહસ્થે વિશ્રામણા ન કરવી.

**तथा-योगाभ्यास इति ।।८५।। (२१८)**

**तथा-नमस्कारादिचिन्तनमिति ।।८६।। (२१९)**

સાલંબન અને નિરાલંબન યોગનું વારંવાર પરિશીલન કરવું. સાલંબનયોગમાં પરમાત્માનું ધ્યાન હોય છે અને નિરાલંબનયોગમાં પરમાત્માના શુદ્ધસ્વરૂપનું ચિંતન હોય છે. તેમ જ નવકારમંત્રનું તથા અન્ય સ્વાધ્યાયનું ચિંતન કરવું.

**तथा-प्रशस्तभावक्रियेति ।।८७।। (२२०)**

આત્માના ગુણોને અનુસરનારી જેટલી પ્રવૃત્તિ કે પરિણતિ છે તે પ્રશસ્ત છે. અને આત્માના ગુણો સિવાય બીજી કોઈ પણ વસ્તુને અનુસરનારી પ્રવૃત્તિ કે પરિણતિ છે તે અપ્રશસ્ત છે. આજે પ્રશસ્ત ક્રિયા કરવાનું હજુ સહેલું છે પણ પ્રશસ્ત ભાવ લાવવાનું કામ કપરું છે. આજે પ્રશસ્ત ક્રિયાઓ કરવા છતાં અપ્રશસ્ત ભાવો હૈયામાંથી ગયા નથી. જેનો અમલ કરવાનો નથી એવા પણ વિચારો બંધ થતા નથી ને? સુખ ભોગવતા નથી છતાં ય સુખ ભોગવવાનો વિચાર હજુ ગયો નથી. એ જ રીતે દુઃખ ભોગવવા છતાં પણ દુઃખ ન ભોગવવાનો વિચાર હજુ પડ્યો જ છે. જે કામ કરતા નથી તેનો પણ અધ્યવસાય પડેલો જ છે ને? આપણે ન છૂટકે સુખ છોડવાની અને દુઃખ ભોગવવાની પ્રવૃત્તિ કરીએ છીએ-આ પ્રશસ્તભાવ ક્રિયા નથી. ક્રોધાદિ દોષના વિપાકનું પર્યાલોચન કરવું તેનું જ નામ પ્રશસ્ત ભાવ. ગુસ્સો આવ્યા પછી શાંતિ કેવી રીતે રાખવી, માન આવ્યા પછી નમ્રતા કેવી રીતે કેળવવી, માયા કરવાનું મન થયા પછી સરળતા કેવી રીતે મેળવવી અને ઈચ્છાઓ ઊભી થયા પછી ઈચ્છા વગર કેવી રીતે જીવી શકાય તેવી જે પરિણતિ છે તેને પ્રશસ્ત ભાવ કહેવાય છે. પરિણામથી જ પરિણામની ધારા કપાય છે. સાધુપણું પાળવા છતાં પણ અવિરતિ ભોગવવાનો પરિણામ ગયો ન હોય તો તે અપ્રશસ્તભાવનો જ પ્રભાવ છે. સર્વવિરતિનો અર્થ જ એ છે કે સુખ ભોગવવાના પરિણામથી વિરામ પામવું. આજે તમે અને અમે ક્રિયા સુધારવા માટે

મહેનત કરીએ છીએ પરંતુ ક્રોધાદિ દોષોને ટાળવા માટે મહેનત નથી કરતા. સુખ ભોગવવાનું મન પડ્યું છે અને દુઃખ ન ભોગવવાનો પરિણામ જીવતો ને જીવતો જ છે છતાં ક્રિયાઓ શુદ્ધ કર્યે રાખી છીએઃ આનાથી ફાયદો શું?

સ. ક્રિયાઓ શુદ્ધ હશે તો ભાવ શુદ્ધ થશે ને?

તમે ઊંધું વિચારો છો. ભાવ જો શુદ્ધ હશે તો ક્રિયા ગમે તેવી હશે તોપણ નભાવી લઈશું. એના બદલે આપણે અશુદ્ધ ભાવને નભાવવાનું કામ ચાલુ રાખ્યું છે માટે જ પ્રશસ્ત ભાવ આવતા નથી. અસલમાં ક્રોધાદિ દોષો ભયંકર છે અને એ દૂર કરવા છે એવો વિચાર પણ હજુ સુધી આવ્યો નથી.

સ. ક્રોધાદિ દોષો અસાધ્ય હોય તો?

અસાધ્ય રોગની દવા નથી કરાવતા ને? કેન્સરની દવા ન કરાવવાનો નિયમ લેવો છે? ત્યાં બચવાનો સંભવ માનીને દવા કરાવો ને? બીજું કાંઈ નહિ તોય રોગનો આવેગ તો ઓછો થાય, રોગની પીડા ઓછી થાય તેના માટે પ્રયત્ન કરો જ ને? તેમ અહીં પણ દોષોના કારણે જે આર્ત્તધ્યાન થાય છે તે ટાળવા માટે પ્રયત્ન કરવો છે. ભગવાને શ્રેણિક મહારાજાની નરક ન તોડી, પણ નરકનું આર્ત્તધ્યાન ટાળી આપ્યું ને? કરેલાં પાપોની સજા ભોગવીને પૂરી કરવી જ પડશે.

સ. આલોચનાથી સજા માફ થાય ને?

આલોચનાથી ગુનો માફ થાય, સજા તો માફ ન ય થાય. નંદનઋષિના ભવમાં શ્રી મહાવીર પરમાત્માના જીવે કેટલો તપ કરેલો? છતાં છેલ્લા ભવમાં સાડા બાર વરસ સુધી કેટલા દુઃખો ભોગવ્યાં?

સ. વીરવિજયજી મહારાજે ગુના મેરા બક્ષ દીજે.. કેમ કહ્યું?

એ ગુનો કયો? અશાતાનું પાપ ટાળવાની વાત નથી કરી, મિથ્યાત્વનું પાપ ટાળવાની વાત કરેલી. આપણે અશાતાના ઉદયને પાપ માનીએ છીએ, શાસ્ત્રકારો મિથ્યાત્વના ઉદયને પાપ કહે છે. જેનાથી દુઃખ આવે તેને આપણે પાપ કહીએ, જેનાથી સંસાર વધે તેને શાસ્ત્રકારો પાપ કહે છે. રાગ અને દ્વેષના કારણે સંસાર ઊભો છે. આ સંસાર ટાળવા માટે મિથ્યાત્વનું પાપ સૌથી પહેલાં કાઢવું છે. આપણે મોહને આધીન થઈને જીવીએ છીએ એ જ આપણો ગુનો છે. એ ગુનો માફ કરવો-એનો અર્થ જ એ છે કે મિથ્યાત્વને દૂર કરવું.

સ. મિથ્યાત્વ દૂર ન થાય ત્યાં સુધી કરેલો ધર્મ કામ ન લાગે ને?

મિથ્યાત્વની મંદતામાં કરેલો ધર્મ કામ લાગે છે. મિથ્યાત્વ જાય તો ધર્મ કરવામાં આનંદ આવે અને મિથ્યાત્વ મંદ પડે તો ધર્મ કરવાનું મન થાય. પૈસો કમાવાનું જેટલું મન થાય છે તેના કરતાં ધર્મ કરવાનું મન વધુ થાય-તો સમજવું કે મિથ્યાત્વ મંદ પડ્યું છે.

સ. પૈસા કમાવાની પણ ઈચ્છા થાય છે અને કમાઈને ધર્મમાં ખર્ચવાનું પણ મન થાય છે. એટલું તો સારું ને?

દાન માટે કમાવાની ભગવાને ના પાડી છે. પહેલાં ધૂળમાં આળોટવાનું અને પછી સ્નાન કરવું આવું કોઈ કરે? મિથ્યાત્વ મંદ પાડવું હોય તો, કમાવાનું છોડી ન શકો પણ કમાવાનું ઓછું કરી શકો ને? આજે નિયમ આપું કે જે પહેલો ઘરાક આવે તેને મફતમાં આપવું અથવા તેની પાસેથી નફો ન લેવોઃ આટલું તો બને ને? આપણી ક્રિયા સારી છે એ નથી જોવું, આશય ખરાબ છે એ જોવું છે તો જ આશયની શુદ્ધિ થશે. જો ભાવને અર્થાદ્ અંતઃકરણને પ્રશસ્ત બનાવવામાં ન આવે તો અપ્રશસ્ત એવા ભાવથી મહાદોષની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે અસંક્લિષ્ટ-સંક્લેશરહિત એવું ચિત્તરત્ન એ આંતરિક ધન કહેવાય છે. જેનું ચિત્તરત્ન દોષો વડે ચોરાઈ ગયેલું હોય તેને વિપત્તિઓ આવે છે. હવે પ્રશસ્તભાવક્રિયા માટે શું કરવું તે જણાવે છેઃ

**तथा-भवस्थितिप्रेक्षणमिति ।।८८।। (२२१)**

સંસારના સ્વરૂપનું અવલોકન કરવાથી પ્રશસ્તભાવની પ્રાપ્તિ થાય છે. આપણને અણગમતો એવો પણ સંસાર જે પ્રાપ્ત થાય છે-તેમાં અપ્રશસ્ત ભાવસ્વરૂપ કષાય જ કારણ છે. તેથી સંસારની વિચિત્રતાનું પરિભાવન કરીએ તો અપ્રશસ્તભાવોને કાઢવાનું કામ સહેલું છે. સંસારના સ્વરૂપના અવલોકનમાં સૌથી પહેલાં યૌવનની ચંચળતા બતાવી છે. આ સંસારમાં સૌથી પ્રિય વસ્તુ કઈ છે? યૌવનાવસ્થા ને? પૈસો ગમે તેટલો હોય તોપણ ઘડપણમાં પૈસાનું શું કરવાનું? આથી યૌવનની અનિત્યતા જણાવે છે. યૌવન વયમાં બધાં જ સુખનાં સાધનો ઊભાં કરી શકાય છે. યૌવનાવસ્થામાં જેટલાં પાપ કરીએ છીએ એટલાં પાપ બાળપણમાં નથી કરતા. આથી જ ભગવાને યૌવનાવસ્થા આવવા પહેલાં બાલ્યાવસ્થામાં જ ચારિત્ર લેવાનું વિધાન કર્યું છે કે જેથી પાપ કરવાનો અવસર આવે જ નહિ.

સ. આજે ઘણા બાળદીક્ષાનો વિરોધ કરે છે.

તેઓ અસલમાં બાળદીક્ષાના નહિ દીક્ષાના જ વિરોધી છે. બાળદીક્ષાનો વિરોધ કરનારા તો યુવાન છે ને? છતાં દીક્ષા કેમ લેતા નથી? જે ભગવાને દીક્ષા લેવાની આજ્ઞા કરી છે એ જ ભગવાને આઠમા વરસે દીક્ષા લેવાનું જણાવ્યું છે. છતાં ભગવાનની એક વાતનો વિરોધ કરે તો બીજી વાત માની ન કહેવાય. એટલે બાળદીક્ષાના વિરોધી દીક્ષાના વિરોધી છે એમ માનવું.

સ. એ ઉંમરમાં આખા જીવનનો નિર્ણય કરવાનું સામર્થ્ય નથી હોતું.

એ જવાબદારી તો દીક્ષાદાતા ગુરુની છે ને? ગીતાર્થ ગુરુ બાળકની યોગ્યતા જોઈને પછી જ દીક્ષા આપે. શ્રી શય્યંભવસૂરિ મહારાજે શ્રી મનકમુનિને બાલ્યવયમાં દીક્ષા પણ આપી અને દશવૈકાલિકસૂત્રની સમજણ પણ આપી. નાના છોકરાઓ માંદા પડે તો તેની દવા કેવી રીતે કરવી એ માબાપ ન જાણે, પરંતુ ડોક્ટર તો જાણે ને?

સ. અણસમજમાં દીક્ષા લે તો પાછળથી પરિણામ પડી જાય-એવું બને ને?

અણસમજમાં દીક્ષા લેનારને પાછળથી સમજણ આપીએ તો પરિણામ શા માટે પડે? તમે સમજુ થવા છતાં પણ દીક્ષા લેતાં નથી, એના બદલે અણસમજમાં દીક્ષા લઈ લીધી હોત તો આજે દીક્ષામાં સમજણ પામીને સ્થિર થઈ ગયા હોત. પરિણામ તો સમજીને દીક્ષા લેનારાના ય પડવાનો સંભવ છે. સમજીને આવેલા પણ પોતાની સમજણને બાજુ પર મૂકીને અણસમજુની જેમ જીવે તો તેને દીક્ષાના પરિણામ ટકે ક્યાંથી? અણસમજુ જો જ્ઞાની ગુરુની નિશ્રામાં જીવે તો ગુરુ તેને સમજુ બનાવે. પણ સમજ મળ્યા પછી પણ સમજને બાજુ પર મૂકીને જીવે તેને ગુરુ પણ બચાવી ન શકે. સમજણ મળે તેના અપ્રશસ્ત ભાવ ટળે અને અપ્રશસ્ત ભાવ જાય તે સાધુપણું મજેથી પાળી શકે.

યૌવન અવસ્થા આપણને ગમે તેટલી સારી લાગતી હોય તોપણ પર્વત ઉપરથી પડતા પાણી જેવી ચંચળ છે, શરદ ઋતુમાં આકાશમાં આવેલા મેઘ જેમ ક્ષણવારમાં વિલીન થઈ જાય છે, યૌવન એની જેમ ચંચળ છે. તેમ જ ધન પણ સ્વપ્નમાં મળેલા ધનની જેમ નશ્વર છે. આજે નહિ તો કાલે યૌવન અને ધન જતું જ રહેવાનું છે. છેલ્લે કીધું છે કે આ દુનિયામાં વાસ્તવિક રીતે બધું ચંચળ છે. ધન કે યૌવન ચંચળ છે એ નજરે જોવા છતાં આપણે એને ચંચળ માની નથી શકતા એની પાછળ આપણો રાગ જ કામ કરે છે ને? અને એ રાગની પાછળ પણ મિથ્યાત્વનો કારમો ઉદય જ કામ કરે છે. અહીંથી જવાનું જ છે છતાં બધી સામગ્રી ઊંચામાં ઊંચી વસાવી છે ને?

સ. ઉચિત રહેણી-કરણી એટલે શું?

પાપ વગર જીવવું એ ઉચિત રહેણી-કરણી. મોભા મુજબ જીવવું એટલે ધર્મ સારામાં સારો કરવો અને અધર્મ બિલકુલ ન કરવો. તમારી હાલત તો ઊંધી છે ને? કપડાં સારાં પહેરવાં એને મોભા મુજબ જીવવું ન કહેવાય. આપણી શક્તિ હોય તો પૂજાની સામગ્રી સારામાં સારી વાપરીશું અને પહેરેલાં કપડાં ફાટેલાં ન હોય એવાં વાપરીશું આવી-ભાવનાપૂર્વક જીવવું એને મોભા મુજબ જીવવું કહેવાય. પૂજાની સામગ્રીમાં ગોબો પડે, તડ પડે તો તેવી વસ્તુ ન રાખવી. આગળ જણાવે છે કે શરીર રોગરૂપી ઉરગ-સર્પના સ્થાન-ઘરસમાન છે. શરીર રોગોનું આશ્રય છે. એવા શરીર ઉપર શું મમત્વ રાખવાનું? જેટલા પણ સંગમ છે, સંયોગો છે તે વિયોગના દોષથી દૂષિત છે. સંપત્તિઓ વિપત્તિથી યુક્ત છે. વિપત્તિઓ સંપત્તિને કટાક્ષથી જોઈ રહી છે. વિપત્તિઓ સંપત્તિની હાજરીમાં પણ શાંતિથી જીવવા દેતી નથી. ગમે તેટલો ઊંચામાં ઊંચો પુણ્યોદય હોય તોપણ તે પાપના ઉદયથી સંવલિત છે. આ દુનિયામાં એક પણ સુખનું સાધન એવું નથી કે જે ઉપદ્રવથી યુક્ત ન હોય... આ રીતે ભવની અવસ્થાનું આલોચન કરવું.

**तदनु तन्नैर्गुण्यभावनेति ।।८९।। (२२२)**

આ રીતે સંસારનું સ્વરૂપ જોયા બાદ સંસારની નિર્ગુણતાનું પરિભાવન કરવું. આ સંસારમાં પુણ્યના ઉદયથી મળનારી એક પણ અનુકૂળતા આત્માના ગુણનું કારણ બની શકે એમ નથી. આપણા આત્મગુણને પ્રગટાવવાનું સામર્થ્ય આ સંસારની એકે ચીજમાં નથી, આથી જ સંસાર નિર્ગુણ છે. જ્યાં સુધી પુણ્ય ઉપર નજર સ્થિર હશે ત્યાં સુધી સંસારમાં ગુણ દેખાયા જ કરશે. જો પુણ્ય ઉપરથી નજર ખસે તો જ સંસાર નિર્ગુણ ભાસે.

સ. સંસારની ચીજ જો ઈચ્છા મુજબ મળી જાય તો આર્ત્તધ્યાન ન થાય એટલો ગુણ ખરો ને?

સંસારની ચીજ મળે તો આર્ત્તધ્યાન ટળે આ વાત સાચી છે? સંસારની જોઈતી ચીજ મળી જાય એટલે સુખ મળ્યાનો આનંદ છે કે દુઃખ ટળ્યાનો? દુઃખમાં અરતિ જેમ આર્ત્તધ્યાન છે તેમ સુખમાં રતિ એ પણ આર્ત્તધ્યાન છે. તમે માત્ર દુઃખના દ્વેષને આર્ત્તધ્યાન કહો છો, શાસ્ત્રકારો સુખના રાગને પણ આર્ત્તધ્યાન કહે છે. સુખમાં લેપાવું એ પણ એક પ્રકારનું આર્ત્તધ્યાન છે. આજે આપણને સુખનો રાગ નડતો નથી ને?અમારે ત્યાં પણ કોઈ વસ્તુ પરઠવવી પડે તો તેની આલોચના લેવા આવે પણ રાગથી વાપર્યું

હોય તેની આલોચના લેવા ન આવે. આ સંસારમાં પુણ્યથી મળનારી એક પણ ચીજ આપણા કામની નથી. પુણ્યના ઉદયથી મળનારું સુખ આપણા આત્મગુણોને પ્રગટાવતું નથી અને પાપના ઉદયથી આવનારું દુઃખ આપણી મોક્ષસાધનાને અટકાવતું નથી. ઉપરથી પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પણ મળનારું સુખ ચારિત્રપ્રાપ્તિમાં અવરોધ કરે છે જ્યારે પાપના ઉદયથી આવનારું દુઃખ તો સાધનામાં સહાય કરે છે. અત્યાર સુધી અનન્તા આત્માઓ દુઃખ સમતાથી ભોગવી ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પામી ગયા. જ્યારે તીર્થંકરના આત્માઓ જન્મથી વિરાગી અને ચારિત્રના અભિલાષી હોવા છતાં તેમને ત્ર્યાશી લાખ પૂર્વ વર્ષ સુધી ચારિત્ર લેતાં રોકવાનું કામ આ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળનારાં ભોગસુખો જ કરે છે. માટે જ આ સંસાર નિર્ગુણ છે. અહીં જણાવ્યું છે કે સંસાર એ સ્મશાનજેવો છે. સ્મશાનમાં જેમ ગીધડા, શિયાળ, પિશાચ વગેરે ફરતા હોય છે તેમ આ સંસારમાં પણ એક બાજુ ક્રોધરૂપી ગીધ પોતાની પાંખ ફફડાવે છે, બીજી બાજુ તૃષ્ણારૂપી શિયાળણી મોઢું પહોળું કરીને આગળ દોડે છે, અને ક્રૂર એવો કામરૂપી પિશાચ લાંબા કાળ સુધી ભમ્યા કરે છે. આવા આ સ્મશાનરૂપી સંસારમાં કોણ સુખે રહી શકે? ઘાસના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુની જેમ લક્ષ્મી ચંચળ છે. બંધુઓનો સમાગમ પણ ખલ-દુષ્ટ જનની પ્રીતિના જેવો ચિરસ્થાયી નથી. તે સિવાય પણ જે કાંઈ વિભવ દેખાય છે તે બધું પણ શરદૠતુના મેઘની જેમ ચંચળ છે તેથી આ સંસારના કોઈ પણ પદાર્થમાં સાર ન હોવાથી આપણને પોતાને જે હિતકારી હોય તેનું જ ચિંતન કરવું.

### तथा–अपवर्गालोचनमिति ।।९०।। (२२३)

સંસારની નિર્ગુણતાની સાથે મોક્ષની સારભૂતતાનું પણ આલોચન કરવું. આ સંસારમાં ગમે તેટલી લક્ષ્મી મળી ગઈ તો ય શું? બધા શત્રુઓના મસ્તક પર પગ મૂક્યો તોય શું? પ્રણયી જનોને વિભવથી પૂર્યા તો ય શું? કારણ કે આ બધું મળવા છતાં સંસારમાં શાંતિ નથી મળતી. તેથી આવા અસદ્વિકલ્પો વડે સર્યું. માટે હે ચિત્ત જેના અનુષંગથી સમસ્ત ભુવનના આધિપત્યનો યોગ થાય છે તેવા અનંત અજર અને પરમ પ્રકાશનું તું ચિંતન કર. આ સંસારનાં પૌદ્ગલિક સુખો તો આપણે અનંતી વાર ભોગવ્યાં છે છતાં તેનાથી તૃપ્તિ થઈ નથી.

**સ.** અનંતી વારના ભોગવટાની પ્રતીતિ અત્યારે નથી.

તો આ જન્મમાં જેની પ્રતીતિ અનેક વાર થઈ છે તેનો ભોગવટો છોડવાની

તૈયારી છે ને? આ ભવમાં પણ પાંચે ઈન્દ્રિયોના વિષયો અનેક વાર ભોગવ્યા છે છતાં ય તેનાથી જો તૃપ્તિ ન થઈ હોય તો તે છોડી દેવા જોઈએ ને? આ સંસારનાં સુખોની આશા મૂકીને મોક્ષ માટે જ પ્રયત્ન કરવો છે. આ મોક્ષની પ્રાપ્તિ માટે સૌથી પહેલાં શું કરવું તે જણાવે છે:

**तथा–श्रामण्यानुराग इति ।।९१।। (२२४)**

સાધુપણા પ્રત્યે અનુરાગ કેળવવો: શ્રામણ્ય એટલે શુદ્ધ એવો સાધુભાવ, તેનો અનુરાગ કેળવવો છે. રાગ અને અનુરાગમાં ફરક છે. વસ્તુને પ્રાપ્ત કરવાની ઈચ્છા તેનું નામ રાગ અને વસ્તુ વિના ચેન ન પડે તેનું નામ અનુરાગ. પાત્રનો રાગ તે રાગ અને રાગનો રાગ તેનું નામ અનુરાગ. આ સાધુપણા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી.

**સ.** સાધુપણાથી મોક્ષ મળે એની ગેરંટી ખરી?

તમે ડોક્ટરને ત્યાં દવા કરાવવા જાઓ તો સાજા થવાની ખાતરી ખરી? છતાં જાઓ છો ને? તો સાધુ થવામાં શું વાંધો છે? અહીં તો આજ્ઞા મુજબ સાધુપણું પાળે એને મોક્ષ મળે જ. તમારે ત્યાં તો ડોક્ટરના કહ્યા પ્રમાણે દવા કરવા છતાં ય સાજા ન થાય એવું બને. મારા ગુરુમહારાજ કહેતા હતા કે તમારે ત્યાં (સંસારમાં) કોઈને સફળતા મળી નથી અને અહીં ભગવાનની આજ્ઞા પાળનાર કોઈને નિષ્ફળતા મળી નથી. 'જૈન અર્થાદ્ જિનેશ્વરભગવંતે જણાવેલું, સાધુવ્રત સમસ્ત ભવોમાં ભેગાં કરેલાં કર્મોને પતલાં કરવાનું કામ કરે છે, આવા સાધુવ્રતને હું પોતે ગ્રહણ કરીને તપ ક્યારે કરીશ અને ભોગોને વિષે નિઃસ્પૃહ બનેલો એવો હું સંગથી પરિમુક્ત ક્યારે થઈશ'... આવી ભાવનામાં શ્રાવક રમતો હોય.

સારી પ્રવૃત્તિ કરતી વખતે સારો ભાવ લાવવાની વૃત્તિ હોવી જોઈએ, આપણા ખરાબ ભાવ છુપાવવાની વૃત્તિ ન હોવી જોઈએ. આથી જ અહીં પ્રશસ્તભાવથી યુક્ત અંતઃકરણ બનાવવાનું જણાવ્યું. અવિરતિ ભોગવવાનું મન ન હોય અને વિરતિ પામવાનું મન હોય–એ જ આપણા મનની પવિત્રતા છે. આપણા દુર્ભાવને છુપાવવા માટે આજે આપણે શુભ પ્રવૃત્તિ કરીએ છીએ ને? લોકો આપણને ખરાબ ન ધારે એના માટે સારી પ્રવૃત્તિ આપણે કરીએ છીએ, પરંતુ આપણે ખરાબ ન થઈએ એ માટે આપણા જીવનમાંથી પાપ નાબૂદ કરવું છે એવો અધ્યવસાય નથી. લોકોની આગળ ખરાબ ન દેખાઈએ માટે સારી પ્રવૃત્તિ કરવાની વાત નથી, આપણે ખરાબ ન થઈએ માટે સારા આચારનું પાલન કરવું છે. તમારે ત્યાં એવું કોઈ મળે કે લોકો જુએ તો ધંધો કરે અને કોઈ ન જુએ તો

ધંધો ન કરે? અમારે ત્યાં એવા મળે કે લોકો જુએ તો સાધુપણું પાળે અને કોઈ ન જુએ તો જેમતેમ જીવે. પાપ સર્વથા જાય એવી ભાવના નથી અને લોકો આપણને પાપી ન ધારે એવી જ ભાવના હોય તો આપણે જે સદાચાર પાળીએ એની કોઈ કિંમત નથી. આથી જ અહીં શ્રામણ્યનો અનુરાગ કેળવવાનું જણાવ્યું છે. જેને સાધુ થવાનું મન ન હોય, તેણે પણ સાધુ થવાનું મન પેદા થાય તે માટે શ્રાવકપણાનો ધર્મ કરવો છે.

**સ.** જેને સાધુ થવાનું મન ન હોય તેણે ધર્મ ન કરવો ને?

તમારે ધર્મ ન કરવો હોય તો ના કરતા. પણ અધર્મ ન કરો આટલું તો બનશે ને? સાધુ થવાનું મન ન હોય તોપણ સાધુપણાનો ભાવ જાગે તો સારું-આવો પરિણામ તો પેદા કરવો છે ને? એટલા માટે તમને સાધુ થવાની વાત નથી કરી, શ્રામણ્યનો અનુરાગ કેળવવાનું માત્ર કહ્યું છે. સાધુપણું લઈ ન શકો તોપણ સાધુપણાનો અનુરાગ કેળવવો છે. સાધુ થવા માટે પાપ છોડવું પડશે. તમે સ્વાધ્યાય ન કરો તો વાંધો નહિ પણ વિકથા નથી કરવી. જો સ્વાધ્યાય કરી ન શકાય તો માથે ઓઢીને સૂઈ જવું પણ વિકથાનું પાપ ન કરવું. વિનિયોગના બહાને પણ વિકથા નથી કરવી. જેને સિદ્ધિ થઈ હોય તેણે વિનિયોગ કરવો. આપણે સાધુપણાનો અનુરાગ કેળવવો છે. સાધુ પાસે જવું એનું નામ રાગ અને સાધુપણાને મનમાં લઈને ફરવું તેનું નામ અનુરાગ. સાધુપણાની પરિભાવના કેવી કરવી તેના માટે આપણે જોઈ ગયા કે 'હું પોતે સકલ કર્મોની પરંપરાનો નાશ કરનાર એવા સાધુવ્રતને ક્યારે ગ્રહણ કરીશ?' આવી ભાવના ભાવવાની છે. દુઃખ કાઢવાની ભાવના જેવી હોય તેવી ભાવના કર્મ કાઢવાની હોવી જોઈએ. માત્ર ભાવવા માટેની આ વાત નથી, પામવા માટેની આ વાત છે. સાધુ થયા પછી પણ ફરી ભક્તવર્ગ કે અવિરતિધરનો સંગ ન થાય, ભોગોની સ્પૃહા ન થાય અને બાર પ્રકારના તપનું આચરણ થાય એવી ભાવના ભાવવી છે. અનુરાગ સાધુનો નહિ, સાધુતાનો હોવો જોઈએ. શ્રામણ્યના અનુરાગથી કર્મો ઢીલાં પડે છે. જેમ જેમ ક્રિયામાં ઉલ્લાસ આવતો જાય, ભણવાનું ગમે, દુઃખ ભોગવવાનું ગમે તો સમજવું કે કર્મો લઘુ થયાં છે. જો પ્રમાદ નડવા માંડે તો સમજવું કે કર્મ ભારે થવા માંડ્યું છે. માટે કર્મ સાથે ઝઘડવાની શરૂઆત કરવાની. ઊંઘ આવે તો ખમાસમણાં આપીને પછી ભણવા બેસવું. ખરાબ વિચાર આવે તો મોટે મોટેથી બોલીને ગોખવાનું, તો કર્મો ઢીલાં પડવા માંડે. સમસ્ત કર્મોને ઢીલા પાડવાનું, પતલાં કરવાનું કામ આ સાધુપણું કરે છે તો તેની પ્રત્યે અનુરાગ જાગે ને? જે કર્મને લઘુ બનાવે, જેમાં બાર પ્રકારના તપનું આચરણ હોય, જેમાં ભોગો પ્રત્યે સ્પૃહા ન હોય અને જેમાં કોઈ સગા, પરિચિત કે ભક્તવર્ગનો સંગ ન હોય તે જ શુદ્ધ સાધુપણું છે.

**तथा-यथोचितं गुणवृद्धिरिति ।।९२।। (२२५)**

સાધુપણાની ભાવના ઉત્કટ કોટિની હોવા છતાં પણ જો સાધુપણું ન મળતું હોય તો શું નડે છે એની વિચારણા કરીને જે ગુણની ખામી હોય એ ગુણની વૃદ્ધિ પ્રયત્નપૂર્વક કરવી. આચાર્ય ભગવંત કહે કે તમને સ્વાધ્યાયનો રસ નથી, વિકથા ગમે છે તો કહેવું કે હવે વિકથા નહિ કરું અને આપ કહો તેમ કરીશ. ગુરુ કહે તમારામાં વિનય નથી તો નમ્રતા કેળવી લેવી. સ્વભાવ નડે તો સ્વભાવ સુધારવો. રુચિ ન પ્રગટતી હોય તો રુચિ પ્રગટાવવી. ક્રિયામાં ઉલ્લાસ ન આવતો હોય તો ઉલ્લાસ પ્રગટાવવો. વિશિષ્ટ અભિગ્રહ કરવા, વિશિષ્ટ તપ કરવા, વિશિષ્ટ અધ્યયન કરવું તો ગુણની વૃદ્ધિ થયા વિના ન રહે.

**तथा-सत्त्वादिषु मैत्र्यादियोग इतीति ।।९३।। (२२६)**

મુમુક્ષુ પોતાને કેટલા ગુણો મળ્યા અને પોતાના કેટલા દોષો ગયા તેની ચિંતા કરે. બીજાના આત્માની ચિંતા ન કરે. આપણે અત્યાર સુધી બીજાની ચિંતામાં જ આપણી જિંદગી પૂરી કરી ને? આપણે આપણી જાતને સુધારવા માટે કેટલી મહેનત કરી અને પરિવારને સુધારવા માટે કેટલી મહેનત કરી? પરિવાર સુધરે તોપણ આપણો નિસ્તાર નથી થવાનો. આપણે પોતે સુખ કેટલું ભોગવ્યું અને બીજાના સુખની કેટલી ચિંતા કરી? લોકોના સુખની ચિંતા કરવી એ મૈત્રીભાવના નથી, બીજાના હિતનો વિચાર કરવો તે મૈત્રીભાવના છે. સુખની પ્રાપ્તિમાં કે દુઃખના અભાવમાં આપણું હિત નથી, આપણે મોક્ષે જઈએ અને સંસારથી છૂટી જઈએ-એમાં આપણું હિત છે. આવા પરહિતની ચિંતાને મૈત્રી કહેવાય. લોકોને સુખ આપીને, અનુકૂળતા આપીને ધર્મ કરતા કરવા એ હિતની પ્રવૃત્તિ નથી. જેને ધર્મની કિંમત સમજાય તે જ બીજાના હિતની ચિંતા કરી શકે. પરના હિતની ચિંતા તે મૈત્રી છે. પરના દુઃખના નાશની ઈચ્છા રાખવી તે કરુણાભાવના છે. બીજાના સુખમાં-ગુણમાં તોષ પામવો, રાજી થવું તે મુદિતા ભાવના. સુખ ગુણમાં જ છે, જેમાં અહિત થાય તે સુખ ન હોય. અથવા તો આપણે જેને સુખ માનીએ એ સુખ બીજા પાસે હોય તો તેને જોઈને બળવું નથી. આપણને જે સુખ ન મળ્યું હોય તે પણ બીજાને મળ્યું હોય તો તેમાં તોષ પામવોઃ એનું નામ મુદિતા. અને પરના દોષોની ઉપેક્ષા તેનું નામ માધ્યસ્થ્યભાવના છે. કોઈ દોષોને સેવે અને હિતશિક્ષા આપવા છતાં દોષને ન સુધારે તો તેવા વખતે તેની ઉપર ગુસ્સો ન કરવો. ઉપરથી વિચારવું કે ભગવાન આટલું કહે છે છતાં હું મારા દોષો કાઢી નથી શકતો તો આ પોતાના દોષોને ન ટાળે-એમાં તેની ઉપર ગુસ્સો શા માટે કરવો? એમ વિચારીને તેની ઉપેક્ષા કરવી. હવે

વિશેષધર્મનો ઉપસંહાર કરતાં જણાવે છે:

**विशेषतो गृहस्थस्य, धर्म उक्तो जिनोत्तमैः।**
**एवं सद्भावनासारः, परं चारित्रकारणम्।।१६।।**

આ રીતે ગૃહસ્થનો વિશેષ ધર્મ અરિહંતપરમાત્માએ બતાવ્યો છે કે જેમાં માત્ર ક્રિયા પ્રધાન નથી, પરંતુ સદ્ભાવના સારભૂત છે-મોક્ષ પુરુષાર્થને અનુકૂળ એવી ભાવના જેમાં સારભૂત છે એવો આ વિશેષધર્મ છે કે જે ચારિત્રધર્મનું મુખ્ય કારણ છે. ભાવશ્રાવકધર્મ ચોક્કસપણે આ ભવમાં કે પરભવમાં ચારિત્રધર્મનું કારણ બને છે. અહીં શિષ્યને શંકા થાય છે કે આ શ્રાવકધર્મ અતિ અલ્પ છે તો તે મહાવ્રતનું કારણ કઈ રીતે બની શકે તેના નિરાકરણમાં જણાવે છે:

**पदंपदेन मेधावी, यथाऽऽरोहति पर्वतम्।**
**सम्यक् तथैव नियमाद्धीरश्चारित्रपर्वतम्।।१७।।**

કોઈ વ્યક્તિને પર્વત ઉપર ચઢવું હોય તો તે એક એક ડગલું જ આગળ વધે છતાં પણ એમ કરતાં કરતાં પર્વત ઉપર ચઢી જાય છે તે રીતે અણુવ્રતોના આરાધન દ્વારા ધીર એવો મુમુક્ષુ ચારિત્રરૂપી પર્વત ઉપર ચઢી જાય છે. આજે વરસોથી ધર્મ કરવા છતાં પણ આપણે ચારિત્ર પામી શક્યા ન હોઈએ તો માનવું પડે કે આપણે ગૃહસ્થપણામાં ચાલ્યા નથી. જે બુદ્ધિમાન ધીરતાપૂર્વક ભાવથી શ્રાવકપણામાં ડગલાં માંડે તે ક્રમે કરીને ચારિત્રરૂપી પર્વત ઉપર ચઢી જાય છે. આ રીતે અલ્પગુણોની આરાધના કરવા કરતાં સીધું ચારિત્ર લઈ લઈએ તો શું વાંધો... આવા પ્રકારની શંકાના નિરાકરણમાં જણાવે છે કે:

**स्तोकान् गुणान् समाराध्य बहूनामपि जायते।**
**यस्मादाराधनायोग्यस्तस्मादादावयं मतः।।१८।। इति।।**

જે સત્ત્વશાળી પુરુષો હોય તેઓ, તથા ભૂતકાળમાં ચારિત્રની આરાધના કરીને આવ્યા હોય તેઓ સીધા મહાવ્રતના પાલન માટે સમર્થ બની શકે. બાકી મોટા ભાગના જીવો અલ્પ ગુણોની આરાધના કરવા દ્વારા સુસાધુને ઉચિત એવા ગુણોની આરાધના માટે યોગ્ય બને છે. આથી જ શરૂઆતમાં શ્રાવકધર્મનું સ્વરૂપ જણાવ્યા બાદ હવે સાધુપણાને જણાવવા માટે ચોથો અધ્યાય છે. દેશવિરતિની આરાધના જે સારી રીતે કરે તે અલ્પ કાળમાં સર્વવિરતિની આરાધનાને યોગ્ય બને છે.

# चतुर्थोऽध्यायः।

**एवं विधिसमायुक्तः, सेवमानो गृहाश्रमम्।**
**चारित्रमोहनीयेन, मुच्यते पापकर्मणा ।।१९।।**
**सदाज्ञाऽऽराधनायोगाद् भावशुद्धेर्नियोगतः।**
**उपायसम्प्रवृत्तेश्च, सम्यक्चारित्ररागतः ।।२०।।**

અત્યાર સુધીમાં ગૃહસ્થનો સામાન્યધર્મ જણાવ્યો. ત્યાર બાદ સમ્યગ્ માર્ગમાં અવતાર કરાવવા માટે કેવી દેશના આપવી તેનો વિધિ જણાવ્યો અને ત્યાર બાદ ગૃહસ્થનો વિશેષ ધર્મ જણાવ્યો. શ્રાવકના વિશેષધર્મનું ફળ ચારિત્ર છે. આથી હવે ચોથા અધ્યાયમાં ચારિત્રધર્મનું નિરૂપણ કરે છે. આજે ધર્માત્માઓને ધર્મ કરવો છે પણ ધર્મનું ફળ નથી મેળવવું તેથી જ ધર્મ કરવા છતાં લોકો સંસારમાં ભટક્યા કરે છે. આપણને ધર્મ કરવો ગમે પણ ચારિત્ર લેવું ન ગમે ને? આજે સારા સારા ધર્મી ગણાતા ઘરમાં પણ કોઈ દીક્ષા લેવા તૈયાર થાય તો ઘરનું વાતાવરણ બગડી જાય ને? શાલિભદ્રજી બત્રીસ સ્ત્રીઓને પરણ્યા હતા, ધન્ના કાકંદી પણ બત્રીસ સ્ત્રીઓને પરણ્યા હતા છતાં દીક્ષા લેવા નીકળ્યા તો પોતાની પત્નીઓની કે માતાની ચિંતા કરવા નથી રહ્યા. બત્રીસ કરોડ સોનૈયાના સ્વામી હોવા છતાં પોતે તેનો વહીવટ કરવા નથી રહ્યા. જવાબદારી તમારી વધારે છે કે એમની વધારે હતી? ભગવાનની માત્ર એક દેશના સાંભળીને એ મહાપુરુષ દીક્ષા લેવા તૈયાર થઈ ગયા હતા તે વખતે તેમની માતાને મૂર્ચ્છા આવી ગઈ, પરન્તુ એ મહાત્માનું રૂંવાટું પણ ફરક્યું નહિ. એમને બત્રીસ છોડતાં પણ વાર ન લાગી. આપણને એક છોડવામાં પણ આટલો વિચાર કેમ આવે છે? દીક્ષાની વાત આવે અને મોઢું બગડે તો સમજવું કે સ્વાર્થ નડે છે. જેને સ્વાર્થ કાઢવાની ભાવના જાગે તેનું પણ ચારિત્રમોહનીય કર્મ ખપે. આજે નક્કી કરવું છે કે આપણા ઘરમાં કોઈ પણ દીક્ષા લેવા તૈયાર થાય તો આપણા સ્વાર્થ ખાતર તેને રોકવા નહિઃ આટલું તો બને ને?આપણને મોહ નડતો હોય તોપણ તેની ખાતર બીજાનું બગાડવું નથી. આ તો રાત્રિભોજન કરવાની ના પાડે અને એકાસણાં આયંબિલ કરતાં રોકે. રાત્રિભોજન કરીને નરકમાં નથી મોકલવા, પણ સાથે આયંબિલ વગેરે કરીને મોક્ષમાં જતા ન રહે એની કાળજી રાખવી છેઃ આનું નામ મોહ. મોહનું કામ જ આ છે કે ધર્મ કરવા દે પણ સાથે મોક્ષમાં જતાં અટકાવે. લોકો તો સ્વાર્થના કારણે અટકાવશે, આપણે જ મજબૂત થવું પડે. ધન્ના કાકંદી પરણ્યા ત્યારે સંસારનાં સુખો ભોગવવા માટે જ પરણ્યા હતા, વૈરાગ્યથી નહોતા પરણ્યા. છતાંય એક ક્ષણમાં બત્રીસને છોડીને નીકળી પડ્યા. બત્રીસે પત્નીઓ આંખમાં

આંસુ લઈને પગમાં પડીને કહે છે કે 'સ્વામિનાથ! એક તો ગુનો બતાવો, પછી અમને છોડીને જાઓ! ત્યારે ધન્નાજીએ કહેલું કે 'તમારો કોઈ અપરાધ નથી તમને સમજ્યા વિના હું લાવ્યો એ મારો જ અપરાધ છે. તમારું સ્વરૂપ ભગવાને ઓળખાવ્યું માટે હું જઉં છું.' આને વૈરાગ્ય કહેવાય. કુટુંબના સ્વાર્થનો વિચાર કરે તે વૈરાગ્ય ન પામી શકે. અહીં જણાવે છે કે ગૃહસ્થાવાસને વિધિપૂર્વક સેવનારો ચારિત્રમોહનીય નામના પાપકર્મથી મુકાય છે. ચારિત્રમોહનીયથી મુક્ત બનવાના ઈરાદાથી જ ગૃહસ્થધર્મ કરવાનો છે. જે ચારિત્ર લેતાં અટકાવે તેને ચારિત્રમોહનીય કર્મ કહેવાય. આ કર્મ બાંધ્યું છે તે તોડવું છે અને કોઈને દીક્ષા લેતાં અટકાવીને નવું ચારિત્રમોહનીય બાંધવું નથી.

સ. ચારિત્રમોહનીય તોડવાનું ધ્યેય ન હોય તો કરેલા ધર્મની કોઈ કિંમત નહિ?

એવો ધર્મ કરો કે ન કરો એનો શો અર્થ છે? કમાવાનું ધ્યેય ન હોય તો ધંધો કરવાની જરૂર ખરી? સાજા થવાની ઈચ્છા ન હોય તો ડોક્ટરને ત્યાં જવાનું કામ શું છે? ખાવાનું ધ્યેય ન હોય તો ભોજનના થાળ ઉપર શા માટે બેસવું? ઊંઘવાનું ધ્યેય ન હોય તો પથારીમાં જાઓ ખરા?

સ. જૈનકુળમાં જન્મ્યા માટે રાત્રિભોજન ન કરે તેનું કોઈ ફળ નહિ?

જેને સર્વ પાપથી વિરામ ન પામવું હોય તે થોડા પાપથી વિરામ શા માટે પામે? જેનું સર્વવિરતિનું ધ્યેય ન હોય તેઓ નાનાં નાનાં વ્રતો પાળવા છતાં સંસારમાં જ રખડે છે. ભગવાનના શાસનનું કોઈ પણ અનુષ્ઠાન ચારિત્રમોહનીયના ક્ષય માટે જ કરવાનું છે. પહેલી દૃષ્ટિમાં આવેલા જીવને પણ સંસારના ઉચ્છેદની ભાવના હોય છે. સંસારના ઉચ્છેદ માટે ચારિત્રધર્મ સિવાય બીજો કોઈ ધર્મ સમર્થ નથી. ધર્મ કરનારને દીક્ષા લેવાનું મન હોય જ ને? દીક્ષાનું લક્ષ્ય ન હોય તોપણ કેળવવું જ પડશે. દીક્ષા ગમે છે ને? દીક્ષા લેવી છે ને? દીક્ષા લેવા માટે આગળ વધવું છે ને? તો આ ચોથો અધ્યાય કામ લાગશે. જેને ચારિત્ર લેવાની ભાવના પ્રગટાવવાનો આશય ન હોય તેના માટે આ ચોથું અધ્યયન નકામું છે.

સ. અમારો હજુ કાળ પાક્યો ન હોય એવું ય બને ને?

કાળ તો પાકી ગયો છે, હવે પુરુષાર્થ નહિ કરો તો એ સડવા માંડશે. જેને કેરી પકવવી હોય તેણે પણ ઝાડ ઉપરથી કેરી ઉતારીને ઘાસમાં નાંખવાની તસદી તો લેવી જ પડશે. કાળ પાક્યો ન હોય તો પકાવવા માટે પુરુષાર્થ કરવો જ પડશે. આજે એટલું પણ નક્કી કરવું છે કે કોઈ દીક્ષા લેવા નીકળે ત્યારે 'એ જશે તો મારું શું થશે?' એવો

વિચાર કરવાના બદલે 'જે જશે એનું કલ્યાણ થશે' એમ વિચારીને તેને દીક્ષામાં અંતરાય કરવો નથી. ગૃહસ્થપણાના સામાન્ય ધર્મ અને વિશેષધર્મથી યુક્ત એવો ગૃહસ્થ ચારિત્ર મોહનીયસ્વરૂપ પાપકર્મથી મુક્ત થાય છે. આપણી માન્યતા એવી છે કે ગૃહસ્થપણાના ધર્મથી પુણ્યબંધ થાય છે જ્યારે અહીં જણાવ્યું છે કે ગૃહસ્થપણાના ધર્મથી ચારિત્રમોહનીયસ્વરૂપ પાપકર્મનો નાશ થાય છે. ગૃહસ્થપણાના ધર્મથી ચારિત્રમોહનીયનો ક્ષય થાય છે એવું જણાવ્યું તેનું કારણ શું? અર્થાદ્ ગૃહસ્થપણાના ધર્મમાં એવી કઈ વિશેષતા છે કે જેથી ચારિત્રમોહ ક્ષય પામે છે- તે જણાવે છે:

સદાજ્ઞાની આરાધનાના યોગથી અવશ્યપણે ભાવની વિશુદ્ધિ થવાના કારણે, ચારિત્રના ઉપાયભૂત ભાવોમાં જ પ્રવૃત્તિ કરી હોવાથી અને ચારિત્ર પ્રત્યે સમ્યગ્ રાગ હોવાથી ચારિત્ર મોહનીયકર્મનો ક્ષય થાય છે. ચારિત્રમોહનીયની નિર્જરા કરવા માટે સૌથી પહેલાં સદાજ્ઞાની આરાધના કરવાનું જણાવ્યું છે. આજે આપણને આજ્ઞા પાળવી ગમે કે આજ્ઞા આપવી ગમે? શાસ્ત્રકારો કહે છે કે જેઓ આજ્ઞા પાળે તેઓ સુખી થાય છે. જ્યારે તમને કે અમને એમ લાગે કે આજ્ઞા આપતા થઈએ ત્યારે સુખી થઈએ! આપણા માથે આજ્ઞા આપનારા બેઠા હોય તો આપણે આજ્ઞા આપવા ન બેસવું. આપણા ગુરુ બેઠા હોય તો આપણે ગુરુ નથી થવું. આપણા માથે વડીલ હોય તો આપણે વડીલ થવાની જરૂર નથી. આજ્ઞા મુજબનો ધર્મ એ જ ધર્મ છે. ઈચ્છા મુજબનો ધર્મ તો આપણે અનાદિકાળથી કરતા આવ્યા છીએ અને આજ્ઞાની આરાધના નહિ કરીએ તો અનંત કાળ સુધી ફરતા રહીશું. ધર્મ કરવાનું તો કોઈને શીખવવાની જરૂર નથી. ધર્મ કઈ રીતે કરવો એટલું માત્ર સમજાવવાની જરૂર છે. આ દુનિયામાં સાચો નાસ્તિક મળવો મુશ્કેલ છે. જેઓ ભગવાનની પ્રતિમાને નમતા નથી તેઓ પણ પોતાની દુકાનનાં ઉંબરાને નમસ્કાર કરે છે. આજે તમારે ત્યાં કરાટે શીખવા જનારા પણ કરાટે-માસ્તરના પગે હાથ લગાડીને ભણવા બેસે, જતી વખતે પણ પ્રણામ કરીને જાય છે. જ્યાં લાત મારવાનું શીખવે છે ત્યાં પણ આટલો વિનય જળવાય છે, જ્યારે ભગવાનના શાસનમાં તો લાત ખમવાનું શીખવવામાં આવે છે છતાં અહીં વિનયની ઉપેક્ષા કરીએ છીએ ને? ભગવાને કોઈને દુઃખ આપવાનું નથી શીખવ્યું, દુઃખ વેઠવાનું શીખવ્યું. આપણને ધર્મનું કામ છે કે વાસ્તવિક ધર્મનું કામ છે? ધર્મ તો, ઈચ્છા મુજબનો ધર્મ કરવાથી પણ મળી જાય, પરંતુ વાસ્તવિક કોટિનો ધર્મ તો આજ્ઞાની આરાધના કરવાથી જ પ્રાપ્ત થાય છે. આજે લોકો ધર્મ તો ઘણો કરે છે, પરંતુ આજ્ઞા માનવાની તૈયારી નથી. તીર્થયાત્રાના બહાને ફરવા જવું છે ને? આમ કહે કે તારે તે તીર્થ. પરંતુ આપણે પૂછવું પડે કે તીર્થની જરૂર તરવા માટે છે કે ફરવા માટે? આ તો તીર્થની રક્ષા માટે લોકો

પાસે આયંબિલ કરાવે, અઠ્ઠમ કરાવે અને પોતે રાત્રિભોજન પણ ન છોડે. આવાઓ તીર્થરક્ષા શું કરવાના? જેને તરવું જ નથી એવાને ફરવાનું એકાદ સ્થળ ઓછું થાય તેમાં શું ફરક પડવાનો હતો? એવાઓ તીર્થરક્ષાના અધિકારી નથી. આજે નિયમ આપી દઉં કે તીર્થમાં જઈએ તો રાત્રે ઊંઘવું નહિ, રાત્રે ધર્મજાગરિકા કરવી, ધાર્મિક પુસ્તક વાંચવું. અને ઘરે જે રોજ ખાતા હોઈએ એનાથી સારી વસ્તુ તીર્થસ્થાનમાં ન વાપરવી. ઘરે ચાદુધખાખરો વાપરીએ છીએ તો તીર્થસ્થાનમાં ઈટલી, મેંદુવડા વગેરે ખાવું નથી. બે વસ્તુથી ચાલે તો ત્રીજી વસ્તુ ન લેવી. તીર્થ સંસારથી તરવા માટે છે ને? દરિયામાં કોઈ ઊંઘે કે જીવ અધ્ધર હોય? તો સંસારમાં પડેલાને ઊંઘ શાની આવે? આપણે જે કરીએ છીએ તે ધર્મ નથી, જે ખરો ધર્મ છે તે આપણે કરવાનો બાકી છે. આજ્ઞાની આરાધના વિના ચારિત્રધર્મ મળતો નથી. ચારિત્રધર્મ સિવાયનો ધર્મ એ ધર્મ નથી. ભગવાન ગયા પછી પણ ભગવાનની વાતો આજે પણ વિદ્યમાન છે. ગૌતમસ્વામી મહારાજે ભગવાનની વાત માની લીધી તો તે કેવળજ્ઞાન પામી ગયા, ગોશાળાએ ભગવાનની વાત ન માની તો કેવળજ્ઞાન ન પામ્યો. જે ભગવાનની વાત માને તેનું કલ્યાણ થાય, જે ભગવાનનું ન માને તેનું કલ્યાણ ક્યારેય ન થાય.

સદાજ્ઞારાધનના યોગ બાદ ભાવની શુદ્ધિ જણાવી છે. મનની નિર્મળતા તેનું નામ ભાવશુદ્ધિ. ભગવાનની આજ્ઞા પાળવાનો વખત આવે ત્યારે મોટા ભાગે માયા આડી આવે છે. આ માયા મનને મેલું બનાવે છે. તેથી આજ્ઞાની આરાધના કરવા માટે માયા કાઢીને મનને નિર્મળ બનાવવાની વાત કરી. આજ્ઞા પાળવાનું મન ન હોવા છતાં 'શક્તિ નથી' એમ બોલવું તેનું નામ માયા. અરુચિ હોવા છતાં પ્રમાદને આગળ કરવો તેનું નામ માયા. પ્રમાદ સંસારનાં કાર્યોમાં ન નડે અને ધર્મમાં નડે તો રુચિની જ ખામી છે-એમ માનવું પડે ને? અમારા આચાર્યભગવંત કહેતા હતા કે અત્યાર સુધી ગૃહસ્થપણામાં સેટ થવા માટે જેટલી મહેનત કરી તેના સોમા ભાગની મહેનત જો અહીં કરી હોત તો ક્યારના ય સાધુ થઈ ગયા હોત. સાચું કહો સાધુ થવાતું નથી કે સાધુ થવું નથી? સાધુ થવું નથી-એ જ મનની મલિનતા છે. આ મલિનતા ટાળવી છે. સહન કરવું નથી કે સહન થતું નથી? સહન થતું નથી આ એક પ્રકારની માયા છે. કારણ કે જ્યાં સહન કરવું હોય ત્યાં આપણે સહન કરીએ જ છીએ. તેથી સહન કરવાની વૃત્તિ નથી-આ વસ્તુ સરળભાવથી કબૂલ કરી લેવી છે. ધર્મ કરવો હશે તો વક્રતા અને જડતા પહેલાં કાઢવી પડશે તેમ જ ઋજુતા અને પ્રાજ્ઞતા કેળવવી પડશે. તેમાં પણ પહેલાં ઋજુતા કેળવવાની છે. ઋજુતા-સરળતાના કારણે ભાવની વિશુદ્ધિ થાય છે. જેની પાસે ઋજુતા હોય તે પ્રાજ્ઞ બની શકે. વક્ર માણસો પ્રાજ્ઞ બની ન શકે. પ્રાજ્ઞ બનવા માટે સરળતા

જરૂરી છે. સમજણ પામવા માટે સીધા ચાલવું પડે, દલીલો કરે તે ક્યાંય પણ જ્ઞાન પામી ન શકે. તેથી ભાવશુદ્ધિ માટે ઋજુ અને પ્રાજ્ઞ બનીને પછી ઉપાયમાં પ્રવૃત્તિ કરવી.

ગૃહસ્થપણામાં વિશુદ્ધ રીતે આજ્ઞાનું આરાધન કરીએ અને ભાવની શુદ્ધિ માટે જો પ્રયત્ન કરીએ તો ચારિત્રમોહનીય કર્મની ક્ષપણા થયા વિના ન રહે. આજે આપણે જ્યારે પણ ધર્મ કરવાની વાત આવે ત્યારે શક્તિ નથી-એમ કહીને બેસી રહીએ છીએ. શક્તિ નથી એમ બોલવાના બદલે શક્તિ મેળવવા માટે પ્રયત્ન કર્યો હોત તો આપણે શક્તિસંપન્ન બની ગયા હોત અને આજ્ઞાની વિશુદ્ધ આરાધના દ્વારા ચારિત્ર સુધી પહોંચી ગયા હોત.

સ. શક્તિ મેળવવા માટે શું કરવું?

તમારા પ્રશ્ન સામે મારે બીજો પ્રશ્ન પૂછવો છે કે શક્તિ મેળવવી છે ખરી? જેને કંઈ કરવું નથી અને માત્ર જાણવા માટે પૂછવું હોય તેના માટે કોઈ જવાબ નથી. તમારે ત્યાં પણ ઘણા માત્ર ભાવ જાણવા આવે, લેવા ન આવે તેવાઓને તમે ભાવ જણાવો ખરા? એ રીતે અહીં પણ માત્ર જાણવા માટે આવે એને કોઈ લાભ નથી. પામવું છે માટે જાણવું છે આ અધ્યવસાય જોઈએ. જાણેલું હશે તો કામ લાગશે આ ભાવ ન હોવો જોઈએ.

મનને નિર્મળ બનાવવા માટે શક્તિ નથી એમ બોલવાના બદલે શક્તિ મેળવવાનો પ્રયત્ન કરવો છે. દીક્ષા લેવાજેવી છે-એમ બોલ્યા પણ દીક્ષા લેવા માટે કોઈ પ્રયત્ન કર્યો ખરો? સંસાર છોડવા માટે સંસારી ઉપરનું મમત્વ મારવું છે, રાગ દૂર કરવો છે. સંસારમાં ભલે રહ્યા પણ રાગ મનમાંથી કાઢવો છે. આપણા વિના કોઈનું અટકવાનું નથી અને કોઈના વિના આપણું અટકવાનું નથી-એમ સમજીને આપણે કામે લાગવું છે. આ તો વરસોથી ધર્મ કરવા છતાં જ્યાં ઊભા હોય ત્યાં ને ત્યાં જ જામી જાય છે ને? તમને જોઈને તો કોઈને ધર્મ પ્રત્યે પણ શ્રદ્ધા થાય એવું નથી. ધર્મ કરનારા પણ સંસારમાં જ ચોંટી રહ્યા હોય તો તેના કારણે લોકો ધર્મને બદનામ કરે ને? આજે તમે લોકોએ તો નાકકટ્ટાની જમાત ભેગી કરી છે. એક ઘરમાં ચોરી કરવા માટે પાંચસો ચોરો આવેલા. તેમણે એક જણ જાય એટલું ખાતર પાડ્યું. ખાતરમાંથી પેસવા માટે અંદર પહેલા ચોરે ડોકું નાંખ્યું. એટલામાં તો ઘરધણી જાગી તે તલવાર લઈને ત્યાં આવ્યો. જેવું પેલાએ ડોકિયું કર્યું કે તરત જ ઘરધણીએ તેનું નાક કાપી નાંખ્યું. પેલો કશું બોલ્યા વગર અંદર પેસી ગયો. એમ કરતાં ચારસો નવ્વાણું ગયા. છેવટે પાંચસોમો ચોર પેઠો તેનું નાક કપાયું એટલે તેણે બૂમ પાડી કે મારું નાક કપાયું. ત્યારે પેલા બધાએ કહ્યું કે તારું એકલાનું

નહિ, અમારા બધાનું નાક કપાયું છે. ત્યારે પેલાએ કહ્યું કે 'તો પહેલાં કેમ ન બોલ્યા?' પેલા કહે કે અમે એકલા જ નાકકટ્ટા કહેવાત, માટે ન બોલ્યા. આજે તમે પણ આ જ દશામાં છો ને? તમારું નાક કપાયા છતાં પણ તમારા છોકરા-છોકરીનું નાક કાપવા તૈયાર થયા છો ને? તમે તમારો અનુભવ પણ તમારા છોકરાને કહ્યો છે ખરો કે ભાઈ! હું તો સંસાર માંડીને પસ્તાયો છું, તું હવે આવી ભૂલ ન કરતો, અમારા આચાર્યભગવંત કાયમ માટે કહેતા હતા કે શ્રાવક જ્યારે મરણપથારીએ પડ્યો હોય ત્યારે તેનો પરિવાર પાસે ભેગો થઈને પૂછે કે 'બાપુજી કાંઈ ઈચ્છા છે?' ત્યારે શ્રાવક કહે કે બસ! એક જ ઈચ્છા છે કે તારો બાપ દીક્ષા લીધા વિના હાથ ઘસતો જાય છે, તું આ રીતે હાથ ઘસતો ન જતો-આને ઉપાયમાં પ્રવૃત્તિ કરી કહેવાય. લક્ષ્ય સાધ્યનું હોય અને પ્રવૃત્તિ સાધનમાં હોય. જેમ ઘડાનો ઉદ્દેશ હોય અને પ્રવૃત્તિ માટીમાં કરવાની. તેમ લેવું છે ચારિત્ર, પણ પ્રવૃત્તિ ચારિત્રના ઉપાયમાં કરવાની. ચારિત્રના ઉપાય બે છે: ભાવની નિર્મળતા કેળવીને આજ્ઞાનો અભ્યાસ પાડવો. અત્યાર સુધી ધર્મ ઘણો કર્યો પરંતુ ભાવને નિર્મળ બનાવવાના બદલે માયા કરીને ભાવને મલિન બનાવ્યો અને આજ્ઞાનો અભ્યાસ પાડવાના બદલે આજ્ઞા પાળવી ન પડે એ માટે પ્રયત્ન કર્યો તેથી જ ચારિત્ર મળ્યું નહિ. ઉપાયમાં પ્રવૃત્તિ બાદ જણાવે છે કે ચારિત્ર પ્રત્યે સમ્યક્ કોટિનો રાગ કેળવવો. આપણી દશા એવી છે કે ચારિત્રમાં પ્રવૃત્તિ કરવા છતાં ચારિત્ર પ્રત્યે રાગ નથી. જેની પ્રત્યે રાગ છે તેમાં પ્રવૃત્તિ કરી શકતા નથી અને જેમાં પ્રવૃત્તિ કરીએ છીએ ત્યાં રાગ કેળવી શકતા નથી: આવી વિચિત્ર દશા લગભગ તમારી અને અમારી છે. આજે તમારા સંસારમાં પણ તમે ઈચ્છા મુજબનું કાંઈ ભોગવી શકો છો ખરા? ઈચ્છા મુજબ ભોગવવા ન મળે અને ઈચ્છા વિનાનું કપાળે ચોંટે તેનું નામ સંસાર. રાગ વિના પણ પ્રવૃત્તિ થાય છે. આથી જ અહીં રાગ કેળવવાની વાત કરી. એક વાર ચારિત્ર પ્રત્યે રાગ કેળવાઈ જાય તો સંસાર પ્રત્યેનો રાગ કાઢતાં વાર નહીં લાગે. અત્યાર સુધી જે ધર્મ કર્યો તે માત્ર ધર્મ ગમી જવાથી કર્યો, પણ ચારિત્ર પ્રત્યે રાગ કેળવીને નથી કર્યો માટે એ ધર્મ ચારિત્રને અપાવનારો ન બન્યો. ચારિત્રના રાગપૂર્વક પ્રવૃત્તિ કરવી છે અને એ રાગ ન હોય તો ચારિત્રરાગ પ્રગટાવવા માટે પ્રવૃત્તિ કરવી છે. જેમાં ભાવ ન હોય કે ભાવ લાવવાનો ય ભાવ ન હોય તેવી પ્રવૃત્તિનું કોઈ ફળ નથી. હવે દેશવિરતિધર ચારિત્રમોહનીયની ક્ષપણા દ્વારા ચારિત્ર સુધી પહોંચનારો કઈ રીતે બને છે તે જણાવે છે:

**विशुद्धं दनुष्ठानं, स्तोकमप्यर्हतां मतम्।**
**तत्त्वेन तेन च प्रत्याख्यानं ज्ञात्वा सुबह्वपि।।२१।।**

થોડું પણ અનુષ્ઠાન નિરતિચારપણે કરવામાં આવ્યું હોય તો તેવું સદનુષ્ઠાન શ્રી અરિહંત પરમાત્માએ માન્ય રાખ્યું છે. આ રીતે નિરતિચારરૂપે પ્રત્યાખ્યાન વિરતિને જાણીને અને નિરતિચાર એવી વિરતિના ફળને જાણીને સર્વ પાપના વિરામસ્વરૂપ સર્વવિરતિને પણ પામી શકે છે. જેણે પચ્ચખ્ખાણનો હેતુ, પચ્ચખ્ખાણનું સ્વરૂપ અને પચ્ચખ્ખાણનું ફળ જાણી લીધું છે તેવો આત્મા અત્યંત વિશુદ્ધ એવા નાના પણ અનુષ્ઠાન દ્વારા ક્રમે કરી ઘણા મોટા અનુષ્ઠાનને પામવા સમર્થ બને છે.

**इति विशेषतो गृहस्थधर्म उक्तः, साम्प्रतं यतिधर्मावसर इति यतिमनुवर्णयिष्याम इति ।।१।। (२२७)**

આ પ્રમાણે વિશેષથી ગૃહસ્થધર્મ કહેવાઈ ગયો. હવે તેના ફળરૂપે યતિધર્મનો અવસર છે. તેથી સૌથી પહેલાં યતિનું વર્ણન કરીએ છીએ...

**अर्होऽर्हसमीपे विधिप्रव्रजितो यतिरिति ।।२।। (२२८)**

જે સાધુ થવાને યોગ્ય હોય અને જિનેશ્વરભગવાનના શાસનમાં યોગ્ય ગુરુની પાસે વિધિપૂર્વક પ્રવ્રજિત થયો હોય તેને યતિ કહેવાય. દીક્ષા લેનાર પણ યોગ્ય હોવો જોઈએ, દીક્ષા આપનાર પણ યોગ્ય હોવા જોઈએ અને વિધિપૂર્વક દીક્ષા લીધેલી હોય તો તેને યતિ કહેવાય. દુનિયાના દરેક ક્ષેત્રમાં પાત્રની યોગ્યતા, સાધનની યોગ્યતા અને વિધિ આ ત્રણે વસ્તુ ઉપર ભાર અપાય જ છે. તેમ દીક્ષા ગમે તેની પાસે ન લેવાય, જ્યાં અરિહંત પરમાત્માનું શાસન હોય, જે ગુરુ શાસનના પરમાર્થને પામેલા હોય તેવા ગુરુની પાસે જ દીક્ષા લેવાય. અને તે પણ વિધિપૂર્વક જ લેવાની છે. આ રીતે દીક્ષા લીધી હોય તેને યતિ કહેવાય. હવે સૌથી પહેલાં દીક્ષા લેનારની યોગ્યતા અહીં વર્ણવી છે.

**अथ प्रव्रज्यार्हः १. आर्यदेशोत्पन्नः २ विशिष्टजातिकुलान्वितः, ३. क्षीणप्रायकर्ममलः, ४. तत एव विमलबुद्धिः, ५. दुर्लभं मानुष्यं, जन्म मरणनिमित्तं, सम्पदश्चपला, विषया दुःखहेतवः, संयोगे वियोगः, प्रतिक्षणं मरणं, दारुणो विपाक इत्यवगतसंसारनैर्गुण्यः, ६. तत एव तद्विरक्तः, ७. प्रतनुकषायः, ८. अल्पहास्यादिः, ९. कृतज्ञः, १०. विनीतः, ११. प्रागपि राजामात्यपौरजनबहुमतः, १२. अद्रोहकारी, १३. कल्याणाङ्गः, १४. श्राद्धः, १५. स्थिरः, १६. समुपसम्पन्नश्चेति ।।३।। (२२९)**

પ્રવ્રજ્યાને યોગ્ય કોણ છે તે માટે જણાવે છે કે ૧. જે આર્યદેશમાં ઉત્પન્ન થયો હોય. આપણે આર્યદેશમાં જ જન્મી ગયા છીએ ને? જ્યા ધર્મ શબ્દ સાંભળવા પણ ન

મળે તેને અનાર્યદેશ કહેવાય. જ્યાં ધર્મની વાત સાંભળવા મળે તેને આર્યદેશ કહેવાય. ત્યાર બાદ ૨. વિશિષ્ટ જાતિ અને કુળમાં જન્મ થયેલો હોય. ઉચ્ચગોત્રના ઉદયથી જે વિશિષ્ટ કુળ અને જાતિ મળે, તેમાં જન્મ પામ્યો હોય. પિતાપક્ષનું કુળ હોય અને માતાપક્ષની જાતિ કહેવાય. માતા અને પિતા પણ આર્ય હોવા જોઈએ, જૈન હોવા જોઈએ. આ બીજી યોગ્યતા પણ આપણામાં છે ને? ૩. જેના કર્મમળ પ્રાયઃ કરીને ક્ષીણ થઈ ગયા હોય. કર્મની લઘુતા થઈ હોય ત્યારે જ મોટાભાગે ઉત્તમ કુળમાં જન્મ મળે છે, તેથી આપણી કર્મની લઘુતા પણ થઈ છે એમ માનવું પડે ને? ત્યારબાદ જણાવે છે કે ૪. કર્મની લઘુતાના કારણે જ જેની બુદ્ધિ વિમલ બની હોય. બુદ્ધિ નિર્મળ ઘાતિકર્મની લઘુતાથી થાય છે. બુદ્ધિની નિર્મળતાના કારણે સારાસારનો વિવેક કરવાનું શક્ય બને છે. જેમ જેમ આપણો અનુભવ વધતો ગયો તેમ તેમ આપણી રહેણીકરણીમાં ફરક પડ્યો છે ને? તેમ અહીં પણ બુદ્ધિની નિર્મળતાના કારણે સારભૂત શું છે અને અસારભૂત શું છેઃ એનું ભાન થાય છે.આથી જ આગળના ગુણ તરીકે જણાવે છેઃ ૫. મનુષ્યપણું દુર્લભ છે, જન્મ મરણનું કારણ છે, સંપત્તિ ચંચળ છે, વિષયો, સંસારના સુખનો ભોગવટો એ દુઃખનું કારણ છે, જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ છે જ, મરણ ક્ષણે ક્ષણે નજીક આવે છે, કર્મોના વિપાક દારુણ છે.. ઈત્યાદિ રૂપે સંસારની નિર્ગુણતાનું ભાન જેણે કર્યું હોય. ૬. આ રીતે નિર્ગુણતાનું ભાન થવાથી જે સંસાર પ્રત્યે વિરાગી બન્યો હોય તે ચારિત્ર માટે યોગ્ય છે. આજે આપણને પણ સંસારની નિર્ગુણતાનું ભાન છે, પરંતુ તે જુદું છે. મુમુક્ષુને મનુષ્યપણું દુર્લભ લાગે આપણને સંસારનું સુખ દુર્લભ લાગે છે. મુમુક્ષુ જન્મને મરણનું કારણ માને આપણે રોગને મરણનું કારણ માની રોગ ટાળવા માટે મહેનત કરીએ ને? મુમુક્ષુ વિષયની આસક્તિના કારણે દુઃખ આવે છે એવું માને, આપણે લોકોના કારણે દુઃખ આવે છે એવું માનીએ ને? આપણને દુઃખ દારુણ લાગે છે જ્યારે મુમુક્ષુને સંસાર દારુણ લાગે છે. આપણને મરવાનો ડર છે, મુમુક્ષુને જન્મવું પડે છે એનો ડર હોય. સંસારમાં શું ખરાબ છે એ નથી સમજાવવું, સંસાર જ ખરાબ છે એ સમજાવવું છે. એ જ રીતે દીક્ષામાં શું સારું છે એ નથી સમજાવવું, દીક્ષા જ સારી છે એ સમજાવવું છે. જેઓ સંસારમાં પ્રતિકૂળતા અને દીક્ષામાં અનુકૂળતા બતાવીને દીક્ષાના માર્ગે વાળે તેઓ મુમુક્ષુને આજ્ઞા મુજબની દીક્ષા પળાવી નહિ શકે. આ સંસારમાં સુખ ગમે તેટલું દેખાતું હોય તોપણ સંસાર રાક્ષસજેવો છે, આપણને આખાને આખા ખાઈ જશે. સંસારમાં શું છે એ નથી જોવું, સંસાર કેવો છે એ જોવું છે. એ જ રીતે દીક્ષામાં શું છે એ નથી જોવું, દીક્ષા કેવી છે એ જોવું છે. દીક્ષામાં કષ્ટ ભલે ગમે તેટલું જણાતું હોય પણ દીક્ષા પોતે સુખકારી છેઃ એમ સમજીને દીક્ષા લેવા તૈયાર થવું છે.

સ. આટલી સમજણ આવે ત્યાં સુધી મોડું થઈ ગયું હોય છે.

સમજણ તો આઠ વરસની ઉંમરે પણ આવી શકે છે. અઈમુત્તા મુનિને આઠ વર્ષની ઉંમરે પણ મરણ દેખાયું, આપણને મરણની નજીક પહોંચ્યા પછી પણ મરણ દેખાતું નથી ને? અત્યારે અક્કલ પણ છે, બુદ્ધિ પણ છે અને શક્તિ પણ છે, કાલે ઊઠીને કયા ભવમાં જઈશું ખબર નથી, એના કરતાં અત્યારે મળેલી તક ઝડપી લેવી છે. મોક્ષમાં ગુણ દેખાય કે ન દેખાય, સંસાર નિર્ગુણ છે માટે દીક્ષા લેવી છે. આથી જ અહીં મોક્ષના અભિલાષીને યોગ્ય ન જણાવતાં સંસારથી વિરક્તને યોગ્ય તરીકે જણાવ્યો.

સ. જ્યાં જવાનું હોય તેનું ભાન હોવું જોઈએ ને?

તમને નીરોગિતાનું ભાન થયા પછી જ તમે રોગની દવા કરાવો કે રોગની ભયંકરતા જણાય એટલે દવા કરાવી લો? પગ સડી ગયો હોય ત્યારે લંગડા થવાની તૈયારી સાથે પણ પગ કપાવો ને? તો અહીં શા માટે આવો વિચાર કરો છો? મોક્ષનું સ્વરૂપ આપણે જાણતા ન હોઈએ તોપણ સંસારનું સ્વરૂપ તો સાક્ષાદ્ અનુભવીએ છીએ ને? તો તેમાં કોઈ વિકલ્પ કર્યા વિના સંસારમાંથી નીકળી જવું છે.

ત્યાર બાદ જણાવે છે કે ૭. પ્રતનુકષાય અર્થાદ્ જેના કષાય વિરતિનો ક્ષયોપશમ થવાથી પતલા પડી ગયા હોય તેમ જ. ૮. અલ્પહાસ્યાદિ અર્થાદ્ જેના હાસ્યાદિ નોકષાય પણ અત્યંત અલ્પ હોય, તે દીક્ષા માટે યોગ્ય છે. સુખ ભોગવવાનો અધ્યવસાય જતો રહે અને દુઃખ ભોગવવાની તૈયારી હોય તો સમજવું કે કષાય પતલા પડ્યા છે. તે જ રીતે વસ્તુતત્ત્વનો જ્ઞાતા હોવાથી જે કોઈ જાતની હાંસીમશ્કરી ન કરે, કોઈ જાતનો શોકવિષાદ જેને હોય નહિ તે દીક્ષાને યોગ્ય છે. ત્યાર બાદ ૯. કૃતજ્ઞ હોય. કરેલા ઉપકારને જાણે તે દીક્ષા સારી રીતે પાળી શકે. ગુરુ પ્રત્યેનો કૃતજ્ઞભાવ એ દીક્ષાપાલનનો સ્થાયીભાવ છે. કાયમ માટે ગુરુના ઉપકારને યાદ રાખે તેને દીક્ષામાં ગુરુ તરફથી કાંઈ ઓછું ન આવે. ગુરુ માંદા પડ્યા હોય, સેવા કરવા છતાં પણ અકળાતા હોય તોપણ આને કશું વિચાર ન આવે. કારણ કે તે 'ગુરુ શું કરે છે'તે ન જુએ, 'ગુરુએ શું કર્યું છે' એ જ કાયમ યાદ કર્યા કરે. એને એમ થાય કે ગુરુભગવંતે મને જે જ્ઞાન, દર્શન અને ચારિત્ર આપ્યાં છે એ જ તેમનો બહુ મોટો ઉપકાર છે, હવે આખી જિંદગી સુધી કશું ન આપે તોપણ ચાલે એવું છે. 'ગુરુ મારા માટે કશું નથી કરતા અને મારે એમનું બધું કરવું પડે છે' આવો વિચાર આવે તે અકૃતજ્ઞતાને સૂચવે છે. આજે જેઓને પોતાના ગુરુ સાથે મેળ નથી તેઓ ગુરુએ કરેલા ઉપકારને ભૂલી ગયા છેઃ એમ માની લેવું. જેને ગુરુએ કરેલા ઉપકાર યાદ હોય તેને ગુરુ સાથે મેળ ન હોય એવું ક્યારે ય ન બને. જેને

દુઃખ વેઠવાની તૈયારી ન હોય તે ગુરુના ઉપકારને ભૂલી જાય. જે દુઃખ વેઠવા તૈયાર હોય તેને ઉપકાર ભૂલવાનું કોઈ કારણ નથી.

ત્યાર બાદ ૧૦. વિનીત હોય. એટલે કે ગુરુ જે કહે તેને તહત્તિ કરીને સ્વીકારે એવો દીક્ષા માટે યોગ્ય છે. ૧૧. ગૃહસ્થપણામાં જે રાજા, મંત્રી અથવા અન્ય શિષ્ટજનોને જે માન્ય કોટિનો હોય તે દીક્ષા માટે યોગ્ય છે. ૧૨. જે કોઈનો પણ દ્રોહ ન કરે તે પ્રતિજ્ઞાને સારી રીતે વહન કરી શકે, ૧૩. જે કલ્યાણાંગ હોય અર્થાદ્ જેને ઈન્દ્રિયો અંગોપાંગ પરિપૂર્ણ હોય, ૧૪. જે શ્રાદ્ધ હોય અર્થાદ્ જેનું સમ્યગ્દર્શન દઢ હોય, ૧૫. જે સ્થિર હોય અર્થાત્ કોઈ પણ જાતના ઉપદ્રવાદિથી ચલાયમાન થાય નહિ. આરંભેલા કાર્યનો અધવચ્ચે ત્યાગ ન કરે તેને સ્થિર કહેવાય. અને ૧૬. સમુપસ્થિત એટલે કે જે પોતે સામેથી આવેલો હોય, સાધુસાધ્વીએ બોલાવેલો ન હોવો જોઈએ. જે સારી વૃત્તિથી પોતાના આત્માનું સમર્પણ કરવા આવેલો હોય તે દીક્ષા માટે યોગ્ય છે.

શ્રાવકનો વિશેષધર્મ જણાવ્યા બાદ યતિધર્મનું સ્વરૂપ સમજવાનું આપણે શરૂ કર્યું છે. ઉપધાનતપની આરાધનાના પ્રસંગે પણ આ જ વિષય ચાલુ રાખવો છે. કારણ કે જેઓ ઉપધાન તપની આરાધના કરવા માટે આવેલા હોય તેમનો ઈરાદો તો સાધુ થવાનો જ હોય ને? આજે અહીં આવેલા દરેક જણ પોતપોતાની જાતે પોતાનો ઈરાદો સ્પષ્ટ કરી લે કે આપણે ઉપધાન કરવા માટે કેમ આવ્યા છીએ. જેને સાધુ થવું નથી તેણે ઉપધાન કરવાની જરૂર નથી, આગળ વધીને કોઈ ધર્મ કરવાનીય જરૂર નથી. આપણે ત્યાં ધર્મ કરવાના બે જ ઈરાદા છે. ગૃહસ્થપણાના ધર્મનો ઈરાદો સાધુ થવાનો હોય અને સાધુસાધ્વીનો ઈરાદો મોક્ષે જવાનો હોય. આ સિવાય ત્રીજો ઈરાદો હોય તેણે ધર્મ કરવાની જરૂર નથી. ધર્મ કરતી વખતે પહેલા ઈરાદો ચોખ્ખો કરવાનો પછી શક્તિનો વિચાર કરવાનો. એક વાર ઈરાદો પ્રગટ થાય તો શક્તિ આપોઆપ ખીલે. જેને મોક્ષમાં જવું હોય તેણે શક્તિનો વિચાર કરવાની જરૂર જ નથી, આત્મામાં અનંતી શક્તિ પડેલી છે તે કામે લગાડવાની જરૂર છે. અઈમુત્તા મુનિ આઠમા વર્ષે દીક્ષા પામ્યા અને નવમા વર્ષે કેવળજ્ઞાન પામી મોક્ષે જતા રહ્યા. નવ વર્ષના છોકરાને પણ મોક્ષ અપાવી શકે એવું સાધન આપણને મળી શકે. એમ છે, લેવું છે? આપણને જોઈતું નથી માટે મળતું નથી, બાકી સામર્થ્ય નથી માટે મળતું નથી-એવું નથી. સનત્કુમાર ચક્રવર્તીને સોળ પ્રકારના રોગ થયેલા હતા છતાં તેમની સાધુપણાની આરાધનામાં કોઈ ખામી ન આવી. આપણને સોળ રોગના નામ પણ ખબર નથી, એટલા રોગો હોય તો આપણે સાધુપણું પાળી ન શકીએ. એકાદ બે રોગમાં પણ જેઓ ત્રાસી જાય તેઓ સોળ રોગ કેવી રીતે સહન કરી શકવાના? જો દીક્ષા લેવાનો ઈરાદો ન હોય તો ધર્મ કરવાનો કે ઉપધાન કરવાનો કોઈ અર્થ નથી.

સ. અહીં આપની સાથે રહ્યા પછી ભાવ આવશે.

સાથે રહેવાથી ભાવ ન આવે, સંસાર ખરાબ લાગે તો ભાવ આવે. શરીર જ્યાં સુધી ગમે છે ત્યાં સુધી દીક્ષા નહિ ગમે, દીક્ષા નહિ ગમે ત્યાં સુધી ધર્મ નહિ ગમે. જેને શરીર ખરાબ લાગે તેને દીક્ષા ગમે અને જેને દીક્ષા ગમે તેને ધર્મ ગમે. આવા ઉપધાન જેવા તપમાં તો દુઃખ વેઠવાનો અભ્યાસ પૂરો પડી જવાનો છે. રોજ પુરિમડ્ઢનું પચ્ચખ્ખાણ કરે, ઉપવાસ ને નીવિ કરે, સો લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે, સો ખમાસમણાં આપે, આટલી આકરી કસોટીમાંથી પાર થયા પછી પણ આપણે સાધુ ન થઈ શકીએ તો તો હદ થઈ ગઈ કહેવાય. સાધુપણાના અભ્યાસ માટે જ આ ઉપધાનતપની આરાધના છે. મોક્ષમાં જવું હશે તો દુઃખ વેઠવાનો અભ્યાસ પાડવો જ પડશે. સંસારનાં સુખો તો ધર્મ કર્યા વિના પણ મળી શકે એમ છે. દુઃખ ભોગવતાં આવડે તો સુખના ટુકડા તો કોઈ પણ નાંખી જાય. અકામનિર્જરાથી દેવલોક મળી જાય, પણ મોક્ષ સકામનિર્જરા વિના, સાધુપણા વિના નહિ જ મળે. ધર્મ આપણે આપણી ઈચ્છાથી કરીએ છીએ, પરાણે નથી કરતા. છતાં પણ આપણે ફળ પામી ન શક્યા હોઈએ તો તેનું કારણ એક જ છે કે ફળ પામવાનો ઈરાદો નથી. તમારે ત્યાં જ નહિ, અમારે ત્યાં પણ આ જ દશા છે. વિહાર કરીને મકાનમાં આવે તોપણ અનુકૂળ જગ્યા શોધ્યા કરેઃ આ મોક્ષે જવાનાં લક્ષણ છે? જેને મોક્ષે જ જવું હોય તે અહીં બેસવા માટે અનુકૂળ જગ્યા શા માટે શોધે? જેઓને મોક્ષમાં જવું હોય તે અનુકૂળ જગ્યા શોધવા ન બેસે, જ્યાં ગુરુમહારાજ બેસાડે ત્યાં આનાકાની વિના બેસી જાય. જે મોક્ષમાં જતાં અટકાવે તેને પાપ કહેવાય. જેને મોક્ષમાં જવું જ ન હોય તે પાપની આલોચના કરે કે ન કરે-એમાં કશું ફરક પડવાનો નથી. તમારે પણ જો મોક્ષે જવાનો કે સાધુ થવાનો ઈરાદો ન હોય તો ઉપધાનની આલોચના લેવાની જરૂર નથી. આપણે મોક્ષમાં જવું હોય તો મોક્ષમાં જતાં અટકાવનાર પાપની આલોચના લઈને શુદ્ધ થવું જ પડશે.

સ. સાધુપણામાં ગુરુનું અનુશાસન ઝીલવાનું અઘરું લાગે છે, અમારી એટલી યોગ્યતા નથી.

ઘરમાં તમે જે ઘરના લોકોનું અનુશાસન ઝીલો છો તેના કરતાં તો અહીં કાંઈ વેઠવાનું છે જ નહિ, છતાં તમને આકરું કેમ લાગે છે? મુખ્ય કારણ તો એ છે કે ત્યાં થોડુંઘણું સુખ મળશે એવી આશાથી ઈચ્છા મારવાની તૈયારી છે જ્યારે સાધુપણામાં આવીને ઈચ્છા મુજબ જીવવું છે માટે અનુશાસન આકરું લાગે છે. આપણને ગુરુનું અનુશાસન ઝીલવા ન દે એવું જો કોઈક હોય તો તે આપણી ઈચ્છાઓ જ છે. સાધુપણામાં આવવું હોય તો સંસાર ભૂલીને આવવાનું, નવો સંસાર ઊભો કરવા માટે નહિ આવવાનું,

ઈચ્છાના અગ્નિસંસ્કાર કરીને આવવું છે, ઈચ્છાઓ લઈને નથી આવવું. આ સંસારમાં કઈ વસ્તુ સારી છે એ તમે કહી શકશો ખરા? આપણામાં દીક્ષા લેવાની યોગ્યતા નથી એવું ક્યારે પણ ન બોલતા. યોગ્યતા તો આપણે લઈને જ આવ્યા છીએ હવે માત્ર એ યોગ્યતા નાશ પામે એવું નથી કરવું. આપણે ધર્મ કયા ઈરાદે કરીએ છીએ અને આ સંસારમાં શું સારું છેઃ આ બે પ્રશ્નોના જવાબ પ્રામાણિકપણે આપશો તો સંસાર છોડવાનું મન થયા વિના નહિ રહે.

આપણે જે કોઈ ધર્મ કરીએ છીએ તે દીક્ષા મેળવવા માટે જ કરીએ છીએ ને? દીક્ષા લઈ ન શકીએ એવું બને, પણ મેળવવાનું મન પણ ન હોય તે તો કેમ ચાલે? ફળની ઈચ્છા વગરની પ્રવૃત્તિ વ્યવહારમાં કોઈ કરતું નથી. રસોઈ કરતી વખતે માત્ર રસોઈ કરવાનો જ ઉદ્દેશ હોય અને ખવરાવવાનો ઉદ્દેશ ન હોય તો કાચું બાફીને મૂકે ને? ધર્મ કરતી વખતે આપણું ફળ કયું? જો ધર્મ થઈ ગયો તે કહેવાનું જ ને? સંસારથી તરવું હશે તો આપણે યોગ્ય બનવા સાથે યોગ્ય ગુરુની પાસે દીક્ષા લેવા તૈયાર થવું છે. આપણી યોગ્યતા કરતાં પણ ગુરુની યોગ્યતા વધુ મહત્ત્વની છે. કારણ કે જે પોતે અયોગ્ય હોય તે યોગ્ય પાસે દીક્ષા લે તો યોગ્ય બની જાય. અને જો યોગ્ય પણ અયોગ્ય પાસે દીક્ષા લે તો તેની યોગ્યતા નાશ પામે. આથી હવે આપણે જેની પાસે દીક્ષા લેવાની છે તેની યોગ્યતા વિચારીએ

**गुरुपदार्हस्त्वित्थम्भूत एव १. विधिप्रतिपन्नप्रव्रज्यः, २. समुपासितगुरुकुलः, ३. अस्खलितशीलः, ४. सम्यगधीतागमः, ५. तत एव विमलतरबोधात्तत्त्ववेदी, ६. उपशान्तः, ७. प्रवचनवत्सलः, ८. सत्त्वहितरतः, ९. आदेयः, १०. अनुवर्त्तकः, ११. गम्भीरः, १२. अविषादी, १३. उपशमलब्ध्यादिसम्पन्नः, १४. प्रवचनार्थवक्ता, १५. स्वगुर्वनुज्ञातगुरुपदश्चेतीति ।।४।। (२३०)**

ગુરુપદને યોગ્ય કોણ છે તે જણાવતાં સૌથી પહેલાં બતાવે છે કે . ૧. જેણે વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરી હોય તે ગુરુપદને યોગ્ય છે. જે ગુરુ સ્વયં નિર્ગુણ હોય તે બીજા જીવોમાં ગુણના બીજને વાવવા માટે સમર્થ ન બની શકે. તેથી અહીં ગુરુની યોગ્યતા પણ જણાવી છે. સંસારમાં દુઃખ છે માટે દીક્ષા લેવાની વાત કરે તે વિધિથી પ્રવ્રજિત નથી. સંસાર દુઃખરૂપ છે– એમ સમજાવીને દીક્ષા લેવાની વાત કરે તે વિધિપ્રવ્રજિત કહેવાય. કોઈ સામાન્યસ્થિતિના માણસને સંસારમાં કમાવા વગેરેનું દુઃખ બતાવીને અને સાધુપણામાં ખાવાપીવા વગેરેની કોઈ કડાકૂટ નથી એવું સમજાવીને દીક્ષા માટે તૈયાર કરવા, 'ભણાય તો ઠીક છે, નહિ તો ઘડા લાવજો' ઈત્યાદિ કહીને દીક્ષા આપવી તે

અવિધિથી પ્રવ્રજિત થયેલા છે. આ તો એક કરતાં બે ભલા એમ સમજીને દીક્ષા આપે અને બે થયા પછી ગુરુથી છૂટો થઈને વિચરે-આવું ન બને તે માટે જ બીજી યોગ્યતા તરીકે જણાવ્યું છે કે ૨. જેણે ગુરુકુલની ઉપાસના સારી રીતે કરી હોય તેવા ગુરુ પાસે દીક્ષા લેવી. જે પોતાના ગુરુથી જુદા વિચરે તેવાને ગુરુ ન કરવા. તમારે ત્યાં જેમ પરણ્યા પહેલાં કોઈ માબાપથી જુદા ન થાય, પરણ્યા પછી થાય; તેમ અમારે ત્યાં પણ શિષ્ય થયા પછી પોતાના ગુરુથી જુદા વિચરવા માંડે. જેને ચેલાની જરૂર પડે, ચેલાની સ્પૃહા જાગે તે ગુરુ અને ચેલો બંન્ને અવિધિથી પ્રવ્રજિત થયેલા છે એમ સમજવું. જે કોઈ સાધુસાધ્વી 'તું દીક્ષા લઈ લે' એમ કહે તેમને શિષ્યની સ્પૃહા જાગી છે એમ સમજી લેવું. અમારે 'દીક્ષા લેવાજેવી છે' એવું ભારપૂર્વક સમજાવવાનું, પણ કોઈને દીક્ષા લેવાનું ન કહેવાય. આ તો કહે કે 'તું દીક્ષા લઈ લે, તારું બધું હું સંભાળીશ.' જે શિષ્યનું બધું સંભાળવા બેસે તે પોતાનું સાધુપણું નહિ સંભાળી શકે. દીક્ષા માત્ર લીધેલી હોય તેવા નહિ, સાથે દીક્ષા પાળનારા ગુરુ હોવા જોઈએ એ જણાવવા માટે 'સમુપાસિતગુરુકુલ' આ વિશેષણ આપ્યું છે. આ તો કહે કે ગુરુ સાથે રહે તો કોઈ વિકાસ ન થાય. આપણે કહેવું છે કે ગુરુ પાસે કાયમ માટે રહીએ એ જ આપણો વિકાસ છે. જે ગુરુ પાસે ન રહે તેને જ્ઞાન ન મળે, દર્શન અને ચારિત્રમાં સ્થિરતા પ્રાપ્ત ન થાય અને તે કલ્યાણનાં ભાજન ન બને. ત્યાર બાદ જણાવે છે કે ૩. અસ્ખલિતશીલઃ ગુરુકુળવાસમાં માત્ર અનુકૂળતા ભોગવવા માટે નથી રહેવાનું, આચારનું પાલન કરવા માટે રહેવાનું છે. અસ્ખલિતપણે સદાચારનું પાલન જે કરતાં હોય તેવા ગુરુ પાસે દીક્ષા લેવી.

અવિરતિ ઉપાદેય લાગે એ ધર્મ કરવા માટે અયોગ્ય છે. જેને ધર્મ કરવો છે એને સુખથી દૂર રહેવું પડે અને જેને સુખ ભોગવવું હોય એને ધર્મથી દૂર રહેવું પડે. સાધુપણામાં પાંચ ઈન્દ્રિયોના વિષયમાંથી એક રસનેન્દ્રિયનું સુખ ભોગવી શકાય એવું છે. એ સુખ ભોગવવા છતાં કોઈ અમને ખરાબ ન માને. ઉપરથી લોકો સારામાં સારો આહાર વહોરાવે. આવા વખતે અમે સુખ ભોગવી ન બેસીએ તે માટે અમને ભિક્ષાચર્યામાં પણ નિયંત્રણ ગોઠવી આપ્યું છે. ક્યારે વાપરવાનું, કેટલું વાપરવાનું અને શું વાપરવાનું.. એ બધું જ ભગવાને નક્કી કરી આપ્યું છે. કયા સમયે વાપરવાનું, કયાં દ્રવ્ય વાપરવાનાં, કેટલા કોળિયા વાપરવાના, કયા કારણસર વાપરવાનું એ પણ ભગવાને નક્કી કરી આપ્યું છે. કારણ કે એટલું પણ સુખ ભોગવવાની ઈચ્છા એ અવિરતિ છે. આ અવિરતિ જ આપણને ધર્મ કરતાં રોકે છે. જેને જે ખાવું હોય તે ખાવા દેવાનું હોય અને જેને જે બોલવું હોય તે બોલવા દેવાનું હોય તો સંસાર પણ ન નભે તો સાધુપણું કયાંથી નભે? સાધુપણામાં જો કોઈ સુખ હોય તો સારી ગોચરી વાપરવાનું અને ભગત સાથે વાતો

કરવાનું આ બે જ છે. એના ઉપર નિયંત્રણ લાવ્યા વિના સાધુપણાની આરાધના કરી નહિ શકાય. સાધુપણામાં આવવું હશે તો અવિરતિ છોડવાનું સત્ત્વ કેળવવું જ પડશે. જે ગુરુ આપણી સુખની લાલસા સ્વરૂપ અવિરતિ છોડાવે એવા ગુરુ કરવા છે. જો ગુરુ સમર્થ હશે તો અવિરતિ તરફ ઢળેલા શિષ્યને પણ પાછો વાળશે. ભગવાને મેઘકુમારને માર્ગમાં સ્થિર કર્યા ને? ગુરુની જરૂર જ આના માટે છે. તેથી જણાવે છે ૪. સારી રીતે આગમનું અધ્યયન કર્યું હોય એવા ગુરુ કરવા. જે આગમના જાણકાર હોય તે આપણને સુખ ભોગવવા ન દે. આથી જ આગળ જાણાવે છે: ૫-આગમનું અધ્યયન કરવાના કારણે બોધ જેનો વિમલતર અર્થાદ્ અત્યંત નિર્મળ હોય તેથી જ જે સમ્યક્ તત્ત્વના જાણકાર હોય તેવા ગુરુ કરવા. જે આગમના તત્ત્વના જાણકાર હોય તે છૂટછાટ ન આપે, શુદ્ધ માર્ગે ચલાવે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં એક કથા આવે છે. એક પિતાપુત્રે સાથે દીક્ષા લીધેલી. એક વાર વિહારમાં બંન્ને સાથે હતા. પુત્રને અત્યંત તૃષા (તરસ) લાગેલી. તેના કારણે તે ચાલી શકતો ન હતો. પુત્રના મોહથી પિતાએ રસ્તામાં આવતી નદીનું પાણી વાપરવાનું પુત્રને કહ્યું. છતાં પુત્રે ન વાપર્યું પોતાની શરમના કારણે પુત્ર પાણી વાપરતો નથી-એમ સમજીને પિતામુનિ આગળ ચાલવા માંડ્યા. પુત્ર મુનિએ અસહ્ય તરસના કારણે તેમ જ પિતાના કહેવાના કારણે નદીનું પાણી વાપરવા માટે ખોબો ભર્યો અને મોઢા સુધી લીધો. એટલામાં વિચાર આવ્યો કે આટલા અસંખ્યાતજીવોને કઈ રીતે મોઢામાં નાંખું? આટલા જીવોની વિરાધના કઈ રીતે કરું?... એમ વિચારીને જેવો ખોબો ભર્યો હતો તેવો જ ધીરે ધીરે નીચે પાણીમાં મૂક્યો, એની સાથે જ ત્યાંથી કાળધર્મ પામી દેવલોકમાં ગયા. આપણે તો કાચું પાણી ઉપરથી પણ ફેંકીએ ને? સાત લાખ અપ્કાય બોલનારા કાચા પાણીની વિરાધના કરતાં અચકાય નહિ ને? પેલા દેવ ઉપયોગ મૂકીને નીચે આવ્યા, બધા સાધુને વંદન કર્યું પણ પિતામુનિને ન કર્યું. બીજા સાધુઓએ કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે 'આમણે મને કાચું પાણી પીવાની સલાહ આપી હતી.' તમને સાધુ કેવા ગમે? વ્રતમાં-નિયમમાં છૂટછાટ આપે એવા કે કડક આચાર પળાવે એવા? પાપ કરવાની છૂટ આપે તે સમ્યક્ તત્ત્વવેદી નથી. આપણને અતત્ત્વમાર્ગે જવા ન દે તે સમ્યક્તત્ત્વવેદી છે. અમે તમને બેઠાં બેઠાં ખમાસમણાં આપવાની કે કાઉસ્સગ્ગ કરવાની છૂટ ન આપીએ તો તમને ગમે કે ન ગમે?

સ. છૂટ આપો તો સંખ્યા વધે, છૂટ ન આપો તો સંખ્યા ઘટી જશે.

તમે પણ તમારી દુકાનમાં બોર્ડ મારો કે 'જેને જે ભાવે, જોઈએ તે લઈ જવાની છૂટ,' તો શી હાલત થાય? તમારો પૈસો કીમતી અને અમારો ધર્મ આટલો સસ્તો છે કે જેને જેમ કરવું હોય તેમ કરવાની છૂટ આપીએ? આપણે જો સંસારથી તરવું હશે તો જે

અતત્ત્વમાંથી ખસેડે અને તત્ત્વમાર્ગે સ્થિર કરે, સુખશીલ ન બનાવે અને દુ:ખ વેઠવાનું સત્ત્વ પ્રાપ્ત કરાવે તેવા ગુરુ શોધવા છે. ત્યાર બાદ ૬. ઉપશાન્ત ગુણ જણાવ્યો છે. કષાયને આધીન ન થાય તેવા ગુરુ પાસે દીક્ષા લેવી, કષાય એટલે માત્ર ગુસ્સાની વાત નથી, ગુસ્સો ન કરવો અને લોભ રાખવાની છૂટ-એવું નથી. જે ગુસ્સો ન કરે પણ ઈચ્છાઓ રાખે તે ઉપશાન્ત ન કહેવાય. કોઈની પણ ઈચ્છા કે સ્પૃહા જેને ન હોય એવા ગુરુ પાસે દીક્ષા લેવી. 'મારે કોઈનું કામ નથી, કોઈ મારી પાસે આવે કે ન આવે, કોઈ મને પૂછે કે ન પૂછે, કોઈ મારી પાસે દીક્ષા લે કે ન લે એમાં મને કોઈ ફરક પડતો નથી.' આવા અધ્યવસાયવાળા ગુરુ ઉપશાંત કહેવાય. ભગત કે શિષ્યની સ્પૃહા ખાતર પોતાના સાધુપણામાં આઘાપાછા થાય તે ગુરુ ઉપશાંત નથી.

શાસ્ત્રકારો ફરમાવે છે કે નિષ્ફલ આરંભ ક્યારે પણ ન કરવો. જે પ્રવૃત્તિ આપણે કરીએ તેનું ફળ મળવું જ જોઈએ. આમ છતાં ધર્મ કરતી વખતે મોટા ભાગે ફળનો વિચાર જ આવતો નથી. દુ:ખ ભોગવવાનું કામ આપણે આજથી નથી કરતા, અનાદિ કાળથી કરતા જ આવ્યા છીએ. આપણે એકેન્દ્રિયપણામાં કે વિકલેન્દ્રિયપણામાં જેટલાં દુ:ખો ભોગવ્યાં છે એટલાં સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં નથી ભોગવ્યાં. છતાં ત્યાં દુ:ખ ભોગવવાથી જે ફળ મળે તેના કરતાં કંઈકગણું ફળ સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં મળે છે તેનું કારણ જ એ છે કે સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં ફળની અભિસંધિ હોય છે. સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં મન મળે છે. મનનો સદુપયોગ કરવાના કારણે ફળ વધારે સારામાં સારું મળે છે. આપણે મનનો ઉપયોગ સુખ છોડવા માટે કરવો છે, સુખ ભોગવવા માટે નહિ. સુખ ભોગવવું એ ધર્મ નથી, સુખ છોડવું એ ધર્મ છે. પૈસો ખરચવો તે ધર્મ નથી, પૈસો છોડવો તે ધર્મ છે.

સ. ખરચીએ એટલે છોડ્યું ન કહેવાય?

તમે ઘરના લોકો માટે ખર્ચો કરો છો તે છોડ્યું કહેવાય? જેમાં વળતરની અપેક્ષા હોય તે છોડ્યું ન કહેવાય ખર્ચ્યું કહેવાય. આપ્યા પછી માંગવું નહિ તે છોડ્યું કહેવાય. સુખ છોડવા માટે આ મનુષ્યજન્મ જ કામ લાગે એવો છે. ચૌદ જીવસ્થાનકમાં આ એક જીવસ્થાનક જ એવું છે કે જેમાં બીજા જીવસ્થાનક કરતાં દુ:ખ ઓછું પડે અને નિર્જરા વધુ થાય. ચાર ગતિમાંથી પણ આ મનુષ્યજન્મ એવો છે કે જેમાં નરક અને તિર્યંચગતિ કરતાં દુ:ખ ઓછું છે અને નિર્જરા સૌથી વધારે થાય છે. મનુષ્યપણામાં આપણને ગમે તેટલું દુ:ખ આવે તોપણ આપણે એકેન્દ્રિયને જેવું દુ:ખ આપીએ છીએ એવું દુ:ખ તો આપણને કોઈએ આપ્યું નથી ને? આપણે જે રીતે શાકભાજીને સમારીએ, લસોટીએ એવું દુ:ખ આપણને કોઈએ આપ્યું છે? આપણને તો ડોક્ટર પણ કાપે તો

બેભાન કરીને કાપે ને? જ્યારે એકેન્દ્રિય તો બેભાન છે એમ સમજીને ખચકાયા વિના પ્રવૃત્તિ કરીએ ને? મનનો ઉપયોગ આપણા વિષયકષાયને શાંત કરવા માટે કરવો છે. આથી ગુરુ પણ ઉપશાંત શોધવા છે. જે પોતે ઉપશાંત હોય તે આપણને ઉપશાંત બનાવી શકે. આપણા વિષય અને કષાયને શાંત કરવા હોય તો જેના વિષય કષાય ઉપશાંત હોય તેવા ગુરુ પાસે દીક્ષા લેવી છે. જેને સુખ ઉપાદેય ન લાગે અને દુ:ખ હેય ન લાગે તેને ઉપશાંત કહેવાય. અનુકૂળતા આપણા અહિતનું કારણ છે એવું માને તેને ઉપશાંત કહેવાય. તમારે ત્યાં પણ જે સુખની યાચના ન કરે અને દુ:ખની ફરિયાદ ન કરે તે સારો માણસ કહેવાય છે ને? ગમે તેટલું દુ:ખ પડે તોપણ તેમાં કર્મનું સંવેદન થાય તે ઉપશાંત કહેવાય. ગમે તેવો વિષયનો લાલચુ આવે તોપણ તેને સમજાવે કે સુખ એ માંગવાની ચીજ નથી, તને નથી મળ્યું તેમાં જ તારું કલ્યાણ છે. વિષયથી સંતપ્ત થયેલાને પણ શાંત કરે અને ક્રોધથી ધમધમતાને પણ શાંત કરે એવા ગુરુ શોધવા છે. જે સુખ આપે, સુખની લાલચ જગાડે, આપણા સુખની ચિંતા કરે એવા ગુરુ નથી શોધવા. આપણા દ્વેષને દૂર કરે અને દુ:ખ વેઠવાનું સામર્થ્ય પેદા કરાવે તેવા ગુરુ શોધવા છે. ઉપશમભાવ એ ધર્મનો સાર છે. શ્રી કલ્પસૂત્રમાં પણ છેલ્લે જણાવ્યું છે કે જે કષાયને ઉપશમાવે તે આરાધક છે. એક ઠેકાણે કહ્યું છે કે જે રીતે રાગદ્વેષ મરે તેવો પ્રયત્ન કરવો તેનું નામ ધર્મ.

સ. જેઓ ઉન્માર્ગમાં હોય અને રાગદ્વેષ ટાળવા માટે પ્રયત્ન કરતા હોય તો?

રાગદ્વેષને ટાળવા માટે ભગવાનનું વચન જ કામ લાગે છે. ઉન્માર્ગે રહીને ગમે તેટલો પ્રયત્ન કરીએ તોપણ તેનાથી રાગદ્વેષ ન ટળે. ભગવાનની આજ્ઞા મુજબ પ્રયત્ન કરવાથી રાગદ્વેષ ટળે. ઈચ્છા મુજબની પ્રવૃત્તિ કરવાથી રાગદ્વેષ ન ટળે. વ્યભિચારી સ્ત્રીનો ત્યાગ કરો તો તે વૈરાગ્ય ન કહેવાય, તેમ ઈચ્છા મુજબની પ્રવૃત્તિથી રાગ ન જાય. ઉન્માર્ગગામી તેઓ જ બને છે કે જેઓ ઈચ્છા મુજબ ધર્મ કરે છે. આજ્ઞા મુજબની કોઈ પણ પ્રવૃત્તિ રાગદ્વેષને ટાળવા માટે સમર્થ છે. જેઓ પ્રવચનના વાત્સલ્યવાળા હોય તેઓ જ ઉપશાંત હોય છે અને જે પ્રવચન પ્રત્યે વાત્સલ્ય ન ધરાવે તેઓ ઉન્માર્ગગામી બને છે આથી આગળનો ગુણ જણાવ્યો છે. ૭. પ્રવચનવત્સલ. જેને પ્રવચન એટલે કે ભગવાનના વચન પ્રત્યે વાત્સલ્ય હોય એવા ગુરુ શોધવા છે. વિષયકષાય તેના શાંત થાય કે જેને વિષયકષાયની પરિણતિ કરતાં પણ પ્રવચન અધિક લાગે. પ્રવચન એટલે પ્રકૃષ્ટ-શ્રેષ્ઠ વચન. ભગવાનનું વચન સૌથી પ્રકૃષ્ટ છે, તેથી તેને જ પ્રવચન કહેવાય છે. આવા પ્રવચન પ્રત્યે વાત્સલ્ય રાખવું. ભગવાનના વચન કરતાં બીજું કાંઈ પણ સારું ન

લાગે તેને પ્રવચનનું વાત્સલ્ય કહેવાય છે. વાત્સલ્ય અને રાગમાં ફરક છે. ગમે તેટલું દુઃખ પડે તોપણ વળગીને રહેવું એનું નામ વાત્સલ્ય. એકાદ વાર દુઃખ પડે તો છોડી દેવું તેનું નામ રાગ. માતાને છોકરા પ્રત્યે વાત્સલ્ય કેવું હોય? છોકરું ગમે તેટલી લાતો મારે તોપણ માતા તેને છોડે નહિ તેનું નામ વાત્સલ્ય. તેવી રીતે જે ગુરુ પ્રવચનની આરાધના કરતી વખતે ગમે તેટલા પરિસહ અને ઉપસર્ગ આવે છતાં પ્રવચનને વળગીને રહે તેવા પ્રવચનવત્સલ ગુરુ પાસે દીક્ષા લેવી. સામું પાત્ર દુઃખ આપે તોપણ છોડવાનું મન ન થાય તેનું નામ વાત્સલ્ય. આવું વાત્સલ્ય પ્રવચન પ્રત્યે કેળવવું છે. આ સંસારમાં પુણ્યના ઉદયથી મળેલ સારામાં સારી ચીજ પણ પ્રવચન આગળ કનિષ્ઠ છેઃ આવું લાગે તે પ્રવચનવત્સલ બની શકે. જે વિષયના રાગી હોય તે પ્રવચનના રાગી બની ન શકે. વિષયકષાય ઉપાદેય લાગે તેને જ્ઞાન ઉપાદેય ન લાગે. જેને જ્ઞાન ઉપાદેય ન લાગે તેન ભગવાનનું વચન ઉપાદેય ન લાગે. તેથી જ ઉપશાંત પછી પ્રવચનવત્સલતા જણાવી છે.

ગુરુની પરીક્ષા કરવા માટે આ વિચારણા શરૂ નથી કરી, આપણે જેનાથી તરવું છે જેની નિશ્રાએ આરાધના કરવાની છે તે તારક ગુરુ કેવા હોવા જોઈએ તેની વિચારણા શરૂ કરી છે. ગુરુ કેવા હોવા જોઈએ તેની વાત નથી, આપણા તારક કેવા હોવા જોઈએ તેની અહીં વાત છે. સાચું કહો, ગુરુ આપણે કેવા શોધીએ? આપણને ફાવે એવા કે આપણને સંસારમાંથી તારે એવા?

સ. તારનારા ગુરુ ફાવી જાય તો?

સાચું કહો છો?તારનારા ગુરુ ફાવે-એવું છે ખરું? અસલમાં સંસારમાંથી તરવું છે, એવો ભાવ હૈયાના કોઈ ખૂણામાં પણ જાગ્યો છે ખરો? કયા દિવસે સંસારથી તરવાનો ભાવ જાગ્યો છે? જે દિવસે તરવાનો ભાવ જાગશે તે દિવસે ગુરુ જે કરે તે મારા હિત માટે છે-એવો પરિણામ પેદા થશે.ચન્દ્રગુપ્ત અને ચાણક્યની વાત સાંભળી છે ને? નંદરાજાના સૈનિકો ચંદ્રગુપ્ત અને ચાણક્યની પાછળ પડેલા. બે સૈનિકો નજીકમાં આવેલા જાણી એક તળાવના કિનારે એક ધોબી બેસેલો તેને ભગાડી મૂકીને ચાણક્ય પોતે ત્યાં કપડાં ધોવા બેસી ગયો. અને ચંદ્રગુપ્તને તળાવમાં અંદર પેસી જવા કહ્યું. સૈનિકો એટલામાં આવી પહોંચ્યા. ચાણક્યને ધોબી સમજીને તેને પૂછ્યું કે અહીંથી ચંદ્રગુપ્ત અને ચાણક્યને જતા જોયા? ત્યારે ચાણક્યે કહ્યું કે આ હમણાં જ ચંદ્રગુપ્ત તળાવમાં પડ્યો છે. આ સાંભળીને ઘોડા ઉપરથી બંન્ને સૈનિકો ઊતરી ગયા અને તળાવમાં પેસવા માટે શસ્ત્રો નીચે મૂક્યાં અને વસ્ત્રો કાઢવાની તૈયારી કરી એટલામાં ચાણક્યે એ તલવાર લઈને બંન્ને સૈનિકોનાં માથાં કાપી નાંખ્યાં. ચંદ્રગુપ્તને તળાવની બહાર આવવા કહ્યું. એ બે સૈનિકોનાં વસ્ત્ર

પહેરી બંન્ને ઘોડા ઉપર ચાલવા માંડ્યા. રસ્તામાં ચાણક્યે ચંદ્રગુપ્તને પૂછ્યું કે જે વખતે મેં કહ્યું કે ચંદ્રગુપ્ત આ તળાવમાં જ છે: એ વખતે તારા મનમાં શું વિચાર આવેલો? ત્યારે ચંદ્રગુપ્તે કહેલું કે આર્યપુત્ર જે કરે છે તે મારા હિત માટે છે–એટલો જ વિચાર આવેલો. આવું ચંદ્રગુપ્તજેવું ગુરુપારતંત્ર્ય આપણે કેળવવું છે. ગુરુભગવંત તલવારથી માથું કાપે તોપણ વિચાર નથી કરવો. કારણ કે એમાં પણ આપણું કલ્યાણ છે: આટલી તૈયારી જોઈએ. તમે શિવાજીની વાત સાંભળી છે ને? શિવાજી મહારાજા પોતાના ચુનંદા પંદરવીસ સૈનિકો સાથે નિઃશંકપણે ફરતો હતો તેથી એક મુસલમાન બાદશાહે શિવાજી મહારાજને પૂછ્યું કે અમે સૈન્ય લઈને બેઠા હોવા છતાં બહાર નીકળતાં ફફડીએ છીએ, તું માત્ર પંદરવીસ સાથે નિર્ભયપણે કેવી રીતે ફરી શકે છે? ત્યારે શિવાજી મહારાજે કહ્યું કે મારા પંદરવીસ પણ કેવા છે તે બતાવું. પોતાના એક સૈનિકને બોલાવ્યો અને તેને તાડના ઝાડ ઉપર ચઢવા કહ્યું. પેલો ચડી ગયો. શિવાજીએ તેને ઉપરથી કૂદકો મારવાનું કહ્યું. પેલાએ ઉપરથી કૂદકો માર્યો, શિવાજીએ ઝીલી લીધો. શિવાજીના સૈનિકોને શિવાજી ઉપર જેવો વિશ્વાસ હતો એવો વિશ્વાસ ગુરુ ઉપર જોઈએ. ગુરુ તારક લાગે તો જ ગુરુ પાસે દીક્ષા લેવા જવું.

આપણે જોઈ ગયા કે ગુરુ પ્રવચનવત્સલ હોવા જોઈએ. જેને ગુરુ કરવાના છે તેને પ્રવચન પ્રત્યે વાત્સલ્ય હોવું જોઈએ. ગુરુને આપણી પ્રત્યે રાગ હોય કે ન હોય આપણને ગુરુ પ્રત્યે રાગ હોય એટલે આપણું કામ પત્યું. જેને આપણી પ્રત્યે રાગ હોય તેવાને ગુરુ ન કરવા, જેને પ્રવચન પ્રત્યે વાત્સલ્ય હોય એવાને ગુરુ કરવા. શિષ્યને ગુરુ પ્રત્યે રાગ હોય એ નભાવાય, કારણ કે ગુરુ પ્રત્યેના રાગના કારણે શિષ્ય ગુરુની આજ્ઞા માનવાનું કામ કરે છે. ગૌતમસ્વામી મહારાજને ભગવાન ઉપર સ્નેહરાગ હતો તો તેના કારણે ભગવાનનું વચન હર્ષથી માનતા હતા. ક્યારે પણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન તેમણે કર્યું નથી. સંસાર પ્રત્યે વૈરાગ્ય લાવવા માટે ગુરુ પ્રત્યેનો રાગ કામ લાગતો હોય તો તેમાં વાંધો નથી. શિષ્યને સંસાર ઉપરનો રાગ છોડાવવા માટે ગુરુ પ્રત્યેનો રાગ કામ લાગે. પરંતુ ગુરુને શિષ્ય પ્રત્યે રાગ ન હોવો જોઈએ. જેમાં ઉભયપક્ષે રાગ હોય તે તો સંસાર કહેવાય.

સ. ગુરુને શિષ્ય પ્રત્યે કેવો ભાવ હોય?

ગુરુને શિષ્ય પ્રત્યે વાત્સલ્ય હોય રાગ ન હોય. રાગમાં શરીરની ચિંતા હોય જ્યારે વાત્સલ્યમાં આત્માની ચિંતા હોય. ગુરુને શિષ્યના હિતની ચિંતા હોય, સુખની નહિ. રાગમાં સામાના સુખની ચિંતા હોય અને વાત્સલ્યમાં હિતની ચિંતા હોય. ભગવાન માટે પણ ત્રિભુવનવત્સલ એવું વિશેષણ આવે, પણ ત્રિભુવનરાગી એવું વિશેષણ ન

આવે. ગુરુ ભગવંત પ્રવચનવત્સલ હોવાથી દરેક જીવોના હિતની ચિંતામાં રત હોય છે. આથી જ આઠમા ગુણ તરીકે ૮. સત્ત્વહિતરત જણાવ્યું છે. કોઈનું પણ અહિત થાય તેવું ન કરે એવા ગુરુ પાસે દીક્ષા લેવી. સર્વ સત્ત્વ-જીવોનાં હિતમાં-રત હોય એવા ગુરુપદ માટે યોગ્ય છે. શત્રુના પણ અહિતને ન ઈચ્છે તે ગુરુ થવા માટે યોગ્ય છે. જે ગુરુ સર્વ જીવોના હિતની ચિંતા કરે તે આપણું અહિત કરે એવું તો ન બને ને? છતાં જો ગુરુ માટે ફરિયાદ હોય તો માનવું પડે કે આપણી યોગ્યતા નાશ પામી છે. ગુરુભગવંત આપણને જે જોઈએ છે તે ભલે ન આપતા હોય પરંતુ આપણને જે મળતું નથી તે તો અપાવે છે ને? સુખ આપણને જોઈએ છે ને ગુરુભગવંત સુખ નથી આપતા, એ બરાબર. પરંતુ આપણને મોક્ષ મળતો નથી તે મેળવી આપવાનું કામ ગુરુ કરે છે એ જ એમનો મોટો ઉપકાર છે. આપણને પાપથી દૂર રાખે એ જ આપણી હિતચિંતા છે. ત્યાર બાદ જણાવે છે કે ગુરુ ૯ . આદેય હોવા જોઈએ. આપણે ગુરુનું માનીએ એ ગુરુનું આદેયપણું છે. જેમનું માનવાનું આપણને ગમે એવા ગુરુ કરવા. અયોગ્ય જીવો ભગવાનનું પણ માનતા ન હતા. એ ખામી ભગવાનની આદેયતાની નહિ, જીવોની અયોગ્યતાની છે. જે ગુરુની નિશ્રાથી સંસાર તરવાનો છે એ ગુરુનું માનવાનું ન ગમે તો કઈ રીતે આરાધના કરી શકાય? તે માટે આદેયતા જણાવી છે. જેનું વર્ત્તન જ એવું હોય કે જેના કારણે તેમનું વચન ગ્રાહ્ય કોટિનું બને-એવા ગુરુને આદેય કહેવાય.

ગુરુનું વચન માનવાનું ગમે તો ગુરુ પણ રોજ નવું નવું જ્ઞાન આપે. શ્રુતજ્ઞાન મળી ગયા પછી પણ રોજ ગુરુ પાસે ભણવાથી મતિજ્ઞાનનો ક્ષયોપશમ નિર્મળ બનતો જાય છે. શ્રી ગૌતમસ્વામી મહારાજા ચૌદપૂર્વના રચયિતા અને ચાર જ્ઞાનના ધણી હોવા છતાં તેમણે ભગવાનની હાજરીમાં પોતાના જ્ઞાનનો ઉપયોગ ક્યારે પણ મૂક્યો ન હતો. આથી જ ભગવાનને જિજ્ઞાસાભાવે પ્રશ્નો પૂછતા હતા.

સ. જ્ઞાન હોય અને ઉપયોગ ન મૂકે -એવું કઈ રીતે બને?

તમારી પાસે બેટરી હોય એટલે એ પ્રકાશ આપે કે એ ચાલુ કરો તો પ્રકાશ આપે? જેમ બેટરીને ચાલુ કરવી પડે તેમ જ્ઞાનનો પણ ઉપયોગ મૂકવો પડે. ધોળે દિવસે કોઈ બેટરી જેમ ચાલુ ન કરે તેમ ભગવાનનો કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશતો હોવાથી ગૌતમસ્વામી પોતાના બેટરી જેવા શ્રુતજ્ઞાનનો ઉપયોગ મૂકતા ન હતા. કારણ કે જ્ઞાનનો ઉપયોગ મૂકવો એ પણ એક પ્રકારનો પ્રમાદ છે. અને ભગવાને તેમને એક સમય માટે પણ પ્રમાદ કરવાની ના પાડી હતી તેથી જ પોતાના શ્રુત અવધિ આદિનો ઉપયોગ મૂકતા ન હતા. આનંદશ્રાવકને મિચ્છામિ દુક્કડં આપવાનો વખત આવ્યો તોપણ તેમણે

ભગવાનને આવીને પૂછ્યું, પરંતુ જાતે જ્ઞાનનો ઉપયોગ ન મૂક્યો. આને આદેયવચનતા કહેવાય.

દસમા ગુણ તરીકે ૧૦. અનુવર્ત્તક જણાવ્યા છે. ગુરુભગવન્ત અનુવર્ત્તક હોવા જોઈએ. અનુવર્ત્તક તેને કહેવાય કે જે ઉપદેશ આપે, જે આજ્ઞા કરે તેનો અમલ પણ કરાવી શકે. સિદ્ધાંતની વાતો કરીને એ મુજબ પ્રવૃત્તિ કરાવવાનું સામર્થ્ય પણ સાથે હોવું જ જોઈએ. ગુરુભગવંત કડક હોય પણ સાથે કરુણાસંપન્ન હોય તો તેવા વખતે કરુણાસંપન્નતાનો ગેરલાભ ઉઠાવે તેનું અનુશાસન કરી ન શકાય. ગુરુભગવંતનો તાપ એવો હોવો જોઈએ કે એમની નજર ફરે એટલામાત્રથી તેમની આજ્ઞા પાળવા માટે તૈયાર થવું જ પડે. અનુશાસનમાં સમજાવવાની વાત હોય, જ્યારે અનુવર્ત્તનમાં પ્રવર્ત્તાવવાની વાત હોય. અનુશાસન કર્યા પછી એ પ્રમાણે અનુવર્ત્તન કરાવવું પડે. માત્ર આદેયનામકર્મથી કામ ન થાય. વચન ગ્રાહ્ય હોવાથી વચનનું ઉલ્લંઘન ન કરે એટલું જ. જ્યારે અનુવર્ત્તકપણામાં એ વચન મુજબ પ્રવર્ત્તવાનું શક્ય બને તેવો પ્રયત્ન કરાય છે. સારણા વારણા ચોયણા પડિચોયણા કરી શકે તેને અનુવર્ત્તક કહેવાય. આદેય હોવાના કારણે તેમની સામે ન બોલીએ, પરંતુ અનુવર્ત્તકપણું ન હોય તો તેમનું કહ્યું માની નહિ શકાય. આ અનુવર્ત્તકપણાના કારણે જ શાસન ચાલે છે. જેને જે કરવું હોય તે કરવાની છૂટ આપીએ તો ઘર પણ ન ચાલે, ઓફિસ પણ ન ચાલે તેમ અમારું શાસન પણ ન ચાલે. જીવોના સ્વભાવ અનેક પ્રકારના છે. તેથી તેમને અધિક અધિક ગુણોની પ્રાપ્તિ થાય એવું તેમનું પ્રવર્ત્તન કરાવી શકે તેને ગુરુ બનાવવા. શિષ્યોમાં ગુરુપારતંત્ર્ય ગુણ પેદા કરાવવાનું કામ ગુરુનું છે. ગુરુભગવંતે જે આજ્ઞા કરી હોય તે આજ્ઞા પાળ્યા પછી પાછું આવીને ગુરુને જણાવવાનું. સ્થંડિલભૂમિએ જતી વખતે કહીને જવાનું, આવ્યા પછી ગુરુને મત્થએણ વંદામિ કહીને જણાવવું કે 'હું આવી ગયો છું.' હરિણગમેષી દેવને ગર્ભસંહરણનો આદેશ ઈન્દ્રમહારાજાએ આપ્યા પછી તેમને કહ્યું કે ગર્ભસંહરણ કરીને આવ્યા પછી કાર્ય થઈ ગયું છે– એમ મને જણાવજે. હરિણગમેષી દેવે પણ એ રીતે કાર્ય કરીને આવીને ઈન્દ્રમહારાજાને જણાવ્યું. ઈન્દ્રમહારાજા અવધિજ્ઞાનથી બધું જાણી શકે એવું હોવા છતાં ય તેમની પાસે આવું અનુવર્ત્તકપણું હતું. તો ભગવાનના શાસનમાં તો આવું અનુવર્ત્તકપણું હોવું જ જોઈએ ને? ગુરુભગવંતે ગાથા આપી હોય તો એ ગાથા થયા પછી તરત ગુરુને આવીને કહેવું કે મારી ગાથા થઈ ગઈ છે, આપ કહો તો હમણાં જ આપી દઉં. પછી ગુરુ કહે તો ગાથા આપી દેવાની, ફરી ગોખવાનું કહે તો ફરી ગોખવાનું, તેમાં કંટાળો ન કરવો. કારણ કે વારંવાર અધ્યયન કરવાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે. ચૌદપૂર્વધરો પણ સ્વાધ્યાય કરતા હોય છે કારણ કે તેનાથી

જ્ઞાનાવરણીય કર્મ ખપે તો આપણે શા માટે પ્રમાદ કરવો? ગુરુભગવંત જો અનુવર્ત્તક ન હોય તો આપણું શાસન ખાડે ગયા વિના ન રહે.

સ. ગુરુપારતંત્ર્ય કેળવવા માટે શું કરવું?

ગુરુપારતંત્ર્ય કેળવવા માટે ગુરુને ગુરુ માનવાની જરૂર છે. જે પોતાની જાતને ગુરુ માને તે ગુરુપારતંત્ર્ય કેળવી ન શકે. આપણે ગુરુપારતંત્ર્ય કેળવીએ તો ગુરુ આપણું અનુશાસન કરે.

સ. ગુરુને વારંવાર પૂછ પૂછ કરીએ તો તેમના સ્વાધ્યાયનો વ્યાઘાત થાય.

તમારે એની ચિંતા કરવાની જરૂર નથી. તમારે ત્યાં ઘરાક વારંવાર ભાવ પૂછે તો કંટાળો આવે ખરો? તમારે ત્યાં જેમ પૈસાનો લોભ છે એમ અમારે ત્યાં પણ ગુરુને મોક્ષે જવાનો અને શિષ્યોને મોક્ષે પહોંચાડવાનો લોભ હોય તેથી કંટાળો આવવાનું કોઈ કારણ નથી. જે પોતાની નિશ્રામાં આવે તે મોક્ષે પહોંચે અને સંસારમાં ભટકે નહિ તેની કાળજી ગુરુએ રાખવાની હોય, તેથી તેમને કંટાળો આવે જ નહિ. ત્યાર બાદ ૧૧. ગંભીર જણાવ્યા છે. ગુરુ ગંભીર હોવા જોઈએ. ગમે તેટલા રોષનું કારણ હોય કે તોષનું કારણ હોય તોપણ તેમના હૈયાને કળી ન શકાય તેવી ગંભીરતા તેમની પાસે હોય. શિષ્યોના કે ભક્તવર્ગના અર્થાદ્ પોતાના નિશ્રાવર્ત્તીના અનેક દોષોને જાણવા છતાં તે બીજાની આગળ ન જણાવે. કોઈના પણ દોષોને ભંડારી રાખે. પણ કોઈની આગળ પ્રગટ ન કરે તેને ગંભીર કહેવાય. ત્યાર બાદ જણાવે છે કે ગુરુ ૧૨. અવિષાદી હોય. ગમે તેવા પરિષહાદિ આવે તોપણ કોઈ જાતની દીનતા ધારણ ન કરે તેવા અવિષાદી ગુરુ હોવા જોઈએ. શિષ્યવર્ગ કે શ્રાવકવર્ગ ગમે તેટલી મૂંઝવણમાં ગમે તે શંકા પૂછવા આવે તો જવાબ આપતા વિષાદ ન પામે એવા ગુરુ પાસે દીક્ષા લેવી. આપણે પૂછતી વખતે ઉદ્ધતાઈ કરીએ તેના કારણે ગુસ્સે થાય એવું બને, પરંતુ જિજ્ઞાસાભાવે પૂછનારને જવાબ આપતાં કંટાળે નહિ તેને અવિષાદી કહેવાય.

જેને તરવાનો ભાવ હોય તેને તારવા માટે આચાર્યભગવંતાદિ સમર્થ બને છે. જેને તરવાનો ભાવ નથી તેને તારવા માટે તીર્થંકરભગવંતાદિ પણ સમર્થ નથી. આથી જ પોતાની દેશનાથી કે પોતાના પ્રવર્ત્તનથી કોઈ જીવ પ્રતિબોધ ન પામે કે સુધરે નહિ તોપણ આચાર્ય ભગવંત જો વિષાદ થતો નથી. દસપૂર્વધર મહાત્માઓ અમોઘ દેશનાના ધણી હોય છે. તેમની પાસે એવી લબ્ધિ હોય છે કે તેમની દેશના નિષ્ફળ ન જાય. આમ છતાં ય જેઓને તરવાનો ભાવ હોય તેવાઓ માટે જ આ લબ્ધિ કામ કરે છે. જિનકલ્પી મહાત્માઓ કરતાં પણ આવા ચૌદપૂર્વધર કે દશપૂર્વધર મહાત્માઓ પોતાની

દેશના દ્વારા વધુ નિર્જરા સાધે છે. જિનકલ્પની આરાધના કઠોર છે એની ના નહિ પરંતુ એના કરતાં પણ વધારે નિર્જરા આવા સ્થવિરકલ્પીને થાય છે. કારણ કે માત્ર દુઃખ વેઠવાથી નિર્જરા નથી થતી, આજ્ઞા પાળવાથી નિર્જરા થાય છે. માત્ર પ્રવૃત્તિ જોઈને નિર્જરાનું માપ નથી કાઢવું પરિણામને નજર સામે રાખીને નિર્જરાનું માપ કાઢવું. આપણે પ્રવૃત્તિલક્ષી ધર્મ કરીએ છીએ, પરિણામલક્ષી ધર્મ તરફ નજર જ નથી માંડી.

ત્યાર બાદ જણાવે છે કે સામો માણસ ગમે તેટલો કષાયથી ધમધમતો હોય તોપણ તેને શાંત પાડી શકે એવી ૧૩. ઉપશમાદિ લબ્ધિવાળા ગુરુભગવંત હોય. ગુરુભગવંતનો તાપ પ્રખર હોય, પરંતુ સાથે સામાના ગુસ્સાને ઠારવા માટેનો ઉપશમભાવ પણ તેમની પાસે હોય. એક આંખમાં અંગારા અને બીજી આંખમાં કરુણા હોય તે ગુરુ થવા યોગ્ય છે. જેને ઠારતાં ન આવડે તેને તપાવવાનો અધિકાર નથી. સામા માણસના કષાય શાંત કરી શકે, તેની ઈચ્છાઓને દૂર કરી શકે એવો પ્રભાવ ગુરુનો હોય. સામા માણસને રાગના પાત્રથી પણ ખસેડી શકે અને દ્વેષના પાત્ર પ્રત્યે પણ શાંત બનાવી શકે તેને ઉપશમલબ્ધિવાળા કહેવાય. માત્ર ગુસ્સાને ટાળવાની અહીં વાત નથી, ઈચ્છાઓને પણ શાંત કરવાની વાત છે. ગમે તેટલા વિષય અને કષાયથી સંતપ્ત થયેલાને ઠારી શકે એવા ગુરુ જોઈએ. સુખનો રાગ પણ ગુરુ છોડાવે અને દુઃખનો દ્વેષ પણ છોડાવે. અવિષાદીપણામાં ગુરુ પોતે કષાય ન કરે, તે જણાવ્યું, હવે આ ગુણમાં ગુરુ શિષ્યના કષાયને દૂર કરે એ જણાવ્યું છે. શિષ્યને મોક્ષે પહોંચાડે તેવા ગુરુ જોઈએ, શિષ્યને દુર્ગતિમાં જવા દે એવા ગુરુ ન હોય. શિષ્યને સુખથી દૂર કરે અને દુઃખની પાસે જવાનું કહે ત્યારે શિષ્ય દલીલ કરે તો તેને શાસ્ત્રના અર્થ જણાવવા દ્વારા સમજાવવું એ માટે ૧૪. પ્રવચનાર્થવક્તા આ ગુણ જણાવ્યો છે. શાસ્ત્રના યથાસ્થિત અર્થને જણાવે તેને પ્રવચનાર્થવક્તા કહેવાય. શિષ્ય એમ કહે કે સહનશીલતાની પણ હદ હોય ને? તો તેને કહેવું કે ભગવાનને પણ અસહ્ય દુઃખો આવે છે તો આપણને આવાં દુઃખ આવે એમાં શી નવાઈ છે? પાપ આપણે અનહદ કર્યાં છે તો સહનશીલતાની હદ ક્યાંથી હોય? પહેલાં પાપની હદ આવે, પછી સહનશીલતાની હદ આવે પાપની ભયંકરતા સમજાવે, પ્રમાદની ભયંકરતા સમજાવે, આરાધનાની ઉપાદેયતા સમજાવે... એને પ્રવચનાર્થવક્તા કહેવાય. પ્રમાદ દૂર કરવો હોય તો મનને નવરું ન પાડવું. મનમાં એક પછી એક શુભ વિચારો કરતા રહીએ તો પ્રમાદ દૂર થઈ જાય. સુસ્તીનું આસન છોડી દે તો પ્રમાદ દૂર થાય. ઊંઘ આવે તો પ્રતિક્રમણ ઊભાં ઊભાં કરવું, બેઠાં બેઠાં ન કરવું. મૂળ તકલીફ તો એ છે કે 'પ્રમાદ દૂર કરવો છે' આ પરિણામ પેદા કરવા માટે પણ પ્રમાદ નડે છે.

અંતે જણાવે છે કે ૧૫. પોતાના ગુરુએ જેને ગુરુપદની અનુજ્ઞા આપી હોય એવાને ગુરુ કરવા. જે પોતાના ગુરુની રજા વિના, ગુરુની ઈચ્છા વિના પોતાની જાતે જ શિષ્ય બનાવે તેવાને ગુરુ ન કરાય. પોતે શિષ્યને તૈયાર કરે અને માત્ર ગુરુ પાસે હા પડાવે એ યોગ્ય ગુરુ નથી. જેને પોતાના ગુરુ પોતે કહે કે તારે શિષ્ય કરવાનો છે તે ગુરુ ગુરુપદ માટે યોગ્ય છે.

ધર્મની જરૂર આપણને આ સંસારથી તરવા માટે છે. તારક એવો ધર્મ જે બતાવે તેવા ગુરુ પાસે જવું છે. ધર્મનું સ્વરૂપ સમજાવવા પહેલાં ધર્મના સંસ્થાપક અને પ્રરૂપક એવા દેવ અને ગુરુનું સ્વરૂપ સમજાવ્યું છે. આપણે ધર્મ કરવો છે. પણ ધર્મના પ્રરૂપક કેવા છે એ નથી સમજવું ને? દેવ અને ગુરુનો પરિચય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી. અહીં ગુરુના જે પંદર ગુણો બતાવ્યા છે એવા ગુણોવાળા ગુરુ પાસે દીક્ષા લેવી છે. જે ગુરુ હશે તે ગમે તે ચાલશે, પરંતુ ગમે તેને ગુરુ માનવું યોગ્ય નથી. આપણે માત્ર વેષ જોઈને કે ઓઘો જોઈને ગુરુ માનવાનું કામ કરીએ ને? ડોક્ટરનો વેષ પહેર્યો હોય તેને ડોક્ટર માની લો કે તેની ડિગ્રી, તેનું જ્ઞાન, તેનો અનુભવ.. આ બધું જુઓ? તેવી રીતે અહીં પણ ગુરુનું જ્ઞાન જોવું છે, ગુરુની પ્રરૂપણા જોવી છે, ગુરુની તારકતા જોવી છે. સિદ્ધાચલજીના એકવીસ ખમાસમણાંમાં એવું આવે છે કે 'જેવો તેવો સંયમી ઈણ ગિરિએ પૂજનીક' એનો અર્થ કરતી વખતે આચાર્યભગવંતે જણાવ્યું હતું કે ગમે તેવા વેષધારી માટે આ વાત નથી. જેવોતેવો પણ સંયમી હોવો જોઈએ, વેષધારી નહિ. ઉત્તરગુણમાં ખામી હોય, આચારમાં શિથિલતા હોય તેને જેવો તેવો કહેવાય. મૂળગુણમાં કે પ્રરૂપણામાં ખામી ન હોય તેને સંયમી કહેવાય. શ્રી આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે જેઓ આચારમાં શિથિલ હોય તેમાં એક બાલતા-મૂર્ખતા છે, પરંતુ જેઓ પ્રરૂપણામાં પણ શિથિલ બને છે તેઓમાં **बिइया मंदस्स बालया** બીજી પણ મૂર્ખતા છે. આપણે એક મૂર્ખતા ટાળી ન શકીએ તોપણ બીજી મૂર્ખતાથી તો બચવું છે.

**સ.** જેઓ સાધુવેષ લઈને બેઠા છે તે અમારાથી તો ઊંચા કહેવાય ને?

આ વસ્તુ મગજમાંથી કાઢી નાંખો. માત્ર વેષ લેવાથી ઊંચા ન થવાય, વેષની સાથે પરિણામ પણ જોઈએ. તમે પગે ચાલીને ઈષ્ટ સ્થાને જતા હો અને બીજો કોઈ બ્રેક વગરની ગાડીમાં પૂરી ઝડપથી જતો હોય તો તે તમારા કરતાં સારો ને? તમે ચાર કલાકે પણ પહોંચો જ્યારે પેલો તો ઈષ્ટ સ્થાને પહોંચવા પહેલાં જ ઉપર પહોંચી જાય ને? તેમ જ ઉન્માર્ગગામી કે વેષધારી સાધુ છે તેઓ બ્રેક વગરની ગાડી જેવા છે. તેઓ પોતે

પણ દુર્ગતિમાં જાય અને તમારા જેવાને પણ દુર્ગતિમાં સાથે લઈ જાય. માટે આવો વિચાર ન કરતા. ગુરુ ગુરુ હોવા જોઈએ. હવે કોઈને શંકા હોય કે દીક્ષા લેનાર કે આપનારમાં થોડાઘણા ગુણો ઓછા હોય તો શું કરવું? આવી શંકાના નિરાકરણમાં દીક્ષા લેનાર અને આપનારની ત્રણ પ્રકારની યોગ્યતા જણાવે છે.

**पादार्द्धगुणहीनौ मध्यमावराविति ।।५।। (२३१)**

મુમુક્ષુ સોળ ગુણવાળો હોય અને ગુરુ પંદર ગુણવાળા હોય તો તે ઉત્કૃષ્ટ યોગ્યતા છે. તેમાંથી ત્રણ કે ચાર ગુણ (પા ભાગના) ઓછા હોય તેને મધ્યમ યોગ્યતા કહેવાય અને અડધા ગુણ ઓછા હોય એટલે કે સાત-આઠ ગુણો ઓછા હોય તેને જઘન્ય યોગ્યતા કહેવાય. આમાંથી આપણને કેવી યોગ્યતા ગમે? ઉત્કૃષ્ટ યોગ્યતા ને? બધાને ગુરુ ગૌતમસ્વામી જેવા જોઈએ છે પણ ગૌતમસ્વામી જેવા શિષ્ય કોઈને થવું નથી. આમે ય તમારા સંસારમાં પણ તમે સારામાં સારી વસ્તુ શોધવા નીકળો ને? આજે આપણને ગમે તેવું નભાવવાની વૃત્તિ છે તેના કારણે સંસાર છૂટતો નથી. વસ્તુ વિના ચલાવી લેવું પણ જેવી તેવી વસ્તુ નથી જોઈતી-આટલું નક્કી કરો તો સારી વસ્તુ હાથમાં આવશે. જે મળે તે ચલાવી લેવું તે સંતોષ નથી, જે છે એ છોડી દેવું છે અને નવું માંગવું નહિ એ ખરો સંતોષ છે.

ગ્રંથકારશ્રીએ દીક્ષા લેનાર અને દીક્ષા આપનાર બંન્નેના ગુણોમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટઃ એવી ત્રણ પ્રકારે યોગ્યતા જણાવી. હવે આ વિષયમાં જે દસ પ્રકારના મતાંતર છે તે અને ત્યાર બાદ ગ્રંથકારશ્રી સ્વમતને જણાવે છે.

**१ नियम एवायमिति वायुरिति ।।६ ।। (२३२)**

વાયુ નામના વાદી એમ કહે છે કે જે પરિપૂર્ણગુણવાળા હોય તે જ યોગ્ય છે, અર્ધ અથવા પા ભાગ જેટલી ઓછી યોગ્યતાવાળા નહિ. પરિપૂર્ણને જ યોગ્ય માનવાનો હેતુ જણાવતાં કહે છે કે-

**समग्रगुणसाध्यस्य तदर्द्धभावेऽपि तत्सिद्ध्यसम्भवादिति ।।७।। (२३३)**

વાયુ નામના વાદીનો આશય એ છે કે જે કાર્ય સંપૂર્ણ ગુણથી સિદ્ધ થાય એવું હોય તે અડધા ગુણથી સિદ્ધ ન થાય. જે વસ્તુ સો રૂપિયાથી મળે અવી હોય તે વસ્તુ નેવું કે પચાસ રૂપિયામાં ન મળે. જે કાર્ય દસ મિનિટમાં થવાનું હોય તે કાર્ય પાંચ મિનિટમાં ન થાય. શરીર ઉપર જો ગૂમડું થયું હોય તો આખા ગુમડા ઉપર પટ્ટી મારવી પડે, અડધા ઉપર પટ્ટી મારીને ન ચાલે ને? આ રીતે વાયુના સમર્થનમાં દલીલો સંભવી

શકે છે. કાર્યકારણની વ્યવસ્થા અટકી ન પડે એ માટે સંપૂર્ણગુણવાળાને યોગ્ય માનવો એવો પરવાદીનો આશય છે.

લૌકિક માર્ગમાં આપણને જે મળ્યું છે તે સારું નથી લાગતું, જે નથી મળ્યું તે જ સારું લાગ્યા કરે છે. આ ધર્મક્ષેત્ર જ એવું છે કે જે ધર્મ મળ્યો હોય તે સારો લાગ્યા કરે છે અને જે ધર્મ મેળવવાનો બાકી છે તે સારભૂત લાગતો નથી. સંસારમાં જે ખાઈએ છીએ, જે પીઈએ છીએ, જે ઘરમાં રહીએ છીએ, જે પાત્રોની સાથે રહીએ છીએ, તેના કરતાં બીજું જ સારું લાગ્યા કરે છે. કારણ કે આપણી પાસે જે છે તેનાથી જે સુખ મળે છે તેનાથી ચઢિયાતું સુખ, જે નથી મળી તેવી વસ્તુઓથી મળશે-એમ માની લીધું છે અને ધર્મમાર્ગમાં ગૃહસ્થપણાનો ધર્મ ગમે છે પણ જે સાધુપણું મળ્યું નથી તે સારું નથી લાગતું ને? એનું કારણ એક જ છે કે ગૃહસ્થપણાનો ધર્મ મોક્ષે પહોંચાડવા માટે સમર્થ નથી, સાધુપણું જ મોક્ષે પહોંચાડશેઃ આવું માન્યું નથી. જેને મોક્ષે જવું હોય તેને ગૃહસ્થપણાનો ધર્મ પાલવે એવો નથી. અહીં ઉપધાનમાં પણ પૌષધ કરવો ગમે, પણ સાધુ થવું ન ગમે ને?

સ. ઉપધાન પૂરા થયા પછી ઘરે જવાનું છે માટે પૌષધમાં આનંદ આવે છે.

આ આનંદ પૌષધનો નથી, ઘરે જવાનો છે. જેમાં પાછા ઘરે જવું પડે તે ધર્મ ન કહેવાય. જેમાં ઘર છૂટે તેને ધર્મ કહેવાય. સાધુપણામાં જ આનંદ છે માટે ગૃહસ્થના વિશેષ ધર્મ પછી યતિધર્મ સમજાવવાની શરૂઆત કરી. એમાં આપણે કાલે જોઈ ગયા કે ધર્મનું સ્વરૂપ સમજવા પહેલાં એ ધર્મના પ્રરૂપક અને સંસ્થાપકનું સ્વરૂપ સમજાવ્યું છે. જે સાધુ મોક્ષે પહોંચાડનાર ધર્મની વાત કરે એવા પાસે જ જવું છે. જે સાધુ ગૃહસ્થપણાનો ધર્મ જ સમજાવ્યા કરે તે સાધુપણા સુધી કઈ રીતે પહોંચાડી શકે? ઝવેરાતનો ધંધો કરનાર ચણામમરાની વાતો કરે- એ ચાલે? જ્યાં સુધી આ સંસારમાં પુણ્ય ગમે છે ત્યાં સુધી સાધુ થવાનું મન નહિ થાય. આ સંસારમાં પુણ્ય ગમે તેટલું ચઢિયાતું હોય તોપણ આપણને જે જોઈએ છે તે નહિ આપે. આપણને આ સંસારમાં જન્મમરણનાં દુઃખો દેખાતાં નથી માટે સુખ દેખાય છે. તમને કોઈ કહે કે બે દિવસમાં તમારું મૃત્યુ થવાનું છે તો તમને ખાવા પીવામાં કે બીજાં સુખો ભોગવવામાં આનંદ આવે ખરો? આ સંસારમાં કેટલું પુણ્ય હોય તો જન્મમરણ ન આવે? સૌથી ચઢિયાતું પુણ્ય તીર્થંકર પરમાત્માનું છે, અનુત્તર વિમાનવાસી દેવોનું છે છતાં તેમના પુણ્યની આજુબાજુમાં જન્મ અને મરણ પડેલાં જ છે. પુણ્ય પહેલાં જન્મ અને પુણ્ય પછી મરણ તો ચાલુ જ છે ને? જન્મમરણ પુણ્યથી નહિ ટળે, સાધુપણાથી જ ટળશે. આ સંસારમાં પુણ્ય ગમે

તેટલું હોય તોપણ તેનાથી સંસારની દુઃખમયતા ટળે એવી નથી. આ સંસાર નદીના કિનારે રહેલા કાદવ જેવો છે. કાદવમાં જે ખૂંચી ગયો હોય તે ન તો તીરે પહોંચી શકે અને ન તો નીરે (પાણીમાં) પહોંચી શકે. તેમ આપણે પણ સંસારમાં ય સુખ નથી પામી શકતા અને સાધુપણા સુધી પણ પહોંચી શકતા નથીઃ ખરું ને? તમને આ સંસારમાં જે પાત્રો મળ્યાં છે તે ભંગાર છે અને તેના કરતાં ચઢિયાતાં પાત્રો સંસારમાં પડ્યાં છે. જ્યારે અમને જે દેવગુરુધર્મ મળ્યા છે તે સૌથી ચઢિયાતા છે. તેથી તમારા કરતાં અમારું પુણ્ય ચઢિયાતું છે ને? ભંગારમાં ભંગાર વસ્તુ મળવા છતાં આનંદમાં કેવી રીતે રહેવું એ તમારી પાસેથી શીખવાજેવું છે. અમારા દેવગુરુધર્મ આ સંસારથી તારનારા છે અને તમારાં પાત્રો તમને સંસારમાં ડુબાડનારાં છેઃ એવું જે દિવસે લાગશે તે દિવસે સાધુ થવાનું મન થશે. ગૃહસ્થપણાનો ધર્મ કર્યા પછી પણ તેમાં આનંદ ન પામ્યા માટે સાધુપણું મળતું નથી. એક વાર નક્કી કરી લઈએ કે સંસારમાં સુખ જોઈતું નથી અને દુઃખ ગમે તેટલું આવશે તો ચાલશે, તો સાધુપણું સહેલું છે. જેને સુખ જોઈતું નથી તેના જેવું કોઈ સુખી નથી અને જેને દુઃખ ચાલે એવું છે તેને કોઈ દુઃખી બનાવી શકે એમ નથી.

**२. नैतदेवमिति वाल्मीकिरिति ।।८।। (२३४)**

ગુરુપદના જે પંદર ગુણો છે અને શિષ્યના જે સોળ ગુણો છે તેમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ કઈ રીતે પડે તે આપણે જોઈ ગયા. મુમુક્ષુ સંસારથી તરવાની ભાવનાવાળો હોવો જોઈએ અને ગુરુ સંસારતારક હોવા જોઈએ, પછી તેમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટના ભેદ વિચારવા. તેમાંથી વાયુ નામના વાદી પછી વાલ્મિકીનું કહેવું એવું છે કે સંપૂર્ણગુણવાળો જ યોગ્ય છે-એવું નથી. કારણ કે

**निर्गुणस्य कथञ्चित्तद्गुणभावोपपत्तेरिति ।।९।। (२३५)**

જે નિર્ગુણ હોય તેને પણ ક્યારેક તેવા ગુણોની પ્રાપ્તિ થઈ શકે છે. જેમ કોઈ દરિદ્ર હોય અને એની ભવિતવ્યતા સારી હોય તો તેને રાજ્યાદિની પ્રાપ્તિ થાય છે. મૂળભૂત ગુણોના અભાવમાં પણ તેના કારણભૂત ગુણને પ્રાપ્ત કરીને મૂળભૂત ગુણો પ્રાપ્ત કરી શકાય છેઃ આ પ્રમાણે વાલ્મીકિ ઋષિનો આશય છે.

**३. अकारणमेतदिति व्यास इति ।।१०।। (२३६)**

હવે વ્યાસઋષિ વાલ્મીકિની વાતનું નિરાકરણ કરતાં જણાવે છે કે વાલ્મીકિએ કહેલું નિરર્થક છે. કારણ કે

**गुणमात्रासिद्धौ गुणान्तरभाव(स्य) नियमा(द)भावादिति ।।११।। (२३७)**

વ્યાસઋષિનું કહેવું એવું છે કે સ્વાભાવિક એવા સામાન્ય પણ ગુણનો અભાવ હોય તો અન્ય ગુણની પ્રાપ્તિ (વિશેષ ગુણની પ્રાપ્તિ) કોઈ પણ રીતે સંભવિત નથી. કારણ કે કોઈ પણ કાર્યનો વ્યવહાર કારણને અનુરૂપ હોય છે. અન્યથા દુનિયામાં કાર્યકારણનો વ્યવહાર જ નહિ ઘટે. તમારે ત્યાં જેમ પૈસો પૈસાને ખેંચે તેમ અમારે ત્યાં એક ગુણ બીજા ગુણને ખેંચી લાવે છે. જે એકનું કારણ હોય તે બીજાનું કારણ ન હોય. જે ઘટનું કારણ હોય તે (માટી) પટનું કારણ ન હોય.એ જ રીતે જેનાથી એક કાર્ય થતું હોય તેનાથી બીજાું કાર્ય ન થાય.

**૪. नैतदेवमिति सम्राडिति ।।१२।। (२३८)**

સમ્રાટ નામના રાજર્ષિ કે જેઓ પહેલા રાજા હતા અને પાછળથી ઋષિ થયેલા તેઓ જણાવે છે કે વ્યાસે કહેલી વાત પણ બરાબર નથી. કારણ કે

**सम्भवादेव श्रेयस्त्वसिद्धेरिति ।।१३।। (२३९)**

સમ્રાટ રાજર્ષિનું માનવું એવું છે કે ગુણમાત્રની પ્રાપ્તિ થયા પછી પણ વિવક્ષિત કાર્યની યોગ્યતા ન હોય તો શ્રેયની પ્રાપ્તિ થતી નથી. યોગ્ય જીવો જ ફળપ્રાપ્તિના અધિકારી છે. અનધિકારીને કોઈ ફળની પ્રાપ્તિ થતી નથી.

**૫. यत्किञ्चिदेतदिति नारद इति ।।१४।। (२४०)**

સમ્રાટ રાજર્ષિએ કહેલું અકિંચિત્કર છે એમ નારદઋષિ જણાવે છે. કારણ કે

**गुणमात्राद् गुणान्तरभावेऽप्युत्कर्षायोगादिति ।।१५।। (२४१)**

યોગ્યતામાત્ર સ્વરૂપ ગુણને લઈને ગુણાન્તરની પ્રાપ્તિ કદાચ થઈ જાય તોપણ તેમાં ઉત્કર્ષનો યોગ થતો નથી. જો સામાન્ય યોગ્યતાથી જ ઉત્કર્ષની પ્રાપ્તિ થતી હોય તો દરેક જીવમાં સામાન્ય યોગ્યતા તો હોય જ છે તેથી બધાને ઉત્કર્ષની પ્રાપ્તિ માનવી પડશે. તેથી નક્કી છે કે વિશિષ્ટ એવી યોગ્યતા જ ગુણના ઉત્કર્ષને સાધી આપનારી છે.

આપણે દીક્ષા લેવી હોય તો આપણી યોગ્યતા તો પ્રગટાવવી જ છે સાથે જેની પાસે દીક્ષા લેવાની છે તે પાત્ર પણ યોગ્ય જ શોધવું છે. આપણે યોગ્ય હોવા છતાં જો અયોગ્ય પાત્ર ભટકાય તો આપણી પ્રગટેલી યોગ્યતા પણ નાશ પામ્યા વિના ન રહે. એમાં આપણે છેલ્લે જોઈ ગયા કે ગુણનો ઉત્કર્ષ વિશિષ્ટ યોગ્યતા વિના પ્રાપ્ત થતો નથી. આપણને ધર્મ ઉત્કૃષ્ટ જોઈએ છે, જઘન્ય જોઈએ છે કે જોઈતો જ નથી? લગભગ આપણો નંબર છેલ્લામાં જ આવે ને? જો ઉત્કૃષ્ટ ધર્મ જોઈતો હોય તો સાધુ થવું પડશે–

કારણ કે ઉત્કૃષ્ટ ધર્મ સાધુપણાનો જ છે. માત્ર સાધુપણાનો ભાવ રાખીને નહિ ચાલે, ભાવથી સાધુપણું પણ લેવું પડશે. આજે તો શત્રુંજયની ભાવયાત્રા શરૂ કરી છે. છ ગાઉની ભાવયાત્રા પોતાના ગામમાં કરાવે અને દહી ઢેબરાના પાલ દ્રવ્યથી રાખે! આપણે કહેવું પડે કે જો ભાવયાત્રા જ કરવી હતી તો સાથે ભાવજમણ જ રાખવું હતું, દ્રવ્યજમણ શા માટે રાખવું? ભાવજમણ ન ચાલે, ભાવધંધો ન ચાલે અને ભાવયાત્રા કે ભાવપ્રતિક્રમણ ચાલે ને?! આપણે ભાવયાત્રા નથી કરવી, યાત્રા ભાવથી કરવી છે. સ્તવનમાં પણ શું બોલો? યાત્રા કરી શુભ ભાવે... યાત્રા કરવી નહિ અને માત્ર ભાવના ભાવવી એવી વાત નથી. ભાવયાત્રા નહિ, યાત્રા ભાવથી કરવી છે. દ્રવ્યને બાજુ પર મૂકે તે ભાવયાત્રા અને દ્રવ્યને સાથે રાખીને ભાવ લાવવો તે ભાવપૂર્વકની યાત્રા. દ્રવ્ય પ્રત્યે જેને નફરત હોય તેને ભાવ પ્રાપ્ત ન થાય. દ્રવ્યના પાલનનો ભાવ એ જ ભાવ છે. વાપરવાની ક્રિયા કરે અને રાગ નથી એમ બોલે એ ન ચાલે. જો મિષ્ટાન્ન કે વિગઈઓનો રાગ ન હોય તો તે વાપરવાં શા માટે? રાગ વગર ખાવાની વાત આપણે ત્યાં ન આવે. ખાધા વગર ચાલે એવું ન હોય ત્યારે રાગ ન કરવો-એટલું જ જણાવવાનું તાત્પર્ય છે. શ્રી યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મસારમાં કહ્યું છે કે જેઓ વિષયનો ત્યાગ કર્યા વિના વૈરાગ્યને ઈચ્છે છે તેઓ અપથ્યનો ત્યાગ કર્યા વિના રોગને ટાળવા ઈચ્છે છે.

નારદઋષિએ કહ્યું કે ઉત્કર્ષ માટે વિશિષ્ટ યોગ્યતા જોઈએ છે. ત્યારે વસુઋષિ કહે છે -

**૬. सोऽप्येवमेव भवतीति वसुरिति ।।१६।। (२४२)**

વસુનું કહેવું એવું છે કે ઉત્કર્ષની પ્રાપ્તિ પણ કાળક્રમે એકાએક થઈ જાય છે. તેથી તેના માટે વિશિષ્ટ ગુણની જરૂર નથી. સામાન્યગુણો જ બીજરૂપ હોવાથી ઉત્કર્ષરૂપ ફળ આપશે-આ મત વ્યાસઋષિને મળતો આવે છે. હવે ક્ષીરકદંબકઋષિ કહે છે-

**૭. अयुक्तं कार्षापणधनस्य तदन्यविढपनेऽपि कोटिव्यवहारारोपणमिति क्षीरकदम्बक इति ।।१७।। (२४३)**

ક્ષીરકદંબક નામના ઋષિ કહે છે કે એક કોડી પૈસાનું ધન હોય તો તેનાથી કરોડોનો વ્યાપાર ન થાય. તમારી પાસે એક પૈસાની મૂડી હોય અને એ ધંધામાં રોકો તો કરોડોની કમાણી થઈ શકે ખરી? જેટલી યોગ્યતા હોય તેટલું જ ફળ મળે આ પ્રમાણે ક્ષીરકદંબક કહે છે.

**૮. न दोषो योग्यतायामिति विश्व इति ।।१८।। (२४४)**

વિશ્વઋષિનું કહેવું એવું છે કે જો આપણી પાસે યોગ્યતા હોય તો તેમાં કોઈ દોષ નથી. એટલે કે જે યોગ્ય હોય તે શૂન્યમાંથી પણ સર્જન કરી શકે છે. તેથી યોગ્યતા હોય તો બીજા ગુણો ઓછાવધતા હોય તો ચાલશે એવું વિશ્વનું માનવું છે. પરંતુ એ બરાબર નથી. આપણામાં જે અંગ ખૂટે તેના વિના ચલાવવું નથી, તે મેળવવા માટે, પૂરવા માટે મહેનત કરવી છે.

**९. अन्यतरवैकल्येऽपि गुणबाहुल्यमेव सा तत्त्वत इति सुरगुरुरिति ।।१९।। (२४५)**

સુરગુરુ એમ કહે છે કે યોગ્યતા એ શું ચીજ છે-તે વિચારવું જોઈએ. ગુણ પરિપૂર્ણ હોય તેને યોગ્યતા કહેવાય કે વિકલતામાં પણ યોગ્યતા છે? ઘડો બનાવવા માટે માટીમાં યોગ્યતા છે કે સામગ્રી ભેગી હોય તો યોગ્યતા મનાય છે? શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો મૂલભૂત યોગ્યતા સ્વરૂપયોગ્યતા રૂપ છે. અને સામગ્રીના સમવધાન(હાજરી)માં જે યોગ્યતા છે તે ફલોપધાયક યોગ્યતા છે. આ બેમાંથી કઈ યોગ્યતા માનવી આવી શંકા હોય તો સુરગુરુને એવું કહેવું છે કે સામગ્રીની વિકલતામાં પણ ગુણોની બહુલતા હોય તો જ કાર્યની નિષ્પત્તિ થાય. સામગ્રી નકામી છે અને યોગ્યતા કામની છે એવું નથી, યોગ્યતાની સાથે સામગ્રી પણ જોઈશે જ. આપણી પાસે માટી, ચક્ર વગેરે હોવા છતાં કુંભાર પોતે હાજર ન હોય તો ઘડો ન થાય. તેથી એકાદ ગુણની ખામી હોય તોપણ જો ઉપયોગી સામગ્રી ભેગી થઈ હોય તો જ કાર્ય થાય. વસ્તુતઃ ગુણોની બહુલતા એ જ યોગ્યતા છે, સામગ્રી પરિપૂર્ણ હોય કે વિકલ હોય તેની ચિંતા ન કરવી. આ સુરગુરુની માન્યતા છે. છેલ્લા વાદી કહે છે:

**१०. सर्वमुपपन्नमिति सिद्धसेन इति ।।२०।। (२४६)**

સિદ્ધસેન નામના વાદી કહે છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષઃ આ ચારમાંથી જે-નાથી જે કાર્ય ઘટતું હોય તેને તે કાર્ય માટે યોગ્ય સમજવું. કાર્યની ઉપપત્તિ-સંગતિ જેનાથી થાય તેમાં યોગ્યતા છે-એમ સમજવું. ધર્મ વગેરે ચારમાંથી અર્થ અને કામ ભાગ્યથી સાધ્ય છે અને ધર્મ તથા મોક્ષ પુરુષાર્થથી સાધ્ય છે. આપણે તો ઊંધું માનીએ છીએ ને? અર્થકામમાં પુરુષાર્થ કરીએ છીએ અને ધર્મ-મોક્ષ માટે ભાગ્યની રાહ જોઈને બેઠા છીએ ને ? દીક્ષા લેવા પુરુષાર્થ ન કરે અને પાછા કહે કે આપણા નસીબમાં નથી. અર્થ અને કામ નસીબથી સાધ્ય હોવા છતાં તેને માટે જેટલો પુરુષાર્થ કર્યો છે તેટલો જો ધર્મ-મોક્ષ માટે કર્યો હોત તો આપણા ધર્મથી આપણને મોક્ષ મળ્યા વિના ન રહ્યો હોત. આ રીતે દસ વાદીઓની વાત પૂરી કરી. હવે ગ્રંથકારશ્રી પોતે જણાવેલ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદનું સમર્થન કરીને પોતાની માન્યતા સ્પષ્ટ કરે છે:

**भवन्ति त्वल्पा अपि असाधारणगुणाः कल्याणोत्कर्षसाधका इति ।।२१।। (२४७)**

ગ્રંથકારશ્રી જણાવે છે કે અલ્પ પણ ગુણો જો અસાધારણ કોટિના હોય તો તે ઉત્કૃષ્ટ એવા કલ્યાણને સાધી આપે છે. વસ્તુ નાની હોય પણ તે પાવરવાળી હોય તો તે અસાધારણ એવા ફળનું કારણ બને છે. દવાની ગોળીઓ નાની પણ હોય છતાં તે અસરકારક હોય ને? આપણે જે ક્રિયાઓ કરીએ તે જો સમ્યક્ત્વપૂર્વકની હોય તો તે અલ્પ કાળમાં આપણા કલ્યાણને-મોક્ષને સાધી આપે છે. નાની પણ ક્રિયા મોટા ગુણનું કારણ બને છે. શ્રી નાગકેતુએ પુષ્પપૂજા કરી ત્યારે તેમાં રહેલો દૃષ્ટિવિષ સર્પ કરડ્યો-એ સમતાથી સહન કર્યું અને ભાવારૂઢ થયા તો કેવળજ્ઞાન પામ્યા. આપણે લાખો ફુલની આંગી બનાવીએ છતાં કેવળજ્ઞાન ન પામીએ ને? કારણ કે આપણી પાસે અસાધારણ ગુણ નથી. બીજા વાદીઓએ યોગ્યતાની વાત કરી હતી પરંતુ અસાધારણ યોગ્યતાની વાત કરી ન હતી. તેટલી ખામી ગ્રંથકારશ્રીએ પૂરી કરી આપી. ઢગલા બંધ ગુણો હોય પણ તેમાં અસાધારણ ગુણ ન હોય તો તેની કિંમત નથી. અને અસાધારણ એવો એક પણ ગુણ હોય તો કાળક્રમે પણ ફળને પામી શકાય છે. ગોશાળાએ ભગવાનની આશાતના કરી, છતાં અંતે પશ્ચાત્તાપ કર્યો તો સમ્યક્ત્વસ્વરૂપ અસાધારણગુણ પામી ગયા જેના પ્રભાવે અર્ધપુદ્ગલપરાવર્તકાળમાં મોક્ષે જશે. જ્યારે અભવ્ય વગેરે ભગવાનની ઘણી આજ્ઞા પાળે છે, નિરતિચાર ચારિત્રનું પાલન કરે છે છતાં સમ્યક્ત્વસ્વરૂપ અસાધારણ ગુણ ન હોવાથી મોક્ષરૂપ ફળને પામી શકતા નથી. તેથી ગ્રંથકારે જે પા ભાગ થી ન્યૂન કે અડધા ગુણોથી પણ યોગ્યતાની વાત કરી હતી તે અસાધારણ ગુણને આશ્રયીને કરી છે. અડધા ગુણો ઓછા હોય તોપણ જે છે તે ગુણો અસાધારણ હોય તો તેને પણ કાલાન્તરે ફળ પ્રાપ્ત થાય છે, માટે તે યોગ્ય છે. આ રીતે યોગ્યતાની વાત પૂરી કરી. જો હવે આપણામાં યોગ્યતા પૂરવાર થઈ હોય તો દીક્ષા લેવા તૈયાર થવું છે તેથી હવે દીક્ષા આપવાનો વિધિ જણાવે છે.

**उपस्थितस्य प्रश्नाचारकथनपरीक्षादिर्विधिरिति ।।२२।। (२४८)**

દીક્ષા આપવાના વિધિમાં સૌથી પ્રથમ જણાવ્યું છે કે દીક્ષા લેનાર મુમુક્ષુ પોતે પોતાની મેળે જ દીક્ષા લેવા આવેલો હોવો જોઈએ, સાધુસાધ્વીએ બોલાવેલ નહિ. આજે તો સાધુસાધ્વી વહોરવા જાય તો 'બાબા બેબીને ભણવા મોકલજો' એમ કહેતા આવે-અને પછી ધીમે ધીમે મુમુક્ષુને દીક્ષા માટે તૈયાર કરે. જેને બોલાવ્યો હોય તેની પ્રશ્નાચારકથા પરીક્ષા કરવાની જરૂર નથી. જે પોતાની મેળે આવેલો હોય તેની પ્રશ્નપરીક્ષા કરવાની.

'ઉપસ્થિત'નો અર્થ આપણે 'હાજર' કરીને બેસીએ તે માટે ટીકામાં ચોખ્ખું લખેલું છે કે પોતાની મેળે દીક્ષા લેવા આવેલો. જેને આપણે બોલાવ્યો હોય તેની રાતદિવસ પલોજણ આપણે કરવી પડે. જ્યારે પોતાની મેળે જે આવ્યો હોય તેને ભગવાનના માર્ગે વાળવાનું કામ સહેલું છે. જેને બોલાવ્યો હોય તેને માઠું ન લાગે તેનું. ધ્યાન રાખવું પડે, તેની કાળજી રાખવા માટે આપણું જતું કરવું પડે. એનું મોઢું જોઈ જોઈને તેને માર્ગ બતાવવો પડે. તેનું મોઢું પડી ન જાય તે માટે માર્ગમાં બાંધછોડ કરવી પડે. આવું ન બને તે માટે મુમુક્ષુ ઉપસ્થિત હોવો જોઈએ, ઉપસ્થાપિત નહિ. ઉપસ્થાપિતને માર્ગે ચલાવવાનું કામ કપરું છે, ઉપસ્થિતને રોકટોક વિના માર્ગે ચલાવી શકાય. આચાર્યભગવન્તની વાણી શ્રોતાઓના હૈયાને વીંધે એવી હોવી જોઈએ. હૈયું કોનું વીંધી શકાય? જે જાતે સાંભળવા આવ્યો હોય. તેનું જ ને? સોનાર પણ કાન વીંધે તો કોના વીંધે? જે તેની પાસે કાન વીંધવા આવ્યા હોય તેના જ ને? તેમ મુમુક્ષુ સામેથી બોલાવેલો નહિ, સામેથી આવેલો હોવો જોઈએ.

સ. સાધુસાધ્વી પ્રેરણા તો કરે ને?

વ્યાખ્યાન-વાચના આપે તેનું જ નામ પ્રેરણા. આમાં બીજી કોઈ પ્રેરણા આપવાની જરૂર જ નથી. તમારે ત્યાં પરણવા માટે, કમાવા માટે કે ખાવા માટેની પ્રેરણા કરવી પડે છે ખરી? તો ધર્મની પ્રેરણા શા માટે કરવી પડે? જ્યાં અર્થીપણું હોય ત્યાં પ્રેરણાની જરૂર નથી પડતી. અર્થીપણું પેદા કરવા માટે વ્યાખ્યાન અને વાચના રાખેલા છે. ઉપધાન વગેરે પ્રસંગોમાં પણ બોલાવી બોલાવીને બેસાડ્યા હોય તેની પાછળ આખો દિવસ પડવું પડે. જેઓ પોતાની મેળે આવ્યા હોય તેની કોઈ ચિંતા આપણે કરવાની ન રહે. હવે જે ઉપસ્થિત એવો મુમુક્ષુ હોય તેને સૌથી પહેલાં પ્રશ્ન પૂછવો કે તું કોણ છે? શા માટે દીક્ષા લેવા આવ્યો છે? ત્યાર બાદ તેને સાધ્વાચારનું કથન કરવું અર્થાદ્ દીક્ષાની દુષ્કરતા જણાવવી. અને ત્યાર બાદ તેની યોગ્યતાની પરીક્ષા કરવી. તમારે ત્યાં પણ ધંધામાં માલ લેવા આવે તો પહેલાં પ્રશ્ન પૂછો કે કપડું શેને માટે જોઈએ છે, ત્યાર બાદ તે કપડાની વિશેષતાનું કથન કરો અને ઘરાક ઉધાર લેવાની વાત કરે તો તેની પરીક્ષા કરો ને? તે જ રીતે પરણવા માટે પણ આ જ વિધિ છે ને? પહેલાં છોકરીને પ્રશ્ન પૂછો, પછી તેમાં પાસ થાય તો પોતાના ઘરના આચાર જણાવે અને છોકરીએ જે કહ્યું છે તે આવડે છે કે નહિ તેની પરીક્ષા કરો ને? તેમ દીક્ષા લેવા આવનારને પણ પ્રશ્ન પૂછવો, આચાર કહેવો, પરીક્ષા કરવી અને આદિ પદથી તેને સામાયિકાદિ સૂત્રો આપવાનાં. આપણે જેવી રીતે સૂત્ર બોલીએ એ જ રીતે સૂત્ર બોલે તો તેની આજ્ઞાંકિતતાની ખાતરી થાય. જે, સૂત્ર પણ આપણા કહ્યાં પ્રમાણે ન બોલે તે આપણું કહ્યું કઈ રીતે માનશે?

આ રીતે જ્ઞાન આપ્યા બાદ અર્થાદ્ ગ્રહણશિક્ષા બાદ આસેવનશિક્ષા આપવી. એટલે કે ખમાસમણું કઈ રીતે સત્તર સંડાસાપૂર્વક આપવું, મુહપત્તી વગેરે બોલપૂર્વક કઈ રીતે પડિલેહવી-આ બધું શીખવવું. દીક્ષા આપવા પહેલાનો આ પૂર્વસૂચિત વિધિ છે. તેમાં સૌથી પહેલાં પ્રશ્ન પૂછીએ કે તું કોણ છે અને કેમ દીક્ષા લેવા આવ્યો છે? ત્યારે પેલો મુમુક્ષુ એમ કહે કે હું અમુક નગર અને અમુક ક્ષેત્રમાં ઉત્પન્ન થયો છું. અને દીક્ષા લેવા કેમ આવ્યો છે એના જવાબમાં એમ કહે કે આ સંસારમાં બધા અશુભના સેવનથી ઉત્પન્ન થયેલ ભવરૂપી વ્યાધિના ક્ષય માટે દીક્ષા લેવા આવ્યો છું, તો તેને પ્રશ્નશુદ્ધ માનવો. આ સંસાર એ રોગ છે અને આ રોગ અઢાર પાપસ્થાનકરૂપ અપથ્યના સેવનથી ઉત્પન્ન થયેલો છે. આથી આ વ્યાધિના નાશ માટે સૌથી પહેલાં પાપસ્વરૂપ અપથ્યનો ત્યાગ કરી પછી સંયમસ્વરૂપ ઔષધનું સેવન કરવાનું છે. આ સંસાર એ રોગ છે એવું લાગે છે? કે સંસારમાં આનંદ આવે છે? સંસારમાં સુખની આશાથી બેઠા હોવા છતાં આ સંસારમાં કોઈ સુખી નથી.આપણને જે જોઈએ છે તે મળી ગયું છે કે જે છે એમાં સંતોષ માનીને બેઠા છીએ? તીર્થંકરના આત્માઓ પણ જન્મથી જ નહિ, પરંતુ ગર્ભથી વિરાગી-ચારિત્રના અભિલાષી હોવા છતાં તેમને ત્ર્યાશી લાખપૂર્વ સુધી દીક્ષા મળી ન હતી. જેને જે જોઈએ તે ન મળે તેના જેવું બીજું એકે દુઃખ નથી. આ દુઃખના કારણે જ સંસાર એ રોગ છે અને તેના ક્ષય માટે દીક્ષા લેવાની છે.

પોતાની મેળે દીક્ષા લેવા આવેલા મુમુક્ષુને માત્ર બે જ પ્રશ્ન પૂછવાનું જણાવ્યું છે કે 'તું કોણ છે અર્થાદ્ કોનો દીકરો છે અને કયા કારણસર દીક્ષા લેવા આવ્યો છે?' તેના જવાબમાં પેલો કુલીન છે એવું જણાય તો જ તેને દીક્ષા આપવી. દીક્ષા આપતી વખતે તેના કુળની ખાનદાની જોવી જરૂરી છે. આજે અમે ખાનદાની ન જોવાના કારણે અયોગ્ય જીવોને દીક્ષા આપીને પસ્તાઈએ છીએ. ખાનદાન તેને કહેવાય કે જેને ભૂલ બતાવીએ તો તેનું મોઢું નીચું થાય અને પગમાં પડીને કહે કે 'હવે આવું બીજી વાર નહિ કરું.' જે ખાનદાન હોય તે ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ પણ પ્રાણાન્તે કરે. પ્રાણ જશે પણ બોલેલા વચનમાં ફેરફાર નહિ થાય-આવો પરિણામ જેનો હોય તેને ખાનદાન કહેવાય. બોલીને ફરી જાય એવા માણસનું ચારિત્રમાં કામ નથી. જે ઉચ્ચ કુળના હોય તેઓને ચારિત્ર લીધા પછી ઘરે જવાનું મન થાય તોપણ તેઓ લજ્જા કે દાક્ષિણ્યના કારણે પ્રતિજ્ઞાનું પાલન કરે છે. તમે ક્ષુલ્લક સાધુની વાત સાંભળી છે ને? આઠમા વર્ષે દીક્ષા લીધા પછી બાર વર્ષ દીક્ષા પાળી પરંતુ વીસમા વર્ષે ઘરે જવાની ઈચ્છા થવાથી માતા સાધ્વીને પૂછવા ગયા. માતાએ કહ્યું 'તારી ઈચ્છાથી બાર વરસ પાળી, હવે મારી ખાતર બાર વર્ષ રહી જા.' તેથી માતાના દાક્ષિણ્ય ખાતર બાર વર્ષ રહી ગયા. ફરી રજા માંગવા

ગયા તો માતાએ પ્રવર્તિનીને પૂછીને જવા કહ્યું. પ્રવર્તિનીએ પણ બાર વર્ષ રહેવા કહ્યું. આ જ ક્રમે ઉપાધ્યાય અને આચાર્યભગવંતના કહેવાથી બાર-બાર વર્ષ કાઢ્યાં. આમ છતાં અડસઠ વર્ષે ઘરે જવા તૈયાર થયા. પરંતુ આ દાક્ષિણ્યના પ્રભાવે રાજાને ત્યાં વેશ્યાના ગીતથી ફરીથી પ્રતિબોધ પામી સ્થિર થયા. માટે કુળની ખાનદાની જોયા વિના દીક્ષા ન આપવી. પહેલા પ્રશ્નથી ખાનદાનીનો ખ્યાલ આવે અને બીજા પ્રશ્નથી જ્ઞાનનો ખ્યાલ આવે. દીક્ષા ભવવ્યાધિના ક્ષય માટે લેવાની છેઃ આટલું જ્ઞાન હોય તે પ્રશ્નશુદ્ધ મુમુક્ષુ છે. આ જ્ઞાન હૈયાનું જોઈએ, માત્ર સાંભળીને પઢાવેલા પોપટની જેમ બોલે તેની વાત નથી. આ તો અમને પૂછે કે દીક્ષામાં ઓછામાં ઓછું કેટલું જરૂરી છે? આપણે કહેવું પડે કે ઓછાવધતાનો સવાલ નથી, ભગવાને કીધું છે એ બધું પાળવું પડશે. લીધેલી પ્રતિજ્ઞામાં બાંધછોડ નહિ કરાય. દુઃખ જાય કે ન જાય ભવરોગ જવો જ જોઈએ-આટલી તૈયારી હોય તેને દીક્ષા અપાય.

ત્યાર બાદ આચારકથન કરવું. આજે અમે તો અમારા મુમુક્ષુને દીક્ષામાં સુખ છે અને સંસાર જેટલું દુઃખ નથી એવું સમજાવીએ. સાધ્વીજી મહારાજ છોકરીઓને સમજાવે કે સંસારમાં તો પરણીને સાસરે જવાનું, સાસુ-નણંદ વગેરેનું વેઠવાનું, ગર્ભની પીડા ભોગવવાની, દીક્ષામાં તો આમાંનું એકે દુઃખ નહિ, ખાવા-પીવાની કે રાંધવા-કમાવાની ચિંતા નહિ... આવું કહેવું એ સાધ્વાચારકથન નથી.

સ. તો શું સમજાવવું? દીક્ષામાં સુખ તો છે ને?

દીક્ષામાં જે સુખ છે તે ઈચ્છાના અભાવનું સુખ છે, અનુકૂળતાનું નહિ. આથી મુમુક્ષુને સમજાવવું કે **परस्पृहा महादुःखं निस्पृहत्वं महासुखम्।** ઈચ્છા એ જ મહાદુઃખ છે અને ઈચ્છા મૂકી દેવી-એમાં સુખ છે. સાધુપણામાં કોઈ વસ્તુની જરૂર પડતી નથી, જેની જરૂર છે એ ઉપધિ તો પહેલા જ દિવસે છાબમાં આપી દીધી છે. આ રીતે વસ્તુની જરૂર ન હોવાથી જ સાધુને ઈચ્છા નથી હોતી. સંસારમાં ડગલે ને પગલે વસ્તુની જરૂર પડે છે. આથી સંસારમાં ઈચ્છા ઊભીને ઊભી જ રહે છે, તેનો અંત આવતો નથી. માટે સંસારમાં ઈચ્છાનું દુઃખ છે અને સાધુપણામાં આ દુઃખ નથી. એ જ મોટું સુખ છે... આવું એને સમજાવવું. મુમુક્ષુને સાધ્વાચારનું કથન કેવી રીતે કરવું-એ ગ્રંથકાર પોતે જણાવે છે. સાધુપણામાં ઈચ્છા જાગે તો સાધુપણાનો અંત આવી જાય. આપણે શરૂઆત જ ખોટી કરી છે તો તેનું ફળ પણ ખોટું જ મળવાનું. અહીં જણાવે છે કે આ પ્રવ્રજ્યા કાયર પુરુષો માટે દુરનુચર છે. દીક્ષા સહેલી છે એમ કહીને દીક્ષા ન આપવી, દીક્ષાની દુષ્કરતા સમજાવીને પછી દીક્ષા આપવી. આપણે કાયર છીએ કે સત્ત્વશાળી છીએ? આપણને ધર્મ કરતાં ડર લાગે કે પાપ કરતાં ડર લાગે

છે? મોટા ભાગે ધર્મ કરતાં ડર લાગે છે, પાપ કરતાં બિલકુલ ડર નથી લાગતોઃ ખરું ને? ત્રણ કાળ ખાતાં ડર લાગે કે ઉપવાસ કરતાં ડર લાગે? વિકથા કરતાં ડર લાગે કે સ્વાધ્યાય કરતાં ડર લાગે? આ તો પાછા કહે કે ઉપવાસ કરું, આયંબિલ કરું તો પિત્ત થાય છે. આયુર્વેદ કહે છે કે ખાધેલું પચે નહિ તો શરીરમાં કોઈ પણ રોગ ઉત્પન્ન થાય છે. આમ છતાં તપના કારણે અશક્તિ લાગે છે-ઈત્યાદિ બોલીએ તો માનવું પડે ને કે ધર્મ કરતાં ડર લાગે છે. જેને ધર્મ કરતાં ડર લાગે તે કાયર છે જેને પાપ કરતાં ડર લાગે તે સત્ત્વશાળી છે, જેઓ દુઃખથી ગભરાય તેના માટે દીક્ષા આકરી છે. કાયર પુરુષ કોને કહેવાય તે માટે અહીં જણાવ્યું છે કે જેઓ આરંભમાં પ્રવૃત્ત છે, હિંસાદિમાં રત છે તેઓ કાયર છે. જે સત્ત્વશાળી મહાત્મા હોય તેઓ હિંસાદિ આરંભથી નિવૃત્ત થાય છે, તેમના માટે દીક્ષા એ તો આ ભવમાં અને પર ભવમાં પરમ કલ્યાણનું કારણ છે. દુઃખના ડરના કારણે કાયરતા આવે છે. કાયર માટે દીક્ષા દુષ્કર છે-એવું જાણ્યા પછી આપણે દીક્ષાને દૂર કરવા પ્રયત્ન કરીએ કે કાયરતાને? કાયરતા દૂર કરવા દુઃખનો ડર કાઢવો પડશે. જે દુઃખનો ડર કાઢે તે દીક્ષા માટે યોગ્ય છે. દીક્ષા લીધા પછી ભગવાનની આજ્ઞા સારી રીતે આરાધવામાં આવે તો જ તે મોક્ષનું કારણ બને છે. બાકી જો દીક્ષા લીધા પછી ચારિત્રની વિરાધના કરીએ તો એ જ દીક્ષા સંસારરૂપ દુઃખને આપનારી છે. જેઓ આજ્ઞાની વિરાધના કરે તેઓ દીક્ષા પાળીને પણ દુર્ગતિમાં જાય છે. તમે સંસારમાં માબાપ વગેરેનું ન માનો તો તે કદાચ ઘરમાંથી કાઢી મૂકશે કે તમારી સાથે કોઈ વ્યવહાર નહિ રાખે-એટલું જ. જ્યારે ભગવાનું ન માનો તો નરકાદિ ગતિમાં જવું પડે છે. આમ છતાં પણ ઘણાના મનમાં એવી શંકા હોય છે કે સાવ ન કરીએ એના કરતાં આવી પણ દીક્ષા લીધેલી સારી ને? બીજું કશું નહિ તોપણ છકાયના કૂટામાંથી તો નીકળ્યો ને? તો વિરાધનાની ભયંકરતા જણાવવા માટે અહીં ચિકિત્સાનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે કે જેમ કોઈને કોઢ વગેરે રોગ થયો હોય અને તેની ચિકિત્સા જેણે શરૂ કરી હોય તે જો અપથ્યનું સેવન કરે તો ચિકિત્સા કરવા પહેલાં જે વ્યાધિ હતો તેના કરતાં પણ તે વકરી જાય અને જલદીથી તે રોગના બદલે રોગીનો જ વિનાશ થાય છે. એવી જ રીતે કર્મરૂપ વ્યાધિના ક્ષય માટે સંયમરૂપી ભાવક્રિયા સ્વીકારીને પાછળથી જે અસંયમરૂપ અપથ્યને સેવે તે અધિક કર્મનું ઉપાર્જન કરે છે... આ પ્રમાણે સાધ્વાચારનું કથન કરવું.

પરીક્ષા કર્યા વગર આ દુનિયામાં આપણે કોઈ વસ્તુ લેતા નથી. કારણ કે ખોટી વસ્તુ આપણી પાસે ન આવે અને સાચી વસ્તુ આપણા હાથમાં આવે. વસ્તુ નહિ મળે તો ચાલશે પણ ખોટી વસ્તુ આપણા હાથમાં આવવી ન જોઈએ. આ ધર્મક્ષેત્રમાં જ પરીક્ષાનો આગ્રહ નથીઃ ખરું ને? ધર્મની સામગ્રી આપણને મળી છે ને? આપણને જે

સામગ્રી મળી છે તે ખોટી છે કે સારી છે? પુણ્યથી જે પૈસો અને પત્ની મળ્યા છે તે જ આપણા ચારિત્રના અવરોધરૂપ છે ને? રાગ ગમે તેટલો હોય પણ તે માર્યા વિના નહિ ચાલે, કારણ કે આ રાગનાં પાત્રો જ આપણી દીક્ષાને અટકાવનારાં છે. એ પાત્રો અનુકૂળતા આપે છે એવું માનવાના બદલે આ પાત્રો જ આપણને અનુકૂળ જે (ચારિત્ર) છે તેને રોકનાર છે. આથી આપણે વહેલી તકે આ પાત્રોથી ખસી જવું છે. લાંબા કાલથી સ્નેહના સંબંધ બાંધ્યા હોય તો તોડતાં કષ્ટ તો પડવાનું જ છે. પરંતુ હૈયા પર પથ્થર મૂકીને પણ લાગણીના તંતુ તોડ્યા વિના નહિ ચાલે. કારણ કે આ પુણ્ય જ આપણને ઘસડીને દુર્ગતિમાં લઈ જાય છે. આ પુણ્ય વિશ્વાસ કરવા લાયક નથી. પુણ્ય ઉપર ભરોસો મૂકે એનો સંસાર વધે. પુણ્ય ઉપરનો વિશ્વાસ જેનો ઊડી ગયો હોય તે જ ચારિત્ર લઈ શકે અને પોતાનો સંસાર કાપી શકે. મુમુક્ષુ પ્રશ્નશુદ્ધ હોય અને તેને સાધ્વાચારનું કથન કર્યા પછી પણ તે જો દુષ્કર આચારપાલન માટે તૈયાર થાય તો તેની પરીક્ષા કરવી. પરીક્ષા શા માટે કરવી તે માટે જણાવે છે કે ખોટી વસ્તુ પણ ઘણી વાર સાચા જેવી લાગે અને સાચી વસ્તુ પણ ખોટાજેવી લાગે છે માટે વસ્તુની પરીક્ષા કરવી જરૂરી છે. તમને પણ સારી વસ્તુ ખરાબ લાગે ને? દીક્ષા કેવી છે? સુખ આપનારી કે દુઃખ આપનારી?.

સ. સત્ત્વશાળીને સુખ આપનારી અને કાયરને દુઃખ આપનારી.

તમે પણ ખરા છો. કોઈ પૂછે કે અગ્નિ કેવો? તો શું કહો? બાળે એવો કે અડીએ તો જ બાળે એવો? શસ્ત્ર કાપે કે મારીએ તો જ કાપે? વિષ મારે કે ખાઈએ તો વિષ મારે ? તેમ અહીં પણ ચોખ્ખું કહી દો કે, દીક્ષા સુખને આપનારી જ છે. આપણને દુઃખરૂપ લાગે છે તે તો આપણી કાયરતાનો પ્રભાવ છે. દીક્ષા લેવા આવનાર મુમુક્ષુના સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પરીક્ષા કરવી. તેને કુદેવ, કુગુરુ કે કુધર્મ પ્રત્યે આસ્થા છે કે નહિ તે તપાસવું અને સુદેવાદિ પ્રત્યે શ્રદ્ધા છે કે નહિ તે પણ જોવાનું. શ્રદ્ધાનો પરિણામ જોયા પછી જ્ઞાનનો પરિણામ પણ જોવાનો. ભણવાનો રસ કેવો છે, જ્ઞાન પ્રત્યે બહુમાન કેવું છે આ બધું જોવાનું. ચારિત્રના પરિણામ જોતી વખતે તેને જયણાના પરિણામ છે કે નહિ તે જોવું. તેની પાસે કોઈ વસ્તુ મંગાવવી. તે જો દોડતો દોડતો જાય અને લઈ આવે તો ઉત્સાહ સારો છે એવું ન માનવું, ઈર્યાસમિતિનું પાલન કરતો નથી માટે જયણાનો પરિણામ નથી એમ માનવું. મુમુક્ષુ જમવા માટે જાય તો જેને ત્યાં જમવા ગયો હોય તેને પૂછી લે કે બધી વસ્તુનો લાભ આપે છે? જો હા પાડે તો સમજવું કે મુમુક્ષુ હજુ યોગ્ય નથી. અને જો એમ કહે કે આ તો બધી વસ્તુની ના જ પાડે છે તો તેને લાયક સમજવો. મુમુક્ષુની ખોટી ભૂલ બતાવવી અને તે જો ચૂપચાપ સાંભળી લે અને તેનું મોઢું ન પડે તો તેને લાયક સમજવો. અને જો તે

ખુલાસો કરવા બેસે તો તેને અયોગ્ય સમજવો. ખુલાસો કરવાના કારણે કદાચ ગુર્વાદિકને આપણે ચૂપ કરી શકીશું, પરન્તુ આપણી યોગ્યતાનો આવિર્ભાવ નહિ થાય. આપણે ગુર્વાદિકને સામો જવાબ આપીશું તો તેઓ ઠપકો આપવાનું બંધ કરી દેશે અને પોતાની આરાધનામાં લાગી જશે. ગુરુ ઠપકો આપશે તોય નિર્જરા કરશે અને ઠપકો નહિ આપે તોય તેમની નિર્જરા થવાની છે. આપણે યોગ્યતા બતાવીશું તો જ આગળ વધી શકીશું, તેથી સામો જવાબ આપીને કે ખુલાસો કરીને આપણે આપણી અયોગ્યતા પુરવાર કરવાની જરૂર નથી. આ રીતે તે તે ઉપાયો વડે મુમુક્ષુની છ મહિના સુધી પરીક્ષા કરવી. કોઈ પાત્રવિશેષની યોગ્યતા હોય તો અલ્પકાળમાં પણ પરીક્ષા થઈ જાય. જેમ કે ચંડરૂદ્રાચાર્યે મશ્કરી કરવા આપેલા નવા પરણેલા યુવાનને મૂંડીને દીક્ષા આપી ત્યારે તેની પરીક્ષા થઈ ગઈ હતી. કારણ કે પરાણે લોચ કરવા છતાં તે શિષ્ય ન તો પોતાના મિત્રોને બૂમ પાડીને બોલાવે છે કે ન તો પોતે કોઈ જાતના ધમપછાડા કરે છે. તે ધારે તો સાધુના હાથ પકડીને પણ રોકી શકત. છતાં માથું પણ ઊંચું કર્યું નથી-આ જ તેની પરમયોગ્યતા હતી. નહિ તો માતાપિતાને બોલાવવાનું પણ કોઈને કહી શકતા હતા. એના બદલે સમતાથી લોચ કરાવ્યા બાદ આચાર્યભગવંતને કહ્યું કે મારા ઘરના લોકો હમણાં આપણને પકડવા આવશે તેથી આપણે રાતોરાત વિહાર કરી જઈએ... આવા જીવોની પરીક્ષા તો અંતર્મુહૂર્ત્તમાં જ થઈ જાય. એ જ રીતે કોઈ જીવવિશેષની પરીક્ષા બાર મહિના કે બાર વરસ સુધી પણ કરવી પડે. આ રીતે પરીક્ષા બાદ તે મુમુક્ષુએ ઉપધાન ન કર્યાં હોય તોપણ કંઠથી સામાયિકાદિ સૂત્રો આપવાં તેમ જ તેની પાત્રતા જોઈને બીજાં પણ સૂત્રો ભણાવવાં. આ રીતે મુમુક્ષુ યોગ્ય જણાય તો તેને માતાપિતાની અનુજ્ઞા લેવા મોકલવો.

**तथा–गुरुजनाद्यनुज्ञेति ।।२३।। (२४९)**

દીક્ષા લેવા માટેની યોગ્યતા પુરવાર થાય પછી તેને માતાપિતાદિ ગુરુજનની રજા લેવા મોકલવો. દીક્ષા લેવા માટે નીકળેલો મુમુક્ષુ દીક્ષામાં સ્થિર કરવો હોય તો તેની પરીક્ષા કરવી જ પડે. અઈમુત્તા મુનિની માતાએ પણ દીક્ષાની રજા લેવા આવેલા પોતાના આઠ વરસના પુત્રને પૂછ્યું હતું કે દીક્ષામાં તું શું સમજે? ત્યારે તેમણે કહ્યું હતું કે મારે મરવાનું છે એ ખબર છે, પરંતુ કયારે મરવાનું છે એ ખબર નથી તેથી દીક્ષા લેવી છે. માતાએ પુત્રના જ્ઞાનની પરીક્ષા કરી અને એ પરીક્ષામાંથી પાસ પણ થઈ ગયા. આજે આપણી કોઈ પરીક્ષા કરે તો આપણે પાસ ન થઈએ ને? મરવાનું છે એ આપણને ખબર છે? કે નથી? જો આપણે આ સંસારમાં મરવાનું જ હોય તો સંસારમાં રહેવાનું કામ જ શું છે? અઈમુત્તા મુનિની માતા પુત્રની પરીક્ષા કરીને પુત્રને ચારિત્રમાં

સ્થિર કરે એવી હતી. આજે અમારા મુમુક્ષુનાં માતાપિતા તો અમે સ્થિર કરેલા મુમુક્ષુને પણ હલાવીને જાય. એક વાર એક મુમુક્ષુની દીક્ષા બાદ હિતશિક્ષા આપતી વખતે આચાર્યભગવંતે કહ્યું હતું કે 'આજે મારે નૂતનદીક્ષિતને હિતશિક્ષા આપવા પહેલાં તેનાં માતાપિતાદિ જનોને હિતશિક્ષા આપવી છે કે તમે બાર વરસ સુધી તમારા મહારાજને મળવા ન આવશો, તેને આરાધના કરવા દેજો...' આનું તાત્પર્ય સમજાય છે ને? જે મમત્વને મૂકીને આવ્યા એ પાછું ઊભું ન થાય તેની કાળજી લેવી પડે ને? આ તો દીક્ષા લેવા પહેલાં પણ પોતે જ ઢીલા હોવા છતાં કહે કે 'હું દીક્ષા લઈશ તો મારી માતાને દુઃખ થશે'. શાલિભદ્રજીને વૈરાગ્ય થયો ત્યારે કેવો થયેલો, ભદ્રા માતા આગળ દીક્ષાની વાત મૂકી તો માતા મૂર્ચ્છા ખાઈને પડી ગઈ. ત્યારે તેમની પત્નીઓ ઉપચાર કરવા ગઈ પણ શાલિભદ્રજીનું હૈયું જરા પણ હલ્યું નહિ. એ તો એવા ને એવા ઊભા રહેલા. માતાની મૂર્ચ્છા વળી અને જોયું તો શાલિભદ્રજી દૂર એવાને એવા ઊભા છે, આથી તેમને પણ વૈરાગ્યની ખાતરી થઈ. 'હું દીક્ષા લઈશ તો મારી માતા દુઃખી થશે' એવું વિચારવાના બદલે 'દીક્ષા નહિ લઉં તો હું દુઃખી થઈશ' એમ વિચારીએ તો ચોધાર આંસુએ રડતા સ્વજનો વચ્ચેથી પણ સ્વસ્થતાથી નીકળી શકાય. યોગ્યતા પૂરવાર થયા પછી માતાપિતાદિની 'આદિ' પદથી બહેન, પત્ની વગેરેની રજા લેવી. 'તમે દીક્ષા ગ્રહણ કરો' આવી રજા આપે તો દીક્ષા લેવા તૈયાર થવું. હવે તે તે ઉપાયથી રજા માંગવા છતાં પણ રજા ન આપે તો શું કરવું તે માટે જણાવે છેઃ

**तथा–तथोपधायोग इति ।।२४।। (२५०)**

જો માતાપિતાદિ સીધી રીતે રજા ન આપે તો દીક્ષા લેવા માટે માયા કરવી. કોઈ જાણી ન જાય એ રીતે તે તે ઉપાયો વડે માયા કરવી. માયામાં શું કરવું તે માટે જણાવે છે–

**दुःस्वप्नादिकथनमिति ।।२५।। (२५१)**

માતાપિતા ના પાડે તો તરત બીજા દિવસે નહિ, બે ચાર દિવસે કહેવું કે મને ખરાબ સ્વપ્નું આવ્યું હતું. 'આદિ'થી મરણના સૂચક એવા વિપરીત અવલોકન વગેરેનું કથન કરવું. હું ગધેડા ઉપર, ઊંટ ઉપર કે પાડા ઉપર બેસેલો હતો અને મને ક્યાંક લઈ જતા હતા. કોઈને વધસ્થાને લઈ જાય ત્યારે ગધેડા ઉપર બેસાડીને લઈ જાય. તે જ રીતે પાડો એ યમરાજાનું ચિહ્ન છે. તેથી માતાપિતાદિને મરણના સૂચક એવા દુઃસ્વપ્નનું કથન કરવું. તેમ જ

**तथा–विपर्ययलिङ्गसेवेति ।।२६।। (२५२)**

પોતાની પ્રકૃતિથી વિપરીત સ્વભાવ એ મરણનું સૂચક છે. આથી એવા વિપરીત સ્વભાવ બતાવવાનું કામ બનાવટી રીતે કરવું. ગુસ્સાના સ્વભાવવાળો શાંત થઈ જાય, યાદ રાખવાનો સ્વભાવ હોવા છતાં ભૂલી જવાનો ડહોળ કરે, જેથી માતાપિતાને થાય કે આનું મરણ નજીક લાગે છે. હવે કોઈ માતાપિતા આ વિપરીતપ્રકૃતિનાં લિંગોને જાતે જાણી ન શકે તો શું કરવું તે જણાવે છે:

**दैवज्ञैस्तथा तथा निवेदनमिति ।।२७।। (२५३)**

કોઈ નિમિત્તશાસ્ત્રી જ્યોતિષી પાસે જઈને તેના દ્વારા માતાપિતાને કહેવડાવવું. આપણે જાતે જઈને નિમિત્તિયાને કહેવું કે તમે મારા માતાપિતાને આ પ્રમાણે જણાવજો એટલે નિમિત્તિયો આવીને કહે કે ગઈ કાલે તમારો દીકરો મારે ત્યાં આવેલો અને તેને હમણાંથી યાદ નથી રહેતું. નજીવી વાતમાં ગુસ્સો આવે છે, વગેરે જે જે લિંગો કહ્યાં તેના ઉપરથી તેનું આયુષ્ય ઓછું લાગે છે. નજીકમાં મરણ લાગે છે તેથી હવે તમે એને જે ખાવું હોય તે ખાવા દેજો, જે પીવું હોય તે પીવા દેજો... ઈત્યાદિ કહેવડાવવું. જ્યોતિષી પાસે દીક્ષાની વાત ન કહેવડાવવી, નહિ તો તેમને શંકા પડે. આ રીતે કરવાથી માતાપિતાને થાય કે આમે ય આનું આયુષ્ય ઓછું છે તો એને દીક્ષા લેવા દો. અહીં શિષ્યને શંકા થાય છે કે આ રીતે જે માતાપિતા સાથે માયા કરે તે કાલે ગુરુ સાથે પણ માયા કરશે તો આવા માયાવીને દીક્ષા આપવામાં કયો ગુણ પ્રાપ્ત થાય... તો તેના નિરાકરણમાં જણાવે છે:

**न धर्मे मायेति ।।२८।। (२५४)**

ધર્મ કરવા માટે જે માયા કરાય તે માયામાં નથી ગણાતી, ધર્મ કરતી વખતે માયા ન કરવી. દીક્ષા લેવા માટે માયા કરવા છતાં દીક્ષા લઈને ચારે કષાય ટાળી શકાશે. ચાર કષાય કાઢવા માટે માયા કરવામાં વાંધો નથી. પરંતુ કષાય કાઢવાની આરાધના કરતી વખતે માયા ન કરવી. ધર્મ કરવા માટેની માયા ન નડે, ધર્મ કરતી વખતની માયા નડે. આમ છતાં શિષ્ય કહે છે કે આ રીતે માતાપિતા સાથે માયા કરવામાં નુકસાન નથી, પરંતુ ગુણ કયો છે–તો જણાવે છે.

**उभयहितमेतदिति ।।२९।। (२५५)**

આ રીતે માયા કરીને પણ દીક્ષા લેવામાં સ્વનું અને માતાપિતાનું બંન્નેનું હિત સધાય છે. કારણ કે જે પોતે દીક્ષા લેશે તે કાલે માતાપિતાને પણ સમ્યક્ત્વ પમાડી

શકશે. તેના કારણે તે આત્મા પોતે પણ સંસારથી તરશે અને માતાપિતાને પણ સંસારથી તારશે. દીક્ષા સ્વપરને ઉપકારક હોવાથી આ દીક્ષા હિતકારી છે. કહ્યું છે કે ભાવથી અમાયી હોવા છતાં ક્યારેક જો સ્વપરના હિતનો ઉદય જુએ તો તેવા વિષયમાં માયાવી બને તોપણ દોષ નથી, ઉપરથી લાભ છે.

દીક્ષા ખરેખર દુર્લભ છે. માતાપિતાદિને અતિસ્નેહ હોય ત્યારે આવું બને. પરંતુ અત્યારે તો એવી સ્થિતિ છે કે સાચો વૈરાગ્ય જેમ દુર્લભ છે તેમ સાચો સ્નેહ પણ દુર્લભ છે. મોટા ભાગે બનાવટી રાગ ખાતર જ આપણે આપણા આત્માનું હિત ચૂકીએ છીએ. બનાવટી રાગ કરતાં તો બનાવટી વૈરાગ્ય સારો. કારણ કે બનાવટી પણ વૈરાગ્ય હશે તો સારા સ્થાનમાં રહેવાથી કાલે ઊઠીને સાચો પણ બની શકશે. જ્યારે રાગ તો સાચો થવાનો જ નથી. વૈરાગ્ય કાચો હોય તોપણ સારા ગુરુની નિશ્રામાં રહેવાથી પાકો થઈ જશે. તેથી સ્વાર્થમૂલક રાગ ખાતર આપણે આપણું ગુમાવવું નથી. આપણને અથવા તો આપણા ઘરના લોકોને વ્યક્તિ પ્રત્યે રાગ છે કે સુખ ઉપર રાગ છે? વ્યક્તિ પર રાગ છે તે સુખ આપે છે માટે જ ને? તો આ સુખનો જ રાગ છે ને? આપણે રાગ કર્યો એ જ આપણી ભૂલ છે. કર્મની પરવશતાના કારણે આવી ભૂલ થઈ ગઈ એ સમજી શકાય છે, પરંતુ ભૂલ સમજાઈ ગયા પછી કર્મપરવશતા શા માટે રાખવી? હવે તો મજબૂત થઈને આપણું હિત સાધવા માટે તત્પર બનવું છે.

હવે મુમુક્ષુના જવાથી માતાપિતાનો નિર્વાહ થઈ શકે એમ ન હોવાથી જો તેઓ દીક્ષા માટે રજા ન આપે તો શું કરવું તે જણાવે છે:

**यथाशक्ति सौविहित्यापादनमिति ।।३०।। (२५६)**

ધર્મ કરવાથી નિસ્તાર નથી થતો, ધર્મ ભગવાનની આજ્ઞા મુજબ કરવાથી નિસ્તાર થાય છે. આથી જ ધર્મનું સ્વરૂપ સમજાવવા પહેલાં ધર્મના દેશક એવા દેવગુરુની ઓળખાણ આપવાનું કામ ગ્રંથકારશ્રીએ કર્યું છે. સામાન્યથી પુરુષવિશ્વાસે વચનનો વિશ્વાસ જન્મે છે. પહેલાં વ્યક્તિ હોય પછી વચન હોય. જે પુરુષ જ વિશ્વસનીય ન હોય તેનું વચન વિશ્વસનીય ન બને. જે વિશ્વસનીય વ્યક્તિ હોય તેના વચન ઉપર આપણે વિચાર્યા વિના પણ વિશ્વાસ મૂકી દઈએ છીએ. આથી જ અહીં ગુરુની યોગ્યતા જણાવવાનું કામ કર્યું છે. એમાં ય ત્રણ પ્રકારના અવંચકયોગમાં સૌથી પહેલાં યોગાવંચક યોગ જણાવ્યો છે. સદ્ગુરુનો યોગ થાય પછી ક્રિયા અને ફળની પ્રાપ્તિ થઈ શકે. ગુરુની યોગ્યતા જણાવ્યા પછી દીક્ષા આપવાનો વિધિ જણાવતાં પ્રશ્નાદિની શુદ્ધિ જણાવી. ત્યાર બાદ ગુર્વાદિની રજા લેવા જવાનું કહ્યું અને રજા ન આપે તો માયા કરવાનું

જણાવ્યું. આપણે આટલી યોગ્યતા સુધી પહોંચી શકીએ એવું લાગે છે? ધર્મ કરવા માટે માયા કરવાની વાત તો આગળ રહી, સંસારનું સુખ ભોગવવા માયા કરવાનું છોડીએ તોય ઘણું થયું. આજે આટલું નક્કી કરવું છે ધર્મ માટે માયા કરવા સુધી પહોંચીએ તો સારી વાત છે, પરંતુ ત્યાં સુધી સંસારનું સુખ મેળવવા માયા નથી કરવી. જેને દીક્ષા લેવી હોય તેના માટે આ વાત છે, આપણે તો દીક્ષા લેવી નથી ને?

સ. દીક્ષા લેવાની ઈચ્છા જગાડવા શું કરવું?

પરણવાની કે ખાવાની ઈચ્છા કઈ રીતે જાગે છે? ભૂખ વગેરેનું દુઃખ સહન ન થાય તેના કારણે ને? એક દુઃખ અસહ્ય લાગે તો એ દુઃખ ટાળવા માટે બીજું દુઃખ વેઠવાની તૈયારી છે ને? તેમ અહીં પણ સંસારની દુઃખરૂપતા સમજાય તો દીક્ષા લેવાની ઈચ્છા થાય ને? રોગનું દુઃખ અસહ્ય લાગે તો ઓપરેશનનું દુઃખ સહન કરવા તૈયાર થઈ જાય ને? આ તો પાછા ઓપરેશન કરતી વખતે પોતાની સહીથી લખી આપે કે કાંઈ પણ થાય તો જવાબદારી મારી, ડોક્ટરની નહિ. અને અહીં અમારે ત્યાં આવે તો બધી જવાબદારી અમારી! દીક્ષામાં દુઃખ આવે તો જવાબદારી અમારી, આગળ વધીને ઉપધાનમાં પણ આવ્યા હોય તો તેની પણ બધી જવાબદારી અમારે માથે આવે. સંસારમાંથી નીકળવું નથી તો દીક્ષાની ઈચ્છા જાગે ક્યાંથી? આ સંસારમાંથી નીકળવું છે ને?

સ. અમે સંસારને સુધારવા પ્રયત્ન કરીએ છીએ.

એનો અર્થ જ એ છે કે તમારે સંસારમાં રહેવું છે. જેને રહેવું હોય તે રહેઠાણનું સમાર કામ કરાવે. જેને જે મકાનમાં રહેવું ન હોય તે મકાનને સુધારવા માટે તે મહેનત કરે ખરો? આ સંસારમાં-ઘરમાં જ જે પાત્રો છે તેઓના કારણે પણ સંસારમાં રહેવાની ઈચ્છા થાય એવું નથી. જ્યાં જતું કરવું પડે તેનું નામ સંસાર. જે મેળવી શકાય એ મોક્ષ છે. આ સંસારમાં જતું કરીને જ જીવવું પડે છે. ગમે તેટલી ઈચ્છા કરીએ તોપણ આ સંસારમાં પૂરી થાય એવી નથી. એક માત્ર મોક્ષ જ એવી ચીજ છે કે જે માંગીને મળી શકે એવી છે. આ રીતે સંસારમાં રહેવાની ઈચ્છા ન થાય તો મોક્ષની ઈચ્છા, દીક્ષાની ઈચ્છા જાગે.

આપણે જોઈ ગયા કે મુમુક્ષુ માયા કરીને દીક્ષાની રજા માંગે છતાં પોતાની આજીવિકાના ભયથી દીક્ષા ન આપે તો પોતાની શક્તિ અનુસાર માતાપિતાના નિર્વાહની વ્યવસ્થા કરીને નીકળવું. વ્યાજ ઉપર જીવનનો નિર્વાહ થાય, માતાપિતા જિંદગી સુધી સ્વસ્થપણે જીવી શકે અને સિદાય નહિ-એ રીતે વ્યવસ્થા કરવી. આના કારણે કૃતજ્ઞતાગુણ

પ્રાપ્ત થાય. આવા પ્રકારની કરુણા એ પણ માર્ગની પ્રભાવનાનું બીજ છે. આ રીતે માતાપિતા અનુજ્ઞા આપે પછી દીક્ષા લેવી. આમ છતાં રજા ન આપે તો...

**ग्लानौषधादिज्ञातात्त्याग इति ।।३१।। (२५७)**

જેમ માતાપિતા માંદાં પડ્યાં હોય તો તેમના રોગનું ઔષધ લેવા માટે માતાપિતાનો ત્યાગ કરીએ તો એ ત્યાગ કરવામાં દોષ નથી લાગતો, ઉપરથી ગુણ થાય છે. તેમ અહીં પણ માતાપિતાના ભવરોગને દૂર કરવા માટે જે સમ્યક્ત્વાદિ ઔષધ છે તેનું સંપાદન કરવાનું કામ મુમુક્ષુ પોતે દીક્ષા લઈ અધ્યયનાદિ દ્વારા દેશના માટે સમર્થ બનીને અનેક જીવોની સાથે માતાપિતાને પ્રતિબોધીને કરશે. ઉપરથી આવા વખતે માતાપિતાનો ત્યાગ ન કરવાના કારણે પોતાના અને માતાપિતાના આત્માનું નુકસાન થાય છે. તમે પણ આજે પૈસા કમાવા માટે કે પત્ની માટે માતાપિતાનો ત્યાગ કરો જ છો ને? તો ધર્મ માટે કેમ ન કરાય?

**तथा–गुरुनिवेदनमिति ।।३२।। (२५८)**

આ રીતે માતાપિતાની અનુજ્ઞા મેળવીને અને અનુજ્ઞા ન મળે તો ઉપર જણાવ્યા પ્રમાણે માતાપિતાનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા આપનાર ગુરુ પાસે આવીને જે પ્રમાણે બન્યું હોય-તે બધું જણાવવું.

**अनुग्रहधियाऽभ्युपगम इति ।।३३।। (२५९)**

આ રીતે દીક્ષા લેનાર વ્યક્તિ સંબંધી વિધિ જણાવ્યા બાદ દીક્ષા આપનાર ગુરુને આશ્રયીને વિધિ જણાવે છે કે ગુરુએ પણ 'એકના બે થઈશું.' અથવા પોતાની પર્ષદા (શિષ્ય સંપત્તિ)ની વૃદ્ધિ થશે આવા સ્વાર્થમૂલક આશયથી દીક્ષા ન આપવી પરંતુ સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર ગુણના આરોપણની બુદ્ધિથી દીક્ષા આપવી. પોતાના ઉપકાર માટે શિષ્યનો સ્વીકાર નથી કરવાનો, શિષ્યના આત્માના ઉપકાર માટે તેને દીક્ષા આપીને તેનો સ્વીકાર કરવો. ગુરુની યોગ્યતામાં આપણે જોઈ ગયા કે ગુરુ નિઃસ્પૃહ હોય છે. જે બીજાની અપેક્ષા રાખે તે સંસારમાં ડૂબ્યા વિના ન રહે. જેને મોક્ષ મેળવવો છે તેને કોઈની જરૂર નથી, જેને સંસાર માંડવો હોય તેને આખા ગામની જરૂર પડે. મોક્ષે જવા માટે માત્ર ભગવાનની અને ગુરુની આજ્ઞા માનવાની જરૂર છે.

**तथा–निमित्तपरीक्षेति ।।३४।। (२६०)**

દીક્ષા લેતી વખતે ભવિષ્યસંબંધી કાર્યના સૂચક એવા નિમિત્તની પરીક્ષા કરવી, જેને આપણે શકન કહીએ છીએ. સારા શકન મળે તો દીક્ષા આપવાની વિધિ કરવી.

અપશકન થાય તો ક્રિયા શરૂ ન કરવી, અટકાવી દેવી. શકનની શુદ્ધિ જોઈને કાર્ય કરવું. કાગડાનો કે ગધેડાનો અવાજ આવે, છોકરાનો કે કૂતરા વગેરે રડવાનો અવાજ આવે તો અપશકન સમજવા. વાજિંત્રોનો મધુર અવાજ સંભળાય કે કોયલ વગેરેના ટહુકા સંભળાય તો શકન થયા-એમ સમજવું. એ જ રીતે માટી, પુષ્પ વગેરેની સુગંધ આવે તો શકન થયા એમ સમજવું. એકાએક ગટર ફાટે અને એની દુર્ગંધ ફેલાય તો અપશકન થયા-એમ સમજવું. આ રીતે નિમિત્તશાસ્ત્રપ્રસિદ્ધ એવા તે તે શુભાશુભ નિમિત્તની પરીક્ષા કરીને પછી દીક્ષાપ્રદાનની ક્રિયા કરવી.

### તથા–ઉચિતકાલાપેક્ષણમિતિ ।।૩૫।। (૨૬૧)

દીક્ષા આપવાને યોગ્ય એવા કાળની મુહૂર્ત્તની અપેક્ષા રાખીને પછી દીક્ષા આપવી. વિશિષ્ટ તિથિ, નક્ષત્ર વગેરે સ્વરૂપ શુભ મુહૂર્ત્તનો આદર કરીને પછી દીક્ષા આપવાની છે. કારણ કે જે વ્રત ગ્રહણ કરીએ તે વ્રતનું ફળ પામવું છે. તેથી મુહૂર્ત્ત જોઈને કાર્ય કરવું છે. અશુભમુહૂર્ત્તે જે કાર્યનો આરંભ કર્યો હોય તે કાર્ય ફળ સુધી પહોંચાડવા માટે સમર્થ નથી બનતું. દ્રવ્ય, ક્ષેત્રની જેમ કાળની પણ મહત્તા શાસ્ત્રમાં જણાવી છે માટે તેની ઉપેક્ષા ન કરવી.

### તથા–ઉપાયતઃ કાયપાલનમિતિ ।।૩૬।। (૨૬૨)

મુમુક્ષુ પાસે પ્રયત્નપૂર્વક છ જીવનિકાયનું પાલન કરાવવું. ઉપાયનો અર્થ જ એ છે કે વ્રતનો ભંગ ન થાય તેનું ધ્યાન રાખવું. આપણે વ્રતનું પાલન કરીએ એના બદલે આપણે વ્રતનો ભંગ ન કરી બેસીએ તેની ચિંતા શાસ્ત્રકારોને વધારે છે. દીક્ષા લીધા પછી કોઈ પણ જાતનું સાવદ્ય અનુષ્ઠાન ન થાય તે રીતે નિરવદ્ય અનુષ્ઠાનનો અભ્યાસ પાડવા દ્વારા પૃથ્વીકાયાદિ છ જીવનિકાયનું રક્ષણ મુમુક્ષુ પાસે કરાવવું. વર્ત્તમાનમાં આપણે જે ધર્મ કરીએ છીએ તેના ફળ સુધી ન પહોંચ્યા હોઈએ તો તેનું કારણ એક જ છે કે ધર્મ શરૂ કર્યા પછી કે વ્રતનિયમ લીધા પછી તેના નિરતિચાર પાલનનો અભ્યાસ જ પાડ્યો નથી. આપણા વ્રતને સાચવ્યાં હોત તો આપણે ફળ સુધી પહોંચી ગયા હોત. દુનિયામાં જે વસ્તુ કીમતી લાગે તેને સાચવવા માટે પ્રયત્ન કર્યા વિના આપણે રહેતા નથી. વ્રત ગ્રહણ કર્યા પછી ઉત્સર્ગમાર્ગે જ ચાલવું છે અપવાદમાર્ગે નથી ચાલવું–આવો અધ્યવસાય મુમુક્ષુને કેળવાય એવું કરવું. તેને સમજાવવું કે વ્રત ગ્રહણ કર્યા પછી જેઓ ઉત્સર્ગમાર્ગે ચાલ્યા તેઓ અવશ્યપણે કલ્યાણનાં ભાજન બન્યા છે. જેઓ વ્રત લીધા પછી પણ કલ્યાણના ભાજન ન બન્યા હોય તેઓ ઉત્સર્ગમાર્ગે ચાલ્યા નથી એવું માનવું જ પડે. લીધેલાં વ્રત કામ નથી લાગતાં, પાળેલાં વ્રત કામ લાગે છે. વ્રત લીધા પછી નિરવદ્ય ઉપાય ન સેવીએ અને સાવદ્ય ઉપાય જ સેવીએ તો દીક્ષા ન મળે, કેવળજ્ઞાન ન મળે

એમાં નવાઈ નથી. આજે ઘણાની ફરિયાદ છે કે ધર્મ કર્યા પછી, દીક્ષા લીધા પછી પણ જેવો જોઈએ તેવો ભાવ નથી આવતો. તેનું કારણ એ છે કે ધર્મ કરવા છતાં નિરવદ્ય અનુષ્ઠાન સેવ્યું જ નથી. નિરવદ્ય અનુષ્ઠાનનો અભ્યાસ પાડવો એટલે પૃથ્વીકાયાદિ છ કાય જીવોનું પાલન કરવું. આ જ ધર્મબિંદુમાં પહેલાં આપણે જોઈ ગયા કે આ છજીવનિકાય એ સાધુના પુત્રો છે. આ પુત્રોનું પાલન કરવું એનો અર્થ જ એ છે કે તેમનું રક્ષણ કરવું. પૃથ્વીકાયાદિની જયણા તો ગૃહસ્થપણામાં પાળવાની હતી. સાધુપણામાં તો છજીવનિકાયની રક્ષા કરવાની છે. કોઈ મરી ન જાય તેનું ધ્યાન રાખવું તે જયણા. પ્રાણના ભોગે પણ જયણા પાળવી તેનું નામ રક્ષા.

સ. સાધુમહાત્મા વાયુકાયની રક્ષા કેવી રીતે કરે?

ભગવાનની આજ્ઞા મુજબ જ ચાલવા વગેરેની પ્રવૃત્તિ કરે તેથી હેતુ અને અનુબંધ હિંસા ન લાગે, માત્ર સ્વરૂપહિંસા લાગે. અને સ્વરૂપહિંસાનું તો સાધુને વ્રત અપાતું જ નથી. જીવની વિરાધનામાં હિંસા નથી, ભગવાનની આજ્ઞા ન માનવામાં હિંસા લાગે છે. સાધુ ભગવન્ત ભગવાનની આજ્ઞા મુજબ નદી ઊતરે તોપણ કોઈ દોષ ન લાગે, માત્ર ઈરિયાવહિયા કરે તો શુદ્ધ થઈ જાય. જ્યારે બિનજરૂરી આધાકર્મિક આહાર સાધુ લે તો છજીવનિકાયની હત્યાનું પાપ લાગે, તેથી જ મુમુક્ષુને નિરવદ્ય અનુષ્ઠાનનો અભ્યાસ પડાવવો.

**તથા–ભાવવૃદ્ધિકરણમિતિ ।।૩૭।। (૨૬૩)**

ત્યાર બાદ મુમુક્ષુના દીક્ષાના ભાવની વૃદ્ધિ થાય તેવું કરવું. ધર્મ કરવાનો, દીક્ષા લેવાનો ભાવ એ જ ભાવ છે, ધર્મમાં અનુકૂળતા મેળવવાનો ભાવ એ ભાવ નથી. આ ભાવની વૃદ્ધિ પણ પ્રવ્રજ્યાના ફળનું વર્ણન કરવા દ્વારા કરવી.

**તથા– अनन्तरानुष्ठानोपदेश इति ।।૩૮।। (૨૬૪)**

દીક્ષા લીધા પછી તરત જ શું શું કરવાનું છે તે પણ મુમુક્ષુને જણાવવું. દીક્ષા લીધા પછી જે અનુષ્ઠાન કરવાનું છે તે આગળના પાંચમા અધ્યયનમાં જણાવવાનું છે. તેમાં સૌથી પહેલાં ગુર્વન્તેવાસિતા બતાવી છે. ગુરુની પાસે જ રહેવાનું અને ગુરુ પાસે રહીને ઈચ્છા મુજબ ન જીવવું, ગુરુ પ્રત્યે ભક્તિ અને બહુમાનભાવ રાખીને ગુરુની આજ્ઞાનું પાલન કરવું.

**તથા–शक्तितस्त्यागतपसी इति ।।૩૯।। (૨૬૫)**

મુમુક્ષુની શક્તિને અનુરૂપ તેની પાસે ત્યાગ અને તપ કરાવવો. ત્યાગમાં સૌથી

પહેલાં તેની પાસેથી ધનનો ત્યાગ કરાવવો. કારણ કે જે પૈસાનું મમત્વ ન છોડી શકે તે શરીરનું મમત્વ કેવી રીતે છોડી શકે? માતાપિતાદિ ભૃત્યવર્ગની આજીવિકાની વ્યવસ્થા કર્યા પછી જે ધન બચ્યું હોય તેનો દેવ, ગુરુ, સંઘની ભક્તિના કાર્યમાં વ્યય તેની પાસે કરાવવો. તેમ જ અનશનાદિ બાહ્ય તથા અભ્યંતર તપ પણ તેની પાસે કરાવવો. દીક્ષા લઈને નિત્ય એકાસણાનો તપ કરવાનો છે, તેથી એકાસણાનો તેમ જ દીક્ષા લીધા બાદ તે તે સૂત્રોના જોગ આયંબિલથી થઈ શકે એ માટે આયંબિલનો તપ પણ કરાવવો. એક વાર, જોગમાં બેસતાંની સાથે બે આયંબિલ સાથે આવે છે - એવી વાત સાધુઓ કરતા હતા તે વખતે આચાર્યભગવન્તને ખબર પડી કે આવી વાત ચાલુ છે, તો તરત આચાર્યભગવંતે મને બોલાવીને કહ્યું કે હવે કોઈ પણ મુમુક્ષુને દીક્ષા આપવા પહેલાં છ મહિના આયંબિલ કરાવવાં કે જેથી ભગવતીના જોગ પણ એકલા આયંબિલથી કરવા હોય તો કોઈ જાતની તકલીફ ન પડે. દસ હજાર ગાથા ગૃહસ્થપણામાં કંઠસ્થ કરાવવાની અને છ મહિના આયંબિલ કરાવીને પછી દીક્ષા આપવી: આવી વ્યક્તિગત હિતશિક્ષા આચાર્યભગવંતે આપેલી હોવા છતાં અમે અમારા મમત્વના કારણે માન્યું નહિ તેનું ફળ અમે ભોગવી રહ્યા છીએ.

**तथा-क्षेत्रादिशुद्धौ वन्दनादिशुद्ध्या शीलारोपणमिति।।४०।। (२६६)**

જે ક્ષેત્રમાં દીક્ષા આપવાની હોય તેની આજુબાજુની સો ડગલા જેટલી ભૂમિ કોઈ પણ હાડકાં વગેરે અશુચિવાળી ન હોય તેવી શુદ્ધ ભૂમિમાં દેવવંદન કાઉસ્સગ્ગ વગેરે વિધિ કરાવવા દ્વારા સાધુવેષ સમર્પણ કર્યા બાદ વેષ પરિવર્ત્તન કરીને આવે ત્યારે તેને સર્વવિરતિ સામાયિક દંડક સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક આપવું. શેલડીનું વન હોય, શાલિવન હોય અથવા જેમાં પદ્મ સરોવર હોય એવા વનખંડમાં અથવા જિનગૃહમાં પૂર્વ કે ઉત્તર દિશામાં અથવા જે દિશામાં જિનેશ્વર ભગવંત અથવા જિનચૈત્ય હોય એ દિશામાં ઊભા રહીને દીક્ષા લેવી અથવા આપવી.

**असङ्गतया समशत्रुमित्रता शीलमिति।।४१।। (२६७)**

મુમુક્ષુને જે શીલનું આરોપણ કરવાનું છે તે શીલ કોને કહેવાય તે માટે જણાવે છે કે માત્ર કરેમિ ભંતે ઉચ્ચરવું-એ સામાયિક નથી, અસંગપણાથી શત્રુ અને મિત્રને વિષે સમભાવ રાખવો તેને સામાયિક કહેવાય છે. સામાયિકમાં મિત્ર સાથે વાત પણ ન કરાય અને શત્રુ સાથે ઝઘડો પણ ન કરાય. સામાયિક લીધા પછી બિલાડી દૂધ પી જાય તોય કશું કરાય નહિ, કૂતરું ઘરમાં આવી જાય તોય હડહડ ન કરાય. સાધુભગવન્તોને કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે પ્રતિબંધ-સંગ-મમત્વ ન હોવાથી તેઓ અનુકૂળ

આચરણ કરનાર મિત્ર પ્રત્યે અને પ્રતિકૂળ આચરણ કરનાર શત્રુ પ્રત્યે સમભાવમાં રહી શકે છે. દુઃખ ઉપર દ્વેષ ન કરીએ અને સુખ ઉપર રાગ ન કરીએ, અનુકૂળ વ્યક્તિ પ્રત્યે રાગ અને પ્રતિકૂળ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન રાખીએ તો સર્વવિરતિનો પરિણામ આવ્યા વિના નહિ રહે. હવે અહીં શિષ્ય શંકા કરે છે કે આવું ચારિત્ર તો પોતાના પરિણામથી સાધ્ય છે તો ક્ષેત્રાદિની શુદ્ધિ જાળવવાનું પ્રયોજન શું?.... તો જણાવે છે કેઃ

**अतोऽनुष्ठानात्तद्भावसम्भव इति ।।४२।। (२६८)**

ઉપર જણાવ્યા પ્રમાણે ક્ષેત્રાદિની શુદ્ધિ દ્વારા શીલનું આરોપણ કરવાથી, પૂર્વે ચારિત્રનો પરિણામ ન આવ્યો હોય તોપણ આ વિધિના પાલનથી એ પરિણામ પ્રગટ થાય છે, માટે જ આ વિધિનું પાલન આવશ્યક છે. ત્યાર બાદ

**तथा–तपोयोगकारणं चेतीति ।।४३।। (२६९)**

આ રીતે વિધિથી પ્રવ્રજિત થયેલા સાધુ પાસે ગુરુપરંપરાથી આવેલ આયંબિલાદિ તપ કરાવવું. તપની શરૂઆત આયંબિલથી થાય છે. કારણ કે એકાસણાં તો રોજ કરવાનાં જ છે, તેનાથી આગળ વધે તો તપ ગણાય. હવે આ અધ્યાયનો ઉપસંહાર કરતાં કહે છેઃ

**एवं यः शुद्धयोगेन, परित्यज्य गृहाश्रमम्। संयमे रमते नित्यं, स यतिः परिकीर्त्तितः ।।४४।।**

આ રીતે ઉપર જણાવ્યા પ્રમાણે જે ભવ્ય જીવ સમ્યગ્ આચારવિશેષ દ્વારા ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને હિંસાદિ પાપથી વિરામ પામવા સ્વરૂપ સંયમમાં રમે છે અર્થાદ્ સંયમમાં જ આસક્તિ ધરાવે છે તેને યતિ કહેવાય છે.

**एतत्तु सम्भवत्यस्य, सदुपायप्रवृत्तितः।**
**अनुपायात्तु साध्यस्य, सिद्धिं नेच्छन्ति पण्डिताः ।।४५।।**

જે જેનું કારણ હોય તે કારણને સેવવાથી જ ફળની પ્રાપ્તિ થાય છે. જે જેનું કારણ નથી તેને સેવવાથી ફળની પ્રાપ્તિ નથી થતી. તમારી ભાષામાં પૈસો પુરુષાર્થથી મળે છે તો તે પુરુષાર્થ ધંધાનો હોય, નોકરીનો હોય તોય પુરુષાર્થ પૈસા માટેનો છે તેમ મોક્ષમાં જવા માટે સાધનો જુદાં જુદાં હોય પણ બધાં સાધનો મોક્ષ માટેનાં હોય. જેનું ફળ એક છે એવાં કારણોમાં ફરક મનાતો નથી. ગુલાબજાંબૂથી પેટ ભરાય અને રોટલીથી પણ પેટ ભરાય. તો પેટ ભરાવાના સાધન તરીકે બન્નેને જુદા ન મનાય. મોક્ષનાં સાધન અનેક હોવા છતાં મોક્ષસાધકત્વેન બધાં એક છે. મોક્ષના અસંખ્યાત યોગ છે એવું

બોલનારા વાસ્તવિક રીતે એક યોગને સ્વીકારીને બીજા યોગનો અનાદર કરે છે-એવું માનવું પડે. બધા ધર્મથી મોક્ષ મળે છે એવું બોલવું કે માનવું નથી. આઠમા ગુણસ્થાનક સુધી જુદા જુદા ઉપાય હોવા છતાં નવમા ગુણસ્થાનકથી એક જ ઉપાય છે. અનન્તી વાર દીક્ષા લીધી છતાં મોક્ષે ન ગયા હોઈએ તો માનવું પડે ને કે સદુપાયમાં પ્રવૃત્તિ નથી કરી. અનન્તા આત્માનું એક વારમાં ઠેકાણું પડ્યું હોય તે સદુપાયમાં પ્રવૃત્તિ કરવાના કારણે. સદુપાયમાં પ્રવૃત્તિ કરે એને ફળ મળ્યા વગર ન રહે, કર્મ નડે છે-એમ બોલીને એને દૂર કરવા મહેનત ન કરે તેઓ સંસારમાં ભટકવાના.

**यस्तु नैवंविधो मोहाच्चेष्टते शास्त्रबाधया ।**
**स तादृग्लिङ्गयुक्तोऽपि, न गृही न यतिर्मतः ।।२४।।**

જેઓ સંયમ લઈને ભગવાનની આજ્ઞા મુજબ સદુપાયમાં પ્રવૃત્તિ નથી કરતા તેઓ સાધુપણાના લિંગથી યુક્ત હોવા છતાં યતિ નથી કહેવાતા અને ગૃહસ્થ પણ નથી કહેવાતા. ઓઘો ચોળપટ્ટો વગેરે રાખતા હોવાથી ગૃહસ્થ નથી અને સદુપાયમાં પ્રવૃત્તિ કરતા નથી માટે સાધુ નથી. શાસ્ત્રમાં બતાવેલા ઉપાયનું ઉલ્લંઘન કરે છે. ભગવાને વિકથા કરવાની ના પાડી હોય છતાં વિકથા કરે એ મોહના કારણે જ ને? શાસ્ત્રમાં જેનો નિષેધ કર્યો હોય તેવી પ્રવૃત્તિ કરીએ એમાં મોહ કારણ છે.

આ રીતે ચોથો અધ્યાય અહીં પૂરો થાય છે, અત્યાર સુધીની બધી વાતો તમારા માટે કામ લાગે એવી હતી હવે પછીની વાતો તમારા માટે નથી. સાધુભગવન્તો માટે છે, એટલે તમારે કાંઈ ચિન્તા કરવાની જરૂર નથીઃ સાચું ને? હવેથી તો તમારે ધ્યાન રાખીને સાંભળવું પડશે. તમને એમ થવું જોઈએ કે સાધુપણું મળ્યું નથી પણ મેળવવું છે માટે ધ્યાનથી સાંભળવું છે, શું નડે છે એ જોવું છે.

★★★

